# ગુરુકહાન દૃષ્ટિ મહાન

## (ભાગ-૧૧)



આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો

-: પ્રકાશક :-

**સહજ ચિદાનંદ પરિવાર**

સોનગઢ/મુંબઈ/જામનગર

सर्वज्ञ वीतरागाय नमः ।

# ગુરુકહાન : દૃષ્ટિ મહાન

## (ભાગ–૧૧)

**આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામીના**
**દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો**

-: સંકલનકાર :-

**જિતુભાઈ નાગરદાસ મોદી**
(નિવૃત્ત સંપાદક : આત્મધર્મ )

**પ્રશમ જિતુભાઈ મોદી**
(સંપાદક : આત્મ-જાગ્રતિ )

-: પ્રકાશક :-

**''સહજ ચિદાનંદ'' પરિવાર**

**સોનગઢ/મુંબઈ/જામનગર**

પ્રથમ આવૃત્તિ

વિ.સં. ૨૦૭૪ વીર સં. ૨૫૪૪ ઈ.સ. ૨૦૧૮

-: **પ્રકાશન તિથિ** :-
પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૯મી જન્મજયંતી
વૈશાખ સુદ ૨, તા. ૧૭-૪-૨૦૧૮

## : પ્રાપ્તિસ્થાન :

* **શ્રી વાઘર પરિવાર**
મુંબઈ/જામનગર
મો. નં. : ૦૯૪૨૬૨૦૩૭૯૮

* **શ્રી કિરીટભાઈ જે. મેતા**
**શ્રી મનોજભાઈ એન. શેઠ, રાજકોટ**
મો. નં. : +૯૧ ૯૪૨૮૨૭૧૬૮૯
+૯૧ ૯૮૨૫૭૩૫૮૮૭

* **વિજયભાઈ એમ. બોટાદરા**
બી/૨૭, સેકન્ડ ફ્લોર
''ન્યુ મહાવીર પ્રકાશ''
ઘાટકોપર (ઇસ્ટ)
**મુંબઈ-૪૦૦૦૭૭**
મો. નં. : ૦૯૮૧૯૧૯૫૩૫૩

* **શ્રી જયેશભાઈ દોશી હૈદ્રાબાદ**
મો. નં. : +૯૧ ૯૮૬૬૦૧૨૩૪૦

* **શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
૩૦૨, કૃષ્ણકુંજ, વી.એલ. મહેતા માર્ગ
વીલેપાર્લે (વેસ્ટ)
**મુંબઈ-૪૭૦૦૫૬**
ટે.નં. ૦૨૨-૨૬૧૩૦૮૨૦ / ૬૧૦૪૯૧૨

* **ચિંતન જિતુભાઈ મોદી**
'ક્રમબદ્ધ નિવાસ'
૪૫, કહાન નગર સોસાયટી
**સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**
મો. નં. : ૦૯૯૨૫૮૬૨૫૬૮
૦૯૭૨૨૮૩૩૧૪૩

* **શ્રી હર્ષદભાઈ એન. શેઠ**
**મોરબી**
મો. નં. : +૯૧ ૯૩૨૮૯૧૩૧૩૦

## મૂલ્ય : સ્વાધ્યાય

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**મો : ૯૮૨૪૯૪૪૪૦૧**

ટાઈપ સેટીંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
**ભાવનગર**
**મો. ૯૭૨૫૨ ૫૧૧૩૧**



ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે જૈનજગતમાં પ્રસિદ્ધ છે; જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે; જેઓની શીતળ છત્રછાયામાં ૫૭ વર્ષ સુધી સોનગઢમાં જીવન વીતાવવાનું પરમ સૌભાગ્ય અમારા પિતાશ્રીને પ્રાપ્ત થયું હતું તે અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને તેમના જ દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનોના અમૂલ્ય ખજાનામાંથી ચૂટેલાં ૨૫ પ્રવચનનાં સંકલનરૂપ આ 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન' ભાગ–૧૧ અર્પણ કરતાં અમે જીવનની ધન્યતા અનુભવીએ છીએ.

–સંકલનકાર

# * શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ *

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!


પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય
સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
# (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કહાન ! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે.

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે—તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો !

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્‌ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્‌ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા.

નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય—'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'—ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી — કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે— 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮મા મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગલકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર

શેઠ દ્વારા ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા – 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે–'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહા વીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧મા ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫મા વઢવાણમાં ૧૫

વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬મા વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭મા દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ—ઐસા હમે લગતા હૈ'—અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩) થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર

ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે....! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩મા બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩મા પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે "....ભગવાન કુંદકુંદની વાણી સમજીને મહારાજશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે....."

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી

એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દષ્ટિકોણ રજૂ કરતા તેમણે લખેલ કે કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં. એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના આવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮મા નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦મા સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)મા—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)મા—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે "સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુઝે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા." ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં. બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે

'.....આપકી વાણીમેં તીર્થંકરોંકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ. જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામાં આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં—વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપરીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં **CD** યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહના પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ—રાજધાની દિલ્હીમાં—વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા/છે. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગ્રતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડૉ. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ટોડરમલ સ્મારક ભવનનું ઈ.સ. ૧૯૬૭મા નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. નવા પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવીરસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩મા ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે—પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો ! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ ઓહોહો....! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી ! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમો આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગરનિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય—ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા

હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા જ દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં—સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતા ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યાં સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં—એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસ્રષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર, શ્રી

પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧મા વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ.....શરમ..... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ.....ભૂલી જાઓ.... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખતા નથી. અમે

તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન—સત્‌સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતાં કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો !!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યૂઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી—નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારેય બે ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાના માટે બનેલો આહાર—ઉદ્દિષ્ટ ભોજન—પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ—વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્‌ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫મા રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે ?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય—ચાહે તે પોતાનો શિષ્ય ભલે હોય તોપણ—તેની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટિની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વપ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું હતું. "સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે"—એ "ક્રમબદ્ધપર્યાય"ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ "ક્રમબદ્ધપર્યાય" શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

"તું પરમાત્મા છો—એમ નક્કી કર ! તું પરમાત્મા છો—એમ નક્કી કર !"—એવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો !

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનાર સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો !

હે જ્ઞાનપોષક સુમેઘ તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી તને નમું હું.

—સંકલનકાર

# પ્રકાશકીય નિવેદન

તીર્થંકરદેવનો જન્મ જગતના કલ્યાણ માટે થતો હોય છે, તેમ અનંત અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જન્મ, આ નિષ્કૃષ્ટકાળે અહીં જન્મેલા અને ભવિષ્યમાં પણ અહીં જન્મ લેનારા અલ્પસંસારી જીવોને ભાગ્યશાળી બનાવવા માટે તથા તેઓને સંસારસમુદ્રથી પાર ઉતારવા માટે થયો હતો. છેલ્લા સેંકડો વર્ષોનો જૈન ઇતિહાસ કહે છે કે ભવ્ય જીવોના તારણહાર આવા મહાન સંતો જે કોઈ થયા હોય તેમાં કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રધાન પુરુષ છે. તેઓશ્રીએ આ ભૌતિકયુગને અધ્યાત્મયુગમાં પરિવર્તીત કરીને પંચમ આરાના અંત સુધી ટકી રહે તેવો અધ્યાત્મયુગ સર્જ્યો છે.

આવા અધ્યાત્મયુગસ્રષ્ટા, અધ્યાત્મક્રાંતિવીર પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫-૪૫ વર્ષ વહેલી અધ્યાત્મગંગાનું અમૃતપાન કરનાર મહાભાગ્યશાળી ભવ્ય મુમુક્ષુઓને તો તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે આજે પણ પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્‌રૂપે અનુભવાઈ રહ્યા છે, પરંતુ તેઓશ્રીના દર્શન-શ્રવણ કે સત્સંગનો જેઓને સાક્ષાત્‌ લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને, આ મહાપુરુષે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવેલો તેનો સાક્ષાત્‌વત્‌ લાભ મળે તે આ **''ગુરુ કહાન : દૃષ્ટિ મહાન''** પ્રકાશનહેતુ છે.

આ જીવ અનંતવાર નવમી ગ્રૈવેયક જઈ આવ્યો, અનંતવાર નગ્ન દિગંબર દ્રવ્યલિંગ ધારણ કર્યાં, અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો છતાં કોરો રહી ગયો તેનું મુખ્ય કારણ જો કોઈ હોય તો આ એક જ કે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાને આ જીવે કદી ગ્રહણ ન કરી—એમ પૂજ્ય ગુરુદેવશ્રી કરુણાથી વારંવાર કહેતાં અને તેથી જ તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાનો તેઓશ્રીએ જીવનપર્યંત ધોધ વહેવડાવ્યો છે. પૂજ્ય બહેનશ્રી પણ કહેતાં કે ''જાણે કોઈ મોટા આચાર્ય ઉપદેશ આપતાં હોય તેમ દૃષ્ટિના વિષયનો અપૂર્વ ખુલાસો થતો.''.....''દૃષ્ટિનો વિષય આવે ત્યારે ઊછળી જતાં.'' જોકે તેઓશ્રીની સર્વાંગી ઉપદેશગંગામાં ઓછી-વધતી યોગ્યતાવાળા સર્વ જીવોને આત્મલાભ થાય તેવો નિશ્ચય-વ્યવહારનો સઘળોય ઉપદેશધોધ વહ્યો છે. મુમુક્ષુની પાત્રતા કેવી હોય, અશુભથી બચવા શુભમાં જોડાણ કેવું હોય, ઇત્યાદિ ઉપદેશ આપવા છતાં ક્યાંય કોઈને મુખ્યતા ન થઈ જાય તેમ તેમાં જોર આપ્યા વિના તે વ્યવહારમાર્ગ-પ્રકાશન સાથે મુખ્યપણે તો દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક નિશ્ચયની જ ધોધમાર વર્ષા વરસાવી છે જેથી ભદ્ર જીવો અનાદિના સંસ્કારવશ મંદકષાય આદિ વ્યવહારમાર્ગમાં અટકી ન જતાં નિશ્ચયમોક્ષમાર્ગને યથાર્થ સમજીને, તેનું જ ગ્રહણ કરીને, આ ભવ સફળ કરવા સ્વાનુભૂતિનો સત્‌ પુરુષાર્થ અપનાવે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મયુગનું સર્જન કર્યું જ છે પણ વધુ સ્પષ્ટ કરીએ તો ખરેખર તો તેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન-અધ્યાત્મયુગના સર્જક છે કેમ કે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન નિશ્ચયના બોધથી

જીવો નિશ્ચયાભાસના ડરથી ડરતાં હતા તેના બદલે તેઓશ્રીના પ્રતાપે ભવ્ય જીવો દિવસ-રાત એ નિશ્ચયનું શ્રવણ, ચિંતન ને ઘોલન કરવામાં જ જીવનની ધન્યતા અનુભવે છે.

દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપદેશ-અમૃતવાણીને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે, તત્કાલિન પ્રમુખ શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિથી ટેપમાં સંગ્રહિત કરીને ચિરકાળપર્યંત સુરક્ષિત બનાવી તેમજ લગભગ ૯૨૦૦ કલાકની આ ગુરુવાણીને સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ–પરિવારે અદ્યતન ટેકનોલોજી વડે માત્ર ૧૬ **DVD**માં તેમજ **3 B.D. (Blu-ray Disc)**માં પ્રસિદ્ધ કરીને મુમુક્ષુઓના આત્મહિતનું સાધન પ્રદાન કર્યું છે કે જેના કારણે ભાવિના ભવ્યજીવો પણ આત્મહિતના માર્ગે સરળપણે પ્રયાણ કરતાં રહી શકશે. તેમ છતાં પંચમકાળના પ્રભાવવશ કેટલાક તત્ત્વના અભ્યાસીઓ વડે દૃષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનના પુરુષાર્થમાં ભય પ્રકાશન કરાતો દેખીને પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૨૦૦ ટેપ-પ્રવચનોમાંથી દ્રવ્યદૃષ્ટિપ્રધાન વિશેષ પુરુષાર્થ પ્રેરણાદાયક પ્રવચનો ચૂંટીચૂંટીને **‘ગુરુ કહાન : દૃષ્ટિ મહાન’** રૂપે સીડી પ્રવચનો તેમજ અક્ષરશઃ ગુરુવાણીનું પુસ્તક મુમુક્ષુસમાજને ઉપલબ્ધ કરાવવાની અમને ભાવના જાગ્રત થતાં શ્રી જયસુખભાઈ ભાયાણી, શ્રી ન્યાલચંદભાઈ હરજીવનદાસ સંઘરાજકા, સ્વ. જયંતીલાલ ચમનલાલ દોશી-પરિવાર, શ્રીમતી પ્રવીણાબેન શશીકાંતભાઈ ખારા–પરિવાર, શ્રીમતી ઉષાબેન રમેશચંદ્ર શાહ-પરિવાર તથા નિરૂબેન વિનુભાઈ ભક્ત-પરિવારે, ઓમકારભાઈ જયકિશનભાઈ ભક્ત-પરિવારે પ્રકાશન માટે પ્રમોદ બતાવતા અત્યાર સુધીમાં ભાગ-૧ થી ભાગ-૧૦ સુધી પ્રકાશિત કરવામાં આવ્યા છે જેનો વ્યકિતગત ઉપરાંત કેટલાક મુમુક્ષુમંડળોમાં સભામાં નિયમિત લાભ લેવામાં આવે છે. “સહજ ચિદાનંદ” પરિવાર, સોનગઢ/મુંબઈ/જામનગર દ્વારા અભ્યાસી મુમુક્ષુઓના દ્રવ્યદૃષ્ટિપ્રધાન પુરુષાર્થની અભિવૃદ્ધિની અનુમોદનાનો લાભ લેવાની ભાવના થતાં ‘ગુરુ કહાન : દૃષ્ટિ મહાન, ભાગ-૧૧’ તેમના દ્વારા સીડી સહિત પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે.

આ પુસ્તક-પ્રકાશનના મુખ્ય બે પ્રયોજનો છે : (૧) જેઓને કરુણાસાગર ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-શ્રવણનો લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને ગુરુદેવશ્રીનું દ્રવ્યદૃષ્ટિપ્રધાન અંતઃકરણ સમજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તથા (૨) પંચમકાળના પ્રભાવમાં આવી જઈને પ્રમાણના લોભમાં અટકીને દ્રવ્યદૃષ્ટિના માર્ગે નિઃશંકપણે પ્રયાણ કરતા અચકાય નહીં અને એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવ્ય જીવોને સંસારસમુદ્રમાંથી ઉગારી લેવાની કરુણા સફળતાને પામે.

અંતમાં, પૂજ્ય ગુરુદેવશ્રી ૯૧ વર્ષની ઉંમરે પણ જે દ્રવ્યદૃષ્ટિની પ્રરૂપણા કરતાં અંદરથી ઊછળી પડતા હતા તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશને **‘ગુરુ કહાન : દૃષ્ટિ મહાન’**ના માધ્યમથી આપણે સૌ ત્વરાએ ગ્રહણ કરીને ભાવિ અનંતકાળ ગુરુના સાન્નિધ્યને પામીએ એવી ભાવના સહ—

—સંકલનકાર

❀

# અનુક્રમણિકા

## ગુરુ કહાન : દૃષ્ટિ મહાન (ભાગ-૧૧)


| ક્રમ | શાસ્ત્ર | ગાથા/શ્લોક | તારીખ | (DVD) પ્રવચન નં. | પેઈજ નં. |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી પ્રવચનસાર | ગાથા-૧૭૨ | ૨૫-૦૮-૬૯ | ૨૪૬ | 1 |
| ૨. | શ્રી નિયમસાર | ગાથા-૧૧૯ | ૦૩-૦૭-૬૬ | ૧૧૨ | 18 |
| ૩. | શ્રી સમયસાર | પરિશિષ્ટ | ૨૪-૦૨-૬૮ | ૪૯૭ | 31 |
| ૪. | શ્રી સમયસાર | ગાથા-૭૫ | ૩૦-૦૫-૬૮ | ૫૨૨ | 46 |
| ૫. | શ્રી સમયસાર | પરિશિષ્ટ | ૨૧-૦૬-૬૮ | ૫૪૪ | 60 |
| ૬. | શ્રી સમયસાર | પરિશિષ્ટ | ૧૯-૦૬-૬૮ | ૫૪૨ | 74 |
| ૭. | શ્રી સમયસાર | ગાથા-૨૭૦ | ૧૧-૦૯-૬૭ | ૩૩૩ | 88 |
| ૮. | શ્રી નિયમસાર | શ્લોક-૨૨૫ | ૨૪-૦૭-૬૬ | ૧૩૩ | 103 |
| ૯. | શ્રી નિયમસાર | શ્લોક-૫૫ | ૦૫-૦૯-૬૬ | ૧૭૦ | 118 |
| ૧૦. | શ્રી અષ્ટપાહુડ | ગાથા-૬ | ૦૫-૦૭-૭૦ | ૨૭ | 134 |
| ૧૧. | શ્રી પુરુષાર્થસિદ્ધિ-ઉપાય | શ્લોક-૪ | ૩૦-૧૨-૬૬ | ૪ | 149 |
| ૧૨. | શ્રી પુરુષાર્થસિદ્ધિ-ઉપાય | ગાથા-૪-૫ | ૩૧-૧૨-૬૬ | ૫ | 163 |
| ૧૩. | શ્રી સમયસાર | ગાથા-૩૫૬-૩૬૫ | ૨૯-૧૧-૬૭ | ૪૧૧ | 177 |
| ૧૪. | શ્રી સમયસાર | ગાથા-૩૫૬-૩૬૫ | ૦૬-૧૨-૬૭ | ૪૧૮ | 195 |
| ૧૫. | શ્રી અષ્ટપાહુડ-મોક્ષપાહુડ | ગાથા-૧ | ૧૩-૦૮-૭૦ | ૬૧ | 210 |
| ૧૬. | શ્રી પ્રવચનસાર | ગાથા-૧૩૮-૧૩૯ | ૨૭-૦૬-૭૫ | ૧૭૭ | 223 |
| ૧૭. | શ્રી કળશટીકા | શ્લોક-૧૪૨ | ૨૭-૦૧-૬૮ | ૧૩૩ | 237 |
| ૧૮. | શ્રી સમયસાર | શ્લોક-૧૨૬ | ૦૫-૦૭-૬૭ | ૨૬૭ | 253 |
| ૧૯. | શ્રી નિયમસાર | ગાથા-૧૫૯ | ૧૩-૦૯-૬૬ | ૧૭૭ | 268 |
| ૨૦. | શ્રી સમયસાર | પરિશિષ્ટ | ૨૯-૦૨-૬૮ | ૫૦૨ | 283 |
| ૨૧. | શ્રી કળશટીકા | કળશ-૨૧૪-૨૧૫ | ૧૧-૦૭-૬૮ | ૨૧૮ | 298 |
| ૨૨. | શ્રી પ્રવચનસાર | ગાથા-૧૭૨ | ૨૩-૦૮-૬૯ | ૨૪૪ | 311 |
| ૨૩. | શ્રી પરમાત્મપ્રકાશ અધિ.-૨ | ગાથા-૧૪૪-૧૪૫ | ૧૩-૦૭-૬૫ | ૧૬૯ | 326 |
| ૨૪. | શ્રી સમયસાર | ગાથા-૧૪૪ | ૧૪-૧૧-૬૧ | ૧૫૩ | 341 |
| ૨૫. | બહેનશ્રીનાં વચનામૃત | બોલ ૪૧૦-૪૧૧ | ૦૩-૧૨-૭૮ | ૧૬૯ | 354 |
| | | | | | |

પ્રવચન શરૂ કરતાં પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા કરવામાં આવતું

# માંગલિક

।। णमो लोए सव्व अरिहंताणम् ।।

।। णमो लोए सव्व सिद्धाणम् ।।

।। णमो लोए सव्व आयरियाणम् ।।

।। णमो लोए सव्व उवज्झायाणम् ।।

।। णमो लोए सव्व त्रिकाळवर्ती साहूणम् ।।

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः।।

मङ्गलं भगवान् वीरो मङ्गलं गौतमो गणी।
मङ्गलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मङ्गलम्।।

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावायभावाय सर्वभावान्तरच्छिदे।।

त्रिकाळ दिव्यध्वनि दातार....

❀

ॐ

શ્રી પરમાત્મને નમઃ

# ગુરુ કહાન-દૃષ્ટિ મહાન

(ભાગ-૧૧)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો)

## શ્રી પ્રવચનસાર, ગાથા-૧૭૨
## પ્રવચન નં.૨૪૬, તા.૨૫-૮-૧૯૬૯
## (૧)

પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. અલિંગગ્રહણના નવ બોલ ચાલ્યા. વીસ બોલ છે, વીસ. એક અલિંગગ્રહણમાંથી વીસ બોલ નીકળે છે. નવમો બોલ ચાલ્યો કે '**જેને લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી...**' એ તો ઘણું ચાલ્યું હતું.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લઈએ થોડું? ફરીને આવે એ તો ... આવે છે ને?

કહે છે, ભગવાનઆત્મા, જેનું લક્ષણ જાણન-જાણન-દેખન જે ઉપયોગ છે, એ ઉપયોગ જે લક્ષથી ઉત્પન્ન થયો, એ ઉપયોગનું કદી હરણ નથી થતું, એમ કહે છે. સમજાય છે કાંઈ? લક્ષ દ્રવ્ય છે, મહા ચૈતન્યસાગર રત્નાકર. ઉપયોગ લક્ષણનું લક્ષ તો ત્યાં છે. એ લક્ષથી ઉત્પન્ન થયેલું લક્ષ, એ લક્ષણ તો દ્રવ્યનો નાશ થાય તો ઉપયોગનો નાશ થાય.

સમજાય છે કાંઈ? કહે છે, પછી ઉપયોગ પડે છે ને? ઉપયોગ નથી પડતો, એ તો અનુપયોગ જ્યારે હોય ત્યારે એ અનુપયોગનું પડવું થયું છે. સમજાય છે કાંઈ? ઉપયોગ તો અંદર ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ એનો જે ઉપયોગ થયો, એની ખુમારી કદી પાછી પડતી નથી, એમ કહે છે. અપ્રતિહત ભાવ બતાવે છે. સમજાય છે કાંઈ? વસ્તુ જ્ઞાનસાગર ચૈતન્ય રત્નાકર, એની ઉપયોગ દશા ત્યાં જામી, ધ્રુવ ઉપર જ્યાં ઉપયોગ પ્રસર્યો, બસ! ખલાસ. એ ધ્રુવ જાય તો ઉપયોગ જાય. સમજાય છે કાંઈ?

કહે છે, '**પરથી હરણ થઈ શકતું નથી...**' આ કર્મની લોકો રાડ પાડે છે ને? જ્ઞાનાવરણીથી આત્માનો ઉપયોગ હણાય છે. અરે..! એ તો તારી ચીજ ક્યાંય ગઈ, સાંભળ તો ખરો. આત્મા પોતાની પર્યાયમાં હિન દશા કરે છે, એ પણ પર્યાયબુદ્ધિમાં છે, દ્રવ્યબુદ્ધિમાં હિન દશા પણ કરતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું છે? અભાવ કોનો થયો? ઉપયોગનો થયો?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ. ઉપયોગનો થયો છે? ક્ષયોપશમ પણ ઉપયોગ છે અને ક્ષાયિક પણ ઉપયોગ છે. એ તો વૃદ્ધિગત થયો. શું છે? સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** અનુપયોગ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનુપયોગ તો બીજી વાત છે. એ તો દ્રવ્યનો ઉપયોગ જ ન રહ્યો. એ તો રાગને ધ્યેય બનાવ્યો, એ તો ઉપયોગ જ બીજો થઈ ગયો. ઉપયોગ જેનો છે તેનો ઉપયોગ ન રહ્યો. એ તો અનુપયોગ થઈ ગયો.

**શ્રોતા :-** અનુપયોગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનુપયોગ દ્રવ્યસ્વભાવમાં છે જ નહિ. થોડી ઝીણી વાત છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી...**' આહાહા..! જુઓ! આચાર્ય કેટલી વાત કરે છે! અને ઈ વસ્તુનું સ્વરૂપ છે, હોં ઈ. જેના જ્ઞાન ઉપયોગની દશા જ્યાં દશાવાન ઉપર ગઈ, ખલાસ થઈ ગયું, કહે છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ખલાસ થઈ ગયું, એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખલાસ થઈ ગયું એટલે હવે એ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યે છૂટકો, પાછા પડવું નહિ એને. સંસાર ખલાસ થઈ ગયો. સમજાય છે કાંઈ?

આનંદઘનજી એકમાં કહે છે, ક્યાંક આવે છે,

જિનરાજ સુજસ સુણ્યો મૈં,
કાહૂકે કહે કબહૂ ન છૂટે પ્યારે, લોકલાજ સબ ડારી.
જૈસે અમલી અમલ કરત સમય, લાગ રહી જ્યોં ખુમારી,
જિનરાજ સુજસ સુણ્યો મૈં..

જિનરાજ એટલે આત્મા, હોં! આહા..! વીતરાગ સ્વભાવ જ્યાં વ્યક્ત પર્યાયમાં જોયો, ઉપયોગે આત્માનો જસ જોયો. આ મહિમાવંત પદાર્થ મહાપ્રભુ! એવા ઉપયોગમાં જ્યાં આત્મા આવ્યો, 'જિનરાજ સુજસ સુણ્યો મૈં, કાહૂકે કહે કબહૂ ન છૂટે..' હવે કોઈ કારણે છૂટે એવી ચીજ નથી. સમજાય છે કાંઈ? 'જૈસે અમલી અમલ કરત સમય' અમલી સમજો છો ને? અમલ કરે છે ને? અફીણ પીવે છે કે દારૂ (પીવે), ખુમારી ચડી જાય છે. એ ખુમારી કોઈને ગણતી નથી. સમજાય છે કાંઈ?

જૈસે અમલી અમલ કરત સમય, લાગ રહી જ્યોં ખુમારી,
જિનરાજ સુજસ સુણ્યો મૈં..
કાહૂકે કહે કબહૂ ન છૂટે પ્યારે, લોકલાજ સબ ડારી.

દુનિયાની લૌકિક વાતની લાળ બધી છોડી દીધી. સમજાય છે કાંઈ? નિજ દ્રવ્યસ્વભાવ જ્યાં પર્યાયમાં પ્રગટ થયો, જ્ઞાયકભાવ,.. સમજાય છે કાંઈ? પ્રગટ થયો એ થયો. માતાના પેટમાંથી પુત્ર નીકળે એ પાછો પેટમાં જાય નહિ. સમજાય છે કાંઈ? એ પાછો ન જાય. એ.. દેવીલાલજી! શું કહે છે? ક્ષયોપશમમાંથી ક્ષાયિક થાય છે. આહાહા..!

એમ ભગવાનઆત્મા અંતર ચિદાનંદ સાગર, અનંત રત્નાકર એવી દૃષ્ટિ જ્યાં અંદરમાં થઈ તો ઉપયોગ શુદ્ધ થયો. અહીં તો શુદ્ધોપયોગ પછી, પણ એ ઉપયોગ લક્ષણમાં શુદ્ધતા આચરણમાં આવે છે. આહાહા..! જાનન-દેખન લક્ષણ લક્ષને પકડે છે તો પર્યાયમાં શુદ્ધતા પણ આવી. એ શુદ્ધતા અને જાનન-દેખન હવે પાછા પડે નહિ, એમ કહે છે. સ્વરૂપનું આચરણ પ્રગટ્યું, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપનો ઉપયોગ, દર્શન.. સમજાય છે કાંઈ? એનું કોઈ દિ' હરણ થાય કે પડે એ દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિમાં છે જ નહિ. વીતરાગમાર્ગમાં એ વસ્તુ નથી, એમ કહે છે. ધન્નાલાલજી! આહા..!

**શ્રોતા** :- એમ જ હોઈ શકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વસ્તુ એમ જ છે. પરથી હરણ થતું નથી. સમજાય છે કાંઈ?

'**તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી...**' ત્યાં ઉપયોગ શબ્દ લીધો હતો. આત્મજ્ઞાન, એનો અર્થ ઈ છે. આત્માનું જ્ઞાન-આત્મજ્ઞાન થયું એ પાછું પડતું નથી. સમજાય છે કાંઈ? જુઓ! એમ કહે છે કે જેને એમ શંકા થાય છે કે અમને આત્મજ્ઞાન તો થયું, પણ અનંત સંસાર બાકી હશે તો? પાછું પડવું પડે તો?

આત્મજ્ઞાન જ નથી. સમજાય છે કાંઈ? ઈ આત્મજ્ઞાન જ નથી. તને શંકા કેમ છે? અનંત ભવ, અનંત ભવ આત્મામાં નથી, ગુણમાં નથી, પર્યાયમાં નથી. સમજાય છે કાંઈ? એવો આત્મા, એના જ્ઞાનનું હરણ કરી શકાતું નથી. લ્યો, કાલે વાત આવી હતી એનું વિશેષ. કેટલી..? દસ મિનિટ થઈ. કાલે તો પોણો કલાક ચાલ્યું હતું. પહેલી વાર ચાલ્યું એટલે કાંઈ ફરીને ચાલે? હવે દસમો બોલ.

'**જેને લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ (-મલિનતા, વિકાર) નથી...**' કહો, શું કહે છે? જુઓ! ભગવાનઆત્માનો ઉપયોગ... જુઓ! આ ઉપયોગ (કહ્યો). પહેલાં ઉપયોગને લક્ષણ લીધું હતું, અહીં ઉપયોગ નામના લક્ષણમાં, શબ્દ તો ઈ જ પડ્યો છે, ભાઈ! પણ છતાં શુદ્ધઉપયોગ સ્વાભાવિ કહેશે. શું કહે છે? સમજાય છે કાંઈ? '**લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં...**' જાનન-દેખન એવું જે લક્ષણ છે એ વસ્તુનું સ્વરૂપ છે. એ લક્ષથી ઉત્પન્ન થયેલું લક્ષણ **સૂર્યની માફક... સૂર્યના કોઈ કિરણમાં મલિનતા-વિકાર નથી, સૂર્યના કોઈ કિરણમાં-દશામાં મલિનતા-વિકાર નથી. એ ભગવાનઆત્માની પર્યાયમાં શુભ-ઉપયોગરૂપી વિકાર પણ નથી. શુભ-ઉપયોગ વિકાર એ આત્મા નહિ. સમજાય છે કાંઈ? સૂર્યના કિરણમાં વિકાર હોય તો આત્માના ઉપયોગમાં વિકાર થાય.**

**શ્રોતા :-** મોક્ષમાર્ગ પ્રકાશકમાં લખે છે, ઉપયોગના ત્રણ ભેદ છે. શુભ, અશુભ, શુદ્ધ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુભ, અશુભ, શુદ્ધ તો પર્યાયમાં છે એટલું અજ્ઞાનીને બતાવ્યું છે.

**શ્રોતા :-** અજ્ઞાનીને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાનીને તો એકલો શુદ્ધ ઉપયોગ જ જ્ઞાનીને છે. એ તો પર્યાયમાં છે એમ જ્ઞાન કરાવ્યું છે. એવું જ્ઞાન છે, એમ જ્ઞાન કરાવ્યું છે. સમજાય છે કાંઈ? ખરેખર તો એક શુદ્ધોપયોગ સ્વભાવી જ આત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અલિંગગ્રહણની વ્યાખ્યામાં જૈન શાસનનો બધો સાર ભરી દીધો છે. સમજાય છે કાંઈ? અહો..! '**ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ (-મલિનતા, વિકાર) નથી...**' આ તો રાડ પાડે છે ને? વ્યવહારરત્નત્રય અમારો છે. વ્યવહારરત્નત્રયનો અર્થ શુભરાગ, એ અમારો છે. કહે છે કે તું આત્મા જ નથી. સમજાય છે કાંઈ? દેવીલાલજી! આહાહા..! '**ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ...**' ગ્રહણ. આ ગ્રહણ નથી થાતું? સૂર્યને ગ્રહણ હોય છે? સૂર્યને ગ્રહણ થતું જ નથી. એ તો નીચે છે એટલે એ દેખાતો નથી તો લોકો ગ્રહણ કહે છે. સૂર્યની કોઈ દશામાં ગ્રહણ નથી. સૂર્ય કોઈથી પકડાતો નથી. સૂર્યને ગ્રહણ છે ને? આવે છે ને? સૂર્યને ગ્રહણ છે? એમ. સૂર્ય ગ્રહણનો અર્થ કે લોકો એને

જોઈ શકતા નથી. બાકી એમાં કાંઈ નથી. સૂર્યમાં કોઈ છે કે કોઈ પકડી લે એમ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** નિયમસારમાં વિભાવ જ્ઞાનોપયોગ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વિભાવ જ્ઞાનોપયોગ પોતાનો નહિ. એ જ્ઞાનનો વિષય છે એ જાણવાલાયક છે.

**શ્રોતા :-** સમ્યગ્જ્ઞાન..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમ્યગ્જ્ઞાન કહ્યું એનું કારણ તો અપૂર્ણ છે માટે. પણ એ અપૂર્ણતા... શુદ્ધ છે એ જ પોતાનો સ્વભાવ છે, બસ એટલું. અપૂર્ણતાની અપેક્ષાએ વિભાવ કહ્યું છે. જ્ઞાનને-કેવળજ્ઞાનને સ્વભાવ કહ્યો છે. એ અપૂર્ણતાની અપેક્ષાએ, પણ છે તો પોતાનો શુદ્ધ ઉપયોગ તે જ એનો સ્વભાવ છે, સાધકમાં ઈ જ આત્મા છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય એક જ, શુદ્ધઉપયોગ ઈ જ. પછી દ્રવ્યનું જ્ઞાન અને ઉપયોગનું જ્ઞાન કરવું એ પ્રમાણજ્ઞાન છે. પણ અહીં તો ઉપયોગ, દ્રવ્યનો સ્વભાવ શુદ્ધ ઉપયોગ સ્વભાવ છે, એટલું સિદ્ધ કરવું છે.

**શ્રોતા :-** શુદ્ધઉપયોગ કોની પર્યાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચારિત્રગુણની પર્યાય.

**શ્રોતા :-** જ્ઞાનગુણની પર્યાય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નહિ, એ નહિ. જ્ઞાન, દર્શન સાથે છે ભલે, પણ સાથે ઉપયોગના જે બાર પ્રકાર છે-પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન-એ તો જાણન-દેખન વેપાર એટલો ભાવ છે અને શુદ્ધ ઉપયોગ અને અશુદ્ધ ઉપયોગ એ આચરણરૂપ છે. સમજાય છે કાંઈ? પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન એ તો જાણન-દેખનનો વેપાર. એટલું જ છે. ... છે. અને ઉપયોગ જે શુદ્ધ ઉપયોગ છે, એ જાણન-દેખનની અપેક્ષા નથી, એ આચરણની અપેક્ષા છે. અને શુભ-અશુભ પણ આચરણની અપેક્ષાએ અશુદ્ધ આચરણ છે. અહીં તો જ્ઞાનીને અશુદ્ધ આચરણ નથી. દ્રવ્યનું અશુદ્ધ આચરણ છે જ નહિ, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્ય શુદ્ધ છે તો એનો ઉપયોગ પણ શુદ્ધ છે, એ જ આત્મા છે. પર્યાયમાં શુદ્ધતા ઈ જ આત્મા છે, એમ કહે છે. એ શુદ્ધ ઉપયોગના ભાવને મલિનતા ક્યારેય થતી નથી. મલિનતા છે એ આત્માનો ઉપયોગ નહિ. આહાહા..! જુઓને! આ વ્યવહારવાળા રાડ પાડે છે કે નહિ? અમારે વ્યવહાર કરવો પડે, અમારે વ્યવહારનું પ્રવર્તન

(કરવું પડે). પણ જ્ઞાનીને વ્યવહાર છે જ નહિ, એમ કહે છે અહીંયાં તો. આહાહા..! વ્યવહાર છે એ તો જ્ઞાનમાં જાણવામાં આવે છે કે આ એક છે, પણ પોતાનો ઉપયોગ જે શુદ્ધ છે તે જ પોતાનું સ્વરૂપ છે. શુભ ઉપયોગ એ આત્માનું સ્વરૂપ છે જ નહિ, એ તો આસ્રવનું સ્વરૂપ છે. આહા..! સમજાય છે કાંઈ?

અમૃતચંદ્રાચાર્ય કેટલી વાત (કરે છે)! આહાહા..! આચાર્ય જંગલમાં વસતા હતા. અમૃતચંદ્રાચાર્ય. જ્યારે એ શ્લોક બનતા હશે, ટીકા લખાતી હશે,... સમજ્યા? એમનો ઉપયોગ કેટલો કામ કરતો હશે! ચારિત્રવંત સંત મહંત છે. સમજાય છે કાંઈ? ચારિત્રવંત સંત મહંત આત્માના આનંદમાં ઝુલનારા છે. ઈ કહે છે, ભાઈ! આત્મા એને કહીએ કે જેના ઉપયોગમાં મલિનતા ન હોય. આહાહા..! અહીં તો હજી મારી સ્ત્રી, મારું કુટુંબ.. સમજાય છે? મારું કર્મ, મારું શરીર અને મારો શુભ ઉપયોગ (એમ માને છે). સમજાય છે કાંઈ? પોપટભાઈ! આ છોકરા છે એને છોકરા માનવા નહિ? જગતની ચીજ છે, તારી ચીજ ક્યાં થઈ ગઈ? એનું શરીર તારું ક્યાંથી થઈ ગયું? અને એનો આત્મા તારો ક્યાંથી થઈ ગયો? એ ચીજનો તો તારા આત્મામાં અભાવ છે. સમજાય છે કાંઈ? અહીં તો આત્મામાં શુભ ઉપયોગ અને અશુભ ઉપયોગનો અભાવ છે તેને આત્મા કહેવામાં આવે છે. બહારની વાત તો ક્યાં રહી? આહાહા..!

જિનરાજ વીતરાગ માર્ગ, વીતરાગભાવ તે આત્માનો છે, એમ કહે છે, જુઓ! ત્રીજી લીટીમાં છે. વીતરાગ શુદ્ધ ઉપયોગ કહો, વીતરાગભાવ કહો, એ આત્મા છે. દ્રવ્યે શુદ્ધ છે, ગુણે શુદ્ધ છે અને ઉપયોગમાં શુદ્ધ આચરણ જ્યાં ઉપયોગ શુદ્ધ વીતરાગ થયો એ આત્મા. એ વીતરાગતામાં રાગની મલિનતા છે નહિ. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** પણ મહારાજ! દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે, પર્યાયમાં શુદ્ધિ ક્યાંથી આવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ શક્તિમાં એકાગ્ર થયો તો પર્યાયમાં શુદ્ધતા આવી ગઈ. જેવું અંદર પડ્યું હતું, પ્રાપ્ત હતું તેની પ્રાપ્તિ થઈ ગઈ. પ્રાપ્તની પ્રાપ્તિ થઈ.

**શ્રોતા :-** અશુદ્ધતા ક્યાંથી આવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અશુદ્ધતા નહિ, એ તો પર્યાયબુદ્ધિથી છે. દ્રવ્ય-ગુણમાં છે જ નહિ. દ્રવ્ય-ગુણના આશ્રયમાં અશુદ્ધતા થતી જ નથી. એ તો પર્યાયબુદ્ધિ-નિમિત્તનું લક્ષ કરીને નવી ઉત્પન્ન કરે છે, વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ? અહીં તો દ્રવ્યબુદ્ધિની વાત ચાલે છે ને. દ્રવ્ય સ્વભાવ ભગવાનઆત્મા, એનો ઉપયોગ કરે છે તો કહે છે કે એનો ઉપયોગ તો શુદ્ધ જ છે. ઓહોહો..! અશુભ ઉપયોગ તો નહિ, પણ શુભ ઉપયોગ (પણ નહીં)... (જેનો) શુભ અને અશુભ જે અશુદ્ધના બે ભાગ છે, અશુદ્ધના બે ભાગ છે, એ અશુદ્ધ ઉપપોગ પણ આત્મા નહિ. એઈ..! ફતેહચંદજી! આ પંડિતો પણ એવી ગડબડ-ગડબડ ભણ્યા

હોય એવું દુનિયાને કહે. કેમ માસ્તર?

**શ્રોતા :-** કોઈ ગુણની પર્યાય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરના આશ્રયે પ્રગટ થાય છે એનો અર્થ નિમિત્તનું લક્ષ કરવું એટલું. કાંઈ પર આશ્રય દે છે, એમ નથી. પોતાનું લક્ષ છોડે છે, પરલક્ષ કરે છે ત્યારે પર્યાયમાં વિકાર થાય છે. પરલક્ષ કરે છે એનો અર્થ લક્ષ અહીંયાં નથી, અહીંયા છે, એટલું. કર્મનો ઉદય છે એમાં નિમિત્તનું લક્ષ કરે છે તો પર્યાયમાં વિકાર ઉત્પન્ન થાય છે ઊલટા પુરુષાર્થથી, પણ એ ઊલટા પુરુષાર્થથી ઉપયોગ છે તે ઉપયોગ આત્માનો નહિ, એમ સિદ્ધ કરવું છે. એ જ્ઞેયના જ્ઞાનમાં જ્ઞેય ગયું. સમજાય છે કાંઈ? ભારે વાતું, ભાઈ!

'**ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ (-મલિનતા, વિકાર) નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે...**' શુદ્ધ આચરણ નિર્મળ પવિત્રતારૂપ આચરણ, એવો શુદ્ધ આચરણરૂપ સ્વભાવ એવો જ આત્માનો સ્વભાવ છે. આત્માનો સ્વભાવ જ એવો છે. સમજાય છે કાંઈ? અશુદ્ધતા થવી એ આત્માનો સ્વભાવ છે જ નહિ. સૂક્ષ્મ વિષય છે, ભાઈ! આ તો ચોથા ગુણસ્થાનથી છે, ભાઈ! સમજાણું કે નહિ? આ એમ કહે છે. આહાહા..! શું કહે છે? આત્મા શુદ્ધ ઉપયોગસ્વભાવી છે તો સમ્યગ્દર્શનમાં આત્મા આવે છે કે નહિ? સમજાય છે કાંઈ? આત્મા શુદ્ધ ઉપયોગસ્વભાવી છે, બસ એટલું. હવે આત્માનું આત્મજ્ઞાન અને આત્મદૃષ્ટિ થઈ તો એમાં આવો આત્મા આવે છે કે નહિ?

**શ્રોતા :-** આ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થયું ચોથે. સમજાય છે કે નહિ? પંડિતજી! આત્મા જ એવો છે. તો જેને આત્માનું જ્ઞાન થાય એને શુદ્ધ ઉપયોગમાં થાય છે. આહાહા..! એમ કહે છે, ભાઈ!

**શ્રોતા :-** પંડિતોના શાસ્ત્રમાં આચરણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પંડિતોને ખબર ક્યાં છે? આ તો બીજી વાત છે, આચરણની છે. એને ખબર નથી એટલે. શું કરે? એ દુઃખ, મિથ્યા અભિપ્રાયનું કેટલું દુઃખ છે, કેટલું ફળ છે, ભગવાન! એ તો બહુ આકરું છે. મિથ્યા અભિપ્રાય દુનિયામાં ભલે ચલાવે, માને પણ એને પ્રતિકૂળ પડશે, ભગવાન! દુઃખ થશે. આહાહા..! દુઃખીની તો દયા આવે છે. અનુકંપા. અરે..! ભગવાન! શું કરે છે? ભાઈ! શું કરે છે આત્મામાં તું?

આત્મા જ અહીંયાં આવો કહ્યો ને. આત્મા જ શુદ્ધ ઉપયોગસ્વભાવી કહ્યો. તો પછી સમ્યગ્દર્શનમાં અનુભવમાં આવ્યો કે નહિ? દેવીલાલજી! કે ચોથે ગુણસ્થાને આવ્યો નહિ અને આઠમે આવે? શું કરવું છે એને? ચોથે અનાત્મા છે? આહાહા..! અહીં તો ચોથા ગુણસ્થાનથી

શુદ્ધ ઉપયોગસ્વભાવનો અનુભવ છે તે જ આત્મા. શુભ-અશુભ છે તે આત્મા નહિ, એ પરમાં ગયું, એમ કહે છે. સમજાય છે કે નહિ? આત્મા જ એવો છે તો આત્મતત્ત્વની શ્રદ્ધા કરવી છે, તો શુદ્ધ ઉપયોગમાં જ આત્માની શ્રદ્ધા થાય છે. ડૉક્ટર! લ્યો, ચોથે ગુણસ્થાને. એઈ..! ફતેહચંદજી! આઠમે-આઠમે કહે છે. ઈ અત્યાર સુધી નહોતું, હોં! હમણાં કાઢ્યું છે, પહેલા એ વાત નહોતી.

**શ્રોતા :-** વર્ણીજી ગુજરી ગયા પછી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પછી. પહેલા એ નહોતું. નવી .. ઊંધું શરૂ કર્યું. પહેલા એ વાત નહોતી. પહેલા તો સમુચ્ચય ચાલતી હતી. પણ અહીંયાંથી જ્યારે આવી વાત આવી.. ઓહો..! આ કહે છે એવું સમ્યગ્દર્શન તો છે નહિ, તો આપણે સમ્યગ્દૃષ્ટિ ક્યાંના? તો લગાઓ આઠમે ગુણસ્થાને, જાઓ. નીચે શુભ ઉપયોગ એ જ ધર્મ છે. કહે છે ને ઈ તો? ચોથેથી છઠ્ઠા સુધી શુભ ઉપયોગ જ છે. પંડિતજી! એમ કહે છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં તો શુદ્ધના આશ્રયે શુદ્ધ ઉપયોગ જ છે. એને જ આત્મા કહે છે. ઈ કહે છે કે ચોથેથી છઠ્ઠા સુધી શુભ ઉપયોગ છે અને સાતમે-આઠમેથી શુદ્ધ ઉપયોગ છે.

**શ્રોતા :-** નવો કાયદો પાસ કર્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નવો કાયદો પાસ કર્યો. બસ, વાત ઈ. આ તો ભગવાનનો માર્ગ છે. આ કાંઈ કોઈની દુકાન નથી. આ તો સર્વજ્ઞની દુકાન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** આત્મદ્રવ્યનો તો શુદ્ધોપયોગ સ્વભાવ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુદ્ધ ઉપયોગસ્વભાવી જ આત્મા છે, એને આત્મા કહીએ. જો અનુભવમાં એમ ન આવે તો આત્મા જ આવ્યો નથી. આહાહા..! સમ્યગ્દર્શન પ્રાપ્તિના કાળમાં ઉપયોગ શુદ્ધ ઉપયોગ થયા વિના.. આત્મા શુદ્ધ ઉપયોગસ્વભાવી જ છે. આત્માનું જ્ઞાન કેવું થયું અને પ્રસિદ્ધિ કોની કરી? શું અશુભ ઉપયોગ છે અને શુદ્ધ ઉપયોગસ્વભાવી આત્માની પ્રતીત કરી? સમજાય છે કાંઈ? શુદ્ધ ઉપયોગ સ્વભાવના આશ્રયે પ્રગટ થયો તો એ શુદ્ધ ઉપયોગસ્વભાવીને જ આત્મા કહે છે. એવા આત્માની સમ્યગ્દર્શનમાં પ્રતીતિ અને અનુભવ થાય છે. આહાહા..! નહિતર તો આત્મજ્ઞાન ને આત્મદર્શન ને આત્માનું ભાન છે જ નહિ, એમ કહેવામાં આવ્યું. અમરચંદભાઈ! અરે.. ભગવાન! શું કરે છે તું? તારી બાદશાહી પૂર્ણાનંદ પ્રભુ..

અહીં તો ભગવાન અમૃતચંદ્રાચાર્ય કેટલું કહે છે! લ્યો. આત્મા આવો છે એમાં શું આવ્યું?

ચોથે ગુણસ્થાને આત્મા અનુભવમાં આવે છે કે નહિ? કે એકલો રાગ જ અનુભવમાં આવે છે? તો રાગનો જ અનુભવ છે ચોથે? રાગ તો અનાદિનો છે. આહા..! અમરચંદજી! રાગનો અનુભવ તો અનાદિથી છે.

**શ્રોતા** :- અત્યારે તો કાયદો એવો નિકળ્યો છે કે શુભમાં શુદ્ધનો અંશ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ઈ કહે છે ને. કહે છે, શુભમાં શુદ્ધનો અંશ જરીયે છે જ નહિ. શુભ તો સર્વથા બંધનું કારણ છે. શુદ્ધ ઉપયોગ જ અબંધનું કારણ છે. આત્મા દ્રવ્ય અબંધ છે, ગુણ અબંધ છે અને શુદ્ધ ઉપયોગ અબંધ છે તો ત્રણે એકરૂપ થઈ ગયા ત્યારે સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! ઝીણી વાત ઘણી. આ તો વસ્તુ એવી છે, તું શું કરીશ? તું કહે છે કે ચોથે, પાંચમે, છઠ્ઠે શુભ ઉપયોગ જ છે. તો અહીં તો કહે છે કે શુભ ઉપયોગી આત્મા છે જ નહિ. તો હવે ચોથે ગુણસ્થાને આત્માનો અનુભવ થાય છે કે નહિ? રાગનો અનુભવ તો અનાદિનો છે. શુભ-અશુભરાગનો અનુભવ અને ધ્યેય, લક્ષ કરીને અનુભવ તો અનાદિનો છે, એ તો મિથ્યાદૃષ્ટિ છે. રાગનો, આસ્રવનો અનુભવ એ તો મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? પુણ્ય અને પાપ વિકારનો અનુભવ તો મિથ્યાત્વમાં છે. કેમ કે પોતાનો આત્મા રહ્યો નહિ. આસ્રવતત્ત્વ છે. તો આસ્રવનો અનુભવ તો જીવતત્ત્વ વિનાનો અનુભવ થયો.

**શ્રોતા** :- ચોથામાં આવ્યો કેવી રીતે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પછી સમ્યગ્દર્શન થયું કઈ રીતે?

**શ્રોતા** :- ગુણસ્થાન જ ન રહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગુણસ્થાન ન રહે, એ તો મિથ્યાત્વ થઈ ગયું. ન્યાયમાં સમજો છો? ન્યાયથી લોજીકથી સમજો છો ને.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ અત્યારે નહિ. ઈ રાત્રે, અત્યારે નહિ. ચાલતા વ્યાખ્યાનમાં નહિ. ચાલતા પ્રવાહમાં અંદર રોકાઈ જવાય છે. સમજાય છે કાંઈ? અહીંયાં શું ચાલે છે એમાં ધ્યાન હોય તો પ્રશ્ન ઊઠે નહિ. અત્યારે એવી વાત ચાલે છે. સમજાય છે કાંઈ? એવો જો ખ્યાલ રહે કે આ શું કહે છે, તો બીજો પ્રશ્ન ઊઠવાનો સવાલ જ એ વખતમાં રહેતો નથી.

અહીંયાં કહે છે, શું કહે છે? જુઓ તો ખરા. અહીંયાં તો આત્મા આવો છે એ સિદ્ધ કરે છે તો એના લક્ષમાં એમ આવવું જોઈએ કે આત્મા શુદ્ધ ઉપયોગસ્વભાવી છે એમ એને જ્ઞાનમાં આવવું જોઈએ. સમજાય છે કાંઈ? વિકાર નથી. **સૂર્યમાં વિકાર હોય તો ભગવાનઆત્માની પર્યાયમાં વિકાર થાય, એમ કહે છે.** આહાહા..! જ્ઞાનસૂર્ય પ્રભુ ચૈતન્ય

છે. હો વિકાર, આખી દુનિયા પડી છે. એમાં શું? આત્મામાં છે ઈ? એમ કહે છે. શું અજીવ આત્મામાં છે? આ શરીર આત્મામાં છે? શરીર આત્મામાં છે? કર્મ આત્મામાં છે? તો આસ્રવ આત્મામાં છે? એ વાત કરે છે, અલૌકિક વાત છે. કઈ અપેક્ષાથી વાત કરે છે અને કઈ વાત સિદ્ધ કરે છે! સમજાય છે કાંઈ? અલિંગગ્રહણમાં આમ લઈને આત્મા આવો છે (એમ કહે છે).

કેમકે દ્રવ્યસ્વભાવ છે એ શુદ્ધ છે, ગુણ છે એ ત્રિકાળી પવિત્ર શુદ્ધ છે અને એમાં ઉપયોગ લાગ્યો તો ઉપયોગ પણ શુદ્ધ છે. એમાં ઉપયોગ લાગ્યો અને પર્યાયમાં શુભ ઉપયોગ રહે એમ છે જ નહિ, તો એ આત્મા થયો જ નથી. સમજાય છે કાંઈ? થોડી પણ સત્ય વાત એણે લક્ષમાં લેવી જોઈએ. વિશેષ ક્ષયોપશમ ભલે ન હો. સમજ્યા? પણ સત્યનું સ્વરૂપ કેવું છે એને તો એણે પહેલાં લક્ષમાં લેવું જોઈએ. બીજું જ્ઞાન ન હો, ઓછું હો એ કંઈ નહિ. એ જ જ્ઞાન છે. વસ્તુ સ્વરૂપ ભગવાનઆત્મા અસ્તિ છે કે નહિ? સત્તા છે કે નહિ? સત્તા છે કે નહિ? તો દ્રવ્યનું હોવું, દ્રવ્યની સત્તા, ગુણની સત્તા તો એની પર્યાયની સત્તા શુદ્ધ ઉપયોગ છે. શુદ્ધ ઉપયોગની સત્તાવાળા આત્માને જ આત્મા કહ્યો છે. આહાહા..! અશુદ્ધ ઉપયોગી આત્મા હોય તો અશુદ્ધ તો આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વવાળો આત્મા છે?

**શ્રોતા :-** અસમાહિત છે, એમ સવારે આવ્યું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો આવ્યું હતું. કર્મ અને કર્મકૃત શુભ-અશુભભાવ એનાથી અસમાહિતો-ભગવાનઆત્મા તો એનાથી રહિત છે. એ જ શ્લોક અમૃતચંદ્રાચાર્યનો છે, આ અર્થ પણ અમૃતચંદ્રાચાર્યનો છે. જુઓ કેવું! ઓહોહો..!

**શ્રોતા :- શુભ ઉપયોગ આત્માનો ગણ્યો જ નથી.**

**પૂજ્ય ગુરુદેવશ્રી :- આત્માનો છે જ નહિ, એ આસ્રવતત્ત્વ છે.** આસ્રવતત્ત્વ આત્માનું છે?

**શ્રોતા :-** શુભ ઉપયોગથી ધર્મ ન થાય તો ધર્મ કરવો કેવી રીતે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ વાત તો ઘણી ચાલે છે કે નહિ? શુભ ઉપયોગથી પૃથક્ થઈને પોતાનો શુદ્ધ ઉપયોગ જ આત્મા છે અને ઈ ધર્મ છે. શુભ ઉપયોગ ધર્મ છે જ નહિ. આત્મા નથી તો પછી ધર્મ ક્યાંથી આવ્યો?

**શ્રોતા :-** શાસ્ત્રમાં ધર્મ લખ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લખ્યો નથી. પુણ્ય શબ્દ કરીને વ્યવહારનયે ધર્મ કહ્યો છે. વ્યવહારનયથી આરોપ કરીને (કહ્યું છે), નિશ્ચયધર્મ એક જ ધર્મ છે, ધર્મ એક જ ધર્મ છે. ધર્મનું કથન બે પ્રકારે છે. બે પ્રકારે ધર્મ થઈ જાય એમ નથી. આહાહા..! ભારે ભાઈ!

'**चरित्तं खलु धम्मो**' ચરિત્ત નામ વસ્તુ જે શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે, પવિત્ર છે, એમાં

લીનતા (થવી) તે જ આત્માનો સ્વભાવ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? રાગાદિ તો આત્માનો સ્વભાવ નથી, એ આત્મા જ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? પંચાસ્તિકાય-૧૫૫ ગાથામાં આવે છે ને? નિયત અને અનિયત. લ્યો, વળી એ આવ્યું. ૧૫૫ ગાથા. આત્માનો શુદ્ધ સ્વભાવ એ નિયત છે અને રાગાદિ તે અનિયત છે, કેમકે એનો સ્વભાવ નથી. વિભાવ અનિયત છે. અનિયતનો અર્થ ત્યાં એમ કરે છે કે ક્રમબદ્ધ નથી, આઘુપાછુ થાય છે. અનિયતનો અર્થ ત્યાં એવો છે જ નહિ. અરે..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ અનિયત એટલે અક્રમ. એમ. આઘુપાછું થવું વ્યવહાર. નિયત એટલે ક્રમસર થવું. એમાંથી એવો અર્થ કરે છે. પત્રમાં આવ્યું છે. રતનલાલે લખ્યું છે, લાલબહાદુર લખે છે, બહુ લખે છે. એમ છે નહિ ત્યાં. ૧૫૫ ગાથામાં પંચાસ્તિકાયમાં નિયત-અનિયત લીધું છે, એ જે સ્વસમય શુદ્ધતા ઉત્પન્ન થઈ તે નિયત નામ સ્વસ્વભાવ છે. એમ. અને જેટલો વિકાર ઉત્પન્ન થયો તે અનિયત છે. અનિયત નામ વિભાવ છે. એમ કહેવું છે. અરે.. ભગવાન! શું કરે છે તું? એવો અર્થ અંદર ચોખ્ખો પડ્યો છે. અંદર ટીકામાં પડ્યો છે. સ્વસમય, પરસમય સિદ્ધ કરે છે. નિયત સ્વસ્વભાવ છે, સ્વસમય છે અને રાગાદિ પરસમય, પરભાવ અનિયત છે. અનિયતનો અર્થ આઘુપાછુ થાય છે એવો અર્થ છે જ નહિ ત્યાં. ઘણાં છાપામાં આપ્યું હતું, આત્મધર્મમાં આપ્યું, પણ કોણ વાંચે છે? પોતાની ડાંડી પીટે છે. પહેલા આમ કહેતા હતા, હવે આમ કેમ કહ્યું? ભૂલ થઈ ગઈ હતી. એમ કહે ને, તારે શું તકલીફ છે? શું આત્મા લુટાઈ જાય છે? આહાહા..! સમજાય છે કાંઈ?

પંચાસ્તિકાયમાં ઈ છે. છે કે નહિ? ઘણી વાર આવ્યું એમાં. એ.. એમાં નિયત-અનિયત કહ્યું છે. એમાં નિયત-અનિયત કહ્યું છે. એમ છે જ નહિ. ૧૫૫ હોં. જુઓ! આવી. શું કહે છે? જુઓ! જીવ સ્વભાવ નિયત એમ શબ્દ પડ્યો છે. જુઓ!

**जीवो सहावणियदो अणियदगुणपज्जओध परसमओ।**
**जदि कुणदि सगं समयं पब्भस्सदि कम्मबंधादो।।१५५।।**

'**જીવ, (દ્રવ્ય અપેક્ષાએ) સ્વભાવનિયત હોવા છતાં...**' જુઓ! દ્રવ્ય અને પર્યાયની અપેક્ષાએ જેટલો સ્વભાવ છે એ તો નિયત છે. સ્વભાવે. અનિયત ગુણપર્યાય. '**અનિયત ગુણપર્યાયવાળો હોય પરસમય છે.**' વિભાવ છે તો પરસમય છે. એમ કહે છે. આહા..! સમજ્યા? પત્રોમાં બહુ આવે છે. આ ૧૫૫ ગાથાનો અર્થ. જુઓ! એમાં નિયત-અનિયત અમૃતચંદ્રાચાર્ય બેય કહે છે અને તમે એકલું નિયત જ માનો છો.

**શ્રોતા :-** અનિયત વિભાવના અર્થમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિભાવ. અનિયતનો અર્થ વિભાવ. બસ. વિભાવને અનિયત

કહ્યું. પ્રવચનસારમાં લીધું ને? પ્રવચનસાર. પ્રવચનસારમાં નયમાં લીધું ને? ૪૭ નય. એમાં પણ ઈ કહ્યું છે કે પાણીનો ઠંડો સ્વભાવ એ નિયત છે, ઉષ્ણ ભાવ છે તે અનિયત છે. અનિયતનો અર્થ અક્રમે ઉત્પન્ન થાય એમ છે જ નહિ. ૪૭ નયમાં લીધું છે. નયપ્રજ્ઞાપન આપણે બહાર આવી ગયું છે. પાણી-જળનો ઠંડો સ્વભાવ એ નિયત છે અને ઉષ્ણતા તે અનિયત છે. ઉષ્ણતા આઘીપાછી થાય છે એ પ્રશ્ન જ નથી ત્યાં. એવો અર્થ કરે છે ત્યાં. નિયત-અનિયત કહ્યું છે. અરે.. પ્રભુ! શું કરે છે તું આ?

**શ્રોતા :-** સ્વભાવ તે નિયત, અશુદ્ધિ તે અનિયત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બસ, ઈ. સ્વભાવને નિયત કહે છે અને વિભાવને અનિયત કહે છે, એટલો અર્થ છે. વાસ્તવિક કાયમી સ્વભાવ નથી તેથી અનિયત. ઈ આવે છે, ઘણા પત્રોમાં આવે છે. સમજાય છે કાંઈ? એમ છે જ નહિ.

અહીં શુદ્ધ ઉપયોગસ્વભાવ નિયત છે અને અશુદ્ધ ઉપયોગ એ અનિયત છે, માટે આત્મામાં નથી, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો ૧૫૫ સાથે આવી ગયું. કુદરતી ક્યાંનું ક્યાં આવી ગયું. કોણ જાણે ક્યાંથી આવે છે. આવવાનું હોય છે ને. કહો, વાત સાચી, હોં! ન્યાં મેળ ખાઈ ગયો. શુદ્ધ ઉપયોગની સાથે મેળ છે. શુદ્ધ ઉપયોગસ્વભાવ એ નિયત છે, નિયત છે અને અશુદ્ધ ઉપયોગ અનિયત છે. વિભાવ છે. વિભાવ-ઉપયોગી **'આત્મા છે જ નહિ.'** સમજાય છે કાંઈ? આહાહા..! પૂર્વાપર વિરોધ રહિત સંતોની વાણી. એમાં ક્યાંય વિરોધ એક અંશે નથી. યથાર્થ તત્ત્વને પ્રસિદ્ધ કરે છે. એની દૃષ્ટિમાં આવવું જોઈએ. થોડું સમજાય એવું છે, હોં! આ તમારા છોકરાને. આ ક્યાં સમજાય? આવતા રહેશે તો સમજાશે.

**'જેને લિંગમાં...'** ઓહોહો..! શું કહે છે? **'સૂર્યની માફક...'** સૂર્યનો સ્વભાવ પ્રકાશ તો નિર્મળ છે. એમ ભગવાનઆત્માનો સ્વભાવ નિયત શુદ્ધ ઉપયોગસ્વભાવ નિયત-નિશ્ચય છે, એને આત્મા કહે છે. દેવીલાલજી! **'આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે...'** આચાર્યની ભાષા જુઓને! **શુદ્ધ ઉપયોગસ્વભાવી આત્મા છે. એને અશુદ્ધ ઉપયોગસ્વભાવી કહેવો વસ્તુનો નાશ કરવા બરાબર છે.** અનર્થ કરે છે, અર્થનો અનર્થ કરે છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** આ અનર્થ દેખાતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ અનર્થ જોતા નથી અને બહારમાં કોઈ હિંસા થાય ને ફલાણું થાય તો દોષ લાગ્યો, દોષ લાગ્યો. લાગ્યો. મિથ્યાત્વનો દોષ લાગે છે એની તો તને ખબર નથી. મહા મિથ્યાત્વનો દોષ શું છે એની તો ખબર નથી. એ.. **અડી ગયું. આમ થઈ ગયું, આમ ચામડું.. એ દોષ. શુભ ઉપયોગ એ ચામડું છે. એને અડે ઈ આત્મા**

**નહિ,** એમ અહીંયાં કહે છે. અત્યંત અભાવ છે ને. શું કહે છે? શુભ ઉપયોગ, અશુભ ઉપયોગ રાગ છે એ સ્વભાવમાં અત્યંત અભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**શ્રોતા :-** બે દ્રવ્યમાં..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બે દ્રવ્યમાં નહિ, આ તો વિકાર અને સ્વભાવ વચ્ચે અત્યંત અભાવ છે. બે દ્રવ્ય વચ્ચે તો બીજી (વાત છે), એ તો વ્યવહાર શાસ્ત્રની વાત છે. અધ્યાત્મ શાસ્ત્રમાં શુભ ઉપયોગ અને આત્મસ્વભાવ બે વચ્ચે અત્યંત અભાવ છે. આવ્યું છે, સમયસારમાં બહુ આવ્યું છે. સમયસારમાં બહુ આવ્યું છે. સમજાય છે કાંઈ? પુદ્‌ગલસ્વભાવી ભાવનો આત્મામાં અભાવ છે. આ શું કહ્યું પણ? શુદ્ધ ઉપયોગસ્વભાવ છે તો એનો એમાં અભાવ છે, એમ એમાં આવી ગયું. અન્ય સ્વભાવ કહો, વિભાવસ્વભાવ કહો, આત્મામાં નથી કહો, આત્માના સ્વભાવમાં વિભાવનો અત્યંત અભાવ કહો, એક જ વાત છે. સમયસારમાં પાઠમાં બહુ આવ્યું છે. સમજાય છે કાંઈ? ઓહો..! **પરદ્રવ્યનો તો અત્યંત અભાવ છે, પણ વ્યવહારરત્નત્રયનો અત્યંત અભાવ?** એ.. દેવીલાલજી! એ લોકોને ખટકે છે. **વ્યવહાર કરવો તો પડે ને, કરવો પડે ને... પણ પ્રવર્તન કરવું પડે એનું નામ મિથ્યાત્વ છે.** આહાહા..!

**શ્રોતા :-** સંયોગસિદ્ધ સંબંધ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો સંયોગી પરભાવ છે. આત્માનું શુદ્ધદ્રવ્ય... શું કહે છે અહીંયાં? '**આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે...**' એમાં જે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે, એ અત્યંત અભાવરૂપ છે, નાસ્તિરૂપ છે, શુદ્ધો પયોગસ્વભાવ અસ્તિરૂપ છે. વિભાવની નાસ્તિરૂપ છે. આહાહા..! **શુદ્ધ ઉપયોગસ્વભાવ અસ્તિરૂપ છે અને અશુદ્ધ ઉપયોગભાવ અત્યંત અભાવ, અત્યંત અભાવ નાસ્તિરૂપ છે. આહાહા..! એક પર્યાયના બે ભાગ. એક ચારિત્રગુણની એક પર્યાયના બે ભાગ. એક ભાગ શુદ્ધ ઉપયોગ એ આત્માનો સ્વભાવ, બીજો ભાગ અશુદ્ધ તેનો પર્યાયમાં અત્યંત અભાવ.** ગજબ વાત છે ને આ જૈનદર્શન! સમજાય છે કાંઈ? પર્યાય પર્યાયમાં, હોં!

આત્મા ત્રિકાળી દ્રવ્ય છે અને ચારિત્રગુણ વીતરાગભાવ ત્રિકાળી છે. એમાંથી જે પર્યાય નિર્મળ થઈ શુદ્ધ ઉપયોગસ્વભાવ તે આત્મા. એ પર્યાયમાં થોડો ભાગ જે અશુદ્ધ રહ્યો એ આત્મા નહિ. અને એ શુદ્ધ પર્યાયમાં અશુદ્ધ પર્યાયનો અત્યંત અભાવ છે. સમજાય છે કાંઈ? ન્યાયથી તો વાત આવે છે. પકડવું તો.. એ કોઈ સમજાવી દે એવી ચીજ તો છે નહિ. શુદ્ધ ઉપયોગમાં રમે છે. વ્યવહારને અડતા નથી. કેમકે એ વ્યવહાર પરવસ્તુ છે. એ આત્મા નહિ. બીજી રીતે કહીએ તો એ અનાત્મધર્મ છે. શુભ ઉપયોગ એ અનાત્મધર્મ છે. આત્મધર્મ શુદ્ધ ઉપયોગવાળો એને સ્પર્શતો નથી. જાણે છે એ બીજી વાત છે. સમજાય

છે કાંઈ?

**શ્રોતા :-** આત્માની એક સમયની પર્યાય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક સમયની પર્યાયના બે ભાગ. એક શુદ્ધ ઉપયોગ પર્યાય એ પોતાનો સ્વભાવ અને એ પર્યાયમાં જેટલી મલિનતા રહી તેનો પર્યાયમાં અત્યંત અભાવ. એક પર્યાયના બે ભાગ. એક પર્યાય સ્વરૂપ આત્મા અને બીજો અંશ રહ્યો તેના અભાવસ્વરૂપ આત્મા.

**શ્રોતા :-** આપ કહો છો શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મા. આહાહા..! સમજાય છે કાંઈ? ન્યાયથી સમજાય છે કે નહિ? ચારિત્રગુણની પ્રગટ પર્યાય છે. તો પ્રગટ પર્યાય જે શુદ્ધ ઉપયોગ છે એ આત્મા. શુદ્ધ ઉપયોગનું આચરણ થયું અંદરમાં સ્વભાવના આશ્રયે, એ આત્મા. અને એમાં જે શુભનો વિકલ્પ રહ્યો, એ જ પર્યાયનો બીજો ખંડ-ભંગ, એ એક અંશમાં પેલા અંશનો અભાવ છે. આહાહા..!

**શ્રોતા :-** કેટલો અભાવ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યંત અભાવ, સર્વથા અભાવ. આહાહા..! જૈનદર્શનની તત્ત્વદૃષ્ટિ તો જુઓ!

**શ્રોતા :-** સમજાણું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન આવ્યું? ફરીથી કહીએ. અમારે શેઠ કહે છે કે અમને સમજાતું નથી. લ્યો.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ તો ખાનદાન માણસ છે ને. અહીં થોડું રહે તો સમજાય. શું કહ્યું?

ફરીથી. અહીં કહ્યું, '**લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ (-મલિનતા, વિકાર) નથી તે અલિંગગ્રહણ છે;...**' એનો અર્થ '**આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે એવા અર્થની...**' અલિંગગ્રહણમાંથી આવો ભાવ નિકળે છે. એમાં શું આવ્યું? ભગવાનઆત્મા જેટલો શુદ્ધ ઉપયોગ છે તે જ આત્મા. એ શુદ્ધ ઉપયોગના આચરણની પર્યાય ચારિત્રગુણની નિર્મળ છે. એ જ પર્યાયમાં બીજો એક અંશ શુભોપયોગરૂપ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એ આત્મા નહિ, એ અનાત્મા અને આત્માની પર્યાયમાં એ અનાત્માની પર્યાય નથી. આત્માની શુદ્ધ પર્યાયમાં અશુદ્ધ જે પર્યાય છે એ શુદ્ધ પર્યાયમાં નથી. આહાહા..!

**શ્રોતા :-** ગજબની ખોજ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ એવી છે ને, ભાઈ! આહાહા..! જુઓ! શું કહે છે? અમૃતચંદ્રાચાર્ય શું કહે છે? જુઓને. એક-એક ભાવમાં મહા સિદ્ધાંત ભર્યા છે. સમજાય છે કાંઈ? એક-એક આગમના વચનમાં અનંત આગમના રહસ્ય પડ્યા છે. આહાહા..!

**શ્રોતા :-** સમ્યગ્દૃષ્ટિને એક જ પર્યાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમ્યગ્દૃષ્ટિને એક જ પર્યાય છે, બીજી પર્યાય છે જ નહિ. એક પર્યાયનો બીજો ભાગ સમ્યગ્દૃષ્ટિનો નહિ. એક નિર્મળ પર્યાય રહી. એક પર્યાયમાં બે ભાગ પડી ગયા. નિર્મળ પર્યાય સમ્યગ્દૃષ્ટિની છે. કેમકે એ શુદ્ધાત્મા છે અને શુદ્ધોપયોગસ્વભાવ છે. એમાં જે મલિનતાનો અંશ છે એ પર્યાયના બીજો ભાગ જે મલિન અંશ છે, શુદ્ધપર્યાયમાં તેનો અત્યંત અભાવ છે. દ્રવ્ય-ગુણમાં તો અત્યંત અભાવ છે જ. આહાહા..! સમજાય છે કાંઈ? દ્રવ્ય-ગુણમાં તો શુભ ઉપયોગરૂપી પરિણામનો અત્યંત અભાવ છે જ, પણ એની શુદ્ધોપયોગરૂપી પર્યાયનો જે અંશ છે, તેનો જ બીજો ભાગ જે અશુદ્ધ ઉપયોગ-પરિણામ છે તેનો પર્યાયમાં અત્યંત અભાવ છે. આહાહા..! ઈ પર્યાય પોતાના આત્માની છે જ નહિ.

**શ્રોતા :-** ક્ષેત્ર એક?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્ષેત્ર એક, ભલે પર્યાય એ કહી અને કાળ એ કહ્યો. અલૌકિક વાત છે, ભગવાન! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવના શાસનમાં એમનું તત્ત્વ આવું જ છે, હોં! આવું છે. આવું છે એનો ખ્યાલ કરાવે છે. સમજાય છે કાંઈ? ... આવે છે, ભાઈ!

**શ્રોતા :-** બે ભાગ કરવાની આવશ્યકતા છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવશ્યકતા-ફાવશ્યકતા નથી. સ્વભાવસન્મુખ થયો એ શુદ્ધઉપયોગ જ આત્મા છે, બસ. બાકી રહ્યું એ જ્ઞાનનું જ્ઞેય વિષય પોતાના આત્માની પર્યાયમાં અભાવ છે. ... પત્ર આવ્યો હતો, લેખ આવ્યો હતો. આ પંદર-પંદર દિ'માં ચંદ્ર ચાલે છે, નિયત તો દેખાતો નથી, શું કરવું અમારે? શું બત્રીસ સૂત્ર ખોટા છે? અમરચંદજી તો એમ કહે છે કે આ જેટલી .. ભગવાન અડ્યા પણ નથી. ભગવાને તો આત્માની જ વાત કરી છે. તો આ બત્રીસ સૂત્રમાં બે સૂત્ર ભગવાનના નહિ અને ત્રીસ સૂત્ર ભગવાનના. તો ત્રીસેય ભગવાનના છે કે નહિ? આમાં શું છે? મોટો પત્ર આવ્યો છે, ભાઈ! પછી વાંચજો ઘરે. વાંચજો ઘરે. ઉત્તર માંગે છે આચાર્યો પાસે. એઈ..! રામજીભાઈ કહે છે, પંડિત ઉત્તર તૈયાર કરે. વાંચવા દેજો. પોરબંદરના કોઈ સાધુ છે. શું છે?

અહીં તો કહે છે, તુલસના વખતમાં એક કથા આવે છે. એક હતો ને? સમવસરણ બનાવ્યું, તીર્થંકર બનાવ્યા પચીસમાં, ગણધર બનાવ્યા. ચાલો, લોકો ચાલે છે. તુલસા આને કહે, ચાલો. તીર્થંકર આવ્યા છે, તીર્થંકર. સમવસરણ જુઓ, ગણધર જુઓ. તીર્થંકર, ગણધર હોય જ નહિ. સમવસરણ બધું ખોટું છે, જાઓ! પણ આ સાક્ષાત્ સમવસરણ છે. પચીસમા

તીર્થંકર આવ્યા છે. એ વિના સમવસરણ ક્યાંથી આવે? ઈન્દ્રો આવે છે, જુઓ! વૈક્રિયક દેવે બનાવ્યું ને. વૈક્રિયક બનાવ્યા. તુલસા કહે છે, અમને એક અંશે પણ સમવસરણ છે, તીર્થંકર છે એમ શંકા પડતી નથી. તીર્થંકર છે જ નહિ, ઈ સમવસરણ જ નથી. આહાહા..! આ તો ભાઈ! ... વાત તો આવી છે. ચાહે તો સમવસરણ દેખાડે તો પણ શંકા પડતી નથી. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા શુદ્ધોપયોગી સ્વભાવ, એમાં બીજી વાત નથી. તો બીજામાં આમ હશે ને તેમ હશે. અરે..! ચાલ.. ચાલ. ભગવાનના શાસ્ત્ર યથાર્થ છે. એમાં કોઈ ફેરફાર નથી. આપણે મેળવી શકતા નથી માટે ફેરફાર છે એમ શંકા કેમ પડે છે? સમજાય છે કાંઈ? અહીં તો કહે છે, વ્યવહાર તારામાં નથી એમ નિઃશંકતા લાવ. આહાહા..! ... ભારે વાત, ભાઈ! સમજાણું કે નહિ?

એક પર્યાયના બે ભાગ, પર્યાય બે નહિ. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી શુદ્ધ છે અને શુદ્ધોપયોગી આત્મા તે આત્મા. શુદ્ધ ઉપયોગી જે પર્યાય ચારિત્રની છે, એ આત્મા. અને તે જ કાળે થોડું શુભ રહ્યું તે જ પર્યાયનો બીજો ભાવ, એ આત્મા નહિ. શુદ્ધ ઉપયોગમાં તે પર્યાયનો અત્યંત અભાવ છે અને એ અનાત્મા છે. આહાહા..! આ તે વાત કંઈ! વેદાંતવાળાને એક જ આત્મા (માનનાર), એને તો ગજબ લાગે. આવી વાતું! .. બાપુ! સ્વભાવ એવો છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**શ્રોતા :-** એક જ પર્યાયમાં બે પ્રકારની લાયકાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :- એક જ પર્યાયમાં બે પ્રકારની લાયકાત. ખરેખર એ એની પર્યાય છે જ નહિ. એની પર્યાય તો શુદ્ધ છે તે જ આત્માની પર્યાય છે. ખરેખર તો એને (અશુદ્ધોપયોગને) પુદ્ગલના પરિણામ અને પુદ્ગલમાં નાખી દીધી છે.** આહાહા..! સમજાય છે કાંઈ? લોકોને વીતરાગનું વાસ્તવિક તત્ત્વ શું છે એ સમજાણું નથી અને સાંભળવા મળ્યું નથી. ગડબડ ગડબડ ગડબડ. હજી તો પરની દયા પાળે ઈ ધર્મ. ધૂળમાંય નથી, સાંભળ તો ખરો. પરની દયા.. પર વસ્તુ નથી? તો પરની દયા પાળી શકે છે? તો તેની પર્યાય તું કરી શકે છે? પણ અહીં તો કહે છે, પરની દયાનો ભાવ ઊઠ્યો, જે વિકલ્પ છે એ પણ ધર્મ નહિ. ધર્મ નહિ પણ સમ્યગ્દૃષ્ટિની પર્યાયમાં એ ભાવ નથી. આહાહા..! આ તે પણ વાત! સમજાય છે કાંઈ? ઠીક, દસમો બોલ પણ ઠીક ચાલ્યો, હોં!

'**આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' આહાહા..! સમજાય છે કાંઈ? એ દસમો બોલ થયો. અગિયારમો બોલ.

'**લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું જેને નથી...**' જુઓ! આ કર્મનું ગ્રહણ નથી અર્થાત્ કર્મનો આત્માના ઉપયોગમાં

સંબંધ જ નથી. સમજાય છે કાંઈ? થોડું-થોડું લઈશું, હોં! **'લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ...'** જાણન-દેખન લક્ષણ દ્વારા શું? દ્રવ્યના લક્ષમાં લક્ષણ પડ્યું છે તો શુદ્ધની જ ઉત્પત્તિ થાય છે. તો કર્મના ગ્રહણની પર્યાય છે ક્યાં? જીવદ્રવ્યનો સ્વભાવ કર્મના ગ્રહણમાં નિમિત્ત થાય એવો ભાવ છે જ નહિ. સમજાય છે કાંઈ? કર્મ ગ્રહણ તો કર્મને કારણે આવે છે, પણ એમાં નિમિત્ત પડવું. ઉપાદાન તો કર્મગ્રહણ કરવું એ પરમાણુના ઉપાદાનથી છે, પણ એમાં નિમિત્ત થવું એ દ્રવ્યસ્વભાવમાં છે જ નહિ. જીવદ્રવ્યના સ્વભાવમાં, કર્મ થવામાં નિમિત્ત થવું એ દ્રવ્યસ્વભાવ નથી. આહાહા..! વાંચી વાંચીને ગોમ્મટસાર ને આ ને બધું વાંચ્યું હોય ને. કર્મકાંડ. કહે છે, **'લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા...'**

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ વસ્તુમાં ક્યાં? વસ્તુ, વસ્તુ-દ્રવ્ય એનો ગુણ અને એનું ઉપયોગ લક્ષણ-જાણન દેખન તો પોતાની નિર્મળ પર્યાય છે. તો ત્રણે નિર્મળ થઈ ગયા. નિર્મળ છે તો સમ્યગ્દર્શન થયું. નિર્મળમાં કર્મના ગ્રહણમાં નિમિત્ત થવું એ વિકલ્પ છે જ નહિ. એમાં એ અશુદ્ધતા છે જ નહિ, એમ કહે છે. સમજાય છે કાંઈ? આ ક્લાસના (શિબિર) કાળમાં આ લીધું છે, આ આવ્યું છે. થોડું સૂક્ષ્મ પડે પણ સમજવાની ચીજ છે. જૈનદર્શન એટલે સર્વજ્ઞદર્શન! સર્વજ્ઞ પરમાત્માએ કહેલો માર્ગ. પરમેશ્વર ઓહોહો..! એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક પર્યાયમાં જાણ્યા. કેટલું .. આહાહા..! એવી પર્યાય એમાં જે આવ્યું કે આત્મા અમે એવો જોયો છે કે આત્માનો ઉપયોગ છે એ કર્મ ગ્રહણમાં નિમિત્ત થાય એવો આત્માને અમે જોયો જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા ઉપયોગ નામના લક્ષણથી કર્મ ગ્રહણમાં નિમિત્ત થાય એમ છે જ નહિ. એ તો કર્મનો અભાવ થાય છે, અશુદ્ધતાનો અભાવ થાય છે, શુદ્ધતાની પ્રાપ્તિ થાય છે એનું નામ આત્મા છે. અહીં તો આ ચોથે ગુણસ્થાનથી ના પાડી દીધી, ભાઈ! સમજાય છે કાંઈ? વિશેષ આવશે, લ્યો... (**શ્રોતા :** પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્રી નિયમસાર, ગાથા-૧૧૯, શ્લોક-૧૮૯ તા.૩-૭-૧૯૬૬, પ્રવચન નં.૧૧૨, (૨)

प्रायश्चित्तं न पुनरपरं कर्म कर्मक्षयार्थं
प्राहुः सन्तस्तप इति चिदानंदपीयूषपूर्णम्।
आसंसारादुपचितमहत्कर्मकान्तारवह्नि-
ज्वालाजालं शमसुखमयं प्राभृतं मोक्षलक्ष्म्याः।।१८९।।

શું કહે છે? જુઓ! '**જે (તપ)...**' નામ આત્માના આનંદની શુદ્ધિની ઉત્પત્તિ થવી. આત્મામાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે. એ અતીન્દ્રિય આનંદની ઉગ્રપણે આત્મામાં ઉત્પત્તિ થવી તેને તપ કહે છે. કહો, સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદથી પરિપૂર્ણ ભરેલો છે. આવા આત્મામાં પોતાની અનુભવ દૃષ્ટિ કરીને સ્વરૂપમાં ઉગ્રપણે પુરુષાર્થથી અતીન્દ્રિય આનંદનું દશામાં ઉત્પન્ન થવું, ઉગ્રપણે થવું એનું નામ તપ અથવા મુનિપણું અથવા ચારિત્ર કહે છે. કહો, સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. અનંત કાળમાં (આ વાત) એણે યથાર્થપણે સાંભળી જ નથી.

અંતરમાં અતીન્દ્રિય અનંત અમૃતસ્વરૂપથી ભરેલો આત્મા છે. આવા આત્મામાં અંતર્મુખ.. શરીર, વાણી, મનની ક્રિયા પર છે, શુભાશુભભાવ છે એ વિભાવ-વિકાર છે અને પોતાની વર્તમાન અવસ્થામાં દશાનું જે ક્ષણિકપણું દેખાય છે એ અનિત્ય છે; અને નિત્ય જે ત્રિકાળ જ્ઞાયક આનંદથી ભરેલો આત્મા તેમાં નિત્ય આનંદ અને નિત્ય શાંતિ પડી છે. સમજાય છે કાંઈ? એ નિત્યાનંદ અને નિત્ય શાશ્વત ધ્રુવ શાંતિમાં અંતર એકાગ્ર થઈને ઉગ્રપણે શાંતિ અને આનંદની દશાની પ્રાપ્તિ કરવી તેનું નામ ચારિત્ર છે, તેનું નામ મુનિપણું છે, તેનું નામ તપપણું છે, તેનું નામ મોક્ષનો માર્ગ છે.

એ મુનિપણું અથવા ચારિત્ર '**અનાદિ સંસારથી સમૃદ્ધ થયેલી કર્મોની મહા અટવીને બાળી નાખવા માટે અગ્નિની જ્વાળાના સમૂહ સમાન છે.**' મુનિરાજ ઉપમા આપે છે, જુઓ! મૂળ શ્લોક તો કુંદકુંદાચાર્ય દિગંબર સંત બે હજાર વર્ષ પહેલાં થયા એમનો શ્લોક છે. પછી એની ટીકા પદ્મપ્રભમલધારી મુનિ દિગંબર થયા એમણે આ ટીકા કરી છે, આ કળશ પણ ટીકા જ છે. શું કહે છે?

ભગવાનઆત્મા અનાદિ કાળથી વિકાર અને કર્મની સમૃદ્ધિ જે ઉત્પન્ન કરી છે, '**સંસારથી સમૃદ્ધ થયેલી...**' અનાદિ સંસારથી સમૃદ્ધ થયેલી. અનાદિ કાળથી પુણ્ય-પાપનો વિકાર અને કર્મની સેના, એનાથી વિકાર અને કર્મની સમૃદ્ધિ થઈ. એવા '**કર્મોની મહા અટવીને...**' આવું કર્મરૂપી મહા વન-અટવીને. '**બાળી નાખવા માટે...**' બાળી નાખવા માટે '**અગ્નિની જ્વાળાના સમૂહ સમાન...**' પોતાની અંતર શુદ્ધ ચૈતન્યની ચારિત્ર-રમણદશા અગ્નિ સમાન કર્મ સમૃદ્ધિને બાળવા માટે જ્વાળા સમાન છે. પ્રાયશ્ચિત્ત છે ને, પ્રાયશ્ચિત્ત. ક્યાં ગયા વિમલચંદજી! અહીં આવો, અહીંયાં. સમજાય છે કાંઈ?

ભગવાન અનંત આનંદ અને શાંતિથી ભરેલો સમુદ્ર આત્મા છે. એમાં અંતર એકાકાર થઈને ઉગ્ર પ્રયત્નથી અંતરમાં ચારિત્ર નામ રમણતાની પ્રગટ દશા થાય, તે જ અનાદિ સમૃદ્ધિવાળા વિકાર અને કર્મની સેનાને બાળી નાખવા માટે અગ્નિની જ્વાળા સમાન આત્માની ઉગ્ર શાંતિ છે. શું આમાં કરવું શું, સૂઝ પડે નહિ માણસને. આત્મા અંતર આનંદમાં એકાકાર થવું, એ જ પરમાં એકાકાર થવાથી ઉત્પન્ન થયેલા વિકાર અને કર્મને બાળવા માટે સમર્થ છે. કહો, સમજાય છે કાંઈ? અનાદિથી આત્મા પોતાના સ્વરૂપને ભૂલીને જે પુણ્ય-પાપના વિકારની સમૃદ્ધિ ઉત્પન્ન કરી, સમૃદ્ધિ-એની વૃદ્ધિ કરી, સમૃદ્ધિનો અર્થ ઈ અને જડ કર્મની ઉત્પત્તિમાં નિમિત્ત થયા તો જડ ઉત્પન્ન થયા તેને બાળી નાખવા માટે, ભગવાનઆત્મા પોતાની એકાગ્રતાને કારણે ઉત્પન્ન થયેલી જે શાંતિ, એ અશાંતિને નાશ કરવા માટે અગ્નિ સમાન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**શમસુખમય છે...**' ભગવાનઆત્મા શુદ્ધ પરમાનંદની મૂર્તિ, એમાં લીન થવું એ શમ-વીતરાગી આનંદમય છે. સમજાય છે કાંઈ? વીતરાગી આનંદ. આત્મા વીતરાગસ્વરૂપ છે અને આત્મામાં વીતરાગ આનંદ ત્રિકાળ ભર્યો છે. એમાં એકાકાર થઈને શમસુખમય છે. એમ છે ને? સમતાના આનંદમય છે, વીતરાગી આનંદમય એ પર્યાય છે. કોણ? ચારિત્રદશા. આરે..! ચારિત્ર તો આ ક્રિયા કરવી ને આ કરવું, ઈ કહે છે લોકો તે.

**શ્રોતા :-** સાંભળવાથી આવતી હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંદરમાંથી આવે, સાંભળવાથી ન આવે. કહો, સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા પૂર્ણ શમસુખથી ભરેલો છે. પરમ શમસુખથી ભરેલો છે આત્મા. એમાં લીન થવાથી પરમ શમસુખ પ્રગટ થાય છે. એ પરમ સુખમય દશાને અહીંયાં ચારિત્ર અથવા નિશ્ચય પ્રાયશ્ચિત્ત કહે છે. તેનાથ પૂર્વના વિકારની સમૃદ્ધિ અને કર્મનો નાશ થાય છે. સમજાય છે કાંઈ?

'**અને મોક્ષલક્ષ્મી માટેની ભેટ છે,...**' આહાહા..! પૂર્ણાનંદની લક્ષ્મી. રાજને પસન્ન કરવા હોય તો ઊંચી વસ્તુ લઈ જાય. ઊંચી ચીજ લઈ જાય, હોં! વાઘરી હોય ને તો

આખુ તરબુચ લઈ જાય. વાઘરી સમજો છો? વાઘરીને શું કહે છે? સમજો છો? તરબુચ નથી કરતા? નદીમાં વાવે. હલકા વર્ણવાળા નહિ? તરબુચ આવા અધ મણ અધ મણના થાય છે. નદીમાં નથી વાવતા? આવડા આવડા થાય છે. રાજા પાસે આટલા આટલા લઈ જાય તો રાજા ખુશી થઈ જાય. ભેટ આપે. અને રાજામાં તો એમ હોય છે, કોઈ શેઠાણી બાઈ હોય તો પાપડ બનાવે. શું કહેવાય? વડી-વડી. ઊંચી પાપડ અને વડી લઈ જાય ને ઘરે. અધ મણ અધ મણ. રાણી ખુશી થઈ જાય. આહાહા..! ભેટ છે. થાય છે ને બધું. ગામમાં બાય સારી હોય અને રાણી પાસેથી કંઈક મેળવવું હોય તો સારી... શું કહ્યું? વડી.. વડી. વડી હોય ને? આવડી નાની નાની બનાવે. પાપડ હોય, પાપડ ઊંચા. સમજ્યા ને? એક કરંડિયામાં લઈ જઈ (આપે). રાણી ખુશી થઈ જાય. ઓહો..! શેઠાણીએ અમારી કદર કરી.

એમ અહીં મોક્ષરૂપી લક્ષ્મી માટે, આત્માના પૂર્ણ આનંદરૂપ મોક્ષને માટે પોતાના શુદ્ધ સ્વરૂપમાં સમતામય આનંદ પ્રગટ કરવો એ મોક્ષલક્ષ્મીની ભેટ છે. મોક્ષલક્ષ્મી તેનાથી પ્રસન્ન થાય છે અને અલ્પ કાળમાં તેને મોક્ષ પ્રાપ્ત થાય છે. સમજાય છે કાંઈ? આ અંદરની ક્રિયા છે. આહાહા..! ખબર ક્યાં છે? શું ચીજ છે, હું કોણ વસ્તુ છું, ખબર નથી. અહીંયાં તો જેટલા શબ્દ કહે છે, શમસુખમય એ પર્યાયની વાત છે. શમસુખમય ચિદાનંદ છે. '**અને મોક્ષલક્ષ્મી માટેની ભેટ છે,...**' પ્રગટ આત્માની કેવળજ્ઞાનાદિ સિદ્ધ પર્યાય પ્રગટ કરવામાં પોતાના ભગવાનઆત્મામાં લીન થઈને શાંતિ અને આનંદ પ્રગટ કરવો એ પૂર્ણાનંદની ભેટ છે, પૂર્ણાનંદ પ્રગટ કરવામાં ભેટ નામ કારણ છે, એનાથી પૂર્ણ લક્ષ્મી પ્રગટ થાય છે. કહો, સમજાય છે?

'**તે ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા તપને...**' આહાહા..! ભાષા જુઓ. એનું નામ તપ છે, હોં! તપ એટલે આ અપવાસ કરવા ને લાંઘણ કરવી એ તો જરી શુભરાગ હોય. તપ તો આને કહે છે. અતીન્દ્રિય આનંદ ભગવાનમાં પ્રતપંતે ઈતિ તપઃ. અંતર આનંદની ઉજ્જ્વળ દશા, નિર્મળ આનંદની પ્રગટ દશા, શાંતિની અંતર્મુખ થઈને પ્રગટ દશા એવા ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા તપને. જ્ઞાનના આનંદરૂપી અમૃતથી ભરેલો એ તપ છે. આહાહા..! દુનિયા કહે છે કે કષ્ટ સહન કરવા એ ચારિત્ર છે. અહીં ભગવાન કહે છે કે ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા. એટલા ત્રણ શબ્દ વાપર્યા છે. જ્ઞાન અને આનંદ પોતાના સ્વરૂપમાં છે, એમાં એકાકાર થઈને જ્ઞાન અને આનંદરૂપી અમૃતથી ભરેલી ચારિત્રદશાને ભગવાન તપ કહે છે. સાંભળી ન હોય વાત શું છે. ભગવાન જાણે શું હશે? સમજાય છે કાંઈ?

'**તપને સંતો...**' સંત નામ સંતો મુનિઓ '**કર્મક્ષય કરનારું પ્રાયશ્ચિત્ત કહે છે,...**' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર અથવા કુંદકુંદાદિ આચાર્ય સંતો ભગવાનઆત્મામાં જે પરમ આનંદ

અને જ્ઞાન ભર્યું છે અને અંતર અમૃત ભર્યું છે, એમાં અંતર સન્મુખ થઈને ચિદાનંદરૂપી અમૃતથી ભરેલી શુદ્ધિનું ચારિત્ર પ્રગટ થવું તેને સંત કર્મક્ષયના કારણરૂપ પ્રાયશ્ચિત્ત કહે છે. ભાષા સમજવી માણસને કઠણ પડે. સમજાય છે કાંઈ? '**પરંતુ અન્ય કોઈ કાર્યને નહિ.**' એમ કરીને નિષેધ કરે છે. શું કરે છે? આત્મા શમસુખથી ભરેલો છે. ચિદાનંદના અમૃત સ્વાદથી ભરેલો છે અને અંતરમાં એ સ્વરૂપમાં એકાકાર થઈને, જેવી શક્તિ શમસુખમય ચિદાનંદ અમૃત ભર્યું છે એમાં એકાકાર થઈને, અંતરમાં લીન થઈને પર્યાયમાં શાંતિ, આનંદની અવસ્થા પ્રગટ કરવી તેનું નામ તપ (કહે છે). સંતો એ તપને કર્મક્ષયનું કારણ કહે છે. સમજાય છે કાંઈ? આમાં કરવું શું ખબર નથી પડતી.

ભાઈ! અંદરમાં ભગવાન આખો પડ્યો છે ને. એ સિવાય અન્ય કાર્ય નહિ, એમ કહે છે. બીજા કોઈ કાર્ય (અર્થાત્) દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ, જાત્રાના જે પરિણામ છે, એ પરિણામથી કર્મક્ષય થાય છે એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? ભાઈ! એમ કહ્યું છે ને? ક્યાં શું આવ્યું? પહેલી લીટી. સમજાણું? '**न पुनः**' છે ને? આહાહા..! આ તો ૧૮૯ છે ને? આમાં ૯૦ છે. પાનું ફરી ગયું. બરાબર છે. છે ને? '**न पुनरपरं**', '**न पुनरपरं**'. શું વાત કરે છે? કે આત્મામાં જે પાપ પરિણામ ઉત્પન્ન થાય છે-હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ વાસના એ તો પાપબંધનું કારણ છે અને પરલક્ષી દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા, જાત્રાનો ભાવ થાય છે એ પુણ્યબંધનું કારણ છે. અને બંધના નાશનું કારણ કોણ?

એ પુણ્ય-પાપના રાગ રહિત અંતર સ્વરૂપની શુદ્ધિ પ્રગટ કરવી, શુદ્ધ ઉપયોગની રમણતા પ્રગટ કરવી તે જ કર્મક્ષયનું કારણ સંતો સંત માટે કહે છે. કહો, સમજાય છે કાંઈ? નવરંગભાઈ! આ બધું ક્યાં ગયુ? પેલી ક્રિયાકાંડ તો આમાં ના જ પાડે છે, લ્યો. '**પરંતુ અન્ય કોઈ કાર્યને નહિ.**' કોઈ બીજું કાર્ય. પોતાના શુદ્ધ સ્વરૂપમાં અંતર દૃષ્ટિ કરી એકાકાર થવું અને શુદ્ધિની પ્રગટ દશા કરવી એ જ કર્મક્ષયનું એક જ કારણ છે, બીજું કોઈ કાર્ય કર્મક્ષયનું કારણ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આ વચ્ચે વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્રનું જ્ઞાન અને પંચ મહાવ્રતાદિ અઠ્ઠાવીસ મૂળગુણનો વિકલ્પ રાગ છે એ કર્મક્ષયનું કારણ નથી. માંગીરામજી! શું કહે છે? આ તો મહાવ્રત પાળવા એ કર્મક્ષયનું (કારણ). મહાવ્રત તો વિકલ્પ છે, પર તરફનું લક્ષ છે. નિશ્ચય મહાવ્રત તો આ છે. સમજાય છે કાંઈ?

'**પરંતુ અન્ય કોઈ કાર્યને નહિ.**' અન્ય કોઈ કાર્યને નહિ. એમ નિષેધ કરી નાખ્યો. આત્મા શુદ્ધ ભાવથી ભરેલો ભંડાર છે, એમાં લીન થઈને પ્રગટ શુદ્ધ દશાનું થવું, એ જ શુદ્ધ દશા કર્મક્ષયનું એક જ કારણ છે. બીજું કોઈ કર્મક્ષયનું કારણ નથી. બીજા બધા બંધના કારણ છે, એમ. સમજાય છે કાંઈ? ૧૮૯ થયો. હવે ૧૧૯ ગાથા. એ કળશ પૂરો થયો.

**अप्पसरूवालंबणभावेण दु सव्वभावपरिहारं।**
**सक्कदि कादुं जीवो तम्हा झाणं हवे सव्वं।।११९।।**
**આત્મસ્વરૂપ અવલંબનારા ભાવથી સૌ ભાવને**
**ત્યાગી શકે છે જીવ, તેથી ધ્યાન તે સર્વસ્વ છે. ૧૧૯.**

**ટીકા :- 'અહીં (આ ગાથામાં) નિજ આત્મા જેનો આશ્રય છે...'** શું કહે છે? પોતાનો શુદ્ધ ભગવાન પરમાનંદસ્વરૂપ આત્મા જેનો આશ્રય છે **'એવું નિશ્ચયધર્મધ્યાન જ...'** સાચું ધર્મધ્યાન એને કહે છે કે જે ધર્મધ્યાનમાં પોતાનો આત્મા જ આશ્રય હોય. અવલંબન લીધું ને? પાઠમાં અવલંબન છે ને? ભાઈ! આહાહા..! એ તો એક જ શબ્દનો વિસ્તાર સમજાવવા માટે. પૂર્ણ પ્રભુ પરમાત્મસ્વભાવથી ભરેલો આત્મા, એવો નિજ આત્મા જેનો આશ્રય છે. કોનો?-કે નિશ્ચય ધર્મધ્યાનનો. સાચા ધર્મધ્યાનની દશા એને કહે છે કે જે નિશ્ચય ધર્મધ્યાનની દશામાં પોતાનો આત્મા જ અવલંબન છે. પોતાના આત્મા સિવાય કોઈ પુણ્ય-પાપ, નિમિત્ત, શરીરાદિ અવલંબન છે જ નહિ એવું નિશ્ચય ધર્મધ્યાન. જુઓ! અહીં તો નિશ્ચય ધર્મધ્યાન. ભાઈ! પેલા શુભજોગને ધર્મધ્યાન કહે છે ને? શુભજોગ ધર્મધ્યાન છે. ક્યાં સુધી? આઠમા અને નવમા સુધી શુભજોગ ધર્મધ્યાન છે. આહાહા..! ઘણું ફેરવી નાખ્યું.

**'નિજ આત્મા...'** આત્મા કોને કહે? શું પુણ્ય-પાપના ભાવને આત્મા કહે છે? શરીર, વાણીને આત્મા કહે છે? અલ્પજ્ઞ દશા વિકાસમાં પ્રગટ દેખાય છે, જ્ઞાન, દર્શન, વીર્ય એ પૂર્ણ આત્મા છે? એ તો વ્યવહાર આત્મા છે. નિશ્ચયઆત્મા જે ત્રિકાળ પૂર્ણ આનંદ અને જ્ઞાનથી ભરેલો ભગવાન, એવો નિજ આત્મા જેનો આશ્રય. જેનો નામ ધર્મધ્યાન એવી આત્માની દશા તેનો આશ્રય આત્મા છે. ધર્મધ્યાનમાં આત્માનું અવલંબન છે. નિશ્ચય ધર્મધ્યાનમાં આત્માના અવલંબન વિના ધર્મધ્યાન પ્રગટ થતું નથી. આહાહા..! ભગવાનના દર્શનથી પણ નિશ્ચય ધર્મધ્યાન નથી થતું, એમ કહે છે. સમજાય છે કાંઈ? સમેદશીખરની, પાલીતાણાની જાત્રા કરવાથી નિશ્ચય ધર્મધ્યાન થતું નથી, એમ કહે છે. એઈ..! માંગીરામજી! ત્યાં જઈ આવ્યા, જરીક આથડી આવ્યા. જાજામાં ગયા ને પછી ઘણા માણસ હતા. ચૌદસે તો બહુ માણસ હતા ને. એકલા જો હોય ને તો ઠીક, ધીમે ધીમે જાય. પેલું તો માણસ ધમાધમ.. ધમાધમ. એઈ... માર્ગ કરજો. આવો આવો અંદર. ગાથા પણ એવી આવી છે ને અંદર. આહાહા..!

**'अप्पसरूवालंबणभावेण'**. આત્મા જે ભાવમાં આલંબન છે. ભાષા જુઓ. ભગવાનઆત્મા જેમાં શુદ્ધ આનંદ અને જ્ઞાયકભાવ જેમાં પૂર્ણ પડ્યો છે, આત્મા, એને આત્મા કહે છે. એ આત્મા જે કંઈ નિર્મળ ધર્મધ્યાનરૂપી દશા (થાય છે), એ દશામાં આલંબન હોય તો

એ આત્મા છે. સમજાય છે કાંઈ? ધર્મધ્યાન એને કહે છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણીમાં ધર્મધ્યાનની દશા, આત્મામાં ધર્મધ્યાનની નિર્મળ દશા, જે સંવર અને નિર્જરારૂપ છે, જે નિશ્ચય પ્રાયશ્ચિત્તરૂપ છે, જે નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પરિણતિ-પર્યાયરૂપ છે. એવું જે ધર્મધ્યાન અર્થાત્ નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તેને આત્મા અવલંબન છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનનું પણ આત્મા અવલંબન, સમ્યગ્જ્ઞાનનું પણ આત્મા અવલંબન અને સમ્યક્ચારિત્રનું પણ આત્મા અવલંબન. એ ત્રણે મળીને અહીંયાં નિશ્ચય ધર્મધ્યાન કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? શું લખ્યું છે? જુઓ!

'**અહીં (આ ગાથામાં)...**' એમ કહેવામાં આવ્યું છે કે '**નિજ આત્મા...**' ભગવાનનો આત્મા પણ નહિ. ભગવાનનો આત્મા ભગવાન પાસે રહ્યો, સિદ્ધનો આત્મા સિદ્ધ પાસે રહ્યો, પંચપરમેષ્ઠીનો આત્મા પંચપરમેષ્ઠી પાસે રહ્યો. ઓહોહો..! આ ભગવાનઆત્મા, જેમાં પૂર્ણ જ્ઞાન, આનંદ, શાંતિ પડી છે ત્રિકાળ અનાદિઅનંત. એવો '**નિજ આત્મા જેનો...**' સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એવી ત્રણરૂપ એકતા, એનું નામ નિશ્ચય-સાચું ધર્મધ્યાન કહે છે. એ નિશ્ચય ધર્મધ્યાનનો આશ્રય ભગવાનઆત્મા છે. સમજાય છે કાંઈ?

'**એવું નિશ્ચયધર્મધ્યાન જ સર્વ ભાવોનો અભાવ કરવાને સમર્થ છે.**' પાઠ છે ને એટલો? એ તો ટૂંકા શબ્દ કર્યા. '**अप्पसरूवालंबणभावेण दु सव्वभावपरिहारं**'. બહુ ટૂંકું, ઘણું ટૂંકું. ભગવાનઆત્મા, આત્મા એટલે પૂર્ણ આનંદ ને શુદ્ધિ ને જ્ઞાનનો પૂરો ભંડાર. અનંત કેવળજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતસ્વચ્છતા, અનંતપ્રભુતા એવા અનંત ચૈતન્ય રત્નાકર ગુણનો ભંડાર નામ ભગવાનઆત્મા. આવો ભગવાન ધ્રુવ આત્મા, જેનું આલંબન છે એ ધર્મધ્યાન રૂપી દશાનો આધાર ભગવાન છે, એનો આધાર આત્મા છે, એનો આધાર દયા, દાનના વિકલ્પ પણ એનો આધાર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? '**જેનો આશ્રય છે એવું નિશ્ચયધર્મધ્યાન જ સર્વ ભાવોનો...**' સર્વ ભાવ શબ્દે ચાર ભાવ લેશે અંદર. પુણ્ય-પાપના ભાવ છે ઈ ઉદયભાવ છે, ઉપશમભાવ છે ચારિત્રનો અથવા સમકિતનો એ પર્યાયનો ભાવ છે અને ક્ષયોપશમભાવ છે-અલ્પ જ્ઞાન, દર્શનની પર્યાયનો વિકાસ ક્ષયોપશમભાવ છે અને ક્ષાયિકભાવ-ક્ષાયિક સમકિત આદિની પર્યાય પ્રગટ થાય એ ક્ષાયિકભાવ; પણ એ ચારે ભાવનો જે ભાવથી પરિહાર થાય છે, તે ભાવનો આધાર-આલંબન આત્મા છે.

'**એવું નિશ્ચયધર્મધ્યાન જ સર્વ ભાવોનો અભાવ કરવાને સમર્થ છે...**' અર્થાત્ ચાર ભાવ જે છે-ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક. એ ચાર પર્યાયના ભાવ છે. અને નિજ આત્મા પરમપારિણામિકભાવ ત્રિકાળ છે. નિજ પરમપારિણામિક સ્વભાવભાવ ભગવાન, જેનો આશ્રય નામ આત્મા ત્રિકાળ છે તે ધર્મધ્યાનનો આશ્રય છે. એ ભાવ, એ ભાવ ચાર ભાવનો આશ્રય નથી કરતા એ અપેક્ષાથી ઈ ભાવ ચાર ભાવનો પરિહાર કરવામાં સમર્થ

છે. એમાં પોતાના આત્માનું અવલંબન આવે છે. સમજાય છે કાંઈ? ... આ શ્લોકમાં કહ્યું છે. કઠણ છે જરી.

ક્ષાયિકભાવનો પરિહાર કરવામાં ધર્મધ્યાન, જેનો આશ્રય આત્મા છે એ ધર્મધ્યાન ક્ષાયિકભાવનો પણ પરિહાર કરવામાં સમર્થ છે. ભાઈ! ભાષા તો એવી છે અહીંયાં. પણ એનો અર્થ શું? કે ક્ષાયિકભાવ પણ આશ્રય કરવાલાયક નથી. આશ્રય કરવાલાયક નથી, આશ્રય કરવાલાયક ચિદાનંદ ભગવાન પરમ સ્વભાવભાવ છે. એ અપેક્ષાથી ક્ષાયિકભાવનો આશ્રય કરવો એ છોડાવવા માટે પરિહાર કર્યો, ક્ષાયિકભાવનો આશ્રય ન કરવો એનું નામ પરિહાર કર્યો કહેવામાં આવે છે. શું કહ્યું? આહાહા..!

અહીં તો '**अप्पसरूवालंबणभावेण**' ભગવાનઆત્મા તો નિત્યાનંદ પ્રભુ, જે પરમ સ્વભાવભાવ પરમ પારિણામિકભાવસ્વરૂપ ભગવાન, એ ધર્મધ્યાનરૂપી વર્તમાન નિર્મળ જે મોક્ષમાર્ગની દશાનો આધાર આત્મા છે. એ આત્મા જેનો આધાર છે એવા ભાવ દ્વારા, ચાર ભાવનો પરિહાર કરવામાં ઈ ભાવ સમર્થ છે. છે તો એ ભાવ ક્ષયોપશમ અને ઉપશમભાવરૂપ. ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ સ્વભાવથી ભરેલો આત્મા, એના આશ્રયે પ્રગટ થયેલી જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની દશા, જે મોક્ષમાર્ગની દશા, જે ધર્મધ્યાનરૂપી દશા, તેનો આધાર આત્મા છે-ત્રિકાળ આત્મા આધાર છે. જેનો આધાર આત્મા છે, એ ભાવ ચાર ભાવનો પરિહાર કરવામાં સમર્થ છે. સમજાય છે કાંઈ? એ ભાવ ચાર ભાવનો આશ્રય કરતો નથી. એ ભાવે આત્માનો આશ્રય કર્યો છે. આત્માનો આશ્રય કર્યો ઈ અપેક્ષાથી કહ્યું કે એ ભાવથી ચાર ભાવનો પરિહાર થાય છે. સમજાય છે કે નહિ?

આજ ભગવાનની દિવ્યધ્વનિનો દિવસ છે. આહાહા..! રાજગૃહી નગરીમાં વિપુલાચલ પર્વત ઉપર કેવળજ્ઞાન થયે ૬૬ દિવસ થયા હતા. ત્યાં સુધી વાણી નીકળી નહોતી. જ્યારે ગણધર આવ્યા, ગણધરને યોગ્ય એવા ગૌતમ (આવ્યા ને) ૐ ધ્વનિ છૂટી, ૐ ધ્વનિ છૂટી. ૐ કાર ધુનિ સુણી અર્થ ગણધર વિચારે. એ ગણધરે તે દિવસે આજે જ ચૌદ પૂર્વ અને બાર અંગની અંતર્મુહૂર્તમાં રચના કરી. એ દિવ્યધ્વનિમાં માર્ગ આવ્યો એવો અહીંયાં કુંદકુંદાચાર્ય કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા, જેમાં અનંત અનંત સિદ્ધ પરમાત્મા પડ્યા છે, એવો આત્મા. આત્મદ્રવ્યમાં, આત્મદ્રવ્યમાં-આત્મપદાર્થમાં અનંત સિદ્ધ ભગવાન અંદરમાં બિરાજે છે. કેમ કે સિદ્ધ ભગવાન એ પર્યાય છે-અવસ્થા છે. એવી અનંતી અવસ્થા જેની ખાણમાં પડી છે, ભગવાનઆત્મામાં, એવા આત્માને અહીંયાં આત્મા કહે છે. એ આત્માના આશ્રયથી-અવલંબનથી-આધારથી-નિશ્ચય મોક્ષનો માર્ગ ધર્મધ્યાન પ્રગટ થાય છે. બીજાથી પ્રગટ થતો નથી. સમજાય છે કાંઈ? ધર્મધ્યાન નિમિત્તથી તો થતું નથી. ધર્મધ્યાન રાગના પુણ્યના પરિણામથી

પણ થતું નથી અને ધર્મધ્યાનનો ભાવ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકના આશ્રયે પણ થતો નથી. સમજાય છે કાંઈ? હિન્દી લોકો કહે હિન્દીમાં લ્યો, પણ ભાવ તો જે હોય ઈ આવે ને. કોઈ દિ' સાંભળ્યું ન હોય કે શું ધર્મ છે. માંગીરામજી! આમ છે ને આનાથી ધર્મ થાય છે, આવો ધર્મ થાય છે ને આવો ધર્મ થાય છે. ધૂળમાંય નથી. સાંભળ તો ખરો.

ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ પરમાત્મા-આત્મા પડ્યો છે, એના આશ્રયે-અવલંબનથી-એના આધારે જે પર્યાય ધર્મધ્યાનની પ્રગટી એનો આશ્રય ભગવાનઆત્મા છે. એ પર્યાય ધર્મરૂપી દશા અન્ય ચાર ભાવનો પરિહાર કરવામાં અર્થાત્ તેનો આશ્રય છોડવામાં એ સમર્થ છે. સમજાય છે કાંઈ? નીચે બધો ખુલાસો કર્યો છે. પરદ્રવ્ય, પરભાવોનું આલંબન તો દૂર રહો, પણ આ ક્ષાયિકભાવનું પણ (અવલંબન) નહિ. સમજાય છે? આ તો એક શબ્દાર્થ થયો, હોં! આટલો તો હજી. પાઠમાં એટલું છે ને? '**अप्पसरूवालंबणभावेण**'. એટલો શબ્દ છે. ભગવાન '**अप्पसरू**' આત્માનું રૂપ, આત્માનું સ્વરૂપ શુદ્ધ આનંદ જ્ઞાયકમૂર્તિ ભગવાન દ્રવ્ય, એ '**अप्पसरूवालंबण**' તેનું આલંબન '**भावेण**' જે ભાવમાં એ આત્માનું આલંબન છે, એવી નિર્મળ જ્ઞાન, દર્શન, ચારિત્રની પર્યાય '**सव्वभावपरिहारं**'. એ ચાર ભાવનો એ આશ્રય કરતી નથી. સમજાય છે કાંઈ? શું ભાવ ને આ શું છે? કોઈ દિ' શું વસ્તુ છે અને ભગવાન પરમાર્થ શું કહે છે, સમજ્યો નહિ, સમજ્યો નહિ.

અહીં તો કહે છે, ભગવાનનું સમવસરણ જોવાથી પણ ધર્મધ્યાન ઉત્પન્ન નથી થતું, એમ કહે છે. સાક્ષાત્ ભગવાનને જોવાથી, દર્શન કરવાથી પણ ધર્મધ્યાન ઉત્પન્ન નથી થતું. એનાથી તો નથી થતું પણ ભગવાનના દર્શન કરવાથી જે પોતામાં શુભભાવ થયો, એ શુભભાવથી પણ ધર્મધ્યાન નથી થતું. શુભભાવ તો ધર્મધ્યાન નથી, પણ એનાથી ધર્મધ્યાન ઉત્પન્ન નથી થતું.

ધર્મ-આત્માનું સ્વરૂપ, એનું ધ્યાન. ભગવાનઆત્મા શુદ્ધ પરમાત્મસ્વરૂપ, એનું ધ્યાન. એવું ધર્મધ્યાન એનો આધાર તો ભગવાનઆત્મા છે. એ ભાવ જેનો આધાર આત્મા છે, એ ભાવ ચાર ભાવનો ત્યાગ કરવામાં સમર્થ છે અથવા એ ભાવ પરનું આલંબન લેતો નથી. ચાર ભાવનું આલંબન લેતો નથી, તેને પરિહાર કરવામાં તે ભાવ સમર્થ છે એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? કહે છે કે એક હાંડલું સાચું છે ઈ નથી સમજાતું.

અસ્તિ ધર્મ પોતાનો હે ભગવાન! તમે પણ પ્રગટ કર્યો, હું પણ પ્રગટ કરવાનો અભિલાષી છું. શું અસ્તિ ધર્મ. પૂર્ણાનંદ પ્રભુ છે, અંદર પૂર્ણ સ્વરૂપ.. સ્વરૂપ.. સ્વરૂપ. રાગભાવ પુણ્યભાવની તો એમાં નાસ્તિ છે. શરીર, કર્મની તો નાસ્તિ છે. સમજાય છે કાંઈ? પણ આત્માની એક સમયની અવસ્થા, ત્રિકાળ સ્વરૂપમાં તેની પણ નાસ્તિ છે. એવો એક સમયનો ભગવાનઆત્મા પૂર્ણ જ્ઞાન, દર્શન, ધ્રુવ ધાતુ શાશ્વત શાશ્વત શાશ્વત. શાશ્વત ભાવ. અવસ્થા છે એ તો અશાશ્વત

અનિત્ય છે. પુણ્ય-પાપના ભાવ એ વિકાર છે. કર્મ, શરીર આદિ પૃથક્ અન્ય છે. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા પોતાનો શાશ્વત સ્વભાવ, શુદ્ધ ભાવરૂપી ધ્રુવ ભાવ, નિર્મળ ધર્મની દશા પ્રગટ કરવામાં આધાર-અવલંબન-આશ્રય-એક આત્માનો છે. જે ભાવે ભગવાનઆત્માનો આશ્રય લીધો, એ ભાવ ચાર ભાવ-ઉપશમ, ઉદય, ક્ષયોપશમ, ક્ષાયિકનો પરિહાર કરવામાં અર્થાત્ એનો આશ્રય છોડવામાં એ ભાવ સમર્થ છે. રાજમલજી! ક્ષાયિકભાવ છોડવામાં, ક્ષયોપશમરૂપી ધર્મધ્યાન, ક્ષાયિકભાવ છોડવામાં સમર્થ છે. આશ્રય છોડવામાં. અહીં આશ્રય લીધો છે, તો તેનો આશ્રય છોડવામાં એ સમર્થ છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એના ભાવનો, પોતાનો આશ્રય નહિ. ઈ ઠીક કહ્યું. આત્મામાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ધર્મધ્યાન દશા (થઈ), તો કહે છે કે ધર્મધ્યાન દશાને તો દશાનો આધાર છે કે નહિ?-કે નહિ. એ ધર્મધ્યાન દશાનો આધાર ભગવાનઆત્મા છે. અમારે એ દલાલ છે. હળવેકથી એક હાંડલું કહે. એનો તો આશ્રય ખરો કે નહિ? લખ્યું છે ને? '**નિજ આત્મા જેનો આશ્રય છે...**' પોતાની ધર્મધ્યાનની પર્યાયનો આશ્રય છે એમ નહિ.

આત્મા એટલે શું, એ વાત સમજવી લોકોને બહુ કઠણ થઈ ગઈ. આત્મા એટલે શું? આત્મા એટલે અનંત ભગવાનનો પિંડ પ્રભુ આત્મા. અનંત મહિમાવંત ગુણનો પિંડ આત્મા. અનંતા કેવળજ્ઞાનની પર્યાયનો પિંડ આત્મા. અનંતા અનંત ચતુષ્ટય જે ભગવાનને પ્રગટ થયા, એવો અનંત આનંદનો પિંડ એ આત્મા. નિજ આત્મા. અનંતવીર્ય જે ભગવાનને પ્રગટ થયું, એવા અનંત બળનો પિંડ એ આત્મા. સમજાય છે કાંઈ? ભગવાનને અનંત ગુણની પરમેશ્વરતા પ્રગટ થઈ, એવા અનંત પરમેશ્વરનો પિંડ ભગવાનઆત્મા. આહાહા..!

આત્માની ધર્મદશાએ આત્માનો આધાર લીધો છે. એ આધાર વિના ધર્મદશા કોઈ દિ' ત્રણ કાળમાં પ્રગટ થતી નથી. ઈ વાત સિદ્ધ કરવી છે. નિયમસાર છે. નિશ્ચય પ્રાયશ્ચિત્તનો અધિકાર છે અથવા ચારિત્ર મુક્તિના કારણનો અધિકાર છે. એ ચારિત્ર (અર્થાત્) સ્વરૂપમાં રમણતા, એ રમણતાનો આધાર ભગવાન પૂર્ણાનંદ પ્રભુ આલંબન ઈ છે. પંચ મહાવ્રતના વિકલ્પ ઊઠે છે એ પણ નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયમાં એ આધાર-આલંબન છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? શરીર મજબૂત, મનુષ્યદેહ મજબૂત, પંચેન્દ્રિય પર્યાપ્ત, પોતાની શુદ્ધ ધર્મ દશામાં આલંબન-આધાર છે જ નહિ. સમજાય છે કાંઈ?

'**નિજ આત્મા...**' ભગવાનઆત્મા પોતાના પૂર્ણ સ્વરૂપથી ભરેલો '**જેનો આશ્રય...**' એટલે જેનું અવલંબન છે. જેનું એટલે નિશ્ચય ધર્મધ્યાન. '**સર્વ ભાવોનો...**' જુઓ! ધર્મધ્યાન જ '**સર્વ ભાવોનો અભાવ કરવાને સમર્થ છે...**' ધર્મધ્યાનની દશાનો આધાર. એ ધર્મધ્યાનની

દશામાં ચાર ભાવનો આશ્રય છોડવાની તાકાત છે. આશ્રય લેવાની એમાં તાકાત નથી. સમજાય છે કાંઈ? મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન પ્રગટ કરવું. તો સમ્યગ્દર્શનનો આધાર-અવલંબન આત્મા છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવામાં આધાર કષાયની મંદતા કે જ્ઞાનની ક્ષયોપશમ દશા એ એનો આધાર છે જ નહિ. આહાહા..! નિશ્ચય સમ્યગ્દર્શન-સત્ય દર્શન આત્માનું પ્રગટ કરવું એ સત્ય દર્શનનો આધાર આત્મા છે. ત્રિકાળ ધ્રુવ ભગવાન આધાર છે. એ દર્શનમાં જ્ઞાનનો ક્ષયોપશમ અને વીર્ય પ્રગટ છે, એ આલંબન છે જ નહિ અને વ્યવહાર સમકિતનો જે રાગ છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, સમ્યગ્દર્શનનો આધાર આત્મામાં એ રાગનો આધાર છે જ નહિ. સમજાય છે કાંઈ?

સમ્યગ્જ્ઞાનરૂપી ધર્મધ્યાન, ભગવાનઆત્મા પૂર્ણાનંદ પ્રભુ, જે સમ્યગ્જ્ઞાનનો આશ્રય છે, એવો ભગવાન, એવું સમ્યગ્જ્ઞાન, એ સમ્યગ્જ્ઞાનમાં ત્રિકાળ સ્વરૂપ ભગવાન જ આધાર-અવલંબન છે. એ સમ્યગ્જ્ઞાનમાં શાસ્ત્રનું જ્ઞાન આધાર-અવલંબન નથી. ચંદુભાઈ! આ ભણ્યા-ગણ્યા ને ભણે-બણે એ આધાર નહિ, એમ કહે છે. આહા..! ભગવાનઆત્મા સર્વજ્ઞપદથી ભરેલો, એ સમ્યગ્જ્ઞાનનો-મોક્ષમાર્ગનો-સમ્યગ્જ્ઞાનનો અવલંબન-આધાર આત્મા છે. એ સમ્યગ્જ્ઞાનનો આધાર શાસ્ત્ર ભણતરનો વિકલ્પ તો નથી, પણ રાગની મંદતાથી કંઈક પરદ્રવ્ય જાણવાનો વિકાસ થયો, એ વિકાસ પણ સમ્યગ્જ્ઞાનમાં અવલંબન-આધાર-આશ્રય નથી. કહો, સમજાય છે કાંઈ?

સમ્યક્ચારિત્ર. વીતરાગી આત્માની દશા, જે નિશ્ચય પ્રાયશ્ચિત્તરૂપ છે, નિશ્ચય મોક્ષના માર્ગરૂપ છે, મોક્ષના કારણરૂપ છે, એવી આત્માની શાંતદશા, ચારિત્ર અવિકારી દશાનો આશ્રય-અવલંબન-આધાર આત્મદ્રવ્ય છે. એનો આધાર-અવલંબન-આશ્રય પંચ મહાવ્રતના કે અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ ઊઠે છે એ આધાર-અવલંબન-આશ્રય છે જ નહિ. સમજાય છે કાંઈ? દરબાર! આહાહા..!

એ પ્રભુ તારી પાસે છે ને. તારી પાસે તું છો અને તારી નજર નથી પડતી. સમજાય છે કાંઈ? **હું જ પરમેશ્વર આ સમયે છું. આ સમયે હું જ પરમેશ્વર પૂર્ણ છું-એવી શ્રદ્ધાનો વિષય આત્માને બનાવ્યા વિના એને સમ્યગ્દર્શન થાય નહિ. સમજાય છે કાંઈ? હું જ વર્તમાન પરમેશ્વર છું-એમ જ્ઞાનમાં પરમેશ્વરપદની મહત્તા આવ્યા વિના સમ્યગ્જ્ઞાન કદી થતું નથી. હું જ વર્તમાન પરમેશ્વર પૂર્ણ સ્થિરતાના અવિલંબપણે વીતરાગભાવથી ભરેલો છું. હું જ અત્યારે પરમેશ્વર છું-એવી સ્થિરતા પ્રગટ થવામાં એ પરમાત્મા જ સાધન છે.** સમજાય છે કાંઈ? બીજો પરમેશ્વર મદદ નથી કરતો. ભાઈ! આહાહા..!

કુંદકુંદાચાર્યદેવ સંવત ૪૯માં દિગંબર મુનિ થયા. એ જ્યાં સીમંધર ભગવાન બિરાજે

છે ત્યાં ગયા હતા. ત્યાં આઠ દિવસ રહ્યા હતા અને સાંભળીને આ માલ લાવ્યા. ભગવાનના સંદેશ લાવ્યા. કુંદકુંદાચાર્ય દિગંબર સંત મુનિ પરમેશ્વર પાસે ગયા અને આ માલ-સંદેશ લાવ્યા. **ભગવાન પરમેશ્વર આમ કહે છે કે ભગવાન પરમેશ્વર તું છો. તેનો આશ્રય કરવાથી તને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થશે. મારો આશ્રયથી પણ તને સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ નહિ થાય.** આહાહા..! સમજાય છે કાંઈ? બહુ ગાથા પણ ગજબ કરી છે ને!

કહે છે કે ભગવતીસ્વરૂપ ભગવાનઆત્મા.. વળી ભગવતીસ્વરૂપ આવ્યું. આત્મા ભગવતીસ્વરૂપ ભગવાનઆત્માના આશ્રયથી-આધારથી અંતર લક્ષ કરવાથી જે દશા સમ્યગ્દર્શન, જ્ઞાનની પ્રગટ થાય છે એ એક જ ભાવ સ્વનો આશ્રય લે છે, તે ભાવ પરનો આશ્રય લેતો નથી. માટે ચાર ભાવનો એ ભાવ પરિહાર કરવામાં સમર્થ છે. પોતાની પર્યાયનો પણ આશ્રય નહિ. ધર્મ દશા પ્રગટ થાય છે. ધર્મ દશાને ધર્મ દશાનો પણ આધાર નથી. એ.. નવરંગભાઈ! આ તો નવો રંગ ચડાવવાની વાત છે ને. પૂર્વની વાત હતી ને, પાણી ગળવાની એટલે યાદ આવી. ખબર છે ને? ખબર હશે આને. કહ્યું હતું. પણ ફરી ગયા.

આહાહા..! **ભગવાન! તારી મહિમા તો વાણીથી પૂરી નથી આવતી-એવો તું પરમાત્મા વર્તમાન સમયમાં જ છો. આવો પરમેશ્વર હું છું એમ સ્વીકાર કર્યા વિના સમ્યગ્દર્શન કદી ત્રણ કાળમાં થતું નથી. મારી પરમેશ્વરતાની પ્રતીતમાં મારો પરમેશ્વર જ કારણ છે. મારી પ્રતીતમાં મારા પરમેશ્વર સિવાય, એ પ્રતીત પણ જેનું કારણ નથી.** આહાહા..! રાજમલજી! વકીલાતમાં તમારે આવું નહિ આવતું હોય. **આહાહા..! ભગવાન! તારો પરમેશ્વર પૂરો પડ્યો છે, હોં! પૂરો ભગવાન એક સમયમાં.** બસ. તારું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કહો, સંતપણું કહો, મુનિપણું કહો, મોક્ષનો માર્ગ કહો, એ બધાની દશાનું આલંબન આત્મા ત્રિકાળી ભગવાન છે. એ દશાનું આલંબન દશા નહિ અને દશાનું આલંબન-એ દશાનો આધાર બીજા ઉદય, ક્ષયોપશમ, ક્ષાયિક આદિ પ્રગટ થયા એ પણ આધાર નથી. ઓહોહો..! સમજાય છે કાંઈ? **'એમ કહ્યું છે.'**

**'સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત અખંડ-નિત્યનિરાવરણ-સહજ-પરમપારિણામિકભાવની ભાવનાથી...'** એટલો શબ્દ પહેલો. શું કહે છે? ભગવાનઆત્મા **'સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ...'** જેમાં સમસ્ત પરદ્રવ્યનો ત્રિકાળ ત્યાગ છે. પરિત્યાગ પાછો લીધો છે, હોં! એકલો ત્યાગ એમ નહિ. ભગવાનઆત્મા વસ્તુ, વસ્તુ-પદાર્થ એ **'સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...'** જુઓ! પરદ્રવ્યના ત્યાગરૂપ લક્ષણથી લક્ષિત. પરદ્રવ્યની મદદથી, લક્ષણથી લક્ષિત એમ નહિ. આહાહા..! કેવો છે ભગવાનઆત્મા? કે સમસ્ત પરદ્રવ્ય. પરદ્રવ્યમાં પરમેશ્વર સર્વજ્ઞ ત્રિલોકનાથ પંચ પરમેષ્ઠી આદિ

બધા આવી ગયા. એ બધા દ્રવ્ય પર છે, તેના પરિત્યાગરૂપ લક્ષણ-તેના અભાવરૂપ લક્ષણ-તેના ત્યાગરૂપ લક્ષણ. એવા લક્ષણથી લક્ષિત. પરના ત્યાગરૂપ લક્ષણથી લક્ષિત. પોતાના પૂર્ણાનંદ અસ્તિત્વના લક્ષણથી લક્ષિત. અહીં નાસ્તિથી વાત લીધી છે.

ભગવાનઆત્મા.. નાસ્તિથી વાત કરી ને? સમસ્ત, સમસ્ત. વિકલ્પથી માંડીને પરમેશ્વર ત્રણ લોકના નાથ, સમેદશીખર કે સર્વજ્ઞનું સમવસરણ. સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ આ ભગવાનઆત્મા છે. ભગવાનઆત્મા સમસ્ત પરદ્રવ્યના ત્યાગરૂપ-પરિત્યાગરૂપ. સમસ્ત પ્રકારે ત્યાગરૂપ, આ ભગવાનઆત્મા. પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત આત્મા '**અખંડ-નિત્યનિરાવરણ-સહજ-પરમપારિણામિકભાવ...**' આ અસ્તિ લીધી. સમસ્ત પરદ્રવ્ય ભાવનો પરિત્યાગ. તો છે કેવો? ભગવાનઆત્મા અંતર વસ્તુ છે કેવી? કે અખંડ નિત્ય નિરાવરણ. જેમાં ખંડ નથી, ભેદ નથી. નિત્યનિરાવરણ ભગવાન વસ્તુ આત્મા પદાર્થરૂપ ચૈતન્ય ધ્રુવરૂપ નિત્ય નિરાવરણ અર્થાત્ ત્રિકાળ નિરાવરણ. '**સહજ પરમપારિણામિકભાવ...**' સ્વાભાવિક પરમ સ્વભાવભાવ. સ્વાભાવિક ત્રિકાળ સ્વભાવભાવ. ભગવાનઆત્મામાં આનંદ, જ્ઞાન, શાંતિ આદિ ધ્રુવ સ્વભાવિક સહજ સ્વાભાવિક ભાવ. એ દ્રવ્ય થયું. તેની ભાવનાથી. એ પર્યાય આવી. સમજાણું કાંઈ? **આહાહા..! અરે..! એના પરમાત્માને એણે મોટપ કોઈ દિ' આપી નથી. કદી મોટપ આપી નથી. તું મોટો, તું મોટો, તું મોટો. તું મોટો થાય નહિ કોઈ દિ'.** સમજાય છે કાંઈ?

**હું જ પરમેશ્વર પૂર્ણ પરમાત્મા અખંડ નિત્ય નિરાવરણ સહજ પરમસ્વભાવ છું**-એવી ભાવના-એવી એકાગ્રતા. જુઓ! ભાવના શબ્દે એકાગ્રતા લીધી છે, હોં! પેલા ભાવના-ભાવનામાં જરી ગોટા વાળે છે. ભાવના એટલે કલ્પના. શ્રાવકને સામાયિકમાં શુદ્ધ ઉપયોગની ભાવના હોય છે. એવી ટીકા છે. તો એ ભાવનાનો અર્થ કરે છે કે શુદ્ધ ઉપયોગમાં એને કલ્પના હોય છે. એને શુદ્ધ ઉપયોગ હોતો નથી, એમ કહે છે. અરે.. ભગવાન! શું કરે છે તું? સામાયિકમાં અંદર આત્માનું જેને ભાન છે, પૂર્ણાનંદ એ સામાયિકમાં નિર્વિકલ્પ આનંદનો ઉપયોગ શુદ્ધ થાય એને શુદ્ધ ઉપયોગ કહે છે. ભાવના એટલે કલ્પના-શુદ્ધ ઉપયોગ ચિંતવે છે એમ નહિ. સમજાણું કાંઈ? ભાવનાનો એવો અર્થ કરે છે. ચોથે, પાંચમે, છઠ્ઠે શુદ્ધ ઉપયોગ હોય નહિ. શુદ્ધ ઉપયોગ તો આઠમે હોય. હમણાં આઠમે કાઢી નાખ્યું. ... જેને ઠીક પડે એમ કરે. કોઈ પૂછનાર નહિ. પરમેશ્વરની ગેરહાજરી અને લોકોને સમજવાની ગેરહાજરી. દરકાર સમજવાની નહિ. બસ, એક કલાક, બે કલાક જાય. સાંભળે, ચાલો, ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી, સાંભળ તો ખરો. અનંત કાળમાં આવો પરના ત્યાગનો વિકલ્પ પણ અનંત વાર કર્યો. સમજાય છે કાંઈ? તો પણ કદી એને ધર્મ થયો નહિ.

કહે છે કે ભગવાનઆત્મા પોતાનો નિજ નિત્યાનંદ, નિત્ય નિરાવરણ પરમ સ્વભાવભાવ

ભરેલો પ્રભુ, એ સમસ્ત પરદ્રવ્યના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત છે અર્થાત્ પરદ્રવ્યનું લક્ષ કરીને આત્મા લક્ષિત થાય છે એમ નથી, એમ કહે છે. ભાઈ! પોતાનો નિજ પૂર્ણાનંદ પ્રભુ સિવાય પરદ્રવ્યનું લક્ષ કરવાથી અહીંયાં લક્ષ થાય છે, એમ નથી. સમસ્ત પરદ્રવ્યના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા પોતાનું સ્વરૂપ અખંડ નિત્ય નિરાવરણ પરમ સ્વભાવ સિવાય, સિવાય કહે છે ને? અલાવા. **સમસ્ત પરદ્રવ્ય-દેવ-ગુરુ-શાસ્ત્ર કે એની ભાવના કે વિકલ્પ, સમસ્ત પરદ્રવ્યના પરિત્યાગરૂપ લક્ષણથી, પરિત્યાગરૂપ લક્ષણ. એના ભાવના લક્ષણથી આત્મા લક્ષિત થાય છે એમ નહિ. એના અસ્તિત્વનો સ્વીકાર કરીને આ અસ્તિત્વનું લક્ષ થાય છે એમ નહિ.** સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ, પોતાના નિજ પૂર્ણાનંદ સ્વરૂપ સિવાય-અલાવા સમસ્ત પરપદાર્થના પરિત્યાગ-અભાવસ્વભાવ લક્ષણથી લક્ષિત. એ ભાવને લક્ષમાં લેવો અને આત્મા લક્ષણથી લક્ષિત થાય છે એવો એનો સ્વભાવ જ નથી.

એવો પરમપારિણામિકભાવ ત્રિકાળી સ્વરૂપ ધ્રુવ શાશ્વત, એની ભાવના. ભાવના શબ્દે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયને અહીંયાં ભાવના કહે છે. સત્યદર્શન, સત્યજ્ઞાન અને સત્યચારિત્રની દશાને ભગવાન સ્વરૂપમાં એકાગ્ર થવું એને અહીંયાં ભાવના કહે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર ત્રિકાળી પરમપારિણામિકભાવની ભાવના નામ એકાગ્રતા (સ્વરૂપ) એ ત્રણ પર્યાય છે. સમજાય છે કાંઈ? એ ભાવનાથી '**ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક એ ચાર ભાવાંતરોનો પરિહાર કરવાને અતિ-આસન્નભવ્ય જીવ સમર્થ છે,...**' આહાહા..! પોતાનું નિજ સ્વરૂપ પરભાવના સર્વથા ત્યાગસ્વભાવ લક્ષણથી લક્ષિત પ્રભુ, પોતાના આશ્રયે જે દશા પ્રગટ થઈ, એ દશા પોતા સિવાય બીજા ભાવ-આત્મા સિવાય બીજા ભાવ, ઉદય હો, ઉપશમ હો, ક્ષયોપશમ હો કે ક્ષાયિક હો, એનો આશ્રય લેવા માટે અસમર્થ છે, તેનો ત્યાગ કરવામાં સમર્થ છે. આહાહા..! ભારે વાત, ભાઈ! કહો, સમજાય છે કાંઈ? એ ચારના પરિહારનો અર્થ નીચે આપણા પંડિતજીએ થોડો ખુલાસો કર્યો છે. થોડો-થોડો ભાગ આવી ગયો એનો ખુલાસો કર્યો છે.

ભગવાનઆત્મા પોતાના શુદ્ધ ભાવથી જે આત્માનો આશ્રય લીધો છે તે શુદ્ધ ભાવ જ પોતાની પર્યાયનો અને ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ ન હોય તો ક્ષાયિકભાવ આદિ બધાનો આશ્રય લેવાનો પરિહાર કરે છે, આશ્રય લેતો નથી. એ પર્યાયને પોતાના દ્રવ્યનો જ આશ્રય છે, તેનું નામ મોક્ષનો માર્ગ અને ધર્મધ્યાન કહે છે. વખત થઈ ગયો...

(**શ્રોતા** : પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્રી સમયસાર, પરિશિષ્ટ, સ્યાદ્વાદની સિદ્ધિ
## તા.૨૪-૨-૧૯૬૮, પ્રવચન નં.૪૯૭
## (૩)

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. એ તત્‌નો બોલ ચાલે છે. ફરીને જુઓ, તત્‌. શું કહે છે? આ આત્મા છે એ જ્ઞાનમાત્ર છે એને આત્મા કહ્યો છે. કેમકે જે પુણ્ય-પાપના ભાવ અને શરીર, કર્મ એ બધું જ્ઞેયમાં-પરમાં જાય છે. શરીર, કર્મ, આત્મપ્રદેશે સ્થિત જે કર્મ અને શરીર આદિ એ પર છે. અને ઉપયોગ મિશ્રિતમાં જે રાગ-દ્વેષાદિ પરિણામ છે એ પણ જ્ઞાનમાત્રથી પરવસ્તુ પર છે. સમજાણું કાંઈ? એથી અહીં આત્માને જ્ઞાનમાત્ર કહેતાં વિકાર અને પરથી રહિત કીધો, પણ જ્ઞાનની સાથે રહેલા અનંત ધર્મથી ભિન્ન છે એમ નથી કહેવું. એ અનંત ધર્મ-અનેકાંત ધર્મ જ્ઞાનમાત્ર કહેતાં એમાં અનેક ધર્મ સાથે આવી જાય છે. સમજાણું કાંઈ?

કહે છે, '**જ્ઞાનમાત્ર આત્મવસ્તુને...**' જ્ઞાનમાત્ર આત્મપદાર્થ ચૈતન્યમૂર્તિ, એને '**અંતરંગમાં ચકચકાટ પ્રકાશતા...**' પોતે જ્ઞાનમાત્ર ભગવાન અનંતગુણનો પિંડ જે છે, એને જ્ઞાનના પર્યાયમાં જ્ઞાનની અવસ્થાથી ચકચકાટ પ્રકાશમાન થતાં '**જ્ઞાનસ્વરૂપ...**' '**જ્ઞાનસ્વરૂપ વડે તત્પણું છે,...**' એટલે શું કહે છે? ઝીણી વાત છે, ભાઈ! જે આત્મામાં રાગાદિ દેખાય છે, પુણ્ય-પાપનો વિકલ્પ જે દેખાય છે એ આત્માનું તત્‌પણું નથી. એનાથી આત્મા અતત્‌ એટલે તે પણે આત્મા નથી. સમજાય છે કાંઈ?

આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસૂર્ય એ તો પ્રકાશથી ચકચકાટમાન થતું તત્ત્વ છે, તે પણે તે તત્‌ છે, તે પણે તે તત્‌ છે. એનો અર્થ એ થયો કે એના જ્ઞાનમાં જે જ્ઞેય રાગાદિ અનંત જણાય છે એ અનંત છે એ પર. અને પર વડે જો જ્ઞાન થાય તો એ પરનું થઈ જાય. સમજાય છે કાંઈ? રાગ, પુણ્ય-પાપનો ભાવ અને કર્મ શરીર આદિ એનાથી જો આ જ્ઞાન હોય તો જ્ઞાન તત્‌રૂપે ન રહે, પરનું થઈ જાય. ઝીણી વાત છે, ભાઈ! વીતરાગનું અનેકાંત તત્ત્વ અમૃત છે. આ અનેકાંત બેસે તેને અમૃતનું પરિણમન થાય. જુઓ! ચંદુભાઈ! સવારનું જરી આવે છે. સ્વરૂપાચરણ આવે છે આમાં, ભાઈ! સવારે કાઢ્યું હતું રસ્તામાં.

ભાઈ! આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ કહેતાં, એ રાગ ને પુણ્ય-પાપ ને કર્મ જે અનંત છે એ અનંતને જાણવાની અવસ્થામાં પ્રકાશરૂપ અનંતપણું પ્રકાશે છે. જ્ઞાનની વર્તમાન અવસ્થામાં

અનંતપણું પ્રકાશે છે. એ અનંતપણે પ્રકાશતો આત્મા જ્ઞાનમાં અનંતપણું પ્રકાશે છે એમ અનંતા ગુણોની સમય-સમયની પર્યાયમાં સમય-સમય વિકાસ થતો એ જ્ઞાનની સાથે શ્રદ્ધા, શાંતિ, શાંતિ એટલે સ્થિરતા અંશ, આનંદ વિગેરેથી પ્રગટ થતું તત્ત્વ તેને અહીં તત્‌પણે પ્રકાશતું કહેવામાં આવે છે.

શું કહ્યું? ફરીને. કોઈ એમ કહે કે ભાઈ! વસ્તુના સ્વરૂપનું ભાન થયું પણ એમાં સ્વરૂપ આચરણની સ્થિરતા ન થઈ. સમજાય છે કાંઈ? સ્વરૂપનું આચરણ ન આવ્યું. આચરણ તો રાગનું રાગનું રહ્યું. અહીં તો કહે છે કે જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, ભાઈ! શાંતિથી સમજવા જેવી વાત છે, એકદમ ઉભડકપણે બેસે એવી વાત નથી. વસ્તુ ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે એમ ફરમાવ્યું કે આત્મા જ્ઞાનમાત્ર છે-એમ કહેતાં જ્ઞાનની સાથે અનેક ધર્મોનો વિરોધ નથી આવતો. અનેક ધર્મ છે એમ જ સિદ્ધ થાય છે. તેથી જ્ઞાનમાત્ર છે એમ રાગને જ્ઞેયથી ભિન્ન પાડતા, રાગને, પુણ્ય-પાપના વિકલ્પને, શરીરને જે જ્ઞેયો છે એનાથી ભિન્ન પાડતાં જ્ઞાનમાત્રનું પરિણમન થતાં તેમાં શ્રદ્ધા, શાંતિ આદિનું પરિણમન સાથે થાય છે. એને અહીંયાં જ્ઞાનનો ચકચકાટ પ્રકાશમાન પર્યાય કહેવામાં આવે છે. આહાહા..! નવનીતભાઈ! એય..! મૂળચંદભાઈ! આવો માર્ગ છે. હજી માર્ગ સમજે નહિ અને થઈ ગયા ધર્મ.

જેનાથી ભેદ પાડવો છે કે જેનું એ જ્ઞાન નથી, જેનું એ જ્ઞાન નથી, એથી એટલે શું? કે પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ છે એનું એ જ્ઞાન નથી. તેમ શરીર, વાણી, મન આમ એક પ્રદેશે સ્થિત છે એનું જ્ઞાન નથી. એમ જ્ઞાનના ઉપયોગમાં રાગ અને પુણ્ય-પાપના વિકલ્પ છે તેનો એ ઉપયોગ નથી. જ્ઞાન એનું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા ચૈતન્યનો પ્રકાશ. જ્ઞાન એટલે લોકો એમ સમજે કે આ જ્ઞાન એટલે આ શું? ઓલી ચીજ છે એ જ્ઞાનસ્વરૂપ છે એમ નથી આવતું એને. આ જ્ઞાન કાંઈક ભણવું કે વાંચવું એને જ્ઞાન સમજે, પણ જ્ઞાન એટલે ચૈતન્ય તે જ્ઞાનની મૂર્તિ છે. ચૈતન્યપ્રકાશનો પુંજ તે આત્મા છે. આત્મા એટલે શું? આત્મા એટલે શું? આત્મા એટલે જેમાં જ્ઞાન, દર્શન, આનંદના સ્વભાવનો સમૂહ-પિંડ તે આત્મા. એટલે અહીં જ્ઞાનમાત્ર કહેતાં એકાંત નથી આવતું એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અનેકાંતપણું એમાં આવે છે. એટલે કે જ્ઞાનમાત્ર કહેતાં ભગવાનઆત્મા જ્ઞાનમાં જે જ્ઞેય છે-પુણ્ય, પાપ, દયા, દાન, વિકલ્પ, શરીરક્રિયા આદિ બધું જ્ઞેય છે, આત્માનું કર્તવ્ય નથી, આત્માના પર્યાયમાં એનું અસ્તિત્વ નથી, આત્મા તેને ભોગવે તેવું એમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

એથી ભગવાનઆત્મા જ્ઞાનમાત્ર પ્રકાશતા તે જ્ઞેયની અનંતતાને પોતાના સ્વભાવના અસ્તિત્વમાં તે સંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે. એ કાળે તેના જ્ઞાન સાથે સમ્યગ્દર્શનની પર્યાય પ્રકાશે છે. કેમકે જ્ઞાનના ગુણ સાથે શ્રદ્ધા વણાયેલી છે. આત્મામાં જ્ઞાનગુણ સાથે

શ્રદ્ધા નામનો ગુણ વણાયેલો છે. એમ આત્મામાં જ્ઞાન સાથે આનંદ વણાયેલો છે. વણાયેલો એટલે? વણ્યો હશે ભેગો?-સાથે છે. જ્યાં જ્ઞાન છે ત્યાં આનંદ છે, ત્યાં શાંતિ-શાંતિ એટલે ચારિત્ર-વીતરાગતા (છે), ત્યાં અસ્તિત્વ છે, સ્વચ્છતા છે, પ્રભુતા છે. એથી તેને જ્ઞાનમાત્ર કહેતાં એક જ ધર્મ કહેવો છે એમ નથી અને એકાંત થઈ જાય છે એમ નથી.

ભગવાનઆત્મા... પરમેશ્વરે જ્યારે એમ આગમમાં વર્ણવ્યું કે આત્મા જ્ઞાનમાત્ર છે. સમજાણું કાંઈ? તો એમાં એમ વર્ણવ્યું કે આત્મા પુણ્ય-પાપના રાગ અને પરના જ્ઞેયથી ભિન્ન છે એમ વર્ણવ્યું છે. સમજાણું કાંઈ? એવો જે ભગવાનઆત્મા પુણ્ય-પાપના રાગના જ્ઞાનવાળો અને પરવસ્તુના જ્ઞાનવાળો એમ પણ નહિ. એ તો જ્ઞાનસ્વરૂપ જ છે. સ્વપરપ્રકાશની મૂર્તિ પ્રભુ છે. એવા જ્ઞાન ઉપર દૃષ્ટિ આપતા એટલે દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતા રાગ અને પુણ્યનું જ્ઞાન નથી, જ્ઞાન આત્માનું છે. એ આત્મા ઉપર દૃષ્ટિ આપતા અનંતા ગુણો જ્ઞાનની સાથે પરિણમે છે. શ્રદ્ધાની પર્યાય, શાંતિની એટલે સ્વરૂપાચરણની પર્યાય, આનંદની પર્યાય એ બધું તત્‌પણે પરિણમે છે. તેને તત્‌પણે આત્મા કહેવામાં આવ્યો છે. આહાહા..!

એવો માર્ગ કે જગતને સાંભળવા મળે નહિ કે દિ' અંદર બેસે? આમ વિશ્વાસ અંદર (ક્યારે આવે કે), આ ચીજ... આ ચીજ... આ ચીજ (છે). સમજાણું કાંઈ? ભગવાનનો ઉપદેશ, સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથનો ઉપદેશ તો એ છે કે સ્વ અને પર બે જુદાં છે. સ્વ છે એ પોતે તત્‌પણે છે અને પરથી તે અતત્‌પણે છે. એવો ભગવાનનો ઉપદેશ છે. પરમેશ્વર કેવળજ્ઞાની તીર્થંકરનો. હવે એ ઉપદેશમાં એને જ્ઞેયથી જ્ઞાન ભિન્ન છે અને જ્ઞેયનું જ્ઞાન નથી, જ્ઞાનનું જ્ઞાન છે એમાં અનંતા ગુણનું પરિણમન જે છે તે પણે આત્માનું અસ્તિત્વ છે. એમાં દર્શન, શ્રદ્ધા, શાંતિ, સ્થિરતા સ્વરૂપાચરણ બધું આવી જાય છે. અનંતા ગુણોનું પરિણમન રાગથી ભિન્નપણે, વિકલ્પથી ભિન્નપણે, શરીર કર્મથી ભિન્નપણે, સ્વરૂપના અભિન્નપણે પર્યાય અનંતી પરિણમી જાય છે. આહાહા..! એય..! પોપટભાઈ! આ બધું સમજવું પડશે, હોં. બહારમાં વળે એવું નથી, હોં! બહારમાં કાંઈ ધૂળેય તે. પૈસા મેં દીધા એમ માનનાર પૈસા દે છે એને પોતાના માને છે તે મૂઢ છે, કહે છે કે એનાથી ભિન્ન જ્ઞાન (છે). ભિન્ન જ્ઞાન દેવા-લેવાની ક્રિયા કરે તો એને એક માન્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે! કહો, ભગવાનજીભાઈ! ભારે વાત, ભાઈ!

આત્મા એને કહીએ કે ચૈતન્યનું પુર નૂર એ પ્રકાશનો પુંજ પ્રભુ છે. તો એની સાથે અનંતા ગુણો છે. તો કહે છે કે રાગ આદિ અનંત પરવસ્તુ છે. એ અનંત પરને પોતાની પર્યાયમાં પી જાય છે ઈ. અજ્ઞાની એમ માને છે કે રાગ અને આ છે... એ દાખલો આપ્યો છે ને? ભાઈ! ઓલામાં નહિ? ..માં આપ્યો છે ને? ઘટ-ઘડો છે તો જ્ઞાન છે, તો એનું જ્ઞાન ઘટ પી ગયું. અર્થમાં છે. ઓલું આવશે ત્યારે. શ્લોક આવશે ત્યારે. એ આનો શ્લોક

છે. એટલે શું કહે છે?

આમ વસ્તુ પોતે જ્ઞાનપુંજ પ્રભુ છે. એ જ્ઞાન કોઈ કહે કે આ લાકડું દેખાય એ એનું જ્ઞાન છે. કારણ કે એ વખતે આ કેમ જણાયું? આ જણાય... આ જણાય... આ શીશપેન જાણી, લ્યો. આ વખતે શીશપેન કેમ જણાણી? કે એ શીસપેનનું જ્ઞાન છે. શીસપેન હતી તો જ્ઞાન એનું છે એમ માનનારા જ્ઞેયનું જ્ઞાન માનનારા, જ્ઞાનનું જ્ઞાન નહિ માનનારા મૂઢ બેને એક કરીને માને છે. સમજાણું કાંઈ? મેળ એવો ખાય. લ્યો, સામું જેવી ચીજ હોય એવું અહીં જ્ઞાન થાય. પણ જ્ઞાન તે સમ્યક્ હોય તો એવું થાય કે જ્ઞાન વિપરીત થાય? એથી જાણે જ્ઞેયને લઈને જ્ઞાન થયું, લોકાલોક છે માટે અહીં જ્ઞાન થયું? સમજાણું કાંઈ? લોકાલોક તો જ્ઞેય છે. એક ભગવાનઆત્મા બધા માયલો એક જ આત્મા જ્ઞાયક છે એકલો. જે જ્ઞાયકની દશા અનંત જ્ઞેયને જાણવાની એક સમયની અવસ્થાની તાકાત છે. એવું જ્ઞાન તે તત્પણે છે અને લોક, અલોકાદિ રાગાદિપણે તે છે નહિ-એવું જે અંતરમાં ભાન થઈને પરિણમન થાય એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને ધર્મ કહે છે. એય..! નવરંગભાઈ! બહુ આકરી વાતું પણ. આહાહા..!

તત્ત્વને કહેવાની રીતમાં (સ્યાદ્વાદનાં) ચૌદ(બોલ)માં એટલી ઉતારી નાખી છે. બહુ ટૂંકામાં મોટી ગાગરમાં સાગર ભરી દીધો છે. આ વસ્તુ છે ને? ભાઈ! તને તારો છે તેમ તને માનવું હોય તો તું તો જ્ઞાનસ્વરૂપ છો અને જ્ઞેયસ્વરૂપ સંબંધીનું જ્ઞાન એ પણ જ્ઞેયનું નહિ. તારું જ પોતાનું જ્ઞાન તે સ્વપરને પ્રકાશતું પ્રગટ થાય છે એ તું છો. બાકી રાગાદિ તું નહિ. એનાથી ભિન્ન પડેલું જ્ઞાન તે તારું છે. એમ અંતર અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? તો આમાં સ્વરૂપ આચરણ આવી ગયું કે નહિ?

**શ્રોતા :-** જ્ઞાનમાત્રમાં આવી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાનમાત્ર કહે છે ને પ્રભુ! અનંત ધર્મ સિદ્ધ કરે છે એમાં. એક જ જ્ઞાન ક્યાં સિદ્ધ કરે છે? એક જ જ્ઞાન સિદ્ધ કરે તો તો એકાંત થઈ જશે. એકાંત તો નથી. અમે જ્ઞાનમાત્ર કહેતાં જ અમે કહીએ છીએ, સ્વયેમવ અનેકાંતપણું સિદ્ધ થાય છે. એ જ્ઞાન કહેતાં જ એમાં અનેક ધર્મો, અનેક સ્વભાવ સાથે સિદ્ધ થાય છે. રાગના અને પરના ધર્મ સાથે નહિ, પણ પોતાના સાથે અનંતધર્મ અવિનાભાવી છે એનાથી પ્રસિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? વાત પણ આવી સાંભળી ન હોય ને. શું લાગે આ? શું છે આ? ભાઈ!

જુઓ! તને પરવસ્તુને દેખીને કોઈ વિકલ્પ ઊઠ્યો. આહ્‌લાદનો. ઠીક છે આમાં મને. સુખ વિકલ્પ. સમજાય છે? આ મજા છે. ભાઈ! એ વિકલ્પની જે મજા તને ભાસે છે,

ભાઈ! એ વિકલ્પ તો જ્ઞેય છે. એ તારી ચીજ નથી. અને તેં મારી માનીને તેં વિકલ્પની મજા માની એનું નામ જ્ઞાનનું અજ્ઞાન છે, એનું નામ જ્ઞાનનું મિથ્યાત્વ છે, એનું નામ જ્ઞાનની અસ્થિરતાની દશા છે. સમજાણું કાંઈ? આહાહા..! પર ચીજ અને પર ચીજના લક્ષે થયેલો વિકલ્પ, એનું જ્ઞાન નથી, જ્ઞાન જ્ઞાનનું છે. એમ કહેવું છે ને તત્? આહાહા..!

અસ્તિપણે જ્ઞાનનું અસ્તિત્વ... અહીં જ્ઞાન અને જ્ઞેય સંબંધની વાત છે. ઓલા અસ્તિપણું દ્રવ્ય-ક્ષેત્રપણે જ્ઞાનનું અસ્તિત્વ. એ જ્ઞાનનું હોવાપણું જ્ઞેયને લઈને નથી. જો જ્ઞેયને લઈને જ્ઞાન હોય તો જ્ઞેય જ જ્ઞાન પી ગયું. પણ આ તો જ્ઞાન જ્ઞેયના સંબંધીનું જ્ઞાન પોતે પી જાય છે. આરે..! સમજાણું કાંઈ?

**ભગવાનઆત્મા જેમ અરીસાની અંદર જે ચીજ દેખાય છે એ અરીસાની સ્વચ્છતા છે, ચીજ નહિ, ચીજ તો ભિન્ન રહી ગઈ; એમ ચૈતન્ય જ્ઞાન અરીસો એમાં જે પરપ્રકાશપણું જે અંદર જણાય એ પ્રકાશપણું સ્વનું પોતાનું છે, એ જ્ઞેયનું નથી. એ જ્ઞેયનું માનતાં જ્ઞાન આખું ગળી જાય છે જ્ઞેય અને આખા પોતાનો અભાવ થઈ જાય છે. એનું નામ નાસ્તિક છે. એ આત્માને માનતો નથી.** સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા જ્ઞાનના તેજનું તેજ પડેલો પ્રભુ છે. કહે છે કે તે આત્મા તે પણે છે. એટલે? તે પણે છે એટલે? કે રાગ ને પુણ્ય ને શરીરની ક્રિયા થાય તે પણે નહિ અને તેનું જ્ઞાન નહિ, તે પણે નહિ અને તેનું જ્ઞાન નહિ, જ્ઞાનનું જ્ઞાન છે. આહાહા..! અને જ્ઞાનનું જ્ઞાન અનુભવતાં એમાં શ્રદ્ધા, સ્થિરતા, આનંદ આદિ એ બધા જ્ઞાનમાત્રમાં અનેક ધર્મો સાથે આવી જાય છે. આ એને તત્પણું કહેવામાં આવે છે. તે આત્માનું અસ્તિત્વ તત્ છે. ..ભાઈ! આહાહા..! કહો, સમજાય છે આમાં મૂળચંદભાઈ! હવે આ જ્યાં સમજણના ઠેકાણા ન મળે અને કહે અમે ધર્મ કરીએ છીએ. શેના ધર્મ? આહાહા..!

દયાનો ભાવ આવ્યો એ રાગ છે એનું જ્ઞાન છે એમ પણ નહિ, રાગ તો એનો નહિ પણ રાગનું જ્ઞાન એનું નહિ. આહાહા..! અહીં તો એ રાગની ક્રિયા એ મારી અને એ મારો ધર્મ. અધર્મ છે. આત્માનો ઘાત કરે છે. આત્મા હણાવાયોગ્ય થઈ જાય છે અને એ હણનાર છે. વધ્ય-ઘાતક. વધ્ય-ઘાતક આવે છે ને? બે ઠેકાણે આવે છે. ૭૨માં અને એક ઓલામાં પ્રવચનસારમાં પાછળ નહિ? વધ્ય-ઘાતક. મોક્ષમાર્ગનું શરૂ કર્યું ને ૩૨ ગાથાથી.

મોહ અને રાગ-દ્વેષના પરિણામ તે ભિન્ન છે અને ભગવાન તેનો જાણનાર ભિન્ન છે. જાણનારને ભિન્નપણે તે તત્પણે તેને ન જાણે અને અતત્ છે એને પોતાપણે જાણે તો તો એ હણનાર છે અને આત્મા હણાઈ જાય છે, હિંસા થઈ જાય છે એમાં. સમજાણું કાંઈ? આત્માની હિંસા થઈ જાય છે. આત્માનું જીવન ચૈતન્યપણે સ્વતઃ સત્ જીવન છે

તે રહેતું નથી. આહાહા..! આવી હિંસા કેવી? એય..! શેઠી! આવો માર્ગ છે. આહાહા..!

ભાઈ! તારી હયાતી, તારું હોવાપણું તો જ્ઞાનસ્વરૂપના હોવાપણે તારું હોવાપણું છે. એથી અનંત જ્ઞાનમાં જે અનંત પરચીજો જણાય એ પણે હોવાપણું તારું નહિ. એવું ભેદજ્ઞાન થયા વિના જ્ઞાન જ્ઞાનપણે છે અને જ્ઞાન રાગ અને વ્યવહારપણે નથી, એમ એને પ્રતીતમાં નહિ આવે; અને જ્ઞાન જ્ઞાનપણે છે એમ માનતા, અનુભવતા જ્ઞાનની શાંતિનું વેદન, જ્ઞાનના આનંદનું સાથે વેદન, જ્ઞાનની પ્રભુતાનું વેદન, પરમેશ્વર પોતે છે એની પ્રભુતાના અંશનું વેદન ભેગું આવી જાય છે. એકલું જ્ઞાન આવે એવું એકાંત થાતું નથી. અનેકાંત ધર્મ સાથે અનુભવાય છે. કહો, રતિભાઈ! ભારે વાતું ભાઈ આવી. આવો ધર્મ કઈ જાતનો? આ તો પૂજા કરવાનું કહે, દયા પાળવાનું કહે, વ્રત પાળવાનું કહે, અપવાસ કરવાનું કહે. હવે સાંભળને, તારા વ્રત અને અપવાસ ક્યાં હતા? એય..! ...ભાઈ! આહાહા..!

ભગવાન પરમેશ્વર તો એમ કહે છે... સમજાણું? કે તું ભગવાન તત્ સ્વરૂપે છો. એમ ન માનતાં રાગથી અને પુણ્યથી મને લાભ થાય છે, એમ માનનારા પુણ્ય અને રાગથી મારું... એમ માનનારા અતત્ ને પરપણે છે, નથી એને પરપણે માને છે. મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વને ઘૂંટે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ પરીક્ષા ઝીણી છે, શેઠી! ઓલા હીરા માણેક જેવી નથી. આહાહા..! ચૈતન્ય હીરો જેમાં અનંત... શું કહેવાય તમારા? પાસા. પાસા-પાસા હોય ને આમ.

**શ્રોતા :-** પહેલુ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલુ. એમ ભગવાનઆત્મામાં અનંત પહેલુ ગુણના છે. અનંત ગુણના પહેલુ છે. એક પણ ગુણનો પહેલુ કાઢી નાખે તો તત્ત્વ સિદ્ધ થશે નહિ, હીરો સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે '**તેને (જ્ઞાનમાત્ર આત્મવસ્તુને) અંતરંગમાં ચકચકાટ પ્રકાશતા...**' અંતરંગ. જોયું! પોતાનું અંગ છે એ બધા. એનાથી પ્રકાશતા અવયવો '**જ્ઞાનસ્વરૂપ વડે...**' તે પણે તત્ છે. જ્ઞાનની પર્યાયપણે, આનંદની અવસ્થાપણે, સ્વરૂપની સ્થિરતાપણે, એ આત્મા પોતાપણે તે તત્ છે. તત્પણું ભાન થતાં જ પોતામાં સ્વરૂપનું આચરણ અને શાંતિ અને આનંદ બધું આવી જાય છે. એકલું જ્ઞાન આવતું નથી. એકલું જ્ઞાન હોય તો એકાંત થઈ જાય છે એમ કહે છે. આહાહા..! એકલું જ્ઞાન રહે તો એકાંત થઈ જાય છે. એકાંત જ્ઞાનમાત્ર કહેવા છતાં એકલું નથી કહ્યું, એમ કહે છે. સમજાણું કાંઈ? એકલું જાણપણું થાય. જાણપણું એકલું, તો આત્મા વસ્તુ એવી છે નહિ. એ જ્ઞાનની સાથે આનંદની સાથે સ્થિરતાની સાથે સ્વચ્છતાની સાથે પ્રભુતા એવી પર્યાયપણે પરિણમવું તે તત્પણે આત્મા છે. હજી તો આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા ચાલે છે. આહાહા..!

‘**બહાર પ્રગટ થતા, અનંત જ્ઞેયપણાને પામેલા,...**’ જુઓ! બહાર પ્રગટ થતાં એટલે આત્માની પર્યાયમાં નહિ. ‘**બહાર પ્રગટ થતા,...**’ દયા, દાન, વ્રતના વિકલ્પો અને શરીરની ક્રિયા એ બધા બહાર પ્રગટ થતાં જ્ઞાનના દ્રવ્યમાં નહિ, જ્ઞાનના ગુણમાં નહિ, જ્ઞાનની અવસ્થામાં નહિ. આહાહા..! ‘**બહાર પ્રગટ થતા, અનંત, જ્ઞેયપણાને પામેલા...**’ એ અનંત જ્ઞેયપણાને પામેલા છે. પુણ્ય-પાપના વિકલ્પ, વ્યવહાર રત્નત્રય આદિ જે કહો, એ બધું જ્ઞેયપણાને પામેલી ચીજ છે, જ્ઞાનપણાને પામેલી ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ-શાશ્વત જ્ઞાન અને આનંદનું જ્યાં પરિણમન થાય, ત્યારે કહે છે કે તે જ્ઞેયપણે પામેલાપણે થતો જ નથી. જ્ઞેયપણે પામેલાપણે થતો નથી. એ તો જ્ઞાનપણે પામેલાપણે થાય છે. સાધારણ માણસને તો ભાઈ, અમે ધર્મ સાંભળવા આવ્યા, ધર્મ કહો, ધર્મ. આ વળી કઈ જાતનો ધર્મ હશે? આ તે કોઈ ધર્મ હશે? બહુ જાણે... જાણે.. જાણે... એવો ધર્મ હશે? બહુ જાણપણું કરે એવો ધર્મ હશે આ. એ નહિ. જાણપણું તારું સ્વરૂપ જ છે. સમજાણું કાંઈ?

જ્ઞાન-ભગવાનઆત્મા પરને જાણતા છતાં પરરૂપે થયો નથી, પરને ખરેખર જાણતો નથી. પોતાના જ્ઞાનરૂપે, શ્રદ્ધારૂપે, શાંતિરૂપે, સ્થિરતારૂપે, શાંતિ એટલે સ્થિરતા, આનંદરૂપે, સ્વચ્છતારૂપે થતો તે જ્ઞાનપણે પ્રકાશે છે. બહાર પ્રગટપણાને પામેલા જ્ઞેયો તે પણે અતત્ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા વ્યવહારના દયા, દાનના વિકલ્પપણે પરિણમવું એ એનું સ્વરૂપ જ નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** બહાર પ્રગટ થતાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહાર પ્રગટ થતાં. નવરંગભાઈ! ભારે કઠણ. આવો ધર્મ ક્યાંથી કાઢ્યો? ધર્મ આવો છે. કાઢે ક્યાંથી? આહાહા..! ભાઈ! તને ખબર નથી. ચૈતન્ય પ્રભુ છે, લોકાલોકનો જાણનાર છે, લોકાલોકનો જાણનાર છે. આવ્યું છે ને એમાં, નહિ? પરાત્મજ્ઞાન અને પરમાત્મજ્ઞાન. ૩૩. સમજાય છે? ૩૨ પછી.

ભગવાનઆત્મા પરાત્મજ્ઞાન વિનાનો એટલે પર અને આત્મા બે ભિન્ન છે એનું જ્યાં ભાન નથી, તે તો પરમાં પોતાનું ઈષ્ટપણું અને એકપણું માનીને બેઠો છે. એને તત્પણાનું ભાન નથી. અને ભગવાનઆત્મા લોકાલોકને જાણનારું પરમજ્ઞાનસ્વરૂપ જ છે. એમ આગમના ઉપદેશમાં એમ આવ્યું છે. ભગવાનનો ઉપદેશ એમ છે કે તું તો લોકાલોકનો જાણનાર ચૈતન્ય તત્ત્વબિંબ તારું છે. લોકાલોકનો કોઈપણ અંશ અને અવયવ તારો નથી અને તારે કારણે એ નથી. તું તો લોકાલોકને જાણનાર જ્ઞાયક પરમ જ્ઞાનસ્વરૂપ આત્મા છો-એમ આગમનો ઉપદેશ એમ આવ્યો છે. એમ આવતાં એ જ્ઞેય અલ્પજ્ઞાન પણ રહ્યું નહિ અને રાગ પણ નહિ. એ સર્વજ્ઞ અને વીતરાગ થયાં એ અલ્પજ્ઞાન અને રાગનો અભાવ થઈને થયાં એનો

ઉપદેશ એવો આવ્યો કે તું સવર્જ્ઞ સ્વભાવી આત્મા. ત્રણ કાળ, ત્રણ લોકને જાણનારો તું છો. એમ જ્યાં થાય છે ત્યાં અલ્પજ્ઞપણું પોતાનું નહિ અને રાગ પણ પોતાનો નહિ. સર્વજ્ઞપણું પોતાનું અને પૂર્ણ વીતરાગતા એ પોતાની થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે, **'બહાર પ્રગટ થતા, અનંત જ્ઞેયપણાને પામેલા, સ્વરૂપથી ભિન્ન...'** સ્વરૂપથી ભિન્ન. પોતાના સ્વરૂપથી જુદાં **'એવા પર રૂપ વડે અતત્પણું છે...'** પર વડે તો નહિ હોવાપણે છે. પર વડે નહિ હોવાપણે છે. રાગના, દયા-દાનના વિકલ્પ, તપના અપવાસનો વિકલ્પ ઊઠે છે એ પણે નહિ હોવાપણે આત્મા છે. એને ઠેકાણે એ પણે હું છું અને મને ધર્મ થાય છે (એમ માને છે તે) મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વને પોષે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞેયનિષ્ઠ કહ્યું છે ને ભાઈ! ત્યાં નહિ? જ્ઞેયનિષ્ઠ છે, જ્ઞાનનિષ્ઠ નથી. એમાં છે-રાગમાં. એમાં એકપણું માનીને બેઠો છે. રાગ દયા, દાન... એને સૂક્ષ્મતાના રાગમાં છું એની એને ખબર નથી. હું ત્યાં રાગમાં છું એવું એણે માન્યું છે, પણ રાગનો વિકલ્પ એ તો પરજ્ઞેય છે, તે પણે આત્મા છે નહિ. નથી તેને પોતાપણે જ્ઞેય થઈને માને છે, બસ! એ જ આત્માની હિંસા અને આત્માનું ખૂન છે, એ આત્માને માનતો નથી. આહાહા..! કહો, સમજાણું આમાં? ઝીણું ઝીણું કહેવું અને વળી સમજાય છે એમ કહેવું પાછું!

અરે..! ભગવાન! બાપુ! તું ઝીણો છો, ભાઈ! ઝીણો કેટલો? કે તારા પુણ્યના પરિણામને પણ ભગવાને સ્થુળ કીધા. પંચ મહાવ્રતના પરિણામ છે તેને ભગવાને સ્થુળ કહ્યાં છે અને તે જ્ઞેય કહ્યાં છે. તું સૂક્ષ્મ છો અને જ્ઞાન છો. આહાહા..! સમજાણું કાંઈ? એને સ્થુળપણે માનવો આત્માને એવા રાગવાળો કે રાગથી લાભવાળો.. સમજાણું કાંઈ? એ મિથ્યાશ્રદ્ધાને ઘૂંટે છે. આહાહા..! ભલે બાહ્યથી નગ્નપણું હોય, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય પણ એ પાળે છે એ રાગને પાળે છે, વિકારને પાળે છે, આત્માને ખોઈ બેઠો છે. સ્વરૂપચંદભાઈ! આવો માર્ગ છે વીતરાગનો.

**શ્રોતા :-** એવો જ હોય ને બીજો કેવો હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઠીક, આવ્યા છે. ઝીણી વાતું છે આ.

કહે છે કે બહાર પ્રગટ તો એ નથી. અતત્પણું છે. ઓહોહો..! જ્ઞેય અને જ્ઞાન તદ્દન ભિન્ન છે. અનંતને જાણવાની તાકાત એક સમયમાં પોતાના પર્યાયના ચકચકાટને કારણે છે એમ કહે છે, લોકાલોકને કારણે નહિ. ત્યાં ઓલું આવે છે ને? જયધવલમાં નથી આવતું? .. એ તો છે અર્થની અપેક્ષા. એ નાખે બધો વ્યવહાર. એ નાખે. આવ્યું છે આમાં કે અસહાય ખરું કેવળજ્ઞાન પણ અર્થની અપેક્ષા તો ખરી. એ તો ફક્ત જ્ઞેયજ્ઞાયક સંબંધ બતાવે છે, વ્યવહાર. એટલી સહાય તો ખરી, એટલી અપેક્ષા તો ખરી. હવે એ અપેક્ષા નથી, એ તો વ્યવહારથી કરી સાંભળને તને. આહાહા..! આવે છે જયધવલમાં. અર્થ અપેક્ષા. જ્ઞેયની

તો અપેક્ષા છે ને. કારણ કે જ્ઞેય છે એ જાણે છે ને. એટલે એને જ્ઞેયની નિમિત્તતા તો થઈને. નિમિત્તતા. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા વાત કરી છે. ખરેખર વસ્તુના પરિણમનમાં જ્ઞેયની અપેક્ષા બિલકુલ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ લોકાલોક છે માટે કેવળજ્ઞાન પરિણમ્યું છે તો લોકાલોકનું જ્ઞાન થઈ જાય છે, જ્ઞાન જ્ઞાનનું રહેતું નથી. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! લ્યો. એક બોલ થયો. આમ બે થયા. તત્ અને અતત્. ચૌદ માયલા બે થયા. હવે ત્રીજો.

**'સહભૂત (-સાથે) પ્રવર્તતા...'** એ આવ્યું ને? **'સહભૂત (-સાથે) પ્રવર્તતા અને...'** સાથે પ્રવર્તતા. એ શબ્દ છે પહેલો. એટલે શું કહે છે? કે આત્મા જે વસ્તુ છે એમાં જ્ઞાન, દર્શન, આનંદ એ સાથે પ્રવર્તે છે. એટલે જ્ઞાન પહેલું હોય અને દર્શન પછી હોય એમ નથી. ગુણો એક સાથે વર્તે છે. ગુણો એક સાથે વર્તે છે. સહવર્તી. વસ્તુ છે વસ્તુ આત્મા. તો વસ્તુના ગુણો જે છે એ બધા અનંત ગુણો એમ સાથે વર્તે છે. જ્ઞાન છે ત્યાં દર્શન છે ત્યાં આનંદ છે ત્યાં અસ્તિત્વ, વસ્તુત્વ એક સાથે વર્તે છે. **'સહભૂત (-સાથે) પ્રવર્તતા...'** સાથે ગુણો આત્મામાં એક સમયમાં અનંતા સાથે રહેતા. એટલો અર્થ પહેલો.

**'અને ક્રમે પ્રવર્તતા...'** અને આત્મામાં જ્ઞાનાનાદિ નિર્મળ પર્યાયો ક્રમે પ્રવર્તે એની અહીં લેવી છે વાત, હોં! ઓલી રાગાદિની અહીં વાત નથી. જ્ઞાનમાત્રની વાત લેવી છે, જ્ઞાનમાત્રની. જ્ઞાન અને આનંદ આદિ જે ગુણો અનંત છે, એની ક્રમે પ્રવર્તતા... છે ને? **'ક્રમે પ્રવર્તતા...'** શું ક્રમે પ્રવર્તતા? કે વસ્તુ ભગવાનઆત્મા છે એમાં જ્ઞાન, દર્શન, આનંદ એક સાથે વર્તે છે, જેમ સાકરમાં મીઠાશ, સફેદાઈ, સુંવાળપ એક સાથે વર્તે છે; અને પછી એની મીઠાશની ઓછી-વત્તી આદિ જે દશા થાય એ ક્રમે-ક્રમે વર્તે છે, એમ ભગવાનઆત્મા વસ્તુમાં સહવર્તી સાથે રહેનારા ગુણો, આત્મા સાથે નહિ, હોં! ગુણો ગુણોની સાથે રહેનારા. અને **'કર્મે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોના સમુદાયરૂપ...'** ક્રમે-ક્રમે થતી અવસ્થાઓ જ્ઞાનની, દર્શનની, આનંદની આદિ પવિત્રતાની બધી લેવી. તેના અંશો, **'ચૈતન્ય-અંશોના સમુદાયરૂપે અવિભાગ...'** જેના ભાગ ન પડે. એવા **'દ્રવ્ય વડે...'** ભાગ ન પડે ગુણ પર્યાયના, એમ કહે છે. આખી વસ્તુ.

સહવર્તી ગુણો અને ક્રમવર્તી પર્યાય. ક્રમે-ક્રમે થતી અવસ્થા અને સાથે રહેતા ગુણો. એનો એક પિંડ ગણો તો દ્રવ્ય તે દ્રવ્યથી તે એક જ છે. વસ્તુથી તે એક છે. કોણ? આત્મા. **'ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય અંશોના...'** અહીં તો ચૈતન્ય જ્ઞાન લેવું છે ને એટલે. બાકી બધા અંશો ભેગા લઈ લેવા. **'ચૈતન્ય-અંશોના સમુદાયરૂપ...'** દેખો! ગુણ સહવર્તી અનંતા અને પર્યાય ક્રમે-ક્રમે વર્તે એનો આખો સમુદાય. આખો સમુદાય. સમુદાય એટલે એક એવો અવિભાગ. સમુદાયમાં ભાગ ન પાડો એવું **'દ્રવ્ય વડે એકપણું છે,...'**

ભગવાનઆત્મા આવા દ્રવ્યે વડે એક છે. આચાર્યોએ જંગલમાં કેવી વાત કરી છે! સમજાણું કાંઈ? આનંદમાં ઝુલતા હતા. વિકલ્પ આવ્યો. વાણીને કારણે વાણી, પરમાણુને કારણે પરિણમી ગઈ. પરમાણુ પરિણમી ગયા. એને કારણે નહિ.

અહીં તો કહે છે કે-હું મારા આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણો એક સમયમાં એક કાળમાં સાથે વર્તતા અને ક્રમે-ક્રમે તે ગુણોની નિર્મળ પર્યાયો ક્રમે-ક્રમે વર્તતી એ બધાનો એકરૂપ સમુદાયરૂપ દ્રવ્ય તે એક છું. એ અપેક્ષાએ હું એક છું. બધા આત્માઓ અને બધા રજકણો વડે એક છું એમ નહિ. સમજાણું કાંઈ? બધા આત્માઓ અને બધા રજકણપણે એક છું, વ્યાપક છું, એક છું એમ નહિ. પોતે પ્રભુ આત્મા... જુઓ! આ સર્વજ્ઞનો ઉપદેશ અને સર્વજ્ઞનું કહેલું તત્ત્વ! સર્વજ્ઞ ઉપજ્ઞ આવે છે ને? બે ઠેકાણે આવે છે. સર્વજ્ઞે જાણીને કહેલું. આ હું તત્ત્વ પૂર્ણ જાણવાનો સ્વભાવ એ વસ્તુ અનંત ગુણોની સાથે, ગુણો રહેનારા આત્મામાં અનંત ગુણો સાથે (રહે). ક્રમે-ક્રમે પર્યાય-અવસ્થા થાય. એમાં પણ વાંધા મોટા. એ ખરેખર તો ક્રમે-ક્રમે એક પછી (એક) જે થાય તે જ થાય. જેમ અનંતા ગુણો આમ છે, એમ અનંતી પર્યાય આમ છે. એમાં આઘું-પાછું કાંઈ હોય નહિ. સમજાણું કાંઈ?

જેમ ભગવાનઆત્મા... આ તો આત્મ દરબારની વાત ચાલે છે, ભાઈ! આહાહા..! બાકી દરબાર થોથા છે બધા. ભગવાનઆત્મા જેના અંતરમાં એ જ્ઞાનગુણ, દર્શનગુણ, શ્રદ્ધા ગુણ આદિ અનંત ગુણો એક સાથે બધા વર્તે છે. ગુણોને ક્રમ ન હોય. એક ગુણ પહેલો અને બીજો ગુણ પછી. એવા સહવર્તી-સાથે રહેનારા ગુણોથી અને સમયે-સમયે પર્યાય ક્રમે ક્રમે તે નિર્મળ થતી દશા, જ્ઞાનની દશા, શ્રદ્ધાની દશા, શાંતિની દશા, આનંદની દશા એ અહીં લેવી, રાગાદિ નહિ. સમજાણું કાંઈ? એવી જે નિર્મળ ક્રમે-ક્રમે પર્યાય થાય અને એક સાથે રહે, એનો આખો સમુદાય, તે વડે દ્રવ્ય એક છે. સમજાણું કાંઈ?

‘**અવિભાગ દ્રવ્ય વડે...**’ એટલે શું? કે જે દ્રવ્યમાં ગુણ અને પર્યાયનો ભાગ પડતો નથી જુદો. એકરૂપ એમ. એ વડે ‘**એકપણું છે,...**’ કોને? આત્માને. એ રીતે આત્મા એક છે. ગુણો અને પર્યાયોનો સમુદાય એકરૂપ તે વડે દ્રવ્ય એક છે. તે વડે આત્મા એક છે. બધા આત્મા વડે, ક્રમ વડે અને બધો વ્યાપક વડે આત્મા એક છે એવું વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? સર્વવ્યાપક આત્મા છે, ભાઈ! બસ! ભળી જાવ, અનંતમાં અનંત ભળી જાવ. કહે છે. અનંતમાં ભળી ગયું એમ ભાઈ કહે છે ને?

ભાઈ! અનંતમાં ક્યા અનંત? ક્યો અનંત? એ તારા અનંતા ગુણો અને તારી ક્રમે થતી અથવા એક સમયે થતી અનંતી અવસ્થા. પછી ક્રમે થતી બધી અનંતી હોય એક સમયે હોં બધી અવસ્થા. એનો સમુદાય તેને દ્રવ્ય એક કહેવામાં આવે છે. એમાં રાગ ન આવે, વિકલ્પ ન આવે, મેલ ન આવે, વ્યવહાર ન આવે, કર્મ ન આવે, કાંઈ ન આવે. એને

દ્રવ્યથી એકપણું લાગુ પડે છે. સમજાણું કાંઈ?

હવે અનેકપણું. આખી વસ્તુ આત્મા અનંત ગુણોનો પિંડ આમ અને અનંત પર્યાયનો આમ સમુદાય. બધું થઈને દ્રવ્ય તરીકે એક ગણવામાં આવે છે. એક છે. એ જ અનેક છે પાછું. તત્ છે તે અતત્ છે, એક છે તે અનેક છે. એવા અનેકાંત ધર્મો એમાં સિદ્ધ થાય છે, એમ સિદ્ધ કરવું છે. બહુ ઝીણું છે આ ફેર. પોપટભાઈ! મૂળ સ્વરૂપ જ છે એ. મૂકાયેલો જ છે. રાગથી અને પરથી મુક્ત સ્વરૂપ છે. એને બંધવાળો માનવો એ પરની સાથે એકપણું કરે છે. આ તો એક આ રીતે છે. રાગથી અને પરથી એક છે એમ છે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ?

આ અંદરમાં વ્યવહાર ઊઠે ને દયા, દાનનો જેને વ્યવહાર શ્રદ્ધા આદિ કહો, એ એકમાં ન આવે. આહાહા..! એના નિર્મળ ગુણો એક સાથે રહેલા અને નિર્મળ પર્યાય ક્રમે થતી તેનું એકપણું, તે વડે દ્રવ્ય એક છે એમ કહેવાય છે. સમજાણું કાંઈ? ધીમે-ધીમે થોડો વિચારનો અવસર પણ રહે છે, જો વિચારે તો. એકલું સાંભળે... સાંભળે, પણ ભેગું વિચારવું જોઈએ ને એને? કહે છે, '**સહભૂત પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોરૂપ...**' સમુદાયરૂપ. ભાગ ન પાડો એ રીતે. '**દ્રવ્ય વડે એક છે.**' બીજો બોલ. હજી આનો આ બીજી વાર આવશે, પછી ત્રીજી વાર આવશે. ત્રણ વાર આવશે. એક વાર કહેવાણું, આ બીજી વાર. હજી ત્રીજી વાર આવશે. મૂળ વસ્તુ છે ને.

'**અને અવિભાગ એક દ્રવ્યથી વ્યાપ્ત,...**' હવે અનેકની વ્યાખ્યા આવે છે. ભાગ ન પડે એવું જે એક દ્રવ્ય, એમાં વ્યાપેલા, રહેલા, ફેલાયેલા, '**સહભૂત પ્રવર્તતા...**' આત્મા જ્ઞાનાદિ એક સાથે પ્રવર્તતા '**ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોરૂપ (-ચૈતન્યના અનંત અંશોરૂપ) પર્યાયો વડે અનેકપણું છે;...**' જુઓ! આમાં પર્યાય આવી. જુઓ! આમાં પર્યાય આવી દ્રવ્યમાં. એઈ..! દૃષ્ટિના વિષયની વાત ચાલે છે ત્યાં આ નાખે છે. એ પ્રશ્ન આવ્યો. આમાં આ છે ને. એ શું છે? આ તો પ્રમાણનું જ્ઞાન કરાવે છે.

અહીં તો પરથી ભિન્ન અનેકપણે કેમ છે એ સિદ્ધ કરવું છે. અહીં દૃષ્ટિનો વિષય છે એ સિદ્ધ નથી કરવો. એ અત્યારે અહીં વાત નથી. સમજાણું કાંઈ? ખરેખર દૃષ્ટિના વિષયમાં તો એકપણું જ હોય છે. પ્રગટે છે પર્યાયો અનેકપણે, વસ્તુ એક છે. સમજાણું કાંઈ? અહીં તો સિદ્ધ કરવું છે કે જેને અમે જ્ઞાનમાત્ર કહ્યું હતું તે એકલું જ્ઞાનમાત્ર નથી પણ એમાં બીજા ધર્મો પણ અનેક સિદ્ધ થાય છે, સાબિત થાય છે જ્ઞાનમાત્ર કહેતાં, એમ અહીંયાં કહેવું છે. તો તે જ વસ્તુને જ્યારે એમ કહે કે પોતાપણે તત્પણે છે અને જ્ઞેયપણે નથી. એવા બે ધર્મો સિદ્ધ થયા એમાં. એમ પોતાના ભાગ ન પાડે એવા ગુણને અને પર્યાય સમુદાયરૂપે કહો તો તે દ્રવ્યપણે એક છે, એને ભાગલા ન પાડો એવા દ્રવ્યના ભાગરૂપ

પાછા ગુણ અને પર્યાયથી જુઓ તો તે અનેક છે. જે અપેક્ષાએ એક છે તે અપેક્ષાએ અનેક નથી અને જે અપેક્ષાએ અનેક છે તે અપેક્ષાએ એક નથી. એ તો જ્ઞાનની મૂર્તિ છે તો જ્ઞાનના જ એમાં ન્યાયો આવે, બીજું આવે શું? સમજાણું? આ તો બધું જ્ઞાન-જ્ઞાન, પણ એ જ્ઞાનસ્વરૂપ જ છે, એમાં જ્ઞાનનું જ આવે, બીજું આવે શું આમાં?

કહે છે, ભગવાનઆત્મા એક પણ છે અને અનેક પણ છે. એવા બેય ધર્મો એમાં છે. જ્ઞાનમાત્ર કહેતાં એક જ જ્ઞાન આવ્યું એમ નહિ. આવું અનેકપણું પણ એમાં આવી જાય છે. કેમ? કે જ્ઞાનગુણની સાથે અનંત ગુણો વર્તતા અને એની પર્યાય પણ ક્રમે-ક્રમે જ્ઞાન છે એમ નક્કી કરનાર તો પર્યાય છે. આ વસ્તુ છે એને જાણનાર તો પર્યાય ક્રમે ક્રમે છે. એ ક્રમે-ક્રમે પર્યાયની અનેકતા અને ગુણની અનેકતાથી જુઓ તો એ દ્રવ્ય અનેક છે. સમજાણું કાંઈ? બહુ ધ્યાન રાખે તો પકડાય એવી વાત છે. ..ભાઈ! ઓલા મકાન નથી પથરા ખડકવા ન્યાં ઝટ દઈને, આ બહુ ઝીણી વાત છે. આહાહા..! આ પણ જુઓ આવો માર્ગ. કાંઈક સહેલો બતાવોને. કોઈક કહે લ્યો. .. કહેતા હતા. થોડો સહેલો (બતાવો). પણ જે રીતે હોય એ રીતે સહેલો કહેવાય કે જે રીતે ન હોય અને ઊંધું કહે એને સહેલો કહેવાય? સમજાણું કાંઈ?

પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્મા, એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા એ આમ કહે છે. સમજાણું કાંઈ? હવે એ કહે છે એ પ્રમાણે જાણે નહિ અને વિપરીત જાણે અને સહેલું માને. અપવાસ કરવા, વ્રત કરવા, ત્યાગ કરવો, આ કરવું, આ દૂધપાક ખાવો નહિ, રસ ખાવો નહિ એ ધર્મ. મૂઢ એ કાંઈ ધર્મ નથી, સાંભળને. મિથ્યાત્વ છે. આહાહા..! એ જ્ઞેય વસ્તુનો જાણનાર જ્ઞાન છે, એને ઠેકાણે જ્ઞેયનો ત્યાગનાર અને જ્ઞેય છે તો હું છું એમ માનનાર મિથ્યાત્વ છે, મિથ્યાત્વભાવને ઘૂંટે છે. એમ વાત છે. આહાહા..! એ આંતરો ક્યાં પાડે? બધું સરખું લાગે. જુઓ! આ પણ આમ કરે છે.. આ પણ આમ કરે છે. અરે..! ભગવાન! બાપુ! બહુ ફેર છે. વાત વાતમાં ફેર છે. આ મુદ્દાની વસ્તુમાં ફેર છે, ભાઈ! તારા હોવાપણામાં બે પ્રકાર છે. રાગ ને પુણ્યને લઈને નહિ, પરને લઈને નહિ, તારા હોવાપણામાં એક દ્રવ્ય તરીકે એક છે અને તારા જ ગુણો અને તારી જ પર્યાયની અપેક્ષાએ તું અનેક છો. અનેકપણું પણ એનો ધર્મ છે અને એકપણું પણ એનો ધર્મ છે. વિરોધ લાગે છતાં વિરોધપણું વસ્તુને વિરોધ શક્તિઓ નિપજાવનારી છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અવિભાગ...'** એક દ્રવ્યમાં વ્યાપેલા ભાગ ન પડે એવો જે ભગવાનઆત્મા એમાં રહેલા સાથે પ્રવર્તતા જ્ઞાન-દર્શન આદિ અનંત ગુણો અને ક્રમે પ્રવર્તતા. ક્રમે-ક્રમે થતાં-પ્રવર્તતાં **'અનંત ચૈતન્ય-અંશોરૂપ પર્યાયો વડે અનેકપણું છે;...'** લ્યો! સમજાણું? આત્મા રાગને

લઈને અને કર્મને લઈને અનેક નથી એમ સિદ્ધ કરવું છે, ભાઈ! પરને લઈને અનેક એમ નહિ. એમ છે જ નહિ એમ કહે છે. બધું થઈને એક છે એમ નહિ અને પરને લઈને અનેક છે એમ નહિ. આ રાગ ઘણાં પુણ્ય દયા, દાનના, ભિન્ન... ભિન્ન... ભિન્ન... વર્તે છે. આ ક્રિયાઓ ભિન્ન... ભિન્ન... ભિન્ન.. જાતની શરીરની વર્તે છે એને લઈને અનેક છે આત્મા?- ના, ના; એનાથી તો ભિન્ન છે, એને લઈને અનેક નહિ. એના પોતાના ગુણ અને પર્યાયના ભેદ વડે કરીને અનેક છે. આહાહા..! આ તો પ્રોફેસરનું જ્ઞાન બીજી જાતનું છે આમાં. સ્વરૂપચંદભાઈ! ઓલા ભણાવતા તમારા પ્રોફેસર બોલતો હોય ને એક કલાક, બે કલાક. હાંક્યે જાય. ઓલા છોકરા સમજે. હા, જાવ પાસ કરો. ગોખી નાખો.

અરે..! ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર છે. સર્વજ્ઞે જાણેલું અને એનું કહેલું. એવો જે આગમ એ આમ આત્માને બતાવે છે. આહાહા..! ત્યાં આવે છે ને? એક તો એ વાત લીધી હતી. 'કુંદકુંદાચાર્ય' પણ બોલે છે ને પાંચમામાં. આગમની સેવાથી અમારો વૈભવ પ્રગટ્યો છે. જુઓ, ત્યાં નિમિત્તથી વાત કરે છે ને. છે તો જ્ઞાન પોતાનું પણ એમ કે ભગવાનની વાણી, આગમની સેવાથી અમારો વૈભવ (પ્રગટ થયો છે). કેટલી નિર્માનતા છે! અને ત્યાં પણ 'પ્રવચનસાર'માં (કહે છે), આગમની ઉપાસના સર્વથા પ્રકારે કરવી જોઈએ. એય..! ... આવે છે ને? સમજાણું કાંઈ? બીજા કહે કે વળી બીજું આવે, એય..! મલૂકચંદભાઈ! સાંભળવામાં રાગ છે માટે સાંભળવું નહિ. એ તો તૈયારી થયેલા જીવો છે, એને પછી વિકલ્પમાં રોકાવું નહિ, અંદરમાં જાવું એમ વાત છે. પણ હજી વાસ્તવિક તત્ત્વ જાણ્યા જ નથી, સાંભળ્યા નથી, સમજ્યો નથી એને જાવું ક્યાં? અંદરમાં ક્યાંથી જતો હતો? સમજાણું કાંઈ? અનેક વાંધા.

સાંભળવાથી જ્ઞાન થાતું નથી, તમે એમ કહેતા હતા. સાંભળવાનો વિકલ્પ છે એનાથી જ્ઞાન થાતું નથી, એમ કહેતા હતા. વળી આ ક્યાંથી લાવ્યા? એય..! ભાઈ! કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએ ને? જ્યારે પોતે જ્ઞાનની પર્યાયની એવી લાયકાત હોય છે ત્યારે એને આગમનું નિમિત્તપણું હોય છે. સમજાય છે? એવું હોય છે. એ સર્વજ્ઞની વાણી નિમિત્ત છે એમ સિદ્ધ કરવું છે. સર્વજ્ઞપણું જેને પ્રગટ કરવું છે... કારણ કે પોતે જ્ઞાનસ્વભાવી, સર્વજ્ઞસ્વભાવી આત્મા છે. અને તેની પૂર્ણ દશા પ્રગટ કરવાનું પરમ આત્મરૂપ સર્વજ્ઞ છે. એવું જેને પ્રગટેલું છે એની વાણીમાં તો આ જ આવે. અલ્પજ્ઞ અને રાગનો અભાવ કરીને સર્વજ્ઞ ત્રિકાળી સ્વભાવ છો, એવું એના ઉપદેશમાં, નિમિત્તમાં એવું આવે છે. એના નિમિત્તમાં એવું આવે છે. એ વાણી એમ ન કહે કે તારાથી પુરુષાર્થ નહિ થાય અને તારે આમ ન થાય એમ વાણી ન કહે, ભાઈ! ઓલી ૮૨મી ગાથા સાથે (મેળવ્યું). તથૈવ.. એમ વાણી આવે છે. આવી વાણી બોલો છો તમે? (સંવત) ૧૯૭૨માં (કહ્યું હતું), ભાઈ! આ વાણી

આવી તમે કરો છો? શું કરો છો આ તમે? આગમની વાણી આવી હોય? સર્વજ્ઞ પરમેશ્વરની આવી વાણી હોય? ભગવાને દીઠું એમ થાશે આપણે કાંઈ કરી શકીએ નહિ. એવી વાણી ભગવાનની હોય? એય..! ૭૨માં મોટી ચર્ચા થઈ સંપ્રદાયમાં. કેટલા વર્ષ થયા? ૫૨ થયા. સ્વરૂપચંદભાઈ! ફાગણ હતો ફાગણ. આ ફાગણ સુદ ૧૩-૧૪ હતી. ૭૨ની ૧૩-૧૪. વીતરાગની વાણી આવી હોય? તમે કહો છો. વીતરાગની વાણી તો સર્વજ્ઞ અને વીતરાગ થયેલા છે. વીતરાગની વાણી સર્વજ્ઞ અને વીતરાગ થવાનું જ કહે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ થવાને લાયક છો, વીતરાગ થવાને લાયક છો એમ ફરમાવે.

જુઓને! આગમ-ઉપદેશ ભાઈ એમાં લીધું છે. આગમ ઉપદેશપૂર્વક નથી ભાઈ ત્યાં? આગમ ઉપદેશપૂર્વકમાં સ્વપરના ભેદનું જ્ઞાન કરાવે છે. તેથી બેનું ભેદજ્ઞાન નથી તેને સ્વરૂપમાં ઠરવાની દશા હોઈ શકતી નથી, તેને ચારિત્ર હોતું નથી, વ્રત હોતા નથી, તપ હોતા નથી. અને જેને આત્મામાં પૂર્ણ જ્ઞાનની શક્તિ ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની છે (એમ જે નથી માનતો) એને અલ્પજ્ઞથી હઠીને અંદરમાં જવાની તાકાત નહિ આવે. સમજાણું કાંઈ? સર્વજ્ઞનો એમ ઉપદેશ છે. ત્રણ કાળ, ત્રણ લોકને જાણનાર જ્ઞાયક, લોકાલોકને જાણનાર તું છો. કોઈનો કરનાર નહિ, કોઈમાં ભળનાર નહિ. સમજાણું?

ઓલા કહેતા હતા ને? કોઈ કહેતું હતું ને? કે .. ભેળસેળ વિનાનું અનાજનું. ભેળસેળ વિનાનું કેવળ માન્યું ને? કેવળ કહ્યું છે ને ૩૨ ગાથામાં નહિ. પ્રવચન. કૌંસમાં નિર્ભેળ કર્યું છે. આ રાગ અને પુણ્ય વિનાનો નિર્ભેળ-ભેળ વિનાનો આત્મા છે. એની દુકાન માંડને અંદરમાં. ભાઈ! ઓલા કહે, ભેળસેળ વિનાનું અનાજ લેવું, ભેળસેળ વિનાનું દૂધ દેવું, ભેળસેળ વિનાનું ઘી આપવું કે જેથી લોકો.. ધૂળેય નહિ થાય, સાંભળને હવે. લોકોને પણ લાગે એવું સારું હોં! માણસને. આ ભેળસેળ વિનાની દુકાન તારી છે અંદર, સાંભળને! પુણ્ય-પાપના રાગ અને નિમિત્તને અંદર ભેળવવા નહિ. એમ માન અંદરમાં તો તને શાંતિ મળશે અને સહેલું... સહેલું સોંઘુ મળશે. અનાજની રાહતની માંડે છે ને. થોડી કિંમતે આપવા.

અહીં તો કહે છે, તારી પર્યાય અનેકરૂપે છે, ગુણ અનેકરૂપે છે તે રીતે તું અનેક છો. એ કાંઈ પરને લઈને અનેક છે, રાગને લઈને અનેક છે, વિવિધતા જે તારામાં થાય છે, આ બીજી રીતે (લઈએ), એ જ્ઞાની પર્યાયમાં શ્રદ્ધાની પર્યાયમાં વિવિધતા જે થાય છે એ વિવિધતા કોઈ નિમિત્તને લઈને છે કે નિમિત્તના અભાવને લઈને છે એમ નથી, એમ કહે છે. એય..! આહાહા..! ભારે વાત! સંકેલ્યું છે ને પણ તત્ત્વને.

ભગવાનઆત્મા અનંત ગુણોના સહવર્તીપણે અને પર્યાયની અનેકતાપણે (છે). ભલે દ્રવ્યમાં ભાગ ન પડે પણ ગુણ અને પર્યાયની અનેકતાથી તે અનેકપણે ભગવાનઆત્મા છે. સમજાણું? એ અનેક પર્યાયો પ્રગટ થાય છે પણ એ પણે પોતે છે, પરને લઈને અનેકપણું છે એમ

છે નહિ. રાગવાળું તો નથી પણ જે ભિન્ન-ભિન્ન પર્યાય થાય એ અનેકપણું પરને લઈને નથી. ઓલા કહે, .. જાય તે પર્યાય. અરે..અરે..! ભારે પણ ચાલ્યું છે. પરને લઈને ઉત્પન્ન થાય તે પર્યાય. અહીં તો ક્રમે-ક્રમે પર્યાય થાય તો એને લઈને તું અનેક છો. નવરંગભાઈ! બહુ ફાંકા મારનારા ઘણા પણ. બિચારાને ખબર ન મળે. સમાજને અભ્યાસ ન મળે. આંધળો અભ્યાસ જગતનો. તત્ત્વનો (અભ્યાસ) ન મળે. કહો.

**'અનંત ચૈતન્ય-અંશોરૂપ પર્યાયો વડે અનેકપણું છે;...'** પોતાના ગુણ અને પર્યાય વડે અનેકપણું છે. એ અનેકપણું તેનું સ્વરૂપ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એમ જેને અંતર નિર્ણય કરે એને દ્રવ્ય તરીકે એક ભાસે, ગુણ પર્યાય તરીકે અનેકનું જ્ઞાન કરે. બસ. રાગ તરીકે છું, પર તરીકે છું પરથી અનેક છું હું એમ ભાસતું નથી. આ એનું નામ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**વસ્તુની સાથે કારણશુદ્ધપર્યાય અનાદિ અનંત એકધારાએ વર્તે છે, તે ગુણ નથી, સામાન્ય દ્રવ્ય નથી પણ સામાન્યની સાથે વર્તતું એકરૂપ ધ્રુવ-વિશેષ છે, તે કારણશુદ્ધપર્યાય છે. તેનો વ્યક્ત અનુભવ કોઈને હોતો નથી. જો તેનો વ્યક્ત અનુભવ થઈ જાય તો તે કારણ ન રહ્યું. તેમાં ઉત્પાદ-વ્યય ન હોવા છતાં તે પરિણતિ છે, પર્યાય છે, દ્રવ્યની સાથે અખંડ પારિણામિકભાવે વર્તમાન વર્તે છે. અહો! એકધારાએ પરમપારિણામિકભાવની પરિણતિથી શોભિત ચૈતન્ય ભગવાન બિરાજી રહ્યો છે. દ્રવ્યે-ગુણે તો પૂરો છે પણ પર્યાયમાં પણ પરિપૂર્ણ ભગવાન અનાદિ અનંત એકધારાએ જ્યારે જુઓ ત્યારે વર્તમાનપણે બિરાજી રહ્યો છે-શોભી રહ્યો છે. ૯૭૨.**

**- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી સમયસાર, ગાથા-૭૫
## પ્રવચન નં.૫૨૨, તા.૩૦-૫-૧૯૬૮
## (૪)

આ કર્તા-કર્મ અધિકાર. ૭૫ ગાથા ચાલે છે. પંચોતેર કહે છે ને? શું કહે છે તમારે? પચત્તર. સમજી લેવું. અમને તમારી હિન્દી ભાષા નથી આવડતી. થોડી થોડી હિન્દી આવડે છે. આ તો અમારે પંડિતજી કહે છે એટલે હિન્દીમાં કરવું પડશે. અમારા પંડિતજી આવ્યા છે, બધાને લઈને આવ્યા છે. એમનું રાખવું જોઈએ ને. શું કહે છે? જુઓ!

જેમ ઘટ અને કુંભારને વ્યાપ્ય-વ્યાપકપણું નથી. કુંભાર વ્યાપક અને ઘટ વ્યાપ્ય, એમ નથી અર્થાત્ કુંભાર કરવાવાળો અને ઘડાની પર્યાય એનું વ્યાપ્ય નામ કાર્ય નામ પર્યાય, એમ નથી. બરાબર છે? ઘટ અને માટી વચ્ચે વ્યાપ્ય-વ્યાપક, કર્તા-કર્મ સંબંધ છે. માટી કરનારી, રચનારી વ્યાપક અને ઘટ એની એ સમયની પર્યાય વ્યાપ્ય નામ કાર્ય-પરિણામ-કર્મ છે.

એમ આત્મામાં, જેમ ઘટને અને કુંભારને વ્યાપ્ય-વ્યાપકપણાનો અભાવ છે અર્થાત્ ઘટ કાર્ય છે અને કુંભાર વ્યાપક કર્તા છે એમ નથી, એમ... એ દૃષ્ટાંત થયો. એમ આત્મામાં દયા, દાન, વ્યવહાર વ્રતાદિના જે વિકલ્પ ઊઠે છે, શુભરાગ વ્યવહારરત્નત્રય આદિ અને જડની પર્યાય, એ પુદ્ગલના પરિણામ છે. તેની સાથે આત્મા વ્યાપક અને એ પરિણામ વ્યાપ્ય, એમ નથી. સમજાય છે કાંઈ? માટી વ્યાપક નામ કરનારી અને ઘડો કામ છે, એમ આત્મા કરનારો અને પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ શુભરાગ છે એ પોતાનું કાર્ય છે, એમ નથી. સમજાય છે કાંઈ? કુંભાર અને ઘડાની માફક જેમ કર્તા-કર્મ નથી, કુંભાર કરનારો અને ઘડો કાર્ય, એમ નથી. એમ ભગવાનઆત્મા જ્ઞાનાનંદ ચિદાનંદ સ્વભાવ એ કરનાર અને વ્યવહારરત્નત્રય વ્રત, નિયમ, વિકલ્પ, પૂજા, ભક્તિ આદિના પરિણામ એ આત્માની પર્યાય કરનારી અને એ વિકાર પરિણામ એનું કર્મ નામ કાર્ય સ્વભાવદૃષ્ટિમાં નથી. સેઠી!

**શ્રોતા :-** દૂર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં દૂર.. આ તો એની નજીક છે. સમજાય છે કાંઈ? એ.. બેસવા દેજો બેનને. સૂક્ષ્મ વાત છે, ગોદિકાજી! શું?

આત્મા કર્તા છે અને એ પાંચ લાખનો હોલ થયો એ કાર્ય છે, એમ નથી એમ કહે

છે. આત્મા કરનારો છે અને સોળ લાખ ખર્ચ્યા એમાં રાગની મંદતાનો શુભભાવ છે એ આત્માનું કાર્ય છે, એવી વાત નથી. પંડિતજી! કહો, અહીં તો એમ કહે છે કે ગોદિકાજીએ સોળ લાખ ખર્ચ્યા, સોળ લાખ ખર્ચ્યા, એમ લોકો કહે છે. કહે છે બીજા, તમે શું કહો છો? હું તો બધાને કહું છું, હોં! હું પણ કહું છું. મારો હેતુ બીજો હોય છે. આટલી લક્ષ્મી બે-ત્રણ કરોડ નથી એના છોકરા પાસે, છતાં આટલું કર્યું. હેતુ બીજો હોય છે કહેવામાં. એ.. હિંમતભાઈ!

અહીંયાં તો કહે છે, ભગવાનઆત્મા પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે. સર્વજ્ઞ વીતરાગ જેવો જ આત્મસ્વભાવ છે. એવો પોતાનો સ્વભાવ છે એ પુણ્ય-પાપના વિકલ્પ જે આસ્રવતત્ત્વ છે તેનાથી ભિન્ન છે અને કર્મ ને શરીરથી ભિન્ન છે. તો પોતાના સ્વરૂપનું ભાન થયું કે હું તો જ્ઞાતા-દૃષ્ટા છું, હું તો જ્ઞાન ને આનંદમય આત્મા છું. એવો આત્મા કરનારો અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ કે શુભભાવ એ એનું કાર્ય છે એમ નથી, એમ કહે છે. પોપટભાઈ!

આત્મા.. '**પુદ્ગલ પરિણામને અને આત્માને...**' પુદ્ગલપરિણામ શબ્દે આ જડની અવસ્થા અને શુભ-અશુભભાવ, એ બધા પુદ્ગલપરિણામ છે. '**પુદ્ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ...**' ઘટ કાર્ય અને કુંભાર કરનારો એમ નથી. '**ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' સમજાય છે કાંઈ? કુંભાર કરનારો અને ઘટ એની પર્યાય કે કાર્ય, તેનો એમાં અભાવ છે. બે વચ્ચે અભાવ છે. કેમ કે ભિન્ન ચીજ છે. કુંભાર ભિન્ન છે અને ઘડો ભિન્ન છે. ભિન્ન ચીજમાં કાર્ય-કર્તાપણું હોતું નથી. એમ આત્મામાં શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ શુભભાવ થાય એ આત્માથી સ્વભાવથી ભિન્ન છે. એવી દૃષ્ટિમાં ભિન્નપણું ભાસિત થયું તો ભિન્ન આત્મા થનારો, એને વ્યવહાર કાર્ય પોતાનું અને આત્મા કરનારો એમ નથી. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. આ વીતરાગમાર્ગ છે. સમજવાની જરૂર છે. આ જ વસ્તુ છે. બાબુભાઈ! આ કહે છે, સમજવાની જરૂર છે.

અહીંયા તો જ્યાં સુધી ભગવાન ચૈતન્યસ્વરૂપ અનાકુળ આનંદમૂર્તિ પોતાથી ભિન્ન તત્ત્વ જે રાગ, વિકલ્પ, દયા, દાન, વ્રતાદિ છે તેને પોતાના માનતો હતો ત્યાં સુધી તો અજ્ઞાનભાવમાં કરનારો હું અને તે એનું કાર્ય, એ તો બરાબર છે. પોતાના માને છે તો પોતે કર્તા થાય અને કાર્ય થાય છે. સમજાય છે કાંઈ? પણ જ્યારે એ શુભ-અશુભરાગનો વિકલ્પ આસ્રવતત્ત્વ, અજીવતત્ત્વ-શરીર, કર્મ તેનાથી હું આત્મા જ્ઞાયકતત્ત્વ ચિદાનંદ ભિન્ન છું, જુદો છું એમ ભિન્ન પડ્યો તો ભિન્નમાં ભગવાનઆત્માનું કાર્ય એ વ્યવહારના પરિણામ અને શરીરની અવસ્થા આત્માનું કાર્ય અને આત્મા કર્તા એમ કદી સંભવતું નથી. ગોદિકાજી! આહાહા..!

**‘વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી પરમાર્થે કરતો નથી,...’** ચૈતન્યપ્રભુ જ્ઞાનાનંદ જ્ઞાનમૂર્તિ પ્રકાશસૂર્ય આત્મા, ચૈતન્યસૂર્ય. જેમ કેવળજ્ઞાની પરમાત્માને પ્રગટ સર્વજ્ઞ દશા થઈ, એવો જ સર્વજ્ઞસ્વભાવી આ ભગવાનઆત્મા, સર્વજ્ઞ સ્વભાવ... સર્વજ્ઞ સ્વભાવ એવો અનુભવ થયો તો જ્ઞાનની પર્યાયમાં શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનું જે કાર્ય થયું તે પોતાનું અને સાથે રહેલાં રાગાદિ છે તે પોતાનું કાર્ય છે જ નહિ. ગોદિકાજી! આવી વાત છે. આહાહા..! મંદિર બનાવ્યું તો એ આત્માનું કાર્ય છે એમ છે જ નહિ, એમ કહે છે. મંદિર બનાવવામાં રાગની મંદતા થઈ એ પોતાનું કાર્ય છે, ત્યાં સુધી તો રાગ અને આત્માને એક માને છે, જે ભૂલ છે. કારણ કે રાગ આસ્રવ છે, મેલ છે, ભગવાન નિર્મળ છે. આસ્રવ મેલ છે. ઈ પહેલાં આવી ગયું છે.

જેમ જળમાં શેવાળ છે.. શેવાળ સમજો છો? કાઈ.. કાઈ. જળમાં શેવાળ છે એ મેલ છે, એ કંઈ જળનું સ્વરૂપ નથી. એમ ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ શુદ્ધ, એમાં પુણ્ય-પાપના દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પ જે ઊઠે છે એ શેવાળ છે-કાઈ છે-મેલ છે. જ્યાં સુધી મેલ પોતાનો છે એમ માને છે ત્યાં સુધી તો દૃષ્ટિ મિથ્યાત્વ છે કે જેણે બે તત્ત્વને એક માન્યા. મિથ્યાત્વ છે ત્યાં તો અજ્ઞાની કર્તા અને વિકાર પરિણામ કર્મ, એ તો અજ્ઞાનપણે પોતે માન્યું છે, એ તો બરાબર છે. સમજાય છે કાંઈ? પણ જ્યારે માન્યતા બદલાઈ ગઈ કે હું મેલ નથી, હું કર્મ નથી, હું તો શુદ્ધ ચૈતન્ય છું. જ્ઞાયક ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ સિદ્ધ સમાન મારું સ્વરૂપ છે. એવી અંતર દૃષ્ટિ થઈ ત્યારે તો રાગ ભિન્ન પડી ગયો. ભિન્ન પડી ગયો તો ભિન્નનું કાર્ય કેવી રીતે થાય? સમજાય છે કાંઈ?

પેલો લખે છે, એ તો અશુદ્ધ માનતા નથી, અશુદ્ધ માનતા નથી. તમારા દિલ્હીવાળા. સાદરા.... શું? એ તો અશુદ્ધતા માનતા જ નથી, ત્રિકાળ શુદ્ધ માને છે, ત્રિકાળ પર્યાયને શુદ્ધ માને છે. પેલી કારણશુદ્ધપર્યાય વાંચી હશે ને. અરે.. ભગવાન! શું કરે છે તું આ? દિલ્હીવાળા બહુ વિરોધ લખે છે, બહુ વિરોધ લખે છે. જ્ઞાનચંદજી છે ને. ત્રણે કાળે અશુદ્ધતા પર્યાયમાં છે જ નહિ, આમ માર્ગ છે, આમ એનો માર્ગ છે, બીજો માર્ગ છે. અરે.. ભગવાન! અશુદ્ધતા ન હો તો શુદ્ધતા કરવાનો પ્રયત્ન ક્યાં રહ્યો? સમજાય છે કાંઈ? અશુદ્ધતા એની પર્યાયમાં પુણ્ય-પાપ, કામ, ક્રોધ, મિથ્યા ભ્રાંતિ છે. જ્યાં સુધી છે ત્યાં સુધી વિકાર અને નિમિત્તને પોતાના માનીને પરથી ભિન્નતા નહિ રાખીને એકતા માને છે. ત્યાં સુધી તો અશુદ્ધતા જ છે. અને અજ્ઞાનીનું અશુદ્ધ પરિણામ જ કર્મ અને કર્તવ્ય છે. દેવચંદજી!

પોતાનું સ્વરૂપ ભગવાન ચૈતન્યમૂર્તિ સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગદેવે કહ્યું કે ભગવાન! તારી મહિમા તો તારા જ્ઞાન અને આનંદથી છે. શું એ રાગ

ને વિકલ્પ ને પુણ્યથી તારી મહિમા છે? કે તારી ચીજમાં છે કે તું એનાથી તારી મહિમા ગાય છે? સમજાય છે કાંઈ? અમે તો ઘણાં પુણ્ય કર્યા, અમે પાપ કરે છે, આમ કરીએ છીએ. આવું કામ કરવું એ શું તારી મહિમાનું કાર્ય છે? એ તો મિથ્યાત્વનું કાર્ય છે. જ્ઞાતા-દૃષ્ટા ભગવાનને છોડીને મેલનો કર્તા થાય છે એ તો તારી વિરૂદ્ધ મહિમા થઈ જાય છે, તને મિથ્યાત્વ થઈ જાય છે. પ્રકાશચંદજી! આહાહા..! આ તો જ્યાં ત્યાં મેં કર્યું, મેં કર્યું, મેં પુસ્તક બનાવ્યા, મેં આવો ઉપદેશ આપ્યો, લાખો માણસોમાં બે કલાક એવો (ઉપદેશ) દઈ શકું કે લોકો રાજી થઈ જાય. અરે..! ભગવાન! શું કહે છે તું? વાણી શું તારી છે? એ તો જડની છે. અહીં તો વાણી તો ઠીક, પણ શુભ-અશુભ વિકલ્પ છે એ પણ તારી ચીજ નથી, એ તો મેલ છે. તું તો નિર્મળાનંદ સચ્ચિદાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ તેને આત્મા કહે છે. આવા આત્માનું ભાન થયું તો વિકારી પરિણામ આત્માનું કાર્ય, આત્મા કરનારો એવી કર્તા-કર્મની સિદ્ધિ રહેતી નથી. ...ભાઈ! આ જ સત્ય છે. ગોદિકાજી! ઓહોહો..!

'**પરમાર્થે કરતો નથી, પરંતુ...**' ત્યાં સુધી તો કાલે આવ્યું હતું. સૂક્ષ્મ છે, ભાઈ! ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ વીતરાગનો માર્ગ અર્થાત્ આત્માનો માર્ગ (સૂક્ષ્મ છે). સમજાય છે કાંઈ? કહે છે, '**(માત્ર) પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' માત્ર પુદ્‌ગલપરિણામ એટલે પુદ્‌ગલપરિણામ અર્થાત્ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ થાય એ પુદ્‌ગલપરિણામ છે. સમજાય છે કાંઈ? એ આત્માના પરિણામ છે જ નહિ. કનુભાઈ! આ પરોપકાર કરે છે, પરોપકાર કરે છે. ધૂળેય નથી, સાંભળને! મરી જાય છે એમાં. પરોપકાર કોનો? પરોપકારની વૃત્તિ રાગ ઊઠે છે એ તારી ચીજ નથી. પરોપકાર કોણ કરી શકે છે? ધૂળ. સમજાય છે કાંઈ? પોપટભાઈ! હું પૈસા આપું છું ને બીજાને આહાર-પાણી આપું છું ને બીજા ગરીબોને આમ દઉં છું ને હું પરોપકાર કરું છું-મિથ્યાત્વને કરે છે. ઊંધી પાંખડ શ્રદ્ધાને (કરે છે). એઈ..! શું સાચું? તમે ત્યાં નથી દેતા? શું કહેવાય આ? મધુવન. સમેદશીખર. ગરીબોને બહુ મમરા દેતા હતા શેઠ. હજારો ગરીબ માણસ. પણ માણસો એવા, હોં! ગરીબ માણસ. આમ જુઓ તો કંઈ ચોરી ન કરે. એ લોકોની એવી દાનત કોણ જાણે, ગરીબ માણસ, કંઈ નહિ, હોં! કંઈ રહેવાનું સ્થાન નહિ, કપડા નહિ. અમે તો ગયા હતા ને. બંગલાની બહાર નાના મકાનમાં રહેતા. ઘણી વાર નીકળે, પણ ચોરી નહિ.

અહીં તો કહે છે, એને મેં આપ્યું. શું આપ્યું? એ તો જડની ચીજ હતી. તો જડની પર્યાયનો કર્તા તો જડ છે. શું આત્મા એનો (કર્તા) છે? અહીંયા તો ઈ થયું કે અંદર રાગની મંદતા થઈ, રાગની મંદતા થઈ, તો પણ રાગની મંદતા પણ કષાય મેલ છે. ભગવાનઆત્મા અનાકુળ આનંદસ્વરૂપથી રાગ દુઃખરૂપ વિપરીત છે. તો દુઃખ મારું કાર્ય અને હું કરનારો, તો આનંદ મારું સ્વરૂપ એ ભૂલી ગયો છે. સમજાય છે કાંઈ? 'અબ હમ કબહુ ન નિજઘર

આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે,'

એમાં છે. આમાં છે કે નહિ? આમાં આવ્યું છે, ભાઈ! હોં. કહ્યું હતું. ૮૯ પાનામાં છે. એણે નાખ્યું છે. તમારી જયપુરની ચર્ચામાં આવ્યું છે. જુઓ! 'હમ તો કબહુ ન નિજઘર આયે, હમ તો કબહુ ન નિજઘર આયે, હમ તો કબહુ ન નિજઘર આયે.'

ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદમૂર્તિ છે. 'હમ તો કબહુ ન નિજઘર આયે, પરઘર ફિરત બહુત દિન બીતે, નામ અનેક ધરાયે...'

હું શરીરવાળો, હું પુણ્યવાળો, હું પાપી, હું દયાવાળો, હું દાનવાળો એમ મિથ્યાત્વથી અનેક નામ ધરાવ્યા. આહાહા..! મનુષ્યદેહ તો શું, હું દયા પાળવાવાળો, હું ભક્તિ કરવાવાળો, હું પૂજા કરવાવાળો, આવા પરિણામવાળો એ બધું પરઘર છે. ગોદિકાજી! 'પરઘર ફિરત બહુત દિન બીતે, નામ અનેક ધરાયે, હમ તો કબહુ ન નિજઘર આયે.' 'પરપદ નિજપદ માન મગન વ્હૈ, પરપદ નિજપદ...' જુઓ! શુભરાગાદિના વિકલ્પ ઊઠે છે એ પરપદ છે, ભગવાન! એ તારું નિજપદ નહિ. 'પરપદ નિજપદ માન મગન વ્હૈ, પરપરિણતિ લિપટાયે.' શુભપરિણતિ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી લપેટાઈ ગયો, એ તો મલિન પરિણામ છે. 'શુદ્ધ બુદ્ધ ચિદકંદ મનોહર, શુદ્ધ બુદ્ધ ચિદકંદ મનોહર' એ ચેતનઘન છે ને, એમ લીધું છે. પેલામાં આવ્યું ને? ભાઈ! શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન. શ્રીમદ્‌માં. ત્યાં ઘનમાં પ્રદેશ લીધા છે, ચૈતન્યપ્રદેશ. અહીં પણ એ શબ્દ છે. 'શુદ્ધ બુદ્ધ ચિદકંદ મનોહર,' શુદ્ધ છું, બુદ્ધ છું, જ્ઞાનસ્વરૂપ છું. ચિદ્‌કંદ નામ જ્ઞાનપ્રદેશનો પિંડ છું, બધા પ્રદેશનો હું પિંડ છું. 'મનોહર ચેતનભાવ ન ભાયે.' હું આવો ચૈતન્ય છું એવી ભાવના કદી ભાવી નહિ. 'હમ તો કબહુ ન નિજઘર આયે' એમાં છે, હોં! તમારી જયપુરની ચર્ચામાં આવી ગયું. સમજાય છે કાંઈ?

શું કહે છે? ભગવાન! તું તો ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છો ને. તો તારામાંથી કિરણ-સૂર્યમાંથી કિરણ નીકળે તો ઉજળું-શુદ્ધ કિરણ જ નિકળે. શું એમાંથી કોલસાવાળું કિરણ નિકળે? સૂર્યના કિરણને કોઈએ કોલસાએ કાળા બનાવ્યા એમ કદી સાંભળ્યું છે? સૂર્યના કિરણને કોલસાએ કાળા કિરણ બનાવ્યા, સાંભળ્યું છે? એમ ભગવાન ચૈતન્યપ્રકાશની મૂર્તિ સર્વજ્ઞ સ્વભાવ આત્મા છે. એમાંથી પ્રકાશ નિકળે તો જ્ઞાન, આનંદની પ્રકાશપર્યાય નિકળે છે. શું રાગની પર્યાય એમાંથી નિકળે છે? રાગ તો અંધારું કોલસા જેવો છે. આહાહા..! શુભભાવ, હોં! આહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, દાનમાં કરોડો ખર્ચ્યા એમાં રાગની મંદતા કરી એ પુણ્ય કોલસો છે. ઓહોહો..! એ.. પોપટભાઈ!

કહે છે, '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' અર્થાત્ એ પુદ્‌ગલપરિણામ. શરીરની અવસ્થા આમ થઈ, વાણીની અવસ્થા થઈ એ પુદ્‌ગલપરિણામ. દયા, દાન, ભક્તિ, વ્રતના પરિણામ એ પુદ્‌ગલના પરિણામ. એ પુદ્‌ગલપરિણામ સંબંધી જ્ઞાનને. પુદ્‌ગલપરિણામ સંબંધી જ્ઞાનને.

સંબંધી શબ્દ લીધો, મેં કીધું, કેમ આવો શબ્દ? જ્યારે અમૃતલાલ ઝાટકીયા હતા ને. કીધું, આ ઠેકાણે બીજો જોઈએ. પુદ્‌ગલપરિણામ સંબંધી જ્ઞાન. વ્યવહાર થયો ને? વિકલ્પ ઊઠે છે એ સંબંધી પોતાનું જ્ઞાન. જ્ઞાન તો છે પોતાનું, પણ એ રાગ-પુણ્યનો વિકલ્પ થયો, એવા જ પ્રકારનું જ્ઞાન પોતામાં પોતાને અનુસરીને થાય છે, રાગને અનુસાર નહિ. છતાં એટલો શબ્દ લખ્યો. સમજાવે કેવી રીતે? પુદ્‌ગલપરિણામના જ્ઞાનને. બે શબ્દ લીધા. વ્યવહાર વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પુદ્‌ગલપરિણામ. એનું જ્ઞાન. ધર્મી એનું જ્ઞાન કહે. એનું જ્ઞાન કહેવામાં નિમિત્તનો સંબંધ છે એટલું. એ સંબંધીનું પોતાનું પોતામાં પોતાને કારણે થયેલું જ્ઞાન. તે સંબંધી-વ્યવહાર સંબંધી.

જુઓને! બારમી ગાથામાં જાણેલો પ્રયોજનવાન કહ્યું. એ જ બધે ઠેકાણે છે. જ્ઞાનીને ‘**भूदत्थमस्सिदो**’. ભગવાન ચૈતન્ય શુદ્ધ આનંદકંદ છું એવી દૃષ્ટિ થઈ તો એને વ્યવહાર છે કે નહિ?-છે. જેટલી નબળાઈથી-કમજોરીથી રાગ થાય છે અને જેટલી શુદ્ધતાની ઓછપ છે એને જાણવું એ પ્રયોજનવાન વ્યવહારનય છે. જાણવું, આદરવું એમ નહિ. બારમી ગાથામાં છે. ‘**यदात्वे**’ જાણેલો પ્રયોજનવાન. તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. વિકલ્પ આદિ છે, વ્યવહારાદિ છે તે જાણેલો પ્રયોજનવાન છે. તો કહે છે, એ વ્યવહાર જેવો આવ્યો છે તે સંબંધીનું પોતાનું જ્ઞાન. ભાષા તો એવી છે. ‘**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**’ ભાષા એમ છે ને? એનું છે નહિ, પણ એ સંબંધીના પોતાના જ્ઞાનને. સમજાય છે કાંઈ? આ ગાથા બહુ સૂક્ષ્મ છે. .. ભાઈ! વ્યવહાર વિકલ્પ જે ઊઠે છે, શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ, નામસ્મરણ, મહાવ્રતના વિકલ્પ, એ સંબંધીનું જ્ઞાન, રાગ સંબંધીનું જ્ઞાન, એ જ્ઞેય સંબંધીનું જ્ઞાન એ પર સંબંધી પોતાનું જ્ઞાન. સમજાય છે કાંઈ?

એ ‘**પુદ્‌ગલપરિણામના જ્ઞાનના (આત્માના) કર્મપણે કરતા...**’ એ વ્યવહારનું જે જ્ઞાન થયું એ આત્માનું કર્મ છે-કાર્ય છે. પંડિતજી! છે એમાં? જુઓ! શબ્દ જુઓ! સંસ્કૃતમાં છે. આ તો પાઠમાં છે એમ છે. કોઈ કહે છે, પોતાનું કાઢે છે. એમ કેટલાક કહે છે. ઘરની વાત કાઢે છે. તેથી તો કાલે પાઠનો દાખલો આપ્યો હતો. સમજાય છે કાંઈ? એ પાઠ જ એમ કહે છે. વસ્તુ તો એવી છે, પણ આવો સ્પષ્ટ પાઠ છે. પંડિતજી!

ભગવાન! તારી ચીજમાં શું રાગ પડ્યો છે? શુભભાવ પડ્યો છે જેનાથી બંધ થાય? એ બંધભાવનું કારણ તારામાં પડ્યું છે? સમજાય છે કાંઈ? આહાહા..! મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય-ચાર જ મૂળ તો બંધનું કારણ છે. મુખ્ય. ભાઈ! બે તો બહિરકારણ કહ્યું છે ને? એ નહિ. કારણ કે એ કોઈ પાપ પણ નથી અને કોઈ બંધનું કારણ નથી. સાધારણ. યોગ ને.. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય-એ ચાર જ પાપ છે, મલિન પરિણામ છે. એનાથી જે ભિન્ન પડી ગયો,... જ્ઞાનસ્વરૂપ આત્મા એક સમયની જે પર્યાય છે એની રુચિ હતી

ત્યાં સુધી તો પોતાનો માનતો હતો. ત્યાં સુધી તો એ રાગ કાર્ય અને આત્મા કર્તા (હતો). પણ એ એક સમયની પર્યાય સાથે છે. ભ્રાંતિ, અવ્રત, પ્રમાદ, કષાય સાથે છે. એનાથી દૃષ્ટિ ખસીને સ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ તો એક સમયની જે પર્યાય છે એ તે સમયે છે જ નહિ. ચારેય નથી. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ચારેય નથી. ભાઈ! બરાબર છે? યોગની કંઈ વાત નથી. યોગ તો કેવળીને પણ હોય છે, એ કોઈ ચીજ નથી. એ તો પ્રદેશનું કંપન છે. યોગ એટલે શુભાશુભ પરિણામની વાત ત્યાં નથી. કેવળીને પણ શુભજોગ કહ્યું છે, પણ એ શુભજોગનો અર્થ એમ નથી કે ત્યાં શુભભાવના પરિણામ છે. એમ નથી. એ તો એકલું કંપન છે.

ભગવાનઆત્મા, એ અંતર આત્માનો વસ્તુસ્વભાવ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય, એની અંતર્મુખ દૃષ્ટિથી જ્યારે એ પર્યાય-એક સમયની અવસ્થાનું લક્ષ, રુચિ છોડીને સ્વભાવદૃષ્ટિ થઈ તો એમાં મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ચારેય છે જ નહિ. એવી દૃષ્ટિમાં જે કંઈ રાગાદિ ભાવ ઉત્પન્ન થાય છે એનું જ્ઞાન આત્માનું કર્મ છે, એનું જ્ઞાન આત્માનું કાર્ય છે, એ રાગ આત્માનું કાર્ય નહિ. ગોદિકાજી! આવી વાત છે. ઓહોહો..! પુદ્‌ગલપરિણામના જ્ઞાનને. હજી જુઓ, પુદ્‌ગલપરિણામ કહેશે, પછી પુદ્‌ગલ કહી દેશે. અત્યાર સુધી પુદ્‌ગલપરિણામ લે છે. પછી કહેશે, એ બધા પુદ્‌ગલ છે. વ્યવહારરત્નત્રયના વિકલ્પ, દયા, દાન, વ્રતના વિકલ્પ બધા પુદ્‌ગલ છે. ઈ કહેશે. અત્યારે તો સમજાવે છે તેથી આમ લઈએ છીએ. પુદ્‌ગલપરિણામના જ્ઞાનને. એટલે બે ભેદ થઈ ગયા. રાગાદિ દયા, દાન, વ્રત, ભક્તિના શુભભાવ છે એ પુદ્‌ગલપરિણામ, તેના જ્ઞાનને. જ્ઞાન કરવાવાળો સ્વમાં આવ્યો તો પોતાનું જ્ઞાન અને તે સંબંધી પોતાનું જ્ઞાન. એ જ્ઞાનને '**કર્મપણે કરતો...**' પોતાની પર્યાયરૂપ કરતો. વ્યવહારને જાણવું એવી પોતાની પર્યાયને ધર્મી કરતો થકો. જુઓ!

'**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે...**' પોતાના કાર્યરૂપ, પોતાની પર્યાયરૂપ, પોતાના વ્યાપ્યરૂપ, પોતાના પરિણામરૂપ કરતો થકો. સમજાય છે કાંઈ? ઓહોહો..! અલૌકિક માર્ગ છે, ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. જ્ઞાનાનંદ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદ આદિ ગુણનો પિંડ પ્રભુ, એવી જ્યાં અંતર્મુખ દૃષ્ટિ થઈ તો આખું દ્રવ્ય શુદ્ધ અને ગુણ શુદ્ધ છે તો એની પરિણતિ એકલી શુદ્ધ થઈ ગઈ. શુદ્ધ પરિણતિમાં જે રાગ હતો તેનું જ્ઞાન પરિણતિમાં આવ્યું. એ સંબંધીનું જ્ઞાન એ પણ નિમિત્તથી કથન છે. જ્ઞાન એનું નથી પણ એ જેવો વ્યવહાર છે એવું જ જ્ઞાન ઉત્પન્ન થાય છે તેથી કહે છે કે એ સંબંધીનું જ્ઞાન. બાકી એ સંબંધીનું જ્ઞાન નથી, પોતાનું જ જ્ઞાન છે. સમજાય છે કાંઈ?

'**જ્ઞાનને કર્મપણે કરતો...**' એ જે વ્યવહાર છે તે જ્ઞેય-પરજ્ઞેય છે, પરજ્ઞેય છે અને

સ્વજ્ઞેયમાં વ્યવહારનું જ્ઞાન કરતો થકો. પોતાની પર્યાયમાં તેનું જ્ઞાન કરતો થકો. પાટનીજી! આહાહા..! કોઈ દિ' સાંભળ્યું નથી, અંતરમાં આમ લીધું જ નથી. બહારથી માની લીધું, લ્યો અમે ધર્મ કરીએ છીએ ને આમ છે. કોણ ના પાડે? સ્વતંત્ર છે, અજ્ઞાનથી માને છે. અજ્ઞાનથી માનવામાં પણ સ્વતંત્ર છે. સમજાય છે કાંઈ? કહે છે કે '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને કર્મપણે કરતો...**' એ જ્ઞાનની પર્યાય થઈ, શ્રદ્ધાની પર્યાય થઈ એ જ્ઞાનીનું કાર્ય અને પર્યાય છે. એ કર્તા થયો, એમ પાછું લીધું છે. જ્ઞાનસ્વરૂપ કર્મનો કર્તા થયો. એટલે કે એ વ્યવહારનું નિમિત્ત છે તો અહીંયા કર્તા થયો એ એમાં આવ્યો, એમ નથી. કર્તા સ્વતંત્રપણે કર્તા થયો, એમ સિદ્ધ કરવું છે. આહાહા..! વ્યવહાર છે તો અહીંયાં જ્ઞાન થયું એમ નથી. આહાહા..! કર્મરૂપ કર્તા થયોને? કર્તા થયો ને? કર્તા સ્વતંત્ર છે. રાગ છે તો તેનું જ્ઞાન પણ રાગ છે એની અપેક્ષા રાખીને કર્તા થયો એમ નથી. સમજાય છે કાંઈ? કરતો થકો હવે નાખે છે, જુઓ!

'**પોતાના આત્માને જાણે છે...**' જુઓ! શું કહ્યું પાછું? એ રાગ સંબંધી જ્ઞાન પોતાની પર્યાયમાં થયું, એ કાર્યરૂપ કર્તા થયો પોતાને જાણે છે, રાગને જાણે છે એમ નહિ. સમજાય છે કાંઈ? એ વ્યવહારના વિકલ્પ જે છે, પંચ મહાવ્રત આદિનો રાગ છે કે ચાહે તો સમિતિ, ગુપ્તિ, વ્યવહારની વિકલ્પની વૃત્તિ હો, ચાહે તો અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો વિકલ્પ હો, એ બધા વિકારના પરિણામ પુદ્‌ગલ છે, તે સંબંધી પોતાના જ્ઞાનનું કાર્ય કરતો થકો પોતાને જાણે છે, રાગને નહિ. સમજાય છે કાંઈ? જુઓ! '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' અર્થાત્ એ વ્યવહાર અને નિમિત્ત સંબંધી પોતાના જ્ઞાનને પોતામાં કાર્યરૂપે કરતો થકો. '**પોતાના આત્માને જાણે છે,...**' વ્યવહારને જાણે છે એ પણ નથી લીધું. સમજાય છે કાંઈ? એ તો એ સંબંધીનું જ્ઞાન પોતાનું અને પોતા સંબંધી પોતાનું જ્ઞાન. સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાયને આત્મા જાણે છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય પોતાની પર્યાય છે, પોતાને જાણે છે, રાગને નથી જાણતો. સમજાય છે કાંઈ? આહાહા..! '**(આત્માના) કર્મપણે કરતો એવો...**' જ્ઞાનને કાર્યરૂપ કરતો. પોતાનું કાર્ય તો ઈ છે કે વ્યવહાર ઉત્પન્ન થાય છે તેનું જ્ઞાન એ પોતાનું કાર્ય છે, રાગ-વ્યવહાર પોતાનું કાર્ય છે જ નહિ. સમજાય છે કાંઈ? '**પોતાના આત્માને જાણે છે...**' ઓહોહો..! ટીકા તે પણ શું.. જુઓ! કહે છે કે એ વ્યવહાર અને દેહની ક્રિયા થઈ તે સંબંધી તે કાળે તે સંબંધી પોતાનું જ્ઞાન, પોતામાં તે સંબંધી પોતાથી પોતામાં થયું. એ પોતામાં થયું એ સ્વપરપ્રકાશક જ્ઞાનને આત્મા જાણે છે, રાગને અને વ્યવહારને નહિ. સેઠી!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પોતાના છે, પોતાના પરિણામ છે. જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ પોતાના છે, પોતાને જાણે છે. કેવળી પોતાને જાણે છે, લોકાલોકને નહિ, એમ કહે છે. આહા..! અરે.. ભગવાન! સાંભળતો ખરો! એ તો પોતાની સર્વજ્ઞ પર્યાય પોતની છે. સર્વજ્ઞપર્યાય-આત્મજ્ઞપર્યાય કહો કે સર્વજ્ઞ કહો, એક જ પર્યાય છે. સર્વજ્ઞપર્યાય તો પોતાનું આત્મસ્વરૂપ સર્વજ્ઞપર્યાય છે. શું પરસ્વરૂપ સર્વજ્ઞપર્યાય છે? સમજાય છે કાંઈ? ૪૭ શક્તિમાં વર્ણન કર્યું છે. ૪૭ શક્તિ છે ને એમાં જુઓ. સર્વજ્ઞપર્યાય જુઓ. ૪૭ છે ને. બારમી છે, જુઓ! નવમી છે.

**'સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને દેખવારૂપે (અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે) પરિણમતા એવા આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ.'** આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ. અહીં સર્વદર્શિમાં ઈ છે. આઠમી શક્તિ પછી. આઠ છે ને? આઠ પછી. આઠ અંક છે. છે ને પાટનીજી! આઠ પછી. આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ. પરદર્શિની અહીં વાત નથી. સર્વદર્શિ એ આત્મદર્શનમયી સર્વદર્શિ છે. એમ સર્વજ્ઞ છે. જુઓ! **'સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ.'** સર્વજ્ઞશક્તિ આત્મજ્ઞાનમયી છે. સમજાય છે કાંઈ? પોતે પોતાની પર્યાયને પોતાથી જાણે છે. એ સર્વજ્ઞસ્વભાવ પર્યાય પોતાની છે. સમજાય છે કાંઈ?

પરમાત્મપ્રકાશમાં દૃષ્ટાંત આપ્યો છે. જેમ સ્વચ્છ જળમાં ચંદ્રમા, તારા ખીલ્યા હોય અને સ્વચ્છ જળમાં નજર પડતાં જળની સ્વચ્છતા અને એમાં જે ચંદ્ર આદિ દેખાય એ દેખે છે, એને જોવા નથી જાવું પડતું. જળની સ્વચ્છતામાં જળની સ્વચ્ચતા, જળ અને ઈ, બધા એની પર્યાયના દેખવામાં આવી જાય છે. નક્ષત્ર અને તારા ભિન્ન એમાં જોવે છે એમ નથી. જળની પર્યાયમાં ઉપર નક્ષત્ર છે તેનું (પ્રતિબિંબ પડે છે), એ જળની પર્યાય છે.

એમ સર્વજ્ઞમાં લોકાલોકની પર્યાય (જણાય) એ પોતાની સર્વજ્ઞપર્યાય છે. આહાહા..! આ તો કહે, સર્વજ્ઞ વ્યવહાર છે, સર્વજ્ઞ વ્યવહાર છે. સાંભળ તો ખરો. એ તો પરને જાણે-દેખે છે એમ કહેવું એ વ્યવહાર છે, પણ સર્વજ્ઞસ્વભાવ તો નિશ્ચય પોતાનો છે. સમજાય છે કાંઈ? દેવચંદજી! બહુ ગડબડ કરે છે. ભગવાન! તારું બહુ નુકસાન થાય છે, પણ ખબર નહિ, ખબર નહિ. અરે..! આવો અવસર મળવો કઠણ છે, પ્રભુ! આવો અવસર વારંવાર નહિ મળે. આહાહા..! છૂટવાનો-ભવનો અભાવ કરવાનો આ ભવ છે. આહાહા..! આ ભવમાં તો ભવનો અભાવ કરવાનો ભવ છે. ભવ કરવાનો ભવ છે? એ તો અનંત કાળથી કર્યા. ગોદિકાજી! આહાહા..! કહે છે, એક-એક શબ્દમાં બહુ ફેર કરી નાખે છે. દૃષ્ટિ ફેર. સર્વજ્ઞપણું વ્યવહારથી છે. અહીં તો (કહ્યું), આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ. આત્મદર્શનમયી સર્વદર્શિશક્તિ. પોતાની શક્તિ, પર્યાય પોતાની પૂર્ણ છે. એમ અહીંયાં કહે છે, જુઓ!

**'કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે...'** જુઓ! વ્યવહારને જાણે છે એમ શબ્દ નથી. પંડિતજી! છે એમાં? પહેલા કહ્યું કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનને, એમ કહ્યું. એ તો સમજાવવા માટે વ્યવહાર છે, વિકલ્પાદિ છે, એ સંબંધી જ્ઞાન, એ સંબંધી જ્ઞાન, પણ એ જ્ઞાન કોનું?-કે પોતાનું. પોતાનું જ્ઞાન છે. પોતાના સ્વરૂપનું જ્ઞાન છે અને એ રાગ સંબંધી જ્ઞાન, પણ એ બેય છે પોતાનું. પોતાના જ્ઞાનરૂપ કર્મને કરતો પોતાને જાણે છે, રાગને-વ્યવહારને નહિ. પરનો કર્તા તો નહિ, વ્યવહારનો કર્તા તો નહિ, પરનો કર્તા તો નહિ, વ્યવહારનો કર્તા તો નહિ પણ વ્યવહારનો જાણનારો પણ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ ભગવાન સ્વપરપ્રકાશક શક્તિ સર્વજ્ઞપણું રાખવાવાળો, એમ જ્યાં અંતરમાં ભાન થયું તો કહે છે કે વ્યવહાર વિકલ્પ આદિનો કર્તા તો આત્મા નથી, પણ એ વિકલ્પનું જાણપણું, વિકલ્પનો જ્ઞાતા વિકલ્પને જાણે છે એમ પણ નહિ. એ પોતાને જાણે છે. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, પ્રભુ! ઓહોહો..! અંતર ચૈતન્યની લીલા, શું ક્રિયા છે એનો પત્તો કોઈ દિ' લીધો નહિ. એમ ને એમ ચાલ્યો. શાસ્ત્રમાં આમ કહ્યું છે ને શાસ્ત્રમાં આમ કહ્યું છે. બધું કહ્યું છે, સાંભળને.

ભગવાનઆત્મા ચૈતન્ય સર્વજ્ઞપ્રભુ, એવી પોતાની શક્તિનો જ્યાં પત્તો લીધો તો પોતાના જ્ઞાતા-દૃષ્ટાનું ભાન થયું, તો કહે છે કે વ્યવહાર છે ને? એ વ્યવહાર કરવો પડે કે નહિ? અરે..! કરવો પડે એ તો છે જ નહિ, પણ એને જાણવો પડે એમ પણ નથી. શેઠ પહેલાં કહેતા હતા. હુકમીચંદજી શેઠ આવ્યા હતા ને? મકાનનું ખાતર્મુહૂર્ત થયું ને. ખાતર્મુહૂર્ત કરીને આવ્યા. પછી કહે, મહારાજ! વ્યવહાર કરવો તો પડે. અરે.. ભગવાન! શું કહે? શું કરવો પડે? એ તો થાય છે. પરની પર્યાય આત્માથી થાય છે? આમ શિલાન્યાસ થયો ને આમ થયું. આત્માથી થયું છે ઈ? એ સમયે એને રાગ આવ્યો તો એ રાગનો કર્તા અજ્ઞાનપણે થાય છે. બસ. ... છે નહિ. પણ રાગથી ભગવાન ભિન્ન પડ્યો અને ભિન્ન પડેલો ભિન્ન વસ્તુનો કર્તા કઈ રીતે થાય? એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! અને ભિન્ન થઈ ગયો ને? ભલે પુદ્‌ગલપરિણામ કહ્યા, પણ એ ભિન્ન ચીજ રહી ગઈ ને? તો ભિન્ન ચીજમાં કર્તા-કર્મનો સંબંધ થઈ શકતો નથી. અભિન્નમાં જ કર્તા-કર્મનો સંબંધ હોય છે. સમજાય છે કાંઈ? વિકારી પરિણામ શુભ-અશુભભાવ જ્યારે ભિન્ન પડી ગયા અને સ્વભાવમાં અભાવ છે અને વિકારમાં સ્વભાવનો અભાવ છે, વ્યવહારમાં નિશ્ચયનો અભાવ છે અને નિશ્ચયમાં વ્યવહારનો અભાવ છે. બે ભિન્ન પડી ગયા. ભિન્ન થયા તો ભિન્નનો કર્તા ભિન્ન અને કર્મ ભિન્ન એમ થઈ શકતું નથી. સમજાય છે કાંઈ? ફક્ત એમ રહ્યું કે તે જ સમયે તે જાણેલો જ્ઞાનની પર્યાય એટલું કામ કરે છે કે જેવો રાગ આવ્યો, એ સંબંધી એટલા પ્રકારનું જ્ઞાન

પોતાને કારણે પોતાને આશ્રયે, પોતના અવલંબનથી, પોતે કર્તા થઈને પોતાનું સાધન બનાવીને પોતાની પર્યાયથી ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

માણસને ભારે કઠણ પડે. આવું આમ. અપવાસ કરી નાખો, પૈસા દઈ દો. એઈ..! પાંચ લાખ આપી દો. લાવને ભાઈ, ધર્મ થાય છે. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને! પાંચ લાખ તારા ક્યાં હતા, એ તો જડના છે. જડ મેં આપ્યા એમ માનવું એ મિથ્યાત્વ ભાવ છે. અજીવનો સ્વામિ થઈને માને કે મેં આપ્યા, મેં આપ્યા, મેં આપ્યા, મેં આપ્યા. તું કોણ? જ્ઞાનસ્વરૂપ. એ જડનો અજીવનો સ્વામિ તું છો કે અજીવને બીજા આપી શકે? અજીવનો માલિક અજીવ છે, તું બીજો માલિક ક્યાંથી આવ્યો? સમજાય છે કાંઈ? એ આવ્યું ને? એ પુસ્તક આવ્યું ને તમારી પાસે? દીપચંદ શેઠિયાનું. એ પુસ્તક નથી આવ્યું? એ પુસ્તક તમારી પાસે આવ્યું છે કે નહિ? એમાં છે ઈ. કેટલામે પાને છે? એઈ..! ૨૨મું પાનું. જુઓ!

'અરે.. કૌન નિકમ્મા જગમેં હૈ જો પરકા કરને જાતા હો,' કોણ નિકમ્માનો અર્થ કામ કર્યા વિનાનું કયુ દ્રવ્ય રહે છે? કામ નામ પર્યાય. સમજાય છે કાંઈ? કોઈ પણ પદાર્થ પર્યાય કર્યા વિનાનો રહે છે? 'અરે.. કૌન નિકમ્મા જગમેં હૈ જો પરકા કરને જાતા હો? સબ અપને અંદર રમતે હૈં, તબ કિસ વિધ કરણ રચાતે હો?' એ પુસ્તક આવ્યું છે ને તમારી પાસે? આવ્યું છે? તમારી પાસે છે ને? દિલ્હી છપાવ્યું છે, દિલ્હી છપાવ્યું છે. ન હોય તો લેતા જાવ અહીંથી. 'વસ્તુકી માલિક વસ્તુ હૈ, વસ્તુકી માલિક વસ્તુ હૈ, જો માલિક હૈ વહી કર્તા હૈ, ફિર માલિકકે માલિક બનકર, ક્યોં નીતિ ન્યાય ગંવાતે હો?' ગોદિકાજી! તમને આપ્યું હતું ને? છે ને ત્યાં? એ શેઠિયા તો તમારે ઘરે આવ્યા હતા. આવ્યા હતા ને? દીપચંદ શેઠિયા તમારા મહેમાન બન્યા હતા. સમજાય છે કાંઈ? 'વસ્તુકી માલિક વસ્તુ હૈ, જો માલિક હૈ વહી કર્તા હૈ, ફિર માલિકકે માલિક બનકર, ક્યોં નીતિ ન્યાય ગંવાતે હો?'

આહાહા..! જડની પર્યાય મેં કરી અને મેં આપી. અરે.. ભગવાન! માલિકનો માલિક તું ક્યાંથી થયો? પર્યાય મેં આપી, પાંચ હજાર મેં આપ્યા, દસ હજાર મેં આપ્યા. મૂઢ છો? પ્રકાશદાસજી! અહીં તો ભઈ સત્ય વાત છે. આહાહા..! ક્યાં ગયા પોપટભાઈ નથી ને? એમ કે આટલા હજારને નિભાવે છીએ. એમ કહે છે ને? ગોવા. ચાલીસ કરોડ રૂપિયા. એંસી કરોડનું એલ્યુમિનિયમ હમણાં નીકળ્યું. ગોવામાં છે ને. એક ગૃહસ્થ છે હમણાં. ચાલીસ કરોડ રૂપિયા રોકડા પડ્યા છે અને એંસી કરોડનું એલ્યુમિનિયમ હમણાં નીકળ્યું. એક અબજ ને વીસ કરોડ. અમે લોકોને નભાવીએ છીએ, લોકો માટે રળીએ છીએ. અમારે માટે કરીએ છીએ? આહાહા..!

અહીં તો એટલું કહ્યું, 'ફિર માલિકકે માલિક બનકર ક્યોં નીતિ ન્યાય ગંવાતે હો?' સમજી લેવું. કેમ નીતિ ન્યાય છોડે છે? સેઠીજી! સેઠીજી તો અમારે પાક્કા છે ને.

**શ્રોતા :-** રાગને પણ જાણે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગને જાણતો નથી, હું તો મને જાણું છું. સેઠીજી! રાગને જાણવામાં તો પર ઉપર લક્ષ ગયું. આહાહા..!

'જો હૈ સો સ્વયં પરિણમતા હૈ, જો હૈ સ્વયં પરિણમતા હૈ, વહ નહીં કિસીસે ટલતા હૈ, વહ માને બિન કલ્યાણ નહીં, કોઈ કૈસે હી કુછ કરતા હો.'

માનો ભલે, પણ આમ માન્યા વિના તારું કલ્યાણ નથી. સમજાય છે કાંઈ? સેઠીજી! આહાહા..! કેટલું લખ્યું છે. આજે જ ભાઈનો લેખ આવ્યો છે ને. ભાઈનો ફોટો આવ્યો છે. ન્યાલચંદભાઈનો. મૃત્યુનો છેલ્લો. ઘણું કામ કરી ગયા. ન્યાલચંદભાઈ, (કલકત્તા). ન્યાલ કામ કરી ચાલ્યા ગયા. સમજાણું કાંઈ? એ ન્યાલચંદભાઈનો ફોટો આજે પ્રેમચંદભાઈ લાવ્યા. ફોટો છે ને? ઓહોહો..! ન્યાલ કામ કરી ગયા. ઓહોહો..! એવું કામ કર્યું છે. અનુભવ કરીને ગયા પણ એટલે અનુભવ ઘટ્ટ કર્યો છે કે ભણકાર મારે છે અલ્પ કાળમાં કેવળજ્ઞાનનો! એવો કોલકરાર કરીને ચાલ્યા ગયા. આહાહા..! ગોદિકાજી! એ આવ્યા હતા ને? દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ છે. જોયું. મરણ સમયનો ફોટો છે. છેલ્લા વખતનો છે. સ્વર્ગમાં ચાલ્યા ગયા. મૃત્યુ વખતે છેલ્લી સ્થિતિ છે. મસાણમાં.. ઓહોહો..! દેહ તો એવો ને એવો. ધ્રુવ, ધ્રુવ બહુ કહેતા હતા. હા, ધ્રુવ કહેતા હતા. કેટલાક નિશ્ચયાભાસી કહેતા હતા એમને. ખબર છે. આહાહા..! અપરિણામી ધ્રુવ. પર્યાય આવો, જાઓ, મારે શું? હું તો ધ્રુવ છું. પર્યાય મારી પાસે પલટો, મારી પાસે પલટો. ધ્યાન હું કરું કે પર્યાય મારું ધ્યાન કરે? હું ધ્યાન કરું? હું તો ધ્રુવ છું. ચિદાનંદ સ્વરૂપ છું.

આત્મદ્રવ્ય લાભ હેતુ પરિણામિક. દ્રવ્ય આત્મલાભ પરિણામઃ. દ્રવ્યના સ્વરૂપની હયાતી, એવો પંચાસ્તિકાયમાં પાઠ છે. ભગવાન દ્રવ્ય, દ્રવ્ય આત્મલાભ હેતુ પરિણામઃ એ દ્રવ્ય આત્મા, આત્માનો અર્થ સ્વરૂપ, દ્રવ્યનું સ્વરૂપ. લાભનો અર્થ હયાતી. સંસ્કૃતમાં ટીકામાં એવો પાઠ પડ્યો છે. પંચાસ્તિકાય. દ્રવ્ય આત્મલાભ હેતુ પરિણામઃ. ત્યાં પર્યાયને લીધી જ નથી. દ્રવ્યના સ્વરૂપની ધ્રુવ હયાતી એ પારિણામિક ભાવ છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? દ્રવ્ય આત્મલાભ હેતુ પરિણામઃ. વસ્તુના સ્વરૂપની ત્રિકાળ હયાતી એ પારિણામિકભાવ છે. દ્રવ્યનું સ્વરૂપ એવું લીધું છે. પર્યાય-ફર્યાયની વાત નથી લીધી. પંચાસ્તિકાય-૫૬મી ગાથા. આહાહા..! એક સમયની પર્યાય તો વ્યવહાર છે. નિશ્ચય તો આ વસ્તુ છે. અહીં તો વ્યવહાર કહે બીજો, અહીં તો પર્યાય જ વ્યવહાર છે. સાંભળ તો ખરો. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા ચૈતન્ય ધ્રુવ બિંબ જ્ઞાયક એવું ભાન થયું, કહે છે કે ભગવાનઆત્મા એ વ્યવહાર સંબંધીનું જ્ઞાન, એ જ્ઞાનને પોતાના કાર્યપણે કરતો થકો, કરતો થકોનો અર્થ એ રાગની અપેક્ષા રાખ્યા વિના પોતામાં જ્ઞાનની પર્યાય પોતાથી નિરપેક્ષ થાય છે. એવો

પોતાને જાણતો થકો. ઓહોહો..! સમજાય છે કાંઈ? પુદ્‌ગલપરિણામના જ્ઞાનને આત્માના કાર્યરૂપે કરતો થકો પોતાના આત્માને જાણે છે. પોતાના આત્માને જાણે છે. કહે છે કે રાગનો, પુણ્યનો, વ્યવહારનો.. એતો પુદ્‌ગલપરિણામ છે, એનું જ્ઞાન, એ સંબંધીનું જ્ઞાન, પણ એ સંબંધીનું જ્ઞાન તો કહેવામાં સમજાવવામાં આવ્યું, પણ એ સંબંધીનું જ્ઞાન પોતાથી પરની અપેક્ષા રાખ્યા વિના એ રાગ છે તો જ્ઞાન થયું એમ પણ નહિ અને રાગનું જ્ઞાન પણ નથી, એ જ્ઞાન પોતાનું જ્ઞાન છે. પોતાનું સ્વનું જ્ઞાન અને પોતાનું પરનું જ્ઞાન, બેય સંબંધી પોતાનું જ્ઞાન તેને જાણતો એ જ્ઞાનની પર્યાયનો કર્તા અને એ જ્ઞાનની પર્યાય કર્મ છે. સમજાય છે કાંઈ? અલૌકિક માર્ગ છે, ભગવાન! નવનીતભાઈ! માખણ છે માખણ. આહાહા..!

અમૃતચંદ્રાચાર્યે તો અમૃત રેડ્યા છે. આહાહા..! ભગવાનને સાક્ષાત્ ઊભા રાખ્યા છે. આમ કેવળી આવા હતા. આત્મા આવો છે. હું જ કેવળી છું, હું અરિહંત છું, હું સિદ્ધ છું, હું સાધુ, પંચ પરમેષ્ઠી હું જ છું.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે ને, પણ એ પોતાનો જ સ્વભાવ છે. અરિહંતની પર્યાય પ્રગટ થશે ક્યાંથી? પોતામાં છે. સમજાય છે કાંઈ? એ પ્રશ્ન ઊઠ્યો છે ને? તત્ત્વાનુશાસન ને? શું કહેવાય ઈ? તત્ત્વાનુશાસન. મહારાજ! તમે અરિહંતનું ધ્યાન કહો છો તો અરિહંત તો પોતે છે નહિ. તો અરિહંતનું ધ્યાન ક્યાંથી આવ્યું? અરહિંતનું ધ્યાન ખોટું થઈ ગયું. સાંભળ તો ખરો. તત્ત્વાનુશાસનમાં છે. અરિહંતનું ધ્યાન કરવાનું કહો છો. અરિહંત તો પોતે છે નહિ. સાંભળ તો ખરો. સર્વજ્ઞ અરિહંતપદ છે ઈ પોતામાં પડ્યું છે. એનું ધ્યાન કરે છે તો હું અરિહંત જ છું. તો પર્યાયમાં શાંતિ મળે છે એ વ્યર્થ જાય છે? સાચું ધ્યાન છે તો શાંતિ મળે છે. અરિહંત જો ન હોય અને ધ્યાન કરતો હોય તો વ્યર્થ જાય, પણ અરિહંત પોતાના સ્વભાવમાં અરિહંત જ આત્મા છે. એનું ધ્યાન કરવાથી 'હું જ અરિહંત છું' એમ એકાગ્ર થવાથી શાંતિ, શ્રદ્ધા, સ્થિરતા, રમણતા, આનંદ થાય છે તો શાંતિનું ફળ છે. અરિહંતનું ધ્યાન સાચું છે. સમજાય છે કાંઈ? સિદ્ધનું ધ્યાન. એમ બધે લેવું. સિદ્ધ કોણ? **'वंदित्तु सव्व सिद्धे'**. પોતાનું સ્વરૂપ જ સિદ્ધસ્વરૂપ છે. એવા સિદ્ધ ભગવાન જે પર્યાય પ્રગટ થવાની છે એ બધી મારી પાસે, હું જ છું. મારી પાસે શું, હું જ ઈ છું. એમ સિદ્ધ ભગવાન પોતાનો સ્વભાવ, એનો બોધ ભાન થયું તો કહે છે કે વ્યવહાર છે ને?-હો. લોકાલોક છે ને કેવળજ્ઞાનમાં? કેવળજ્ઞાન થયું તો લોકાલોક છે ને?-હો, તો શું છે? શું લોકાલોક સંબંધી કેવળજ્ઞાન છે? કેવળજ્ઞાન લોકાલોક સંબંધી છે? એ તો પોતાનું જ્ઞાન છે. સમજાય છે કાંઈ? આત્મજ્ઞાનમયી, આત્મદર્શનમયી સર્વજ્ઞશક્તિ છે. એમ અહીંયાં વ્યવહારનું જ્ઞાન વ્યવહારનું જ્ઞાન છે? - નહિ. જ્ઞાન જેનું છે એનું જ્ઞાન છે કે વ્યવહારનું

છે? વ્યવહારમાં ક્યાં જ્ઞાન છે? એ રાગ તો અજ્ઞાન છે. સમજાય છે કાંઈ? અંધકારનું જ્ઞાન છે? કહ્યું ને? પુદ્‌ગલપરિણામના જ્ઞાનને. એ તો સમજાવ્યું. તે કાળે તે સંબંધી પોતાનું જ્ઞાન થાય છે તે જ્ઞાન, શ્રદ્ધા પોતાનું કાર્ય છે અને એ આત્મા પોતાનું કાર્ય કરે છે, પોતાને જાણે છે. સમજાય છે કાંઈ? જુઓ! આ કર્તા-કર્મ.

‘**તે આત્મા (કર્મ-નોકર્મથી) અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો...**’ જુઓ! તે આત્મા કર્મ નામ પુણ્ય-પાપના પરિણામ અને કર્મ અને નોકર્મ-શરીર, વાણીની અવસ્થા તેનાથી અત્યંત ભિન્ન. ‘**અત્યંત ભિન્ન...**’ ભાષા જુઓ! પહેલાં સાધારણ કહ્યું. અત્યંત અભાવ. અત્યંત અભાવ. અત્યંત અભાવ. વ્યવહારના વિકલ્પનો ભગવાન સ્વભાવમાં અત્યંત અભાવ છે. કહો, સમજાય છે કાંઈ? સેઠીજી! તમારા જયપુરમાં કોઈ દિ’ સાંભળ્યું નહિ હોય. વિચારીને બોલે છે, ઝટ નહિ બોલે. મીઠા માણસ છે. આહાહા..! ભગવાન તો આત્મામાં છે ત્યાંથી નીકળે ને. નહિ હોય તો ક્યાંથી નીકળે? આત્મા છે, ભગવાન! એ ચૈતન્યબિંબ પ્રભુ છે. આહાહા..!

કહે છે, અરે..! આઠ વર્ષની બાલિકા સમ્યગ્દર્શન પામે છે. પોતાને જ જાણે છે. સમજાય છે કાંઈ? એક હજાર જોજનનો મચ્છ ચાર હજાર ગાઉનો લાંબો, સ્વયંભૂરમણ સમુદ્રમાં સમકિતી પંચમ ગુણસ્થાનવાળો, પંચમ ગુણસ્થાનવાળો. ત્યાં તો કોઈ મકાન નથી, પુંજણી નથી, કાંઈ નથી. પીંછી નથી, ત્યાં ભગવાનના દર્શન કરવાનું મંદિર નથી. આહાહા..! કરોડ પૂર્વનું આયુષ્ય છે, પંચમ ગુણસ્થાનવાળા છે. અસંખ્ય શ્રાવક પડ્યા છે. સમજાય છે કાંઈ? અમને તો અમારું જાણપણું છે, હું પરનો નહિ. હું પરનો તો નથી, પણ પરનું જાણપણું મારામાં નથી. આહાહા..! પાટનીજી! પરનો તો હું નથી, પણ પરનું જાણપણું મારામાં નથી. મારું જાણપણું પર અને સ્વ સંબંધી મારું છે, એ તો મારું જાણપણું છે, એને જાણું છું. સમજાય છે કાંઈ?

‘**અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.**’ લ્યો. હવે થોડી વિશેષ વાત કહેશે...

(**શ્રોતા :** પ્રમાણ વચન ગુરુદેવ!)

**આત્મામાં પુણ્ય-પાપ આદિ રાગ-દ્વેષ ભાવ થાય છે તે પોતાના અપરાધથી થાય છે પણ કર્મનો ઉદય કરાવે છે એમ શંકા ન કરવી. ક્રોધ, માન, માયા, લોભ આદિ ઉત્પન્ન થાય છે એ પરદ્રવ્ય ઉપજાવે છે એમ શંકા ન કરવી. અહીં સ્ત્રી-પુત્ર આદિ પરદ્રવ્યની તો વાત પણ નથી પરંતુ અંદરમાં જે કર્મો છે તે આત્માને બળજોરથી રાગ-દ્વેષ કરાવે છે એમ શંકા ન કરવી, આત્મા પોતાના દોષથી રાગ-દ્વેષ કરે છે. ૯૬૬**

**- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

# શ્રી સમયસાર, પરિશિષ્ટ શક્તિ-૧૧-૧૨
# પ્રવચન નં.૫૪૪, તા.૨૧-૬-૧૯૬૮
# (૫)

વસ્તુનું પરિણમન તેનું વેદવારૂપે થાય તે તે શક્તિઓના ગુણનું કાર્ય છે. .. આત્મા કહેવામાં આવે છે. સમજાય છે? આત્મા એક આત્મા, હોં! એક એક આત્મા. વસ્તુ, એમાં અનંત સંખ્યાએ શક્તિઓ-સ્વભાવ (છે), એ તો દ્રવ્ય-ગુણ થયા; પણ તેની દૃષ્ટિ કરતાં, તેનું જ્ઞાન કરતાં, તેમાં રમતા એ અનંત શક્તિઓની પ્રગટતા પર્યાયમાં શુદ્ધતાની પરિણતિરૂપે થાય એ ક્રમે-ક્રમે થાય પર્યાય છે એટલે. ગુણો અક્રમે છે, વસ્તુ પણ એમ એકરૂપ છે. એવા સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનથી આત્માને લક્ષમાં લઈને અનુભવે, એની પર્યાયની નિર્મળતા સહિતના આત્માને આત્મા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ત્યારે એણે આત્મા માન્યો અને જાણ્યો એમ કહેવામાં આવે છે. એવી શક્તિવાળો ભગવાન પોતાને પોતાને પોતારૂપે માન્યો ત્યારે કહેવાય કે એની અનંત શક્તિનું સત્ત્વ છે, એની અંતર એકાગ્ર થતાં જે નિર્મળ અનંત ગુણોની પરિણતિની શુદ્ધતા એક સાથે ઊછળે, ઉદ્ભવે, પ્રગટે, થાય ત્યારે તેણે આત્મા જાણ્યો, આત્મા માન્યો, આત્માને ઓળખ્યો, આત્માનો અનુભવ થયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એમાં દસ શક્તિ વર્ણવી. ૧૧મી ચાલી છે. દાખલો બાકી રહી ગયો છે. આમાં શું વર્ણવે છે વિશેષમાં? સર્વદર્શિ અને સર્વજ્ઞ પર્યાય તો આવી ગઈ છે. આત્માની પર્યાય પરિણત થાય, સર્વદર્શીપણે અને સર્વજ્ઞાનપણે, એવો એનો સ્વભાવ અને શક્તિ છે. હવે અહીં કહે છે કે એ વસ્તુ પોતે અમૂર્ત છે, વસ્તુ પોતે આત્મા અમૂર્ત છે, અરૂપી છે, તો એના પ્રદેશો અસંખ્ય જે ક્ષેત્ર એનું ધામ, ભૂમિ એ પણ અરૂપી અમૂર્ત છે. **એમાં લોકાલોકના મૂર્ત અને અમૂર્તના પદાર્થનું જણાવું થાય એ શું? એ એની સ્વચ્છતાને કારણે (જણાય છે).**

**જીવદ્રવ્યના સ્વચ્છતાના શક્તિના સ્વભાવને કારણે એની પર્યાયમાં, ઉપયોગ એટલે પર્યાય, દ્રવ્ય તો ધ્રુવ દળ પડ્યું છે. સમજાય છે? ધ્રુવ દળ. દળ એવું ને એવું પડ્યું છે. ધ્રુવમાં આ પર્યાય લોકાલોકને જાણે એ કાંઈ ધ્રુવમાં નથી. સમજ્યા? શું થયું? દ્રવ્ય છે તે વસ્તુ છે અને ગુણ છે એ ધ્રુવ શક્તિ છે. પર્યાયમાં-અવસ્થામાં**

**લોકાલોક એ પ્રદેશોની અવસ્થા એટલે દ્રવ્યની જે અવસ્થા એ અમૂર્ત પ્રદેશી હોવા છતાં એમાં મૂર્ત અને અમૂર્ત જે લોકાલોક છે તેનો અહીંયાં પ્રકાશ થવો એ પોતાની સ્વચ્છતાને કારણે પોતાની પર્યાયમાં લોકાલોક જણાય, સ્વચ્છતાને કારણે પ્રકાશમાન થાય છે.** સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? આહાહા..!

**શ્રોતા :-** ઉપયોગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય છે. ઉપયોગ પર્યાય છે. પ્રશ્ન શું છે? ઉપયોગ કહ્યો ને. એ તો સ્વચ્છતાની શક્તિનું પરિણમન, સ્વચ્છતાની શક્તિનું પરિણમન એ પર્યાય. અહીં શુભ-અશુભ ઉપયોગની વાત છે જ નહિ અહીં તો. શુભ-અશુભ ઉપયોગની વાત અહીં છે જ નહિ. એમાં છે જ નહિ પછી પ્રશ્ન ક્યાં?

હવે **અહીંયાં શુદ્ધઉપયોગરૂપે પરિણમન છે એમાં સ્વચ્છતાના પર્યાયનું જે પરિણમન છે- ઉપયોગ, સ્વચ્છતાની પર્યાયને અહીંયાં ઉપયોગ કહેવામાં આવ્યો છે. સમજાય** છે કાંઈ? **એ સ્વ-સ્વચ્છતા નામનો જે ગુણ છે એને, ગુણના ધરનારને આત્માને દૃષ્ટિમાં લેતા એ સ્વચ્છતા ગુણની પર્યાયમાં પરિણમન જે થાય એને અહીંયાં ઉપયોગ કહ્યો છે. એ ઉપયોગમાં લોકાલોકના આકાર અનેક પ્રકારે હોવા છતાં તેના આકારો-પ્રકારો એક ઉપયોગમાં પ્રકાશમાન થાય છે. એક સ્વચ્છતાના વેપારના પર્યાયમાં લોકાલોકના પ્રકાર પ્રકાશમાન થાય છે.** આહાહા..! ધર્મચંદજી! આહાહા..! જુઓ! કેટલા જન્મ્યા દિગંબરમાં તો પણ ખબર નથી. એય..! મલૂકચંદજી! આ તો ઓલા દિગંબરમાં જન્મ્યા છે ને? ભાઈ, ઠપકો પણ ભેગો આવે એ તો. આહાહા..!

અહીં તો કહે છે કે ભગવાન! તારું સામર્થ્ય તો જો. આવી મૂર્ત વસ્તુ જે લોક અને અલોકમાં,.. આત્મા અરૂપી ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ અરૂપી અને પુદ્ગલ રૂપી. જે પાંચ દ્રવ્ય છે એનાથી અનંતગુણા તો રૂપી છે, મૂર્ત છે. શું કીધું સમજાણું? આત્મા અરૂપી એ અનંત છે. આકાશ એક, ધર્માસ્તિક એક, અધર્માસ્તિ એક, કાળ અસંખ્ય. એ છે એ તો ફક્ત અનંત છે, બહુ થોડા અનંત છે. એનાથી અનંતગુણા તો મૂર્ત રજકણો, મૂર્ત રજકણ અનંતગુણા છે. પદાર્થની સંખ્યામાં-દ્રવ્યની સંખ્યામાં. સમજાય છે કાંઈ? ત્યારે કહે છે કે અમૂર્ત આત્મપ્રદેશમાં આવા મૂર્ત જે અનંતગુણા રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા પરમાણુ, એના ગુણો, એની પર્યાય બધી મૂર્ત છે. એ મૂર્તનું પ્રકાશવું અહીં કેમ થાય? અમૂર્તમાં? એમ કહે છે અહીં તો. સમજાય છે કાંઈ?

**પોતે અરૂપી અમૂર્ત એમાં અનંત આત્માઓ તો ભલે અમૂર્ત તરીકે પ્રકાશમાન થાય. સમજ્યા? પણ આત્મા અમૂર્ત, એના અસંખ્ય પ્રદેશ અમૂર્ત. એમાં એ સ્વચ્છતા શક્તિ છે તો એને કારણે એની પર્યાયમાં-એની અવસ્થામાં-હાલતમાં-અરૂપીથી**

**અનંતગુણા મૂર્ત પદાર્થોની હયાતી છે તેનું પ્રકાશવું આવા અમૂર્ત પ્રદેશમાં અને અમૂર્ત પર્યાયમાં થાય છે ઈ શું? એમ કહે છે. એ સ્વચ્છતાને કારણે, એમ કહે છે.** સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા અરૂપી, એના જેવા અરૂપી અનંત આત્માઓ ભલે કહે છે એ તો અરૂપી પ્રકાશે અને એ અરૂપીમાં ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અરૂપી અમૂર્ત, પણ એથી અનંતગુણા દ્રવ્યની સંખ્યા જુઓ તો જગતમાં ઝાઝી સંખ્યા મૂર્ત દ્રવ્યની છે. સમજાણું કાંઈ? દ્રવ્ય ઝાઝા મૂર્ત છે, અજીવ મૂર્ત ઝાઝા છે. અજીવ તો ઓલા ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ કાળને પણ અજીવ કહીએ, પણ એ તો અસંખ્ય જ છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એક કાળ અસંખ્ય. આત્મા અનંત. એથી અનંત અનંતગુણા રજકણોમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ છે એવા બે પરમાણુ, ત્રણ પરમાણુ, અનંત પરમાણુના મૂર્ત સ્કંધો, હવે એ અમૂર્તમાં એનું જ્ઞાન આવે શી રીતે? એમ કહે છે. સમજાણું કાંઈ?

**ભાઈ! ભગવાનઆત્માનો, ચૈતન્યનો સ્વચ્છ એક સ્વભાવ છે. સ્વચ્છ સ્વભાવ છે. નિર્મળ એનો એ સ્વભાવ છે. એ સ્વભાવની પરિણતિ એટલે પર્યાયમાં, પર્યાયમાં હોં! સ્વચ્છ ગુણમાં નહિ, ત્રિકાળ ગુણ છે એ તો. એનો પર્યાયરૂપ જે ઉપયોગ જે અરૂપી સ્વચ્છતાનો ઉપયોગરૂપી પર્યાય, સ્વચ્છતાનો અરૂપી ઉપયોગરૂપી પર્યાય, એમાં રૂપી અનંતગુણા મૂર્ત આદિ અને અમૂર્ત આદિ બધાનું પ્રકાશવું થાય એ સ્વચ્છતાના ગુણને કારણે પર્યાયમાં સ્વચ્છતા છે માટે. સમજાણું કાંઈ? એની એને ખબર ન મળે, કેવડો છે એ. ક્યાં પોતાના પ્રદેશમાં બેઠો બેઠો કહે છે કે પોતાની પરિણતિમાં, સ્વચ્છતામાં લોકાલોકને પ્રકાશે છે. જેમાં મૂર્તપણું નથી એને પ્રકાશે છે અને જેમાં મૂર્તપણું છે એને પોતાની પર્યાયમાં પ્રકાશે છે.** એમ કહે છે અહીં. આહાહા..! સમજાય છે? શક્તિઓનો તો ભંડાર ભરી દીધો છે. આત્મા એક એવી ભગવાન પરમેશ્વર તારામાં એ સ્વચ્છતા નામની શક્તિ છે. જુઓ!

**'અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક (અર્થાત્ અનેક-આકારરૂપ) એવો ઉપયોગ...'** રૂપ પર્યાય. આ પર્યાયની વાત છે ને? **એક ઉપયોગરૂપ અંદર પર્યાય સ્વચ્છતાનો વેપાર, એમાં અનંતા રૂપી અને અરૂપી લોકાલોક ક્ષેત્ર-કાળ ને બધું, જેના સ્વચ્છતાના ઉપયોગમાં પ્રકાશમાન થાય છે, એવો જ એનો સ્વચ્છતાનો ગુણ છે.** સમજાણું કાંઈ? આરે... આરે...!

દાખલો આપે છે. **'જેમ દર્પણની સ્વચ્છત્વ શક્તિથી તેના પર્યાયમાં...'** જુઓ! છે? શેઠી! અરીસો છે. અરીસો તો આમ દળ છે-વસ્તુ. એની વર્તમાન પર્યાયમાં, અરીસાની વર્તમાન પર્યાયમાં, હોં! આ જુઓ ખુબી! સમજાણું કાંઈ? ન્યાલભાઈએ મૂક્યો છે એક શબ્દ.

પુસ્તકમાં. અરીસાનું દળ છે એ તો એમ ને એમ છે. એમ એક શબ્દ મૂક્યો છે ક્યાંક. મગજમાં આવી ગયું. અરીસાનું દળ છે તો એવું ને એવું. એની પર્યાય સ્વચ્છતા એમાં આ બધું કાર્ય થાય છે. સ્વચ્છતા જે આ પર્યાયમાં જણાય અરીસામાં એ એની પર્યાયમાં જણાય, દળમાં નહિ. દળ તો છે ઈ છે. એ દળ તો ખરેખર પર્યાયમાં આવતું નથી. આહાહા..! એક ઠેકાણે છે ખરો શબ્દ. છે, એના પુસ્તકમાં છે. સમજાણું કાંઈ?

વાત એમ જ છે, જુઓને! આ શું કહ્યું? કે **'જેમ દર્પણની સ્વચ્છત્વશક્તિથી તેના પર્યાયમાં...'** એમ **આત્માની સ્વચ્છશક્તિથી એના ઉપયોગમાં, એના પર્યાયરૂપી ઉપયોગમાં. લોકાલોક મૂર્ત અને અમૂર્ત બધું પ્રકાશમાન (થાય) એ એને લઈને નહિ, પણ એનો પોતાનો સ્વભાવ સ્વચ્છતાનો પરિણમનમાં છે, એથી પર્યાયમાં લોકાલોક પ્રકાશે એવી સ્વચ્છતાનું કાર્ય છે.** સમજાણું કાંઈ? આહાહા..!

**'જેમ દર્પણની સ્વચ્છત્વ શક્તિથી...'** છે ને? સ્વચ્છત્વ શક્તિ તો ત્રિકાળ એની છે. અરીસાનું સ્વચ્છપણું, સ્વચ્છપણું ઉજળાપણું. ઉજળાપણું છે ને? પણ એની પર્યાયમાં. અરીસાની સ્વચ્છત્વશક્તિની પર્યાયમાં. આ ઘટપટ કેરી દેખાય કે આ જાંબુ, સામે હોય ને નાળિયેર આદિ એ એની પોતાની પર્યાય છે, એ અરીસાની સ્વચ્છતાની પર્યાય છે. સમજાણું કાંઈ? **પર્યાયમાં વસ્તુ મૂર્ત-અમૂર્ત જણાય, પ્રકાશે ત્યારે એ દ્વારા આખો આત્મા સ્વચ્છશક્તિથી ભરેલો છે એમ એની પ્રતીતમાં આવે.** સમજાણું કાંઈ? વાત તો આ તો ભાઈ... શક્તિ અને શક્તિવાન. આહાહા..!

મહાન પ્રભુ એની એક એક શક્તિ અનંત-અનંત સામર્થ્યવાળી અને અનંત પર્યાયવાળી (છે). સમજાણું કાંઈ? **એ સ્વચ્છત્વ શક્તિ અનંતગુણમાં વ્યાપેલી રહેલી છે. પોતાના જેટલા ગુણ છે એમાં અને એની પર્યાય જે છે એ ઉપયોગ જે છે એ બધી પર્યાયમાં અનંતી પર્યાય એક સમયે પ્રગટે એમાં બધામાં વ્યાપી રહેલ છે.** સમજાણું કાંઈ? અને એ સ્વચ્છત્વશક્તિનું ધ્રુવ ઉપાદાન તો દળ છે, ક્ષણિક ઉપાદાન પર્યાયમાં આ બધું થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવો ધર્મ કેવો હશે આવો! ધર્મ કરવાને આ બધું સમજવું પડતું હશે? હેં ...ભાઈ! સમજ્યા વિના ધર્મ નહિ થાતો હોય? અરે.. ભાઈ! તું પણ કેવડો છો એને જાણ્યા વિના, કરનારો કેવડો એને જાણ્યા વિના કરશે શું ઈ? શેઠી! ધર્મ કરવાવાળો કેવડો-કેટલો-કેમ છે? એની જેને ખબર નથી એ ધર્મની પર્યાય લાવશે ક્યાંથી? પ્રગટ કરશે ક્યાંથી? આહાહા..!

એનામાં પુણ્ય-પાપ, વ્યવહાર રાગ-દ્વેષનો અભાવ છે. **આ સ્વચ્છતાની પર્યાયમાં લોકાલોક જણાય, વ્યવહાર જણાય ખરો, ભાઈ! પણ એનો છે અભાવ એમાં. લોકાલોક અને ઓલો વ્યવહાર રાગાદિ જણાય ખરો, સ્વચ્છતાની પર્યાયનું નિર્મળપણું**

**છે માટે, પણ એમાં વ્યવહાર રાગ આવે એ અને આખા લોકનો એમાં છે અભાવ. એનો એમાં અભાવ છે. એના સંબંધીનું પ્રકાશવું એ પ્રકાશની શક્તિનો સદ્ભાવ** છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એ સ્વચ્છતા નામનો ગુણ છે, એ ગુણનો ધરનાર ગુણી છે, એ ગુણીને અવલંબીને જે પર્યાય પ્રગટ થઈ એ પર્યાય સ્વચ્છ એવી થઈ કે જેમાં લોકાલોક પ્રકાશે એવી એ પર્યાય છે. છતાં એ એક પર્યાય બધાને વ્યાપે છે અને એ પર્યાય બધાને જાણતા એ ચીજોનો એમાં અભાવ છે. એ ચીજોનો એમાં અભાવ છે. એ ચીજો સંબંધીની પોતાની સ્વચ્છતાના ઉપયોગની પર્યાયની અસ્તિ છે. સમજાણું? કહો, પંડિતજી! એવો આત્મા સૂક્ષ્મ છે. લોકોએ ઉપરથી માની લીધું, લ્યો આત્મા ને ચાલો કરો ધર્મ. ક્યાં ધર્મ છે? ધૂળમાંય ધર્મ નથી. પુણ્ય પણ તારું સાચું નથી. સમજાય છે કાંઈ?

આત્મા ભગવાન કોણ છે અને કેટલી શક્તિવાળું સામર્થ્ય છે (એની ખબર નથી). એ વિકાર ને શરીર અને લોકાલોક જ્ઞેયથી રહિત છે, છતાં તે લોકાલોકના પ્રકારો છે તેને જાણવાની પર્યાયના અસ્તિત્વવાળું એ તત્ત્વ છે, એને આત્મા કહીએ. એ સહિતને આત્મા નહિ, એના રહિત અને એના પ્રકારનું જે પોતાનું સ્વચ્છતાની પર્યાયના પ્રકાશવું થાય એ સહિતના આત્માને આત્મા કહીએ. સમજાય છે કાંઈ?

‘**જેમ દર્પણની સ્વચ્છત્વ...**’ સ્વચ્છત્વ. જોયું! સ્વચ્છત્વ છે ને? સ્વચ્છત્વ-પણું. સ્વચ્છપણું. પણું એ ભાવ છે ને એનો. એ આત્માનો સ્વચ્છત્વ એ ભાવ છે. પણું એનો ગુણ છે. એનાપણું, સ્વચ્છત્વપણું એનો ભાવ છે. એવી સ્વચ્છત્વ શક્તિ એ ‘**દર્પણની સ્વચ્છત્વ શક્તિથી તેના પર્યાયમાં...**’ જુઓ! શક્તિથી તેની અવસ્થામાં, દર્પણની હાલતમાં, દર્પણની દશામાં ‘**ઘટપટાદિ પ્રકાશે છે,...**’ એ ઘટપટ એમાં નથી. કેરી અને જાંબુ આમ પડ્યા છે. એ સંબંધી સ્વચ્છતાની પર્યાયમાં, અરીસાની પર્યાયમાં આમ જણાય છે. ત્યાં કેરી ને જાંબુ નથી. નાળિયેરના ત્યાં પાણી નથી. આમ નાળિયેર પડ્યા હોય અને પાણી પડ્યું હોય તો અરીસામાં જણાય કે આ પાણી છે. એ નાળિયેર અને પાણી અરીસામાં નથી. પણ અરીસાની સ્વચ્છતાની પર્યાયમાં એ જાતની સ્વચ્છતાનું પ્રકાશવું પર્યાયમાં થાય એ પોતાની પર્યાય છે. સમજાણું કાંઈ? કહો, આ કેરી દેખાય ને? આમ કેરી પડી હોય ૫૦-૧૦૦. અરીસામાં દેખાય કે નહિ? એ કેરી છે એમાં? કેરી છે એમાં? ધોળવા જાય ને ત્યાં. ત્યાં ક્યાં કેરો હતો? એ તો અરીસાની સ્વચ્છતાની પર્યાયનું પરિણમન તેને પ્રકાશે એવી પર્યાય છે. એ સંબંધીનું પ્રકાશવું એ એની પર્યાય છે. એ વસ્તુ એનામાં છે નહિ.

એમ ભગવાનઆત્મા સ્વચ્છત્વ નામની શક્તિથી એના વર્તમાન ઉપયોગમાં.. ઉપયોગ કીધો ને? ઉપયોગ એટલે પર્યાય. ઓલો દાખલો આપ્યો ને? પોતાની સ્વચ્છતા નામની

શક્તિથી તેનો ધરનાર શક્તિવાન આત્મા, એનો અનુભવ અને પ્રતીત થવાથી એ શક્તિની પર્યાયરૂપી કાર્ય, એમાં લોકાલોક મૂર્ત અને અમૂર્તનો અનેક પ્રકાર જેમાં પરિણમે છે, પ્રકાશમાં પરિણમે છે, પ્રકાશનું રૂપ પરિણમે છે, એ પરનું રૂપ નહિ. સમજાણું કાંઈ? સર્વજ્ઞ સર્વદર્શિ પર્યાય છે. સર્વજ્ઞ અને સર્વદર્શિ પણ પર્યાય છે. પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક સામાન્ય વિશેષ (પ્રકાશે છે એમ) કહ્યું (તો) એ સામાન્ય વિશેષ વસ્તુ ત્યાં આવે છે?

ભગવાનઆત્મા આમ સર્વને દેખવારૂપે પરિણત થયેલી દશા, એમાં બધું લોકાલોક એક સાથે દેખે છે, આમ દેખે છે. એ દેખવાની પર્યાયમાં કાંઈ લોકાલોક આવ્યા નથી. અનંતા સિદ્ધો જણાય તો સિદ્ધ એમાં આવ્યા છે? પરમાણુ પ્રકાશે છે તો પરમાણુ એમાં આવ્યા છે? સાતમી નરક પ્રકાશે તો સાતમી નરક એમાં આવી છે? સર્વદર્શિ અને સર્વજ્ઞજ્ઞાનમાં? **એવડું એનું હોવાપણાનું અસ્તિત્વ એટલું મોટું છે કે જેના સ્વચ્છતાના ઉપયોગની પર્યાયમાં લોકાલોક જણાય-એનું પ્રકાશવું થાય એવી પોતાની પર્યાયનો સ્વભાવ છે, છતાં એ લોકાલોક અને રાગાદિ વ્યવહાર આવે એનાથી અભાવરૂપ સમકિતીનું પરિણમન છે.** સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત આવી.

'**જેમ દર્પણની સ્વચ્છત્વશક્તિથી તેના પર્યાયમાં ઘટપટાદિ...**' જે હોય તે. '**તેમ આત્માની સ્વચ્છત્વશક્તિથી તેના ઉપયોગમાં...**' જોયુંને! **એની પર્યાયમાં, એના વર્તમાન વેપારમાં** '**લોકાલોકના આકારો પ્રકાશે છે.**' કેટલા શબ્દો સ્પષ્ટ કર્યા છે! સમજાણું? લ્યો, એ સ્વચ્છત્વ શક્તિ થઈ. કેટલામી થઈ? ૧૧મી. ઓલાને નામ નહોતું આવડતું. ક્યાં ગયો? ૧૧મી વંચાય છે સ્વચ્છત્વ. નામ? નામ નથી આવડતું. આમ બોલ્યો. .. કઈ શક્તિ ચાલે છે? તો કહે ૧૧મી. નામ? તો કહે, નામ નથી આવડતું. બાળક છે ને એ નવ વર્ષનો. દુલીચંદનો દીકરો છે. દીકરા કોઈના નથી, આત્મા આત્માનો છે. ભારે વાત, ભાઈ! કહેવું આનું અને વળી કહેવું ના. એ વ્યવહારનયના લક્ષણ એવા છે. ૧૧ શક્તિ થઈ.

૧૨મી. બહુ ઊંચી શક્તિ છે, બહુ વાસ્તવિક તત્ત્વ છે આમાં. આત્મામાં એક એવી શક્તિ છે કે આત્મા પ્રત્યક્ષ થઈ શકે એવો એનામાં ગુણ છે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા એમાં એક એવો સ્વસંવેદન ગુણ પ્રકાશ શક્તિ છે. જુઓ! ઓલામાં પ્રકાશ લીધું હતું ને? '**આત્મપ્રદેશોમાં પ્રકાશમાન...**' હવે અહીં લીધું કે સ્વસંવેદનમય પ્રકાશશક્તિ. અહીં પ્રત્યક્ષરૂપી પ્રકાશશક્તિ લેવી છે.

શું કહે છે? આ ભગવાનઆત્મા એમાં એક એવો પ્રકાશ નામનો ગુણ છે કે જે ગુણને કારણે આત્માના દ્રવ્ય, ગુણ અને પર્યાય પ્રત્યક્ષ થાય, પરોક્ષ રહી શકે નહિ એવો એનો સ્વભાવ છે. લ્યો! આ તો કહે છે ને પહેલા પ્રત્યક્ષ ન હોય, પહેલા તો પરોક્ષ હોય. અરે..! સાંભળ તો ખરો. તારા આત્મામાં પ્રત્યક્ષ નામનો ગુણ ત્રિકાળ છે. એ પ્રત્યક્ષ ગુણના ધરનાર

આત્માને દૃષ્ટિમાં લેતા, સમ્યગ્દર્શન થતાં એ શક્તિનું તત્ત્વ આત્મા અને શક્તિ પર્યાય, બધી રાગના અપેક્ષા વિના, મનની અપેક્ષા વિના પ્રત્યક્ષ થાય એવો જ એનો સ્વભાવ છે. આહાહા..! મતિ શ્રુતજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ થાય એવો એનો સ્વભાવ છે, એમ કહે છે. સમજ્યા? પંડિતજી! આહાહા..!

એની શક્તિ અથવા એનો ગુણ, એનો ગુણ એવો છે કે પ્રત્યક્ષ થવું એ જ એનો ગુણ છે. તો એ ગુણનો ગુણ એટલે કાર્ય આત્માને આમ પોતે પ્રત્યક્ષ જાણે, મતિ-શ્રુતજ્ઞાન દ્વારા, નીચે રાગની અપેક્ષા રાખ્યા વિના (પ્રત્યક્ષ જાણે). તેથી કહે છે, જુઓ! '**સ્વયં...**' શબ્દ પહેલો પડ્યો છે. છે? સ્વયં એટલે પરની અપેક્ષા રાખ્યા વિના. સમજાણું કાંઈ? મનની કે રાગની મંદતાની કે વિકલ્પની અપેક્ષા રાખ્યા વિના સ્વયં પોતાની મેળાએ પોતે પ્રકાશે એવો જ એનામાં સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ-ગુણ રહેલો છે. આહાહા..! શેઠી! શ્વાસ નીકળી જાય એવું છે. શ્વાસ લીધો હમણાં થોડો. વાત એવી છે ને એટલે જરી. એવી વાત છે. આહાહા..!

કહે છે, ભગવાન! તારો આત્મા માન્યો ત્યારે કહેવાય, તેં આત્મા માન્યો છે અસ્તિ તરીકે, અસ્તિ તરીકે, આસ્તિક્ય તરીકે, એ ત્યારે માન્યો કહેવાય કે એનામાં એ પ્રત્યક્ષ થવાનો ગુણ છે અને એ પ્રત્યક્ષ ગુણનો ધરનાર આત્મા ત્યારે માન્યો કહેવાય કે તને પર્યાયમાં તે પ્રત્યક્ષ થાય. સ્વસંવેદનમાં આત્મા પ્રત્યક્ષ થાય, પરોક્ષ રહી શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**સ્વયં પ્રકાશમાન...**' એક શબ્દ પહેલો. સ્વયં પ્રકાશમાન-પોતાની મેળાએ પ્રકાશતી શક્તિ, કેવી? '**વિશદ...**' વિશદ '**(સ્પષ્ટ)...**' પ્રગટ. જેવું સ્વરૂપ છે આત્માનું એવું પ્રત્યક્ષ થઈ જાય એવો એનો ગુણ છે. એ ગુણના ધરનારને માન્યો અને પ્રત્યક્ષ ન થાય તો એને ગુણના ધરનારને માન્યો નથી. સમજાણું કાંઈ? આહાહા..! ગજબ વાત છે ને! જુઓને! દિગંબર સંતો આત્માની આસ્તિક્યતાના ફળમાં શું આવે એ બતાવે છે. આત્મા છે એમ જેણે માન્યો હોય, એને માન્યતામાં આત્મા પ્રત્યક્ષ થાય એવું એણે માન્યું ત્યારે એ પ્રત્યક્ષ થાય જ. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા... જુઓ! અહીં તો પરોક્ષપણું એમાં રહેવું એવો એનો ગુણ પણ નથી. એ તો ગુણનું કાર્ય નહિ. એમ કહે છે. આહાહા..! એ સંતાઈને પડ્યો રહે આત્મા એવો એનામાં ગુણ નથી. કહે છે. શેઠી! આહાહા..! ભગવાન! તારામાં એવો ગુણ છે. ભગવાને જોયો છે, ભગવાને પ્રગટ કર્યો છે. એવો તારામાં એક ગુણ છે કે સ્વયં પ્રકાશમાન-પોતે પોતાથી સ્વયં પ્રકાશમાન (થાય), રાગ ને નિમિત્ત ને મનની અપેક્ષા રાખ્યા વિના. અથવા બીજી રીતે કહીએ તો પહેલું જે કાંઈ સાંભળ્યાનો ખ્યાલ હોય ને જ્ઞાનમાં... સ્વયં શબ્દ

મૂક્યો છે ને? પહેલું સાંભળ્યું હોય છે ને કે આત્મા આવો છે ને તેવો છે, એવું જે પરલક્ષી જ્ઞાન છે, એની અપેક્ષા રાખ્યા વિના સ્વયં પ્રકાશમાન આત્મા છે એવો એનો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઓહોહો..! શું પણ શક્તિનું વર્ણન! આહાહા..!

આ ભરત ક્ષેત્રમાં આ વર્ણન દિગંબર સંતોએ કહ્યું. બાકી ક્યાંય હોઈ શકે નહિ. કેમ કે વસ્તુનું સ્વરૂપ જેવું છે એવું અનુભવ્યું હતું, જાણ્યું હતું અને કેવળીઓએ કહેલું એ અનુભવમાં આવ્યું હતું. એટલે આત્માનું વર્ણન કરવાને સમર્થ થયા. એ અધિકારી છે આત્માનું વર્ણન કરવાને. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એનો એક ગુણ એવો છે... માણસ નથી કહેતા? સાકરનો ગુણ મીઠો, કાળીજીરીનો કડવો, ફલાણાનો આવો, એમ તારો એક ગુણ એવો છે કે ગુણનો ધરનાર જે આત્મા, એની આસ્થા તને થાય એ આસ્થા પ્રત્યક્ષ જ્ઞાનથી થાય એવો એનામાં ગુણ છે. સમજાણું કાંઈ? કહો, ખેતશીભાઈ! શું છે પણ આ? આહાહા..! ભગવાનઆત્મા આ રજકણોથી પાર, કર્મથી પાર અને પુણ્ય-પાપના રાગથી ભિન્ન, પણ એના પ્રત્યક્ષ થવાના ગુણથી આત્મા અભિન્ન. સમજાણું કાંઈ? આહાહા..!

**શ્રોતા** :- પોતાના ગુણ, દ્રવ્યથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ આ પ્રત્યક્ષ ગુણના કાર્ય-કારણથી અભિન્ન. આહાહા..!

**શ્રોતા** :- શ્રદ્ધાએ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ અત્યારે નહિ.. એ સાથે શ્રદ્ધા એ તો જ્ઞાનનું પ્રત્યક્ષપણું થાય ત્યારે એની પ્રતીત સાથે થાય છે. પહેલી શ્રદ્ધા થઈ એ શ્રદ્ધા નથી. સ્વયં પ્રકાશમાન વેદન થાય, એમાં જે શ્રદ્ધા થાય તેને સમ્યગ્દર્શન કહે છે. પ્રત્યક્ષ થઈને શ્રદ્ધા થાય તેને સમ્યગ્દર્શન કહે છે. એમ છે આ. સમજાણું કાંઈ? આહાહા..! બરાબર આવી ગયા હોં, પંડિતજી! ભાગ્યશાળી તો ખરા. એવી વસ્તુ છે, વસ્તુ એવી છે.

જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે જૈનદર્શન. વીતરાગમાર્ગ કોઈ સંપ્રદાય નથી, પક્ષ નથી, એ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. ભાઈ! તારું સ્વરૂપ જ એવું છે કે વીતરાગ સ્વભાવથી ભરેલો તું છો. ત્યારે વીતરાગતા ભરેલી હોય તે પ્રગટે છે. તો વીતરાગતા ભરેલું જૈન સ્વરૂપ એનું છે. એની દૃષ્ટિ કરતાં પર્યાયમાં વીતરાગતા પ્રગટે અને એની પર્યાયમાં આ પ્રત્યક્ષ આત્મા થાય.. આહાહા..! '**पस्सदि जिणसासणं सव्वं**'. એ ઉપયોગ ભાવોપયોગને ગણ્યો છે ને ત્યાં? શુદ્ધોપયોગને જૈનશાસન ગણ્યું છે, લ્યો! ઓહોહો..! શું કથની એની! પૂર્વાપર જુઓ તો જ્યાં હોય ત્યાં એક પ્રકાશ ઊભો થાય છે.

ભગવાનઆત્મા પરથી અબદ્ધસ્પૃષ્ટ આદિ છે એવો જે ઉપયોગ થવો ભાવશ્રુતમાં, એને ત્યાં જૈનશાસન કહ્યું છે. જૈનશાસન કાંઈ આત્માની પર્યાયથી બહાર વર્તે એમ નથી. જૈનશાસન કાંઈ મંદિરમાં વર્તે છે અને શરીરની ક્રિયામાં વર્તે છે અને દયા-દાનના પરિણામમાં વર્તે છે,

એ જૈનશાસન ત્યાં વર્તતું જ નથી એમ કહે છે. તે પણ નિર્મળ ઉપયોગરૂપી ભાવશ્રુતની પર્યાય તેને જૈનશાસન કહે છે.

અહીં તો યાદ શું આવ્યું? આ પ્રત્યક્ષ છે ને, તો ભાવશ્રુત છે એ પ્રત્યક્ષ થાય છે. મતિ અને શ્રુતજ્ઞાન આત્માને પકડતા પ્રત્યક્ષ થાય છે. સમજાણું કાંઈ? ભાવશ્રુત ઉપયોગને કહ્યું છે ને ત્યાં જૈનશાસન! એનો અર્થ જ એ થયો કે પ્રત્યક્ષ થયેલો ઉપયોગ આખું દ્રવ્ય આ અબદ્ધસ્પૃષ્ટ છે એમ જે અનુભવ થયો એ જૈનશાસન. એમાં તકરારું કરે છે. અરેરે..! એવું ન હોય. આ બધું ક્યાં ગયું? બંધ ને.. હવે સાંભળને, ભગવાન! આહાહા..! ભાઈ! એમાં એનો અભાવ છે એવું એમાં જ્ઞાન થઈ ગયું છે. ભેદ ને બદ્ધ ને ફલાણું છે ને એ એમાં અભાવ છે એવું જ્ઞાન થઈ ગયું છે. આહાહા..!

આવ્યું છે ને.. નહિ? જુગલ કિશોરનું ઘણા વખતથી લખેલું બહાર પાડ્યું છે હમણાં. (સંવત) ૨૦૧૦ની સાલમાં આવ્યું હતું. ભાઈ! તેં તને સાંભળ્યો નથી, તેં નથી જોયો તને, તેં નથી જાણ્યો તને, તારું અસ્તિપણું કર્તામાં કેવડું અસ્તિપણું આવે એવી તને ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે, ભગવાનઆત્મામાં પ્રકાશ નામનો ગુણ છે કે જે પ્રકાશ સ્વયં પ્રકાશે, વિશદ પ્રકાશે, સ્પષ્ટ પ્રકાશે. સમજાણું?

'**સ્વયં પ્રકાશમાન વિશદ (-સ્પષ્ટ)...**' સ્પષ્ટ એટલે પ્રત્યક્ષ '**એવા સ્વસંવેદનમયી...**' એવા સ્વસંવેદનમયી. સ્વ ભગવાનઆત્મા જ્ઞાનાનંદ, એનું સ્વનું સંવેદન પ્રત્યક્ષ થઈને વેદન થવું એવો એનામાં એક પ્રકાશ નામનો ગુણ છે. ભારે વાતું લાગે. માણસને આમ તો મોટી મોટી વાતું લાગે. ભાઈ! મોટી નથી, પ્રભુ! એ તારા ઘરની નાનામાં નાની શરૂઆત અહીંથી થાય છે. સમજાણું કાંઈ? પણ જેને એ વાતની ખબર પણ ન મળે એ પ્રયોગ કરે શી રીતે? ક્યાં જોડવું છે અને ક્યાંથી તોડવું છે એની ખબર ન મળે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, જેટલી શક્તિઓ આત્મામાં છે અને એ શક્તિનો પિંડ જે દ્રવ્ય છે, એનામાં એક શક્તિ એવી છે અને બધી શક્તિમાં એ શક્તિ વ્યાપી છે આ પ્રકાશશક્તિ. તેથી તે પ્રકાશ શક્તિનો ધરનાર ભગવાનઆત્મા એને લક્ષમાં લેતાં, દૃષ્ટિમાં લેતાં, એમાં સ્થિર થતાં એ પ્રત્યક્ષ થાય છે. રાગના અવલંબન વિના સીધો મતિ-શ્રુતજ્ઞાન દ્વારા આત્માને પ્રત્યક્ષ થાય એવો જ એનામાં ગુણ છે. પંડિતજી! ભારે વાતું, ભાઈ! પણ આમાં ઓલું ઉડી જાય છે. આ જાત્રા ને મહાવ્રત ને ભક્તિ. બાપુ! એ સંબંધીનું જ્ઞાન, એ વસ્તુ એમાં નથી આવતી, પણ એ સંબંધીનું જ્ઞાન અને જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થવું તે તેનું કાર્ય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**સ્વયં...**' શું પણ આચાર્યોએ કામ કર્યા છે તે કોઈ ગજબ કર્યા છે! કેવળજ્ઞાનને ઉતાર્યા

છે હેઠે! કેવળજ્ઞાનને બોલાવે છે. આવે છે ને? મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે, એવું આવે છે શાસ્ત્રમાં. ચાલ્યું આવ... ચાલ્યું આવ. મતિ-શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ થયેલું કેવળજ્ઞાનને બોલાવે છે એમ પાઠ છે. ચાલ્યું આવ... ચાલ્યું આવ, હવે ચાલ્યું આવ્યું. .. હવે. ખાનગી હવે રહી શકાશે નહિ. એ કેવળજ્ઞાન અપ્રત્યક્ષ નહિ રહી શકે, પ્રત્યક્ષ થઈ જશે. આહાહા..! એવો પાઠ છે ધવલમાં, મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. બોલાવે છે. કેમ? કે સમ્યક્ પ્રત્યક્ષ જ્ઞાન થયું એ પ્રત્યક્ષ કેવળજ્ઞાન થયા વિના રહેશે જ નહિ. અલ્પ કાળમાં કેવળજ્ઞાન (થશે). એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક ઝળહળ જ્યોતિ. સમજાણું કાંઈ?

આ ૧૨મી શક્તિ. '**સ્વયં પ્રકાશમાન...**' સ્વયં પ્રકાશમાન '**વિશદ (સ્પષ્ટ)...**' અસ્પષ્ટ રહે એવો એનો સ્વભાવ જ નથી, કહે છે. આહાહા..! ભગવાનઆત્મા અને એની અનંતી શક્તિઓ અને એની અનંતી પર્યાય વિશદ્ પ્રત્યક્ષ થાય એવો જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનની વર્તમાન દશા, રાગનું લક્ષ ને પૂર્વના ધારણાના પક્ષ વિના અંતરમાં એકાકાર થતાં આત્મા પ્રત્યક્ષ થઈ જાય છે. ચોથે ગુણસ્થાને મતિ-શ્રુતજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ થાય એવો એનો સ્વભાવ છે, એમ કહે છે. એય..! જગુભાઈ! આહાહા..! અને પ્રત્યક્ષ થાય તે પૂર્ણ પ્રત્યક્ષનું સાધન કરીને પ્રત્યક્ષરૂપે પરિણમી જાય. સમજાણું કાંઈ? પરોક્ષ સાધન નહિ રહે ત્યાં, એમ કહે છે.

એકલો ભગવાન સર્વજ્ઞે જોયો, એવો કહ્યો, એવો છે. આવડો આત્મા છે કે જે આત્મા પોતે પ્રત્યક્ષ થાય એવો એનો ગુણ છે. એવા ગુણવાળાને આત્મા માને ત્યારે એણે આત્મા માન્યો કહેવાય. આહાહા..! પણ અનાદિથી પરોક્ષ છે. એ પરોક્ષ છે એ આત્મા કહેવાય? કહે છે અહીં. આહાહા..! સમજાણું કાંઈ? શેઠી! પ્રત્યક્ષ થાય તો જ આત્માની આસ્થા થઈ, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાને તો દરિયો ઉલેચી નાખ્યો છે આખો. 'સહેજે સમુદ્ર ઉલસ્યો જેમાં રતન તણાણા જાય, ભાગ્યવાન કર વાવરે એની મોતીયે મુઠ્ઠીયું ભરાય.' ભાગ્યવાન જ મુઠ્ઠી મારી શકે અંદર. અહીં ઓલાની તો વાત જ નથી.

કહું તે પ્રમાણ કરજે, હોં! આહાહા..! હું પરથી ભિન્ન પાડું ને ભગવાન! તને સંભળાવું ને તો પ્રમાણ કરજે, હોં! આહાહા..! આચાર્યનું પાંચમી ગાથામાં આવે છે ને, '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' એટલું તો કહ્યું સામાન્ય. '**जदि दाएज्ज**' દેખાડવાનું આવે તો પ્રમાણ કરજે. અનુભવથી પ્રમાણ કરજે એમ કીધું છે ને ભાઈ ત્યાં? આહાહા..! શૈલી તો જુઓ, એ શૈલી તો જુઓ! તારા જ્ઞાનમાં પ્રત્યક્ષપણું આવે, આ આત્મા અમે કહ્યો હતો એવો અમે જાણ્યો. એમ અનુભવમાં આવે એમ પ્રમાણ કરજે. કેમકે અનુભવમાં આવે એવી એનામાં તાકાત છે. સમજાણું કાંઈ? એવો આત્મા તને અમે કહ્યો છે અને કહ્યો છે એ તું તારા પ્રમાણ વડે કરીને જો અંદર. પ્રત્યક્ષ તને ખ્યાલ આવશે કે આત્મા અનુભવમાં

આવો જ છે. શુદ્ધ પ્રત્યક્ષ થઈ શકે એવું એનું સ્વરૂપ છે અને પ્રત્યક્ષ જ સ્વરૂપ છે. અપ્રગટ રહે અને અવિશદ રહે અથવા સ્પષ્ટ ન થાય એવો એનો કોઈ ગુણ નથી. આહાહા..! અને એ ગુણના ધરનાર ભગવાનઆત્માને જ્યાં શ્રદ્ધામાં, જ્ઞાનમાં લીધો, હવે એ કહે છે કે પરોક્ષ કેમ રહી શકે? એનો ગુણ જ નથી એવો. આહાહા..! બેસતું નથી. હવે આત્મા-આત્મા કહે, અમે આત્મા માનીએ. આત્મા આમ ન થાય, આત્માને શુભભાવથી ધર્મ થાય. અરે..! ભગવાન! તને આત્માની ખબર નથી. દયા, દાન, વ્રત, ભક્તિ પરિણામ શુભ કરે ને પછી એને ધર્મનું કારણ થાય. ભાઈ! એનામાં નથી એ એનું કારણ ન થાય. તને આત્માની ખબર નથી આત્મા કેવડો છે ઈ. આહાહા..! સમજાણું કાંઈ?

એ આત્મા એવડો છે, પ્રભુ! કે એ તો પ્રત્યક્ષ થઈ શકે સ્વયં પ્રકાશમાન થઈને, વિશદ થઈને. સ્વસંવેદનમયી સ્વસંવેદનમયી એવા '**(-સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ.**' છે. આહાહા...! સમજાણું કાંઈ? આ ઘેર બેઠા સમજાય એવું નથી, નહિ? ગુણવંતભાઈ! ઘરે બેઠા તો બહુ વાંચે. આ તો લખ્યું છે, હવે આપણે વાંચશું ઘરે. આ તો .. પુસ્તક થઈ ગયું છે ને હમણાં? **બાપુ! એ લખેલું એમાં કહેલું સાંભળવું અને સીધું સાંભળવામાં મોટો ફેર છે.** સમજાણું કાંઈ?

ભાઈ! તું આત્મા છો અને અનંત શક્તિઓનો ભંડાર છે આત્મા. એમાં એક શક્તિ એવી છે, એ શક્તિ એક એવી છે કે સ્વયં પ્રકાશમાન પ્રત્યક્ષ થઈને સ્વસંવેદન થાય એવો તેનો એક ગુણ છે. એ ગુણનું કાર્ય પ્રત્યક્ષ થવું પર્યાયમાં. પર્યાયથી પ્રત્યક્ષ થાય છે ને. ગુણ તો છે એ છે. ગુણ તો સ્વયં પ્રકાશમાન પ્રત્યક્ષ થવું એ ગુણ છે એ તો, પણ ગુણનું કાર્ય તો પર્યાયમાં આવે છે. કારણ કે ગુણનો સ્વીકાર્યો જ્યારે ત્યારે એનો સ્વીકાર થયો એટલે પર્યાયમાં કાર્ય થયું. એટલે ત્યાં મતિ અને શ્રુતજ્ઞાનના પ્રત્યક્ષ દ્વારા આત્મા જાણે છે એને આત્મા કહેવાય અને એવા ગુણવાળાને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બહુ જબર શક્તિ! ઓહોહો..! સર્વદર્શિ સ્થાપી, સર્વજ્ઞ સ્થાપી, સ્વચ્છતા સ્થાપી. એના પછી પ્રકાશપણું લીધું. આહાહા..! એ સ્વચ્છતાનું તને વેદન થાય છે. સમજાણું કાંઈ? નીકળતા નીકળે એટલું આવે. એ વસ્તુ કહે છે, પ્રભુ આત્મા, એની આસ્થા. 'આ છે' એવી પ્રતીત ક્યારે કહેવાય? કે એ આત્મામાં આવા અનંત ગુણમાં એક પ્રકાશ નામનો જે ગુણ છે, એનાથી આત્મા પ્રત્યક્ષ થઈ શકે એવી એનામાં પર્યાય થાય છે. ગુણની પર્યાય. ગુણ અને ગુણના ધરનારનો સ્વીકાર થયો તો ગુણ છે એ ધ્રુવ ઉપાદાન છે. સમજાણું કાંઈ? પણ એનું પર્યાયનું પરિણમન જે પ્રકાશ પ્રત્યક્ષ થવું એ પર્યાયમાં ક્ષણિક ઉપાદાન પોતાથી પોતાને લઈને થાય છે. સમજાણું કાંઈ?

એવો આત્મા એ સ્વચ્છત્વ શક્તિ, પ્રકાશશક્તિથી એનું કર્તાપણું પોતાને લઈને છે. સ્વયં

કીધું ને? એ પોતાને લઈને સ્વસંવેદન પ્રત્યક્ષ થાય. કર્તા પોતે થઈને શક્તિ (પરિણમે છે). પ્રકાશમાં કર્તા નામનો ભાવ છે, એ ભાવ વડે પોતે જ પ્રત્યક્ષપણે પરિણમે એવો એનો ભાવ છે. સ્વયં કીધું ને? એટલે પછી પરની અપેક્ષા રહી નહિ. કર્તાપણે થઈને. એનું કાર્ય, કર્મ એટલે કાર્ય જ એવું છે. કર્મ શક્તિ એવી છે કે એનું કાર્ય પ્રત્યક્ષ થવું એવું જ એનું કાર્ય છે અને એ કાર્ય પ્રત્યક્ષ થાય એનું સાધન પણ પોતે પ્રત્યક્ષ થવાનું સાધન પણ પોતામાં ને પોતામાં છે. એ પ્રત્યક્ષ થવાના સાધનમાં કોઈ રાગને, પરને સાંભળ્યું છે માટે પ્રત્યક્ષ થાય છે એવો એ પ્રકાશગુણ છે નહિ. સમજાણું કાંઈ?

એ પ્રકાશને પ્રકાશવામાં પ્રત્યક્ષ થવામાં કોઈનો આધાર છે?-ના. એ તો પોતે પોતાને આધારે પ્રકાશે છે. પ્રકાશીને પોતે પોતામાં પોતાને કારણે પ્રકાશીને પોતામાં પરિણમી રહી છે. દાન પોતે પોતાને આપે છે. કાંઈક આવું થયું તો બીજાને કાંઈ દયો ને, દયો ને કાંઈક, કહે છે. બીજાને શું દે? ક્યાં એમાં હતું તે દે બીજાને! એમ કહે છે અહીં. પોતાનો સ્વસંવેદન અનુભવ પ્રત્યક્ષ થયો એ પોતે રાખ્યો અને પોતે દીધો. લેનાર પણ પોતે, પાત્ર પણ પોતે અને દાતાર પણ પોતે. સમજાણું કાંઈ?

**‘સ્વયં પ્રકાશમાન વિશદ (-સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી (-સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ.’** આ શું વાત કરતા હશે? આ વાંચીને આમાંથી શું કાઢતા હશે? દ્રવ્ય જ આવું છે ત્યાં પછી પ્રશ્ન શું થયો? આહાહા..! અરે..! ખબર ન મળે. રાગ એમાં હતો જ ક્યાં? મહાવ્રતના પરિણામ પણ આત્મામાં ક્યાં છે? એ તો આસ્રવતત્ત્વ, રાગતત્ત્વ છે. આ તત્ત્વ એનામાં છે. એ તત્ત્વ તો એનામાં નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? શું કરે? એ એની ચીજની મહત્તા અને એમાં શું-શું મહિમા છે એની એને ખબર નથી. અમહિમાવાળી ચીજને આધાર બનાવી અને એને કર્તા બનાવીને કાંઈ કાર્ય આત્મામાં થાય, એમ માને છે. માને છે હોં! થાતો નથી. સમજાણું કાંઈ? એ દીપચંદજી! એવી વાત છે. આહાહા..! સમજ્યા વિના થઈ જાવ દિગંબર. કપડા છોડી દો. શું મૂઢ છે? હજી વસ્તુ શું છે? જેને સાધવો છે અને જેને સાધ્ય કરવો છે એ કેવડો અને ક્યાં ને કેમ છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? થઈ જાવ દિગંબર અને લૂગડા ફેરવો. લૂગડા ક્યાં ગરી ગયા છે અંદર? રાગ છોડ. રાગ પણ ક્યાં ગર્યો હતો તો રાગ છોડે? છોડવો છે કે દિ'? એય..!

અહીં તો વસ્તુ જે છે એમાં અનંત ગુણ છે તેને ગ્રહવો એટલે આશ્રય કરવો. બસ, આ વાત છે. રાગાદિ એનામાં નથી એટલે નથીનું પરિણમન ઊભું રહે છે. અસ્તિનું પરિણમન આમ થતાં, જ્ઞાનનું પરિણમન આમ થતાં, રાગાદિના વૈરાગ્યનું એટલે અભાવનું પરિણમન સાથે વર્તે છે. નિર્જરામાં કીધું ને? જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ. જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ એટલે એ સાથે જ હોય છે. આવો આત્મા પરિપૂર્ણ પ્રત્યક્ષ થઈ શકે એવો જે શક્તિવાળો,

એનું જે અસ્તિપણાનું પ્રત્યક્ષમાં ભાન થયું, એમાં પછી રાગાદિ એમાં નથી એવું જ્ઞાન એનામાં આવી જાય છે. વ્યવહાર એમાં નથી, પરોક્ષપણું રહેવું એનામાં નથી, એમ કહે છે. આહાહા..! પરોક્ષપણે રહે એવો જે ભાવ એ પ્રત્યક્ષપણામાં અભાવ છે. આહાહા..! વાહ રે ભગવાન.. વાહ! પણ એને કહ્યું છે ને. જુઓ! એ કઈ શૈલીએ... વસ્તુને મૂકવાની પદ્ધતિ કેવી છે! અનુભવ થાય, વસ્તુ થાય પણ એક એની રીતની પદ્ધતિમાં આત્મા કેવો છે એના ખ્યાલમાં આવી જાય એવી શૈલી છે. દિગંબર સંતો સિવાય આ વાત બીજે ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આવો આત્મા. આત્મા-આત્મા કરે અને આત્મા કેવો છે એની ખબર ન મળે. માનો આને. લ્યો!

એક ઓરડામાં પાનાચંદ બેઠો હોય અને પછી કહે કે એલા લક્ષ્મીચંદ ત્યાં બેઠો છે, જુઓ. જ્યાં જુએ ત્યાં તો પાનાચંદને લક્ષ્મીચંદ ઠરાવ્યો. કારણ કે ત્યાં બેઠો છે એમ કીધું ને. પણ લક્ષ્મીચંદ ઓરડીમાં બેઠો છે અંદર. શું કહેવાય આ? કપાટ. ઝીણા કાણા હતા ને એમાં બેઠો હતો. જોયો એને અને માન્યો. પણ ઓલો છે એ લક્ષ્મીચંદ ક્યાં છે એની તો ખબર ન મળે એને. એમ લક્ષ્મીનો ધરનાર ભગવાન ક્યાં છે અંદરમાં એની તો ખબર ન મળે. જોયો રાગ ને શરીર ને વાણી એને જોયું અને એને માન્યો કે આ આત્મા. આ રાગનો કરનાર તે આત્મા. પુણ્યનો કરનાર તે આત્મા. ફલાણો કરનાર આત્મા. અરે..! એ આત્મા નહિ, સાંભળને! એ તો વળી સ્થૂળ થઈ ગયું. હાલે-ચાલે તે આત્મા. અહીં તો કહે, પુણ્ય કરે તે આત્મા, કહે ના. એ આત્મા નહિ. આત્મા પ્રત્યક્ષ ન થાય, પરોક્ષ રહે તે આત્મા. તો કહે છે, એ આત્મા નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

જે રીતે જેને ઓળખવો જોઈએ એ ઓળખાણ ન કરે એટલે પછી ક્યાંકનું ક્યાંક એને માની લે. ગોતવા ગયા લક્ષ્મીચંદ અને મળી ગયો પાનાચંદ. માન્યું કે ત્યાં ઓરડામાં છે. તો ઓરડામાં જાણ્યું કે આ છે, પણ એ ઓલો લક્ષ્મીચંદ ઓરડામાં છે એ ગરી ગયો છે અંદર કબાટમાં. અને આ એક બેઠો છે બહાર. એને તું માને લક્ષ્મીચંદ તો છેતરાઈ જઈશ. સમજાણું કાંઈ? આત્મા આમ ભગવાને કહ્યો પરમેશ્વરે. આત્મા. આત્મા છે એવો તો જણાણો નહિ. રાગ કરે છે, દ્વેષ કરે છે, પુણ્ય કરે છે એ આત્મા. અને આ આત્મા ખ્યાલમાં આવે છે કે નહિ? આ આત્મા છે. એ પરોક્ષ જે ખ્યાલમાં આવ્યો એ આત્મા. એ આત્મા નહિ. પંડિતજી! આહાહા..! જુઓને! ઓહોહો..! આપણે તો આ હળવે હળવે ચાલે છે, હોં! આ કાંઈ તમારે પ્રોફેસર જેવું નથી ચાલતું. હળવે-હળવે ચાલે છે. જરી વિચારવાનો મોખ પણ રહે સાંભળનારને. વિચાર કરે અંદર.

કહે છે, ભગવાન! અહીં વર્ણન છે શક્તિનું ક્રમે. વસ્તુમાં ક્રમ નથી. વસ્તુમાં અક્રમે બધી શક્તિઓ પડી છે, એક સાથે. અને એનું પરિણમન પણ અક્રમે છે. અક્રમે એટલે જ્ઞાનનું

પરિણમન પહેલું અને શ્રદ્ધાનું પછી ને સ્વચ્છતાનું પછી, એમ નથી. પરિણમન બધા ગુણોનું અક્રમ એક સાથે છે. સમજાણું કાંઈ? આહાહા..! ઈ એનો વાન છે. વાનપ્રસ્થ છે લ્યો એ. વાન આવ્યું. પ્રત્યક્ષ થવાનો એનો વાન, એનું રૂપ એમાં એ રહેલો છે. વાનપ્રસ્થ કહે છે ને, એ વાનપ્રસ્થ. વાન એટલે પ્રત્યક્ષ થવાનું એનું વાન-રૂપ, એમાં સ્થ-રહેલો છે એને આત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઘણાં પછી ઉતાર્યા છે એમાં ક્ષત્રિય. પ્રત્યક્ષ જ્ઞાન થાય એ પોતે પોતાનું રક્ષણ કરે છે. પોતાનું રક્ષણ કરે છે. બીજાને આવવા દેતું નથી. પરોક્ષ થાય એવો એને અંદર પ્રવેશ થવા દેતો નથી. એવો એનો સ્વભાવ. ભગવાન. .. બહારમાં તો આવે છે કહે છે કાર્યમાં. એને કોણ રોકે? આહાહા..! કહો, એવી પ્રકાશશક્તિ. લ્યો, આ ૧૨મી શક્તિ થઈ. ધર્મચંદજી! આહાહા..! લ્યો! ૩૫ મિનિટ ચાલ્યું. ઓલું ૨૫ મિનિટ ચાલ્યું હતું. જબ્બર છે વાત.

કહે છે કે ગુણ અને ગુણનો ધરનાર જ્ઞાનમાં પ્રત્યક્ષ થાય, પરની સહાય વિના થાય ત્યારે પ્રત્યક્ષ કહેવાયને? રાગની અપેક્ષા સહિત જાણે એ પ્રત્યક્ષ નથી, મનના સંગથી જાણે એ પ્રત્યક્ષ નથી. મન અને રાગની અપેક્ષા વિના સીધો આત્મા જ્ઞાનથી જ્ઞાનને સ્વસંવેદન કરીને જાણે એવો જ એના પ્રકાશ નામના ગુણનું કાર્ય આવું છે. એટલે પ્રકાશ નામની શક્તિ જે ગુણમાં હતી, દ્રવ્યમાં હતી એની દૃષ્ટિ થતાં અહીં પ્રકાશશક્તિ પર્યાયમાં આવી ગઈ-પરિણમી ગઈ. સમજાણું કાંઈ? અને એ પ્રકાશશક્તિ આત્માના અસંખ્ય પ્રદેશમાં વ્યાપેલી છે. અસંખ્ય પ્રદેશમાં વ્યાપેલી અને અસંખ્ય પ્રદેશનું પરિણમન જ્યાં થયું, ત્યાં સાથે પર્યાયમાં પણ પ્રત્યક્ષની પર્યાય સાથે પરિણમી છે. સમજાણું કાંઈ? લ્યો, એને આત્મા કહેવામાં આવે છે. એવો આત્મા પ્રતીતમાં ભાનસહિત આવે તેને સાચું સમ્યગ્દર્શન કહેવાય છે અને સમ્યગ્દર્શન પછી જ્ઞાન વધારવું અને ચારિત્ર પછી હોય છે. આ વિના કાંઈ હોતું નથી.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**ધર્મ તો કાળે જ થાય છે પણ ધર્મ કરનારની દૃષ્ટિ કાળ ઉપર જાતી નથી પણ સ્વભાવ ઉપર જાય છે ત્યારે તેને ધર્મ અને મોક્ષ થાય છે.**
**૯૬૦.**

**- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

# શ્રી સમયસાર, પરિશિષ્ટ, શક્તિ-૯-૧૦
## પ્રવચન નં.૫૪૨, તા.૧૯-૬-૧૯૬૮
## (૬)

આઠ શક્તિ થઈ એમાં. આત્મદ્રવ્યનું વાસ્તવિક સ્વરૂપ શુદ્ધ શું છે અને શુદ્ધનું ભાન થયે એનું પરિણમન શુદ્ધ કેવું હોય? આત્મા વસ્તુ છે અનંત શક્તિનો ભંડાર, એ દ્રવ્ય શુદ્ધ છે અને બધી શક્તિઓ શુદ્ધ છે. શક્તિ એટલે ગુણ. ગુણ એટલે સ્વ-પોતાનો કાયમી ભાવ. કાયમી એટલે નિત્ય સ્વભાવ. એનું શુદ્ધપણું છે અને દ્રવ્યનું શુદ્ધપણું. એથી દૃષ્ટિ દ્રવ્યની થતાં શુદ્ધની દરેક શક્તિઓ શુદ્ધપણે પરિણમનમાં પરિણમે છે. સમજાણું? એ ધર્મની પર્યાય કે જ્ઞાન, દર્શન આદિની પર્યાય બધી નિર્મળપણે ક્રમે-ક્રમે થાય અને અક્રમ ગુણો, એ આખા સમુદાયને આત્મા કહેવામાં આવે છે. એ આત્મા કેવો છે એનું અહીં વર્ણન ચાલે છે.

વિભુત્વશક્તિ કીધી. આત્મામાં એક એવો ગુણ છે કે એક ભાવ સર્વ ભાવમાં વ્યાપે છે. સર્વ ભાવમાં વ્યાપક એવો એક ભાવ. જ્યાં જ્ઞાન છે એક ભાવ, સર્વ ભાવ એટલે પોતાની શક્તિઓ, એમાં વ્યાપે છે. એ વ્યાપવું, અનંત ગુણનું એકરૂપે થવું, વ્યાપવું. લક્ષણ ભિન્ન-ભિન્ન છે પણ છતાં બધા ગુણો એક ક્ષેત્રમાં અનંત વ્યાપ્યા છે. એટલે એની પરિણતિ અનંત ગુણની પણ એક સમયમાં અનંતી વ્યાપીને પોતામાં પરિણમી રહી છે એવો વિભુ ગુણ છે એનામાં.

હવે આજ તો સર્વદર્શી આવે છે. સર્વદર્શિશક્તિ છે એક આત્મામાં. એ સર્વદર્શિત્વ પણ શું છે? આત્મદર્શનમય સર્વદર્શિત્વ શક્તિ અહીં લેવું છે વજન. આત્મામાં અનંતા ગુણ છે, આત્મા છે એની પર્યાય છે કે આખું જગત છે. એ બધું દર્શનશક્તિમાં દર્શનના પર્યાયરૂપે પરિણમતા એ મહાસત્તા દર્શન પરિણમતા દેખે છે, ભેદ પાડ્યા વિના. એવું એ આત્મદર્શનમય છે આત્માનું દર્શન ઈ. સમજાણું કાંઈ?

**'સમસ્ત વિશ્વના..'** એટલે સમસ્ત વિશ્વના. બે બોલ છે ને વિશ્વ-વિશ્વ. બે બોલ છે. વિશ્વ-વિશ્વ. વિશ્વ એટલે સમસ્ત અને બીજો વિશ્વના સામાન્ય એટલે બધાના સામાન્ય એમ. આખી દુનિયા લોકાલોક અને ત્રણ કાળ આદિ જે છે, આખું સત્ એક સાથે. એક સત્ ભેદ પાડ્યા વિના જે દેખે અને એ ભેદ પાડ્યા વિના દેખે એ પોતાને દેખે પાછું. સમજાણું કાંઈ? ઓલામાં આવ્યું નહિ? ૭૫માં આવ્યું ને? કે રાગને જાણતાં પોતાને જાણે

છે. ત્યાં તો હજી સાધકમાં લીધું. પોતાના આત્માને જાણે છે. પોતાને જાણે છે ને ખરેખર તો. પર છે જ ક્યાં એમાં?

**'સમસ્ત વિશ્વના...'** એટલે વિશ્વ-વિશ્વના **'સામાન્ય ભાવને...'** એટલે બધું છે એવા ભાવને **'દેખવારૂપે...'** એટલે **'લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે...' 'સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપ પરિણમતા...'** એટલે એવી થવા લાયક દશાવાળો, **'એવા આત્મદર્શનમયી...' આત્માને દેખવામયી, એ આત્માને દેખવામયી. દર્શન-દર્શન આત્માને દેખે છે એમ કહે છે. કહો, પંડિતજી! દર્શનમાં પરને દેખવું-કહેવું એ ઉપચાર છે, તેમ એ દેખવામાં પોતાના અનંત ગુણને દેખે એ સ્વજાતિનો ઉપચાર છે, ઓલો પરજાતિનો ઉપચાર છે. અનંત ગુણને દેખે છે એમ કહેવું એ પણ હજી અનંત ગુણ છે ને પોતા સિવાયના એ પણ સ્વજાત ખરા પણ પર છે ને એનાથી! એને દેખે એ કહેવું એ પણ સ્વજાતિનો ઉપચાર છે. પરને દેખવું કહેવું એ પરજાતિનો ઉપચાર છે. એ દર્શનગુણની પર્યાય પોતાને જ આખી દેખે છે એનું નામ આત્મદર્શનમયી સર્વદર્શિશક્તિ કહેવામાં આવે છે.** ભારે!

**શ્રોતા :-** પોતે જ પોતાનું કર્યા કરે. બીજું કાંઈ કરે જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરે શું? પણ કરે શું? અમથો પણ કોણ કરે છે? સેઠી!

**શ્રોતા :-** ત્રણ લોકને દેખે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :- ત્રણ લોકની પર્યાય પોતાની પરિણતિ છે એને દેખે. ત્રણ લોકને શું દેખે? ત્રણ લોક સંબંધી, લોકાલોક સંબંધી, ત્રણ કાળ સંબંધી પોતાનું દર્શનગુણનું પરિણમન છે તેને દેખવાનું, તેને દેખે છે.**

**શ્રોતા :-** લોકાલોક ક્યાં ચાલ્યા ગયા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લોકાલોક ક્યાં છે? લોકાલોક એમાં છે. અહીં ક્યાં છે લોકાલોક? લોકાલોક લોકાલોકમાં રહ્યા.

ભગવાનઆત્મા દર્શનગુણના પર્યાય દ્વારા એવી એની શક્તિ સર્વદર્શિત્વ છે, સર્વદર્શિત્વ. સમજાણું? ખરેખર તો એ સર્વદર્શિશક્તિની પર્યાય થાય તે તેનું કર્મ છે-કાર્ય અને કર્તા દ્રવ્ય છે કે સર્વદર્શિશક્તિ પોતે કર્તા. અરે..! **ભગવાનઆત્મામાં સર્વદર્શિશક્તિ છે એને સામાન્યપણે કહે તો કર્તા દ્રવ્ય છે, એના ભેદ પાડીને પોતાના ગુણથી કહે તો સર્વદર્શિશક્તિ જ પોતે કર્તા છે અને સર્વને દેખે એમાં પોતાની પર્યાયનું જે પૂર્ણ રૂપ છે એને દેખે છે, એને અહીંયાં આત્મદર્શનમયી સર્વદર્શિશક્તિ કહેવામાં આવે** છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આમાં શું સમજાય એવી વાત..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહો, આમાં સમજાય એવું નથી? એય..! ભગવાનજીભાઈ!

ભગવાનઆત્મા પોતામાં એક દર્શનશક્તિ તો પહેલી કીધી. સામાન્ય અનાકાર ઉપયોગમયી દર્શિશક્તિ, પણ એના ગર્ભમાં સર્વદર્શિશક્તિ પડી છે આખી એક કે જે સર્વદર્શિશક્તિ સર્વ વિશ્વને અને બધાના સામાન્ય ભાવને પોતાના દેખવાના પરિણમનમાં પોતાને દેખે અને આત્મદર્શનમયી સર્વદર્શિશક્તિ એને કહેવામાં આવે છે. પંડિતજી!

**શ્રોતા :-** સમજાણું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજાયું નહિ? મોડા આવ્યા ને બે મિનિટ.

**શ્રોતા :-** આપ કહેતા હતા ને આ શક્તિ બહુ ઝીણી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઝીણી છે. તેથી બહુ લખ્યું. ..શબ્દ મૂક્યો છે. બારિકીથી એવો એક શબ્દ લખ્યો છે ભાઈએ. ભાઈએ લખ્યું છે ને ત્યાં. ... ઘણી બારિકીથી સૂક્ષ્મ નિર્વિકલ્પ સત્તાનું પરિણમન દર્શનનું અલૌકિક છે.

ભગવાનઆત્મા, એનામાં પુણ્ય-પાપ ને વિકલ્પનું પરિણવું એવો તો કોઈ ગુણ નથી, એ તો સવારમાં આવ્યું હતું. આત્મામાં દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામપણે થાય એવો તો આત્માનો ગુણ નથી, પણ એનામાં એક ગુણ એવો સર્વદર્શિત્વ છે. દર્શનગુણ સામાન્યપણે દેખે એટલું લીધું હોય. પણ એમાં સર્વદર્શિ. એટલે **પરવસ્તુ પણ એમાં દેખાય એમ કહેવું એ ઉપચાર છે અને પોતાના દર્શન પરિણામમાં અનંત ગુણો દેખાય એ પણ સ્વજાતિનો ઉપચાર છે. ખરેખર તો એ દર્શનના પરિણામ પોતે પૂર્ણ રૂપે પોતે પોતાને દેખે એવી આત્મદર્શનમયી સર્વદર્શિશક્તિ આત્મામાં પડેલી, ભરેલી પડી છે.**

**શ્રોતા :-** પરને ન દેખે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં પરને દેખે છે? દેખે છે પોતાને.

**શ્રોતા :-** એનું નામ નિજજ્ઞ કેમ ન રાખ્યું? સર્વજ્ઞ કેમ રાખ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયમાં સર્વને જાણવાની પરિણમન પોતાની શક્તિ છે કે નહિ? સર્વ એટલે પરને જાણે એમ નહિ. સર્વ સ્વપરનું દેખવારૂપે પોતાના પરિણમનની શક્તિ છે ને એ. એકરૂપ જ છે ને. દર્શન-દર્શનને દેખે એકલાને? પણ દર્શનમાં સર્વને દેખવાની પોતામાં પોતાને કારણે શક્તિ છે.

**શ્રોતા :-** પરમાં પર આવ્યા કે પોતે એકલો આવ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતે એકલો જ છે. આહાહા..!

ભગવાનઆત્મા અનંત ગુણો ભલે હો અંદર, પણ એમાં સર્વદર્શિશક્તિ એનું સામાન્ય બધું છે તેને પરિણમવું, દેખવું એ તો પોતાનો (ગુણ છે), બીજાઓ છે માટે એમ નહિ.

અનંત ગુણ છે માટે સર્વદર્શિપણે પર્યાય પરિણમે છે, એમ નહિ અને લોકાલોક છે માટે સર્વદર્શિપણે (પરિણમે છે એમ નહિ). એની શક્તિનું સત્ત્વ જ એવડું છે કે સામાન્ય જેટલા પદાર્થો સર્વ વિશ્વના અને પોતે પણ આવ્યો ને ભેગો? પોતે આવ્યો કે નહિ એમાં? સામાન્યમાં પોતે દર્શન પણ આવ્યું, જ્ઞાન પણ આવ્યું, આત્મા આવ્યો બધું આવી ગયું એમાં. સમજાય છે? સામાન્યમાં શું બાકી રહી ગયું? પોતાનો દર્શન ગુણ, જ્ઞાન ગુણ, બધું, એની પર્યાય અને દ્રવ્ય બધું. એ દર્શનગુણની એક સમયની પર્યાયમાં પોતામાં પૂર્ણ રીતે જે દેખવારૂપનું પરિણમન. **સર્વ શબ્દે બધું જાણે એ ભલે એ પરની અપેક્ષા લીધી, પણ એ સર્વપણે પરિણમનની પર્યાય છે એ આત્મદર્શનમયી પોતાની પર્યાય છે એને દેખે છે.** સમજાણું કાંઈ? સૂક્ષ્મ છે, સેઠી!

ભગવાનઆત્મા અનંત શક્તિનો પિંડ એમાં આ શક્તિ એક એવી છે કે સત્તામાત્ર જેટલી ચીજ છે-હોવાપણે છે જેટલું એને નિર્વિકલ્પપણે એટલે ભેદ પાડ્યા વિના પોતાના પરિણમનમાં પોતે પોતાથી પરિણમે. દર્શનશક્તિ કર્તા થઈને દર્શનનું પર્યાયરૂપી કર્મરૂપે પોતે પરિણમે, પોતે દેખે, પોતાનું સાધન પોતે, પોતાનું કારણ પોતે, પોતાનો આધાર પોતે અને પોતાને કારણે પરિણમીને સર્વદર્શિપણું થાય છે. ભગવાનજીભાઈ! બહુ ઝીણું છે આ. એ સર્વ પણ પોતાનો પર્યાય છે ને એ? એમ કહે છે અહીં. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! ભગવાનઆત્મા કોઈના રૂપે થતો નથી, પણ કોઈના જે સ્વરૂપ છે તેનું તેને પોતાની પર્યાયમાં પોતાથી પોતા વડે પોતામાં પરિણમન થઈને જાણે-દેખે છે. એમ તે પરને દેખે એમ કહેવું એ તો વ્યવહાર છે.

**શ્રોતા :-** પોતાની પર્યાયને દેખે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક જ પોતાની પર્યાયને દેખે છે. સ્વજાતિના ગુણોને દેખે છે એમ કહેવું એ હજી ઉપચાર છે. સમજાણું કાંઈ?

એ દર્શન સર્વદર્શિશક્તિની વ્યક્તતા. શક્તિમાં એ ગુણ છે કે મહા-બધું છે તેને દેખવારૂપે પરિણમે અને પર્યાયમાં એ થયું ને? દેખવારૂપે પર્યાય પરિણમે એ બધું એક સમયમાં બધું સામાન્યનું અસ્તિત્વ જે છે એ પર્યાયરૂપે જાણી, એ પર્યાય પર્યાયને, એ પર્યાય પર્યાયને, એ પર્યાય ગુણને, એ પર્યાય દ્રવ્યને, એ પર્યાયનું જ એટલું સામર્થ્ય છે એને. સ્વદ્રવ્યની દૃષ્ટિ કરીને પોતાની શક્તિને પર્યાયને દશ્યમાન કરીને દૃષ્ટા સર્વદર્શી એને દેખે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પરનો તો ઉપચાર થયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :- ઉપચાર જ છે. એ સર્વ પણ એ પર્યાય પોતાની છે એવડી એમ કહેવું છે, અહીં સિદ્ધ કરવું છે. સર્વ આખી સત્તાનું પરિણમન એ પોતાનું એકલું છે એને દેખે છે, એમ કહેવું છે પાછું.** સમજાણું કાંઈ? ભગવાનનો

દરબાર મોટો છે.

ભાઈએ નથી કહ્યું ઓલામાં? આત્મ.. શું કહેવાય? દ્રવ્ય સંગ્રહમાં નથી લીધું? કે આ દર્શન જ્યારે સ્વને દેખે તો બધું પરનું તો રહી ગયું. ભાઈ! જ્ઞાને બધાને જાણ્યું છે, એવો જ્ઞાનગુણ છે એને દર્શન પોતાની પર્યાયથી દેખે છે અને પોતાના સામ્યર્થથી પોતામાં દેખે છે. સમજાય છે? એટલે કાંઈ બાકી રહેતું નથી. આહાહા..! ભાઈ! આત્મા અલૌકિક છે આ. વસ્તુ અલૌકિક છે, એની શક્તિ અલૌકિક છે અને એની પર્યાય અલૌકિક છે. એવો આત્મા શું છે એને અહીં કહે છે કે આવો આત્મા એના પરિણમનની દૃષ્ટિમાં આવે ત્યારે તેણે આત્મા જાણ્યો અને ધર્મી થયો એમ કહેવામાં આવે છે. આહાહા..!

**શ્રોતા :-** કામ વધારે મુશ્કેલ થતું જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મુશ્કેલ થતું નથી. એની વસ્તુની માહાત્મ્યની સ્થિતિ પૂરી સરખી થતી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

**શ્રોતા :-** લોકાલોકને ગ્રહવારૂપ લીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગ્રહવું એટલે દેખવું. દેખવારૂપ પરિણમે છે તો પોતે કે નહિ?

**શ્રોતા :-** પકડે ત્યારે ગ્રહવું થાય ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પકડવું એટલે શું? ભાષા તો એમ જ આવે ને. જ્ઞાન લોકને ગ્રહે છે એટલે લોક ગરી જાય છે અંદર? સાકાર ઉપયોગ ન કીધું? સાકાર એટલે પરનો આકાર એમાં આવી જતો હશે?

ભગવાનઆત્મા ચૈતન્ય જ્યોત છે. જેમાં પુણ્ય-પાપના વિકલ્પો નથી, જેમાં શરીર, કર્મનો બિલકુલ અભાવ છે. આવશે ને અભાવઅભાવની શક્તિ, નહિ? કર્મના અભાવરૂપ જ એની પર્યાય છે, એનો ગુણ છે અને અભાવભાવપણે રહેવું એવો જ એનો ત્રિકાળ સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આમ તો આત્મા... આત્મા તો બધા કરે છે, પણ આવો ભગવાન પરમેશ્વર કેવળીએ, તીર્થંકરે જોયેલો, કહેલો આત્મા આવો છે એવું જ્યાં સુધી એના પ્રતીતમાં, ભાનમાં ન આવે ત્યાં સુધી એને ધર્મ થાય નહિ. ધર્મી એવો અનંત ગુણને ધરનારો આત્મા, એના ધર્મો એટલે શક્તિઓ અનંત અને એની પર્યાય અનંત. અહીં સર્વદર્શિમાં મહા.. અત્યારે ફેર છે ને ઘણો? બધું ન દેખે. જાણવામાં ઓલો કહે, બધું ન જાણે. અરે..! બધું શું પોતાની પર્યાયની પૂર્ણતા થઈ તેને દેખે એમાં બધું જણાઈ ગયું. એ પોતે જ બધો છે આખો. પરને લઈને બધો નહિ. સમજાણું કાંઈ? બહુ ઝીણું, ખેતશીભાઈ! આવું તે ક્યાંય..

**શ્રોતા :-** આવું ક્યાંય હોતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોતું નથી. ઠીક કહે છે.

ભાઈ! ભગવાન આવો છે. આત્મા એવો છે, બાપુ! એમાં આ બધા રજકણો અને

રાગાદિનો તો અભાવ છે, પણ આવા શક્તિનો સદ્‌ભાવ એમાં ભરેલો છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા '**સમસ્ત વિશ્વના...**' એટલે વિશ્વના-વિશ્વના. બધા વિશ્વનું, વિશ્વ એટલે સમસ્ત. એનું એકરૂપપણું '**એવા ભાવને...**' એવા ભાવને '**દેખવારૂપે (અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે) પરિણમતા...**' પર્યાય થયેલી '**એવા આત્મદર્શનમયી...**' એવી આત્મદર્શનમયી. આત્મદર્શનમયી. એ આત્માનું દર્શન જ એવડું છે એ આત્મદર્શનમયી સર્વદર્શિત્વ શક્તિ કહેવાય છે. સમજાણું કાંઈ?

એના સર્વદર્શિશક્તિના એક કિરણમાં બધું છે એમ દેખવારૂપે પરિણમન થઈ જાય છે. એવો એક ગુણ એનો છે, અને તેથી પર્યાયમાં બધું દેખે અને પોતાનો પોતાથી પરિણમે એમ દેખીને. જ્ઞાનને જાણે, દર્શનને દેખે,... જો એ બધાને દેખે નહિ એટલે દેખવાનો પોતાનો સ્વભાવ એવડો ન હોય તો વસ્તુ અદશ્ય થઈ જાય. વસ્તુ કાંઈ છે નહિ એમ થઈ જાય. એક સમયની પર્યાયમાં જેટલી વસ્તુ છે એટલી દેખવા રૂપે પરિણમવું એટલે એને દેખવા રૂપે નહિ પણ પોતાની એટલી પર્યાયરૂપે પરિણમવું એ એનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** શ્રદ્ધવા રૂપે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં તો દેખવાની વાત છે અત્યારે. એટલા બધા ગુણોનો પિંડ આત્મા છે એને જ્યારે જ્ઞેય કરીને જાણ્યું અને પ્રતીત કરે ત્યારે તે શ્રદ્ધવામાં સમકિત થયું. આવડો એનો એક સમયનો પર્યાય પોતે પોતાને પૂર્ણ રીતે પરિણમ્યો એટલે પૂર્ણ પોતાનું પરિણમન એવું એને દેખે. આત્મદર્શનમયી-આત્માને દેખવારૂપી પર્યાય છે. આત્માને દેખવારૂપ પર્યાય. એવડી પર્યાય છે. એવી એવી અનંતી પર્યાયો બીજી છે અનંત ગુણની. સમજાણું કાંઈ? હજી તો આટલામાં વાંધા ઉઠાવે. સર્વજ્ઞ ને... બાપુ! એ વસ્તુ એવી છે. સહજ વસ્તુ સ્વભાવ વસ્તુ. અને સ્વભાવની અચિંત્યતાનું માપ શું હોય? સમજાણું કાંઈ?

એક પરમાણુ જેવી ચીજ, એક પરમાણુ જેવી ચીજ જ્ઞાન વિના, ભાન વિના એક સમયમાં એક પ્રદેશથી બીજે પ્રદેશે જાય. એવો પણ તે-તે પર્યાયનો તે પ્રકારનો એનો પોતાનો તે પર્યાયનો તે કાળનો સ્વભાવ છે; અને એ જ પરમાણુ બીજે સમયે નીચેથી ચૌદ બ્રહ્માંડમાં જાય, જડ છે (એને) ખબર નથી, છતાં એક સમયમાં એવડો એનો સ્વભાવ, એમ. ભાઈ! આ તો પર્યાયનો એક અંશમાં આટલો સ્વભાવફેર પડી જાય છે. આહાહા..! એવો જ પરમાણુનો સ્વભાવ. આહાહા..! એક સમયમાં એક પ્રદેશથી બીજે પ્રદેશ જાય એવો પણ તે પ્રકારના, તે કાળના પર્યાયનો સ્વભાવ. બીજી પર્યાય તે પર્યાયથી ભિન્ન છે તદ્દન. એ પર્યાયને અને બીજી પર્યાયને કાંઈ સંબંધ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મચંદજી! સમજાય છે કે નહિ? જાડું-જાડું બધું સાંભળ્યું છે અત્યાર સુધી બધું જાડું. આહાહા...!

ભગવાનઆત્મા.. આહાહા..! કહે છે, અરે..! રાગને જ્ઞાન જાણે એ પોતાને જાણે છે એમ જ્યાં કહ્યું, અહીં લોકાલોકને જાણે અને લોકાલોકને દેખે એ બધાને એ પોતાને દેખે છે એમ કહેવું છે. એવો પોતાને દેખે છે. આહાહા..! એવી એની સર્વદર્શિશક્તિ છે.

ભગવાન ત્રણ લોકનો નાથ છે. જેમાં અનંતા કેવળજ્ઞાનીઓનું જ્ઞાન પણ જેને એક સમયમાં દેખવારૂપે પરિણમી ગયું છે. એ પોતાની પર્યાયનું એવડું સામર્થ્ય છે. એ અનંતા કેવળીઓ છે કે એણે અનંતા દ્રવ્ય-ગુણ જાણ્યા છે કે અનંતા દ્રવ્ય-ગુણ છે માટે દર્શન સર્વદર્શિશક્તિ પરિણમી છે અને એનામાં એવું સર્વદર્શિનું સામર્થ્ય છે, એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એવો ભગવાન છે. આહાહા..!

છે આટલું અને જેટલું હોય તેટલું, ત્રણ કાળ અને ત્રણ લોક. '**સમસ્ત વિશ્વને...**' એટલે વિશ્વના વિશ્વને એટલે બધા વિશ્વને સામાન્યપણે ભેદ પાડ્યા વિના. આ દ્રવ્ય છે કે ગુણ છે કે પર્યાય એમ નહિ. એવી રીતે જેનો પર્યાય આત્મદર્શનમયી થઈને સર્વદર્શિપણે પોતે પોતાના દર્શનપણે પરિણમે છે એવો એનો પર્યાયનો સ્વતઃ ધર્મ છે. **ગુણમાં છે, દ્રવ્યમાં છે, પણ જ્યારે દૃષ્ટિ થઈ ત્યારે એને આ સર્વદર્શિ પર્યાયનું પરિણમન પૂરું નથી, પણ એમ પ્રતીતમાં એને આવી ગયું કે આ પર્યાય બધાને દેખે એવો એનો સ્વભાવ છે.** બધાને દેખે એટલે? એ પર્યાય પર્યાયની પૂર્ણતાને દેખે એ એનો સ્વભાવ છે. પંડિતજી! આહાહા..!

અરે..! એના ઘરમાં તપાસ પણ કરી નથી. બાપ કાંઈ મૂકી જાય મૂડી તો તપાસ કરે. ખબર ન હોય તો કહે છે શું મૂકી ગયા, આપણને કહ્યું નહોતું. દસ-વીસ લાખ કહેતા પણ કાંઈક ઝાઝાં હશે એમ લાગે છે. જોતા પચાસ લાખ નીકળ્યા. ઓહો..! અમને ખબર નથી. છોકરા કહેતા. અમારા બાપ પાસે આટલી મૂડી હશે અમને ખબર નથી. બાપે જ્યારે બે છોકરાને વહેંચ્યું ત્યારે ખબર પડી કે ઓહોહો..! કહો, અમારી તો અહીં ઘણાં માણસો આવે ને ઘણી જાતના. ...

અહીં કહે છે કે તારી મૂડી કેટલી એને તેં કોઈ દિ' જોઈ નથી.. આહાહા..! ગુણવંતભાઈ! એવો ગુણ છે એમાં. લ્યો! બધું દેખે, ભેદ પાડ્યા વિના-આ દ્રવ્ય છે કે આ ગુણ છે કે આ કેવળી છે કે આ આત્મા છે કે આ જડ છે કે આ વર્ણ છે કે વર્ણની પર્યાય એક પરમાણુની આવી થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એક સમયમાં આવી થાય તો બીજે સમયે આવી થાય. આ શું કહે છે આ? પરમાણુને ખબર છે કે બીજે સમયે કેમ થવી? ભગવાને દીઠું માટે થાય છે એમાં? એ પરમાણુની એક સમયની પર્યાયનો તે સમયે કોઈ પર્યાયથી કોઈ પર્યાય મેળ નહિ ખાય એવો સ્વભાવ એનો છે.

**એમ ભગવાનઆત્મા સર્વદર્શિપણાની જે સમયની પર્યાય છે એ પોતાપણે પોતે**

**પરિણમીને આખા રૂપે પોતે પોતાને દેખે છે એવો જ એનો વર્તમાન પર્યાયનો થવાનો સ્વભાવ છે.** સમજાણું કાંઈ? એમાં સર્વદર્શિશક્તિએ... આત્મદ્રવ્ય, એના અનંતા ગુણો, અનંતી બીજી ચીજો અને પોતે પાછો પોતે, સર્વદર્શિપર્યાય પોતે પોતાને દેખે છે ભેગી, એનું નામ સર્વદર્શિશક્તિ કહેવામાં આવે છે. પંડિતજી! આહાહા..! એ શક્તિ બધા ગુણોમાં વ્યાપેલી છે. એ શક્તિ બધા ગુણને નિમિત્તરૂપ છે. આ શક્તિ પરિણામિકભાવે છે. સમજાય છે? આ સર્વદર્શિશક્તિ પરિણામિકભાવે છે.

**શ્રોતા :-** પ્રકાશ રૂપે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના, પરિણામિકભાવ. પ્રકાશરૂપે નહિ. પાંચ ભાવ છે ને? ઉદય, ઉપશમ, ક્ષયોપશ, ક્ષાયિક, પારિણામિકભાવ. પારિણામિક જેને કોઈ અપેક્ષા નથી. સહજ એનો સ્વભાવ છે. એમ કીધું ને?

'**સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને...**' જુઓ! '**પરિણમતા એવા આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ.**' એ આત્માનું દર્શન. આત્માનું દર્શન એટલે પોતાની પર્યાયને દેખે છે. આત્માને દેખે, બધાના ગુણને દેખે એ હજી ઉપચાર છે એમાં. એ પર્યાય આત્મદર્શમયી પરિણમીને થાય છે એ એની સર્વદર્શિત્વશક્તિનું સત્ત્વ છે. સમજાણું કાંઈ? આહાહા..! આવો ભગવાન! કરે નહિ કોઈને અને દેખ્યા વિના રહે નહિ કોઈને! પોતા સિવાય કાંઈ પરિણમન બીજાનું કરતો નથી. આહાહા..!

જુઓ તો ખરા. **જ્ઞાનનું પરિણમન એ દર્શન પરિણમે છે એમ પણ નહિ, ભાઈ! એક ગુણ પરિણમે છે સાથેનો માટે આ સર્વદર્શિને પરિણમવું થાય છે એમ પણ નહિ. ઓહોહો..! એક-એક ગુણમાં ષટ્કારકનું પરિણમન સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? સર્વે ગુણ અસહાય. એ પર્યાય પણ સ્વતંત્ર. એક પર્યાય બીજા પર્યાયની સાથે કાંઈ સંબંધ નથી. ભલે અન્યત્વ હોવા છતાં, સજાતિમાં હોવા છતાં, પ્રદેશમાં ભેગી રહેવા છતાં, એવો એનો સ્વભાવ. આહાહા..! આ તો નિર્વિલ્પ વસ્તુ જ છે કહે છે. સમજાય છે કાંઈ? આવા આત્માની દૃષ્ટિ થતાં એને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન. સમજાય છે કાંઈ?** આહાહા..!

પોતાના ક્ષેત્રમાં વ્યાપી છે એ શક્તિ. ગુણ છે ને. તો ગુણ કોને કહીએ? કે દ્રવ્યના સર્વ ભાગમાં, સર્વ હાલતમાં રહે તેને ગુણ કહીએ. તો સર્વદર્શિશક્તિ ગુણ છે. દ્રવ્યના સર્વ ભાગમાં છે, એની સર્વ હાલતમાં છે. અહીં નિર્મળ થયા પછીની સર્વ હાલતમાં છે એમ લેવું છે. સમજાણું કાંઈ? એ સર્વદર્શિશક્તિ... જુઓ! ઓલામાં લીધું છે ને એ ગૃહસ્થ છે. પોતાના ઘરમાં રહેલી છે, કોઈના ઘરમાં નહિ. એ શક્તિનું પરિણમન અને શક્તિ પોતાના ગૃહ. ગૃહ એટલે પોતાના ઘરમાં સ્થ છે, પરઘરમાં નહિ. એ વાનપ્રસ્થ છે. સર્વદર્શિશક્તિ

એનું રૂપ પોતામાં સ્થ છે. પરને લઈને નહિ, પરમાં નહિ. એ પરનો અભાવ છે એમાં ત્યાગ છે બધો, માટે સન્યાસી છે એ. સર્વદર્શિશક્તિ સન્યાસી છે. પરનો અભાવ છે. કહો, સમજાણું કાંઈ? વ્યવહારનો જેટલો છે વિકાર આદિ પર એ બધો એમાં અભાવ છે. અરે..! એના એક-એક ગુણનો એની પર્યાયમાં અભાવ અને એક-એક પર્યાયનો એમાં અભાવ એવી સપ્તભંગી સ્વરૂપે એક-એક પર્યાય છે તેને સર્વદર્શી દેખે છે. સમજાણું કાંઈ? વળી લાંબુ ગયું આ. સેઠી! આહાહા..!

એક સર્વદર્શી શક્તિનું પરિણમન એક સમયનું, એમાં એક સમયની પર્યાયમાં અનંત સપ્તભંગી છે. એક પર્યાયમાં આખો ગુણ નથી, એ પર્યાયમાં દ્રવ્ય નથી, એ પર્યાયમાં પૂર્વની પર્યાય નથી, એ પર્યાયમાં પછીની પર્યાય નથી. એવી એક-એક ગુણની સાથે એમ કરતા અનંત ગુણ સાથે અને અનંત પર્યાય સાથે એક પર્યાયમાં સપ્તભંગી (ઊઠે છે). સ્વથી છે, પરથી નથી એમ સપ્તભંગી ઊઠે છે. એવો સ્વભાવ સર્વદર્શિશક્તિ એક સમયમાં પોતાના પરિણમનથી પોતાને દેખે છે. સમજાણું કાંઈ? આહાહા..! એને માહાત્મ્ય શેના આવે? સમજાય છે? આવો આત્મા માહાત્મ્યવાળો જ્યાં નજરમાં પડે. શેની વાત ચાલે છે?

**શ્રોતા :-** આત્માની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્માની?

કહે છે, ભગવાનઆત્મા.. એ સર્વદર્શિની પર્યાય અનંત સપ્તભંગના સ્વભાવવાળી ચીજ છે એ. એ પર્યાયમાં આખું દ્રવ્ય નથી, એ પર્યાયમાં એકય ગુણ નથી. એ તો અનંત ગુણની સાથે સપ્તભંગી ઊઠે છે. એક સમયની પર્યાયમાં બીજા સમયની પર્યાયનો એનામાં અભાવ છે. એની સપ્તભંગી અનંતી ઊઠે. એ બધાને સામાન્યપણે દર્શનશક્તિ સર્વથી પરિણમવાનો પોતાનો સ્વભાવ અને પોતાને દેખે છે. જુઓને, કેટલું સમાડ્યું છે! ઓહોહો..! ગજબ કામ! અમૃતચંદ્રાચાર્યે આ શક્તિઓનું વર્ણન કરીને તો ગજબ કામ કર્યા છે! માથે કળશ ચડાવી દીધો છે, હોં! અને એમાં છે કેટલું જુઓને! ઓહોહો..! કળશ ચડાવ્યો છે, લ્યો! દેરાસર માથે જેમ કળશ ચડે ને સોનાનો, હીરાનો, રતનનો. એ હીરાના ઓલા ચડે.

ચક્રવર્તીને ઘરે મંદિર હોય ત્યાં કાંઈ મણિના ન હોય ત્યાં તો હીરાના શું કીધું? કળશ (ચડે). ચક્રવર્તીનું મંદિર હોય એના પોતાના રહેવાના પાંચ એવા છે કે જેને દેવ બનાવે છે. ચક્રવર્તીના પાંચ મંદિર રહેવાના હોય છે-પોતાના ઘર. દેવ જેવા મોટા. સોળ હજાર તો દેવ સેવા કરે છે. માણસની દેવા સેવા કરે છે. એને પાંચ એવા મકાન છે મંદિર મોટા કે એ તો અલૌકિક વાત. સમજાય છે? એવા જેને રહેવાના સ્થાન. ભગવાન પરમાત્મા બિરાજે એનું મંદિર કરે એ તો અલૌકિક મંદિર હોય છે ચક્રવર્તીનું. પોતાના ઘર કરતાં એને બીજું સારું બનાવે છે. શેઠી!

એમ કહે છે અહીંયાં, ભગવાનઆત્મા પોતાની એક-એક પર્યાયની શોભાથી શોભિત છે. પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... ઓહોહો..! આવી જેને અંદર... આવી પર્યાયપણે પર્યાય પૂર્ણને દેખે, એ દ્રવ્ય-ગુણને દેખે કહેવું એ પણ વ્યવહારથી ઉપચાર છે, કહે છે. આહાહા..! શું કહે છે! એ પર્યાયનું સત્ત્વ જ એવડું છે કે સ્વને-સ્વને સામર્થ્યરૂપે પોતે દેખે. સપ્તભંગી થઈ ગઈને, લ્યો. એમાં અભાવ થઈ ગયો કે નહિ? એટલે વળી આવ્યું. સમજાણું કાંઈ? એક પર્યાયમાં દ્રવ્ય-ગુણનો અભાવ છે. એક-એક સમયની પર્યાય આવડી અનંતા સપ્તભંગના સ્વભાવથી ભરેલી છે.

એવો ભગવાનઆત્મા અને તેમાં એને કહ્યું છે પાછું ક્ષત્રિય ને વૈશ્ય. એ ક્ષત્રિય છે સર્વદર્શિશક્તિ. પોતાનું રક્ષણ કરે છે અને બીજાને રક્ષણમાં નિમિત્ત છે. સર્વદર્શિશક્તિ ક્ષત્રિય છે. એ સર્વદર્શિશક્તિ વેપારી છે. પોતાની રીતના વર્તનને વર્તે છે. દર્શનનું દેખવું એ રીતને વર્તે છે. દર્શનમાં દેખવું એ રીતપણે એ વર્તે છે. ભેદપણે ન વર્તે એવો એનો સ્વભાવ છે. આહાહા..! એ એનો વેપાર છે. કહો, સમજાણું કાંઈ? આ બધા તમારા દવાખાનાના વેપાર અને પાર્લામેન્ટના પાર્લામેન્ટ શું આ બધું સમજ્યાને? પગના શું કહેવાય આ? ચંપલ ને શું કહે આ? પ્લાસ્ટિક-પ્લાસ્ટિક. આ બધા શબ્દો પણ નવા આવ્યા બધા. ઓલા જોડા ચામડાના હતા. હવે પ્લાસ્ટિકના જોડા અને પ્લાસ્ટિકના ચંપલ.

**શ્રોતા :-** માણસોના પુણ્ય વધ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુણ્ય વધ્યા છે? ઉપાધિ વધી છે. અસંતોષ કેટલો પણ! કેટલો અસંતોષ!! સખ નથી ક્યાંય, લ્યો.

અમારે ડોશી હતા એ બિચારા કહેતા. અમારા બાપની મા. ડોશી હતા ને. આપણે તો ત્રણેયનો બાર મહિને ખરચ હતો. બે હજાર પેદા કરતા ડોસા. ..શેઠ એમ કહે ને. .. નામ જીવરાજ શેઠ ન કહે. ડોશી હતા, અમારા બાપની નવી મા. કોરા શેઠ બે હજાર રળતા. સુતરનો વેપાર કરતા. ત્રણેયનો ખરચ હતો ઘરનો. પૂરતું ઘર, સારું ઘર, મોટું ઘર, મહેમાનવાળું ઘર. અને સંતોષ એટલો કે બે મહિના ધંધો કરે, દસ મહિના કાંઈ ન કરે. તમારે અહીંયાં કેટલું સખ છે જુઓ, આમ બધા? પચાસ લાખ થયા તોપણ સખ છે ક્યાંય? એય..! ખેતશીભાઈ!

**શ્રોતા :-** આપ વિહાર કરશો ત્યારે ખબર પડશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ભાગશે ત્યાં. તેથી પૂછતા હતા કાલે, ચાર મહિના થાશે ને. જુઓને, પરમ દિ' નહોતી વાત થઈ? બહાર ચાર મહિના થશે. એમાં પાછો હિસાબ પહેલેથી ખબર પડે ને. કેટલા બહાર રહેશે, કેટલા અંદર રહેવું. વિચાર તો આવે ને ભાઈ, અનેક પ્રકારના? આહાહા..!

**શ્રોતા :-** જ્ઞાન તો બધું કામ કરે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જાણવું કામ નહિ કરે, ઓલો વિકલ્પનો ખદબદાટ કામ કરે છે ત્યાં. જાણવું કામ કરે? ખેતશીભાઈ! આહાહા..!

કહે છે, ભારે વાત! ગજબ વાત! અહીં તો આત્માદર્શનમયી એમ શબ્દ આવ્યો છે ને એની ઉપર વજન ગયું છે. એ આત્મદર્શનમયી શક્તિ છે. પરદર્શનમયી અને પરનું દેખવું નહિ. ભલે દેખે બધું, પણ છે એ પોતાની પર્યાયનું આખું દર્શન અને એની શક્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ? યતિ છે, બ્રહ્મચારી છે. જુઓ! બ્રહ્મ પહેલા હોય ને? આશ્રમ પહેલો બ્રહ્મચર્યાશ્રમ. અબ્રહ્મને ન આવવા દે. સર્વદર્શિની પર્યાયમાં બીજો કોઈ બોલ આવવા ન દે, અપૂર્ણતા રહે નહિ, અપૂર્ણતા આવવા દે નહિ, વિકાર આવવા દે નહિ. પૂર્ણ પર્યાયપણે પરિણમન એવો આત્માનો સર્વદર્શી સ્વભાવ છે. જુઓ!

સવારમાં આવ્યું હતું ને કે પુણ્ય-પાપને કરવું એવો કોઈ જીવનો ગુણ નથી. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવને કરવા, દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતના પરિણામને કરવા એવો આત્મામાં ગુણ નથી. કેમકે એના રાગને ભોગવવું એવો પણ આત્માનો કોઈ ગુણ નથી. પણ આ ગુણ છે એનામાં. બધી ચીજો જેમ છે તેમ તેને દેખવારૂપે પર્યાયનું પરિણમન થવું, પોતે પોતાને દેખે એવો એનો ગુણ છે. સમજાણું કાંઈ? લ્યો! એ ૯મી શક્તિ થઈ. આવી છે ૯મી પાછી જુઓ! આહાહા..! અફર. સર્વ શબ્દ આઠમેથી આવ્યો.

એવી સર્વદર્શિશક્તિ, એનો ભરેલો ભંડાર ભગવાન એની શ્રદ્ધામાં જ્યાં આવ્યું કે આ તો પૂર્ણ પરિણમે એવો જ પોતાને દેખે એવો આ ગુણ છે. રાગ ને સ્વભાવની એકતા એનો સ્વભાવ નથી. તેથી આ સ્વભાવ સર્વદર્શિનું ભાન થતાં તેને રાગની, સ્વભાવની એકતા નથી, એવી એકતા ન રહે, છૂટી જાય. સમજાણું કાંઈ? એટલું માહાત્મ્ય ભગવાનઆત્માનું આવતા આવો આ આત્મા! બધાને દેખે, ત્રણ કાળ, ત્રણ લોકને દેખવાની પર્યાયરૂપ પરિણમન એને પણ દેખે. સમાઈ ગયો પોતામાં. સમજાણું કાંઈ? એ ૯મી થઈ. ૧૦મી. લ્યો, ૪૦ મિનિટ ચાલી. લ્યો, હવે જલ્દી પૂરું થશે. કેટલું આમાં નાખવું છે હજી?

સર્વદર્શિગુણ છે તે અક્રમે છે અને એનું પરિણમન છે તે ક્રમે છે. ક્રમે પરિણમન છે, ગુણ અક્રમે છે. એ પરિણમન અને અક્રમ.. તેને આત્મા કહે છે અને એણે આત્માને જાણ્યો એમ કહેવામાં આવે છે અને ત્યારે એને આત્માને ધર્મ થયો એમ કહેવામાં આવે. બાકી ત્યાં સુધી ધર્મ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

લ્યો, વળી રસમાં આવ્યું. સર્વદર્શિમાં વીરરસ છે. સર્વદર્શિમાં એક શ્રૃંગારરસ છે. સર્વદર્શિ પોતાના પરિણમનથી પોતે પોતાને શોભાયમાન છે, પરને કારણે શોભાયમાન નહિ. જ્ઞાનની પર્યાયને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ, પોતાની પર્યાયથી પોતે શોભાયમાન છે; અને તેમાં પ્રતાપ જેનો અખંડ છે. એ આવ્યું ને ભેગું એમાં? એ શક્તિમાં પણ પ્રતાપ જેનો

અખંડ છે. પ્રતાપ કોઈ ખંડી શકે નહિ અને સ્વતંત્રપણાથી શોભાયમાન જેની પર્યાય.. જુઓ! એ શોભાયમાનમાં શ્રૃંગાર આવ્યું. આહાહા..! સમજાણું કાંઈ? શાસ્ત્રમાં જ નીકળે છે બધું હોં! એ મેળવ્યું છે.

એક-એક ગુણમાં શ્રૃંગારરસ છે, શ્રૃંગાર. એ એની શોભા છે. જેમ શ્રૃંગાર કરે ને દાગીના-બાગાનાથી. એની પોતાની પરિણતિની શોભા પોતાથી છે, એ એનો શણગાર છે, પરને લઈને નહિ. આહાહા..! એની બીજી સર્વજ્ઞ પર્યાય જોડે હોય કે અકર્તા પર્યાય એને લઈને શોભા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એવી એની શોભા પોતાથી છે. શાંતરસ છે એમાં. એમાં અશાંતિનું પરિણમન થવા દેતી નથી. સર્વદર્શિમાં અપૂર્ણપણું રહે એવો એનો સ્વભાવ નથી. શાંતરસ છે શાંતરસ. ઉપશમરસથી પરિણમે છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા એવા લીધા છે બોલ. વીરરસ ને અદ્‌ભુત રસ ને.

અદ્‌ભુત તો છે જુઓને આ. એ સમયની સર્વદર્શિ અને એ સમયની સર્વજ્ઞશક્તિ. કેટલો ફેર! એ અદ્‌ભુત વાત છે કહે છે. એક સમયમાં પોતાના પૂર્ણ સ્વરૂપને પોતે પોતાથી દેખે. એ જ સમયમાં એક શક્તિની પર્યાય ભેદ પાડી, અનંતા જેટલા ભેદ તેને ભેદ પાડી, આ સપ્તભંગી (આદિના) ભેદ પાડીને દેખે. એક સમયમાં બે પર્યાય સાથે, ક્ષેત્ર ભેગું, કાળ ભેગો, ભાવ ફેર. અદ્‌ભુતતા છે કહે છે. સમજાણું કાંઈ? આ આત્માનો કરિયાવર દેખાડાય છે. શેઠી! શું કહેવાય તમારે? દહેજ-દહેજ. દીકરીને વળાવે ત્યારે દહેજ આપે છે કે નહિ? અને ધૂળ હોય થોડી ઘણી પાંચ-પચાસ લાખ આપે, નહિતર લાખ-બે લાખ આપે. બહુ હોય તો બે લાખ-પાંચ લાખ આપે, લ્યોને. કરોડપતિ હોય તો. દીકરો ન હોય તો, નહિતર તો એટલું બધું ન આપે. કેમ? દીકરો હોય તો એટલું બધું આપી દે? આજ કો'ક કહેતું હતું અત્યારે છોડીયું હકદાર થાય છે .. લઈને. પૈસા લાવો. દીકરીએ બાપ ઉપર ફરિયાદ કરી, પૈસા લાવો. તમારી પાસે આટલા પૈસા છે ને અને અમને કેમ નહિ? સમાધાન ઘરમાં કરવું પડ્યું પછી શું કરે? ઘરથી સમાધાન કરવું પડ્યું. એમ આ નથી, કહે છે. અહીં તો પોતે પોતાથી પ્રાપ્ત થાય એવી આ ચીજ છે, બીજાની એને જરૂર નથી. એની લક્ષ્મીનો વારસો પોતે પોતાથી લે છે. આહાહા..!

એવી એક-એક શક્તિની પર્યાય પોતાથી શોભાયમાન, પોતાથી અદ્‌ભુતરસવાળી, વીરરસવાળી, બિભત્સરસવાળી, રૌદ્રરસ વગેરે વર્ણવ્યા છે. ઘણા વર્ણવ્યા છે. રૌદ્રરસ. પૂર્ણ. જેમાં અપૂર્ણતા અને રાગના અભાવરૂપે પરિણમે છે એટલી જેની ક્રૂરતા સર્વદર્શિમાં છે. સમજાણું કાંઈ? રૌદ્ર. પરથી જેને ગ્લાનિ છે. પરપણે ન થવું એવો જ એનો પરિણમન સ્વભાવ છે. બિભત્સ સ્વભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! એવો ભગવાનઆત્મા પોતાથી, પોતાના દ્રવ્યથી, પોતાના ગુણથી અને પોતાની પર્યાય ત્રણેયથી પોતે શોભી રહ્યો છે. દ્રવ્યથી દ્રવ્ય

શોભે, ગુણથી ગુણ શોભે, પર્યાયથી પર્યાય શોભે, એમ વળી આવ્યું. સમજાણું કાંઈ? આહાહા..! લ્યો, એ ૯ થઈ.

૧૦મી. '**સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને...**' બસ, એટલો ફેર છે. સર્વજ્ઞશક્તિ હવે આવશે, પણ એ આત્મજ્ઞાનમયી શક્તિ હોં! એ સર્વજ્ઞશક્તિ. રાડુ પાડે છે ને? આ સર્વજ્ઞશક્તિમાં પરને જાણે, પરને જાણે એ વ્યવહાર છે. પરને જાણે એટલે આને જાણે એમ કહેવું વ્યવહાર. પણ એ સર્વજ્ઞપણું આત્મજ્ઞાનમયી શક્તિ પોતાની છે. પોતાને એક સમયની સર્વજ્ઞ પર્યાયમાં પોતે પોતાને પૂર્ણ જાણે એનું નામ સર્વજ્ઞશક્તિ છે. સમજાણું કાંઈ? એ બધા જુઓને, કેટલાક પંડિતો એવું ઊઠાવે છે. સર્વજ્ઞ એટલે પરને જાણે એ વ્યવહાર છે. વ્યવહાર છે. પરને જાણે છે એ વ્યવહાર છે, એમ નહિ. એ પરને જાણે એમ કહેવું એ તો અસદ્‌ભુત વ્યવહારનો ઉપચાર છે. પોતે પોતાને જાણે છે, સર્વજ્ઞપર્યાય પોતાની પોતાને જાણે છે તે યથાર્થ છે. સમજાણું કાંઈ? આવો સ્વભાવ. એને માહાત્મ્ય નથી આવતું. જે સ્વતંત્ર શક્તિ છે અને જે સ્વતંત્ર પદાર્થ છે અને એની પર્યાયનું સર્વજ્ઞપણું...

'**સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને...**' એટલે ભેદ ભાવને. એક સમયની એક પર્યાય અનંતા ગુણની અનંતી પર્યાય, એમાં એક સમયની પર્યાય, એમાં અનંતા સપ્તભંગ અને એક સમયની પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. અનંતા અવિભાગ પ્રતિચ્છેદ એટલે છેદ કરતાં-કરતાં નાનામાં નાનો રહે તેને અવિભાગ કહીએ. એવા અનંતા અંશો એક સમયની એક પર્યાયમાં અનંતા અંશો. આ તો ઘરે ઢગલા છે હીરાના. સમજાણું કાંઈ? આહાહા..!

એવા '**સમસ્ત વિશ્વના વિશેષ...**' અહીં વિશેષ ઉપર વજન છે. વિશેષ નામ પૃથક્-પૃથક્. ભેદ પાડીને, જેમ ભેદ છે તેમ રહીને. વસ્તુનું દ્રવ્ય, ગુણ, પર્યાય એક-એક ગુણ ભિન્ન, પર્યાય ભિન્ન. પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. એક અવિભાગ બીજારૂપે નથી એવા ભાવ, એવો વિશેષ ભાવ. એને જ્ઞાનમાં પોતે પોતાને...

ભેદપણું વિશેષ છે એ જ્ઞાન દેખે. સામાન્યનો અંશ ઓલામાં આવે અને વિશેષનો અંશ આમાં આવે, એમ છે? એમ નથી. અહીંયાં તો દર્શનમાં સામાન્ય એટલે બધું એક સાથે સામાન્ય, વિશેષ, દ્રવ્ય-ગુણ-પર્યાય બધું એને દેખે છે અને વિશેષમાં બધું ભેદ પાડીને જાણે છે. દ્રવ્યને, ગુણને, પર્યાયને, અંશને, અવિભાગ પ્રતિચ્છેદને, જડને, પરમાણુને, પરમાણુનો એક સમયનો પર્યાય ધર્મ, પહેલે સમયે આ લ્યો અને બીજે સમયે .. એવો પર્યાયધર્મ જે ભિન્ન-ભિન્ન જે છે એને ભિન્ન-ભિન્ન તરીકે જાણે એનું નામ આ વિશેષ છે. વિશેષ શબ્દે એક પડખાનો ભાગ જાણે અને એક પડખું રહી જાય એમ નહિ. સમજાણું કાંઈ? અરે..! એને આત્મા કોણ છે? (એની ખબર નથી).

આમ તો બધા ભજન બહુ ગાય છે. આત્માની બહુ વાતું કરે છે લ્યો ને. આજે આવ્યું

છે. ઓલા સ્થાનકવાસીમાં આત્મા આવ્યો છે, લ્યો. આત્મા આવો છે, આત્માની પરની ઉપાધિથી રહિત છે. એણે માન્યું છે ખોટું. .. ક્યાં હતું તારામાં? જૈનપ્રકાશ આવ્યું છે ને? એમાં છે પહેલો બોલ. આત્માને પરથી નિમિત્તથી થતા ઉપાધિના ભાવ એવો માનવો ભ્રમ છે, મિથ્યાત્વ છે, અજ્ઞાન છે. એવું લખ્યું છે. ચાલ્યું ખરું હવે થોડું. ઈ છે, આવ્યું છે. જોયું હતું થોડું.. જૈનપ્રકાશ છે ને? એમાં છે. પહેલું, પહેલું. પરની આત્મીય બુદ્ધિ કરે છે મિથ્યાત્વ છે, પરંતુ એથી કરીને કાંઈ તત્ત્વનું સ્વરૂપ મટતું નથી. આત્માની બદ્ધ અવસ્થા, બદ્ધ અવસ્થા તે આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. આત્માનું ત્રિકાળી સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ અને જ્ઞાતા-દ્દષ્ટાનું છે. ... કરતાં-કરતાં બધા.. આ કરે મહાવ્રતને એ તો .. તારામાં. હવે આ બધું બહાર આવ્યું ને. કોઈ જેઠાલાલ છે. જેઠાલાલ ગિરધરલાલ. ... મિથ્યાત્વભાવ છે. આત્માને શરીર, ઇન્દ્રિય, શ્વાસ, અષ્ટ કર્મ આદિ અહંબુદ્ધિ .. ભર્યું છે તે અસત્ શ્રદ્ધાન છે. આત્માનું નિર્વિકાર.. તો આત્માની બદ્ધ અવસ્થા.. બદ્ધ અવસ્થાનો પણ ક્ષય થઈ જાય. માટે એ સ્વરૂપ નથી. એવું બધું લખ્યું છે. વાંચે છે ને હવે ઘણાં લોકો. સમજ્યા છે એ ખોટું. પાછું બહાનું લઈને ત્યાં ચોંટ્યા છે કે અમારામાં છે આ. માટે આ બધું કરનારા સાચા છે. (એટલા માટે) લખે છે. અમારે તો આમ છે. ધૂળેય નથી. સાંભળને! હજી દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય, એને રાગ ટળી ગયો હોય તો એને કેવળજ્ઞાન કેવું હોય એ ખબર નથી. અને મુનિપણું રાગ ટળતાં .. દશા કેવી હોય એની ખબર નથી. રાગથી રહિત નિર્મળ છે ક્યાંથી લાવ્યો તું? સમજાણું કાંઈ? જેને અમુક રાગ એટલો ટળતા જ એને ચારિત્રદશા થાય ત્યારે એની વસ્તુ નિર્મળ છે પણ એની પર્યાયમાં આવી નિર્મળતા એની જેને ખબર નથી, એ દ્રવ્ય નિર્મળ છે એ વાત કરે છે. વસ્તુની ખબર નથી.

**શ્રોતા** :- એને ખબર ન પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખબર ન પડે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનીને પણ આહાર ને પાણી આ બધું ઠરાવે અને એની જાતમાં તો એને રાગથી ભિન્ન છે, એ નિર્વિકાર દ્રવ્ય છે એની એને ખબર નથી. કો'કની વાત કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, '**સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને...**' જેટલા જગતના પદાર્થો અનંતા દ્રવ્ય, અનંતા ગુણો, એક-એક ગુણની અનંતી પર્યાય, એક-એક પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ એ બધા જેટલા વિશેષ છે, ભેદ છે, પ્રકાર છે, અનેકતા છે એવા ભાવોને જાણવારૂપે પરિણમેલા. એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણવારૂપ પરિણમન પોતાનું પોતાથી પરિણમે છે. એ લોકાલોક છે અને સામા ત્રણ કાળ છે માટે પરિણમે છે એમ નથી. સમજાણું કાંઈ? અહીં તો હજી સર્વજ્ઞ ભવિષ્યની પર્યાય કેવી થાય, નિમિત્ત આવે તો એ જાણે, નિમિત્ત અનિશ્ચિત છે. (**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, ગાથા-૨૭૦
## પ્રવચન નં.૩૩૩, તા.૧૧-૯-૧૯૬૭
## (૭)

**एदाणि णित्थि जेसिं अज्झवसाणाणि एवमादीणि।**
**ते असुहेण सुहेण व कम्मेण मुणी ण लिप्पंति।।२७०।।**
**એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતાં નહિ જેમને,**
**તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.**

આ શું કહે છે?

‘**ટીકા :- આ જે ત્રણ પ્રકારનાં અધ્યવસાનો...**’ અધ્યવસાન એટલે પરમાં એકત્વબુદ્ધિ. ભેદજ્ઞાનનો અભાવ. આત્મા પરદ્રવ્યથી અને પરદ્રવ્યના સંગથી ઉત્પન્ન થયેલા વિકારના ભાવથી ભિન્ન છે. એવું જ્યાં ભેદજ્ઞાન નથી એને પર સાથેની એકત્વબુદ્ધિ વર્તે છે. એથી એ બંધપણાના પરિણામને ઉત્પન્ન કરે છે. ‘**આ જે ત્રણ પ્રકારના અધ્યવસાનો છે તે બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ (અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ) હોવાથી...**’ શું કહે છે? એ વિશેષ કહે છે, હોં! ‘**શુભાશુભ કર્મબંધના નિમિત્ત છે. તે વિશેષ સમજાવવામાં આવે છે : હું (પર જીવોને) હણું છું ઈત્યાદિ જે આ અધ્યવસાન છે...**’ હું.. એ તો જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા છે. એને ઠેકાણે પરને હણું છું એવો જે અધ્યવસાય એ મિથ્યાત્વભાવ છે. ‘**હું (પર જીવોને) હણું છું ઈત્યાદિ...**’ ઈત્યાદિમાં બધું આવી ગયું ને અંદર? બીજાને જીવાડી શકું છું, મારી શકું છું, સુખી-દુઃખી કરી શકું છું, લાભ-અલાભ કરી શકું છું, શસ્ત્ર લઈ શકું છું ઈત્યાદિ જે એકત્વબુદ્ધિ, પરદ્રવ્યની પર્યાયમાં આ આત્માની એકત્વબુદ્ધિ તેને અધ્યવસાન કહે છે. કહો, સમજાય છે કાંઈ?

ત્યારે કોઈ પ્રશ્ન કરે. ઘણાં વર્ષ પહેલાં એ પ્રશ્ન આવ્યો હતો અને અહીં આવ્યો છે. ઘણા વર્ષ પહેલાં એક હતા ને ભાઈ ઓલા કાળાવડવાળા બેચરભાઈ. ત્યારે અમારે કો’ક દુઃખી થતું હોય, મરતું હોય તો અમારે બેસી રહેવું? પ્રશ્ન તો થાય ને, ન સમજાય ત્યાં સુધી. ઘણાં વર્ષ પહેલાં. હજી શરૂઆત હતી. પછી તો એને સમજાણું. કાળાવડવાળા હતા. આ તો કહે કે પરને આપણે જીવાડી શકીએ નહિ. ત્યારે હવે ઓલો મરતો હોય ત્યારે આપણે ઊભા થઈને એને બચાવવો કે નહિ? એવી વાત છે, ભાઈ! ધીરો થઈને, ધીરો થઈને સમજ,

ભાઈ! આ તો તત્ત્વ છે.

.. વિકલ્પ આવે. આ જીવને આ દુઃખ ન થાય એમ વિકલ્પ આવે, પણ દેહની ક્રિયાનું થવું એ વિકલ્પને કારણે થાય એમ છે નહિ. આ વાત... શું થાય? જગતને તત્ત્વની બેની એકતાબુદ્ધિ જ્યાં છે... કહો, શેઠી! શું કરવું? ભૂખે મરતો હોય એને અમારે આહાર દેવો કે નહિ? લ્યો, એ રામજીભાઈને પૂછતા હતા એક. .. હતા. પણ અમારે ઘરે મહેમાન આવે એને ચા પાવી કે નહિ એ કહો. એ લક્ષ્મીચંદભાઈ હતા. ભાઈ! એ હાડપાટ બહુ કરે. પણ એ ઘણા વર્ષનો. સમજાય છે? (સંવત) ૧૯૭૯ની સાલથી અમારે પરિચય. ૭૯. ભગવતી કાંખમાં લઈ આવે. આવ્યા હતા એક ફેરી. અમરેલી હતો ને અમરેલી. ભગવતી સૂત્ર વાંચે. પ્રશ્ન ઘણાં કરે એ વખતે. ભગવતી સૂત્ર છે હોં! શ્વેતાંબરમાં મોટામાં મોટું. સોળ હજાર શ્લોકનું પુસ્તક અને સવા લાખ શ્લોકની ટીકા. ૭૯ હોં! કેટલા વર્ષ થયા? આ ગુજરી ગયા બે વર્ષ થયા. પણ એ પૂછે. પછી એકવાર બહુ કહેતા હતા કે ભાઈ જુઓ! આ અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ ભિન્ન ભિન્ન છે જગતની ચીજ. તો એક દ્રવ્ય બીજાનું કરવું એ શી રીતે બને? કેમ કે દરેક પદાર્થના વર્તમાન એના ઉત્પાદ-વ્યયના પરિણામ થયા વિના એ દ્રવ્ય રહેતું નથી. ઉત્પાદ એટલે નવી પર્યાય થયા વિના એ દ્રવ્ય હોય નહિ. કારણ કે ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ છે, તો દરેક પદાર્થ આ પરમાણુ શરીરના કે બીજાના એની વર્તમાન અવસ્થાનો ઉત્પાદ એનામાં ન થાય તો એ દ્રવ્ય રહે નહિ.

**શ્રોતા :-** દ્રવ્યનું લક્ષણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્યનું લક્ષણ જ એ છે **'उत्पादव्ययध्रुवयुक्तं सत्'** હજી એટલા સૂત્રની ખબર ન મળે.

પ્રત્યેક આત્મા અને પરમાણુ, અનંત રજકણો અને અનંત આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં નવી પર્યાયનો ઉત્પાદ કર્યા વિના રહે તો એ સત્ત્વ જ રહી શકે નહિ. હવે જે નવી પર્યાયનો ઉત્પાદ એમાં થાય એને બીજો કરે શું? કારણ કે બીજો પણ પોતાની નવી પર્યાયના ઉત્પાદને કરે છે. શેઠ! સમજાય છે? આહાહા..! એટલે વિકલ્પ આવે એ વાત જુદી છે ઉત્પાદમાં, પણ એ શરીરનું હલાવવું કરી શકે (એમ ત્રણ કાળમાં નથી). ભાઈ! શરીરની ઉત્પાદની પર્યાય એનાથી થાય, પણ મેળ એવો ખાય કે ઓલો ભાવ આવ્યો અને શરીર ચાલે એટલે આ શરીર મારે લઈને (ચાલ્યું એમ લાગે). એ જ શરીર સાથે એકત્વબુદ્ધિ છે, મિથ્યાત્વભાવ છે, સત્યને અસત્ય માને છે. આહાહા..!

વીતરાગનું દર્શન વસ્તુદર્શન છે ઈ. પરમાત્મા સર્વજ્ઞદેવે કહેલું તત્ત્વ એ સત્ તત્ત્વ છે. એને જ્યાં હજી પહેલી વાતને સમજે નહિ કે ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્. પ્રત્યેક વસ્તુ પોતાની ધ્રુવતા રાખીને સમયે-સમયે સેકન્ડના અસંખ્ય ભાગમાં બદલી રહી છે, થઈ રહી છે. નવી

અવસ્થાનું કાર્ય થઈ રહ્યું છે. કાર્ય ન હોય તો એ દ્રવ્ય રહી શકે નહિ. કેમકે પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ, કાર્ય વિનાનું દ્રવ્ય હોય નહિ. હવે કાર્ય વિનાનું દ્રવ્ય ન હોય તો બીજો કાર્ય કરે શી રીતે એનું? શેઠી!

આ અમારે મહેમાન આવે તો ચા પાવી કે નહિ? લ્યો, પ્રશ્ન હતો એમનો. જુઓ! આ પ્રશ્ન કરે છે ને? બેચરભાઈએ પણ પ્રશ્ન કર્યો હતો તે દિ'. તો લ્યો બેસી રહેવું અમારે? પહેલા શરૂઆતમાં. પછી તો એને ખ્યાલ આવી ગયો. પણ આ વાત જ વીતરાગના માર્ગની લોકોને ખ્યાલમાં આવી જ નથી, સાંભળી નથી. કરી દઉં પરનો ઉપકાર કરી દઉં, આ કરું. ધૂળેય કરતો નથી, સાંભળને હવે. સમજાણું કાંઈ? રાગ આવે. એને પોતાને કારણે. તે એને કારણે નહિ. છતાં એ રાગ આવતા એ શરીરની ક્રિયા (થાય) કે બચાવવા માટે જાય કે ન જાય એ જડની ક્રિયાને કરે છે. અમરચંદભાઈ! શું થાય? આમ જીવ અને અજીવ જુદા કહે અને વળી કહે કે અજીવની પર્યાયને હું કરું. જીવને જુદા માને કે અનંત જીવ છે. વળી એક જીવ કહે કે હું આના જીવની દશા-કાર્યને કરું. એ એકત્વબુદ્ધિ છે. એ અહીં કહે છે, જુઓ!

'**હું (પર જીવોને) હણું છું...**' એની અવસ્થાને હું વ્યય કરું છું. સામાના જીવના શરીરને સંયોગ છે ને? એનો હું વિયોગ કરું છું. એની પર્યાયનો વ્યય હું કરું છું. પણ વ્યય એને કારણે એમાં થાય છે, એને હું કરું છું એ જ અધ્યવસાન મિથ્યાત્વભાવ છે. અને હું જીવાડું છું. એ તો એના આયુષ્યને અને એના આત્માની જે સ્થિતિ યોગ્યતા છે એ પ્રમાણે ત્યાં રહેશે. એને ઠેકાણે હું જીવાડું છું, હું સુખી કરું '**ઈત્યાદિ જે આ અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને,...**' કેવા? એકત્વબુદ્ધિવાળા અજ્ઞાનીને '**જ્ઞાનમયપણાને લીધે...**' હવે કહે છે, જુઓ!

ભગવાનઆત્મા કેવો છે? એ તો જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા છે. જ્ઞાનમય સ્વરૂપ છે. એને '**લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવા આત્માનો...**' શું કહે છે? કેવો છે આત્મા? કે જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ સત્તાસ્વરૂપ, અસ્તિત્વરૂપ. આત્મા જ્ઞાનમય તેથી '**સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે...**' ખરેખર તો આત્મા જ્ઞાન છે. તો જ્ઞાનની પર્યાયમાં અવસ્થા જે થાય તે કોઈના નિમિત્ત વિના, હેતુ વિના જ્ઞાનની જ્ઞપ્તિક્રિયા થાય. એ જાણવાની ક્રિયા આત્મામાં થાય. અહેતુક સત્‌ને હેતુ શો? છે એને હેતુ શું? છે એને કારણ શું?

જ્ઞાનમય ભગવાનઆત્મા એની પર્યાય-એની અવસ્થા સત્‌રૂપ, અહેતુક-કોઈ હેતુ નહિ. સ્વયંસિદ્ધ. જુઓ! '**કોઈ કારણ નથી એવી; અકારણ; સ્વયંસિદ્ધ; સહજ**' '**જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે.**' જુઓ! સિદ્ધાંત. ભાઈ! તારી ક્રિયા આત્માની તો એ છે

કે જ્ઞાનગુણ જે ત્રિકાળ છે એની જ્ઞાનની પર્યાયનું પરિણમવું, ઉત્પાદરૂપે થવું, જ્ઞપ્તિ જાણવાની ક્રિયારૂપે પરિણમે એ સત્ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક આત્માની ક્રિયા છે. એ ક્રિયા એની છે. સમજાય છે?

'**એવો આત્મા...**' ભાષા જુઓ! એવો આત્મા. વસ્તુ જ્ઞાનમય, ગુણ જ્ઞાન અને એની પર્યાય જ્ઞાન અવસ્થા. સમયે-સમયે જ્ઞાનગુણ જે છે એ પર્યાયપણે થાય. જ્ઞાનગુણ છે એ ગુણમાં પણ ત્રણ છે. જ્ઞાનની અવસ્થાનું ઊપજવું, પૂર્વની અવસ્થાનું ટળવું અને ધ્રુવપણે રહેવું. એવો જ્ઞાનમયપણાને લીધે. જ્ઞાનમયપણું આત્માનું લીધું છે. '**સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે...**' એ તો જાણવાની ક્રિયાવાળો આત્મા છે. એને આત્મા કહીએ. આહાહા..!

'**એવા આત્માનો અને રાગદ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો વિશેષ નહિ જાણવાને લીધે...**' આને હણું છું એવો જે વિકલ્પ, અધ્યવસાય અને આ જ્ઞાનમય જાણવાની ક્રિયા, બે જુદી છે એમ અજ્ઞાની જાણતો નથી. ફરીથી. છે એમાં, જુઓ! પહેલું શું લીધું? કે આને હણું છું, સુખી-દુઃખી કરું છું. આમ પરવસ્તુને. એની પર્યાયને હું કરું છું એવો જે બે પદાર્થની એકતાબુદ્ધિનો અધ્યવસાય, એ જીવને છે તે જીવ કેવો છે? કે '**જ્ઞાનમયપણાને લીધે...**' વસ્તુ તો જ્ઞાનમય આત્મા છે. ચૈનત્યના પ્રકાશનું પૂર-નુર છે. સત્ અસ્તિરૂપે, અહેતુક-કોઈના નિમિત્ત વિના. એટલે સામો જે દુઃખી-સુખી કે જીવન-મરણ છે માટે અહીં જ્ઞાનની પર્યાય થાય છે એમ નહિ. જ્ઞાનની પર્યાય, હોં! અહેતુક જ્ઞપ્તિ જેની ક્રિયા છે. જાણવું એની પર્યાય છે. જાણવું એની એક પર્યાય છે. સામે સગવડતા મળે કે અગવડતા સામાને મળે કે મરે કે જીવે, એને જાણવાની અને પોતાને જાણવાની જ્ઞપ્તિક્રિયા પોતાની છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું. વીતરાગનું કહેલું તત્ત્વ લોકોને બિચારાને ખબર પણ ન મળે. વાડામાં પડ્યા. શેઠ!

ભગવાને છ દ્રવ્ય કહ્યા છે કે નહિ? છ વસ્તુ, નવ તત્ત્વ. તો જીવ અને અજીવ જુદી જુદી ચીજ છે અને જીવો પણ અનંત જુદે જુદા છે. તો કહે છે કે તારું સ્વરૂપ શું? કે તારું સ્વરૂપ જે ક્ષણે જગતમાં કાંઈ જીવન-મરણ આદિ એની અવસ્થામાં થાય, તે ક્ષણે તારી જાણવાની ક્રિયારૂપે પરિણમ, તે પણ સામી ચીજ છે માટે નહિ. જ્ઞપ્તિ ક્રિયા, જાણવાની ક્રિયારૂપે થવું એવો આત્મા. સમજાણું કાંઈ? એને '**અને રાગદ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓને...**' આને હણું એવો જે રાગ એ આદિ, બચાવું એવો રાગ એવી રાગની ક્રિયાનો '**વિશેષ નહિ જાણવાને લીધે...**' એ રાગને અને જ્ઞપ્તિક્રિયાના ભેદને નહિ જાણતો હોવાને લીધે. ખરેખર તો એને હણું છું એવો જે રાગ, રાગનું અહીં જ્ઞાન જ્ઞપ્તિપણે પરિણમે એવો આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? હજી આત્મા કેવો છે એની ખબર ન મળે

એને અને અમે આત્મા માનીએ છીએ. શું માને? ધૂળ?

કહે છે કે આત્મા એવો છે કે રાગ થયો ને કે આને બચાવું, જીવાડું આદિ શુભ-અશુભરાગ, એને જાણવાની ક્રિયા થાય પોતામાં પોતાને કારણે, એને કારણે નહિ, એવી જાણનક્રિયારૂપ પર્યાય તે અહેતુક સત્ અને અસ્તિપણે છે. સમજાણું કાંઈ? એ ક્રિયા અને રાગ-આને મારું, આને જીવાડું, આને સુખ-દુઃખ (આપું), આને કરી શકું એવો જે રાગ એ બેની ભિન્નતા ન જાણતો. બે એક નથી, બે ભિન્ન છે. આહાહા..! સમજાય છે કે નહિ? ચૈતન્ય ભગવાન અને '**રાગદ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓ...**' જુઓ! એ જ્ઞપ્તિ ક્રિયા અને રાગાદિની ક્રિયા એનો વિશેષ, વિશેષ નામ તફાવત-ભિન્ન '**નહિ જાણવાને લીધે...**' એ જાણવામાં ભાન જ ન મળે એને. ગાફેલ થઈને એમ માને છે કે હું આ રાગને કરું છું, આને હણું છું, આને જીવાડું અને આને મારું. એવા રાગની ક્રિયા અને તે જ ક્ષણે જ્ઞાનમય જ્ઞપ્તિની ક્રિયા, બે જુદી છે છતાં બેને જુદી ન જાણતા, બેના તફાવતને, બેની ભિન્નતાને ન જાણતાં. '**ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી,..**' આને હણું એવો જે વિકલ્પ રાગ, એનાથી એને જાણવાની ક્રિયા જ્ઞપ્તિ એ રાગથી ભિન્ન છે. એવા રાગથી ભિન્ન એવો આત્મા તેનું અજ્ઞાન હોવાથી એટલે જાણવાની ક્રિયા તે હું છું, રાગ તે હું નહિ, એવું આત્માને નહિ ભાન હોવાથી આત્માનું અજ્ઞાન છે. એના જાણવાની ક્રિયા એ મારી એનું અજ્ઞાન છે. એ નહિ. હું તો આ છું. હું રાગ છું, પરને કરી શકું છું, હણી શકું છું એવો જે ભાવ એ આત્માના જ્ઞપ્તિ ક્રિયા અને સ્વભાવનું અજ્ઞાન છે એને. સમજાણું કાંઈ?

અહીં તો કર્મની વાત પણ લીધી નથી. ફક્ત રાગ પોતે કરે છે અને દ્વેષ પોતે કરે છે. અહીં જ્ઞપ્તિ ક્રિયા પણ પોતે કરે છે. એમ બે ભિન્ન હોવું જોઈએ. આ હું જ્ઞાનસ્વરૂપ ભગવાન, એ ચૈતન્યની ક્રિયા તો જ્ઞાનમય થાય. એ ક્ષણે ઓલા રાગની ક્રિયા થાય એને અને જ્ઞપ્તિક્રિયારૂપ આત્માનું અજ્ઞાન હોવાને લીધે, આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે તેના અજ્ઞાન હોવાને લીધે '**તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે,...**' કહો, સમજાય છે કાંઈ?

બહુ થોડામાં આચાર્યે ટીકા કરી છે, ગજબ! 'અમૃતચંદ્રાચાર્ય' સત્‌ને પ્રસિદ્ધ કરવામાં, આત્મખ્યાતિ નામ છે આનું-આત્મપ્રસિદ્ધિ. ભગવાનઆત્મા જ્ઞાનની પર્યાય, જ્ઞાનની પર્યાય, જ્ઞપ્તિપર્યાય, જાણવાની ક્રિયાની અવસ્થા એ સત્ છે, અહેતુક છે અને એ પોતાની પર્યાય છે. એવું ન જાણતાં, એનું ન જાણતાં, એમ ન જાણતા રાગને-વિકલ્પને પોતામાં એકત્વ માનતો આત્મા રાગ વિનાની જ્ઞપ્તિક્રિયાવાળો છે તેનું અજ્ઞાન હોવાને લીધે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** બંધનું કારણ બતાવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ અજ્ઞાન છે એ નવા બંધનું કારણ છે, એમ કહે છે. આ અજ્ઞાન. એ અજ્ઞાન સમકિતીને હોતું નથી. મુનિની વાત કરશે, પણ એ મુનિ કહો કે સમકિતી

.... સમ્યગ્દૃષ્ટિને એ રાગ અને જ્ઞપ્તિ ક્રિયાનું ભાન ભિન્ન હોય છે. રાગ તે હું નહિ. હું તો જાણવાની ક્રિયાવાળો એવું ભેદજ્ઞાન હોય છે. રાગથી ભિન્ન, રાગથી ભિન્ન. આ ધાર્મિક ક્રિયા છે પણ એની ખબર ન મળે. ધાર્મિક ક્રિયા ક્યાં થતી હશે? સમજાણું કાંઈ? એ ભિન્ન આત્માનું અજ્ઞાન છે.

**'ભિન્ન આત્માનું અદર્શન (અશ્રદ્ધાન) હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે...'** રાગનો વિકલ્પ ઊઠ્યો કે આને સુખી કરું, દુઃખી કરું એવો જે રાગ અને જાણવાની જ્ઞપ્તિ ક્રિયા બેની એકતાબુદ્ધિને લઈને એ મિથ્યાદૃષ્ટિ છે. એને આત્માની શ્રદ્ધા છે નહિ. તારણસ્વામીએ બહુ કહ્યું છે એવું હોં! પણ તમને કાંઈ ખબર જ ન મળે. એમ ને એમ શેઠિયા થઈને ફરે પણ સમજવાની કાંઈ દરકાર નહિ. એય..! શોભાલાલજી! ઘણું કહ્યું છે એણે એક ફેરી. ચોપડામાં લખી નાખ્યું છે એણે. મોટો ચોપડો છે ને. છ .. આપ્યો હતો ને, ત્યાં અમે આવ્યા હતા ચૈત્યાલયમાં. તો એમાં બધું ખતવી નાખ્યું છે ઊંધુ કેટલુંય. કહ્યું હતું એને કે આ લોકાશાને મૃત્યુ નહોતા માનતા હતા માટે એવા છે. ઓલા કબીર માટે. અરે..! કબીર અને લોંકાશા સાથે તારણસ્વામીને ક્યાં મેળવો છો? તમે ઊંધુ ક્યાં માર્યું બધું આ? લખ્યું છે કે નહિ? બતાવ્યું હતું એમને. તારણસ્વામી તો જૈનની પાક્કી દૃષ્ટિવાળા હતા અને ઓલા તો બધા ઊંધી દૃષ્ટિવાળા હતા. ગૃહીત મિથ્યાદૃષ્ટિ કબીર આદિ. હવે એની સાથે તમે મેળવ્યું. તમારા ચોપડામાં લખ્યું છે. એમાં નાખ્યું છે. બતાવ્યું હતું ને? એય..! શોભાલાલજી! ચૈત્યાલયમાં. તારણસ્વામી તો પાકા જૈન, પાકા જૈન સર્વજ્ઞ પરમાત્માની માન્યતાવાળા. આ લોકો કબીર સાથે મેળવે. કોઈ જૈનની સર્વજ્ઞની ખબર નહિ. લોંકાશા કોઈ બહારની ક્રિયાકાંડના માનનારા હતા. હવે એની સાથે ખતવી નાખ્યું. તમને ઓલું સારું લાગ્યું કે આ આપણે...

**શ્રોતા :-** પ્રતિમાને નથી માનતા ને એટલે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલે મેળવી દીધા. બતાવ્યું હતું એક ફેરી. આવું ભાવે, પણ કાઢી નાખ્યું છપાઈ ગયા પુસ્તક હવે શું કાઢવું? સમજાણું? પોકાર કરે છે હું જૈન છું. વીતરાગી દૃષ્ટિવાળો જૈન છું. સમજાય છે? એ વાત જૈન સિવાય ત્રણ કાળમાં બીજે હોઈ શકે નહિ. ત્યાં સુધી કહે કે લોકરંજન માટે તું પુણ્ય પરિણામથી ધર્મ મનાવી દે, લોકરંજન, જનરંજન માટે તારી ઉપદેશ કથા (છે તો) મૂઢ મિથ્યાદૃષ્ટિ નિગોદમાં જઈશ. શેઠી! ખબર છે? નિગોદં ગચ્છઈ, એવો પાઠ છે, તારણસ્વામી. જનરંજન લોકોને ઠીક પડે એવી વાતું કરીને લોકોને પ્રસન્ન કરવા માગે છે. નિગોદમાં જઈશ. મિથ્યાત્વનું ફળ તો નિગોદ છે. આહાહા..! ખબર ન મળે. શું ચીજ છે? આ શું સર્વજ્ઞ કહે છે? વીતરાગ માર્ગ શું છે?

કહે છે, **'સતૂરૂપ અહેતુક...'** જાણવાની ક્રિયા એ આત્માસ્વરૂપ છે. એવો આત્મા ન માનતા એને રાગવાળો કે આ રાગની ક્રિયાવાળો માને છે એ અશ્રદ્ધા છે આત્માની એને.

આત્માની શ્રદ્ધા છે નહિ. મિથ્યાદર્શન છે. **'અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી...'** લ્યો, દેખો! એ રાગ જ હું છું, એવું રાગનું જ આચરણ અજ્ઞાનીને છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, મહાવ્રતના પરિણામ છે, એ મારું આચરણ છે એમ માનીને રાગથી ભિન્ન આત્માને જાણતો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'ભિન્ન આત્માનું અનાચરણ...'** અનાચરણ. એટલે? કે આમ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, એની શ્રદ્ધા, શાંતિ આદિ નિર્મળ એની ક્રિયા વીતરાગી ક્રિયા હોય. આત્માની તો વીતરાગી ક્રિયા તે આત્મા. એમ ન માનતા, આને હું જીવાડું એવો જે રાગ, એની સાથે એકત્વ કરીને માને છે એ આત્માની અશ્રદ્ધા-મિથ્યાદર્શન છે. બહુ સરવ વાત! લ્યો, આ સરસ વાત (છે એમ કહે છે). આ જૂના માણસ કહેવાય. એ જ સત્ય વાત છે. શેઠી! આહાહા..! કહો, પાટનીજી! એવી વાત કરે છે ને સ્પષ્ટ, આમ દીવા-સૂર્ય જેવી વાત છે.

ભગવાનઆત્મા આમ ચૈતન્યના પ્રકાશનો પૂર, પુંજ એવો ભગવાન, એની જાણવાની ક્રિયા, શ્રદ્ધવાની ક્રિયા, ઠરવાની ક્રિયા એ ક્રિયા આત્માની, અને વીતરાગી પર્યાય તે આત્માની, એને ઠેકાણે રાગ તે હું અને મારો એવો જે વિકલ્પ, એને એકત્વ માનીને આત્મા આવો છે એમ એને શ્રદ્ધા છે નહિ, મિથ્યાદર્શન છે. કહો, છોટાભાઈ! આ તો સાદી ભાષા છે. ગુજરાતી જરી કઠણ પડે હિન્દીવાળાને, પણ ભાષા સાદી છે. એમાં કોઈ ગૂઢ નથી. ધ્યાન રાખે તો પકડાય.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. એક આ માનનારો અને એક આત્મા શ્રદ્ધા, વીતરાગી શ્રદ્ધા અને ક્રિયામાં હું એ માનનારો. આહાહા..! અરે..! આ કાળ મળ્યો આવો. આહાહા..!

એકવાર તો એમ થઈ જાય... અરે..! પણ આ ક્યાં જઈશ? ક્યાંય કીડી, કાગડા, કૂતરાના અવતાર ચોર્યાશીના, ભાઈ! માથે મોટો બોજો. એ જો અંતર દૃષ્ટિ અને અનુભવ ન કર્યો અને આ આત્માની આ રીતે પ્રતીત, અનુભવ ન થાય (તો) ક્યાં ભવ અને કયે ઠેકાણે જશે? ભાઈ! એને એમ લાગે જરીક આ મળ્યું, થોડુંક આમ આમ, પણ એમ નહિ રહે. આ સામગ્રી લુંટાઈ જશે. અંદર જાણવાની યોગ્યતા, શ્રદ્ધાની યોગ્યતા આદિ બધી વઈ જશે. જો વાસ્તવિક આત્માનો આ રીતે આમ ભીડ પડી છે જાણે મને દુઃખની, એમ લાગે અંદર. આ શું? આ શું? અરે..! આ છૂટું તત્ત્વ કેમ નજરે પડતું નથી? સમજાય છે? એમ એની ઝંખના અંદર થવી જોઈએ. આહા..! આ કાંઈ બહારથી એમ ને એમ સાધારણ બાહ્ય પ્રવૃત્તિ કરે અને મળી જાય એવી ચીજ નથી.

તેથી, તો આ કહે છે કે ભાઈ! તારી તો સત્ અહેતુક જાણવાની, શ્રદ્ધવાની, ઠરવાની, આનંદની, શાંતિની એવી ક્રિયા તે આત્માની છે. એ પર્યાયવાળો તે આત્મા. એવી અવસ્થાવાળો

તે આત્મા. એમ ન માનતા, આ રાગને કરું છું, આ રાગ તે હું છું, એવી ક્રિયાની સાથે આત્માની ક્રિયાને ન જાણતો, આત્માની અશ્રદ્ધા કરતો, મિથ્યાદષ્ટિનો અધ્યવસાય નવા દર્શનમોહના બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**અચારિત્ર છે.**' બહારમાં પંચમહાવ્રતની ક્રિયા દેખાય, નગ્ન હોય, પણ જેને અંદરમાં એ રાગનો વિકલ્પ ઊઠ્યો છે એને અંદર પોતાના આત્મા સાથે એકત્વ માને છે, આ મને લાભદાયી છે, કહે છે કે અચારિત્રીયો છે. શેઠ! આહાહા..! એ એક બોલ થયો. બીજો બોલ. એક અંદર રહી ગયો છે. ટીકામાં એક બોલ રહી ગયો છે. એક રહી ગયો છે એટલે ઉતાર્યું છે.

'**અહીં સંસ્કૃત ટીકાની અમને મળેલી હસ્તલિખીત તેમ જ મુદ્રિત પ્રતોમાં એક વાત રહી ગઈ લાગે છે.**' અમારે પંડિતજીએ સ્પષ્ટ કર્યું છે. આ હિંમતભાઈ. ઓળખો છો ને? પંડિતજી. એમ અહીંયાં લખ્યું છે. સ્પષ્ટ કર્યું. '**જેનો ગુજરાતી અનુવાદ લગભગ નીચે પ્રમાણે થાય.**' સંસ્કૃત ટીકામાં એક વાત રહી ગઈ છે. '**(વળી હું નારક છું...**' હું નારકી છું. હું નારકી છું એ તો ઉદયભાવ, વિકૃતભાવ છે. એવો જે નારકી છું એવો આત્મામાં એકત્વબુદ્ધિ ભાવ એ મિથ્યાત્વભાવ છે.

**શ્રોતા :-** મનુષ્ય તરીકેની ફરજ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફરજ-ફરજ મનુષ્ય કે દિ' હતો ઈ? આહાહા..! ભાઈ! ધર્મની દૃષ્ટિ એ બહુ અલૌકિક વાત છે, ભાઈ! આપણે મનુષ્ય છીએ, મનુષ્યના કર્તવ્ય કરવા, મનુષ્યની ફરજ બજાવવી. પણ તું મનુષ્ય એટલે શું? શરીર તો નહિ પણ મનુષ્યની ગતિનો ઉદય એ આત્મા નહિ. આહાહા..! ઉદયભાવ જે વિકૃતભાવ એ આત્મા નહિ, આત્મા હોય તો છૂટો પડે નહિ. આ તો શરીર દળ જડ છે તદ્દન જુદું. એને તો કાંઈ સંબંધ છે નહિ. પણ એની પર્યાયમાં એની ભૂલથી થયેલો જે મનુષ્યગતિનો ભાવ એ આત્મા છે એમ માનનારા એ આત્માને જ્ઞાનસ્વરૂપ છે એમ માનતો નથી. સમજાણું કાંઈ?

'**હું નારક છું...**' અથવા મનુષ્યું છું, દેવ છું, પશુ છું, પુરુષ છું વગેરે '**જે અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને પણ, જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે...**' જુઓ! આત્મા તો જ્ઞાયક જાણનાર એવો જ એનો એક ભાવ છે. જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... એવો એક એનો સ્વભાવ છે. એવા સ્વભાવવાળા આત્માને ન માનતો હું તો મનુષ્ય છું, તિર્યંચ છું, નારકી છું, એમ જે માને છે તે પોતાના સત્‌રૂપ, જ્ઞાયકભાવ સત્‌રૂપ છે ત્રિકાળી, અહેતુક. દ્રવ્ય છે એને હેતુ નથી. ઓલી તો પર્યાયને હેતુ નથી તો વળી દ્રવ્યને હેતુ તો ક્યાંથી લાવ્યો? એ જ્ઞપ્તિક્રિયા છે એને હેતુ કોઈ નથી. આહાહા..! ભારે વાત!

આત્મામાં પોતાના જે જ્ઞાનની પર્યાય-હું જ્ઞાન છું એવું પરિણમન, હું શુદ્ધ છું એવું

શ્રદ્ધાનું પરિણમન, હું શુદ્ધ છું એવી ચારિત્રની પરિણતિ અંદર નિર્વિકારી પર્યાય એને કોઈ હેતુ નથી એમ કહે છે. ઓલો રાગ આવ્યો વ્યવહારનો માટે અહીં જ્ઞાન એનું થયું, રાગ આવ્યો માટે એની શ્રદ્ધા થઈ, રાગ આવ્યો માટે એના રહિત ચારિત્ર થયું, એમ નથી. નિરપેક્ષ પોતાની જ્ઞપ્તિ ક્રિયા એની ચારિત્રની દશા શ્રદ્ધા જ્ઞાનની નિરપેક્ષ થાય છે. ભારે વાત, ભાઈ! એમ અહીં જ્ઞાયકભાવ. ગતિની સામે લેવું છે ને? ઓલી ક્રિયા સામે લેવું હતું. રાગની ક્રિયા.

અહીંયાં '**જ્ઞાયક જ જેનો એક ભાવ છે...**' જાણવું... જાણવું... જાણનાર આનંદમય એકરૂપ જેનો સ્વભાવ છે. એવા ભાવ '**એવા આત્માનો...**' એક ભાવ છે એવા આત્માનો '**અને કર્મોદયજનિત નારક આદિ ભાવોનો...**' એ તો કર્મના નિમિત્તથી થયેલો આનો વિકારી ભાવ. જનિત થયેલો છે એટલે કે એનો ઉપાધિભાવ છે એમ બતાવવું છે. સમજાણું કાંઈ? આજે ચર્ચા ચાલી હતી મોટી. એ જ્યાં હોય ત્યાં બેય જણાએ માંડ્યું છે. ઓલાએ માન્યું. અજીતકુમારે માંડ્યું. નહિ, કર્મને લઈને થાય. સોનગઢના વિદ્વાનો એમ માનતા નથી. માટે કરો ચર્ચા. કર્મને લઈને રાગ થાય, આયુષ્ય કર્મને લઈને જાય બીજે, નરકમાં પણ નરકગતિને લઈને જાય. એવું લખ્યું છે, અજીતકુમારે. અને આ ઓલાએ લખ્યું છે, રાજેન્દ્ર. સમાજસેવા અમારી ફરજ છે, હવે લાવો વિદ્વાન ચર્ચા કરીએ. તમે કહો છો કે નિમિત્તથી નૈમિત્તિક ન થાય. તો નિમિત્તનૈમિત્તિક. નિમિત્તથી નૈમિત્તિક થાય તો એને નૈમિત્તિક કહેવાય. નિમિત્તનૈમિત્તિક સંબંધ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, તમને નાખ્યા છે. વાંચ્યું છે તમે? જૈન ગેજેટમાં. ક્યારે વાંચ્યું? હજી આજે આવ્યું છે. આજે આવ્યું છે. નેમિચંદ પાટણીએ નિમિત્તનૈમિત્તિક સંબંધનું લખ્યું છે એ ખોટું છે બધું. નિમિત્તથી થાય તો નૈમિત્તિક કહેવાય. અરે..! સાંભળને એ તો કહેવાની વાત છે, થાય છે તો પોતાથી. વિકાર પણ પોતાથી થાય. પોતાથી સમજ્યા ને? અપનેસે. સમ્યગ્દર્શન, જ્ઞાન પણ સ્વયં પોતાથી સ્વયં થાય. એ બીજી ચીજ તો નિમિત્ત છે. એ તો નિમિત્ત બોલે છે, પણ નિમિત્તથી થાય એમ માનતા નથી. માટે નિમિત્ત ખરેખર માનતા નથી, જાવ. જગમોહનલાલ અને ફૂલચંદજી એ બે સોગનઢના વિદ્વાનો કહેવાય, સોનગઢના પક્ષના. હવે બધી ચર્ચા થઈ. એ જ લખ્યું છે. આમાં એવો ઉત્તર આપ્યો છે જયપુર ચર્ચામાં. અને એ વાત ખોટી છે. લાવો ચર્ચા કરીએ. અરે..! ભગવાન! મૂળ વાંધા સૌને એ છે કે કર્મને લઈને આત્મા ગતિમાં આવે, કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને નરકગતિમાં જાય, પણ એમ છે જ નહિ. તારી ભૂલને લઈને રખડે છો. ભાવકલંકનું એમ આપ્યું એમાં. ભાવકલંકનું આપ્યું પાછું. જુઓ! નિગોદમાં ભાવકલંક ... મોહ વિના ભાવકલંક પૂરા હોય નહિ. પાઠ આ છે. ભાવકલંક પ્રચુર. નિગોદમાં બટાટા, શક્કરકંદ, લીલ-ફુગ છે ને કાંઈ? એમાં જીવ

રહ્યો છે એ ભાવકલંક પ્રચુર. પોતાના ભાવના કલંકની પ્રચુરતાને લઈને ત્યાં રહ્યો છે, એવો પાઠ છે. એની ગાથા મૂકીને એવો અર્થ કર્યો છે. જુઓ! પ્રચુરતા ક્યાંથી પણ આવી? આત્મામાં ક્યાં હતી? કર્મને લઈને આવી છે ઈ. આજે આવી છે ચર્ચા. મૂળ તો સૌ હોશિયાર છે. કર્મને લઈને વિકાર થાય ત્યાંથી નિમિત્તનું લાકડું ગરી ગયું છે.

અહીં તો કહે છે કે કર્મોદયજનિતનો અર્થ આત્મજનિત વિકારભાવ નથી, ઉપાધિભાવ છે. એટલે ઉપાધિમાં કર્મનું નિમિત્ત હોય છે, એમ કહે છે. '**નારક આદિ ભાવોનો વિશેષ નહિ જાણવાને લીધે...**' ભગવાનઆત્મા જાણનાર જ્ઞાયકભાવને અને આ નારક આદિ ઉપાધિભાવને બેને ભિન્ન ન જાણતો, બેને એક માનતો એવો અજ્ઞાની અજ્ઞાન હોવાથી '**ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી,...**' જાણનાર છું. એ ગતિનો ભાવ એ મારો નથી. એમ ભિન્ન આત્માનું જેને જ્ઞાન નથી એ અજ્ઞાનને લીધે '**તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે...**' હું મનુષ્યું છું, નારકી છું, દેવ છું, પુરુષ છું, સ્ત્રી છું, એવો જે ઉપાધિનો ભાવ તેને આત્મા સાથે મેળવીને માને છે તે મિથ્યાદર્શન, મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

'**અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન)અચારિત્ર છે.**' રાગથી ભિન્ન સ્વરૂપમાં આચરણ થવું જોઈએ, એને ઠેકાણે રાગનું આચરણ કરનાર હોવાથી અચારિત્ર છે. અમરચંદભાઈ! આ તો સીધી વાત છે પણ હવે એને કોઈ દિ' સર્વજ્ઞ પરમેશ્વરે શું કહ્યું છે એની દરકાર જ ન મળે. આ બધા શરીરના ઓલા ભાષણ કરનારા નીકળે એ થૂંકે આડાઅવળામાં. આ આમ થાય... આ આમ થાય.. પરનું કરીએ, ઢીંકણું કરીએ. માર ગપ્પેગપ્પા. શેઠી! શરીરની ક્રિયા કાંઈ મજબૂત હોય તો વળી અપવાસ કરી નાખે પાંચ-પચાસ, શરીર સારું હોય તો. બુદ્ધિનો ઉઘાડ હોય તો આવા ગપ મારે.

ભાઈ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ છે. તું તારી કલ્પનાથી માન એમ અહીં ચાલે નહિ. ... સમજાણું કાંઈ? અરિહંતપણે બિરાજે છે મહાવિદેહમાં. ભગવાન તો મોક્ષ પધાર્યા. એ તો અરિહંતપણે બિરાજે છે તીર્થંકરદેવ. એના મુખમાંથી નીકળેલી આ વાત છે. એ આ કુંદકુંદાચાર્ય ત્યાંથી આ લાવ્યા અને વાત કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! એ બીજો બોલ થયો.

હવે ત્રીજો. '**આ ધર્મદ્રવ્ય જણાય છે....**' હવે જરી ઝીણી વાત છે પાછી. જુઓ, ધ્યાન રાખજો, હોં! ધર્માસ્તિકાય છે ને એક જગતમાં? ભગવાને જોયેલો એક ધર્માસ્તિકાય નામનો પદાર્થ છે. અરૂપી. એ શાસ્ત્રમાં વાંચેને ત્યારે એનું લક્ષ ત્યાં જાય. આ ધર્માસ્તિ. એને હું જાણું છું, એને જાણું છું. એટલે એના તરફનું જ્ઞાન તે મારું નહિ. એના તરફનું જ્ઞાન એ એનું નહિ ખરેખર. છતાં એના તરફનું જ્ઞાન તે મારું છે એમ માને છે એ ધર્માસ્તિકાયને

પોતાને માને છે. ફરીથી. ઝીણું છે. મેં કહ્યું પહેલું કે ઝીણું છે. છેને? ત્રણ મીંડા પછી છે.

**'આ ધર્મદ્રવ્ય જણાય છે...'** ખરેખર જણાય છે તો જ્ઞાનની પર્યાય. જણાય છે તો જ્ઞાન જણાય છે એને, પણ આ જણાય છે એમ બુદ્ધિ-એકત્વબુદ્ધિ થાય છે એ અજ્ઞાન અને મિથ્યાદર્શન છે. ભારે વાત, ભાઈ! 'ઇત્યાદિ...' એટલે? આ ધર્માસ્તિ જણાય છે. અધર્માસ્તિ. અરે..! આ જીવ જણાય છે. નિગોદના અનંત જીવ છે ને. અરે..! દેવ-ગુરુ છે આ. આ દેવ-ગુરુ જણાય છે. આ દેવ-ગુરુ જણાય છે. ખરેખર તો તે ક્ષણની પોતાની જ્ઞાનની પર્યાય જણાય છે એને ઠેકાણે આ જણાય છે એમ જે માને છે તે મિથ્યાદર્શન અજ્ઞાન છે. શેઠી! ફરીથી.

ભગવાનઆત્મા એનું તો જ્ઞાન એનું રૂપ છે, જાણવું એનો ગુણ છે. જાણવું એનું રૂપ છે, જાણવું એનું સ્વરૂપ છે. પોતે પોતાને જાણવું એનું એ રૂપ છે, એને ઠેકાણે આ પુદ્ગલ જણાણા, આ શરીર જણાણું, આ કર્મ જણાણા. સમજાય છે? આ ભગવાનની મૂર્તિ જણાણી, આ ભગવાન બિરાજે આ ભગવાન જણાય છે, એમ માનનાર પોતાની જ્ઞાનની પર્યાય જણાય છે એમ માનતો નથી. કઠણ છે, ભાઈ! આ તો કઠણ છે. સ્વપરપ્રકાશનું જ્ઞાન એ પોતાની પર્યાય છે, એ પરને લઈને નથી, પરને લઈને જણાણું નથી. ખરેખર પરને જાણતો જ નથી. ભિન્ન છે જીવ. દેવ પર છે, ગુરુ પર છે, સર્વજ્ઞ પરમાત્મા સાક્ષાત્ પર છે. આ જિનવાણી પણ જડ અને પર છે. એમ કોઈ કહે કે આ જિનવાણીને હું જાણું છું, મૂઢ છે મિથ્યાદૃષ્ટિ. કેમકે જિનવાણી જડ પર છે અને અહીં જ્ઞાન છે સ્વ. એ પોતાથી જ્ઞાન થયેલું છે, એ પોતાથી પોતાને કારણે થાય છે, એવું જ્ઞાનસ્વરૂપ છે એમ ન માનતા આને હું જાણું છું એ પરપદાર્થમાં એકત્વબુદ્ધિ છે. આહાહા..! રાડ નાખી જાય એવું છે. શેઠી! આ જિનવાણી છે ને એમાં જ્ઞાન ભર્યું છે બધું. ભગવાનનું જ્ઞાન એમાં ભર્યું છે, વાણીમાં. વાણીમાં ભગવાનનું જ્ઞાન છે? મૂર્તિમાં છે ભગવાનનું જ્ઞાન? આમાં વાણીમાં જ્ઞાન ભર્યું છે-એમ માનનારા મૂઢ (છે). શોભાલાલજી! અહીં તો ભઈ...

પોતાનું જ્ઞાનસ્વરૂપ છે તે પોતે પોતાને જાણે છે, વાણીને લઈને નહિ અને વાણીને નહિ. વાણીને લઈને નહિ અને વાણીને નહિ. વાણીમાં ક્યાં જ્ઞાન હતું? વાણીમાં જ્ઞાન છે એ તો જડ છે. જિનવાણી જડ છે, અચેતન છે, પુદ્ગલની પર્યાય છે. શેઠ! .. ચેતન છે એ તો નિક્ષેપ છે ભગવાન, નિક્ષેપ છે. એ તો પોતાને શુભભાવમાં નિમિત્ત શુભભાવ થાય નિમિત્ત કહેવાય છે. એમ જિનવાણી પણ પોતે પોતાથી જ્ઞાન કરે ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે. એનાથી અહીં જ્ઞાન થાય છે અને એમાં જિનવાણીમાં ભગવાનનું જ્ઞાન ભર્યું છે, એ તો જડની પર્યાય છે. ત્યાં ક્યાં ભગવાનનું જ્ઞાન ભર્યું છે. એ તો જડનો ભાવ છે એમાં તો. સમજાણું કાંઈ? ભારે વાતું.

આ વાણી છે ને સમયસાર આદિ આ બધા (શાસ્ત્રો). વીતરાગની વાણી, હોં! એ વાણી છે તો પુદ્ગલની પર્યાય છે. એ આત્માની છે? અને આત્માની પર્યાય એ જડની પર્યાયમાં આવતી હશે? એ જડનો સ્વભાવ છે, સ્વપરની કથા કહેવાનો જડનો સ્વભાવ છે, આત્માને લઈને નહિ. આત્માનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. વાણીનો સ્વપર કથા કહેવાનો સ્વભાવ છે, પણ એમાં સ્વપરનું જ્ઞાન નથી. આ લોકોને એમ થાય, જિનવાણી હોય તો કેટલું.. વાણી હોય તો એમાંથી.. પણ વાણી તો જડનો પર્યાય છે, પુદ્ગલની પર્યાય છે. પરમાણુ જડ રજકણની પર્યાય છે અક્ષરો. એમાં આત્મા નથી અને આત્માનો કોઈ ભાવ એમાં અડ્યો નથી. અડ્યો નથી સમજ્યા? છુઆ નહિ, સ્પર્શ્યા નહિ. અહીં .. થોડા અહીં થઈ જવું. ઘર તમે કર્યું છે અહીં ગુજરાતમાં. ગુજરાતી થઈ જવું થોડું. એય..! શેઠ! મકાન .. નાખ્યા અહીંયાં. શેઠને બિચારાને વિચાર હતો હોં. હુકમચંદજીને કે છેલ્લી સ્થિતિ મૃત્યુ મારું સોનગઢ હોય. એ પહેલા કહી ગયા હતા. શેઠ હુકમીચંદજી. પણ પછી વિદ્વાનો પંડિતોએ ઘેરી નાખ્યા. ત્યાં જશે તો આપણું કોઈનું નહિ રહે. હુકમીચંદજી. પહેલાં આવ્યા હતા ને શરૂમાં. છેલ્લી ભાવના અરે..! મારી છેલ્લી સ્થિતિ સોનગઢમાં થાય. ત્યાંના પંડિતોએ એવો ઘેરો કર્યો કે ત્યાં જવા ન દેવું... ત્યાં જવા ન દેવું. સોનગઢ જશે તો આપણા બધાના રોટલા પડ્યા રહેશે. આહાહા..!

ભાઈ! તારા સત્‌ની તને ખબર નથી. અહીં કહે છે કે '**અધ્યવસાનવાળા જીવને પણ, જ્ઞાનમયપણાને લીધે...**' છે ને નીચે? '**આત્મા જ્ઞાનમય છે તેથી સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ તેનું એક રૂપ છે.**' એ જ્ઞાન જ જેનું એક રૂપ છે. એનું પોતાનું જ્ઞાન એક રૂપ છે. પરને લઈને નહિ, પરને લઈને મારું નથી. ખરેખર પરને જાણતો પણ નથી. શું કીધું? આ જ્ઞાન ભગવાનઆત્મા, એ જ્ઞાન પરને લઈને નહિ, સમજાય છે? પરમાંથી આવતું નથી અને પરને ખરેખર જાણતું નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! વીતરાગના માર્ગની શ્રદ્ધા થવી... લોકો કલ્પનાથી માનીને બેસે અને આ ભાન વિના એના પરિભ્રમણ કોઈ દિ' ટળે એવા નથી. આહાહા..!

ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞદેવ મહાવિદેહ ક્ષેત્રમાં ફરમાવે છે. કુંદકુંદાચાર્ય આઠ દિ' ગયા. અહીં તો એમની પાસે જ્ઞાન હતું, બધું હતું પણ વિશેષ ત્યાં જઈને ઘણું નિર્મળ થયું. પછી આ આવ્યું. પોકાર જગત પાસે કર્યો કે ભગવાન આમ કહે છે, હોં. જિનવર, હમણાં નહોતું આવ્યું? જિનવર એમ કહે છે કે તું બીજાને આયુષ્ય આપી શકતો નથી, તો તું કેમ બીજાને જીવાડે? ભગવાન એમ કહે છે ને, ભાઈ! આહાહા..! સર્વજ્ઞ પ્રભુ કહે છે કે બીજાને સુખ-દુઃખ તું ન આપી શકે ને, ભાઈ! કેમકે બીજાના કર્મ તું આપી દે છે એને કે આ લે શાતાકર્મ. એના કર્મને લઈને સુખ-દુઃખના સંયોગ મળે. તું શું દઈ દે? એમ ભગવાન સર્વજ્ઞદેવ કહે

છે એમ કહ્યું છે, પણ લોકોને અંદર ભિન્ન ચીજ શું છે અને એકતા કેમ માની રહ્યો છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ખરેખર પરને જ જાણે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખરેખર પરને નથી જાણતો, પોતાને જાણે છે. પરને જાણે તો પરમાં તન્મય થઈ જાય, એકમેક થઈ જાય.

'**જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા આત્માનો...**' હું જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા છું એવા આત્માનો. અને આને હું જાણું છું, આને હું જાણું છું, પરદ્રવ્યને જાણું છું એવા ભાવનો એકત્વબુદ્ધિનો એ જુદાપણામાં અભાવને લઈને. જુઓ! '**જ્ઞેયમય એવાં ધર્માદિક રૂપોનો વિશેષ નહિ જાણવાને લીધે...**' જ્ઞેય. એ જ્ઞેય છે પર તો. '**જ્ઞેયમય એવાં ધર્માદિક રૂપોનો વિશેષ નહિ જાણવાને...**' એ જ્ઞેય પર છે. એનું જાણવું થાય એ પણ ખરેખર પરનું છે, એ પોતાનું નથી. આહાહા..!

ભગવાનઆત્મા ચૈતન્ય સ્વરૂપ ભગવાન ચૈતન્યનો સૂર્ય છે અંદર. ચાહે તો સ્ત્રીનું શરીર હો, પુરુષનો હો, પશુનું હો, ભગવાન તો જ્ઞાનમય આત્મા છે અંદર. એ જ્ઞાનમય ભગવાનઆત્મા. પોતે પોતાનું જ્ઞાનરૂપ એમ કીધું ને ભાઈ? એ જ્ઞાન તો એનું રૂપ છે, નહિ કે પરને લઈને એનું રૂપ છે. અને પોતે પોતાને જાણવાનું એનું રૂપ છે. સ્વયં પોતે પોતાને જાણે. પરને લઈને નહિ, પરને નહિ. આહાહા..! સમજાણું કાંઈ? દ્રવ્ય-ગુણ અને પર્યાય.

**શ્રોતા :-** સ્વયં પણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્વયં એ બીજા. પોતામાં નહિ. સ્વજ્ઞેયની વાત નહિ. પરજ્ઞેયની વાત છે. અહીંયાં પરપદાર્થની વાત છે.

જ્ઞાનમય કોણ? '**એવાં ધર્માદિક રૂપ...**' ઓલું જ્ઞાનરૂપ લેવું છે ને? જ્ઞાન જેનું રૂપ છે, તો ધર્માદિ જેનું રૂપ છે. એમ કીધું સામું. સામે સામે લીધું છે ને બેય. ઓલામાં એમ કહ્યું હતું કે જ્ઞપ્તિ જેની ક્રિયા છે અને રાગ-દ્વેષ ઉદયમય હનન આદિ ક્રિયા છે. એમ બે ક્રિયા લીધી છે સામે સામે. અને ઓલામાં એમ લીધું હતું. જ્ઞાયક જેનો ભાવ છે અને કર્મોદયજનિત નારક આદિ વિશેષ એનો ભાવ છે. કર્મોદયજનિત નારક આદિ ભાવ છે. એક કોર જ્ઞાયકભાવ છે અને એક કોર આ ભાવ છે. એક કોર જ્ઞપ્તિ ક્રિયાની છે, એક કોર હનન ક્રિયા છે. એક કોર જ્ઞાનરૂપ છે અને એક કોર આ રૂપ છે-ધર્માસ્તિ આદિ.

ત્રણેમાં શબ્દો જુઓ, જ્ઞપ્તિક્રિયા વાપરી ત્યારે સામે હનન ક્રિયા કહી. અહીં જ્ઞાયકભાવ કીધો, ત્યારે નારકી આદિનો ભાવ એને કહ્યો. અહીં જ્યારે જ્ઞાનરૂપ કહ્યું ત્યારે જ્ઞેયરૂપ સામે કહ્યું. સમજાણું કાંઈ?

'**જ્ઞેયમય એવાં ધર્માદિક રૂપોનો વિશેષ નહિ જાણવાને લીધે...**' આહાહા..! સર્વજ્ઞદેવ

પણ આ જ્ઞાનમાં પરજ્ઞેય છે અને પરજ્ઞેયનું જ્ઞાન પોતામાં પોતાથી જાણતા થાય છે. પોતાને પોતાના જાણવામાં થાય છે, એને જાણતાં જ્ઞાન થાતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ તો છે ને, ભાઈ! અરે..! એણે ચાર ગતિના દુઃખ સહન કર્યા છે. અરે..! એક ઈયળ જેવડું જનાવર આવડું નાનું. એના ઉપર પથરો (પડે). અડધી લાંબી અને અડધા ઉપર પથરો પડે બશેરનો. પથ્થર સમજો છો ને પથ્થર? ઈયળ સમજ્યા? કીડા. લાંબી. અડધામાં પાંચ શેર પથ્થર પડે ઉપર. હવે આની કોર અડધું અને આમ સળવળ... સળવળ (થાય) નીકળવા માટે. હાય-હાય. હવે? થઈ રહ્યું ત્યાં ને ત્યાં સૂકાઈ જાય. ત્યાંથી નીકળી શકે નહિ. પાંચ શેરનો પત્થર મોટો પડ્યો. આવી પીડામાં તેં અનંત ભવ કર્યા, ભાઈ! તને ખબર નથી, એક મિથ્યાદર્શનને લઈને. સમજાય છે કાંઈ?

એકવાર કહ્યું નહોતું ઊંટનું? રાણપુરથી નાગ્નેશ જતાં. રાણપુર છે ને આ. મલૂકચંદભાઈનું નાગ્નેશ. બે ગાઉ. રસ્તામાં એક ઊંટ પડેલું. ઊંટ સમજો છો, ઊંટ? ઊંટીયા. જવાન ઊંટ. ઘણા વર્ષ થયા. ૭૪ની સાલ, ૭૬ની સાલ. એક ઊંટ હતો ઊંટ જુવાન. પગ ભાંગી ગયેલો. વાડ હતી વાડ ખેતરની. ત્યાં બહાર પડ્યું હતું. કોઈ દિ' આપણને ખબર નહિ. આ ઊંટ આવું જુવાન અહીં કેમ પડ્યું છે? એનો પગ ભાંગી ગયો. ત્યારે હવે? આમ ને આમ સૂકાઈ જશે હવે. કોઈ ઘાસ નહિ, પાણી નહિ. જંગલમાં હતું. કોણ દેવા જાય? પગ ભાંગ્યો એટલે ખલાસ. ચાલી શકે નહિ. અહીં નીચલો પગ ભાંગે. ન્યાં પગ ભાંગે નહિ. આમ નીચે હોય ને એનો પગ. આમ ચાલે ને? એમ ખટક કરતો તૂટી ગયો. હેઠલો હેઠલો હોં. આ ભાંગે નહિ એને. નીચલો ભાગ હોય ને. એના પગ નથી જોયા? એનો પગ આડો હોય આમ, સીધો ન હોય આમ. એમાં કેટલોક તૂટી ગયો નીચેથી. ખલાસ. એને પગ સાજો થાય જ નહિ. એમ ને એમ. મેં પહેલું વહેલું જોયેલું મેં કીધું આ શું ઊંટ આવો? કોઈ લઈ જતું નથી. આ જંગલમાં કેમ પડ્યું છે? એનો પગ ભાંગી ગયો છે. નીચેથી. આપણે આ .. જાય ને નીચે. નીચે. હવે? સૂકાઈ જશે. નહિ આહાર, નહિ પાણી, નહિ છાંયો ને એકલો તડકો જંગલમાં. મરી જશે. સુકાઈ જશે. કોણ લે? બચવાનો તો નહિ. હવે એને ઘાસ કોણ આપે? પાણી કોણ આપે? આવા આવા બાપા, મિથ્યાત્વને લઈને અનંતા ભવ કર્યા છે. સમજાણું કાંઈ? પણ આ જગતની બહારની સ્થિતિ દેખીને અંદરમાં રાગાદિને દેખી એ મારી ચીજ છે. આહાહા..! એ રાગાદિ મારી ચીજ છે, નારકી આદિ હું છું. સમજાય છે? હનન ક્રિયા આદિ હું છું-એમ માનીને મિથ્યાદૃષ્ટિ મિથ્યાજ્ઞાની મિથ્યાચરણમાં પડ્યો નવા બંધનને કરે. કેવા બંધન? કે દર્શનમોહના બંધન. સમજાય છે? એને મુખ્ય બંધનનું કારણ કહ્યું છે.

**'ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે,...'** શું? કે હું ધર્માસ્તિને જાણું છું, આને જાણું છું, આને જાણું છું એકલું પરલક્ષી. એવો જે

અધ્યવસાય તે અજ્ઞાન છે. '**ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે. માટે, આ સમસ્ત અધ્યવસાનો બંધનાં જ નિમિત્ત છે.**' નવા દર્શનમોહના કર્મ બંધાય એમાં આ અધ્યવસાય મિથ્યાત્વનું નિમિત્ત છે. જુઓ, આમ તો ભાષા લીધી છે. સમજાણું કાંઈ? આમ લાગે ત્યાગી બહારમાં. નવમી ગ્રૈવેયક જનાર, પંચમહાવ્રત પાળતો હોય, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, એક સ્ત્રીનું સેવન ન કરતો હોય, હજારો રાણીને છોડી હોય, અંદરમાં અંદર સ્વરૂપ જે જ્ઞાયક છે એના ભાન વિના રાગનો વિકલ્પ ઊઠે તેની એકતાબુદ્ધિમાં પડ્યો છે, મિથ્યાદૃષ્ટિ છે.

અમે મનુષ્ય છીએ માટે મનુષ્યને યોગ્ય કાંઈ કર્તવ્ય કરવું જોઈએ. એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આહાહા..! અનંત વાર જિનદીક્ષા લીધી, શ્રીમદ્ લખે છે, અનંત વાર શાસ્ત્રના જાણપણા કર્યા પણ વાસ્તવિક આત્મા પરથી ભિન્ન છે એનું ભાન કર્યું નહિ. આહાહા..! '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन**' જે કોઈ અત્યાર સુધી મુક્તિને પામ્યા છે, એ રાગ ને નિમિત્ત ને પરથી ભિન્ન પોતાના સ્વરૂપનું ભાન કરીને મુક્તિને પામ્યા અને જે કોઈ બંધનને પામ્યા છે '**अस्यैवाभाव**'. રાગ ને પરની ક્રિયાથી ભિન્ન છે એનો અભાવ, ભેદજ્ઞાનના અભાવને લઈને બંધનને પામ્યા છે. એક જ વાત છે. સમજાણું કાંઈ?

'**માટે આ સમસ્ત અધ્યવસાનો...**' ત્રણે પ્રકારના કહ્યા ને? હણું છું, આને જીવાડું છું એવો અભિપ્રાય, એને જ્ઞાન-જ્ઞપ્તિક્રિયા સાથે એકત્વ માનીને અને નારકી છું, માણસ છું, એવો અભિપ્રાય એ જ્ઞાયકભાવ સાથે એકત્વ માનીને અને આ ધર્માસ્તિ આદિ પુદ્ગલ છે, આ જીવ છે અનંતા નિગોદના જીવ છે લ્યોને, અનંતા સિદ્ધ છે, એને જાણતા એનું જ્ઞાન એનાથી થયું છે એવી એકત્વબુદ્ધિ તે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યા આચરણ છે. એનાથી નવા કર્મ બંધાય છે. કેવા? કે દર્શનમોહના.

(**શ્રોતા** : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી નિયમસાર, શ્લોક-૨૨૫
## પ્રવચન નં.૧૩૩, તા.૨૪-૭-૧૯૬૬
## (૮)

નિયમસાર એટલે કે આત્માને, આત્મા જે અતીન્દ્રિય આનંદ અને શાંતિનો સાગર આત્મસ્વભાવ છે, એ આત્મામાં વસ્તુ તરીકે, સ્વભાવ તરીકે, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ પડ્યા છે. એનું અંતર એકાગ્ર થઈને... અહીં ભક્તિનો અધિકાર છે ને? એવો પૂર્ણાનંદ સ્વરૂપ આત્મા, એની એકાગ્રતારૂપી ભક્તિ. શુભ અને અશુભ જે વિકારીભાવ, એનાથી ખસીને શુદ્ધ ચિદાનંદ મૂર્તિમાં એકાગ્રતારૂપી ધ્યાન, એને અહીંયાં પરમભક્તિ કહેવામાં આવે છે. એ પરમભક્તિ મુક્તિ-પૂર્ણાનંદની પ્રાપ્તિનું કારણ છે.

પોતાના આત્માની પૂર્ણ જે આનંદદશા, જેને અહીં સિદ્ધદશા કહે છે. સિદ્ધદશા એટલે જેની દશા આત્મામાં પૂર્ણ શુદ્ધ શક્તિરૂપે હતી, એણે એની દશામાં-હાલતમાં પૂર્ણ પ્રગટ કરી એવા આત્માઓને સિદ્ધદશા તરીકે, પરમાત્મા તરીકે કહેવાય છે. સમજાણું કાંઈ? એ સિદ્ધની ભક્તિ કરવી, એવા સિદ્ધ પરમાત્માની ભક્તિ એ શુભભાવ છે, પુણ્યભાવ છે અને આત્મા અનંત આનંદમય, એની અંતર દર્શન, જ્ઞાન અને રમણતા કરવી એ સાચી નિશ્ચય સત્ય ભક્તિ છે. એમાં નિશ્ચય આત્મા શુદ્ધ સ્વરૂપે બિરાજમાન છે. એમાં એ સિદ્ધપદ જે પામ્યા એ સિદ્ધપદની દશા અંતરમાં છે. સમજાય છે કાંઈ? દરેક આત્મામાં એ છે.

જે પૂર્ણાનંદની દશા પ્રાપ્ત, પૂર્ણ કેવલજ્ઞાન દશા પ્રાપ્ત, એવી જે પરમાત્માની દશા એ અનંતી દશાઓ એવી આત્માના અંતરમાં વર્તમાનમાં બિરાજે છે. સમજાણું કાંઈ? એ શક્તિની અંદર પરમાત્મસ્વરૂપ જે સિદ્ધસ્વરૂપ આત્માનું, જેમાં એ સિદ્ધની અનંતી દશા પ્રગટ થઈ એ બધી આત્મામાં છે, એમ એવા આત્માને અંદર શ્રદ્ધા-જ્ઞાન અને રમણતાથી, શ્રદ્ધા-જ્ઞાન-રમણતાની સેવા કરવી, એનું નામ સાચી નિશ્ચયભક્તિ. અને '**मोक्खंगयपुरिसाणं**' એ ગાથા ચાલે છે. જે મોક્ષ પ્રાપ્ત થયો પરમાત્મા, એની ભક્તિ તે વ્યવહારનય પુણ્યનું કારણ છે. સમજાણું કાંઈ?

એ તો આ શ્લોક આવશે આમાં-આ યોગસારમાં કે પાંચ પદનું ધ્યાન કરવું અથવા પાંચ પદ આત્મા જ છે-અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. જે પાંચ પદ છે ને એ નિર્મળ વીતરાગી દશાના પાંચ પદ છે. તો એ પાંચ પદ સ્વરૂપે આત્મા જ છે.

સમજાણું કાંઈ? એ પ્રશ્ન ઊઠ્યો હતો આપણે આમાં, નહિ? નથી ઓલું? તત્ત્વાનુશાસન, તત્ત્વાનુશાસન છે એક. એમાં આ આત્મા સર્વજ્ઞપદ અને જે અરિહંતપદ કહેવાય છે, જે આત્માની પૂર્ણ જ્ઞાનદશા, પૂર્ણ આનંદદશા, પૂર્ણ શાંતદશા-ચારિત્ર, પૂર્ણ વીર્યદશા એવા પ્રાપ્ત જે અરિહંત છે એનું અંતર ધ્યાન કરવું. ત્યારે કહે, અરિહંત તું છો નહિ ને ધ્યાન કરવું એ તો જૂઠું ઠરે છે. એવો પ્રશ્ન ઊઠ્યો છે ત્યાં તત્ત્વાનુશાનમાં. સમજાણું કાંઈ?

જે અરિહંત સર્વજ્ઞ પરમાત્મા થયા, પૂર્ણ આનંદદશા પ્રાપ્ત થઈ, એનું તમે ધ્યાન કરો એનો અર્થ કે એ તો તમે છો નહિ. અને હું અરિહંત છું અને અરિહંતનું ધ્યાન કરું, એ તો બધું જૂઠું ઠરે છે. એનો ઉત્તર એવો આપ્યો છે,... તત્ત્વાનુશાસન કે ભાઈ! જે અરિહંત સર્વજ્ઞદશા, પૂર્ણ આનંદદશા જે પ્રગટ થવાની છે એ દશાઓ આત્મામાં અંદર પડી છે. સમજાણું કાંઈ? આત્મામાં, દરેક આત્મામાં એ શક્તિ પડી છે. વ્યક્ત થવાને લાયક આત્મામાં એ પડી છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, એવો અંદર સ્વભાવ પૂર્ણ જેમાં અરિહંતપદ પડ્યું છે. આ સિદ્ધપદની જે વ્યાખ્યા કરશે એ પણ અંદર પડ્યું છે. સમજાણું કાંઈ? ત્યારે કહે, એમાં ન હોય તો અરિહંતનું ધ્યાન કરતાં ભવિષ્યની જે દશા પ્રગટ થવાની તે વર્તમાનમાં અંદર પડી છે. સમજાણું કાંઈ? લીંડીપીપર ચોસઠ પહોરી તીખાશ ધરાવે છે. લીંડીપીપર. એ ચોસઠ પહોરી જે પ્રગટ થાય છે, એ પ્રગટ થાય છે એ દશા અંદરમાં પડી છે. કહો, વૈદરાજ! આ તમારો દાખલો આવ્યો આ તો. સમજાણું કાંઈ? પીપરના દાણામાં... છોટીપીપર આવડી આવે છે નાની. એ ચોસઠ પહોરી દશાઓ જેટલી પ્રગટ અવસ્થા છે એ. એ પ્રગટ થાય છે એ બધી અંદર પડી છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. હોય એમાંથી આવે, ન હોય એમાંથી ન આવે. એમ એ પીપરના દાણામાં અંતર દરેક ક્ષણે ચોસઠ પહોરી જે પ્રગટ થશે તે બધી દશાઓ અંદર શક્તિપણે પડી છે. સમજાણું કાંઈ? નહિતર પથરા ઘૂંટ્યે પ્રગટ થતી હોય તો લાકડા ને કાંકરા ઘૂંટ્યે પ્રગટ થવી જોઈએ. જેમાં નથી એને ઘૂંટ્યે શેની આવે? સમજાય છે કાંઈ?

એમ આ આત્મા દેહથી ભિન્ન ભગવાન. શરીર, વાણીના પરમાણુથી જુદો અને પુણ્ય અને પાપના રાગથી જુદો, એવા આત્મામાં અંતર અરિહંતપદ ને જ્ઞાન ને આ સિદ્ધપદ બધી શક્તિઓ અંદર પડી છે. આહાહા..! ત્યારે એમાં પડી છે એમાંથી પ્રગટ થાય છે. છે એમાંથી આવે છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. કૂવામાં હોય તે અવેડામાં આવે છે. કૂવો સમજો છો ને? અવેડો સમજો છો? અવેડાને શું કહે છે? કૂવામાંથી કાઢે છે. અવેડા. કૂવામાંથી કાઢીને.. ઢોર પીવે છે કે નહિ? ખેદી. શું કહે છે? એને પણ ખબર નથી. હોજ. અહીં અવેડો કહે છે અમારે.

એમ આ ભગવાનઆત્મા... અહીં સિદ્ધની વ્યાખ્યા આવશે એ પહેલાં સિદ્ધની દશાની

જે ભક્તિ છે, પણ એ સિદ્ધદશાઓ બધી તારા આત્મામાં પડી છે, એની અંતરમાં એકાગ્રતા અને ભક્તિ કરવી તે નિશ્ચયભક્તિ છે. અને થયેલા પ્રગટ પરમાત્મા, સિદ્ધ થયેલાની ભક્તિ કરવી તે વ્યવહાર. કારણ કે એ પર્યાય આત્મામાં નથી. સમજાણું કાંઈ? જે સિદ્ધ પરમાત્મા થઈ ગયા, શુદ્ધ શક્તિના વ્યક્તપણે પ્રગટ, એ દશાઓ અહીં નથી, એ દશા પરમાં, બહારમાં એનામાં છે. એથી એની ભક્તિ તે શુભભાવની વ્યવહારનયની ભક્તિ છે. અને એ દશાઓ બધી ભગવાનઆત્મામાં પડી છે અત્યારે. સમજાણું કાંઈ?

તત્ત્વાનુશાસનમાં તો ત્યાં સુધી તર્ક કર્યો છે કે જો આત્મા પોતાના અંદરમાં અરિહંતનું ધ્યાન કરતાં, અરિહંતની દશા જો અંદરમાં ન હોય તો જૂઠ-મુઠમાં શાંતિ આવે? જૂઠમુઠ સમજ્યા? એમ લખ્યું છે હિન્દીમાં. અંદરમાં આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ છે અને અરિહંતપદ શક્તિએ સત્ત્વ બધી દશાઓનો પિંડ છે, એમ એની એકાગ્રતા થતાં જ્યાં શાંતિ, શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા આવે છે, એ જૂઠમુઠ અરિહંતનું ધ્યાન કરતાં એ આવે નહિ. સમજાણું કાંઈ? છે કે નહિ એ પુસ્તક? નથી? હમણાં કાઢ્યું હતું ને બહાર? મૂક્યું હશે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અનંત આત્માઓ પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે. શક્તિએ, સ્વભાવે, સત્ત્વે, ગુણે. એનો અંતરમાં બહુમાનથી અંતર અનુભવ કરીને આત્માનો જ્યાં સ્વીકાર થયો કે હું પરમાત્મસ્વરૂપ જ છું, એવી અંતર સ્વભાવની શક્તિની પ્રતીત તેને સમ્યગ્દર્શન કહે છે, એવા અંતર પૂર્ણ સ્વભાવનું જ્ઞાન તેને સમ્યગ્જ્ઞાન કહે છે અને એવા પૂર્ણ સ્વભાવની સ્થિરતા તેને ચારિત્ર કહે છે. ચારિત્ર અંદર રમવું. એવા દર્શન-જ્ઞાન-ચારિત્રનું સેવવું એને નિશ્ચય ભક્તિ કહે છે. અને જેને એવી દશા પ્રગટેલી છે એ અહીં નથી. એવા પ્રગટેલા બહાર પરમાત્મા જે સિદ્ધ થયા છે, મુક્તિપણાને પામ્યા છે એની ભક્તિ તેને વ્યવહારભક્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જુઓ! પ્રશ્ન છે કે અરિહંતનું ધ્યાન કરતાં અરિહંતપણું અંદર નથી, અરિહંત તમે નથી અને અરિહંતનું ધ્યાન (કરો) તો તમે જૂઠા છો, એમ ઠરાવ્યું છે. એમ નથી, સાંભળ!

**अथवा भाविनो भूताः स्वपर्यायास्तदात्मकाः।**
**आसते द्रव्यरूपेण सर्वद्रव्येषु सर्वदा।।१९२।।**

સમજાય છે કાંઈ? પ્રત્યેક પદાર્થ આત્મા હો કે રજકણ, પોઈન્ટ પરમાણુ હો, એની બધી ભાવિ પ્રગટ થવાની જે દશાઓ છે, એ બધી એના દ્રવ્યમાં, દ્રવ્યમાં '**आसते द्रव्यरूपेण**' સમજાય છે કાંઈ? આહાહા..! ભારે વાત!

**શ્રોતા :-** વસ્તુરૂપે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુરૂપે છે અંદર. પ્રગટ રૂપે સદાય ત્રણે કાળે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'યહ નિયમ હૈ કિ દ્રવ્ય નિક્ષેપસે પ્રત્યેક પદાર્થકે અપને અપને અતીતકાલમેં બીતે હુએ ભૂત પર્યાય ઔર આગામી કાલમેં હોને વાલે ભાવિ પર્યાય સદા તદાત્મક હી પ્રતિભાસિત હોતે હૈં. ઐસા પ્રતિભાસ સમસ્ત દ્રવ્યોંમેં હોતા હૈ.'** છએ દ્રવ્યમાં ભગવાનઆત્મા હો કે રજકણ પોઈન્ટ અચેતન પરમાણુ હો. એની પ્રગટ થવાની દશાઓ અને થઈ ગયેલી દશાઓ અંદર શક્તિરૂપે બધી વર્તમાન પડી છે. સમજાણું કાંઈ?

**'ઈસી નિયમ કે અનુસાર ઈસ આત્મા કા આગે હોનેવાલા અરિહંત કા પર્યાય દ્રવ્ય નિક્ષેપસે વર્તમાન કાલિન આત્મા મેં અરિહંતરૂપ સે હી પ્રતિભાસ હોતા હૈ.'** મફત નથી. પછી લીધું છે. સમજાણું? **'ભવ્ય જીવો મેં આગામી કાલમેં હોનેવાલા અરિહંત કા પર્યાય દ્રવ્ય નિક્ષેપસે સદા હી બના રહતા હૈ. ઈસલિયે ઈસ સજ્જન આત્મા કો ધ્યાન કરને મેં વિભ્રમ કિસ પ્રકાર હો સકતા હૈ?'** એ તો વિભ્રમ છે તમારો કે હું પરમાત્મા શુદ્ધ છું, પરમાત્મા છું, એવી તો તમારી માન્યતા ભ્રમ છે. ભ્રમ નથી. સમજાણું કાંઈ? શશીભાઈ! આહાહા..! ભાઈ! એને ભરોસા ભગવાનના ન મળે. સમજાણું કાંઈ?

જેટલી અવસ્થાઓ-હાલતો વીતી ગઈ અને જેટલી થશે એ બધી દ્રવ્ય નિક્ષેપે અંદર પડી છે. આહાહા..! દરેક આત્મા અને દરેક રજકણ અને દરેક ધર્માસ્તિ, કાળાણું વગેરે. ત્યારે પછી (૧૯૪ ગાથામાં) ખુલાસો (કરે છે).

**किं च भ्रांतं यदीदं स्यात्तदा नातः फलोदयः।**
**नहि मिथ्याजलाज्जातु विच्छित्तिर्जायते तृषः।।१९४।।**

પાણી જો ન હોય તો તૃષા તૂટે નહિ. પાણી છે માટે તૃષા તૂટે છે. સમજાય છે? **'યદી યહ માન લિયા જાય કે ઉસ ધ્યાન કરનેવાલે કો ઐસા ભ્રમ હો જાતા હૈ અર્થાત્ અરિહંત કા જ્ઞાન કરને મેં તલ્લીન હુએ અપને આત્મા કો અરિહંત માનના ભ્રાંતિ હૈ, મિથ્યા હૈ; તો ઉસ અવસ્થામેં ઉસ ધ્યાનસે ઉસે પથેષ્ટ ફલકી પ્રાપ્તિ ભી નહીં હોની ચાહિય.'** તો શ્રદ્ધા ને જ્ઞાન અને શાંતિ પ્રગટ થાય છે એ જો અરિહંતપણાનું ધ્યાન કરતાં અરિહંતપણાની શક્તિ અંદર ન હોય તો ધ્યાન કરનારને શાંતિ આવવી ન જોઈએ. સમજાય છે કાંઈ? આહાહા..!

કેમ? **'ક્યોંકિ જૂઠમુઠ કે જલ સે કભી પ્યાસ નહીં બુજા કરતી હૈ.'** ખોટા પાણીથી તૃષા છીપાય? **'પરંતુ જૈસી જૈસી ધારણા હોતી હૈ ઉસીકે અનુસાર ધ્યાન કરનેવાલે યોગીયોં કે ઈસ ધ્યાન સે શાંત ઔર ક્રૂર આદિ અનેક તરહ કે ફલ પ્રગટ હોતે હૈં.'** રાગનું ધ્યાન કરનારને રાગ થાય છે અને જ્ઞાનીને આત્માનું ધ્યાન (કરતાં) પરમાનંદ જ્યોત ચિદાનંદ સ્વરૂપ પૂર્ણ પ્રભુ હું પોતે છું. એવી અંદર શક્તિ છે, જો ન હોય તો એની એકાગ્રતાથી શાંતિનું ફળ ક્યાંથી આવ્યું? એમ કહે છે. સમજાણું કાંઈ? પ્રવિણભાઈ!

બે ત્રણ ગાથાઓ એવી છે. એથી ત્યાં આવશે આ શ્લોક ૧૦૪મો યોગસારનો. પાંચ પદ આત્મા જ છે. અને મોક્ષપાહુડમાં પણ ૧૦૪ ગાથા છે. ૧૦૪ જે યોગસારની છે, એવી ૧૦૪ મોક્ષપાહુડની છે. પાંચ પદ આત્મા છે. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ ૧૦૪.

ભગવાનઆત્મા અરિહંત સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુની વીતરાગી પર્યાયસ્વરૂપ જ આત્મા છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા સર્વજ્ઞ પર્યાયપણે પરિણમવાની તાકાત રાખતો પરિણમે છે. સિદ્ધના આઠ ગુણો આદિ નિર્મળની દશા શક્તિરૂપે છે તેનું ધ્યાન કરતાં એ પરિણમે છે. પ્રવિણભાઈ! એ ભગવાન કેવડો એને બેઠું નથી જગતને. એવા આત્મા પોતાના સ્વરૂપની...

આચાર્ય પણ એને કહીએ કે જેને અંતર સ્વરૂપની રમણતાની વીતરાગદશાના નિર્વિકલ્પ આનંદના પીણા પ્રગટ્યા છે. આહાહા..! પીણા. સુધારસના પીણા કહે છે ને. સમજાય છે? એને આચાર્ય કહેવાય છે. પઠન-પાઠનના ક્રિયાનો વિકલ્પ છે એ આચાર્યપદપણું નથી. સમજાણું કાંઈ? અંદર ત્રણ કષાયનો અભાવ અને ભગવાનઆત્માને આરાધે છે, એવી વીતરાગદશા તે આચાર્યદશા છે. એ આચાર્યદશા પણ આત્મા પરિણમે છે. આત્માથી એટલે આત્મા જ આચાર્યસ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ ઉપાધ્યાય અને સાધુ. એ પાંચેય પદની, ભાઈ! એ બધી વીતરાગી પૂર્ણ કે અપૂર્ણ, એ ભલે અપૂર્ણ હોય પણ છે બધી વીતરાગી દશાઓ. પાંચ પદની અવિકારી આત્માની દશાઓ-અવસ્થાઓ છે. એ અવસ્થાઓ કાંઈ બહાર આવતી નથી. બહારમાંથી નથી આવતી. આહાહા..!

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એની ભાવિ પર્યાયના પિંડ પેટમાં પડ્યા છે એના ગર્ભમાં. જે દશા પ્રગટવાની તે દશા અંદર શક્તિરૂપે પડી છે. માટે તેને અરિહંતપણે અને સિદ્ધપણે ધ્યાતા સમ્યગ્દર્શન અને આનંદ અને શાંતિની પ્રાપ્તિ થાય છે. જૂઠમુઠ પાણીથી તૃષા ન તૂટે. જૂઠમૂઠ અરિહંત આત્મા જો હોય તો એને શાંતિ પ્રગટે નહિ. સમજાણું કાંઈ?

હવે કહે છે કે એ સિદ્ધ ભગવાન જે પરમાત્મા થયા, મુક્તપણાને પામ્યા એ કેવા છે? કે જે દશા તારા સ્વભાવમાં પડી છે. સમજાણું કાંઈ? એવી દશાવાનની ભક્તિ કરવી, શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર, એ પોતાની નિશ્ચય ભક્તિ છે. પ્રગટ થયેલાની ભક્તિ કરવી તે વ્યવહાર છે. કેમકે પરદ્રવ્ય છે માટે. કારણ કે એ દશા તારામાં નથી. હવે એની વ્યાખ્યા કરે છે. બોલો શ્લોક ૨૨૫.

**त्रैलोक्याग्रनिकेतनान् गुणगुरून् ज्ञायाब्धिपारंगतान्**
**मुक्तिश्रीवनितामुखाम्बुजरवीन् स्वाधीनसौख्यार्णवान्।**
**सिद्धान् सिद्धगुणाष्टकानन भवहरान् नष्टाष्टकर्मोत्करान्**
**नित्यान् तान् शरणं व्रजामि सततं पापाटवीपावकान्।।२२५।।**

જેણે આત્માના સ્વભાવના સામર્થ્યને અંતરના એકાગ્રતાના ધ્યાનથી પ્રગટ થયેલી દશા, એવાઓને અહીંયાં સિદ્ધ ભગવાન તરીકે, પરમાત્મા તરીકે, પૂર્ણ શુદ્ધ તરીકે કહેવાય છે. હવે એ છે ક્યાં? કોઈને પ્રશ્ન ઊઠે કે ભાઈ! એવી દશાવાન આત્મા, અનંત કાળમાં અનંત જીવોએ આત્માના અંતર ધ્યાનની દશા પ્રગટ કરી અને પૂર્ણતા પણ મેળવી છે ને. કેમ? કે આત્માના અનંત ગુણનો પિંડ પ્રભુ, એનું ધ્યાન કરવાને, સિદ્ધપદ થવાને તો અસંખ્ય સમય જ જોઈએ. અનંત કાળ ન જોઈએ. સમજાણું કાંઈ? તો ભૂતકાળમાં જે આત્માએ ભગવાન પૂર્ણાનંદ હું સિદ્ધ અને શાંતનો સાગર છું-એમ જેણે અંતર એકાગ્રતાના ધ્યાન શરૂ કર્યા, એને અસંખ્ય સમયમાં સિદ્ધપદ પૂર્ણ થાય. તો અનંત કાળમાં એવા જીવોએ અસંખ્ય સમયમાં પૂર્ણ પદને પ્રાપ્ત કર્યું છે એવા સિદ્ધ થઈ જાય છે. હવે એ સિદ્ધપર્યાય એવી દશાને પ્રાપ્ત કર્યા પણ તેનું સ્થાન ક્યાં છે? હવે એ સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ?

'**જેઓ ત્રણ લોકના અગ્રે વસે છે,...**' છે તો પોતાના સ્વરૂપના અતીન્દ્રિય આનંદના અસંખ્ય પ્રદેશમાં અનુભૂતિમાં પડ્યા છે, પણ બહાર ક્ષેત્ર બતાવે છે. કોઈપણ આત્મા પ્રગટ થયા, નિર્મળ આનંદ પામ્યા, પણ એનું વસવું ક્ષેત્રથી બહાર ક્યાં છે? સમજાય છે? કે ત્રણ લોકાના અગ્રે પરમાત્મા વસે છે. આહાહા..! ઓલા ભ્રમણાવાળાની ભૂલ ટાળે છે કે પરમાત્મા ક્યાંક વૈકુંઠમાં વસે, ક્યાંક ફલાણે વસે અને પછી અવતાર ધારણ કરે. એવું સ્વરૂપ છે નહિ. સમજાણું કાંઈ? એ બળ્યા બીજ વાવ્યા ઊગે નહિ. એમ જેના આત્મજ્ઞાનથી અજ્ઞાન અને રાગ-દ્વેષને બાળ્યા અને જ્ઞાન અને વીતરાગ આનંદ પૂર્ણ પ્રગટ થયો એને અવતાર હોય નહિ. ત્યારે ક્યાં રહે છે એ અવતાર નથી તો? કે ત્રણ લોકના અગ્રે વસે છે. અધો, તીરછો અને મધ્ય. માથે. આ ચૌદ બ્રહ્માંડ છે. ચૌદ રાજલોક અસંખ્ય જોજનમાં છે. અનંત જોજન બહાર તો ખાલી... ખાલી... ખાલી ભાગ છે. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અપાર. એમાં એ ચૌદ બ્રહ્માંડ પુરુષને આકારે (છે), એના લોકને અગ્રે વસે છે. કારણ કે નિર્મળ અને શુદ્ધિની પૂર્ણ પ્રગટ દશા થઈ એટલે કે વિકારથી હળવા થઈ ગયા. તુંબડી જેમ ગારા અને પત્થરના ભારથી છૂટી જાય, એ તુબંડી પાણીના અગ્ર ઉપર આવીને રહે, એમ જેના આત્મામાં રાગ અને દ્વેષ અને અજ્ઞાન બળી ગયા અને પૂર્ણ જ્ઞાન અને વીતરાગતા પ્રગટી છે એ ઊર્ધ્વલોકે ત્યાં રહે છે. સમજાણું કાંઈ?

એટલે કહે છે કે '**ત્રણ લોકના અગ્રે વસે છે,...**' આ સિદ્ધની વ્યાખ્યા ચાલે છે. જ્યારે આત્મા પોતાના સ્વરૂપનું શુદ્ધપણાનું ધ્યાન કરતાં હજી અરિહંતપદે વસે અને હજી એને ચાર કર્મ બાકી હોય અને હજી ઘણી શુદ્ધિ પ્રગટી પણ થોડી બાકી છે, તો એવા જીવનું કોઈપણ વર્તમાન ક્યાંય છે કે નહિ? એવા આત્માના સાધક થઈને શાંતિની દશા પૂર્ણ પ્રગટ કેવળજ્ઞાન આદિ થયા, પણ હજી થોડા સંસ્કાર નાશ કરવાના બાકી છે, તો એ જીવોનું

પણ કોઈ ક્ષેત્ર છે કે નહિ? એ અરિહંત આદિનું ક્ષેત્ર મહાવિદેહમાં બિરાજમાન અત્યારે છે અને સિદ્ધ ભગવાનનું ક્ષેત્ર લોકને અગ્રે છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

'**જેઓ ગુણમાં મોટા છે,...**' એ પરમાત્મા જીવમાંથી શિવ થઈ ગયા. જીવમાંથી શિવ થઈ ગયા. અંતરના સ્વરૂપમાં શિવપદ જે હતું એમાંથી પ્રગટ ધ્યાનના એકાગ્ર દ્વારા કર્યું, એની દશાઓ, ગુણ શબ્દે દશાઓની વાત છે આ, જેઓ પર્યાયમાં-અવસ્થામાં-દશામાં મોટા છે. જુઓ! અરિહંતથી પણ મોટા પર્યાયમાં છે. સમજાણું કાંઈ? એની મોટપ એનામાં પુરી છે. એના જેવામાં હોય છે. એવી મોટપ બીજામાં હોતી નથી. આમ ઓળખીને એની ભક્તિ કરવી એને વ્યવહાર ભક્તિ કહે છે.

'**જેઓ જ્ઞેયરૂપી મહાસાગરના પારને પામ્યા છે,...**' આહાહા..! જે ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્યસૂર્ય આત્મા, એ શક્તિનો પિંડ પ્રભુ, એમાં સર્વજ્ઞ એટલે સર્વને જાણવાની એનામાં તાકાત સ્વભાવમાં પડી છે. જેનો જ્ઞાનસ્વભાવ, ન જાણવું એમાં બને નહિ. એ જ્ઞસ્વરૂપી ભગવાન જાણકસ્વરૂપી આત્મા એટલે કે સર્વજ્ઞ જ્ઞ સ્વરૂપી આત્મા. એની સર્વજ્ઞ શક્તિનું તત્ત્વ જે ભગવાનસ્વરૂપે (છે), એનું ધ્યાન કરતાં એની દશામાં સર્વજ્ઞપદ પ્રગટ થયું એ સર્વજ્ઞમાં સર્વ જ્ઞેય (રૂપી) મહાસાગરના પારને પામ્યા છે. પ્રવિણભાઈ!

આ પ્રવિણભાઈનો પ્રશ્ન હતો આજ. શું? પ્રવિણભાઈ! પહેલો ભવ હશે કે નહિ કોઈનો? પહેલો ભવ હશે કે નહિ કોઈનો? કીધું, પહેલો ભવ હોય તો એ પહેલાં ભવ નહોતો? પછી ક્ષેત્રનો દાખલો આપ્યો હતો કે આ ક્ષેત્ર છે આમ ને આમ ચાલ્યું જાય છે. છેલ્લું હશે કે નહિ? આ તો ચૌદ બ્રહ્માંડ છે, પણ પછી ખાલી... ખાલી... ખાલી... ખાલી... ખાલી... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંતને અનંત વર્ગ કરે. અનંતને અનંત વર્ગ એટલે? જે અનંત સંખ્યા છે તેને અનંત, એકપણે અનંતને ગુણે એવા અનંતના અનંત વાર વર્ગ કરીને ગુણે તોપણ ક્યાંય સંખ્યાનો પાર આવે નહિ કે હવે આકાશ થઈ રહ્યું. તો છેલ્લું શું? અમાપ... અમાપ... અમાપ... ત્યારે એનું જ્ઞાન આવ્યું કે નહિ? અમાપનું, અનંતનું અનંતપણે જ્ઞાન થયું છે. જ્ઞાન થયું માટે ત્યાં અનંતનો અંત આવી ગયો છે એમ નથી. આહાહા..! પ્રવિણભાઈ! બાપુ! વસ્તુના સ્વભાવ એવા કોઈ અચિંત્ય અને અલૌકિક છે.

અહીં કહે છે કે '**જ્ઞેયરૂપી મહાસાગરના પારને પામ્યા છે,...**' ત્યારે જાણવાયોગ્ય ચીજ જેટલી ત્રણ કાળ, ત્રણ લોક બધા જ્ઞાનમાં જણાઈ ગયા. ત્યારે જણાઈ ગયા તો આવતો કાળ, ભૂતકાળની આદિ નથી, ભવિષ્યનો અંત નથી. જણાણું શી રીતે? કોઈ એમ કહે. અહીં તો કહ્યું કે જ્ઞેયના મહાસાગરને. જ્ઞેય જે મહાસાગર છે, દ્રવ્ય શક્તિવાન, ગુણ શક્તિ અને અવસ્થા એવા ત્રણેય કાળના પદાર્થોની ત્રણ કાળની અવસ્થાસહિત દ્રવ્ય-ગુણને એક સમયમાં ભગવાનનું જ્ઞાન જ્ઞેયના મહાસાગરને પાર પામી ગયા છે. સમજાણું કાંઈ? એ

જ્ઞેયો અનંત છે, ક્ષેત્ર અનંત છે. સ્વભાવ ક્ષેત્રનો અનંત... અનંત... શું તર્ક એનો કરે તો નાસ્તિકને એમ કહેવું પડે.. એય..! વકીલ! આ પછી... આ પછી શું પોલું હશે ત્યાં? પણ પોલું-પોલું તે ક્યાં સુધી ગયું?

ભાઈ! ભગવાન! એ ક્ષેત્ર સ્વભાવ જ કોઈ અચિંત્ય છે. તો એ ક્ષેત્ર સ્વભાવ અચિંત્ય તો એના જાણનારનો સ્વભાવ પણ અચિંત્ય છે. જ્યાં ક્ષેત્ર સ્વભાવ અચિંત્ય (છે તો) એના જાણનારના સ્વભાવમાં (મર્યાદા કઈ રીતે હોય?). ક્ષેત્રમાં ભલે નાનું અહીંયાં ક્ષેત્ર હોય એનું, પણ એના ભાવનું અમાપ અચિંત્ય શક્તિ સામર્થ્ય છે. એની મર્યાદા ન હોય. આહાહા..! સમજાય છે કાંઈ? એક-એક આત્મામાં એ જ્ઞાનગુણ જે પડ્યો એને જાણવાની મર્યાદા ન હોય કે આટલું જાણે. ... મર્યાદિત ચીજને જાણે, અમર્યાદિત ચીજને જાણે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! એકેય વાત પણ એને ઘડ બેસવી જોઈએને સરખી.

અહીં કહે છે, '**જ્ઞેયરૂપી...**' જ્ઞેયો જ્ઞાનમાં જણાય એવી જે ભગવાન સિદ્ધદશા, જ્ઞાનના કિરણો અનંત પૂર્ણ પ્રગટ થઈ ગયા. શક્તિમાં જે સ્વપરને પૂરું જાણવાની તાકાત હતી, પ્રગટ પૂરી થઈ ગઈ. જ્ઞેયના મહાસાગરને પારંગત થઈ ગયા. પારંગત થયા, ત્યારે એનો અર્થ એવો થયો કે જ્ઞેયના મહાસાગરને પરમાત્માની દશા પારને પામ્યા, તો જ્ઞેય પણ હદવાળા થઈ ગયાને? જાણવા યોગ્ય પદાર્થનું ક્ષેત્ર, જાણવા યોગ્ય પદાર્થ દ્રવ્યની સંખ્યા બધી મર્યાદિત થઈ ગઈ કે નહિ?-નહિ. ત્રણ કાળના, ત્રણ કાળના સમયની સંખ્યા કરતાં આકાશના પ્રદેશ અનંતગુણા, અમાપ. એના કરતાં અનંતા અનંત ગુણ એક વસ્તુના, એટલા જ એક રજકણના. આ બધા જ્ઞેયોને પારંગત પામી ગયા ભગવાન સર્વજ્ઞદશામાં, એમ કહે છે. પામી ગયા માટે અનંતાઅનંતપણું વયું ગયું છે એમાંથી (એમ નથી).

**શ્રોતા :-** એના માટે મર્યાદિત.....

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ વાત નથી, એમ છે જ નહિ. એ તર્ક બધા કરે છે હોં અત્યારે. આ બધા પંડિતજી આવ્યું છે બહારથી હોં! ઘણા તર્ક કર્યા છે ઓલા જૈન ગેજેટમાં. ભગવાન જો તમે કહો તો છેલ્લો પર્યાય લાવો બતાવો, એક જણો એમ કહે છે. સર્વજ્ઞ છે ને એ તો બધું જાણ્યું કે નહિ? તો છેલ્લી પર્યાય કઈ બતાવો. પણ ભગવાનને છેલ્લી પર્યાય દ્રવ્યને હોય નહિ. છેલ્લી પર્યાય (હોય) તો પછી દ્રવ્ય રહ્યું જ નહિ. દ્રવ્ય વસ્તુ કાયમ, એવી એની દશા કાયમ, વસ્તુ અનાદિ એની પર્યાય-એની દશાઓ-હાલતો અનાદિઅનંત. અનાદિઅનંત છે. આદિ અને અંત વિનાનું એમ જ્ઞેયને જાણ્યું. જ્ઞાને જાણ્યું માટે એને આદિ-અંત આવી ગયો એમ ક્યાં કહ્યું છે? એમ વસ્તુ ક્યાં છે? આહાહા..! આ સર્વજ્ઞનો ગોટો મોટો ઊઠ્યો છે.

બાપુ! આહાહા..! અત્યારે તને ખબર નથી પડતી? તારા ક્ષયોપશમ અલ્પ જ્ઞાનના રાગ

દશાની ભૂમિકાના વર્તમાન જ્ઞાનના વિકાસમાં પણ આ આત્મા અનાદિ છે એને આ ખ્યાલમાં નથી આવતું? અનંત કાળ રહેશે એ ખ્યાલમાં નથી આવતું? આકાશ વ્યાપક અંત નથી એ જ્ઞાનમાં નથી આવ્યું? અને અનંત મુક્તિને પામનારા જીવોની સંખ્યા કરતાં અનંતગુણા જીવ સંસારી છે, એમાંથી અનંતમે ભાગે મુક્ત પામ્યા, એનો ખ્યાલ નથી? એથી અનંતગુણા જીવો છે. રાગવાળા જ્ઞાનના ઉઘાડમાં પણ આટલું જ્ઞાન એને આવે છે, પ્રતીતમાં બેસતું નથી એને. એના એક-એક દ્રવ્યના અનંતાઅનંત ગુણો, આકાશના પ્રદેશથી અનંતાઅનંત ગુણો, ભગવાન! એ જ્ઞાન નથી કબુલતું? જ્ઞાનમાં નથી આવતું? આવે છે. ક્ષેત્રનું અમાપપણું, દ્રવ્યનું અમાપપણું, એના અનંતા ગુણોનું અમાપપણું, એની ત્રણ કાળની પર્યાય આદિ-અંત વિનાનું એ આ જ્ઞાનની વર્તમાન દશામાં ખ્યાલમાં આવે છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- ખ્યાલમાં ન આવે તો નક્કી ક્યાંથી થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ન આવે તો એને ખ્યાલ બેસે શી રીતે? આહાહા..!

કહે છે, ભગવાન! ભાઈ! જેને આત્માની દશા પૂર્ણ પ્રગટ થઈ ગઈ, એને તો આવું અલ્પજ્ઞપણું અને રાગનો સંબંધ પણ ત્યાં રહ્યો નથી. ત્યાં તો દશા જ્ઞાનની જેટલી શક્તિ (હતી) એટલી વિકાસ થઈ ગઈ. એ જ્ઞેયના મહાસાગરને પરમાત્મા પાર પામી ગયા છે, છતાં તે જ્ઞેયરૂપે થયા નથી, પરજ્ઞેયરૂપે નથી. સ્વજ્ઞેયરૂપે તો છે અને સ્વજ્ઞેયને જાણે છે. પરજ્ઞેયને જાણે છતાં પરજ્ઞેયરૂપે થયા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- આવું જ્ઞાનનું સ્વરૂપ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અરે..! ચૈતન્યનો સ્વભાવ કોને કહેવો, પ્રભુ! તું કોણ છો? ભાઈ! તારી જ્ઞાનની ગુણશક્તિ તો અપાર, પણ એની એક સમયની ક્ષણિક નાના કાળની દશા અપાર મહિમાવાળી છે. આહાહા..!

**શ્રોતા** :- દિવ્યજ્ઞાન કોણ કહે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીં તો વળી પૂર્ણ દશા. આ તો અલ્પ જ્ઞાનની અમાપતા છે. એણે કોઈ દિ' વિચાર્યું છે કે દિ'? જ્યાં પૂર્ણ સર્વજ્ઞદશા પ્રગટી, એ ત્રણ કાળને ત્રણ લોકને પોતાની જ્ઞાનદશામાં જાણે. એને જાણતા નથી, અહીં જાણતાં જણાય જાય. એવું ન હોય તો એને દિવ્યજ્ઞાન કહે કોણ? એને દિવ્ય શક્તિ પ્રગટ થઈ એવા પરમાત્મા દેવ કહે કોણ? સમજાણું કાંઈ?

કહે છે કે '**જ્ઞેયરૂપી મહાસાગર...**' શબ્દ કેવો વાપર્યો છે મુનિએ! અનંતા પદાર્થો છે આત્માઓ, એથી અનંતગુણા રજકણની સંખ્યા છે, એથી અનંતગુણા ત્રણ કાળના સમયની સંખ્યા છે, એથી અનંતગુણા આકાશના પ્રદેશની સંખ્યા છે, એથી અનંતગુણા એક-એક દ્રવ્યના ગુણોની સંખ્યા છે. એવા-એવા અનંતા દ્રવ્યોના જ્ઞેયના મહાસાગરને ભગવાનનું જ્ઞાન પહોંચી

વળ્યું છે. આહાહા..! એવી પર્યાય તારા આત્મામાં અનંતી પડી છે એમ કહે છે અહીં. ક્યાંથી (બેસે)? હું રાકો. આમ બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ, માન વિના ચાલે નહિ. જરીક અપમાન થાય ત્યાં ... હાય-હાય. મરી જાવ. આ મરે છે ને કેટલાક જુઓને. ઓલો મરી ગયો હતો એ ને પાણીમાં? લ્યો, એ પ્રેમ માટે મરી ગયો. કો'ક કહેતું હતું. જૈનનો દીકરો. આ આપઘાત કરું છું, હું જાણું છું કે નરકમાં જઈશ હું. પણ મારે ચાલતું નથી. અને પડ્યો.

**શ્રોતા :-** બી.કોમ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ભણેલો. એ તો બધા મૂઢ છે ને જીવો. દશામાં ભાન નહિ. ભગવાન મોટો પડ્યો છે અંદર. અહીં સગપણ કર્યું હશે એમાં કાંઈક વાંધા ઊઠ્યા હતા. ગમે તે હોય. સળગે છે, મોટા-મોટા શેઠીયાઓ બળે છે ને. બબ્બે-પાંચ-પાંચ લાખ, પચાસ લાખની મૂડી કહેવાતી હોય અને હોય દસ લાખ. હવે બહાર ઉઘાડું પડે એટલે પીવો સોમલ. શેઠીયા સોમલ પીવે. મરી ગયા છે ને અમદાવાદમાં? એક ભાઈ હતો. કોણ કો'ક હતું. સારાભાઈ કો'ક હતું. આપણને નામ બહુ યાદ ન રહે. સોમલ પીધું. મોટા ગૃહસ્થ આબરૂદાર. એલા..! અમૃત પીતા આવડે નહિ અને સોમલ પીધા?

ભગવાન અનંત અમૃતનો સાગર છે. બાપા! એમાં જાને, તને ઠીક પડશે ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ? મરી ગયા શેઠીયા. અમારો હેમચંદ, નહિ? અમારો ભાઈ, નહિ? મોટા બાપાનો. મુંબઈ. આપઘાત કરી. (સંવત) ૨૦૧૧ની સાલ. પૈસા દસ, પંદર, વીસ લાખ હતા, તે દિ' પણ. અત્યારે ચાલીસ-પચાસ લાખ છે અને છોકરા અત્યારે રાજકુમાર જેવા છે. ધંધો મોટો. અઢી હજારની પેદાશ એક દિવસની પોતે મૂકી ગયો છે. પડતું મૂક્યું આપઘાત. વાલકેશ્વરના બંગલામાંથી. વૈદરાજ. ખબર છે કે નહિ? તમે ત્યાં રહો છો ને એટલામાં. ૧૧ની સાલમાં હેમચંદ. અમારા ભાઈ છે ને મોટા. અમારા મોટા બાપાના દીકરા હતા. અમારા બાપના ભાઈ. પડતું મૂક્યું ત્યાં. અરે..! શું છે ત્યાં? માસીબા બેઠી હશે ત્યાં? માસીબા સમજો છો? પંડિતજી! મૌસી નથી કહેતા? મૌસી કહે છે, અમારે માસી કહે છે. આવો ભાણેજ, આવો. ભાઈ! ત્યાં માસી બેઠી છે તે ક્યાં જાવું છે તારે? આહાહા..! એ મૂઢ થઈને મરે છે.

કહે છે, અરે..! એ બધાની દશાને સર્વજ્ઞની પર્યાય પારંગત થઈ ગયા છે. આહાહા..! જે સમયે ક્યાં તેની દશા થશે એ બધાની કેવળજ્ઞાનમાં નોંધ છે કે આ જીવ આ સમયે મુક્તિ પામશે, આ જીવ આ સમયે સમકિત પામશે અને આ જીવ આ સમયે મિથ્યાત્વ સેવીને નિગોદમાં જશે. એ ભગવાનના કેવળજ્ઞાનની એક સમયમાં નોંધ છે. આહાહા..!

**શ્રોતા :-** સામાન્યજ્ઞાન કે વિશેષજ્ઞાન...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો પંડિતજીએ પૂછયું હતું એકવાર. કે રૂપ, ગંધ, રસ ભેદથી

જાણે કે નહિ? કે નીચેવાળાને ભેદથી જાણે તો વિકલ્પ થાય છે. તો ઈ? એને તો વીતરાગતા છે. દરેક સમયની, કાળની મર્યાદામાં જે જે દશા વર્તે જડ-ચૈતન્યની બધી ભેદથી વિશેષથી એક સમયમાં રાગના અવલંબન વિના એની જાણવાની તાકાત છે આત્માની. આહાહા..! સમજાણું કાંઈ? મોટા અત્યારે તો વાંધા ઊઠ્યા.

**શ્રોતા :-** વાંધા મટી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ આ તો લોકો બીજાને નથી બેઠું એને એવું થઈ જાય છે. અરે..! ભગવાન! આમ જાને. ભગવાન આમ જાને. ભગવાન! બાપુ! તને તારા આત્માના જ્ઞાનના સ્વભાવના પ્રગટ પર્યાયની તાકાતની શ્રદ્ધા નથી, પણ શક્તિ કેવડી એની તને ખબર નથી. સમજાણું કાંઈ?

આત્મામાં રહેલી શક્તિ જ્ઞાનની, એમાં અનંતી સર્વજ્ઞની પર્યાયો જે થવાની એ પડી છે અંદર. આહાહા..! ભાઈ! એ કાંઈ ભાષાએ પાર પડે એવું નથી. વાદવિવાદે મળે એવું નથી. ભગવાન ચૈતન્યપ્રભુ, જેનો સ્વભાવ જ જ્ઞસ્વરૂપી છે, જેનો સ્વભાવ જ જ્ઞ છે. વસ્તુ જ્ઞ સ્વભાવવાળી, વસ્તુ જ્ઞ છે સ્વભાવ. તો જ્ઞ એટલે જાણવું. જાણવામાં એને અપૂર્ણતા કે વિપરીતતા જ્ઞ સ્વભાવમાં કઈ રીતે હોઈ શકે? સમજાણું કાંઈ? એવી જેની શક્તિ ભગવાનઆત્માની છે, એવું અંતર એકાગ્ર કરીને જેણે ધ્યાન કરીને ધ્યાનનું ફળ જ્યાં મળ્યું, સર્વજ્ઞ પદ છે એ. સમજાણું?

**'જે જ્ઞેયરૂપી મહાસાગરના પારને પામ્યા છે,...'** આહાહા..! આ તે કાંઈ વાત! એ શ્રદ્ધા કરવી એ તે કાંઈ આમ વાત નથી કે આ લ્યો. જેના જ્ઞાનગુણની એક અવસ્થા, એક સમયની સત્તા, જે પરમાત્મા થઈ ગયા, શક્તિમાંથી વ્યક્તરૂપે, એના ગુણની શક્તિની પ્રગટતાના એક અંશની સત્તા બધા જ્ઞેયના પારને સાગરને પામી ગયા. એવી પર્યાય કબુલ કરવા જાય તો એની દ્રવ્ય ઉપર-જ્ઞાયક ઉપર દૃષ્ટિ જાય છે. સમજાય છે કાંઈ?

બીજી ભાષાએ કહીએ તો સાત તત્ત્વની શ્રદ્ધા કીધી છે ને? તો મોક્ષતત્ત્વ આવ્યું કે નહિ? મોક્ષતત્ત્વ એટલે સર્વજ્ઞદશા. સર્વજ્ઞદશાની પર્યાયની પ્રતીત ક્યારે આવે? દ્રવ્યની પ્રતીત થાય ત્યારે પર્યાયની પ્રતીત આવે. સમજાણું કાંઈ? આ તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન એમાં એ ચીજ છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ.

**શ્રોતા :-** એ તો વ્યવહાર છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહાર હોય? વ્યવહાર કેવો? ત્રિકાળ સત્ સાહેબો પરમાત્મા બિરાજે છે, એની પ્રગટ દશા થઈ એને મોક્ષ કહીએ, મોક્ષ એ કેવળજ્ઞાનનું લક્ષ. મોક્ષનું લક્ષણ કેવળજ્ઞાન છે. મોક્ષની પર્યાયની પ્રતીત જેને થાય એટલે કે સિદ્ધની જેને પ્રતીત થાય એટલે કે કેવળજ્ઞાન મહાસાગરને પામ્યા એની જેને પ્રતીત થાય, એની પર્યાયના અંશ પર

દૃષ્ટિ ન રહેતા સ્વભાવ ઉપર દોડી જાય દૃષ્ટિ. કારણ કે પર્યાય અસ્થિર છે. અસ્થિરને આશ્રયે સ્થિરતા ન થાય. એ આમ દૃષ્ટિ કરતાં કે ઓહો..! આ! જ્ઞાયક ભગવાન અનંત પર્યાયનો પિંડ, એની પ્રતીત થતાં તેને મોક્ષરૂપી કેવળજ્ઞાનની પર્યાયની પ્રતીત ત્યારે થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ કાંઈ વાત નથી. આ તો વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? અહીં તો સિદ્ધના વખાણ કરે તે તારા વખાણ છે આમાં.

ભાષા કેવી કરી છે! **'જ્ઞેયરૂપી મહાસાગર...'** અનંતા દ્રવ્યો કેટલા અસંખ્યાત!! ઓહોહો..! અનંતા સિદ્ધો અનંત પુદ્‌ગલ પરાવર્તનથી થતા આવે છે. કેટલો કાળ ગયો? અનંત પુદ્‌ગલપરાવર્તન. એક પુદ્‌ગલપરાવર્તનના અનંતમાં ભાગમાં અનંતી ચોવીસી જાય. પણ એમાં ઓહો શું છે? વસ્તુ આવી છે. એ તો અહીં કહે છે. સમજાણું કાંઈ? ભૂતકાળની આદિ છે કે ક્યારે ગયો કાળ નહોતો? ગયો કાળ હયાતી નહોતી એવો કયો કાળ છે? છે... છે... છે... છે... છે... એમાં નથી એવું કે દિ' આવશે? અનાદિ એમ ને એમ છે... છે... છે... છે... કાળ ચાલ્યો જાય. એવા ગયા કાળના અસ્તિત્વને, છે... છે... છે.. ને ભવિષ્યમાં છે.. છે.. એમ રહેશે. આવા ત્રણ કાળના, સમય જે ત્રણ કાળના એમાં ભૂતકાળમાં સિદ્ધ થયા અનંત પુદ્‌ગલપરાવર્તનમાં. અનંત પુદ્‌ગલપરાવર્તન સમજ્યાને? બધા રજકણો સંયોગમાં આવીને અનંત વાર ગયા. એમાં એક પુદ્‌ગલ પરાવર્તનમાં અનંતી ચોવીસી જાય. એના અનંતમાં ભાગમાં અનંતી ચોવીસી તીર્થંકર થાય. એટલો એ કાળ મોટો છે. એટલા અનંતા પુદ્‌ગલ પરાવર્તનની જેટલી સિદ્ધની સંખ્યા થઈ, છ માસ અને આઠ સમય સિદ્ધ થાય ૬૦૮. એ સંખ્યા કેટલી છે? ઘણી ઓછી. એથી અનંતગુણા તો એક નિગોદના એક શરીરમાં જીવ છે. આહાહા..!

આ જ્ઞેય આવા છે, ભાઈ! અને જ્ઞેય જ્ઞાનમાં ન આવે તો જ્ઞેય ન કહેવાય. જ્ઞેયનો પ્રમેય ધર્મ છે. પ્રમેય કોઈપણ પ્રમાણના જ્ઞાનમાં આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? પ્રમેય કહો કે જ્ઞેય કહો એ કોઈના પણ પ્રમાણમાં આવ્યા વિના રહે નહિ. જ્ઞેય આ છે એમ નક્કી કોણે કર્યું? સમજાણું કાંઈ? ભારે ઝીણી વાતું, ભાઈ! તને હજી ઓલા મોક્ષતત્ત્વની શ્રદ્ધા (નથી). કેવળજ્ઞાની ત્રણ કાળ, ત્રણ લોકને જાણે? ભગવાન જાણે. આહાહા..! એ ભગવાન જાણે, આપણું કામ નહિ. કેવળજ્ઞાની એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જ્ઞેયના મહાસાગરને પામે એવી પર્યાયની તને પ્રતીત નથી? આહાહા..!

ભાઈ! એની પર્યાયની પ્રતીત થાય ત્યાં તો એને ત્રણ કાળ, ત્રણ લોક જ્યાં જે સમયે છે તેમ ત્યાં થશે એવું જ્ઞાનમાં પ્રતીતમાં તો આવી ગયું. કેવળજ્ઞાનની પ્રતીત થતાં જે સમયે જ્યાં જે થશે પ્રતીતમાં વાત આવી ગઈ. ફેરફાર કરવાનું રહ્યું નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, ભાષા વાપરી છે શું? મહાસાગર. જ્ઞેય જણાવા યોગ્ય પદાર્થોને સર્વજ્ઞદશા પ્રાપ્ત,

અલ્પજ્ઞ શક્તિમાંથી નથી આવતું એ. ભગવાન સર્વજ્ઞ શક્તિવાન છે... છે... છે... તે છે. એમાંથી એકાકાર થઈ, ધ્યાન એનું કરી, દશામાં સર્વજ્ઞપદ (પ્રગટ કર્યું) તે જ્ઞેયના મહાસાગરના પારંગત થઈ ગયા છે. અંતને પામ્યા છે, છે ને આપણે પ્રવચનસારમાં? જ્ઞેયના અંતને પામ્યા. પ્રવચનસારમાં. સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! કહો, શું છે આમાં? પહેલો ક્યો ભવ હશે? પહેલો સિદ્ધ, કોણ પહેલા સિદ્ધ હશે? પહેલો પરમાણુ ક્યો હશે? પહેલું ઈંડુ હશે કે કુકડી?

એ ભગવતીમાં પ્રશ્ન ઊઠ્યો હતો. આ શ્વેતાંબરમાં ભગવતીમાં પ્રશ્ન ઊઠાવ્યો છે કે પહેલી કુકડી કે ઈંડું? તો કહે ઈંડું. તો કુકુડી વિના ક્યાંથી થયું? તો કહે કુકુડી. તો કુકડી ઈંડા વિના ક્યાંથી થઈ? ભાઈ! તને એ સ્વભાવ વાત છે એ શું ચીજ છે? (એની ખબર નથી). છે... છે... અરે..! પણ ક્યાંક પહેલું તો હશે ને? પણ પહેલું એટલે શું? સમજાણું કાંઈ?

એ બધા જ્ઞેયને ભગવાનનું જ્ઞાન પારને પામી ગયું છે. એવી કેવળજ્ઞાનની એક સમયની દશા, એવી અનંત દશાનો પિંડ તું ગુણ, એવા અનંત ગુણનું રૂપ તું આત્મા. સમજાણું કાંઈ? એને એની માહાત્મ્ય અને મોટપ ન આવે અને પછી કો'કને મોટપ આપે. આ ભગવાન અમારો કર્તા અને આ.. કો'કને મોટપ આપી દીધી. પણ તું આવડો છો. તને કરે કોણ? સમજાણું કાંઈ? આહાહા..! એ તો ભગવાન કર્તા ને એણે કર્યું, પછી એની આપણે ભક્તિ કરી અને રાજી થઈ જાય તો મુક્તિ આપી દેશે. આવા તો ગપે ગપ છે બધા. એમ વસ્તુનું સ્વરૂપ હોઈ શકે નહિ.

એટલે કહે છે કે ભગવાન સિદ્ધપદને પ્રાપ્ત થયેલા શક્તિની વ્યક્તતા જેને મળી, એના જ્ઞાનમાં મહાસાગર પામ્યા. '**જેઓ મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીના મુખકમળના સૂર્ય છે,...**' અલંકાર કર્યો છે. એય..! સહાયક અલંકાર. વયા ગયા ને ઓલા? જેને આત્મા રાગમાં અટકતો એવો જ્ઞાનનો વિષય પૂર્ણ નહોતો કર્યો, એ જ્ઞાનના વિષયમાં પ્રતિબદ્ધ ઓછું હતું, એણે જ્ઞાનનો વિષય પૂર્ણ પ્રગટ કરી નાખ્યો. એવા મુક્તિરૂપી લક્ષ્મી, જેનું પ્રતિબદ્ધપણું-અટકવું .. અને જ્ઞાનની દશા જેની પૂર્ણ થઈ ગઈ છે. એવો ભગવાન '**મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીના મુખકમળના સૂર્ય છે,...**' જેમ કમળને સૂર્ય ખીલે છે, એમ એ આત્મા પોતાની પર્યાયને ક્ષણે-ક્ષણે ખીલવવામાં કમળ સમાન છે. આહાહા..! આ તો અલંકાર (છે). એય..! '**મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીના મુખકમળના સૂર્ય છે,...**' એ મુક્તની દશાને ખીલવ્યા જ કરે છે, ખીલવ્યા જ કરે છે, પ્રગટ કર્યા જ કરે છે, સમયે-સમયે ખીલવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા પરમાત્મા, એને પરમાત્મા અને સિદ્ધ કહીએ અને એ સિદ્ધ આત્માના સ્વભાવમાંથી પ્રગટેલી દશાને સિદ્ધ કહીએ. સમજાણું કાંઈ? આ એના ગુણગ્રામ ગાવા એને હજી પુણ્યના પરિણામ અને શુભભાવની ભક્તિ કહેવામાં આવે છે. આહાહા..! ગુણભેદની વ્યાખ્યા ચાલે છે ને? '**मोक्षगतपुरुषाणां गुणभेदं तेषामपि परमभक्तिं**' ગુણભેદ જાણીને, ગુણના પ્રકાર જાણીને

એ શુભ વિકલ્પ રાગ છે. એવી દશા વીતરાગદશા થવા પહેલા જીવને આવ્યા વિના રહે નહિ. આહાહા..!

આ સર્વજ્ઞ પરમેશ્વર, એની જ્ઞાનની દશા, એની શ્રદ્ધા, પરમઅવગાઢ આનંદની પૂર્ણતા, વીર્યની પૂર્ણતા, સ્વચ્છતાની પૂર્ણતા. જેની પર્યાયનો પાર ન મળે. એ પર્યાય ખીલ્યા જ કરે, ખીલ્યા જ કરે. એ '**મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીના મુખકમળના સૂર્ય છે,...**' એ પર્યાયને ખીલવટ કરનારા પરમાત્મા સિદ્ધ ભગવાન છે. સમજાણું કાંઈ? '**જેઓ સ્વાધીન સુખના સાગર છે,...**' આહાહા..! આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્‌ શાશ્વત જ્ઞાન અને આનંદનો સાગર આત્મા છે. એ આનંદ પ્રગટ જેની દશામાં થઈ ગયો છે. એ સ્વાધીન સુખના સાગર છે. એનું સુખ કાંઈ લોકાલોકને જોવે તો સુખ થાય છે એમ નથી. કેટલાક એમ કહે કે ઓહોહો..! આપણે બે નાટક જોઈએ તો આપણને સુખ થાય. ભગવાન તો લોકાલોકના નાટક દેખે માટે સુખી. એમ સુખ હશે? જૂની વાત છે અમારી. સંપ્રદાયની વાત છે. સંપ્રદાયમાં એમ ચાલે કે લોકાલોકના નાટક દેખે ભગવાન. અરે..! સાંભળને.

અહીં તો અંતર આનંદસ્વરૂપ પરમાત્મા આત્મામાં આનંદ સચ્ચિદાનંદ (ભર્યો છે), જે આનંદ સ્વભાવમાં હતો પૂર્ણ, એને ધ્યાનની એકાગ્રતા દ્વારા જેણે આનંદનો મહાસાગર ઊછાળ્યો છે, જેની વર્તમાન દશામાં ભરતી આનંદની આવી છે, દરિયામાંથી ભરતી આવી, સાગર પડ્યો છે અંદર આત્મા, એમાં એકાગ્રતા દ્વારા વર્તમાન દશામાં ભરતી લાવ્યા છે આનંદની. એ સ્વાધીન સુખના સાગર છે. બધે સાગર. જ્ઞેયના પારને પામ્યા. જ્ઞેય મહાસાગર. આહાહા..! ભગવાન! તારી તો બલિહારી પ્રભુ, પણ તને એના માહાત્મ્યની મહિમા એને આવતી નથી. આવડો હું! આ તો એક સમયની દશાની વાત છે. સમજાણું?

'**જેઓ સ્વાધીન સુખના સાગર છે,...**' એકલા આનંદ. પૂર્ણ સ્વાધીન. સિદ્ધ કાંઈ પરાધીન હશે કે નહિ થોડા? કેટલાક એમ કહે છે કે ભાઈ! અનેકાંત તો એમ જોઈએ કે કંઈક સુખી ને કંઈક દુઃખી, કંઈક સ્વાધીન અને કંઈક પરાધીન, તો અનેકાંત થાય. ભાઈ! એમ અનેકાંત ન હોય, ભાઈ! અનેકાંત એમ ન હોય. અનેક અંત એમાં હોય એની કથનશૈલી હોય. એમાં ન હોય એનું અનેકાંત ક્યાંથી લાવે? સમજાણું કાંઈ? લ્યો, બહારમાં પણ માંડ્યો છે, હોં! પોષનો. અહીં તો અમૃત જ છે આત્મા. આ તો પોષના પાણી, અમૃતવાણી લોકો કહે છે ને. ભારે મંડાણો છે બરાબર ત્યાં. આહાહા..!

ભગવાનઆત્મા... કહે છે કે જેના સ્વાધીન અમૃતના સુખનો સાગર સિદ્ધ પરમાત્મા. જેની એક દશામાં, હોં! હાલતમાં સુખનો સાગર. એને પરમાત્મા ને સિદ્ધ મુક્તદશાવંત કહીએ. એને સિદ્ધ દેવ કેવા કહીએ એની ખબર વિના સિદ્ધની ભક્તિ નમો સિદ્ધાણં... નમો સિદ્ધાણં... શું નમો સિદ્ધાણં કરે. નમો સિદ્ધાણં કરીને સિદ્ધ કેવા હોય, પરમાત્મા કેવા હોય, પહેલા

પરમાત્મા નહોતા દશામાં અને પછી થયા, એ પરમાત્માની અવસ્થા પહેલાં શું હતું? એ થયા તો એ દશા આવી ક્યાંથી? સમજાણું કાંઈ? એથી અહીંયા મુનિરાજ સિદ્ધની દશાને ઓળખીને ભક્તિ કરવી એમ કહેવા માગે છે.

'**જેણે અષ્ટ ગુણોને સિદ્ધ (પ્રાપ્ત) કર્યા છે,...**' આઠ કર્મ છે એનો નાશ કરીને આઠ દશા વ્યવહારથી, હોં! અનંત ગુણ પ્રાપ્ત થયા એ નિશ્ચયથી છે. અહીં તો ઓલા આઠ કર્મ છે એ અપેક્ષા લીધી છે. આઠ કર્મોના નાશ કર્યા અને આઠ ગુણો સિદ્ધ કર્યા છે. સમજાણું? '**જેઓ ભવનો નાશ કરનારા છે...**' ભવનો નાશ થઈ ગયો છે. ભગવાન પૂર્ણ દશા જ્યાં પ્રાપ્ત થઈ હોય ત્યાં ભવનો ભાવ ક્યાંથી હોય? એમ કહીને (કહે છે કે) હવે ફરીને અવતાર થાય એમ બને નહિ. ભક્તોની ભીડ માટે અવતરે અને વેરીઓનો નાશ કરવા અવતરે એવું પરમાત્માનું સ્વરૂપ હોઈ શકે નહિ. આહાહા..!

**શ્રોતા :-** ભગવાનના ભક્તોને ભીડ કેવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભીડ-ફીડ કેવી? ભગવાન જેણે જોયા એને ભીડ કેવી? ભગવાનના ભક્તને ભીડ હોય? સમજાણું? એ ભીડ વિનાનો ભીડભંજન ભગવાનઆત્મા જ છે. આહાહા..!

'**જેઓ ભવનો નાશ કરનારા છે અને જેમણે આઠ કર્મોના સમૂહને નષ્ટ કરેલ છે,...**' ગુણ પહેલાં પ્રાપ્ત થયા છે અને આઠ કર્મોનો નાશ કર્યો છે. '**એ પાપાટવીપાવક...**' એ પાપરૂપી આ સંસાર દાવાનળ એને બાળવામાં અગ્નિ સમાન છે.

**શ્રોતા :-** પુણ્ય-પાપને અહીં તો પાપ જ કીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધું પાપ જ કીધું છે. પુણ્ય અને પાપ બધું પાપ.

એ '**નિત્ય (અવિનાશી) સિદ્ધભગવંતોનું...**' એવા અનંત સિદ્ધ. એક સંખ્યાએ નહિ. બહુવચન લીધું ને. અનંત સિદ્ધોનું. અનંત પરમાત્મા થયા. છ મહિના અને આઠ સમયે છસ્સો ને આઠ થાય, તો અત્યાર સુધીની સંખ્યા મોટી થઈ ગઈ. બધા અનંત ભગવાનને '**वंदित्तु सव्व सिद्धे**'. એમ કરીને ઉપાડ્યું છે ને 'કુંદકુંદાચાર્યે'? સિદ્ધ ભગવાનને મારા આત્મામાં સ્થાપ્યા છે. શ્રોતાઓ! અનંત સિદ્ધોને હું તમારી જ્ઞાનની દશામાં સ્થાપું છું. હવે શ્રવણ કરો. એમ કહીને ઉપાડી છે વાત. સમજાણું કાંઈ? '**સિદ્ધભગવંતોનું હું નિરંતર શરણ ગ્રહું છું.**' મારે સિદ્ધ ભગવાનનું (શરણ છે). અરિહંતા શરણં, સિદ્ધા શરણં આવા સિદ્ધ ભગવાનનું મને શરણ છે. એનો અર્થ કે એવી દશા મને પ્રગટવાનું મારું તત્ત્વ છે, એના આશ્રયે હું જાઉં છું. એ સિદ્ધ ભગવાનનું શરણ છે એમ કહેવામાં આવે છે.

(**શ્રોતા :** પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી નિયમસાર, શ્લોક-૫૫
## પ્રવચન નં.૧૭૦, તા.૫-૯-૧૯૬૬
## (૯)

આ નિયમસાર શાસ્ત્ર ચાલે છે, ભગવાન કુંદકુંદાચાર્યનું કરેલું. નિયમસારનો અર્થ મોક્ષનો માર્ગ. મોક્ષનો માર્ગ એ મોક્ષનું કારણ છે, તો મોક્ષનો માર્ગ કોનાથી ઉત્પન્ન થાય છે? કઈ વસ્તુથી મોક્ષનો માર્ગ ઉત્પન્ન થાય છે? એનું અહીંયાં વર્ણન કરે છે. શ્લોક કાલે બોલાઈ ગયો છે ને? શ્લોક બોલાઈ ગયો છે. શ્લોક છે, ૫૫ શ્લોક. ૫૫. તમારે શું કહે છે? પચપન? પચપન.

કેવો છે આ ભગવાનઆત્મા? આ શુદ્ધભાવ અધિકાર છે ને? શુદ્ધભાવ, ઉપર લખ્યું છે, શુદ્ધ ભાવ. તો શુદ્ધભાવનો અર્થ શું? શુદ્ધભાવનો અર્થ અહીંયાં શું છે? પોતાની પર્યાયમાં જે પુણ્યના શુભ પરિણામ થાય છે અને હિંસા, જૂઠું આદિ અશુભ, બેય અશુદ્ધ પરિણામ છે અને બેય પરિણામ રહિત પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપ ત્રિકાળ, એના અવલંબનથી જે શુદ્ધ પર્યાયનું પરિણમન થાય છે, તે પર્યાય છે, અહીંયાં એ નથી. આ શુદ્ધભાવ ઈ નથી. સમજાય છે કાંઈ?

આ શુદ્ધભાવ એને કહે છે કે એક સેકંડના અસંખ્ય ભાગમાં આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્ય આનંદકંદ (છે), જે એક સમયની અવસ્થાથી ભિન્ન છે. સમજાય છે કાંઈ? શેઠી! એક વસ્તુ ધ્રુવ છે. અનાદિઅનંત શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ. અનંત ગુણનું એકરૂપ એક સ્વરૂપને, ધ્રુવને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. જેને દ્રવ્યભાવ કહો, શુદ્ધભાવ કહો, જ્ઞાયકભાવ કહો, શાશ્વત સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા કહો, તેને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. એ શુદ્ધભાવની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ધર્મનું કામ છે કે સમ્યગ્દર્શનનું કામ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમ્યગ્દર્શન શું છે? શું ધર્મ બીજી ચીજ છે? સમ્યગ્દર્શન બીજી શું વસ્તુ છે? ધર્મ, જે ભગવાનઆત્મા એક સમયમાં અનંત ગુણનો પુંજ રૂપ એકસ્વરૂપ, એનો અંતર આશ્રય કરીને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ કરવી. એ પર્યાય મોક્ષનું કારણ છે. તો એ પર્યાયનું કારણ ત્રિકાળ શુદ્ધભાવ ધ્રુવભાવ છે. સમજાય છે કાંઈ? રતનલાલજી! પણ આટલા-આટલા દિવસથી સાંભળે છે તોય એને ખબર નથી પડતી, શું વસ્તુ છે.

ઈ કહે છે, જુઓ! '**જે પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે,...**' પહેલો શબ્દ પડ્યો છે. કેવો છે ભગવાનઆત્મા? શુદ્ધ ધ્રુવ ચિદાનંદ. પ્રીતિ-અપ્રીતિ. (અર્થાત્) રાગ અને દ્વેષ રહિત શાશ્વત પદ છે આત્મા. એક સમયની પર્યાયની અહીંયાં વાત નથી. ત્રિકાળ આવો છે. પ્રગટ પ્રગટ જ છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ ધ્રુવ દ્રવ્ય વસ્તુ તો ત્રિકાળ પ્રગટ જ છે. એક સમયની અવસ્થા-પર્યાય છે એ તો વ્યવહારનયનો વિષય થઈ ગયો. તેનાથી રહિત એક ત્રિકાળ ઘન વિજ્ઞાનઘન, ઈ આવશે, ચૈતન્યપુર, ચૈતન્યશુર ભરપૂર આનંદના કંદરૂપ દ્રવ્યસ્વભાવ, તેને અહીંયાં શુદ્ધભાવ, પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદને શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. આહાહા..! શેઠી!

ભગવાનઆત્મા કર્મ અને શરીર તો એમાં નથી, પણ એમાં પુણ્ય-પાપના વિકલ્પ જે છે એ પણ એમાં નથી, પણ એમાં એક સમયની પ્રગટ જ્ઞાન, દર્શન અને વીર્યની અવસ્થા જે એક સમયની પ્રગટ વિકાસરૂપ છે, એ પણ જેમાં નથી. ભાઈ! જે વસ્તુ સર્વજ્ઞે કહી, એ ચીજનો પત્તો લેવો, એમાં મહાન પ્રયત્ન છે. સર્વજ્ઞ સિવાય બીજે આ વાત ત્રણ કાળમાં હોઈ શકે નહિ. કહે છે, સર્વજ્ઞ પરમેશ્વર વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. ત્યાં આગળ આ કુંદકુંદાચાર્ય પ્રભુ સંવત ૪૯માં ગયા હતા, આઠ દિવસ ત્યાં રહ્યા હતા અને ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. એ તો મુનિ હતા, ભાવલિંગી સંત હતા, છતાં ભગવાન પાસે જઈને ઘણી નિર્મળતા પ્રગટ થઈ અને ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. સમજાય છે કાંઈ? મદ્રાસથી એંસી માઈલ આ બાજુ એક વંદેવાસ નાનું ગામ છે. એનાથી પાંચ માઈલ દૂર એક પોન્નુર હિલ નામની ટેકરી છે. ત્યાં ધ્યાનમાં રહેતા હતા, કુંદકુંદાચાર્ય. ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. (પોન્નુર હિલ ઉપર) રહીને આ શાસ્ત્ર બનાવ્યા. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર.

આ ગાથાનો ભાવ ૩૯માં એમ કહ્યું, એનો ટીકાકાર પદ્મપ્રભમલધારી મુનિ, એમના પછી ૧૦૦૦-૧૧૦૦ વર્ષ પછી થયા. ભગવાન કુંદકુંદાચાર્યને બે હજાર વર્ષ થયા. એમના પછી ૧૦૦૦-૧૧૦૦ વર્ષ પછી થયા. તેઓ આ મૂળ શ્લોકની ટીકા કરે છે. ટીકા કર્યા પછી કળશ લખે છે.

ભગવાનઆત્મા ભગવાને એવો કહ્યો છે, એવો ભગવાને કહ્યો છે કે પ્રીતિ-અપ્રીતિ... વિકલ્પ જે શુભરાગ અને અશુભરાગ, તેનાથી રહિત પ્રભુ શાશ્વત ચિદ્ઘન આત્મા છે. શુદ્ધભાવથી પૂર્ણ ભરેલો આત્મા છે. શુદ્ધ પર્યાયની વાત નથી. સમજાય છે કાંઈ? તેની અંતર દૃષ્ટિ (કરવાથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે). આવા ધ્રુવ સ્વભાવનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન આદિ મોક્ષમાર્ગની પર્યાય ઉત્પન્ન થાય છે. તો મોક્ષમાર્ગની પર્યાય કોને આશ્રયે ઉત્પન્ન થાય છે? મોક્ષમાર્ગનું કથન છે, પણ મોક્ષમાર્ગ કોના આશ્રયે ઉત્પન્ન થાય છે? ધ્રુવ ભગવાન એક

સમયનો શુદ્ધ ચૈતન્યપિંડ પ્રભુ, તેની અંતર દૃષ્ટિ કરવાથી, આશ્રય કરવાથી, તેનું અવલંબન લેવાથી વર્તમાન પર્યાય નામ દશામાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિરૂપ ચારિત્ર, એ અંતર સ્વરૂપના અવલંબને પ્રગટ થાય છે. બીજી કોઈ રીતે ત્રણ કાળમાં મોક્ષમાર્ગ પ્રગટ થાય એવી કોઈ રીત નથી. સમજાય છે કાંઈ?

કહે છે, '**પ્રીતિ-અપ્રીતિ રહિત...**' ભગવાનઆત્મા શાશ્વત પદ છે. બીજી રીતે કહીએ તો, કાલે કહ્યું હતું કે એ શુદ્ધ ચૈતન્યપદ પ્રીતિ-અપ્રીતિ રહિત ધ્રુવ છે. એવી જેને દૃષ્ટિ થઈ-સમ્યગ્દૃષ્ટિને, સમ્યગ્દૃષ્ટિને એવી દૃષ્ટિ થઈ કે 'હું શુદ્ધ ધ્રુવ છું' એમ દૃષ્ટિમાં અનુભવમાં આવ્યું. તો સમ્યગ્દૃષ્ટિને પણ શુભ-અશુભભાવ, એ સમ્યગ્દર્શનની પર્યાયમાં શુભ-અશુભભાવ નથી. ફરીથી લઈએ છીએ. આપણે ક્યાં એક વાર (પૂરું કરીએ છીએ). સમજાય છે કાંઈ? શું કહે છે? સાંભળો!

વાત ચાલે છે શુદ્ધભાવની. શુદ્ધભાવ નામ ધ્રુવ ભાવ, પર્યાય નહિ. શુદ્ધ ઉપયોગ રૂપી પર્યાય કે પુણ્ય-પાપના ભાવ અશુદ્ધ ઉપયોગ, તેને અશુદ્ધ ઉપયોગ કહે છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભઉપયોગરૂપ અશુદ્ધ પરિણામ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ વાસના એ અશુભ ઉપયોગરૂપ અશુભ પરિણામ છે, ઈ નહિ. તેનાથી રહિત જે શુદ્ધ ચિદાનંદ ધ્રુવ છે તેના અવલંબને જે નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ થાય છે એ શુદ્ધ આચરણરૂપ શુદ્ધ ઉપયોગ છે. એ શુદ્ધ ઉપયોગની પણ આ વાત નથી. સમજાય છે કાંઈ? આ તો શુદ્ધ ઉપયોગ અને અશુદ્ધ ઉપયોગથી રહિત એકલો ભગવાન ધ્રુવ સચ્ચિદાનંદ સત્.. સત્.. સત્.. ચિદ્‌ઘન વસ્તુ શાશ્વત ધ્રુવ. એ પદાર્થમાં રાગ અને દ્વેષ છે જ નહિ. એનો અર્થ એ થયો કે એ વસ્તુ જે છે તેની જ્યાં દૃષ્ટિ અંતરમાં સમ્યક્‌દૃષ્ટિ થઈ તો સમ્યગ્દૃષ્ટિના ધ્યેયમાં-દ્રવ્યમાં પણ રાગ-દ્વેષ નથી અને એની પર્યાયમાં પણ રાગ-દ્વેષ નથી. રામસ્વરૂપજી! બહુ ઝીણું, ભાઈ! જગતને સ્વતત્ત્વ શું છે, સર્વજ્ઞે શું કહ્યું છે એ વાત એને અંદર રુચિ નથી અને શું છે એ સાંભળવા મળ્યું નથી.

ભગવાનઆત્મા સર્વજ્ઞે એવો જોયો, સર્વજ્ઞે એવો જોયો. ભગવાને આત્માને કેવો જોયો? શું શરીરસહિત જોયો છે? શરીર તો ભિન્ન છે, અજીવ ભિન્ન છે. કર્મ અજીવ છે. અજીવ જીવ છે? આત્મામાં પુણ્ય અને પાપ દેખાય છે, તો પુણ્ય-પાપ તો આસ્રવતત્ત્વ છે. સમજાય છે કાંઈ? તો આસ્રવતત્ત્વ આત્મા છે? આ પ્રીતિ-અપ્રીતિના ભાવ આસ્રવતત્ત્વ છે. એક આત્મતત્ત્વ, એક આસ્રવતત્ત્વ, એક અજીવતત્ત્વ. શરીર, કર્મ, વાણી આ અજીવતત્ત્વ છે. આત્મા એમાં નથી. એ આત્મા નથી, એમાં આત્મા નથી. પુણ્ય અને પાપના ભાવ આસ્રવતત્ત્વ છે, તો આસ્રવતત્ત્વ આત્મામાં નથી અને આસ્રવતત્ત્વમાં આત્મા નથી. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્યમાં પ્રીતિ-અપ્રીતિના પરિણામ, જે બંધનું કારણ છે

એ પરિણામ એમાં છે જ નહિ. આવી દૃષ્ટિ કરવાવાળાને, સમ્યગ્દૃષ્ટિને, ધર્મીને પોતાના ધર્મ સ્વભાવની અંતર દૃષ્ટિ થઈ તો એ પર્યાયમાં પણ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ નથી. પુણ્ય-પાપના વિકલ્પ પૃથક્ રહી ગયા. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યપિંડની દૃષ્ટિ થઈ તો વસ્તુમાં જેમ પ્રીતિ-અપ્રીતિ નથી, એવી દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ થઈ તો સમ્યગ્દર્શન નિર્મળ પર્યાય વીતરાગી દશા મોક્ષનું કારણ દ્રવ્યમાંથી પ્રગટ થયું તો એ પર્યાયમાં પણ રાગ-દ્વેષ નથી. આહાહા..! રામસ્વરૂપજી! આહા..! ભારે વાત, ભાઈ!

**શ્રોતા :-** સંવર, નિર્જરાની પર્યાય પણ કાઢી નાખી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંવર, નિર્જરાની પર્યાય અંદર નથી, પણ પર્યાય થઈ એમાં આસ્રવ નથી. અહીં તો ઈ કહેવું છે જરી. અરે..! ભગવાન! એણે તત્ત્વ શું છે, વસ્તુની મર્યાદા (શું છે તેને જાણી નહિ). બહારમાં ધમાધમ કરીને જીંદગી ગાળી. માણેકચંદજી! આમ કરવું ને તેમ કરવું ને આ કરવું ને ધૂળ કરવું. ધૂળમાંય નથી, સાંભળ તો ખરો. ચૈતન્ય ભગવાન અંદર સચ્ચિદાનંદ પૂર્ણાનંદ પ્રભુ બિરાજે છે. તેની અંદરમાં પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, શરીર, કર્મથી રહિત અંતર સ્વભાવની દૃષ્ટિ જ્યારે થાય છે, ત્યારે તેનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શનનું ધ્યેય, સમ્યગ્દર્શનનો વિષય એ શુદ્ધભાવ આ ધ્રુવ છે. એ શાશ્વત પદ છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** શાશ્વત હોય કે અશાશ્વત હોય, એને કામ શું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બરાબર છે, એને આત્માનું હિત કરવું હોય તો કામ છે. પોતાનું હિત કરવું હોય, સુખી થવું હોય, દુઃખનો નાશ કરવો હોય, સ્વતંત્રતાનો ઢંઢેરો પીટીને સ્વતંત્રતા પ્રગટ કરવી હોય તો શાશ્વત પદ શું છે તેને સમજવું પડશે. સમજાય છે કાંઈ? બાકી ધૂળધાણી વા-પાણી.

કહે છે, ભગવાનઆત્મા.. કુંદકુંદાચાર્યે મૂળ પાઠમાં કહ્યું, સમજાય છે કાંઈ? ૩૮માં કહ્યું હતું ને? એક પ્રભુ આત્મા ધ્રુવ એ જ સ્વતત્ત્વ છે અને સંવર, નિર્જરા અને મોક્ષની જે પર્યાય છે એ પણ સ્વતત્ત્વ નહિ, અંતઃતત્ત્વ નહિ, બહિર્તત્ત્વ છે. ચંદુભાઈ! આહાહા..! રાડ નાખે. માણસને કંઈ... ભગવાનઆત્મા એક સમયમાં અખંડાનંદ પ્રભુ સત્... સત્... સત્... દળ. શાશ્વત સત્ સ્વભાવનો દળ પિંડ ધ્રુવ એ જ અંતઃતત્ત્વ આત્મા. એ વાસ્તવિક આત્મા, એ ખરેખર આત્મા છે. અને એની પર્યાયમાં પુણ્ય-પાપ, દયા, દાન, વ્રતાદિના વિકલ્પ ઊઠે છે એ બહિર્તત્ત્વ છે, અંતઃતત્ત્વ નહિ. ઈ તો નહિ, પણ સંવર, નિર્જરા અને મોક્ષનો માર્ગ ધ્રુવના અવલંબને પ્રગટ થાય એ સંવર, નિર્જરારૂપ જે નિશ્ચય મોક્ષમાર્ગ છે એ પર્યાય છે, એ પર્યાય પણ અંતઃતત્ત્વમાં નથી. આહાહા..! ભારે કામ. સમજાય છે કાંઈ? એ બહિર્તત્ત્વ છે. ભગવાન અંતઃતત્ત્વ છે. અહીં કહેશે, જુઓ!

**'નિઃશેષપણે અંતર્મુખ...'** શાશ્વત ભગવાનઆત્મા, જેને અંતઃતત્ત્વ કહ્યું, જેને ખરો આત્મા કહ્યો, જેને વાસ્તવિક આત્મા કહ્યો એ વાસ્તવિક આત્મામાં સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય પણ નથી. રતનલાલજી! શું કરવું? આ વેપાર કરવો કે ન કરવો? આ હવે શું સમજવું?

**શ્રોતા :-** જાદુ જેવું લાગે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાદુ જ છે આ ભગવાનના ઘરનું.

ભગવાન સચ્ચિદાનંદ સત્... સત્... સત્... શાશ્વત સત્, અકૃત્રિમ સત્ અહીં આવશે, અણકરાયેલ સત્, અવિનાશી સત્, ધ્રુવ સત્, શાશ્વત સત્. એ એક સમયની વર્તમાન પર્યાય-અવસ્થા વિનાનું સત્. આહાહા..! સમજાય છે કાંઈ? એવો ભગવાન, વિકલ્પ-શુભાશુભરાગથી રહિત એ શાશ્વત પદ છે, તેને અહીંયાં શુદ્ધભાવ કહ્યો છે, તેને વાસ્તવિક આત્મા કહ્યો છે. આવા આત્મામાં, આવા આત્મામાં જેની દૃષ્ટિ થઈ, સમ્યગ્દૃષ્ટિ થયો, અનુભવમાં પૂર્ણાનંદ પ્રભુદશા આત્મા છે. ધ્રુવ અખંડાનંદ એક સ્વભાવી પૂર્ણાનંદ છે. એમ અંતર્મુખ નિર્વિકલ્પ રાગની મિશ્રિતદશા છોડીને વીતરાગી પર્યાય સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થયું, તો કહે છે કે ધ્રુવમાં જેમ પ્રીતિ-અપ્રીતિના ભાવ નથી તેમ ધ્રુવના અવલંબને પ્રગટ થયેલી સમ્યગ્દૃષ્ટિ, એ સમ્યગ્દૃષ્ટિ પોતે સંવર, નિર્જરા છે. તો સંવર, નિર્જરા જેમ એનામાં (-ધ્રુવમાં) નથી, એમ સંવર, નિર્જરામાં પુણ્ય, પાપનું આસ્રવતત્ત્વ અંદર છે જ નહિ. ભારે વાત, ભાઈ!

**શ્રોતા :-** વધારે ઊંડા પાણીમાં લઈ જાવ છો!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગંગવાલજી, બહુ ઊંડા પાણીમાં લઈ જાય છે, એમ કહે છે. વકીલ છે ને, વકીલ. ભાઈને તો તમે જોયા છે ને? ગંગવાલજીને. ક્યાં? ઈંદોર. મુંબઈ આવ્યા હતા.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એણે કરી હતી. હા, એ તો ભૂલી જવાય છે. ખરેખર તો એણે ... કરી હતી. સમજાય છે કાંઈ? ક્યાં ગયા? આવ્યા છે કે નહિ? રતનલાલજી આવ્યા છે કે નહિ? ગયા હતા ને? આવી ગયા? ઈ જૂનાગઢ ગયા હતા. સમજાય છે કાંઈ?

આ રતનની વાત ચાલે છે. ચૈતન્યરત્ન. જેને ભગવાન ચૈતન્ય રત્નાકર કહે છે. અમૃતચંદ્રાચાર્ય ચૈતન્ય રત્નાકર, ચૈતન્ય રત્નાકર, ધ્રુવ હોં! એક સમયની પર્યાય નહિ. ભગવાનઆત્મા શુદ્ધ ધ્રુવનું અવલંબન લઈને જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા તેને પણ રત્ન કહ્યું. ત્રિરત્ન કહે છે કે નહિ? ત્રિરત્ન કહે છે કે નહિ? કોને? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર શું છે? નિર્મળ વીતરાગી પર્યાય છે. એ વીતરાગી પર્યાય ક્યાંથી આવી છે? શું રાગમાંથી આવી છે? દયા, દાનના વિકલ્પમાંથી આવી છે? શરીરમાંથી આવી છે? સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્ય રત્નાકર, ચૈતન્ય રત્નાકર ધ્રુવ ભગવાનઆત્માનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન,

જ્ઞાન, ચારિત્ર થયા તેને જ્યારે રત્નત્રય કહ્યું, પર્યાયને રત્નત્રય કહ્યું તો એવી-એવી પર્યાય, અસંખ્ય સમયમાં જ્યાં સુધી મુક્તિ ન થાય ત્યાં સુધી એક-એક સમયના ત્રિરત્ન, બીજે સમયે નવા નવા ઉત્પન્ન થાય છે. ભારે વાત! શું કહ્યું સમજાણું?

ભગવાનઆત્મા.. અરે..! આ તો હજી રત્નનું નક્કી કરવાની વાત આવી. પ્રભુ આત્મા એક સમયનો પ્રભુ શુદ્ધ ધ્રુવ, શુદ્ધભાવ ધ્રુવ, જ્ઞાયકભાવ સર્વજ્ઞે જોયા. ભગવાને શું જોયું? ભગવાને આત્માને આવો જોયો? રાગવાળો જોયો? રાગને તો આસ્રવ જોયો છે. દયા, દાનને ભગવાન આસ્રવ સ્વરૂપે જોયા છે.

**શ્રોતા :-** ભગવાને જોયું એવું..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાને જોયો એવો આત્મા છે, એમ જોવે ત્યારે સમ્યગ્દર્શન થશે. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર, જેણે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા. તો ભગવાને જ્ઞાનમાં શું જોયું? સમજાય છે કાંઈ? એક વાર કહ્યું હતું, 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ, પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ..' આ શુદ્ધ કહે છે ને? 'નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ..'

હે નાથ! હે સર્વજ્ઞપ્રભુ! ભક્ત ભગવાનની સ્તુતિ કરે છે. હે નાથ! સર્વજ્ઞ પરમેશ્વર! આપને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન વર્તે છે. એમાં બધા આત્માને આપે કેવા જોયા છે? 'પ્રભુ તુમ જાણગ રીતિ..' સર્વજ્ઞની જાણગ રીતિ, જાણવાનો પ્રકાર. 'સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ...' આ શુદ્ધભાવ. પોતાની સત્તા, હોવાપણું બધાનું. 'નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ...' હે ભગવાન! આ આત્માની નિજ સત્તાએ આપે શુદ્ધ જોઈ છે. અમારા આત્માની સત્તા-હોવાપણું આપે શુદ્ધ જોયું છે. એ પુણ્ય-પાપના ભાવ છે એમ ભગવાને જોયા જ નથી, એ તો આસ્રવમાં જોયા છે. આહાહા..!

ભગવાન અજીવતત્ત્વ જોવે છે. કર્મ, શરીરને અજીવ જોવે છે, વાણીને અજીવ જોવે છે. આ તો જડ છે, આ તો અજીવતત્ત્વમાં છે, આત્મામાં છે? આત્મા બોલે છે? સમજાય છે કાંઈ? શબ્દવર્ગણાનો અવાજ છે. શું આત્મામાં પડ્યો છે? રજકણની ખાણ પડી છે અંદર? સમજાય છે કાંઈ? એ તો શબ્દવર્ગણાની ધ્વનિ ઊઠે છે. ભગવાનની ખાણમાં ઈ છે જ નહિ. ભગવાન એટલે આ આત્મા, હોં! ભગવાન ભગવાન થઈને રહી ગયા. આ ભગવાનઆત્મામાં શું અંદર રજકણની ખાણ પડી છે? પોતાની પર્યાયમાં રજકણ પડ્યા છે? રજકણ તો ભિન્ન ચીજ છે, એમાં ધ્વનિ ઊઠે છે, આત્મા તેને કર્તા-હર્તા છે જ નહિ. સમજાય છે કાંઈ? મૂઢ જીવ અજ્ઞાની વાણીનો કર્તા માને છે. આત્મા એવો છે જ નહિ.

અહીં તો આત્મા પુણ્ય-પાપના રાગ સહિત નથી, તો વળી વાણી સહિત ક્યાંથી આવ્યો?

એ તો પહેલાં કહ્યું, એ તો ભગવાને અજીવતત્ત્વ જોયું છે. વાણીને અજીવ, શરીરને અજીવ, કર્મને અજીવ, અજીવતત્ત્વ જોયા છે. જીવતત્ત્વ છે? શુભાશુભ પરિણામને ભગવાને આસ્રવતત્ત્વ જોયા છે, એ જીવતત્ત્વ છે? નિજ સત્તા ભગવાન ચૈતન્યજ્યોત, ચૈતન્યસૂર્ય. એકલો શુદ્ધ ભાવથી ભરેલો નિજ સત્તાએ શુદ્ધ. ભગવાન શુદ્ધ ચૈતન્યતત્ત્વ જોવે છે એને અમે આત્મા કહીએ છીએ. એવા આત્મામાં પુણ્ય-પાપના આસ્રવતત્ત્વ નથી, કર્મ, શરીરનું અજીવતત્ત્વ નથી. અજીવ અને આસ્રવથી રહિત ભગવાનઆત્મા શુદ્ધ ધ્રુવની જ્યાં અંતરમાં અનુભવ જ્ઞાતા થઈને અનુભવ કરીને સમ્યગ્દર્શનમાં પ્રતીત થઈ, તો સમ્યગ્દર્શન એ સંવર, નિર્જરા તત્ત્વ થયા. ધ્રુવ તત્ત્વ એ આત્મતત્ત્વ થયું. સમ્યગ્દર્શન થયું એ સંવર, નિર્જરા તત્ત્વ થયું અને પુણ્ય-પાપ ભાવ આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વ જીવમાં નથી, તો સમ્યગ્દર્શનની પર્યાયમાં એ આસ્રવતત્ત્વ નથી. ભારે વાત, ભાઈ!

લોકોને આ મૂળ વાત છે ને, પકડમાં હતી નહિ, વસ્તુ શું છે, કઈ રીતે સમજવી, ખબર નહિ. ચાલો, અમે ભગવાનની શ્રદ્ધા કરી. ભગવાન સાચા છે. જય ભગવાન! ધૂળમાંય ધર્મ નથી થતો. સાંભળ તો ખરો. ભગવાનની શ્રદ્ધા તો રાગ છે. પરમાત્મા આવા છે એ શ્રદ્ધા તો રાગ છે. પંચ મહાવ્રતના પરિણામ રાગ છે. શાસ્ત્રનો જ્ઞાનભાવ એ રાગ છે. એ રાગ પ્રીતિ છે, જે આત્મામાં નથી. આહાહા..!

**શ્રોતા** :- પ્રીતિ-અપ્રીતિ કંઈ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વસ્તુમાં ક્યાંથી આવી પ્રીતિ-અપ્રીતિ? એ.. દેવીલાલજી! આહાહા..!

પ્રભુ કહે છે, સાંભળ તો ખરો, બાપુ! તારી વાત તો સાંભળ, ભાઈ! તેં કોઈ દિ' પ્રીતિથી તારી વાત સાંભળી નથી. એમ ને એમ ગપ્પેગપ અનાદિ કાળથી ચલાવ્યું છે. કહે છે, સાંભળ તો ખરો, નાથ! તારી ચીજ તો સચ્ચિદાનંદ પ્રભુ છે ને. શાશ્વત વસ્તુ, શાશ્વત વસ્તુ, એને અમે આત્મા કહીએ છીએ. તો એ આત્મામાં પ્રીતિ-અપ્રીતિનો રાગ ક્યાંથી આવ્યો? ભગવાન! સમજાય છે કાંઈ? અને જ્યારે દૃષ્ટિ થઈ કે ભગવાનઆત્મા શુદ્ધ ધ્રુવ છે એમ સમ્યક્ થયું, તો સમ્યક્ પર્યાયમાં પુણ્ય-પાપનો આસ્રવ ક્યાંથી આવ્યો? સમજાય છે કાંઈ? તો સમ્યગ્દૃષ્ટિ પણ પુણ્ય-પાપનો કર્તા અને પુણ્ય-પાપનો ભોક્તા છે જ નહિ. એ.. રામસ્વરૂપજી! કઠણ વાત છે. ગહન છે, ગહન પણ એ ગહન ઊંડી ચીજ છે અંદર. જેની દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયને રત્ન કહ્યું, એવી એવી... જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી આવા રત્નની... સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ પર્યાય છે, અવસ્થા છે તો એક સમય રહે છે. ધ્યાન રાખો. બીજે સમયે બીજી પર્યાય થાય છે. શું? એ નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે ધ્રુવ આત્માના અવલંબને પ્રગટ થયા તે નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એક સમયની પર્યાય છે. એ પર્યાય સાધકજીવને અસંખ્ય સમય સુધી રહે છે, પછી તરત કેવળજ્ઞાન થઈ

જાય છે. મોક્ષમાર્ગ એ પર્યાય છે. મોક્ષમાર્ગનું ફળ મોક્ષ એ પણ પર્યાય છે, એ ધ્રુવ નથી. સિદ્ધદશા, કેવળજ્ઞાનદશા એ પણ પર્યાય છે, એક સમયની દશા છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉત્પન્ન થાય છે એ તો પહેલાં કહ્યું. ઉત્પન્ન થાય છે તે પર્યાય છે, એમ કહે છે. અહીં તો ચૈતન્યરત્નાકર સિદ્ધ કરવું છે. ચૈતન્યરત્નાકર શુદ્ધભાવ. રતનલાલજી!

**શ્રોતા :-** રત્ન બતાવવું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રત્ન બતાવવું છે. એઈ..! ઝવેરી!

અહીં તો કહે છે, વ્યવહારરત્નત્રય જે કહ્યા એ વાસ્તવિક તત્ત્વ જ નથી, એ તો આસ્રવતત્ત્વ છે, એ પ્રીતિમાં ગયું. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, અગિયાર અંગનું ભણવું અને નવતત્ત્વની ભેદવાળી શ્રદ્ધા અને રાગાદિ પંચ મહાવ્રતના પરિણામ એ આસ્રવ તો પ્રીતિમાં ગયો, એ પ્રીતિ-રાગમાં ગયા. એ રાગ આત્મામાં નથી. સમજાય છે કાંઈ? આત્મામાં નથી, એવો આત્માનો અનુભવ થયો, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તો એ તો પર્યાય થઈ, દ્રવ્ય નહિ, દ્રવ્ય તો ધ્રુવ ત્રિકાળ છે. એમાં પર્યાય પ્રગટ થઈ. એ પર્યાયને રત્ન કહ્યું. એક-એકને રત્ન કહ્યું. એવી અસંખ્ય સમયની પર્યાય પ્રત્યેકને રત્ન કહ્યું. અને અસંખ્ય પર્યાય થયા પછી કેવળજ્ઞાન થાય છે, મોક્ષમાર્ગથી મોક્ષ થાય છે, એ પણ પર્યાય છે. તો આ રત્નનું ફળ કેવળજ્ઞાન રત્ન, એ કેવળજ્ઞાન પણ આત્મામાં એક સમય રહે છે. એક સમય કેવળજ્ઞાન રહે છે. કેમકે પર્યાય છે, બીજે સમયે બીજી થાય છે, ત્રીજે સમયે ત્રીજી થાય છે. એમ સાદિઅનંત-જ્યારથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું પછી અનંત કાળ રહેશે, એટલો જે સમય, એટલો કેવળજ્ઞાનનો કાળ એ રત્નત્રયનું ફળ, તો એ તો મહારત્ન થયું. એવું કેવળજ્ઞાન સાદિઅનંત અનંત પર્યાયને મહારત્ન કહ્યું, તો એ બધા મહારત્નની ખાણ આત્મા છે તેને ચૈતન્ય રત્નાકર કહ્યું. આહાહા..! સમજાણું કે નહિ? મણિભાઈ! ધૂળ-બૂળ મીઠાલાલજી પાસે ઝવેરાત છે, એ નહિ ધૂળ.

અહીં તો ભગવાન કહે છે, સાંભળ તો ખરો, પ્રભુ! તેં તારા નિધાનને કેટલું નિધાન છે તું સમજ્યો જ નથી. તારી ચીજમાં તો કેવળજ્ઞાનરૂપી સાદિઅનંત રત્ન અને સાધકના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અસંખ્ય સમયના જ હોય છે, હોં! અસંખ્ય સમય પછી એને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા વિના છૂટકો નથી. તો એવા સાદિઅનંત અને અસંખ્ય સમયના અનંત રત્ન જે થયા, એવા અનંતગુણા એક-એક આત્મામાં રત્ન પડ્યા છે. આહાહા..! અહીં તો પર્યાયને રત્ન કહ્યું પણ એ પર્યાય દ્રવ્યમાં નથી. દ્રવ્ય સામાન્ય સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધભાવ ધ્રુવ અનંત રત્નાકરનો પુંજ પડ્યો છે. ઈ કહે છે, જુઓ!

**'જે પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે...'** એનું જ્યાં સમ્યગ્દર્શનમાં ભાન થયું તો એ પણ પ્રીતિ-અપ્રીતિ રહિત પર્યાયમાં પ્રીતિ-અપ્રીતિનો જ્ઞાતા થઈ જાય છે. સમ્યગ્દષ્ટિ

પ્રીતિ-અપ્રીતિનો જ્ઞાતા થઈ જાય છે, એનો કર્તા-ભોક્તા રહેતો નથી. એક વાત. '**જે નિઃશેષપણે અંતર્મુખ...**' સર્વથા. ભગવાનઆત્મા શુદ્ધ ધ્રુવ સર્વથા અંતર્મુખ, સર્વથા અંતર્મુખ. એ પર્યાય સમ્યક્ કેવળજ્ઞાન આદિની બહિતત્ત્વ છે. કેવળજ્ઞાન પર્યાય પ્રગટ થઈ એ પણ બહિતત્ત્વ છે, અંતઃતત્ત્વ નહિ.

**શ્રોતા :-** રત્નાકરમાં એ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રત્નાકરમાં ઈ એક સમયની પર્યાય નથી, ઈ આખો પિંડ છે. આહાહા..! અરે..! કોણ હશે આમાં? એને આત્મા કેવો છે અને ક્યા પ્રકારે છે અને કઈ રીતે પ્રાપ્ત થાય છે એ રીતની ખબર નથી. સમજાય છે કાંઈ? પૂજા કરો, ભક્તિ કરો, જાત્રા કરો ને આમ કરો ને તેમ કરો. એમાં ક્યાં આત્મા આવ્યો? એ.. શેઠી! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. અનાદિની પડી છે અજ્ઞાનની. બાબુભાઈ! અનાદિનું અજ્ઞાન છે. અહીં કહે છે કે તારી ચીજ શું છે એની તને મહત્તા, મહિમા ન આવે અને તને પરિણામની મહિમા આવે છે, મૂઢ છો. મિથ્યા ભ્રમ છે તારી દૃષ્ટિમાં. ભગવાનઆત્મા અખંડાનંદ એવા પૂર્ણ અનંત રત્નનો પિંડ પડ્યો છે, તેનું તને માહાત્મ્ય આવતું નથી અને એક સમયનો વિકાર પુણ્ય આદિના પરિણામનું માહાત્મ્ય આવે છે, ભગવાનઆત્માનો અનાદર કરે છે. ભગવાન પરમાત્મા ચૈતન્યમૂર્તિનો અનાદર કરીને, અશાતના કરીને પુણ્ય પરિણામનો આદર કરે છે, મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? એઈ..! કેસરીચંદજી! ભારે વાત, ભાઈ!

હવે, સર્વથા અંતર્મુખ શબ્દ ચાલે છે. બીજો. આ તો સિદ્ધાંત છે, આ કંઈ વાર્તા-કથા નથી. સર્વથા અંતર્મુખ. શું કહે છે? ભગવાનઆત્મા સર્વથા અંતર્મુખ છે. બાહ્ય પર્યાયમાં એ અંતર્મુખ ચીજ આવતી નથી. આહાહા..! ભાઈ! તારો ભગવાન અંતર્મુખ છે. સમજાય છે કાંઈ? સર્વથા અંતર્મુખ. ભાઈ! વળી સર્વથા ક્યાંથી લાવ્યા આમાં? એઈ..! '**निःशेष**'. '**निःशेष**' પાઠ છે. '**निःशेषतोऽन्तर्मुख**'. '**निःशेष**' નામ સર્વથા પ્રકારે અંતર્મખ. વળી કથંચિત્ અંતર્મુખ અને કથંચિત્ બહિર્મુખ એમ નહિ.

**શ્રોતા :-** આમ પણ છે અને આમ પણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આમ પણ છે, તેમ પણ છે એમ નથી. કહે છે ને? લોકો કહે કે ભગવાનનો માર્ગ અનેકાંત છે. વળી આત્મા સર્વથા અંતર્મુખ છે? કથંચિત્ બહિર્મુખ છે, એમ છે નહિ ત્રણ કાળ, ત્રણ લોકમાં. ભગવાનઆત્મા શુદ્ધ ધ્રુવ સ્વરૂપ શાશ્વત પદ સર્વથા અંતર્મુખ ચીજ છે. જે બહિર્મુખમાં પર્યાય ઉત્પન્ન થાય છે, કેવળજ્ઞાન કે મોક્ષમાર્ગ, એ બહિર્તત્ત્વ છે. એ બહિર્તત્ત્વ તો બહાર પર્યાય પ્રગટ થઈ, અંતર્મુખમાં ઈ નથી. એ.. રતિભાઈ! ભારે માર્ગ, ભાઈ! આવો તે જૈનમાર્ગ હશે? સાંભળ્યું ન હોય, વાડામાં જન્મે

તોય. જન્મ્યા-મર્યા એમ ને એમ, ભાન ન મળે કાંઈ. એ.. નરસીભાઈ! આ મોટા પ્રોફેસર. લ્યો, આ પ્રોફેસર. છોડી આવી છે કે નહિ? આવશે હજી? આ બધા નવા આવ્યા છે તે... કીધું છે ને? આ અમારા મિસરીલાલજી આવ્યા છે, આ બીજા બધા ઘણાં આવ્યા છે. એક છોડીને જાતિસ્મરણ થયું છે ને? બતાવજો. હમણાં આવશે. સમજાય છે કાંઈ? સાડા ત્રણ વર્ષથી જાતિસ્મરણ થયું છે. અઢી વર્ષે થયું. છ વર્ષની છે, હમણાં આવશે. વજુભાઈ છે ને? એના દીકરાની દીકરી. ઈજનેર હતા વાંકાનેરમાં. ૮૦૦-૯૦૦નો પગાર. પાંચ-સાત વર્ષ પહેલાં છોડી દીધું.

શું કહે છે? સાંભળો! એ ચૈતન્યરત્નાકર ભગવાન અંતર્મુખ છે, સર્વથા અંતર્મુખ છે, નિઃશેષ અંતર્મુખ છે. બહિરમાં જે પર્યાય પ્રગટ થાય છે, મોક્ષમાર્ગ કે મોક્ષ, મોક્ષ, હોં! એ અંતર્મુખ તત્ત્વ નહિ. આહાહા..! આ તે કંઈ વીતરાગમાર્ગ! મોક્ષની પર્યાય બહિર્તત્ત્વ છે, પર્યાય છે, અંતઃતત્ત્વ ધ્રુવ તત્ત્વ નહિ. સમજાય છે કાંઈ? નવા માણસને હજી એવું લાગે. તદ્દન નવા હોય ને. શું કહે છે આ? દેવીલાલજી! આહાહા..! ભગવાન! એક વાર સાંભળ તો ખરો, પ્રભુ!

આત્મા અનંત ગુણની ખાણ છે, ખાણ, ખાણ. એમાંથી કેવળજ્ઞાન સાદિઅનંત નીકળે. કોઈ દિ' ખૂટે નહિ એવી ખાણ છે. એક સમયની પર્યાય, બીજા સમયની, ત્રીજા સમયની, ચોથે સમયે... એમ સાદિઅનંત. કેવળજ્ઞાન તો જ્યારથી ઉત્પન્ન થયું તો અનંત કાળ રહેશે, પણ એની એ પર્યાય નહિ. બીજી.. બીજી.. બીજી.. પર્યાય. એવી અનંતી... અનંતી... અનંતી. ભૂતકાળની જેટલી સંસારની પર્યાય છે, તેનાથી કેવળજ્ઞાનની પર્યાય અનંતગુણી છે. કેમકે ભૂતકાળ થોડો છે અને ભવિષ્યકાળ અનંતગુણો છે. એવી અનંતી અનંતી પર્યાયનો પિંડરૂપ અંદર ધ્રુવ પડ્યો છે, જે એકલો સામાન્ય ધ્રુવ, એવો ભગવાનઆત્મા અંતર્મુખ છે, અંતર્મુખ છે. અંતર્મુખ દૃષ્ટિ કરવાથી તેનો પત્તો લાગે છે. સમજાય છે કાંઈ? ચેતનજી! સાંભળ્યું પણ ન હોય. આ બધા શેઠિયા થઈને ફરે. જય ભગવાન! આવ્યા ને, બરાબર ટાણે તો આવ્યા છે.

ભાઈ! આ તો વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ જેના સમવસરણમાં અર્ધ લોકના સ્વામિ શક્રેન્દ્ર, અર્ધલોકના સ્વામિ ઈશાનેન્દ્ર એવા સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં ભગવાનની વાણીમાં ધ્વનિ નિકળ્યો છે. દિવ્યધ્વનિ નિકળી છે. ભગવાન સાક્ષાત્ બિરાજે છે. સીમંધર ભગવાન ક્યાં બિરાજે છે? આમ કહ્યું એટલે અહીં છે? અહીં છે? મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. માંગચંદજી! માંગચંદજી સામે જોવે છે કે ત્યાં હશે. મહાવિદેહ ક્ષેત્રમાં પાચસો ધનુષનો દેહ, ક્રોડ પૂર્વનું આયુષ્ય. સમવસરણમાં ભગવાન અત્યારે બિરાજે છે. જમીન ઉપર છે. સમજાય છે કાંઈ? એવા વીસ તીર્થંકર વર્તમાન બિરાજે છે. ચોવીસ તીર્થંકર તો સિદ્ધપદને પ્રાપ્ત થઈ ગયા. આ તો અરિહંતપદમાં છે. ચોવીસ તીર્થંકર જે થયા એ તો સિદ્ધપદને પ્રાપ્ત થઈ ગયા,

ણમો સિદ્ધાણં થઈ ગયા. એમને શરીર, વાણી નથી. આ તો ણમો અરિહંતાણંમાં છે. વાણી પણ છે, શરીર પણ છે. કેવળજ્ઞાની ત્રિકાળ એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે છે. (એમના) મુખમાંથી આવું આવ્યું, દિવ્યધ્વનિમાં આવ્યું, ભગવાન! તું તો સર્વથા અંતર્મુખ છો. આહાહા..! તારો પત્તો અંતર્મુખ દૃષ્ટિ કરવાથી મળશે. બહિર્મુખ પર્યાયના આશ્રયે તારો પત્તો નહિ લાગે. આહાહા..! આ વળી કેવો માર્ગ હશે આ?

'**જે નિઃશેષપણે અંતર્મુખ અને નિર્ભેદપણે પ્રકાશમાન...**' જુઓ! પ્રગટ ચૈતન્યનો સૂર્ય છે. ચૈતન્યસૂર્ય છે. ઝળહળતો ભગવાન ચૈતન્યસૂર્ય છે. ધ્રુવ સત્, ધ્રુવ સત્, ચૈતન્યસૂર્ય ત્રિકાળ પ્રકાશમાન જ્યોત ધ્રુવ છે. એને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. તેનો આશ્રય કરવાથી, અંતર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. બાકી લાખ એની ક્રિયાકાંડ ને દયા, દાન ને વ્રત કરીને મરી જાય, એનાથી સમ્યગ્દર્શન નથી થતું. એ અહીં સિદ્ધ કરવું છે. નિયમસાર છે ને. મોક્ષમાર્ગ છે. માણેકલાલજી! અહીં ક્યાં કોઈ પાસે ખરડો કરવો છે કે આ ખુશી થાય તો ખરડો કરી દે. અહીં તો મુનિ છે, નગ્ન મુનિ દિગંબર. નાગા બાદશાહથી આઘા. સમાજને સમતોલ રાખો, સમલતો રાખો નહિતર ફેરફાર થઈ જશે. સમાજ સમતોલ રહે કે ન રહે, એના ઘરે રહ્યો. માલ તો આવો છે. સમજાય છે કાંઈ?

કહે છે, સર્વથા અંતર્મુખ ભગવાન પ્રગટ પ્રકાશમાન. ચૈતન્યજ્યોત ઝળહળ સૂર્ય. ચૈતન્યનું નુર, ચૈતન્યનું પુર સ્વભાવથી ભરપુર. સમજાય છે કાંઈ? એવા ધ્રુવ ભગવાનને અહીં શુદ્ધભાવ કહે છે. એવો શુદ્ધ ધ્રુવ અંતર્મુખ દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે.

**શ્રોતા :-** સાત તત્ત્વની શ્રદ્ધાથી નથી થતું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ, સાત તત્ત્વમાં આ શ્રદ્ધા આવી. આવા આત્માની શ્રદ્ધા થઈ એમાં સાત તત્ત્વની શ્રદ્ધા આવી જાય છે. આહાહા..! તત્ત્વાર્થ શ્રદ્ધાનં (સમ્યગ્દર્શન) કહ્યું ને? આ કહ્યું. ભગવાનઆત્મા શુદ્ધ ધ્રુવની શ્રદ્ધા થઈ, જ્ઞાન થયું, શ્રદ્ધા થઈ એમાં અજીવ નથી એમ શ્રદ્ધા આવી ગઈ. એમાં સંવર, નિર્જરાની એક સમયની પર્યાય ત્રિકાળમાં નથી એમ આવી ગયું અને એક સમયની મોક્ષની પર્યાય એમાં નથી એની શ્રદ્ધા આવી ગઈ. સાતે તત્ત્વની શ્રદ્ધા આત્માની શ્રદ્ધા કરવાથી આવી જાય છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

કહે છે, '**એવા સુખનો બનેલો છે.**' લ્યો. પ્રગટ પ્રકાશમાન આનંદથી બનેલો છે. બનેલો છે એટલે નવો બન્યો છે? આનંદ, અતીન્દ્રિય આનંદનો પિંડ છે. ભગવાનઆત્મા ચૈતન્ય નુર, આનંદ પુર. આ શું હશે? ક્યાં રહેતું હશે? સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વરે જોયો એ સુખથી બનેલો છે. કોણ? આત્મા. આનંદરૂપ છે. અતીન્દ્રિય આનંદરૂપ છે. નિત્યાનંદ નાથ આત્મા છે. અહીંયાં પર્યાયની વાત નથી.

**શ્રોતા :-** પર્યાયની શ્રદ્ધાનો અભાવ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયની શ્રદ્ધા નહિ. દ્રવ્યની શ્રદ્ધા થવાથી પર્યાયની શ્રદ્ધા આવી ગઈ.

**શ્રોતા :-** પર્યાયની શ્રદ્ધાનો અભાવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયની શ્રદ્ધા નહિ. દ્રવ્યની શ્રદ્ધામાં પર્યાય છે એવી શ્રદ્ધા આવી ગઈ, પણ એમાં પર્યાય નથી.

**શ્રોતા :-** પર્યાયની શ્રદ્ધાનો અભાવ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, એમ નહિ. પર્યાયની શ્રદ્ધાનો અભાવ એમ નહિ. પર્યાયનો અભાવ. એમાં પર્યાયનો અભાવ. પણ દ્રવ્યની શ્રદ્ધા કરવાથી પર્યાય એમાં નથી એવી પર્યાયની શ્રદ્ધા ભેગી આવી જાય છે.

**શ્રોતા :-** શ્રદ્ધા કરનારી પર્યાય છે ને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, શ્રદ્ધા કરનારી પર્યાય છે. શ્રદ્ધા કરે છે એ પર્યાય છે. જરી સૂક્ષ્મ વાત છે. શ્રદ્ધા કરનારી પર્યાય છે, પણ જેની શ્રદ્ધા કરવાની છે એ દ્રવ્ય છે. આ દ્રવ્ય છે, એમાં પર્યાય નથી. એવી શ્રદ્ધા એની થઈ તો એમાં પર્યાય નથી એવી શ્રદ્ધા આવી ગઈ. પર્યાય એમાં નથી એવી શ્રદ્ધા આવી ગઈ. પર્યાય પર્યાયમાં છે. સમજાય છે કાંઈ? એક સમયનો શાશ્વત પ્રભુ, એમાં પર્યાય નથી. અંતર્મુખ થયો તો પર્યાય થઈ.

**શ્રોતા :-** એ નિર્ણય કોણે કર્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિર્ણય પર્યાયે કર્યો. શું ધ્રુવ નિર્ણય કરે છે? નિર્વિકલ્પ અનુભવ એ પર્યાય છે, મોક્ષમાર્ગ એ પર્યાય છે પણ એ પર્યાય અંતઃતત્ત્વમાં નથી. એવી જ્યાં શ્રદ્ધા થઈ તો બહિરતત્ત્વ એવી નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાય અંતર્મુખના આશ્રયે પ્રગટ થઈ. તો એ શ્રદ્ધામાં એમ આવ્યું કે અંતરમાં એ પર્યાયનો ભંગ-ભેદ નથી, પણ પર્યાય ઉત્પન્ન થઈ એવી પર્યાયની શ્રદ્ધા, દ્રવ્યની શ્રદ્ધા કરવામાં એમાં નથી એમ શ્રદ્ધા આવી ગઈ. અસ્તિની શ્રદ્ધા કરવાથી એ પર્યાય એમાં નથી, એમ શ્રદ્ધા આવી ગઈ. સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ? પર્યાય નથી એમ નહિ. પર્યાય જ ન હોય તો વસ્તુ ક્યાં રહી? પર્યાય કાર્ય છે, પર્યાય કાર્ય છે. શ્રદ્ધા-સમ્યગ્દર્શન પર્યાય છે. સમ્યગ્દર્શન પર્યાય છે, મોક્ષમાર્ગ પર્યાય છે, પણ એ પર્યાય અંતર્મુખ દૃષ્ટિ કરવાથી પર્યાય પ્રગટ થઈ તો શ્રદ્ધામાં આ આત્મા અખંડ છે, અભેદ છે, એવી શ્રદ્ધા થઈ તો આ પર્યાય એમાં નથી એવી પર્યાયની શ્રદ્ધા આવી ગઈ. પર્યાય નથી એમ નહિ, એમાં નથી એવી શ્રદ્ધા આવી ગઈ. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વિષય છે. આ શ્લોક જ પદ્મપ્રભમલધારીદેવે એવો મૂક્યો છે. કહો, ચંદુભાઈ!

શ્રદ્ધા કરનાર તો પર્યાય છે. બહિર્મુખ પર્યાય જ અંતર્મુખની શ્રદ્ધા કરે છે. ચારિત્ર છે

તે પણ પર્યાય છે, પણ ત્રિકાળ જ્ઞાયક ધ્રુવનો અંતર્મુખ આશ્રય કર્યો તો સ્થિરતા પ્રગટ થઈ, છે પર્યાય, તો એ પર્યાયની શ્રદ્ધા આમાં નથી, પણ છે એવી શ્રદ્ધા આવી ગઈ. બહિરતત્ત્વ તરીકે છે, અંતઃતત્ત્વમાં નથી એવી શ્રદ્ધા આવી ગઈ. સમજાય છે કાંઈ? એક લીટી પૂરી નથી થઈ. આપણે ક્યાં કામ છે લીટીનું. જ્ઞાનઘન, વિજ્ઞાનઘન છે. એક સમયની પર્યાય છે, દ્રવ્યમાં નથી એવો અનુભવ થઈ ગયો, કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું, ખલાસ. પછી તેને કંઈ આશ્રય લેવાનો રહ્યો નહિ. ધ્રુવનો આશ્રય લેવાથી પર્યાય પ્રગટ થાય છે. એ પર્યાય અંદર નથી પણ પ્રગટ થાય છે. દ્રવ્ય છે ને સામાન્ય? સામાન્યમાં વિશેષનો અભાવ છે અને વિશેષમાં સામાન્યનો અભાવ છે. મોક્ષ પણ પર્યાય છે. કેવળજ્ઞાન પણ વિશેષ દશા છે. વિશેષ, સામાન્ય. બહુ સૂક્ષ્મ વાત છે.

ખરેખર તો સામાન્ય જે દ્રવ્ય છે, એ વિષય આપણે પહેલાં આવી ગયો છે, એ વિશેષને સ્પર્શતું નથી. આરે.. આરે..! ભારે વાત, ભાઈ! કઠણ વાત છે. સાંભળો! ભગવાન અલિંગગ્રહણમાં કહે છે,.. વીસ બોલ લીધા છે. ૧૭૨ ગાથા, પ્રવચનસાર. આ તો દિગંબર સંતોનો સનાતન માર્ગ છે. 'જૂનો ધર્મ જો જાણી મેરે સંતો, જૂનો ધર્મ જો જાણી..' આ જૂનો, હોં! અન્યમતિ વાતું કરે, ભાન ન મળે કાંઈ. કોને કહેવો આત્મા અને કોને કહેવી પર્યાય. સમજાય છે કાંઈ? એ.. રતનલાલજી! આ તો જૂના પરિચયવાળાને આમ આમ થઈ જાય એવું છે આ. ઘણી વાર આવે છે. માણેકચંદજી!

**શ્રોતા :-** નવી-નવી રીતે વાત આવે છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત તો એની છે કે નહિ?

ભગવાન! તું કેવડો મોટો છો? તારી ખાણનો ખજાનો ભગવાને મોટો જોયો છે. ઈ પદ્મનંદિમાં લીધું છે, ભાઈ! સ્તુતિ નથી? ઋષભદેવની સ્તુતિ કરી છે. ત્યાં લીધું હતું. પહેલાં મુંબઈમાં લીધું હતું. ઋષભદેવની સ્તુતિ. (સંવત) ૨૦૧૩માં પણ લીધી હતી અને ૨૦૨૦માં પણ લીધી હતી. એમાં એમ લીધું છે, હે નાથ! આપે તો આત્માના દ્રવ્યનો ખજાનો કેટલો છે એ ખોલી નાખ્યો છે. ભગવાનનો ખજાનો ખોલવા, આ સંસારનો ખજાનો છોડીને કોણ એ ખજાનો નહિ ખોલે? ભગવાનની સ્તુતિ કરે છે. ઋષભદેવ ભગવાનની સ્તુતિ લીધી છે. પદ્મનંદિમાં. હે નાથ! આપ સર્વજ્ઞપ્રભુ આપે આત્માનો ખજાનો અનંત રત્નથી ભરેલો એવો ખજાનો આપે બતાવ્યો. એવા ખજાના આગળ કોણ એવો છે કે રાગને તુચ્છ જાણીને છોડીને અને પોતાનો ખજાનો કોણ ન ખોલે? ભગવાનઆત્મામાં એકાકાર થવું એ પોતાનો ખજાનો ખોલવાની કળા છે. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! આ ધૂળનું શરીર અને આ બધા બાયડી, છોકરા ને પૈસા-બૈસામાં સલવાઈ જાય. મારી નાખ્યા. એણે મારી નાખ્યા હશે ને? મરી ગયો. અહીં સુખ છે, અહીં સુખ છે, અહીં સુખ છે. મૂઢ! તને આત્માની ખબર નથી

એમ કહે છે.

અહીં કહે છે, જુઓ! '**સુખનો બનેલો છે,...**' એમ કહ્યું ને? શું કહ્યું? આનંદથી ભરેલો છે ભગવાન. આવા આત્માની તને શ્રદ્ધા નથી. પૈસામાં સુખ છે, સ્ત્રીમાં સુખ છે, પૈસામાં સુખ છે અમલદારમાં સુખ છે, સુંદર શરીરમાં સુખ છે. મૂઢ છો! સુખ નથી ત્યાં સુખ માને છે, મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. પુણ્ય અને પાપના ભાવમાં સુખ છે, એમ માનનારો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એના ભાવથી બંધાણા કર્મ અને કર્મથી મળી ધૂળ આ બહારની. એ.. મલૂકચંદભાઈ! એની પાસે નથી, એના છોકરા પાસે છે. હમણાં કહ્યું હતું, જુઓ, આ મલૂકચંદભાઈ કેટલું કામ કરે છે. એનો પુત્ર કરોડપતિ છે. એક કરોડ અને બીજા પુત્ર પાસે બે કરોડ. ત્રણ કરોડ છે એના પુત્ર પાસે. આ તમારી બધી સંભાળ કરે છે. આખી રાત યાદ કર્યા. ક્યારે આવે? ક્યારે આવે? હવે પેલા આવતા નથી. તારમાં એવું આવ્યું કે બપોરે આવશું. બપોરનો અર્થ શું? બપોરે આવશું. બપોરનો અર્થ શો? બાર, બે, ત્રણ, ચાર (વાગ્યા). બિચારા વાટ જોઈ જોઈને બેસે ત્યાં. એઈ.. સેઠી! અહીં કહે છે, રત્નનો ખજાનો ભગવાનઆત્મા છે.

આહા..! પ્રભુ! અહીં તો જો. તારી ચીજમાં અનંતા અનંતા આનંદના રત્ન (ભર્યા છે). સુખનો બનેલો ભગવાન છે. અતીન્દ્રિય આનંદરૂપ જ આત્મા છે. એમાં રુચિ કરવાથી આત્મામાં એવો આનંદ આવે છે. જેની રુચિ પુણ્ય-પાપના ફળમાં છે કે આ ઠીક છે, પુણ્ય-પાપના બંધનમાં છે કે ઠીક છે, પુણ્યના ભાવમાં ઠીક છે, તેને આત્માનો અનાદર છે.

**શ્રોતા :-** સુખ ક્યાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મામાં છે એમ અહીંયાં કહે છે. '**સુખનો બનેલો છે,...**' બનેલો છે, સુખનો ભંડાર જ ભગવાન છે. અતીન્દ્રિય આનંદનું નુર પુર ભરપુર. માણેકચંદજી! આ માણેક અંદરમાં પડ્યા છે, એમ કહે છે. ધૂળમાંય બહાર નથી. આહાહા..! એક-એક શબ્દ આ તો સર્વજ્ઞના સંતોના કહેલા. એમાં પણ દિગંબર મુનિ. એક-એક શબ્દમાં નિધાન ભર્યા છે. મહા સિદ્ધાંત. એમ ને એમ વાંચી જાય, લ્યો, અમે વાંચી લીધું.

**શ્રોતા :-** એક-એક શબ્દમાં અનંત આગમ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઓહો..! એક-એક શબ્દમાં અનંત આગમ! શ્રીમદ્ તો એમ કહે છે. એક-એક શબ્દમાં અનંત આગમ રહ્યા છે. જ્ઞાનીના એક શબ્દમાં અનંત આગમ રહ્યા છે એ કઈ રીતે હશે? એમ પ્રશ્ન કર્યો છે. પંડિતજી! શ્રીમદ્ છે ને? શ્રીમદ્ રાજચંદ્ર. એવો પાઠ છે, હોં! અત્યારે એ નીકળે? પાઠમાં છે, પત્રમાં છે. એક શબ્દમાં, સંતોના, જ્ઞાનીના એક શબ્દમાં અનંત આગમ છે, એ કેમ હશે? એવો પ્રશ્ન કર્યો છે. એક શબ્દમાં અનંત અનંત ન્યાય ભર્યા છે. સમજાય છે કાંઈ? આહા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ તો કહે છે. ધંધામાં કેમ કરે છે? સોમચંદભાઈ! ધંધામાં કેવો લાગે છે? ધમાધમ કરે શેઠિયાઓ, વાણિયાઓ. ધંધા-મજૂરી આખો દિ'. એઈ..! મજૂર.. મજૂર. અનુચર. અનુચર નહિ? આવ્યું કે નહિ? ક્યાં ગયું? ઈ કહ્યું હતું ને? એ શેઠિયાએ બનાવ્યું છે ને? દીપચંદજી શેઠિયા છે ને? સરદારશહેરના. ઘણી નિવૃત્તિ. બહુ આત્માર્થી. ગૃહસ્થ છે પણ કંઈ કરતાં નથી. સમજ્યાને? કેટલામું પાનું છે? શું કીધું? શેઠ. કેટલામું પાનું છે ઈ?

**શ્રોતા :-** ગુણીજનથી શરૂ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુણીજન નહિ? પંદરમું પાનું? આ આવ્યું. 'ગુણીજન સંભાળે સો હી છે શેઠ, અન્ય તો અનુચર જાણજો જી...' આ ગાયન ક્યારે બોલાયું હતું? એના દીકરાનો દીકરો ગુજરી ગયો, અઢી વર્ષનો નાનો. ગૃહસ્થ છે, આબરૂ મોટી છે. પાંત્રીસ વર્ષ પહેલાં એના મામા પાસે સાંઈઠ લાખ રૂપિયા હતા. સાંઈઠ લાખ. પાંત્રીસ વર્ષ પહેલાં એને આપતા હતા, લીધા નહિ. શું કરવા છે મારે સાંઈઠ લાખને? પાંત્રીસ વર્ષ પહેલાં સાંઈઠ લાખ. અત્યારે તો રૂપિયાની કિંમત બે આના, ત્રણ આના થઈ ગઈ. પાંત્રીસ વર્ષ પહેલાં એના મામા પાસે સાંઈઠ લાખ હતા. લે ભાઈ! શું કરું? વારસો લેનારો ઘરે આવે. હું તારા ઘરે આવ્યો. મને ભોજન આપજે. આ સાંઈઠ લાખ તારા. મામા! ભોજન દેવા હું બંધાયેલો છું, પૈસા લેવા માટે નહિ. સમજાય છે કાંઈ? એની નિવૃત્તિમાં આવું લખ્યું છે. બાર મહિને એક વાર અહીં આવે છે. આસો મહિનામાં આવે. સાત-આઠ દિવસ રહે. એના દીકરાનો દીકરો ગુજરી ગયો તો એની માતાને કહે છે, દીકરી! રડવું છે?-ના, પિતાજી! એમાં રડવાનું શું? આપ કહો એમ કરું. આ ગાયન બનાવ્યું. પહેલાં તો એમ બનાવ્યું હતું.

'ગુણીજન વંદુ શ્રી અરિહંતસી,' મડદું પડ્યું છે. ગૃહસ્થ માણસ એટલે બાયું તો આવે ને. બોલો આ. રોવાનું નહિ, આંખમાં આંસુ નહિ. 'ગુણીજન વંદુ શ્રી અરિહંતસી, પાઉં તો શાંતિ જીવમાં જી.. મારા જ્ઞાન.' સ્ત્રી રડે છે ને? મારા પેટ, બોલીને રડે ને? મરતા મારો દીકરો.. એમ રોવે. એટલે મારા જ્ઞાન કહ્યું. મારું જ્ઞાન. મારા પેટ. પેટ-ફેટ કે દિ' હતા? સાંભળને! મારું તો જ્ઞાન છે. અંદર ચિદાનંદ છે એ તારો છે. મારા જ્ઞાન, જોડી દીધું. માણેકચંદજી! સમજાય છે કાંઈ? 'પાઉ તો શાંતિ જીવમેં જી, મારા જ્ઞાન..' મોટું છે. પાનું-૧૩ છે. સોળમી લીટી.

'ગુણીજન સંભાળે સો હી હૈ શેઠ'. ભગવાનઆત્મા અનંત આનંદકંદને સંભાળે એ શેઠ છે. 'અન્ય તો અનુચર જાણજો જી.. મારા જ્ઞાન.' સમજાય છે કાંઈ? પૂનમચંદજી! ભાઈ! તારો તો જ્ઞાનાનંદ પ્રભુ છે. બાયડી, છોકરા કે દિ' મરી ગયા ને કે દિ' હતા તારા ઘરમાં?

સમજાય છે કાંઈ? 'ગુણીજન દુ:ખ સુખ કરે જે વિવાદ, આતમસુખ જીતિયો જી..' જુઓ! આ સુખ આવ્યું. ભગવાનઆત્મામાં આનંદ છે. ભગવાન! તારો આનંદ ક્યાંય બહારમાં નથી. એવું મોટું ગાયન છે. રાખજો. આવ્યા છે તો પછી. ગાયનનો શોખ છે એને. આ તો એ વખતે યાદ આવ્યું. સમજાય છે કાંઈ? કેટલા વાગ્યા? આહાહા..!

**'સુખનો બનેલો છે,...'** વાહ પ્રભુ! છે? આનંદનો બનેલો છો ને પ્રભુ તું તો. તારામાં આનંદ પરિપૂર્ણ ઠસોઠસ ભર્યો છે. લબાલબ, જેમ સરોવર પાણીથી લબાલબ ભર્યું હોય ને, એમ આનંદથી લાબલબ ભર્યો છે. જેટલો આનંદ કાઢ એટલો આનંદ તારામાં ભર્યો છે કે કોઈ દિ' ખૂટશે નહિ. આહા..! આવો ભગવાન શાશ્વત પ્રભુ, એની તું રુચિ કર. એમ છેલ્લે કહેશે. એ આત્મામાં તું રુચિ કેમ નથી કરતો? અરે.. ભગવાન! આવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી? અને તારી રુચિ શરીરમાં, વાણીમાં, ધૂળમાં ને બહુ તો દયા, દાનના પરિણામમાં રુચિ છે, તો તું મિથ્યાદૃષ્ટિ છો. સમજાય છે કાંઈ? આવો ભગવાનઆત્મા, એની રુચિ કેમ કરતો નથી? વિશેષ છે. થઈ ગયો વખત, ચાલો.

(**શ્રોતા :** પ્રમાણ વચન ગુરુદેવ!)

**સમયસારના નિર્જરા અધિકારમાં કહ્યું છે : કોઈ જીવો તો અતિ દુષ્કર અને મોક્ષથી પરાઙ્મુખ એવા કર્મો વડે સ્વયમેવ ક્લેશ પામે તો પામો અને બીજા કોઈ જીવો મહાવ્રત ને તપના ભારથી ઘણા વખત સુધી ભગ્ન થયા થકા (-તૂટી મરતાં થકી) ક્લેશ પામો તો પામો... શું ક્લેશને કારણ બનાવીને આત્માનું સમ્યગ્દર્શન થાય? આહા! સર્વજ્ઞ વીતરાગના કેડાયત એવા દિગંબર સંતોનું આવું સ્પષ્ટ કથન છે; તેમના અનુયાયી સમકિતી પણ એમ જ કહે છે. ભાઈ! તું ધીરો થઈને સમ્યગ્જ્ઞાનની તીક્ષ્ણ બુદ્ધિથી, અંદર જે ધ્રુવ જ્ઞાયકતત્ત્વ પડ્યું છે તેને પકડ. ઉપયોગને પરમાં, રાગમાં ને પર્યાયમાં જકડી રાખ્યો છે એ તો મિથ્યાત્વ છે. ઉપયોગને ત્યાંથી છોડી, જરી સૂક્ષ્મ કરી અંદર અતીન્દ્રિય આનંદકંદ જ્ઞાયકને પકડી લે. આહા! આવો માર્ગ દિગંબર સંતો સિવાય બીજે ક્યાંય છે? ૯૭૫.**

**- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી અષ્ટપાહુડ, ગાથા-૬
## પ્રવચન નં.૨૭, તા.૫-૭-૧૯૭૦
## (૧૦)

**'ઈસપ્રકાર જિતની સંસાર કી અવસ્થા ઔર યહ મુક્ત અવસ્થા ઈસપ્રકાર ભેદરૂપ આત્માકા નિરૂપણ હૈ વહ ભી વ્યવહાર નયકા વિષય હૈ, ઈસકો અધ્યાત્મ શાસ્ત્રમેં અભૂતાર્થ-અસત્યાર્થ નામસે કહકર વર્ણન કિયા હૈ, ક્યોંકિ શુદ્ધ આત્મામેં સંયોગજનિત અવસ્થા હો સો તો અસત્યાર્થ હી હૈ,...'** શું કહે છે જુઓ હવે. આ આત્મા છે ને? તીર્થંકર ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર, એમણે ત્રણ કાળ જોયા, ત્રણ કાળનું જ્ઞાન થયું એમાં આ દરેક દેહમાં રહેલો આત્મા દેહથી તો ભિન્ન છે. આ તો જડ છે, માટી છે. એવો જે અંદર આત્મા એ ત્રિકાળ જે એની વસ્તુ છે અવિનાશી ધ્રુવતા એ તો નિશ્ચયનો વિષય અને નિશ્ચય વસ્તુ છે. ત્રિકાળ અવિનાશી આનંદ, જ્ઞાન, શાંતિ આદિ અનંત ગુણરૂપ ધ્રુવ એમાં મોક્ષ અને સંસાર, બે અવસ્થાઓ પણ જેમાં નથી.

આત્મા વસ્તુ છે ને? પરમેશ્વર થયા એ તો પર્યાય થઈ. સર્વજ્ઞ થયા એ સર્વજ્ઞ એટલે ત્રણ કાળનું જ્ઞાન થયું એ તો નવું થયું અને સંસાર જે વિકારી દશા હતી એનો નાશ થયો, પણ એ તો ક્ષણિક અવસ્થા હતી એનો નાશ થયો અને ક્ષણિક અવસ્થા નવી પ્રગટી. કેવળજ્ઞાન પણ એક સમયની અવસ્થાવાળું તત્ત્વ છે. એ બે રહિત એકલી ચીજ ધ્રુવસ્વરૂપ છે એને અધ્યાત્મશાસ્ત્રમાં સત્યાર્થ કહીને, પર્યાયને અસત્યાર્થ એટલે વ્યવહારનો વિષય તે અસત્યાર્થ છે, ત્રિકાળમાં નથી, તે આશ્રય કરવા લાયક નથી, માટે તેને જૂઠો કહ્યો છે પર્યાય ભાગને. સમજાણું કાંઈ?

આત્માના આત્મામાં બે ભાગ. પરની અપેક્ષાએ નહિ. આ શરીર, વાણી, મન તો અજીવ જડ માટી છે. એ તો આત્મામાં છે નહિ. આત્મામાં બે અંશ છે. એક ત્રિકાળી અને એક વર્તમાન અવસ્થા-દશા-હાલત-પર્યાય એ બધા એકાર્થ શબ્દ છે. વર્તમાન હાલત. જેમકે સોનું છે, સોનું. એ ત્રિકાળી સોનું પીળાશ, ચીકાશ ધ્રુવતાવાળું તત્ત્વ આખું એ સોનું (છે). હવે એમાં જે કડા, કુંડળ, વીંટી આદિ દશાઓ થાય એ તો અવસ્થા છે. અવસ્થા તો એક સમય રહે. વસ્તુ છે એ તો ત્રિકાળ રહે છે.

અહીં કહે છે કે ત્રિકાળ વસ્તુ જે રહે છે એ જ ખરો ભાવ અને એ જ સાચો ભાવ

છે. એવી દૃષ્ટિ કરાવવા (એમ કહ્યું છે). કારણ કે ત્રિકાળી જ્ઞાયક ભગવાન શુદ્ધ ચિદાનંદમૂર્તિ છે. એવી દૃષ્ટિમાં એ વર્તમાન પર્યાય સંસાર કે મોક્ષ, બેય એમાં નથી. અવસ્થા તો નવી થાય. મોક્ષની તો નવી અવસ્થા (થાય છે). સિદ્ધ થાય, સિદ્ધ થાય એ તો નવી અવસ્થા થાય. સિદ્ધ અવસ્થા અનાદિની હતી? એમ સંસાર અવસ્થા જે અનાદિની છે, વિકાર, વિકાર, એ પણ અનાદિની હોવા છતાં ક્ષણ-ક્ષણની નવી-નવી હતી અને એ અવસ્થાનો નાશ થાય છે, મોક્ષનો ઉત્પાદ (થાય છે). એટલે ઉત્પાદ-વ્યયની અવસ્થાને વ્યવહાર કહી. ભાઈ! આહાહા..!

ભગવાનનો માર્ગ કેવળજ્ઞાની તીર્થંકરદેવ, પરમેશ્વર જેને વીતરાગતા (પ્રગટી) એ તીર્થંકર એમ કહે, ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્. એ તો 'તત્ત્વાર્થ સૂત્ર'નું સૂત્ર છે. કહે છે, આત્મામાં અનંત કાળથી જે શુદ્ધતા, સત્તા, આનંદ ને ધ્રુવતા પડી છે એ વસ્તુ છે તે ખરી અને યથાર્થ છે. હવે એની દશામાં-હાલતમાં-આ દુઃખની દશા સંસારની (છે). રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ તે હું, એવો ભાવ તે સંસાર છે. એની દશામાં એનો એક ભેખ છે આત્માનો. એ સંસારનો નાશ થાય છે અને આત્માના અવલંબે મોક્ષની નિર્મળ દશા પ્રગટ થાય છે. નહોતી ને થઈ, હતી ને ગઈ. ઝીણું લોજીક છે તમારા ડૉક્ટર-બાક્ટર કરતાં તો, વીતરાગનું છે. આહાહા..! સમજાણું કાંઈ? ઈ .. કંઈ સમજાય નહિ. આપણે વેપારી છીએ, લ્યો. આપણું અત્યારે કામ નહિ. તો ક્યારે કામ છે? સાચું સમજવાનું કામ અત્યારે નહિ તો ક્યારે ? હમણાં નહિ? સમજાણું કાંઈ?

પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહ્યું કે વસ્તુ જે ત્રિકાળ છે, છે.. છે.. છે.. છે અનાદિની છે અને અનંત કાળ રહેશે. એ વસ્તુને ભાવ, સત્યાર્થ, ભૂતાર્થ, સત્ય સાહેબ, સત્ય સ્વરૂપ કહ્યું છે અને એની દશામાં વિકાર છે એ ક્ષણિક અવસ્થા છે. એનો સ્વભાવનો આશ્રય લઈ, એ દશા-અવસ્થા છે એ નાશ થઈ જાય છે અને સ્વભાવના આશ્રયથી એને નવી સાધકદશા અને સાધ્ય કેવળજ્ઞાન દશા પ્રગટ થાય છે. એથી એ સાધક દશા-ધર્મની, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એને પણ અહીંયા ત્રિકાળની અપેક્ષાએ વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ખરેખર વ્યવહાર તો પરને કહેવાય, સ્વને વ્યવહાર ન કહેવાય. સ્વ તે નિશ્ચય છે અને પર તે વ્યવહાર છે. અહીંયાં પ્રયોજન સિદ્ધ કરવા ત્રિકાળી જ્ઞાયકભાવ જ તે સત્ છે. એનો આશ્રય કરે તો એને સાચી દૃષ્ટિ થઈ અને સાચી મોક્ષદશા પ્રગટ થાય. એ કારણે ત્રિકાળી દ્રવ્યને સાચું છે એમ કહ્યું અને આ પર્યાય છે તે જૂઠી છે, તે ત્રિકાળમાં નથી અને એનો આશ્રય કરવા લાયક નથી. આવું બધું સમજવું પડતું હશે આ? કહો, સમજાણું આમાં?

કહે છે એ ભેદરૂપ આત્માને કહે એ તો વ્યવહારનયનો વિષય છે. એને અધ્યાત્મશાસ્ત્રમાં જૂઠું છે એમ કહીને વર્ણન કર્યું છે. મોક્ષની દશા જૂઠી છે. કઈ અપેક્ષાએ?-દ્રવ્યદૃષ્ટિ, વસ્તુમાં

નથી એ અપેક્ષાએ. વર્તમાન અવસ્થાની પર્યાયદૃષ્ટિએ તો છે. સમજાણું કાંઈ? ભારે વાત. આવું ઝીણું. ભગવાનનો માર્ગ જ ઝીણો છે. લોકો બહારથી માનીને બેઠા છે. પત્તો ખાતો નથી. ચૈતન્યના ઊંડા પાતાળ કૂવામાં એમાં શું છે? અને એની બહારની પ્રગટ દશામાં શું છે? સમજાણું કાંઈ?

ભગવાન પૂર્ણાનંદનો નાથ એને નિશ્ચય કહીએ, કહે છે. ત્યારે આ મોક્ષ ને સંસારની દશાઓ છે, અવસ્થાઓ છે, પર્યાય છે, ભેદરૂપ છે માટે ત્રિકાળની અપેક્ષાએ તેને વ્યવહાર કહી, એમાં નથી, પર છે, જૂઠું છે એમ કહેવામાં આવ્યું છે. ભારે. '**ક્યોંકિ શુદ્ધ આત્મામેં સંયોગજનિત અવસ્થા હો સો તો અસત્યાર્થ હી હૈ,...**' એ ચાહે તો વિકારી ભાવ હો કે વિકારનો અભાવ થઈને થાઓ. એય..!

આનંદમૂર્તિ દ્રવ્ય સ્વભાવ વસ્તુ છે એ તો શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ (છે). 'આત્મસિદ્ધિ'માં આવ્યું છે. તમને આપ્યું છે ને 'આત્મસિદ્ધિ'? એમાં શ્લોક આવશે. 'શ્રીમદ્ રાજચંદ્ર'. બહુ સરસ. સમજાણું કાંઈ? અંદર આત્મા શુદ્ધ-પવિત્ર, બુદ્ધ-જ્ઞાનની મૂર્તિ. શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન-અસંખ્ય પ્રદેશનો પિંડ આત્મા છે. સ્વયં જ્યોતિ-પોતે સ્વયં જ્યોતિ (છે). પોતાના પ્રકાશ માટે પરની જરૂર નથી. પોતે સ્વયં જ્યોતિ સ્વરૂપ છે. અને આનંદનું ધામ-સુખધામ (છે). એવો જે ત્રિકાળી સ્વભાવ એ તો ખરો સત્ય ત્રિકાળી રહેનારું માટે એને સત્ય કહેવામાં આવે છે અને એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન અને ધર્મ થાય છે. માટે, પ્રયોજન સિદ્ધ થવા દ્રવ્ય તે સાચું અને પર્યાય તે ખોટી એમ કહેવામાં આવ્યું છે.

'**કુછ શુદ્ધ વસ્તુકા તો યહ સ્વભાવ નહીં હૈ ઈસલિયે અસત્ય હી હૈ.**' ત્રિકાળી વસ્તુનો તે સ્વભાવ નથી. ધ્રુવ સ્વરૂપ છે એ તો મોક્ષની અવસ્થા અને સંસાર અવસ્થા એનો સ્વભાવ નથી. ભારે ઝીણું આમાં. કહો, સમજાય છે કાંઈ? અંદર વસ્તુ છે, કહે છે. પ્રભુ મોટો ભગવાન પૂર્ણાનંદનો નાથ ધ્રુવ, એને સાચું કહ્યું. ત્યારે પર્યાયોને-મોક્ષની પર્યાયને પણ સદ્ભૂત વ્યવહારનયનો ભેદ અંશ છે, ભેદનો અંશ છે એ ત્રિકાળની અપેક્ષાએ જૂઠો (છે). પર્યાયની અપેક્ષાએ સત્ય છે. સમજાણું કાંઈ ? '**જો નિમિત્તસે અવસ્થા હુઈ વહ ભી આત્માહીકા પરિણામ હૈ,...**' એ સંસારના પરિણામ અને સિદ્ધની પર્યાય, પર્યાય કહો કે પરિણામ કહો, એ અવસ્થાથી જુઓ તો જીવના પરિણામ છે, એ કંઈ પરના નથી. વ્યવહાર કીધો માટે એ પર છે એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**આત્માકા પરિણામ હૈ વહ આત્માહી મેં હૈ,...**' ભગવાનઆત્મા નિત્ય પ્રભુ અવિનાશી વસ્તુ છે. એનામાં આવી નાશવાન પર્યાય પણ એના પરિણામ, એની પર્યાય છે, કહે છે. ભલે સંસાર દશા નાશ થાય અને મોક્ષ દશા ઉત્પન્ન થાય, એમ હોવા છતાં ત્રિકાળની અપેક્ષાએ

સત્ય નહિ, પણ પર્યાયની અપેક્ષાએ સત્ય છે. પરિણામ એના છે. સમજાણું કાંઈ? 'દેવજીભાઈ'! આવું ઝીણું છે. 'અષ્ટપાહુડ' છે તમારે ત્યાં? પુસ્તક જ નથી? હવે કાંઈ ભેટ મળતા નથી. છપાવ્યા છે ને ભાઈ તરફથી? 'પાટણી' તરફથી. 'અષ્ટપાહુડ' 'પાટણી' તરફથી છે. કેટલા વખત પહેલાં? ઈ ઈ છે ને? તમારી પાસે ક્યાંથી આવ્યું?

**શ્રોતા :-** ૧૯૫૦નું છે. વીસ વર્ષ થઈ ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઓહો..! આ 'પાટણી'નું છે. ભાઈ પાસે, 'અશોકભાઈ' પાસે. ઈ અક્ષરે અક્ષર છે. 'પાટણી'નું જે ઈ અક્ષરે અક્ષર છે.

કહે છે, આ તો શાંતિથી સમજવાની વાત છે. આ કોઈ વાર્તા, કથા નથી કે ઝટ ઝટ (પૂરી થઈ જાય). પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા.. સમજાણું કાંઈ? એણે આ એક આત્મામાં બે અંશ જોયા. એક ત્રિકાળી અંશ અને એક વર્તમાન ક્ષણિક અવસ્થાનો-દશાનો અંશ. એમાં દશાના અંશને અસત્ય કેમ કહ્યું?-કે ત્રિકાળીમાં નથી માટે. એની અવસ્થાદૃષ્ટિથી અવસ્થાથી તો અવસ્થા છે. **'ઈસલિયે કથંચિત્ ઈસકો સત્ય ભી કહતે હૈં,...'** કેમકે પરિણામ એના છે. સિદ્ધ પણ પરિણામ છે. સિદ્ધ કંઈ પરિણામી-ત્રિકાળી ચીજ નથી. આહાહા..!

**શ્રોતા :-** ત્રિકાળી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરિણામ ન હોય? પરિણામ ન હોય તો પર્યાય નથી, પર્યાય નથી તો એ સામાન્ય છે એને જાણનાર કોણ? કંઈ સામાન્ય જાણે નહિ. જાણનાર તો પર્યાય છે.

**શ્રોતા :-** ત્રિકાળ તો અપરિણામી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અપરિણામી છે. અપરિણામીનો અર્થ આ પર્યાયરૂપે ઈ થયું નથી. ત્રિકાળી ધ્રુવ છે એ પર્યાયમાં આવ્યું નથી, માટે અપરિણામી (છે). સોનું છે, પીળાશ, વજન ને ચીકાશનું સત્ત્વ. આખું તત્ત્વ છે એ... વીંટી થઈ, વીંટી. એ વીંટીની દશામાં આખું સોનું આવી ગયું છે? આખું સોનું આવી જાય તો વીંટીની અવસ્થા બદલાય તો આખા સોનાનો નાશ થઈ જાય. સમજાણું કાંઈ ? એમ ભગવાનઆત્મા અવિનાશી અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ, એક સમયની મોક્ષની દશામાં પણ આવતો નથી. ખરેખર તો એ ધ્રુવ છે ઈ પરિણમતો નથી, પર્યાય પરિણમે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પાછું ફરી ગયું. ધ્રુવ પરિણામી... પર્યાય પરિણમે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરિણામી છે એનો અર્થ શું થયો? પરિણામી-પરિણામ સ્વભાવ છે એનો. પરિણમે છે એમ નહિ. પરિણામ, એનો પરિણામ એટલે સહજ સ્વભાવ એનો છે એમ ત્યાં કહેવું છે, પરિણમે છે એમ નહિ. પરિણામીક ભાવ છે એટલે વસ્તુ પરિણામિક ભાવે (છે). પાંચ ભાવ છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ એ પર્યાય છે. આ પારિણમિક ભાવે

છે એટલે? સહજ ભાવે છે માટે પારિણામિક ભાવે કહ્યું, પણ પરિણમતું નથી, માટે તેને અપરિણામી કહેવામાં આવે છે. એય..! 'શેઠી'! આહાહા..! સમજાણું કાંઈ? પરિણામિક ભાવ જુદી વસ્તુ છે અને પરિણમવું એ જુદી વસ્તુ છે. પરમપરિણામિક, વસ્તુ જે છે એ તો પરમપરિણામિક સહજ વસ્તુ આનંદકંદ (છે). એ પરિણમતી નથી, બદલતી નથી. બદલે છે તે પર્યાયમાં બદલવું થાય છે, પણ વ્યવહારથી એમ કહેવાય કે એ પોતે પરિણમે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? 'મોહનભાઈ'! બફમ્ જેવું પેલું છ કાયની દયા પાળવી, ભગવાનની ભક્તિ કરવી એ સમજાય. ચાલ્યો જાય જિંદગી પૂરી થઈને. ભવ ચાલ્યા જશે, બાપા!

ચૈતન્યતત્ત્વ કોણ છે? એની દશા શું છે ? એની દશાની સ્થિતિ કેટલી? અને ત્રિકાળીની સ્થિતિ કેટલી? બેની સ્થિતિનું માપ લીધા વિના એ ત્રિકાળી દ્રવ્યનો આશ્રય નહિ કરી શકે. સમજાણું કાંઈ? આશ્રય તો નિમિત્તનો પણ કરવો નથી, રાગનો પણ કરવો નથી. આ કેવળજ્ઞાન તો નથી પણ કોઈના કેવળજ્ઞાન માટેનો આશ્રય કરવો એમ પણ નથી. સમજાણું કાંઈ? જેને સમ્યગ્દર્શન ધર્મની પહેલી પગથિયાની શ્રેણી (કહીએ) એ તો ધ્રુવ.. ધ્રુવ (છે). એ પોતે કરે છે નિર્ણય ધ્રુવનો, ધ્રુવનો, પણ એ ધ્રુવ નથી. નિર્ણય કરે છે પર્યાય, પણ નિર્ણય કરે છે ધ્રુવનો. અરે..! ભારે વાત. '...ભાઈ'! આવું તો 'જયચંદ્ર' પંડિતે નાખ્યું છે, તમારા ગામના ગૃહસ્થ પંડિતે.

એ પરિણામ તો આત્માના છે. કોણ? સિદ્ધના પરિણામ. સિદ્ધ પણ પર્યાય છે. પર્યાય એટલે પરિણામ છે. ધ્રુવ છે તે પરિણામ નહિ, ધ્રુવ તો ત્રિકાળી વસ્તુ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એને સત્ય પણ કહીએ. કોને? સંસારપર્યાય પર્યાયદષ્ટિએ છે. મોક્ષપર્યાય પર્યાયષ્ટિએ છે. એ અપેક્ષાએ સત્ય છે. છે, એમ એને સત્ય પણ એ અપેક્ષાએ કહેવાય. **'પરંતુ જબ તક ભેદજ્ઞાન નહીં હોતા હૈ તબ તક હી યહ દષ્ટિ હૈ,...'** અભેદ દૃષ્ટિ થઈ નથી ત્યાં સુધી એને જાણે કે આ છે.. છે. અભેદ દૃષ્ટિ થયા પછી મારા દ્રવ્યમાં એ પર્યાય નથી, પર્યાય પર્યાયમાં છે એમ જાણે. સમજાણું કાંઈ? '..' આવું વસ્તુનું સ્વરૂપ લોકોને (ખબર નથી). આહા..! પોતે એવો છે અંદર. આહાહા..! ખબર ન મળે. આ તો બધા હાડકા, ચામડા તો જડ માટી છે. આ તો કોથળો છે. માલ છે એ તો બીજો છે અંદર.

ઈ ચૈતન્ય માલ છે અંદર, ભગવાન! ઈ ભગવાનસ્વરૂપ જ છે. જ્યારે સિદ્ધપદ થાય, પરમાત્મા થાય એ પરમાત્માની દશા ક્યાંથી આવી? એ વસ્તુમાં છે એમાંથી આવે છે, કાંઈ બહારથી આવે નહિ. પણ એ બધો શક્તિનો આખો સમૂહ જે પિંડ છે એ પરિણામિક ભાવે એટલે સહજ સ્વભાવે વસ્તુ છે. કોઈ એનો કર્તા નથી, વસ્તુ છે એમાં ઉણપ આવતી નથી, એમાં ઘટવધ થતી નથી, ઘટવધ થતી નથી. એની દશા છે. હાલતમાં વિકાર ઘટે, વધે એવું

વિકાર પર્યાયમાં થાય અને નિર્મળ પર્યાય ઓછી થાય, વધે કે પૂર્ણ થાય એ બધું પર્યાય અવસ્થામાં થાય, વસ્તુમાં વધઘટ નથી. આહાહા..! તત્ત્વની ખબર ન મળે માણસને, પરમેશ્વરે શું કહ્યું છે? સમજાણું કાંઈ? પરમેશ્વરે કહ્યું છે એ તો વસ્તુનું સ્વરૂપ છે એવું જાણીને કહ્યું છે. એ કંઈ કર્યું છે ભગવાને? ભગવાન કંઈ જીવના કર્તા છે? કોઈ તત્ત્વના? સમજાણું કાંઈ?

કહે છે, '**ભેદજ્ઞાન હોનેપર જૈસે હૈ વૈસે હી...**' એટલે? કે જ્યાં ભેદજ્ઞાન રાગથી અને પર્યાયથી પણ ભિન્ન જ્યાં વસ્તુને જાણી, ત્યારે વસ્તુમાં પર્યાય નથી પણ પર્યાયમાં છે એમ જાણે. બસ! સમજાણું કાંઈ? ન સમજાણું? આ દ્રવ્યદષ્ટિ થાય ત્યારે (આમ જણાય), ભેદજ્ઞાનનો અર્થ એમ કીધો છે. પર્યાયથી ભિન્ન જ્યાં દ્રવ્યનો નિર્ણય કર્યો ત્યારે દ્રવ્યમાં પર્યાય નથી, પર્યાયમાં પર્યાય છે એમ જાણ્યું. પર્યાયદષ્ટિએ પર્યાય પર્યાયમાં છે, દ્રવ્યદષ્ટિએ દ્રવ્યમાં પર્યાય નથી. બસ! સમજાણું કાંઈ? સત્યાર્થ કીધું ને? પહેલું કીધું ને? પરિણામ સત્ કીધા. ક્યાં સુધી? કે રાગ પણ સત્ય છે. ક્યાં સુધી? રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન કર્યું નથી ત્યાં સુધી. પછી તો રાગ પણ અસત્ય છે અને પર્યાય પણ ત્રિકાળને માટે અસત્ય છે, પણ નિર્મળ થઈ એ અપેક્ષાએ પર્યાયમાં સત્ય છે. અને વિકાર તો સત્ય હતો નહિ એમ જાણે એનું નામ ભેદજ્ઞાન જાણ્યા પછી જેમ છે તેમ જાણ્યું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વિષય એવો આવ્યો. વસ્તુ એવી છે, પણ શું થાય? અભ્યાસ જ આખો લોકોનો (રહ્યો નહિ).

આમ દ્રવ્ય અને પર્યાય. દ્રવ્યમાં ગુણ આવી ગયા. ગુણનો ભેદ કરવો એ કહે છે કે ન્યાં ક્યાં ગુણ જુદો પડે છે? ભેદ પડવો તો વિકલ્પ છે, રાગ છે, માટે વ્યવહાર છે. ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ છે એ તો. એવી ચીજને દષ્ટિમાં લેતાં સમ્યગ્દર્શન થાય. તે દષ્ટિના વિષયમાં સંસારપર્યાય કે મોક્ષપર્યાય ગઈ નથી; પણ સંસારપર્યાય કથંચિત્ પર્યાયદષ્ટિએ સત્ય છે, એમ ભેદજ્ઞાન ન થાય ત્યાં સુધી જાણવું. ભેદજ્ઞાન થયા પછી એ રાગની પર્યાય પણ અસત્ય છે, વસ્તુમાં નથી. સિદ્ધની પર્યાય પર્યાયદષ્ટિએ છે. એટલું એણે જાણવું. એ.. 'વજુભાઈ'!

એમ કહે છે, સંસારદશા વિકારીદશા અને નિર્વિકારી દશા એ વસ્તુની અપેક્ષાએ નથી પણ પર્યાયની અપેક્ષાએ કથંચિત્ પર્યાયદષ્ટિ સત્ય (છે). કથંચિત્ પર્યાયદષ્ટિએ સત્ય. પણ એ સંસારનો પર્યાય છે એમ જે કીધો અને સત્ય છે એને ક્યાં સુધી છે એમ માન્યું? કે ભેદજ્ઞાન નથી ત્યાં સુધી. રાગથી જ્યાં ભિન્ન પડ્યો અને જ્યાં સમ્યક્ ચૈતન્યનું ભાન થયું તો રાગ સત્ય નથી, પણ પરિણામ સિદ્ધના અને કેવળજ્ઞાનના છે એ સત્ય છે, પર્યાયષ્ટિએ તે સત્ય છે. પર્યાયદષ્ટિએ પેલું હતું એ પણ ખરેખર દ્રવ્યના સ્વભાવમાં નથી. મારા સ્વભાવમાં નથી એમ ભેદજ્ઞાની જાણે. ભિન્ન છે એમ જાણે. અને અભેદ પર્યાયને મારી પર્યાય નિર્મળ

છે એમ ઈ જાણે. સમજાણું કાંઈ? અરે..! ભારે ભાઈ!

**શ્રોતા :-** ક્ષાયિક સમ્યગ્દર્શન થાય એને સત્ય જાણવું કે અસત્ય જાણવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્ષાયિક કહો કે સમકિત ગમે તે હોય નહિ. ક્ષાયિક સમકિત ઈ પર્યાય છે એ પર્યાયદૃષ્ટિએ સત્ય છે, પર્યાયદૃષ્ટિએ, દ્રવ્યદૃષ્ટિએ સત્ય નથી; પણ વિકાર તો પર્યાયદૃષ્ટિએ સત્ય છે. એ ક્યાં સુધી? એના પરિણામ છે માટે. ક્યાં સુધી? કે ભેદજ્ઞાન થયું નથી ત્યાં સુધી. ભારે વિષય આવ્યો, ભાઈ! એ.. 'દાસ'! સમજાણું કે નહિ? એ.. 'જયંતિભાઈ'! રવિવારે આવું આવે છે. આહા..હા...! થોડો અભ્યાસ કરવો પડે, ભાઈ!

ભેદજ્ઞાનના કાળમાં જે કથંચિત્ વિકારના પરિણામ પર્યાયષ્ટિએ સત્ય કહ્યા હતા એ મારામાં તો નથી હવે. સમજાણું? જુદાં છે એમ એને જાણે અને નિર્મળ પર્યાય છે એ મારામાં છે એમ પર્યાયષ્ટિએ જાણે, એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! કહો. ભગવાનઆત્મા એવો છે, ભાઈ! કારણ કે ભેદજ્ઞાન થયા પછી રાગ છે એ મારી પર્યાયમાં છે એમ નથી, એ તો ભિન્ન જાણે છે, એને ભિન્ન જાણે છે.

**શ્રોતા :-** આગમમાં તો એની પોતાની પર્યાય (કહી છે).

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આગમમાં ભલે (કહ્યું હોય), અહીં અધ્યાત્મની વાત લીધી છે. અધ્યાત્મની વાત ચાલે છે ને અત્યારે? અધ્યાત્મ શાસ્ત્રની શૈલી ચાલે છે. આગમની અપેક્ષાએ પર્યાય એનામાં છે એમ નિશ્ચયથી છે. એ તો સાચી નય. એ ન્યાયે દ્રવ્ય પણ નિશ્ચય છે અને પર્યાય પણ નિશ્ચય છે, એ જુદી વાત છે. એ તો આગમદૃષ્ટિ થઈ. આગમ પ્રમાણે (ભલે પણ), અધ્યાત્મ પ્રમાણે જાણે તો એ સાચું કહેવાય. એ આવ્યું છે ને? આગમપ્રમાણે જીવાદિ જાણે પણ અધ્યાત્મ પ્રમાણે જેમાં વીતરાગતા થવાની છે એ શાસ્ત્રને ન જાણે, એ ભાવને ન જાણે તો બધું એનું આગમજ્ઞાન પણ ખોટું (છે). થોડું-થોડું સમજવું. ખ્યાલમાં રાખવું (કે) કાંઈક છે, આમાં કાંઈક છે. એને શું ખબર છે?

ધર્મને જેણે સમજવો હોય તો સમજવાના આવા પ્રકાર છે, વીતરાગમાર્ગના છે, એ બીજે હોઈ શકે નહિ. સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર સિવાય આવી વાત, આવું સ્વરૂપ, વ્યવહાર ને કથંચિત્ સત્ય ને અસત્ય ને... અલૌકિક વસ્તુ છે. સમજાણું કાંઈ? અરે..! આઠ-આઠ વર્ષના છોકરાઓ કેવળજ્ઞાન પામે. છોકરાઓએ લખ્યું હતું ને? લખે છે ને? 'છગનભાઈ' બેઠા ત્યાં હેઠે લખ્યું છે. હેઠે અક્ષરો લખેલા છે. કેટલાય છોકરાના નામ. ખડી-બડી લાવ્યા હશે. અહીં ખડીનું અમારે શું કરવું? અહીં ખડીએ ન લખાય. અહીં તો જ્ઞાનને અંકે લખાય. સમજાણું કાંઈ? પ્રભુનો માર્ગ એવો છે. વીરના રસ્તા એવા છે પરમાત્માના. એ જ તારો રસ્તો છે. વીરે કહ્યો છે એ તારો રસ્તો કહ્યો છે.

ભગવાનઆત્મા નિત્યાનંદ પ્રભુ એ જ ખરેખર સત્યના સંગ્રહમાં એ સત્ આવે છે.

એ સત્યના સંગ્રહમાં પર્યાયનું સત્ય એ સંગ્રહમાં આવતું નથી. આહાહા..! પણ એ પરિણામ તો એના છે, કહે છે. પરિણામ, હોં ! પેલા સામાન્યના એ પરિણામ છે. એ કંઈ કોઈકના પરિણામ છે ને કોઈની વસ્તુ છે એમ નથી. તેથી તેને કથંચિત્ પર્યાય વિકારી અને નિર્વિકારી, બેયને પર્યાયદૃષ્ટિએ સત્ય કહેવી, પણ જ્યારે ભેદજ્ઞાન થયા પછી રાગ છે એનું પરિણમન છે એમ જાણવું, બસ એટલું. સમજાય છે? અને નિર્મળ પર્યાય તો મારી પર્યાયદૃષ્ટિએ બરાબર છે એમ જાણે, ત્રિકાળમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! પર્યાય એ સત્ છે ને. એ સત્ છે એ ક્યાં જાય? સદાય ઊભી રહે છે, પેલી તો વઈ ગઈ. દૃષ્ટિમાં રહી નહિ, દૃષ્ટિના વિષયમાં રહી નહિ. ખરેખર તો પર્યાયમાં પરિણમન છે પણ એ પરિણમન દૃષ્ટિની અપેક્ષાએ તો ભિન્ન પરિણમન થઈ ગયું. જ્ઞાનની અપેક્ષાએ, જ્ઞાન સ્વ-પર બેયને જાણે છે ને, તો આટલું પરિણમન જાણે, બસ. સમજાણું કાંઈ? પણ નિર્મળ પરિણમન છે એ તો બરાબર છે, એમ કહે છે. પર્યાય લક્ષમાં જ્ઞાન કરીને નિર્મળ જે મોક્ષનો માર્ગ છે એ વ્યવહાર છે. સમજાણું કાંઈ?

'**ભેદજ્ઞાન હોનેપર જૈસે હૈ વૈસે હી જાનતા હૈ.**' લ્યો. ત્યાં સુધી આવ્યું. આ પંડિતજીએ કહ્યું અમારે. ત્યાં સુધી આવ્યું. એનું આ ચાલ્યું પાછું. પાંત્રીસ મિનિટ તો ઈ ચાલ્યું. ચાલ્યાનું ચાલ્યું.

**શ્રોતા :-** ચાલ્યાનું ચાલ્યું નથી, અધરું ચાલ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાઈ કહે છે ઠીક છે, ઈ વાત સાચી. અધૂરું રહ્યું છે ઈ ચાલ્યું. એય..! વાત તો સાચી હતી, હોં! કારણ કે બરાબર સ્પષ્ટ થયું નહોતું. એના જેવા પડખાં છે એ પડખાં સ્પષ્ટ થયા નહોતા. સામાન્યપણે ચાલ્યું હતું. આહાહા..!

અહીં તો પ્રભુ એમ કહે છે, ભાઈ! તું ત્રિકાળી ચીજ છો કે નહિ? કે ક્ષણિક વસ્તુ છો તું? ત્રિકાળી જે અનાદિ તારી વસ્તુના સ્વભાવની આદિ નથી, અંત નથી. એટલો કાળ તે કાળ.. આહાહા..! છે, છે, છે ને છે. એવું જે ત્રિકાળી સત્ છે એ આશ્રય કરવા લાયક છે. તેને પરમ સત્ય સાહેબ કહીએ છીએ. 'પ્રકાશદાસજી'! આ સાહેબ આવ્યો અંદર. અને એક સમયની પર્યાય છે. એવી વાત છે ક્યાંય ન્યાં? હજી તો જડ, ચૈતન્ય જુદા શું છે એની ખબર ન મળે. અહીં તો પર્યાય અને દ્રવ્ય જુદાંની વાતું ચાલે છે આ તો. આહાહા..! 'ભગવાનજીભાઈ'! આ તો મૂળની વાત છે, ભગવાન! આહાહા..! શું થાય?

**શ્રોતા :-** ભગવાનની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાનની વાત છે, તો ભગવાન તો નામ છે એનું. આ ભગવાન ભાવ... આહા..! અરે..! તું ભગવાન છો એમાં વિશેષતા શું? એમાં વિશેષતા પણ શું? એમાં આશ્ચર્યતા પણ શું? એમ અહીં તો કહે છે. એવો છો ને, પછી આશ્ચર્ય અને વિસ્મયતા

શું? આહાહા..! સત્‌નું ઢીમ, એકલો સ્વભાવનો ઢીમ, ધ્રુવ ઢીમ, એમાં પર્યાયનો અભાવ છે. એ અપેક્ષાએ એમાં નથી એમ કહ્યું. પણ પર્યાયદૃષ્ટિએ રાગ પણ છે અને નિર્મળ દશા પણ છે, એના પરિણામમાં. પણ હવે રાગ છે એમાં એ ક્યાં સુધી?-કે ભેદજ્ઞાન નથી થયું ત્યાં સુધી, એમ કહે છે. પણ જ્યારે રાગથી ભિન્ન પડ્યો ત્યારે રાગ એનો છે એમ ન રહ્યું. ભલે પરિણમન છે પણ એનો ન રહ્યું. અને સિદ્ધપદ થયું એ તો એના પરિણામ છે, છે, એને તો બરાબર પર્યાયદૃષ્ટિ કથંચિત્ છે એમ ભેદજ્ઞાન થયા પછી પણ એ જાણે. સમજાણું કાંઈ ? હવે આમાં લખ્યે કાંઈ પાર આવે એવું છે? આહાહા..!

**શ્રોતા :-**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાચી વાત. કઈ અપેક્ષાએ છે અને કઈ અપેક્ષાએ નથી, એમ જાણવું જોઈએ ને. હવે કહે છે ત્રીજી વાત.

‘**જો દ્રવ્યરૂપ પુદ્‌ગલકર્મ હૈં...**’ હવે ત્રીજી વાત લીધી. આ તો એના બે ભાગની વાત કરી. હવે આ કર્મ જે જડ અંદર છે, જેમ આ શરીર છે આ જડ છે, અજીવ પુદ્‌ગલ છે, ભગવાન આને પુદ્‌ગલ દ્રવ્ય કહે છે, એને કાંઈ આત્મદ્રવ્ય કહેતા નથી. આ તો અજીવ દ્રવ્ય છે, પરમાણુ છે. એવું એક કર્મ અંદર છે. આઠ કર્મ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય. ઈ કહે છે કે ‘**દ્રવ્યરૂપ પુદ્‌ગલકર્મ હૈં વે આત્મા સે ભિન્ન હી હૈં,...**’ એ તો આત્માથી, જ્યાં એક સમયની પર્યાય પણ જ્યારે દ્રવ્યમાં નથી એમ કીધું, ત્યારે આ પુદ્‌ગલદ્રવ્ય તો તદ્દન ભિન્ન જ છે. ‘**દ્રવ્યરૂપ પુદ્‌ગલકર્મ હૈં...**’ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય ‘**વે આત્મા સે ભિન્ન હી હૈં,...**’ આત્માથી જુદાં જ છે.

‘**ઉનસે શરીરાદિકા સંયોગ હૈ...**’ લ્યો. એ કર્મના નિમિત્તથી આ શરીરનો સંયોગ, વાણીનો સંયોગ (છે). સમજાણું? ‘**વહ આત્માસે પ્રગટ હી ભિન્ન હૈ,...**’ આ શરીર પણ પ્રગટ ભિન્ન છે એમ કહે છે. આ તો પ્રગટ જડ ભિન્ન આત્માથી તદ્દન તદ્દન જુદું છે. આ વાણી બોલાય છે એ પણ આત્માથી તદ્દન જુદી ચીજ છે. આહા..હા...! સમજાણું કાંઈ? હવે ઉપચારિક વ્યવહાર કહે છે. પેલો વ્યવહાર તો એનામાં પરિણામ હતો એને વ્યવહાર કહ્યો હતો. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કેટલા પ્રકારના વ્યવહાર છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો હજી બે પ્રકારનો કહ્યો. એક એના પર્યાયનો વ્યવહાર અને હવે પરનો વ્યવહાર ઉપચારિક. આ તો પર છે માટે ખરેખર વ્યવહાર છે એ તો આત્મામાં નથી, એમ કહે છે. પહેલાં જે પર્યાયને વ્યવહાર કહ્યો હતો એ પર્યાયદૃષ્ટિએ એનામાં છે, વિકાર પણ છે અને નિર્વિકાર પણ છે, એમ કહ્યું હતું. આ તો છે જ નહિ. શરીર, કર્મ એ તો અજીવતત્ત્વ છે, પુદ્‌ગલતત્ત્વ છે. ભગવાને જીવતત્ત્વ, અજીવતત્ત્વ આ નવતત્ત્વ કહ્યાં

ને? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષ. ત્યારે નવતત્ત્વમાં કહે છે, આસ્રવ, પુણ્ય-પાપના પરિણામ, સંવર, નિર્જરા, મોક્ષના પરિણામ એ પરિણામ ત્રિકાળી દ્રવ્યમાં તો નથી. માટે તેને જૂઠાં કહ્યાં. પણ એ પરિણામની અપેક્ષાએ પરિણામ એના છે, એ ધ્રુવની વિશેષતા એની છે એમ ગણીને એ પરિણામ કથંચિત્ પર્યાયદૃષ્ટિએ એના છે. પણ પેલા બે વિકારી અને અવિકારી એના કહ્યા, પણ ભેદજ્ઞાન થયા પછી વિકારી પરિણામ મારા છે એમ રહેતું નથી. પરિણમન છે ભલે ત્યાં પરિણામમાં પર્યાયદૃષ્ટિએ. સમજાય છે? મારી ચીજમાં નથી. પરિણમન શુદ્ધ થાય છે એ તો મારી પર્યાયમાં છે. સમજાણું કાંઈ? કહો, 'રવિન્દ્ર'! સમજાય છે કે નહિ?

**શ્રોતા :-** પર્યાયમાં છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયમાં છે ઈ સિદ્ધપદ.

**શ્રોતા :-** સિદ્ધમાં ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સિદ્ધમાં પણ પર્યાયમાં છે.

**શ્રોતા :-** મારી ચીજમાં નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચીજમાં નથી એ તો પહેલાં કહ્યું. ચીજમાં તો છે જ નહિ. ધ્રુવમાં તો આ પર્યાય પણ નથી અને પેલી પણ નથી. હવે અહીં પર્યાયમાં છે અને ભેદજ્ઞાન નથી ત્યાં સુધી આ વિકારી પર્યાય ગણી.

**શ્રોતા :-** સિદ્ધપણું પર્યાયમાં છે કે સિદ્ધપણું પોતે જ પર્યાય છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયમાં એટલે એ પર્યાય પોતે જ છે, પછી પર્યાયમાં એટલે? ધ્રુવમાં નહિ એટલે પર્યાયમાં એટલે પર્યાય. એય..! પર્યાયમાં એટલે એ પર્યાયરૂપ જ પોતે છે. એટલે પર્યાયમાં છે, ધ્રુવમાં નથી. સિદ્ધપદ ધ્રુવમાં નથી.

**શ્રોતા :-** ધ્રુવરૂપ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્રુવરૂપ છે જ નહિ એ પર્યાય, એ પર્યાય ક્ષણિકરૂપ છે. આહાહા..! કહ્યું ને? એ સિદ્ધપદની પર્યાય છે એ ધ્રુવમાં નથી. એનું ધ્રુવરૂપ નથી, એનું તો ક્ષણિક રૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..! ધર્મને સમજવા માટે આટલા પડખાં એના છે એમ એને જાણવા પડશે. એમ અદ્ધરથી ધર્મ થઈ જાય એવી ચીજ નથી. અનંત કાળ ગયો.

અહીં તો કહે છે, જ્યારે અમે મોક્ષની પર્યાયને વ્યવહાર કહ્યો. એ વ્યવહાર એનામાં દ્રવ્યમાં નથી માટે (વ્યવહાર) કહ્યો, નહિતર વ્યવહાર તો એને કહીએ કે જે એની પર્યાયમાં પણ ન હોય. સમજાણું કાંઈ? એને વ્યવહાર કહેવામાં આવે છે. પણ અહીં પર્યાયને વ્યવહાર કહ્યો એ દ્રવ્યમાં નથી એ અપેક્ષાએ વ્યવહાર કહ્યો. આ તો સાતમી ગાથામાં પ્રશ્ન ન ઊઠ્યો? કે આ પર્યાય છે એ કાંઈ અવસ્તુ તો નથી. શિષ્યે પ્રશ્ન કર્યો છે. સાતમી ગાથા, 'સમયસાર'.

તમે કહો છો કે જ્ઞાન, દર્શન, ચારિત્ર આત્માના નથી. એ પર્યાય નથી. એ પર્યાય એના નથી તો એ અવસ્તુ તો નથી, કંઈ બીજી ચીજ તો નથી. છે તો એના પરિણામ. છતાં તમે એને અવસ્તુ કહીને, વ્યવહાર કહીને અવસ્તુ કહેવા માગો છો. તો એ અવસ્તુ નથી. અવસ્તુ એટલે આત્માથી જુદી વસ્તુ નથી. આત્મામાં એ નથી. પણ એને અવસ્તુ કેમ કહી? અભેદની દૃષ્ટિ કરાવવા વસ્તુ ત્રિકાળીમાંથી નિર્મળ ધર્મની દશા પ્રગટશે, એવા અભેદની દૃષ્ટિ કરાવવા ભેદને ગૌણ કરીને, અભાવ કરીને વ્યવહાર કહ્યો છે એમ નહિ, એને ગૌણ કરીને અવસ્તુ નામ વ્યવહાર કહ્યો છે. સમજાય છે કાંઈ? દિગંબર સંતોએ તો વસ્તુના સ્વભાવને ઘણો જ સ્પષ્ટ કરી નાખ્યો છે, ઘણો સ્પષ્ટ કરી નાખ્યો.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પર્યાયનો આશ્રય કરવા લાયક નથી, દ્રવ્યનો આશ્રય (કરવા લાયક છે). કારણ કે એ ત્રિકાળી સત્ છે. ભલે પર્યાય છે એ આશ્રય કરે પણ પર્યાય આશ્રય કરે છે ધ્રુવનો. પર્યાય આશ્રય પર્યાયનો કરતો નથી. 'પ્રવીણભાઈ'! આવું પ્રવીણ થવું પડશે, કહે છે. આરે.. આરે..! ભારે વાત. પેલું તો કંઈ સમજ્યા વિના (હાંકે રાખે). 'વિહુયરયમલા' નહોતું કહ્યું? આવડે છે? ભાઈ! ડૉક્ટર! લોગસ્સ.. લોગસ્સ. લોગસ્સમાં આવે છે, વિહુયરયમલા. ઈ અર્થ ન આવડતા હોય. અંગ્રેજી ભણ્યા હોય એને... વિહુયરયમલા આવે છે. કીધું ને?

'લીંબડી'માં દશા, વીસાની તકરાર હતી. દસા, વીસા છે ને? બે સમાજ છે ને આપણે દશા, વીસા? ... પોતે વીસાશ્રીમાળી છે એને ખબર છે ને. દશાશ્રીમાળી અને વીસાશ્રીમાળી બે છે ને? આપણે આ બાજુમાં નાત બે છે. એમાં દશાશ્રીમાળીની બાઈ હતી. એ આ લોગસ્સ બોલી. વિહારોઈમળ્યા. અર્થની ખબર ન મળે. આપણી તકરારની વાત લોગસ્સમાં ક્યાંથી આવી? દશા, વીસાને આપણે અહીં બનતું નથી. ન્યાં 'લીંબડી'માં. આમાં ક્યાંથી આવ્યું? વિહુયરયમલા. એને ઠેકાણે (બોલી), વિસારોઈમળ્યા. ઘણા એમ જ ભાન વિના... શું કહેવાય? ઘડી. રેતી પૂરી થઈ ગઈ તો થઈ ગઈ સામાયિક. ક્યાંથી ધૂળમાં સામાયિક? હજી સામાયિક કહેવી કોને? ક્યાંથી પ્રગટ થાય? એ સામાયિક વીતરાગ દશા છે. એ વીતરાગપણું શેમાં ભર્યું છે કે જેને આશ્રયે થાય? અને રાગ એમાં ભર્યો નથી. માટે રાગ અધ્ધરથી આવીને ઉત્પન્ન થયેલો ટળી જાય. એ શું છે? કાંઈ જ્ઞાન ન મળે અને આ કહે કે થઈ ગઈ અમારે સામાયિક અને પોષા. ધૂળમાંય નથી. પછી પેલાએ જોયું કે અર્થ શું છે જુઓ તો ખરા. અર્થ તો આમાં વિહારોઈમલા નથી. ત્યારે? વિહૂયરયમલા છે. વિ-વિશેષ, હૂ. હૂ નો ભૂ થાય. વિશેષ ટાળ્યા છે. રયમલા-રય એટલે કર્મની રજ. અને મળ એટલે દયા, દાન, વ્રતના જે શુભભાવ છે ને, એ મળ-મેલ છે. રજકણ અને મેલને જેણે ટાળ્યા અને અશરીરિ અને

પૂર્ણાનંદની પર્યાય પ્રાપ્ત થઈ એને સિદ્ધ ભગવાન અને અરિહંત પરમેશ્વર કહેવામાં આવે છે. અર્થની તો ખબર ન મળે. હાંકે જાય ગડિયો. 'સુજાનમલજી'!

**શ્રોતા :-** વાતો તો બરોબર. એવું જ ચાલ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવું જ ચાલ્યું છે? આહાહા..! ભાવમાં કંઈ ખ્યાલ આવવો જોઈએ ને? કે આ છે, આ છે, આ છે, પણ શું છે એના ખ્યાલમાં ભરોસે ચડવી જોઈએ ને વાત? એમ ને એમ ભરોંસે ચડ્યા વિના પાધરો અદ્ધર આવો આત્મા છે ને આવો છે ને આમ ધર્મ થાય છે. એનો અર્થ શું? એ તો અજ્ઞાનઅંધકારની વાતું છે.

કહે છે, આ દ્રવ્યરૂપ જે પુદ્‌ગલ છે, આઠ કર્મ અંદર, નહિ? રયમલા, કીધું ને? રજ-રય છે. 'ય'નો 'જ' થાય. ભગવાને તો ટાળ્યા છે. શું? રજ. આઠ કર્મની રજ. ઈ રજ છે ઈ તો દ્રવ્યકર્મ જડ પુદ્‌ગલ છે. એ તો આત્માથી તદ્દન જુદા છે. પેલા મળ જે છે એ તો પહેલાંમાં કહ્યું. સંસારદશા, વિકારી દશા. એની પર્યાયમાં એ વિકારી મેલ છે. મિથ્યાત્વ, રાગ-દ્વેષ મેલ છે. પણ આ કર્મ છે એ તો એનાથી તદ્દન જુદી ચીજ છે. રજ જુદી ચીજ છે અને મેલ એના પરિણામમાં છે, છતાં એની વસ્તુમાં એ છે નહિ. આહા..! વસ્તુમાં નથી એવું જે કહ્યું ને પેલામાં ? ભેદજ્ઞાન થયા પહેલાં તો તું માનજે કે તારામાં છે. ભાઈ! આવે છે ને ? સર્વવિશુદ્ધમાં. સર્વવિશુદ્ધમાં બરાબર કહ્યું છે. બરાબર. આહાહા..! જ્યાં છે ત્યાં તે પ્રમાણે વસ્તુ ગોઠવી છે. આહાહા..! જ્યાં સુધી રાગ ને દ્વેષ ને મિથ્યાત્વનું પરિણમન તારામાં છે, તું પરિણમે છો ત્યાં સુધી એ તારામાં છે, પણ ભેદજ્ઞાન થયા પછી રાગ મેલ (કોનો)? હું તો નિર્મળાનંદ છું. એવી દૃષ્ટિ થયા પછી, ભેદજ્ઞાન થયા પછી એ મારામાં નથી. પરિણમન છે એને જાણે. સમજાણું કાંઈ?

કહે છે કે કર્મ તો પરદ્રવ્ય છે. એ આત્માથી ન્યારા-જુદાં છે. એનાથી મળ્યું આ શરીર, નિમિત્ત, એનાથી મળી આ વાણી, એ કર્મથી વાણી છે. એનાથી મળી આ પૈસાની ધૂડ. સમજાણું કાંઈ? કહે છે, **'સંયોગ હૈ વહ આત્માસે પ્રગટ હી ભિન્ન હૈ,...'** શરીર, વાણી તો પ્રગટ આત્માથી જુદી ચીજ છે. એના એક સમયના અંશમાં પણ એ આવી નથી. પેલો મેલ અને નિર્મળ (ભાવ) તો એના પરિણામમાં હતા, કહે છે. સમજાણું કાંઈ ? હળવે હળવે કહેવાય છે, પણ વિચારવું તો એને પડશે ને? કોઈ આપી દે એવું છે? કોઈ પાસેથી અપાય ને દે એવું છે? ભગવાન આપે છે કોઈને કાંઈ ? તિન્નાણં, તારિયાણં તો કહેવાય છે, હોં! નમોત્થુણમાં, નહિ? નમોત્થુણંમાં આવે છે કે નહિ? દેવ આપે, એવું શાસ્ત્રમાં આવે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. દેવ એટલે આ આત્મા છે એ દેવ, એમ કહે છે. એ ભગવાન દે એમ પછી વ્યવહાર કહેવામાં આવે.

**શ્રોતા :-** આમાં તો તીર્થંકરદેવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ તીર્થંકર પોતે આત્મા, પણ ન્યાં નિમિત્તથી કથન કર્યું. ભગવાને એવું સમજાવ્યું ને એટલે ભગવાને જે પુણ્યનો ભાવ સમજાવ્યો, વિષયનો ભાવ સમજાવ્યો, દૃષ્ટિનો સમજાવ્યો અને મોક્ષનો સમજાવ્યો. એટલે એણે સમજાવ્યું તો એણે દીધું એમ કહેવામાં આવે. 'શ્રીમદ્'માં પણ આવે છે ને? 'તે તો પ્રભુએ આપીયો' આપે શું? આત્મા આપતા હશે કોઈ? મને જાણવામાં આવો આત્મા નહોતો, એ આપનું નિમિત્ત અને મેં જાણ્યો એટલે આપે આપ્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. વાત તો આમ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ સમજાવ્યું નહોતું. સમજાવ્યું છે પછી નહોતું એમ ક્યાંથી લાવવું? એમ કહે છે. 'ચીમનભાઈ'! દિવ્યધ્વનિથી આવ્યું છે, દિવ્યધ્વનિ કહેવાય છે, ઉપદેશ કહેવાય છે. આ ન હોત તો થાત, એ પ્રશ્ન ક્યાં છે? સમજાણું કાંઈ? આહાહા..! અસ્તિ લે ને, અસ્તિ લે ને. આ ઉપદેશ ભગવાનની વાણીમાં આવ્યો અને સમજનારા પોતાના સ્વલક્ષે સમજ્યા ત્યારે ભગવાને આત્મા દીધો. એટલે? અમને આત્મા ખ્યાલમાં નહોતો એ ખ્યાલ આપે કરાવ્યો માટે દીધો, એમ.

**શ્રોતા :-** ખ્યાલમાં લીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લીધો એટલે કીધું ને? ખ્યાલમાં નિમિત્ત કરાવ્યું ને? નિમિત્ત થયું ને કે આવો આત્મા કહેવાય. રાગ તે આત્મા નહિ, શરીર તે આત્મા નહિ, એકરૂપ ગુણનો ભેદ એ પણ આત્મા નહિ. એમ જ્યારે ભગવાને કહ્યું, ત્યારે એના ખ્યાલમાં આવ્યું ત્યારે એણે નિમિત્તથી એમ કહ્યું, પ્રભુ! અમને તો આત્મા કોણ છે એ ખ્યાલમાં જ નહોતો. એટલે અમારે તો દૃષ્ટિમાં આત્માનો અભાવ હતો. એ આપે કહ્યું ત્યારે અમે અમારાથી જાણ્યું, ત્યારે આપે આપ્યો એમ કહેવામાં આવે. આમ છે. આ તો 'આત્મસિદ્ધિ'નું છે. ઈ પહેલું આપ્યું હતું ને? 'આત્મસિદ્ધિ પ્રવચન'. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, **'ઈનકો આત્માકે કહતે હૈં સો યહ વ્યવહાર પ્રસિદ્ધ હૈ હી,...'** આત્માનું શરીર, આત્માના કર્મ, આત્માના આઠ કર્મ, આત્માને પાંચ શરીર, આત્માને બે શરીર, આત્માને તૈજસ, કાર્માણ શરીર, આત્માને આવી વ્યવહાર ભાષા, આવી નિશ્ચયભાષા, આવી સત્યભાષા, એમ જે ભાષા અને શરીર ને કર્મ તદ્દન જુદી ચીજ હોવા છતાં તેના નિમિત્તના સંબંધથી એને એમ કહેવું એ તો વ્યવહાર અને ઉપચાર છે. **'ઈસકો અસત્યાર્થ યા ઉપચાર કહતે હૈં.'** એ જૂઠી વાત છે, કહે છે. લ્યો. આહાહા..! કહો, 'ગોમ્મટસાર'માં આવે. નારકીને ત્રણ શરીર હોય-તૈજસ, કાર્મણ અને વૈક્રિયક. દેવને ત્રણ શરીર હોય, મનુષ્યને ત્રણ હોય-ઔદારિક, તૈજસ અને કાર્માણ. કહે છે કે એ બધી જુદી ચીજ હોવા છતાં વ્યવહારથી ઉપચારથી એમ કહેવામાં આવે. એ કહેવું એ જૂઠું છે, એની વસ્તુ પણ જૂઠી છે. એ એની વસ્તુ છે નહિ.

જ્યાં પર્યાયને દ્રવ્યની અપેક્ષાએ જૂઠી કીધી કે જે એના પરિણામમાં છે, આ તો છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

શરીર, કર્મ, વાણી એ બધું, ભગવાનઆત્મા તો અરૂપી છે, એમાં આ ક્યાં આવ્યું? એ તો ન્યારા-જુદાં જ છે. અત્યારે પણ જુદાં છે, એમ કહે છે, હોં! એ જુદાં પડે ત્યારે નહિ, પડે ત્યારે તો વળી ક્ષેત્રથી જુદાં પડશે. અહીં એક ક્ષેત્રે દેખાય છે એ જુદાં જ છે. એ જુદાંને એના કહેવા એ ઉપચારનો વ્યવહાર છે, કહે છે. આહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ભિન્ન ક્ષેત્ર..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... સાર આ છે. આહા..! જોડે રહેનારો મુસલમાન હોય એને મામા કહેવાય. ઈ મોસાળું પૂરે? આને કંઈ આપે નહિ. નાળિયેર આપે કે આઠ આના રૂપિયો વટાવવા. પણ એ તો જરી સોબતને લઈને, મામો છે માટે નહિ. એ તો પેલો સંબંધ થયો ને બેનો, એની અપેક્ષાએ. મામો છે માટે આપે છે, એમ નહિ. અમારે જોડે એક હતો. ગીગામામા ને એની વહુને માસી કહેતા. ગામના ખરા ને, મારી બા. ગીગામામા અને સતબાઈ માસી. એમ કહેતા. પાડોશીમાં. કહેવા માત્ર છે, ખાવા ન મળે ત્યારે એ કાંઈ રોટલા દેવા આવે ઈ? આહાહા..! .. ઈ ખોટા મામા છે. પરને પોતાના કહેવા ઈ ખોટા છે, એમ કહે છે. ઈ કાંઈ તને દે એવા, તારા પરિણામમાં આવે એવા નથી, એમ કહે છે. '**ઈસકો અસત્યાર્થ યા ઉપચાર કહતે હૈં.**'

'**યહાં કર્મકે સંયોગજનિત ભાવ હૈં વે સબ નિમિત્તાશ્રિત વ્યવહારકે વિષય હૈં...**' હવે બીજી વાત કરી. એ કર્મના નિમિત્તથી જે ભાવ છે તે સર્વ '**નિમિત્તાશ્રિત વ્યવહારકે વિષય હૈં ઔર ઉપદેશ અપેક્ષા ઈસકો પ્રયોજનાશ્રિત ભી કહતે હૈં...**' ઉપદેશમાં તો એમ આવે ને? આ રાગ તેં કર્યો, આ શરીર તારું એમ વ્યવહારમાં ઉપદેશ આવે ને? ઉપદેશ અપેક્ષાએ પ્રયોજન આશ્રિત કહીએ. '**ઈસપ્રકાર નિશ્ચય-વ્યવહારકા સંક્ષેપ હૈ.**'

**શ્રોતા :-** નિશ્ચયની વાત રહી ગઈ, વ્યવહારની તો આવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારની વાત કરી. નિશ્ચયની તો પહેલી આવી ગઈ. વ્યવહાર આવો સમજાવ્યો, એ સિવાયનો નિશ્ચય. એમ સમજવું.

**શ્રોતા :-** એ આગમનો નિશ્ચય આવ્યો, અધ્યાત્મનો નિશ્ચય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ઈ આવ્યું હતું, ખબર છે; પણ એ વ્યવહાર આવ્યો એમાં નિશ્ચય આવી ગયો. આ બધો વ્યવહાર, ત્યારે એકલો ધ્રુવ તે નિશ્ચય. આ બધો વ્યવહાર તો એ સિવાયની વસ્તુ તે નિશ્ચય. એમાંથી તારવી લેવું. સમજાણું કાંઈ? આહા..હા...! આ તારા નહિ, આ તારા નહિ, આ તું નહિ, તો તું કોણ? એમાં સમજી લેવું. બીજું એકરૂપ તે તું. સમજાણું કાંઈ?

હવે કહે છે, મોક્ષમાર્ગ. હવે મોક્ષમાર્ગની વાત ચાલે છે. '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકો મોક્ષમાર્ગ કહા, યહાં ઐસે સમજના કિ યે તીનોં એક આત્માહી કે ભાવ હૈં,...**' લ્યો. શું કહે છે? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર ભગવાને મોક્ષનો માર્ગ કહ્યો. તો એ ત્રણ શું છે? સમ્યગ્દર્શન એ આત્માના શુદ્ધ પરિણામ છે. આત્મા જે શુદ્ધ ચૈતન્યદ્રવ્ય વસ્તુ છે, એની જે શ્રદ્ધા અંતરમાં થઈ એ શુદ્ધ પરિણામ છે. મોક્ષમાર્ગ કોઈ ગુણ નથી, મોક્ષમાર્ગ કોઈ દ્રવ્ય નથી, એના પરિણામ છે. એ પરિણામના પ્રકાર કઈ રીતે છે, એનું વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્ઞાનના નિર્મળ કિરણ વિના મહાવ્રત પાળે, બ્રહ્મચર્ય પાળે, અરે! આજીવન સ્ત્રીનો સંગ ન કરે તોપણ તેનાથી આત્મા પ્રાપ્ત નથી થતો. તેથી જો તું દુઃખથી છૂટવા માગતો હો તો પુણ્ય-પાપની રુચિ છોડીને આત્મજ્ઞાન કર. આત્મા આનંદનો નાથ છે તેનું જ્ઞાન કર! એના વિના અરેરે! કીડા-કાગડા-કૂતરાના ભવ કરી કરીને મરી ગયો! અનંતકાળ એમ ને એમ દુઃખમાં જ વીતી ગયો. પ્રભુ! તેં એટલા દુઃખ ભોગવ્યા છે કે તેનું કોઈ માપ-મર્યાદા નથી. પણ તું બધું ભૂલી ગયો છો. ભાઈ! ડુંગળીને તેલમાં તળી ત્યારે સડસડાટ તું તળાઈ ગયો હતો-તું ડુંગળીમાં બેઠો હતો. એવા એવા તો પારાવાર દુઃખો તેં ભોગવ્યાં છે. ૮૪ લાખ અવતારની ઘાણીમાં તું અનંતવાર પીલાતો આવ્યો છો. જેમ ઘાણીમાં તલ પીલાય તેમ ૮૪ લાખ યોનિના દુઃખોમાં પીલાતો રહ્યો છો, આનંદના નાથને પુણ્ય-પાપની ઘાણીમાં કચરી નાખ્યો છે. જો હવે તું દુઃખથી છૂટવા માગતો હો, સિદ્ધસુખના હિલોળે હિંચકવા માગતો હો તો આત્મજ્ઞાન કરીને નિજપદને પ્રાપ્ત કર. ૯૯૨.**

**- દ્રવ્યદષ્ટિ જિનેશ્વર - પર્યાયદષ્ટિ વિનશ્વર**

## શ્રી પુરુષાર્થ-સિદ્ધિ-ઉપાય, શ્લોક-૪
## પ્રવચન નં.૪, તા.૩૦-૧૨-૧૯૬૬
## (૧૧)

ચોથી ગાથા ચાલે છે. જુઓ! આ ચોથી ગાથામાં મુખ્ય વસ્તુ છે, જુઓ! એમ કહ્યું ને? **'मुख्योपचारविवरणनिरस्तदुस्तरविनेयदुर्बोधाः व्यवहारनिश्चयज्ञाः प्रवर्तयन्ते जगति तीर्थं'**

**ભાવાર્થ : 'ઉપદેશદાતા...'** ઉપદેશનો દેનાર, **'આચાર્યમાં અનેક ગુણો જોઈએ.'** ઉપદેશના કરનાર વક્તામાં અનેક ગુણ જોઈએ. **'પણ વ્યવહાર અને નિશ્ચયનયનું જાણપણું મુખ્ય જોઈએ.'** જુઓ! બધામાં આ મુખ્ય કહ્યું છે. આખો એના ઉપર જૈનદર્શનનો અથવા વસ્તુ તત્ત્વનો આધાર છે. **'વ્યવહાર અને નિશ્ચયનયનું જાણપણું મુખ્ય જોઈએ.'** કોને વ્યવહાર કહેવાય, કોને નિશ્ચય કહેવાય એનું જો જ્ઞાન ન હોય તો યથાર્થ ઉપદેશ કરી શકે નહિ અને યથાર્થ ઉપદેશ વિના શિષ્યના અજ્ઞાનને ટાળી શકે નહિ.

**'શા માટે? જીવોને અનાદિનો અજ્ઞાનભાવ છે, તે મુખ્ય...'** અજ્ઞાનીને અજ્ઞાનભાવ છે તે, એટલું. જીવોને અનાદિનો અજ્ઞાનભાવ છે. એ વાત. **'તે મુખ્ય (-નિશ્ચય) કથન અને ઉપચાર (-વ્યવહાર) કથનના જાણપણાથી દૂર થાય છે.'** સમજાણું કાંઈ? અનાદિનો મિથ્યા ભ્રમ ને અજ્ઞાન જે છે એ મુખ્ય જ્ઞાન, મુખ્ય કથન અને ઉપચાર વ્યવહાર કથન દ્વારા તેનું અજ્ઞાન નાશ થાય છે. **'ત્યાં મુખ્ય કથન તો નિશ્ચયનયને આધીન છે.'** મુખ્યનું કહેવું એ તો નિશ્ચયનયને આધીન છે. **'તે જ બતાવીએ છીએ.'** લ્યો!

**'સ્વાશ્રિત તે નિશ્ચય.'** સ્વ-આશ્રય તે નિશ્ચય, **'જે પોતાના જ આશ્રયે હોય તેને નિશ્ચય કહીએ.'** સ્વ-આશ્રય તે નિશ્ચય એવું એને જ્ઞાન હોય. સ્વ-આશ્રયમાં પોતાના દ્રવ્યમાં જે ભાવ હોય તેને નિશ્ચય કહીએ. એના અર્થ પણ બે છે. સ્વ-આશ્રયમાં પોતાના દ્રવ્યમાં હોય અને પોતાના અભેદભાવમાં હોય એને પણ સ્વ-આશ્રય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? નિશ્ચયનો વિષય અભેદ વિષય છે. એટલે સ્વ-આશ્રયમાં પર-આશ્રય ન હોય અને એમાં ખરેખર તો ગુણ-ગુણીના ભેદનો પણ પર-આશ્રય, સ્વ-આશ્રયમાં હોય નહિ. સમજાય છે કાંઈ? સ્વ પોતાનું સ્વરૂપ જે અભેદ છે એને આશ્રયે નિશ્ચય પ્રવર્તે છે. કહો! 'વજુભાઈ'! પોતાના જ આશ્રયે જે હોય તેને નિશ્ચય કહીએ. એક વાત તો પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય પોતાને આશ્રયે છે એને નિશ્ચય કહીએ અને બીજી વાત કે અભેદમાં ભેદ નથી તે અભેદને

પણ નિશ્ચય કહીએ. સમજાણું કાંઈ?

સ્વ ચૈતન્ય સ્વરૂપ અભેદ. સ્વ-આશ્રયમાં ૧૧મી ગાથા લ્યો તો ભૂતાર્થ એકલો અભેદ તે સ્વ છે અને એની પર્યાયભેદ ને ગુણભેદ બધો સ્વ-આશ્રયમાં નથી આવતો. નથી આવતો એટલું તો થોડું મેળ નથી કરતો? નહિતર અંદર જરી ભુલ થઈ જાય. સમજાણું કાંઈ? એકરૂપ ચૈતન્ય પરથી ભિન્ન, પણ પરથી ભિન્ન થતાં દૃષ્ટિ સ્વ ઉપર જાય એટલે એ ભેદથી પણ ભિન્ન થઈ ગયો છે. સમજાણું કાંઈ? આત્મા એ પરદ્રવ્યથી ભિન્ન શરીર, કર્મ આદિથી ભિન્ન, એમ કહેતાં જ એનો સ્વ-આશ્રય અભેદ રહી ગયો.

**શ્રોતા :-** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એનું એ આવ્યું. પરદ્રવ્યથી ભિન્ન એમ સ્વદ્રવ્ય બતાવે ત્યારે પરદ્રવ્યથી ભિન્ન સ્વ-આશ્રય બતાવે. પરથી ભિન્ન થતાં સ્વ-આશ્રય અભેદ એકલો રહ્યો એમાં રાગ અને ભેદ પણ સ્વ-આશ્રયમાં આવ્યો નહિ. સમજાણું કાંઈ? જુઓ! આ '**मुख्योपचारविवरण-निरस्तदुस्तरविनेयदुर्बोधाः**' એનું '**प्रवर्तयन्ते जगति**' મુખ્ય જોઈએ. આના જ અત્યારે વાંધા મૂળ છે. નિશ્ચય ને વ્યવહાર વાસ્તવિક કોને કહેવો એના સ્વરૂપના અજાણને કારણે બધા ગોટા ઊઠ્યા છે. સમજાણું કાંઈ?

સ્વ-આશ્રિત નિશ્ચય. એક તો સ્વ પોતાનું દ્રવ્ય, ગુણ અને પર્યાય એ પોતામાં રહેલા ભાવ, પરના ભાવ આમાં નથી. એટલે એક તો આગમ દૃષ્ટિથી સામાન્ય સ્વથી લઈએ તો પરથી ભિન્ન સ્વદ્રવ્ય એનો આશ્રય થયો, પણ અંતર નિશ્ચયદૃષ્ટિ અધ્યાત્મ દૃષ્ટિથી લઈએ તો સ્વ-આશ્રય એટલે અભેદ તે સ્વ રહ્યું. એના ગુણ-પર્યાય, પરદ્રવ્ય તો ભિન્ન રહી ગયું પણ એના ગુણભેદ ને પર્યાયભેદ પણ પરમાં ને વ્યવહારમાં ને પરમાં ગયા. સમજાણું કાંઈ?

સ્વ-આશ્રય તે નિશ્ચય. ભગવાનઆત્મા અભેદ અનુપચાર પદાર્થ તે સ્વ. એને આશ્રયે નિશ્ચયનું કથન ચાલે છે. આ રીતે નિશ્ચયની વાસ્તવિકતા ન જાણે તો એનો ઉપદેશ યથાર્થ ન હોય તો બીજાનું અજ્ઞાન ટાળવાને નિમિત્ત પણ થાય નહિ. સમજાણું કાંઈ?

'**જે પોતાના જ આશ્રયે હોય તેને નિશ્ચય કહીએ. જે દ્રવ્યના અસ્તિત્વમાં જે ભાવ પ્રાપ્ત હોય તે દ્રવ્યમાં તેનું જ સ્થાપન કરવું,...**' જે દ્રવ્યના હોવામાં, જે પદાર્થના હોવામાં, જે ભાવ હોય તે દ્રવ્યમાં તેનું જ સ્થાપન કરવું એનું નામ નિશ્ચય. આહાહા..! દ્રવ્યના પદાર્થના હોવાપણામાં જે ભાવ, અહીં જ્ઞાયકભાવ લેવો છે ને! દ્રવ્યનો ત્રિકાળી ભાવ લેવો છે, પહેલો સાધારણ ભાવ અને પછી ત્રિકાળી. કારણ કે સાધારણ ભાવ એનો પોતામાં છે અને પર નથી, પણ પરથી ભિન્ન પડતા એને સાધારણ એકલો જ્ઞાયકભાવ જ પોતામાં છે એમ દૃષ્ટિ જાય છે. સમજાણું કાંઈ?

દ્રવ્યના હોવામાં જે ભાવ પ્રાપ્ત હોય તે દ્રવ્યમાં તેનું સ્થાપન કરવું. પરદ્રવ્યના ગુણ

ને પર્યાય ને દ્રવ્ય આત્મામાં નથી. એમ જ્યારે પર આત્મામાં નથી અને પોતાના ભાવ પોતામાં છે, પોતાનો ભાવ પોતામાં છે, પરના દ્રવ્ય, ગુણ, ભાવ આત્મામાં નથી, પોતાનો ભાવ પોતામાં છે એમ કરતાં પરદ્રવ્યના ગુણ, પર્યાય મારામાં નથી એનું લક્ષ છોડતા મારો ભાવ મારામાં છે એમ દૃષ્ટિ જતાં નિશ્ચયમાં તો ગુણભેદ ને પર્યાયભેદ પણ સ્વ-આશ્રયમાં રહેતા નથી. સમજાણું કાંઈ? કહો! સમજાય છે કે નહિ?

સ્વ-આશ્રય તે નિશ્ચય. એટલે સ્વ શબ્દમાં બે પ્રકાર. એક સ્વ એટલે પરથી ભિન્ન અને એક સ્વ એટલે એકલો અભેદ ભાવ તે સ્વ. સમજાણું કાંઈ? એવું જે કથન ચાલે અથવા એવો જે ભાવ અંદર ભાસે, સ્વદ્રવ્ય આશ્રય, તેને નિશ્ચય કહેવામાં આવે છે. આ ગાથા જ આખી સિદ્ધાંતમાં, નિશ્ચય ને વ્યવહારના મુખ્ય-ગૌણને અથવા ઉપચારને જાણીને વાસ્તવિક જાણવું અને કહેવું એ આખા જૈન શાસનનું તીર્થ પ્રવર્તવામાં મુખ્ય હેતુ છે. સમજાણું કાંઈ?

'**પરમાણુમાત્ર પણ અન્ય કલ્પના ન કરવી...**' જુઓ! કલ્પના તો આવી અહીં. જુઓ! પેલામાં વ્યવહારમાં કલ્પના કરવી એમ વાત (આવશે). '**તેને સ્વ-આશ્રિત કહીએ.**' એક અંશ પણ પરનો પોતામાં ન કલ્પવો, અન્ય કલ્પના (ન કરવી) તેને સ્વ-આશ્રિત કહીએ. એક તો પરદ્રવ્યના અને પરદ્રવ્યના ગુણ-પર્યાયને અંશ માત્ર પોતામાં ન કલ્પવો. સમજાય છે કાંઈ? અને અભેદમાં ભેદ જે પર છે એને પણ અભેદમાં ન કલ્પવો. સમજાણું કાંઈ? કઠણ પડે છે? '**પરમાણુમાત્ર પણ અન્ય કલ્પના ન કરવી...**' એક અંશ પણ પરદ્રવ્યનો આમાં છે એમ ન કહેવું. એનો અર્થ થઈ ગયો કે પરદ્રવ્યથી ભિન્ન પડતા તેને અંતરદૃષ્ટિમાં અભેદ આશ્રય થયો તેમાં ભેદનો પણ ખરેખર આશ્રય રહ્યો નહિ. માટે ભેદ પણ તે દૃષ્ટિએ વ્યવહાર થઈ ગયો, સ્વ-આશ્રયમાં રહ્યો નહિ. સમજાણું કાંઈ? શું કઠણ પડે છે આમાં?

વસ્તુ છે, એક સમયમાં અનંત સ્વભાવ ગુણ સંપન્ન પદાર્થ (છે). હવે સ્વ-આશ્રય નિશ્ચયની વ્યાખ્યા ચાલે છે. સ્વ-આશ્રય, સ્વ-અવલંબન, સ્વ-અવલંબનને આશ્રયે નિશ્ચય છે. આશ્રય કહો કે અવલંબન કહો. સ્વ-અવલંબનને આશ્રયે નિશ્ચય છે એનો અર્થ થયો કે પરપદાર્થનો અવલંબનનો એક અંશ પણ એમાં આવતો નથી. હવે જ્યારે પરપદાર્થનો એક પણ અંશ અવલંબન માટે અથવા એમાં આવતો નથી ત્યારે સ્વ-આશ્રય તે સ્વ-અવલંબનનો આશ્રય કરવો એ નિશ્ચય. એનો અર્થ થયો કે એમાં ગુણ ને પર્યાયના ભેદનું પણ અવલંબન રહેતું નથી. ગુણ ને પર્યાયનું અવલંબન એટલે આશ્રય રહેતો નથી, અવલંબન રહેતું નથી, આધાર રહેતો નથી, લક્ષ રહેતું નથી. એથી સ્વ-આશ્રયમાં એકલો અભેદ અન-ઉપચાર પદાર્થ જેને નિશ્ચયમાં આવે છે તેને અહીંયાં નિશ્ચય કહેવામાં આવે છે. કહો! સમજાય છે આમાં? આટલું બધું શી રીતે યાદ રહે? 'ધર્મચંદજી'! રાત્રે આ બધું પૂછે તો યાદ રહે? આમાં આટલું

બધું ક્યાં હતું? આમાં તો થોડું, બહુ ટૂંકું છે.

ભગવાનઆત્મા સ્વ-અવલંબી નિશ્ચય, પર-અવલંબી વ્યવહાર. સ્વ-અવલંબી નિશ્ચય એટલે કે ભગવાનઆત્મામાં પરદ્રવ્યનો એક અંશ કિંચિત્ પણ નથી. (પરના અંશની) એવી કલ્પના કરવી છોડી દેવી. પરનો અંશ મારામાં નથી અને જ્યારે પરનો અંશ મારામાં નથી એટલે સ્વદ્રવ્ય એ હું છું એમ દૃષ્ટિ જતાં સ્વનું આલંબન એકલો અભેદ રહી ગયો. અભેદ આલંબનમાં એના ગુણભેદનું પણ આલંબન, લક્ષ, આશ્રય રહ્યો નહિ. એથી સ્વ-આશ્રયમાં એકલો અભેદ જ આલંબન રહી જાય છે, એને અહીંયાં ખરેખર નિશ્ચય કહેવામાં આવે છે. કારણ કે પાંચમી ગાથામાં એ જ કહેશે. '**निश्चयमिह भूतार्थं व्यवहारं वर्णयन्त्यभूतार्थम्**' છે ને ૧૧મી ગાથા? એ જ અહીં હવે કહેશે. સમજાણું કાંઈ?

આચાર્ય અહીંયાં (કહે છે કે) '**मुख्योपचारविवरण**' એ જો મુખ્ય-ઉપચારનું જ્ઞાન જાણતો હોય તો તે યથાર્થ રીતે પ્રરૂપણ કથન કરે અથવા જાણે, તો એને અજ્ઞાનપણું જે છે, મુખ્યપણું કર્યા વિના અને ગૌણ ભેદને અને પરને ગૌણ કર્યા વિના, ઉપચારના વ્યવહારના ભેદોને છોડ્યા વિના, અભેદના આશ્રય વિના શિષ્યનું અજ્ઞાન જાતું નથી. કહો! સમજાણું આમાં? 'વજુભાઈ'! અજ્ઞાનનું જવું એટલે મિથ્યાત્વનું ટળવું એ મુખ્ય-ઉપચારના જ્ઞાન દ્વારા હોય છે એનો અર્થ ઈ કે જે એને મિથ્યાત્વ છે એને પરદ્રવ્યથી ભિન્ન બતાવતા સ્વદ્રવ્યમાં આશ્રય કરાવતા એના ગુણ પર્યાયના ભેદનું આલંબન ને આશ્રય છોડાવતા, કેમકે એ પણ ઉપચાર ને વ્યવહારમાં જાય છે, એકલો અભેદ ચૈતન્યમૂર્તિ ભૂતાર્થ રહે છે એને આશ્રયે નિશ્ચયનય પ્રવર્તે છે એમ જો એને કહે, એમ જો એ જાણે, એમ જો એ પ્રવર્તે તો એનું અજ્ઞાન દૂર થાય. કહો! સમજાણું આમાં?

આ ગાથા તો મુખ્યમાં લીધી. તીર્થ પ્રવર્તવામાં આ મુખ્ય વસ્તુ લીધી. એને નિશ્ચય ને વ્યવહાર અથવા યથાર્થ ને ઉપચાર, યથાર્થ ને ઉપચાર. સમજાણું? મુખ્ય એટલે યથાર્થ, નિશ્ચય-યથાર્થ અને ઉપચાર-આરોપીત કથન, ભેદનું કથન, પરનું કથન, બધું સમજાય છે? એ બધું ઉપચારનું કથન, વ્યવહારનું કથન (છે). એવા નિશ્ચય ને વ્યવહારના વાસ્તવિક તત્ત્વને જાણતો નથી એનું જ્ઞાન જગતને વાસ્તવિક કહી નહિ શકે. વાસ્તવિક નહિ કહે તો શિષ્યને અજ્ઞાન ટાળવું છે તો અજ્ઞાન ટાળવાનો ઉપાય કે જે પરદ્રવ્યથી ભિન્ન અને ગુણભેદથી પણ ભિન્ન એવું એને કહ્યા વિના એનું અજ્ઞાન, સ્વનો આશ્રય લીધા વિના, ટળે નહિ. સમજાણું કાંઈ? માણસને આ બહુ ઝીણું (પડે). એથી એમ કહે, આ જાત્રા કરી લઈએ, આ કરી લઈએ, ફલાણું કરી લઈએ, જુઓને! કેટલી હોંશ હતી! બાહુબલીજીને ચૌદ વર્ષ થાય છે, ચાલો.. ચાલો. આ બાહુબળ અનંતકાળે નથી ચડ્યો અંદરમાં એ તો જો! એણે કોઈ દિ' જાત્રા જ કરી નથી એની. આહાહા..!

ભગવાનઆત્મા સ્વ પરિપૂર્ણ દ્રવ્ય સ્વભાવ એકરૂપ ભાવ, તેને આશ્રયે પ્રવર્તતો નિશ્ચય એવું જો એ જ્ઞાન જાણતો હોય એ રીતે જગતને કહેતો હોય, એ રીતે પોતાના લક્ષમાં આવતું હોય તો એ રીતે પકડીને તેના અજ્ઞાનનો નાશ થાય. કહો! સમજાય છે કાંઈ?

‘**પરમાણુમાત્ર પણ અન્ય કલ્પના ન કરવી તેને સ્વાશ્રિત કહીએ. તેનું જે કથન તેને મુખ્ય કથન કહીએ.**’ દેખો! એને જ મુખ્ય કથન કહીએ, મુખ્ય જ એ છે. ‘**એને જાણવાથી...**’ એને જાણવાથી. જુઓ! હવે. કોને? નિશ્ચયને, મુખ્યને જાણવાથી. ‘**અનાદિ શરીરાદિ પરદ્રવ્યમાં એકત્વશ્રદ્ધાનરૂપ અજ્ઞાનભાવનો અભાવ થાય છે,...**’ જુઓ! ‘**એને જાણવાથી અનાદિ શરીરાદિ પરદ્રવ્યમાં એકત્વશ્રદ્ધાનરૂપ...**’ એ બધા હું છું એવી જે દૃષ્ટિ પરમાં હતી, શરીરાદિ... સમજાય છે? કર્મ આદિ પરદ્રવ્યમાં એકત્વબુદ્ધિ પરદ્રવ્યમાં એકપણાની બુદ્ધિ હતી, તે ‘**એકત્વશ્રદ્ધાનરૂપ અજ્ઞાનભાવનો અભાવ થાય છે,...**’ શરીરાદિ પરદ્રવ્યમાં એકત્વબુદ્ધિ હતી ત્યાંથી ટળી અને સ્વદ્રવ્યમાં એકત્વબુદ્ધિ થઈ. એનો અર્થ જ એ થયો. સમજાણું?

ઉપાસવાનું કીધું ને? મૂળ તો એ જ વાત લે છે. પરદ્રવ્યથી ભિન્ન ઉપાસવામાં આવતો તે શુદ્ધ કહેવાય છે. પરદ્રવ્યથી ભિન્ન-ભિન્ન પણ પરદ્રવ્યથી ભિન્ન કરતાં અભેદમાં દૃષ્ટિ ગઈ ત્યારે એના રાગનું પણ સેવન રહ્યું નહિ. જ્યારે અભેદનું સેવન થયું ત્યારે જ એને નિશ્ચય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

‘**એને જાણવાથી...**’ એને એટલે? મુખ્યને, એને એટલે નિશ્ચયને, એને એટલે સ્વ-આશ્રિત નિશ્ચયને, સ્વ-આશ્રયને, એને એટલે સ્વ-આલંબનને. સમજાણું કાંઈ? ‘**એને જાણવાથી...**’ સ્વ-અવલંબનને જાણવાથી, સ્વ-આશ્રય નિશ્ચયને જાણવાથી સ્વ-આશ્રય તે જ મુખ્ય છે તેને યથાર્થ છે તેને જાણવાથી અનાદિ શરીરાદિ પરદ્રવ્યમાં પરલક્ષી બુદ્ધિ જે હતી, એકત્વશ્રદ્ધાનરૂપ અજ્ઞાનભાવનો અભાવ થાય છે. એનો અર્થ જ થયો કે પર-આશ્રય છોડાવી, સ્વ-આશ્રય કરાવે છે. સ્વ-આશ્રય કરતાં એના પર્યાય ઉપર પણ લક્ષ રહેતું નથી. પરનું લક્ષ છોડતા એનું પર્યાય ઉપર પણ લક્ષ રહેતું નથી, એના રાગ ઉપર ને પર્યાય ઉપર લક્ષ ન રહેતું હોય એને પરનો આશ્રય છોડતા સ્વનો આશ્રય થાય છે અને સ્વનો આશ્રય આવતા તેના ગુણ-પર્યાય ભેદ પણ દૃષ્ટિમાં રહેતા નથી, ત્યારે તેનું અજ્ઞાન નાશ થાય છે. કહો! ‘વજુભાઈ’! એમાં છે કે નહિ ઈ? મોટા વાંધા. પછી ઈ કહેશે, અભેદ... અભેદ... અભેદ.

ગુણ-ગુણી ભેદ પણ વ્યવહાર છે, એ વ્યવહાર છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે એટલે પર છે એટલે જૂઠું છે, આમાં નથી, એમ. સમજાણું કાંઈ? શું કીધું? આત્મામાં પર તો નથી, પણ આત્મા એકરૂપ દૃષ્ટિના સ્વ-આશ્રયના અવલંબનમાં એના ગુણભેદ અને પર્યાયભેદ

પણ અવસ્તુ થઈ ગઈ, અવસ્તુ થઈ. અવસ્તુ એટલે સ્વ-આશ્રયમાં રહી નહિ, અભેદમાં રહી નહિ, સ્વ-આલંબનમાં રહી નહિ, માટે તે અવસ્તુ થઈ ગઈ. એટલે એ દૃષ્ટિએ ગુણ-ગુણી ભેદ ને પર્યાયભેદ પણ વ્યવહારમાં જાય છે. સમજાણું આમાં?

‘**ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે,...**’ જુઓ! અજ્ઞાનભાવનો અભાવ થાય છે એટલે ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે એટલે કે પરથી ભિન્નનું ભાન થાય છે. પરથી ભિન્ન જ્યારે સ્વ-આશ્રય અભેદનો આશ્રય લે ત્યારે પરથી ભિન્ન થાય છે. પરથી ભિન્ન થતાં તેને રાગથી પણ ભિન્નની સેવા થઈ ગઈ. સમજાણું કાંઈ? પર-આશ્રયમાં લક્ષ હતું ત્યાં રાગ હતો અને પર-આશ્રયનું લક્ષ જ્યાં છૂટ્યું અને સ્વ-આશ્રય આવ્યો ત્યારે એને પરદ્રવ્ય તો રહ્યું નહિ પણ પરદ્રવ્યના લક્ષે (થયેલો) રાગ એ પણ રહ્યો નહિ. એનું લક્ષ રાગ ઉપર ન રહ્યું પણ વર્તમાન પર્યાય ઉપર ન રહ્યું, એમ કહે છે. સમજાણું કાંઈ? ત્યારે નિશ્ચયને એણે જાણ્યો કહેવાય. ત્યારે અજ્ઞાન ટળે ને ભેદવિજ્ઞાન થાય ને! નહિતર શી રીતે થાય?

ભેદવિજ્ઞાન શી રીતે થયું? પરથી જુદો અને અભેદમાં એકાકાર થયો તેને નિશ્ચય કહ્યો. તો પરથી જુદો પડતા ગુણ-ગુણી ભેદ અને પર્યાયનું લક્ષ રહ્યું નહિ, ત્યારે પરથી જુદો પડ્યો, ત્યારે ભેદજ્ઞાન થયું. સમજાણું કાંઈ? ભેદજ્ઞાન એટલે પરથી ભિન્ન, સ્વથી અભિન્ન એમ ભેદવિજ્ઞાન છે. પરથી ભિન્ન એમ ભેદવિજ્ઞાન કહ્યું. સમજાણું કાંઈ? અહીં પરથી ભિન્ન વિકલ્પ ભેદવિજ્ઞાન, એમ નથી. પરથી જુદો અને પોતાથી અભેદ, એમ છતાં પોતે જ્ઞાયકભાવ ચૈતન્ય સ્વરૂપ અભેદ એમાં એકરૂપ એનું આલંબન ને આશ્રય થયો, ભેદવિજ્ઞાન થયું ત્યારે. ત્યારે તો પરથી જુદો પડ્યો, (નહિતર) શી રીતે જુદો પડે? સમજાણું કાંઈ? આહાહા..!

‘**અજ્ઞાનભાવનો અભાવ થાય છે...**’ એમ બે બોલ લીધા. અને ભેદજ્ઞાન (પ્રાપ્ત થાય છે). નાસ્તિ લીધી ને પેલી અસ્તિ લીધી. એટલી વાત છે. વાત તો એની એ છે. પરનો આશ્રય ટળતાં, સ્વનો આશ્રય થતાં પરના આશ્રયની એકત્વબુદ્ધિનો નાશ (થયો), ત્યારે થયું શું? ભેદજ્ઞાનની પ્રાપ્તિ. સમજાણું કાંઈ? ‘**ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.**’ ભગવાનઆત્મા! આવો નિશ્ચયનો સ્વ-આશ્રિત ભાવ અને ઉપચારિક વ્યવહારનો ભાવ એ શું છે એનું જેને જ્ઞાન નથી, એના કથનમાં વિપરીતતા આવ્યા વિના રહે નહિ. વિપરીતતા આવે એટલે પેલાનું અજ્ઞાન ટળે નહિ. કહો! સમજાણું આમાં?

અસ્તિ-નાસ્તિથી વાત કરી. અજ્ઞાનભાવનો અભાવ, ભેદજ્ઞાનની પ્રાપ્તિ. સ્વ-આશ્રય સ્વ-આલંબી, સ્વ-અવલંબન એની અપેક્ષાએ પરવસ્તુ તો ભિન્ન થઈ ગઈ, પણ સ્વના અવલંબનમાં એના ગુણ-પર્યાયના ભેદો પણ સ્વ-આલંબનમાં રહ્યા નહિ. સમજાય છે કાંઈ? એને એ રીત જ ખ્યાલમાં આવી નથી કોઈ દિ'. એ જે હોય કર્યા કરે, આ કરો, આ કરો, આ ભક્તિ કરો, વ્રત પાળો, દયા પાળો, ભગવાનનું સ્મરણ કરો, સામાયિક કરો. શેની સામાયિક

પણ? 'શોભાલાલભાઈ'! મિથ્યાત્વ સેવે ત્યારે સંતોષ થાય, અજ્ઞાનનું સેવન કરે ત્યારે એને સંતોષ થાય. સ્વનો આશ્રય અભેદ શું છે એની દૃષ્ટિની ખબર ન મળે એટલે આમાં રોકાય ત્યારે એને એમ થાય કે કાંઈક કરું છું. કરે છે શું? જે કરે છે એ કરે છે, અનાદિનું એકત્વ બુદ્ધિનું મિથ્યાત્વ. સમજાણું કાંઈ?

આ તો 'પુરુષાર્થ-સિદ્ધિ-ઉપાય' છે. પુરુષાર્થ પુરુષ ચૈતન્યના પ્રયોજનની સિદ્ધિ સ્વ આશ્રયે થાય છે અને ઉપચાર કથનને જાણવા લાયક છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આચાર્ય પણ ભિન્ન-ભિન્ન શાસ્ત્રો રચતા, ભિન્ન-ભિન્ન રીતે વસ્તુની વિશેષતા બતાવે છે, સ્પષ્ટીકરણ સ્પષ્ટ કરે છે. 'સમયસાર' અને આમાં વિરોધ પરસ્પર ક્યાંય નથી, હોં! લાલભાઈ નથી? ગયા. આમાં 'સમયસાર'નું જ આવે છે. મેં કીધું, 'સમયસાર'નું આવે છે, પણ બીજી ઢબે આવે છે. રીત તો એ જ આવે ને! બીજી રીત આવે શેની? સમજાણું કાંઈ? આ તો પોતે ખાસ ગ્રંથ રચ્યો છે, પેલી તો ટીકા હતી (અને આ તો) 'અમૃતચંદ્રચાર્ય' નો પોતાનો ગ્રંથ છે.

'**સર્વ પરદ્રવ્યથી ભિન્ન...**' જુઓ! સ્વ-આશ્રય નિશ્ચયમાં તેને મુખ્ય કરીને જાણવામાં આવે ત્યારે અનાદિ અજ્ઞાનનો નાશ થઈ ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થાય. જુઓને! 'ટોડરમલ્લ'નું લખાણ ઘણું. '**સર્વ પરદ્રવ્યથી ભિન્ન...**' હવે જુઓ! સર્વ પરદ્રવ્ય-કર્મ, શરીર, વાણી, મન, દેવ, ગુરુ, શાસ્ત્ર બધું કર્મ અને નોકર્મ. 'પરદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ થાય છે.' ભાષા જુઓ! પાછું એમ નહિ કે પરદ્રવ્યથી ભિન્ન પોતાનો પર્યાય રાગ આદિનો અનુભવ થાય છે.

**શ્રોતા :-** શુદ્ધ સ્વરૂપનો -

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ થાય છે. કારણ કે આમ પરથી ભિન્ન સ્વ-આશ્રય થયો ત્યાં સ્વ-આશ્રયમાં શુદ્ધ ચૈતન્ય જ દૃષ્ટિમાં રહી ગયો. સમજાણું કાંઈ? સ્વ-આશ્રય એ નિશ્ચય અને સ્વ-આલંબી તે નિશ્ચય એમ કહેતાં જ પર-આશ્રય ને પર-આલંબન છૂટતાં... કહ્યું ને? '**સર્વ પરદ્રવ્યથી ભિન્ન...**' એટલે પર-આશ્રય પર-આલંબન છૂટતાં, એમ. પરદ્રવ્યથી ભિન્ન એટલે પરાશ્રય ને પર-આલંબન છૂટતાં 'પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ થાય છે.' એનો અર્થ કે પર-આશ્રયમાં પરદ્રવ્ય આદિ તો આવ્યા પણ ગુણભેદ પણ પરમાં આવ્યા. એનાથી છૂટીને અહીં શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે. સમજાણું કાંઈ? છે ને પુસ્તક છે ને સામે? અહીં તો પુસ્તક હવે તો તૈયાર થયા છે. પછી તો આ શરૂ કર્યું છે. સમજાણું કાંઈ?

આને 'જિનપ્રવચન-રહસ્ય-કોષ' પણ એક નામ આપ્યું છે. ગમે એણે આપ્યું હોય. સમજાણું કાંઈ? જિનપ્રવચન રહસ્ય એનું રહસ્ય છે, એનો આ કોષ છે. તમારે દવાનો કોષ

હોય ને એક? .... એમ આખો આ જૈન સિદ્ધાંતનો રહસ્ય-કોષ છે, રહસ્ય-કોષ છે, મર્મનો કોષ છે આ. સમજાણું કાંઈ?

સર્વ પરદ્રવ્યથી (ભિન્ન) સ્વ-આશ્રય નિશ્ચયમાં, સ્વ-આશ્રય અવલંબનમાં, નિશ્ચયના મુખ્યપણામાં, દૃષ્ટિમાં નિશ્ચયના અંતર અભેદના મુખ્યપણામાં આવતા '**પરદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપ...**' દેખો! પોતાનું એ. પોતાનો પેલો રાગ ને પર્યાય-અંશ એમ નહિ. પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જે ત્રિકાળ એનો અનુભવ થાય છે. પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એ દ્રવ્ય થઈ ગયું, વસ્તુ થઈ. સમજાણું? '**પરદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો...**' પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એ સ્વ-આશ્રય રહી ગયો. સમજાણું કાંઈ? પુસ્તક આપ્યું છે ને? તમને આપ્યું છે ને? 'પુરુષાર્થ-સિદ્ધિ-ઉપાય' છોકરાએ આપ્યું છે. બહુ ઝીણી વાત છે આ. આહાહા..!

ભગવાનઆત્મા..! અહીં તો આપણે સ્વ-આશ્રયનું વજન દઈને બધો અર્થ થાય છે. સ્વ-આશ્રય નિશ્ચય. સ્વ-આશ્રય નિશ્ચય ક્યારે થયું કહેવાય? કે જ્યારે એને શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જે છે એનો આશ્રય થયો, એનું આલંબન થયું (ત્યારે) અનુભવ થાય છે, ત્યારે એનો અનુભવ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'સ્વ-આશ્રયો નિશ્ચયઃ', 'સ્વ-આશ્રયો મુખ્ય'. સ્વ-આલંબી નિશ્ચય, સ્વ-આલંબી સત્ય, લ્યો! વળી બીજો શબ્દ આવ્યો. સ્વ-આશ્રયો નિશ્ચય, સ્વ-આશ્રય સ્વાલંબી નિશ્ચય, સ્વાલંબી સત્ય, પરાલંબી અસત્ય. એય...! સમજાણું કાંઈ? સ્વાલંબી સત્ય, સ્વાલંબી મુખ્ય, સ્વાલંબી એક ચૈતન્ય, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ. લ્યો! એમ આશ્રય થતાં શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ થાય છે. જુઓ! કેટલી વાત લખી છે માળે! 'ટોડરમલ્લજી' પણ ...

એક જણ કહે, 'પુરુષાર્થ-સિદ્ધિ-ઉપાય' લો. એક જણો વળી કહેતો હતો 'સમયસાર' ત્રણ દિ'માં વાંચી લીધું. ત્રણ દિ'માં 'સમયસાર'. શું પણ તમારા મહારાજ આટલા વર્ષથી વાંચ્યા જ કરે છે, હજી... એય...! 'જીતુ' ગયો કે નહિ? 'જીતુ' છે કે નથી? એ 'જીતુ' કહેતો કે મારી બાને કો'કે કહ્યું ન્યાં, ... તમારા મહારાજ આટલા-આટલા વર્ષ થયા, પણ અહીં તો ત્રણ દિ'માં 'સમયસાર' આખું વાંચી લીધું, લ્યો! એમાં શું નવું? પોષાય એવી વાત કરે. આહા..! અરે..! ભાઈ! સ્વ-આશ્રયે 'સમયસાર' વાંચવો જોઈએ, એ વાંચ્યો કહેવાય. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અભેદ ચૈતન્યજ્યોત એનો આશ્રય લેતા, એનો અનુભવ કરતાં શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો જ આશ્રય રહી ગયો એમ કહે છે અને તેથી તેનો અનુભવ થાય છે, એનો અનુભવ થાય છે. જેનો આશ્રય રહ્યો એનો અનુભવ થયો. આનો આશ્રય રહ્યો નહિ, પરનો આશ્રય રહ્યો નહિ પરનું અવલંબન રહ્યું નહિ, પરનો પક્ષ રહ્યો નહિ, પરનું લક્ષ રહ્યું

નહિ, એમ ગુણભેદનો આશ્રય રહ્યો નહિ, ગુણભેદનો પક્ષ રહ્યો નહિ, ગુણભેદનું લક્ષ રહ્યું નહિ. સમજાણું કાંઈ?

કહે છે, ત્રણ વાત કરી. શું ત્રણ? કે સ્વ-આશ્રય નિશ્ચયને દૃષ્ટિમાં લેવાથી-આશ્રય કરવાથી-અવલંબન કરવાથી અજ્ઞાનનો અભાવ થાય, ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થાય અને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પોતાના શુદ્ધ ચૈતન્યનો અનુભવ થાય. લ્યો! ત્રણ બોલ લીધા. કહો! સમજાણું કાંઈ? આમ ભેદજ્ઞાન તો આમ કીધું. અજ્ઞાનનો અભાવ, ભેદજ્ઞાનની પ્રાપ્તિ, આમનો અનુભવ, એમ. સમજાણું કાંઈ? એમાં એમ છે કે નહિ? છે? 'ટોડરમલ્લજી'એ લખાણ તો ભારે કર્યું છે, હોં! આવું લખાણ કરનારાને અને પાછા અમે જાણનારા 'ટોડરમલ્લ' પ્રમાણે ... એના કરતાં અમે બહુ શાસ્ત્ર જાણ્યા છે (એમ કહે છે). અરે..! ભાઈ! જુઓને! કેટલું તોળી-તોળીને નાખ્યું છે. સમજાણું? 'સમયસાર'માં 'જયચંદ' પંડિતનું છે, આ 'ટોડરમલ્લ'નું છે.

ભાઈ! સ્વ-આશ્રય નિશ્ચયનું જ્ઞાન આચાર્યને અથવા વક્તાને જેમ છે તેમ ન હોય તો શિષ્યોનું અજ્ઞાન દૂર નહિ થાય, અજ્ઞાન દૂર નહિ થતાં ભેદજ્ઞાન નહિ થાય, ભેદજ્ઞાન ન થતાં શુદ્ધ ચૈતન્યનો અનુભવ નહિ થાય. સ્વ-આશ્રય અભેદનું જ્ઞાન હોતા તેના કથનમાં એ મુખ્યપણે આવતા શિષ્ય પણ તે મુખ્યપણાના સ્વ-આશ્રયને લક્ષમાં, દૃષ્ટિમાં લેતા તેમ અનાદિ પરની એકબુદ્ધિનો અજ્ઞાન નાશ થઈ પરથી ભિન્ન પડતા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો અનુભવ થાય છે. કહો, સમજાણું કે નહિ? હળવે-હળવે નરમ પડ્યું કે નહિ? હવે કેટલુંક રહ્યું? આ તો ઘુંટાય, હળવે-હળવે તો ઘૂંટાય છે. આ કાંઈ પ્રોફેસરની જેમ એકદમ ચાલતું નથી. આહા...! અરે..!

મુખ્ય કહેતા, નિશ્ચય કહેતા, સ્વ-આશ્રય કહેતા એ જ તું આખો એક જ છો, એમ કહે છે, લ્યો! સમજાણું કાંઈ? એ જ અખંડાનંદ પ્રભુ અભેદ જેને અહીંયા પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એમ શબ્દ વાપર્યો છે. પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એ જ સત્ય, એ જ મુખ્ય, એ જ સ્વ-આશ્રય, એ જ આશ્રય કરવા લાયક, એ જ અવલંબન કરવા લાયક. એમ નિશ્ચયથી આવું જેને સ્વ-આશ્રય નિશ્ચયનું જ્ઞાન છે એ યથાર્થ ઉપદેશ કરી શકે છે. પછી બીજા શાસ્ત્રો ભલે અનેક હો, 'ધવલ' ને 'જયધવલ' ને 'મહાધવલ' એમાં કાંઈ બીજું ન હોય. એમાં પણ આની આ વાત સિદ્ધ કરવાની વ્યવહારની બીજી વાત હોય. સમજાણું કાંઈ? આ જેના લક્ષમાં-દૃષ્ટિમાં નથી તેને સાચું જ્ઞાન નથી અને તે સાચું જ્ઞાન બીજાને કહી શકતો નથી. ઉપચારના કથનોને સાચા ઠરાવી અને આશ્રય પરનો છોડાવતા નથી એને અજ્ઞાન ટળતું નથી, ભેદવિજ્ઞાન થતું નથી અને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતો નથી. સમજાણું કાંઈ?

**'ત્યાં પરમાનંદ દશામાં મગ્ન થઈ...'** હવે જુઓ! આગળ વધે છે. શું કહે છે? પહેલું

તો આ સ્વ-આશ્રય નિશ્ચયનું ભાન થયું, શું થયું? કે અજ્ઞાનનો નાશ થયો, ભેદજ્ઞાનની પ્રાપ્તિ થઈ, પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થયો. આ નિશ્ચય સ્વ-આશ્રય, સ્વાલંબન. એથી **'ત્યાં પરમાનંદ દશામાં મગ્ન થઈ...'** જુઓ! બાકી ક્રિયાકાંડ કરતાં-કરતાં કેવળજ્ઞાન પામે એમ નહિ. ભાઈ! શું કીધું સમજાણું? **'ત્યાં પરમાનંદ દશામાં...'** જે પરમાનંદનો અનુભવ થયો હતો, આ વસ્તુ શુદ્ધ ચૈતન્ય પોતાનો અનુભવ થયો એમાં ને એમાં લીન થયો, એ હવે ચારિત્ર થયું. સમજાણું કાંઈ? આ ચારિત્ર થયું.

પોતાનું શુદ્ધ સ્વરૂપ, એક. એનો આશ્રય લીધો પર્યાયે એટલે કે અનુભવ થયો. અનુભવ થતાં અજ્ઞાનનો નાશ થયો. ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થઈ અને અહીં આનંદનો અનુભવ થયો. એવો આત્મા જ્યાં અનુભવમાં આવ્યો હવે એમાં ને એમાં લીન થતાં. હવે કેવળજ્ઞાન પામવું છે ને? **'પરમાનંદ દશામાં મગ્ન થઈ...'** જોયું? પરમાનંદ દશામાં મગ્ન થઈ. એ પછી દશા લીન છે. એ જાણ્યું છે એમાં ને એમાં લીન થઈ. આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... **'કેવળદશાને પામે છે.'** લ્યો! એ કેવળજ્ઞાનની પૂર્ણતાની પ્રાપ્તિને પામે છે. શરૂઆતથી, વચમાં ને ઠેઠ ત્રણે. સમજાણું કાંઈ? 'નથુલાલજી'! એમાં છે કે નહિ? હવે તો ઘણા હિન્દી (લોકો) ગુજરાતી વાંચતા શીખી ગયા છે. થોડો-થોડો અભ્યાસ કરવો જોઈએ ત્યાં. કહો! સમજાણું આમાં? આ ભાષામાં જે શૈલીથી આવે ને એ પેલામાં હિન્દીમાં જરી અટકી જાય છે. આ લખાણ તો પાછુ ગુજરાતી છે. હિન્દીમાં પણ એ જ છે, હિન્દીનું જ ગુજરાતી છે, હોં! એમાં કોઈ ઘરનું નથી નાખ્યું એમાં. લ્યો!

**'ત્યાં પરમાનંદ દશામાં મગ્ન થઈ...'** હવે કહે છે, કેવળજ્ઞાન કેમ પામે? પોતાની સ્વ-આશ્રયની દૃષ્ટિ થઈ, અનુભવ થયો એ સ્વ શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ થયો, એ નિશ્ચય થયો, એ મુખ્ય થયો. હવે કેવળ કેમ પામે? કેવળ પામવાની કોઈ બીજી રીત હશે?-કે એ આત્મા જે આનંદના અનુભવમાં આવ્યો એમાં ને એમાં આનંદમાં વિશેષ મગ્ન થતાં (કેવળની પ્રાપ્તિ થાય છે). છે ને? તેથી ભાષા એમ લીધી, જોયું? પરમાનંદ દશામાં મગ્ન છે એમ ભાષા લીધી. કારણ કે આનંદ જે આ સ્વરૂપ આવું છે એમ જ્યાં શુદ્ધ અનુભવ થયો એ આનંદમાં મગ્ન થઈ ખુબ મગ્ન થઈ ગયો. 'મગ્ન થઈ કેવળદશાને પામે છે.' એમાં મગ્ન થઈ કેવળજ્ઞાનને પામે છે. વ્રતના વિકલ્પ કરીને કેવળજ્ઞાનને પામે છે, એમ નહિ. આહાહા..!

બીજે ઠેકાણે કહ્યું કે વ્યવહારના કથન છે, જાણવા લાયક કહેશે. ઉપચારના કથન, વ્યવહારના કથન, આરોપિત કથન, ભેદના કથન એ બધા જાણવા લાયક છે, આદરવા લાયક નથી. કહો, સમજાણું કાંઈ? તેથી જ કહે છે કે આ મુખ્ય ને ઉપચારનું જેને જ્ઞાન નથી એ બધા ગોટા વાળશે. બીજા શાસ્ત્રમાં આમ કહ્યું છે. પણ આ વસ્તુને નિશ્ચય રાખીને ભેદરૂપ ને પરરૂપના જેટલા કથનો છે એ બધા ઉપચારીક છે, એ જ્ઞાન કરવા માટે છે, આદરવા માટે

નથી. ત્યારે હવે એણે કહ્યું કે નિમિત્તનું જ્ઞાન કર એવું ક્યા શાસ્ત્રમાં છે? વળી એમ નાખ્યું છે. જ્ઞાન કરવા માટે નથી ત્યારે શું કહ્યું ઈ? જાણવા માટે છે. આદરવા માટે તો આ એક જ છે. વ્યવહારનું જ્ઞાન કર્યું એ પણ આદરવા માટે છે ને આ પણ આદરવા માટે છે, તો બે પડખા પડ્યા કેમ? મુખ્ય અને ઉપચાર થયા કેમ? બન્ને આદરણીય હોય તો બે પડ્યા કેમ? બન્ને એકલા જ જાણવા માટે હોય તો બે પડ્યા કેમ? સમજાણું કાંઈ?

(અહીંયા) કહે છે '**જે અજ્ઞાની આને જાણ્યા વિના...**' જોયું? '**જે અજ્ઞાની આને જાણ્યા વિના...**' આને એટલે? સ્વ-આશ્રય નિશ્ચય પોતાનું શુદ્ધ સ્વરૂપ, એનો અનુભવ કર્યા વિના, જાણ્યા વિના, ઓળખ્યા વિના. સમજાણું કાંઈ? આહા..! '**જે અજ્ઞાની આને જાણ્યા વિના...**' સ્વ-આશ્રય અનુભવ તે વસ્તુ છે, સ્વ-આશ્રય તે નિશ્ચય છે, સ્વ-આશ્રય તે મુખ્ય છે એવું જેને જ્ઞાન પણ નથી, જાણ્યું પણ નથી, જાણવામાં મુખ્યપણું એનું છે એ પણ તે લેતો નથી. '**ધર્મમાં લાગે છે...**' આને જાણ્યા વિના ધર્મમાં લાગે છે, એ શું લાગે છે? '**તે શરીરાશ્રિત ક્રિયાકાંડને ઉપાદેય જાણી,...**' કારણ કે એ તો શરીરની ક્રિયા થઈ. આ પૂજા, ભક્તિ, આ દયા પાળી, સામાયિક કરી, ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં વિકલ્પ ઊઠે એ બધું, આ વાણી હું બોલ્યો, ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં... જાપ થાય છે ને, જાપ એ બધું શરીર પર છે. એવા શરીરાશ્રિત ક્રિયાકાંડને ઉપાદેય જાણે, એને આદરણીય માને. અહીંયા જે આદરણીય સ્વ-આશ્રિત છે એનું તો જેને જ્ઞાન પણ નથી. સમજાણું કાંઈ? એવા '**જે અજ્ઞાની આને જાણ્યા વિના ધર્મમાં લાગે...**' જુઓ! જાણ્યા વિના ધર્મમાં તો લાગે છે ને? ધર્મમાં એટલે માને છે કે હું ધર્મમાં લાગ્યો. વળી એમ માથે અર્થ કરે. જુઓ! એને જાણ્યા વિના પણ ધર્મમાં તો લાગે છે ને? છે કે નહિ પણ એમાં શું લખ્યું છે? '**એને જાણ્યા વિના ધર્મમાં લાગે છે...**' ધર્મમાં લાગે એટલે કે હું ધર્મ કરું છું એમ માને છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... અંદર વસ્તુની દૃષ્ટિની ખબર નથી. હું ધર્મ કરું છું, એમ માને છે.

'**આને જાણ્યા વિના ધર્મમાં લાગે છે...**' એટલે કે ધર્મ કરું (છું) એમ માને છે. '**તે શરીરાશ્રિત ક્રિયાકાંડ...**' દેખો! એ શરીરની ક્રિયા, વાણીની ક્રિયા, વિકલ્પની ક્રિયા, મનની ક્રિયા, આ બધું ... મેં સ્તુતિ કરી, મેં સ્તુતિ કરી, લ્યો! શરીરથી મેં અપવાસ કર્યા, શરીર જીર્ણ થયું, જુઓ! રોટલા ન ખાધા. એ બધી '**ક્રિયાકાંડને ઉપાદેય જાણી...**' આમ જે સ્વ-આશ્રય અભેદ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને જાણતો નથી, એની દૃષ્ટિ નથી, એનું જ્ઞાન નથી અને ધર્મ કરવા મંડ્યો છે એ શરીરાશ્રિત ક્રિયાને ધર્મ માનશે. આહાહા..! સમજાણું

કાંઈ? અહીં તો અહીં સ્વ-આશ્રયમાં જ્યારે જ્ઞાન નથી એટલે પર-આશ્રયમાં ધર્મ (માને છે), એમ કહે છે. સમજાણું કાંઈ? સ્વ-આશ્રય શબ્દ છે ને? એટલે અહીં પછી પર-આશ્રયમાં, શરીરાશ્રયમાં એમ કહે છે.

સ્વ-આશ્રય (એટલે) પરથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય એને આશ્રયે ધર્મ થાય એની તો ખબર નથી, એનું જ્ઞાન નથી એટલે શરીરાશ્રિત એટલે પર-આશ્રિત '**ક્રિયાકાંડને ઉપાદેય જાણી,...**' લ્યો! '**સંસારનું કારણ જે શુભોપયોગ...**' ઠીક! શરીરથી લક્ષ જતાં શુભ-ઉપયોગ હોય, દયામાં, દાનમાં, ભક્તિમાં, પૂજામાં, વ્રતમાં, બ્રહ્મચર્ય પાળવાના શુભભાવ હોય. સમજાણું? શુભ. '**સંસારનું કારણ જે શુભોપયોગ...**' દેખો, ભાષા. એને જ મુક્તિ માને છે, એ જ સંસાર, એ જ મારે સંમત છે. સંસારનું કારણ જે (શુભોપયોગ). પહેલું શરીરાશ્રિત ક્રિયાકાંડ છે ને? આશ્રય છે ને? એનું લક્ષ થઈને શુભભાવ થયો ને? દયાનો, દાનનો, ભક્તિનો, પરોપકારનો, પૂજાનો, કાંઈ પરભાવથી એ શુભ છે, શુભ એ તો સંસાર છે.

સંસારનું કારણ, રખડવાનું કારણ '**જે શુભોપયોગ તેને જ મુક્તિનું કારણ માની,...**' જુઓ! આ બ્રહ્મચર્ય મેં પાળ્યું, મેં આ કર્યું, એવા વિકલ્પ, રાગ ઊઠે છે. શરીરાશ્રિત .. એવો અંદર પરલક્ષી શુભભાવ છે. એ તો શુભ છે, એ સંસારનું કારણ છે. વાણીથી કોઈ દિ' હું બોલ્યો છું કે હિંસા કરો, આમ કરો, ફલાણું કરો. અમે તો બસ! દયા પાળો, આ કરો (એમ કહીએ છીએ). સમજાણું? મનથી પણ અમે એ કહીએ છીએ. આમ કરો એમ નહિ. એ શુભરાગ છે. આમ કરો, સાચું બોલો, જૂઠું ન બોલવું, પરિણામ પ્રવર્તાવવું, ... લ્યો! મનમાં પણ અમે શુભ યોગને કર્યો છે. એ શુભ યોગને '**તેને જ મુક્તિનું કારણ માની...**' એ અમારે મોક્ષનું કારણ (છે). કારણ શબ્દે સંવર ને નિર્જરા. એ શુભ ઉપયોગ જ અમારે સંવર ને નિર્જરા છે, લ્યો! સમજાણું કાંઈ? ઈ કહે છે ને? ઈ ચોખ્ખી વાત અત્યારે કરે છે, ચોખ્ખી કરે છે. મુક્તિનું કારણ એટલે મોક્ષનું કારણ જ આ શુભોપયોગ છે. બાહુબલીજીની જાત્રા, સમ્મેદશિખરની જાત્રા એ ભાવ શુભ છે. હો ભલે પણ એ બંધનું કારણ છે. એને સંવર-નિર્જરાનું કારણ માને. કેમકે સ્વ-આશ્રયની અભેદની ખબર નથી એટલે એનું લક્ષ ત્યાં જાય છે. આમ આશ્રયની ખબર નથી એટલે અહીં આશ્રયમાં જે શુભભાવ થાય એને જ મોક્ષનું કારણ માને. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તત્ત્વને, ન્યાયને આધારે છે. આ ગાથામાં '**मुख्योपचारविवरण-निरस्तदुस्तरविनेयदुर्बोधाः**' અજ્ઞાનીનું અજ્ઞાન નાશ થવામાં આ કારણ (છે). તો આ કારણનો એ સ્પષ્ટ ખુલાસો કરે છે. અહીં શું છે પાઠ? '**मुख्योपचारविवरण**' એક વાત. પછી '**-निरस्तदुस्तरविनेयदुर्बोधाः**' જે અજ્ઞાન મહામુશ્કેલીથી નાશ થાય એવા અજ્ઞાનનો નાશ શિષ્યને

થાય, અજ્ઞાનનો નાશ થાય એવો તે મુખ્ય અને ઉપચારનો ઉપદેશ કરે. એનું જ આ સ્પષ્ટીકરણ છે. સમજાણું કાંઈ?

અજ્ઞાનનો નાશ કરવા માટે મુખ્ય ઉપદેશ જે છે અને ઉપચાર છે, એ બેનું બરાબર જેને જ્ઞાન છે. સમજાણું કાંઈ? તેથી એને મુખ્યનો ઉપદેશ થઈ અજ્ઞાનનો નાશ થશે, ઉપચારના કથનથી તેને શું છે તેનું જ્ઞાન થશે. જ્ઞાન થશે એટલે જાણવામાં રહેશે. અજ્ઞાન તો મુખ્યના કથન ને મુખ્યના આશ્રયે (નાશ) થાય છે. આ એનું સ્પષ્ટીકરણ કરે છે, ઘરનું નથી. તેથી કહ્યું ને? '**व्यवहारनिश्चयज्ञाः प्रवर्तयन्ते जगति तीर्थम्**' સંસારમાં, સમજાય છે? જગતમાં ધર્મતીર્થ પ્રવર્તાવે છે. ભારે વાત છે! બહુ સરસ વાત છે, હોં! અરે..! પણ એના જ્ઞાનના જ્યાં ઠેકાણા નથી, સ્વાશ્રિત પરાશ્રિતના, ક્યાંકનું ક્યાંક લગાડી દે. પરાશ્રિતમાં સ્વનો લાભ બનાવી દે ને સ્વ-આશ્રિત કોણ છે એની ખબર પણ નથી. સમજાણું કાંઈ?

'**સંસારનું કારણ જે શુભોપયોગ...**' લ્યો! '**તેને જ મુક્તિનું કારણ માની...**' તેને જ મોક્ષનું કારણ માની, તે જ સંવર-નિર્જરા એટલે મોક્ષનો માર્ગ, એમ. શુભોપયોગ જ મોક્ષનો માર્ગ, લ્યો! એ જ અત્યારે ચોખ્ખું કહે છે ને? શુભોપયોગ જ ક્ષાયિક સમકિતનું કારણ છે, માટે ક્ષાયિક સમકિતની ક્ષપકશ્રેણિ ચઢે એ ક્ષાયિક સમકિત છે. શુદ્ધ-ઉપયોગ ત્યારે થશે. હવે નીચે જો શુભોપયોગથી તમે ક્ષાયિક સમકિત નહિ માનો તો ક્ષાયિક સમકિત વિનાનું ક્ષપકશ્રેણિ શી રીતે ચઢશે? અને નીચે તો શુભોપયોગ જ છે, એમ કહે છે. અરે..! ભગવાન! શું પણ માર્ગ છે? ગાઢ કરે છે ને? ગાઢ. મિથ્યાત્વને ગાઢ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

શુભોપયોગ, આમ સ્વ-આશ્રય તત્ત્વના અભેદ તરફનો આશ્રય નથી, જ્ઞાન નથી, ભાન નથી, શ્રદ્ધા નથી, રુચિ નથી, એથી તેને ભેદ નામ પર-આશ્રયમાં જ એનું લક્ષ રહ્યા કરે છે. તો પર-આશ્રયમાં શરીર ને વાણી, મન એને આશ્રયે થતો જે શુભભાવ, બસ! એને જ મુક્તિનું કારણ એ માનશે. આમ કારણ નહિ માને, આનો અનુભવ તે મોક્ષનું કારણ છે, આનો અનુભવ, સ્વ-આશ્રયનો અનુભવ તે મોક્ષનું કારણ છે અને એમાં લીન થતાં જ કેવળજ્ઞાન થાય છે એવું જ્યાં ભાન નથી એટલે જે પર-આશ્રયમાં શુભોપયોગ થાય એને હિતનું કારણ માનશે. હિતનું કારણ કહો કે મોક્ષનું કારણ કહો! એમ. મારું હિત છે એમ કહે ને? મારા હિતને કારણે છે, એમાં મારું હિત છે, હિત કહો કે મોક્ષ કહો. હિતને કારણે, મારું હિત આમાં થાય છે. સમજાણું કાંઈ? નવકાર ગણે. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો... એ પરાશ્રય છે, શુભભાવ થયો. એ ક્યાં સ્વ-આશ્રય છે. આ સ્વ-આશ્રયની ખબર નથી એટલે પરાશ્રિતમાં ધર્મ માન્યા વિના રહેશે નહિ. 'શોભાલાલભાઈ'! એવી વાત છે. ઝીણી વાત છે. આહાહા..!

'**શુભોપયોગ તેને જ મુક્તિનું કારણ માની, સ્વરૂપથી ભ્રષ્ટ થયો થકો...**' છે ને? સ્વ અખંડ આનંદ જ્ઞાયક સ્વરૂપ ભાવ અભેદ છે એનાથી તો ભ્રષ્ટ છે. ભ્રષ્ટ થયો થકો, ત્યાં જ રોકાયો થકો, શુભોપયોગમાં ધર્મ માનતો થકો, પર-આશ્રયમાં થતાં ભાવને ધર્મ માનતો થકો, સ્વ-આશ્રયના ભાવની ખબર નથી. '**સંસારમાં ભમે છે.**' '**સ્વરૂપથી ભ્રષ્ટ થયો થકો સંસારમાં ભમે છે.**' બહુ સરસ વાત કરી છે. ઉપોદ્ઘાત ચોથી ગાથાનો બહુ સરસ કર્યો છે! પછી આ પાંચમી આવશે. '**તેથી મુખ્ય (-નિશ્ચય) કથનનું જાણપણું અવશ્ય જોઈએ.**' લ્યો! તેથી નિશ્ચયનું કહો! મુખ્યનું કહો! અભેદનું કહો! સ્વ આલંબનનું કહો! એના કથનનું જાણપણું, હોં! અવશ્ય જોઈએ. એના અંતરના મુખ્યપણાના જ્ઞાન વિના જેટલું બધું કરે તેને મોક્ષમાર્ગ માને અને સંસારમાં રખડે. માટે મુખ્યપણાનું જાણપણું જરૂર જોઈએ.

'**તે નિશ્ચયનયને આધીન છે...**' મુખ્યપણાનું જાણપણું તે નિશ્ચયનયને, સ્વ-આશ્રયને આધીન છે, પરાશ્રયને આધીન એ જ્ઞાન નથી. '**તેથી...**' માથે શબ્દ હતો ને? ઉપદેશદાતા ન્યાંથી ઉપડ્યું હતું. ક્યાં? ભાવાર્થની પહેલી લીટી-ઉપદેશદાતા, '**તેથી ઉપદેશદાતા નિશ્ચયનયના જાણનાર જોઈએ.**' સરવાળો કર્યો છે! જુઓને! તેથી ઉપદેશના દેનાર નિશ્ચયનયના જાણનાર જોઈએ. '**કારણ કે પોતે જ ન જાણે તે શિષ્યોને કેવી રીતે સમજાવી શકે?**' પોતે જાણતો ન હોય એ બીજાને કેમ સમજાવે? માટે સ્વ-આશ્રય મુખ્યનું જ્ઞાન જોઈએ, ઉપચારનું શું છે તે પછી કહેશે.

(**શ્રોતા** : પ્રમાણ વચન ગુરુદેવ!)

**અહા! જેણે દ્રવ્યસ્વભાવનું અવલંબન લઈને અંતરમાં સમ્યગ્દર્શન પ્રગટ કર્યું નથી તેને દેહના છૂટવા કાળે અરે! શરણ ક્યાં? અરે! દેહમાં રગેરગ તણાશે, સબાકા મારશે, રજકણે રજકણ પલટી જશે, તે વખતે જ્ઞાયક ભગવાન આત્મા જે શરણ છે તેની દૃષ્ટિ નહિ હોય તો એ જાશે ક્યાં? એ દુઃખમાં ભીંસાઈ જશે. ભાઈ! ત્યાં પોતાના આત્મા સિવાય બીજું કોઈ શરણ નથી. ૯૭૬.**

**- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી પુરુષાર્થ-સિદ્ધિ-ઉપાય, ગાથા-૪-૫
## પ્રવચન નં.૫, તા.૩૧-૧૨-૧૯૬૬
## (૧૨)

જે ઉપદેશક મુખ્ય અને ઉપચારનું કથન બરાબર ન જાણતો હોય, મુખ્ય ને વ્યવહારનું જ્ઞાન ન હોય તે શિષ્યના અજ્ઞાનને ટાળી શકતો નથી. માટે, એને મુખ્ય નિશ્ચય ને ઉપચારનું જ્ઞાન બરાબર જોઈએ. નિશ્ચયના જ્ઞાનની, નિશ્ચયાશ્રિતની વાત પહેલી આવી ગઈ. હવે પરાશ્રિત વ્યવહારનું જ્ઞાન જોઈએ. એકલું નિશ્ચયનું હોય ને વ્યવહારનું ન હોય તોપણ ભ્રષ્ટ થાય, યથાર્થપણે નિશ્ચય ન હોય, એમ.

'**વળી 'પરાશ્રિતો વ્યવહારઃ'...**' નિશ્ચયની વાત તો પહેલા પેરેગ્રાફમાં થઈ ગઈ. '**જે પરદ્રવ્યને આશ્રિત હોય તેને વ્યવહાર કહીએ.**' આત્મા સિવાય પરદ્રવ્યને આશ્રિત જે કાંઈ ભાવ કહેવાય-થાય તેને વ્યવહાર કહેવામાં આવે છે. '**કિંચિત્‌માત્ર કારણ પામીને અન્ય દ્રવ્યનો ભાવ અન્ય દ્રવ્યમાં સ્થાપન કરે તેને પરાશ્રિત કહે છે.**' કંઈ પણ નિમિત્ત દેખીને કે સંયોગ દેખીને એમાં ભાવ થયો હોય તો તેને પોતાના ભાવ કહેવા, '**અન્ય દ્રવ્યનો ભાવ અન્ય દ્રવ્યમાં સ્થાપન કરે તેને પરાશ્રિત કહે છે. તેનું જે કથન તેને ઉપચાર કથન કહે છે.**' ખરેખર તો કર્મના નિમિત્તથી થતાં વિકાર આદિ આત્માના ખરેખર માનવા તે મિથ્યાત્વ છે. કર્મના નિમિત્તે થતાં ઉપાધિ ભાવ શરીર, રાગ આદિ એને પણ આત્માના માનવા એ પણ મિથ્યાદૃષ્ટિ છે. પણ એ વ્યવહારનય એમ કહે છે કે અમારા છે, જીવના છે. એટલું જ્ઞાન એને કરાવે છે. સમજાય છે કાંઈ? કાંઈક ફળ પામીને કહ્યું ને? કાંઈક કારણ પામીને. વ્યવહાર કહે કે આત્માના છે, રાગ આત્માનો છે. આત્મા કરે છે એમ વ્યવહારનય કહે છે, ખરેખર એનો છે જ નહિ. કરે છે વ્યવહાર, નિશ્ચય કરતો નથી. કહો! સમજાણું? આવે છે ને આ ૧૪ મી ગાથા? ઈ પાંચમીની સાથે મેળવશે. ૧૪મી ગાથામાં આવે છે ને? '**सर्वोऽपि संसारः**' કીધું ને? પાંચમી ગાથા. એ ૧૪મી ગાથામાં કહે છે, જુઓ! મૂળ પાઠ. અહીંથી ઉપાડીને એ વાત લીધી. દાખલો લીધો છે એનો હેતુ છે ને! હેતુ. ત્યાં એ લીધું, જુઓ! ૧૪, ૧૪ ગાથા.

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

છે? ૧૪મી ગાથા, પાનું ૧૯. પણ વ્યવહારનય કહે ખરા પણ માની લે છે એને ભાન નથી. વ્યવહારથી છે એમ જાણવું. ૧૪મી છે, ૧૪મી '**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि**' કર્મકૃત ભાવથી રહિત છે, સંયુક્ત ન હોવા છતાં, એમ. છે? ખરેખર આત્મદ્રવ્ય કર્મના સંયોગથી થયેલો ભાવ એ સહિત છે જ નહિ, વ્યવહારનય કહે છે કે છે. એટલું એણે પરાશ્રિત ભાવને જાણવો જોઈએ. સમજાણું? છે ને એમાં? બેય લીધા છે, હોં! ભાવ એટલે રાગાદિ અને શરીરાદિ. '**અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે અને તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે.**' સંસાર એ જ સંસાર છે ખરેખર, એમ કહે છે. સમજાણું કાંઈ? એ પાંચમી (ગાથા) સાથે મેળવશે. પાંચમીમાં ભૂતાર્થ, અભૂતાર્થ છે ખરું ને?

વ્યવહારનય અભૂતાર્થને કહે છે. સમજાણું કાંઈ? જે એનો ભાવ નથી એનો એને કહે છે. શરીરાદિ એના નથી, રાગાદિ (એના નથી), પણ એટલો એને સંબંધ છે એટલું એણે જાણવું જોઈએ. એ કહેશે જુઓ! '**કિંચિત્‌માત્ર કારણ પામીને અન્ય દ્રવ્યનો ભાવ અન્ય દ્રવ્યમાં સ્થાપન કરે તેને પરાશ્રિત કહે છે. તેનું જે કથન તેને ઉપચાર કથન કહે છે.**' જુઓ! અભૂતાર્થ કથન કહો! વ્યવહાર કથન કહો કે ઉપચાર કથન કહો. '**એને જાણીને...**' જુઓ! હવે આવ્યું. '**શરીરાદિ સાથે સંબંધરૂપ સંસારદશા છે...**' એ વ્યવહાર થયો. આ વ્યવહાર છે ને? શરીરાદિ સાથે ને રાગાદિ સાથે સંબંધરૂપ સંસારદશા છે, નિશ્ચયમાં એ એના નથી. સમજાણું કાંઈ?

શરીરનો આ નિમિત્ત-નિમિત્ત સંબંધ છે કે નહિ? અને રાગાદિનો સંબંધ છે કે નહિ? એવું ન જાણે તો એને છોડવાનો પ્રયત્ન કરે જ નહિ અને શુભજોગથી પણ ભ્રષ્ટ થાય, એમ કહેશે. જુઓ! '**એને જાણીને (જીવને) શરીરાદિ સાથે સંબંધરૂપ સંસારદશા છે...**' એમ લેવું. જીવની વાત છે ને અહીંયા? એને જાણીને એટલે કે ઉપચાર કથનને જાણીને-પરના પરમાં ભાવ કહેવાવાળા વ્યવહારનયના કથનને જાણીને શરીરાદિ સાથે એટલે શરીર ને રાગાદિ સાથે સંબંધરૂપ સંસારદશા છે. સમજાણું કાંઈ?

જીવને અને શરીરને વ્યવહારથી આમ નિમિત્ત-નિમિત્ત સંબંધ છે અને રાગાદિ પરિણામ જીવમાં છે, સંસારદશા છે એ વ્યવહાર છે, એ ઉપચાર છે. સમજાણું કાંઈ? એને જાણીને એટલે કોને?-કે અન્ય દ્રવ્યનો ભાવ અન્ય દ્રવ્યમાં સ્થાપન કરે તે પરાશ્રિત, એનું કથન ઉપચાર કથન છે, એને જાણીને. જાણવું જોઈએ બરાબર કે કર્મને ને આત્માને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે, શરીરને અને એને સંબંધ છે, આત્મામાં રાગાદિ ભાવ છે. અહીંયા વ્યવહારનયની વાત છે, હોં! નિશ્ચયનય કહે છે કે એમ પણ આમ માની લે તો ભવનું બીજ છે, ભવનું બીજ છે. સમજાણું કાંઈ?

વ્યવહારે એને જ્ઞાનમાં બરાબર જાણવું જોઈએ. રાગ ને સંસાર ન હોય, સંસાર નથી...

નથી... નથી... દુઃખ તો નથી તો પછી ટાળવું શું? સંસારદશા વ્યવહારનયવાળી કહે છે કે સંસાર છે, રાગ-દ્વેષ છે, શરીર સંબંધ છે, કર્મનો સંબંધ છે. સમજાણું કાંઈ? આ બે નયના પરસ્પર ન્યાય સમજ્યા વિના આ બધા વિરોધ ઊઠ્યા છે ને! તેથી કહે છે, મુખ્ય-ઉપચારનું જ્ઞાન તો બરાબર ઉપદેશક આચાર્યને, આચાર્યની પ્રધાનતા છે, હોં! એને હોવું જોઈએ. એ વિના તો નિશ્ચયમાં વ્યવહાર નાખી દે અને વ્યવહારમાં નિશ્ચય નાખી દે અને ગડબડી થાય ને વાસ્તવિક તત્ત્વ એને પ્રતીતમાં આવે નહિ. લ્યો!

એને જાણીને એટલે કોને? વ્યવહારને, ઉપચારને. શું જાણે?-કે શરીરાદિ સાથે સંબંધરૂપ વિકાર છે, શરીર સંબંધ છે એમ જાણે, બસ! એને ન જાણે તો તો થઈ રહ્યું. આ સંબંધ નથી તો પછી સંબંધ નિશ્ચયથી નથી એ ક્યાંથી આવ્યું? સંબંધ વ્યવહારે છે, નિશ્ચયે નથી. સમજાણું કાંઈ? તેને જાણીને, '**સંબંધરૂપ સંસારદશા છે તેને જાણીને, સંસારનાં કારણ જે આસ્રવબંધ...**' લ્યો! જોયું? શું કીધું પહેલું? કે ઉપચારને જાણીને '**શરીરાદિ સાથે સંબંધરૂપ સંસારદશા છે તેને જાણીને,...**' સંસાર છે, રાગ-દ્વેષ છે, પુણ્ય-પાપ છે, અશુદ્ધતા છે. '**તેને જાણીને, સંસારના કારણ...**' એ સંસારના કારણ (છે). જુઓ! એ સંસાર છે એના કારણ જે આસ્રવ ને બંધ '**તેને ઓળખીને,...**' આસ્રવ, બંધ એણે ઓળખવા જોઈએ ને! વિકારી પરિણામ તે આસ્રવભાવ ... સમજાણું કાંઈ?

'**સંસારના કારણ જે આસ્રવબંધ તેને ઓળખીને,...**' લ્યો! આ બધો વ્યવહાર થયો. સમજાણું કાંઈ? રાગ-દ્વેષ છે, શરીર-સંબંધ છે એ સંસાર દશા છે. એને જાણી અને એના કારણરૂપ આસ્રવ અને બંધને ઓળખી. બરાબર જાણવું જોઈએ કે પુણ્ય-પાપના ભાવ તે આસ્રવ છે, અટક્યો છે તે બંધ છે. પરના રજકણો આવે તે દ્રવ્ય આસ્રવ છે, રજકણો બંધાય તે દ્રવ્યબંધ છે. એનું વર્ણન કરશે ત્યારે બે-બે કરશે, આસ્રવ-બંધનું વર્ણન છે ને? એમાં ક્યાંક છે ને ઈ? નવ તત્ત્વમાં. સમજાણું? તત્ત્વાર્થશ્રદ્ધાન કહ્યું છે કે નહિ? તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે ને? કેટલામી ગાથા? એ સમ્યગ્દર્શનની હશે, ઠીક! ૨૨ ગાથા, ઠીક! એ તો સમ્યગ્દર્શનનું શરૂ કરે છે એ.

'**जीवाजीवादीनां तत्त्वार्थानां सदैव कर्त्तव्यम्**' સમજ્યા ને? ત્યાં આગળ આસ્રવ-બંધની વ્યાખ્યા જરીક બીજી રીતે કરી છે. '**આસ્રવ તત્ત્વ : જીવના રાગાદિ પરિણામથી યોગ દ્વારા આવતા પુદ્‌ગલના આગમનને આસ્રવ તત્ત્વ કહીએ.**' એવી રીતે લીધું. છે ને? પેલી કોર. ૨૮ (નંબરનું) પાનું છે. છે ને આસ્રવ? અહીં આપણે આસ્રવ-બંધ ચાલે છે ને આ? '**આસ્રવતત્ત્વ : જીવના રાગાદિ પરિણામથી...**' એ ભાવ '**યોગ દ્વારા આવતા પુદ્‌ગલના આગમનને આસ્રવતત્ત્વ કહીએ.**' અહીં આસ્રવતત્ત્વ એમ સિદ્ધ કર્યું છે. તત્ત્વાર્થશ્રદ્ધાની વ્યાખ્યા જ્યાં સ્પષ્ટ કરી છે (ત્યાં આમ લીધું છે).

'**બંધતત્ત્વ : જીવને અશુદ્ધતાના નિમિત્તે આવેલાં પુદ્‌ગલોનું જ્ઞાનાવરણાદિરૂપ પોતાની સ્થિતિ અને એના રસસંયુક્ત પ્રદેશો સાથે સંબંધરૂપ થવું તે બંધતત્ત્વ કહીએ.**' એમ લીધું છે. સંવરમાં એમ લીધું છે, નિર્જરામાં એમ લીધું છે. વ્યવહારથી ભેદરૂપ છે ને એટલે. સમજાણું કાંઈ? મારી દશામાં સંસાર છે, વિકાર છે, શરીરનો સંબંધ છે એમ વ્યવહાર ઉપચારને બરાબર જાણવું જોઈએ. ઉપચાર છે એને ન જાણવું કે ના, ના, એ કાંઈ નથી એમ નહિ. સમજાણું કાંઈ? જાણવા માટે વાત છે, હોં! વસ્તુની સાથે સંબંધ ધરાવે તો તો મિથ્યાત્વ થઈ જાય. આ એક જાણવા લાયક છે.

'**મુક્તિ થવાના ઉપાય...**' હવે પેલા સંસારના કારણ જાણ્યા, સંસાર ને બંધ, આસ્રવ ને બંધ. હવે '**મુક્તિ થવાના ઉપાય જે સંવર-નિર્જરા તેમાં પ્રવર્તે.**' જુઓ! આસ્રવ-બંધને જાણી મુક્તિ થવાનો ઉપાય, મોક્ષ થવાનો જે ઉપાય સંવર-નિર્જરા તેમાં પ્રવર્તે, પર્યાયમાં પ્રવર્તે, સંવર-નિર્જરા પર્યાયમાં પ્રવર્તે. એમ કહ્યું ને? સમજાણું કાંઈ?

'**અજ્ઞાની એને જાણ્યા વિના...**' આ સંસાર દશા, રાગ-દ્વેષ સંબંધ, શરીરનો સંબંધ એ સંસાર, એના કારણ આસ્રવ-બંધ, એને ટાળવાનો ઉપાય સંવર ને નિર્જરા મોક્ષનો ઉપાય, '**એને જાણ્યા વિના (અજ્ઞાની) શુદ્ધોપયોગી થવા ઇચ્છે છે...**' હજી સંસાર દશા છે એનું જ્ઞાન કર્યું નથી ને શુદ્ધોપયોગ થાય? શી રીતે થાય? સમજાણું કાંઈ? '**શુદ્ધોપયોગી થવા ઇચ્છે છે તે પહેલાં જ વ્યવહારસાધનને છોડીને...**' કારણ કે વિકાર આદિ છે એને તો છોડવું નથી. વિકાર છે, છોડવાનું એને જ્ઞાન નક્કી કરવું જોઈએ. એ વ્યવહાર સાધન કીધું અહીં, જુઓને! વ્યવહાર સાધનને છોડીને. છે ને? શું સાધન કહ્યું? શું શબ્દ છે? એ શુભરાગ ઉપયોગ જે છે ને પહેલો રાગ તીવ્ર છે એને મંદ કરવાનું ત્યાં હોય છે કે નહિ વ્યવહાર સાધનમાં? વ્યવહાર સાધનમાં, વ્યવહાર ઉપચાર કથનમાં, ઉપચારનું જ્ઞાન કરવામાં, એમ છે અહીં વાત. સંતોષની ક્યાં વાત છે? આ તો જો એને રાગવાળો, સંસારવાળો, બંધવાળો, નિમિત્તના સંબંધ શરીરવાળો ન જાણે તો એને શુભભાવ થાય ક્યાંથી? શુભભાવ ન થાય. કારણ કે એને આમ જાણે તો એને છોડું એવો વિકલ્પ થાય અને શુભભાવ ન થાય તો પછી ભ્રષ્ટ થાય, એમ કહે છે.

'**અજ્ઞાની એને જાણ્યા વિના શુદ્ધોપયોગી થવા ઇચ્છે છે તે પહેલાં જ વ્યવહારસાધનને છોડીને...**' વિકલ્પો છે, શુભભાવ છે, આ જાણ્યું એ બધો શુભભાવ છે. આ આસ્રવ છે, આ બંધ છે, આ સંસાર છે એમ જાણ્યું ને? એવો અંદર વિકલ્પ શુભભાવ છે. એને જાણ્યા વિના પાધરા '**શુદ્ધોપયોગી થવા ઇચ્છે છે તે પહેલાં જ વ્યવહારસાધનને છોડીને...**' શુભોપયોગને છોડી '**પાપાચરણમાં (તરત) જોડાય,...**' એમ કહે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**નરકાદિક દુઃખસંકટમાં કથનનું પણ જાણપણું જોઈએ.**' જાણપણું જોઈએ એમ કહે છે અહીં. આત્માને ને કર્મને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે, શરીરને ને આત્માને નિમિત્ત સંબંધ છે, આસ્રવ-બંધ સંસારના કારણ છે, તેને ટાળવાના મુક્તિનો ઉપાય આ સંવર-નિર્જરાની પ્રવૃત્તિ છે એમ એણે નક્કી જાણવું જોઈએ. એ બધા ઉપચાર છે પણ જાણવું જોઈએ, એમ કહે છે. સમજાણું કાંઈ? 'સમયસાર' ની શૈલીની આમાં વધારે સ્પષ્ટતા છે. સાદી સાધારણ વાત લીધી છે. સમજાય છે? પેલું તો એકલું માખણ ભર્યું છે.

તેથી '**તે વ્યવહારનયને આધીન છે...**' એ જાણવું વ્યવહારનયને આધીન છે. રાગ, દ્વેષ, વિકાર, કર્મસંબંધ એનું જાણવું વ્યવહારનયને આધીન છે. '**તે વ્યવહારનયને આધીન છે તેથી ઉપદેશદાતાને વ્યવહારનું પણ જાણપણું જોઈએ.**' એને બરાબર જોઈએ. પાછો ગોટો ન્યાં વાળે તો શુભજોગથી ભ્રષ્ટ થશે અને નિશ્ચયમાં આવી શકશે નહિ. '**આ રીતે બન્ને નયોના જાણનાર આચાર્ય ધર્મતીર્થના પ્રવર્તક છે, બીજા નહિ.**' લ્યો! સમજાણું કાંઈ? નિશ્ચયથી કર્મકૃત વિકાર આદિ સંયુક્ત નથી પણ વ્યવહારથી સંયુક્ત છે, એને ન જાણે તો નથી એવો નિશ્ચય ક્યાંથી કરશે? સમજાણું કાંઈ? વ્યવહારથી કર્મ અને કર્મના નિમિત્તે થતાં વિકાર એનાથી સંયુક્ત જીવ પર્યાયદૃષ્ટિએ છે, સ્વભાવદૃષ્ટિએ જોતા એને પોતાનું માને તો મિથ્યાત્વ છે, સંસારનું બીજ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વ્યવહારનયનું સ્થાન જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્થાન નથી? લે, વ્યવહારનયનો વિષય નથી? ઉપચાર વસ્તુ નથી? વસ્તુ નથી તો વિષય નથી તો નય પણ નથી. નય છે એનો વિષય છે કે નહિ કાંઈ? આહા..! જ્ઞાન કરવા માટે વસ્તુ નથી કે આ બંધ છે, રાગ છે, દ્વેષ છે, સંબંધ છે એનું જ્ઞાન નહિ કરે તો એને છોડવાનો શુભ વિકલ્પ પણ નહિ કરે. સમજ્યા ને? છોડવા માટે છોડું એવો ભાવ પણ નહિ કરે. ઉપદેશદાતાને વ્યવહારનું બરાબર જાણવું જેમ છે તેમ તેને હોવું જોઈએ. એથી વ્યવહારથી નિશ્ચય થાય એમ અહીં વાત સિદ્ધ નથી કરવી. સમજાણું કાંઈ? વ્યવહારથી નિશ્ચય થાય ને વ્યવહાર કરતાં (નિશ્ચય થાય) એમ અહીં સિદ્ધ નથી કરવું. અહીં તો રાગ-દ્વેષ, પુણ્ય-પાપ પર્યાયમાં છે, સંસાર દશા છે, જીવને ને શરીરને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે, જીવને ને કર્મને નિમિત્ત સંબંધ છે એટલું એણે જાણવું જોઈએ. એવું જો એને જ્ઞાન ન હોય તો તો સત્‌નો ઉપદેશ કેવી રીતે આપશે? વ્યવહાર એ પણ વ્યવહારથી તો સત્ છે કે નહિ? સમજાણું કાંઈ? સાધન કોણે કહ્યું? શુભ ઉપયોગને છોડશે એના જ્ઞાનમાં વ્યવહાર નહિ હોય તો એમ કહે છે. જ્ઞાનમાં રાગાદિથી સંબંધ છે, શરીરથી સંબંધ છે એમ નહિ હોય તો શુભ ઉપયોગ નહિ રહે. કારણ કે એને છોડવું આ છે, છે એવો વિચાર જ નથી, તો તો પછી એને શુભભાવ પણ નથી. છે એવો વિચાર કરવો એ શુભભાવ છે.

સમજાણું કાંઈ? એને છોડી દેશે તો ભ્રષ્ટ થશે, એકલા પાપના વિચાર રહેશે, એમ કહે છે. 'વજુભાઈ'!

**'આ રીતે બન્ને નયોના જાણનાર...'** અહીં જાણવાનું વજન આપવું છે ને! **'આચાર્ય ધર્મતીર્થના પ્રવર્તક છે, બીજા નહિ.'** બરાબર પર્યાયભેદ, ગુણભેદ, રાગાદિ નિમિત્ત સંબંધ છે તેમ બરાબર જાણવું જોઈએ. એવું ન જાણે તો શિષ્યને વ્યવહાર સંબંધ છે એમ તો કહેશે નહિ. સંબંધ નથી તો કહેશે, તો સંબંધ છે એને તોડવાનું તો રહેશે નહિ. આ સંસાર જ નથી તો સંસારના કારણ આસ્રવ-બંધ નથી, તો એને ટાળવાના ઉપાય સંવર-નિર્જરાની પરિણતિ પ્રવૃત્તિ પણ નથી, તો તો વ્યવહાર રહ્યો જ નહિ. સમજાણું કાંઈ?

વ્યવહારને આશ્રયે સંવર-નિર્જરા થાય છે કે એ અહીં પ્રશ્ન નથી, પણ થયેલી પ્રવૃત્તિના પરિણામને ઉપચારથી જીવના કહેવામાં આવે છે. ખરેખર નિશ્ચયથી તો દ્રવ્યના સ્વરૂપમાં એ છે નહિ. સમજાણું કાંઈ? પણ વ્યવહારથી વ્યવહાર નથી તો તો પછી નિશ્ચય એને સાબિત શી રીતે કરશે? એ... 'ધર્મચંદજી'! અટપટી વાત ભારે! સાચી વાત છે. સમજાણું કાંઈ?

પર્યાયમાં સંસાર જ નથી, સંસાર નથી તો તો વ્યવહાર નથી, એટલે પર્યાય-ઉપચાર પણ નથી. વિકાર જ નથી પર્યાયમાં તો આત્મામાં ઉપચાર તરીકે જે વિકાર કહેવાય છે એ નથી. સમજાણું કાંઈ? નિશ્ચયમાં નથી. દૃષ્ટિ જો એમ કરે કે એ મારા દ્રવ્યમાં છે તો તો મિથ્યાદૃષ્ટિ છે, પણ પર્યાયમાં છે એવું તો એને જ્ઞાન હોવું જોઈએ. એ... 'વજુભાઈ'! સમજાણું કાંઈ? નહિતર નિશ્ચયાભાસ થઈ જાય, શુભભાવ પણ રહેશે નહિ.

હવે, **'આગળ કહે છે કે આચાર્ય બેય નયોનો ઉપદેશ કેવી રીતે કરે છે?'** બે વાત કરી મુખ્ય ને ઉપચાર. એની વ્યાખ્યા કરી. હવે નિશ્ચય ને વ્યવહાર છે કેવો? સમજાય છે? 'આચાર્ય બેય નયોનો ઉપદેશ કેવી રીતે કરે છે?' તે વાત પાંચમી ગાથામાં કરે છે.

**निश्चयमिह भूतार्थं व्यवहारं वर्णयन्त्यभूतार्थम्।**
**भूतार्थबोधविमुखः प्रायः सर्वोऽपि संसारः।।५।।**

**'वर्णयन्त्य'** ને? કહે છે કે નહિ? અભૂતાર્થ પણ કહે છે કે નહિ? જુઓ! સંસારની વ્યાખ્યા કરી.

**અન્વયાર્થ :** **'इह'** શબ્દ પડ્યો છે ને? **'इह'** કોને લાગુ પડે છે? આચાર્યને કે ગ્રંથને? **'निश्चयमिह भूतार्थं'** આ ગ્રંથમાં કે આચાર્ય આમ કહે છે એમ આવે, **'इह'** શેમાં આવે છે? આમાં લખ્યું છે કે આ ગ્રંથમાં અને આણે પેલામાં જ્યાં આખો શબ્દ મુક્યો છે ત્યાં આચાર્ય આ બન્ને નયોમાં .. એમ લખ્યું છે. ટીકા છે ને? ટીકા. એથી કીધું આ **'इह'** ખરેખર કોને લાગુ પડે? બેયને સમુચ્ચય લાગુ પડે. **'इह'** એમ કહ્યું ને? આચાર્ય બે નયનો ઉપદેશ કેવી રીતે કરે છે? આ આચાર્ય ભૂતાર્થ-વ્યવહાર... નિશ્ચયને ભૂતાર્થ અને વ્યવહારને અભૂતાર્થ

વર્ણવે છે, '**वर्णयन्त्य**' છે ને?

**શ્રોતા :-** '**इह**'નો અર્થ મૂળમાં નથી અન્વયાર્થ. આમાં તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... આમાં પણ છે. '**इह**'નો અર્થ 'આ ગ્રંથમાં' કર્યું છે અને ટીકામાં '**इह**'નો અર્થ 'આચાર્ય' કર્યું છે. સમજાણું કહું છું ઈ?

**શ્રોતા :-** હિન્દીમાંથી કર્યું છે. અન્વયાર્થ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હિન્દી પ્રમાણે જ કર્યું છે. '**इह निश्चयं भूतार्थ व्यवहारं अभूतार्थ वर्णयन्ति**' '**આચાર્ય આ બન્ને નયોમાં નિશ્ચયનયને ભૂતાર્થ કહે છે અને વ્યવહારનયને અભૂતાર્થ કહે છે.**' આમાં આચાર્ય નાખ્યું છે. '**इह**' '**આ ગ્રંથમાં...**' જુઓ! '**આ ગ્રંથમાં...**' આ ગ્રંથની અંદર 'પુરુષાર્થ-સિદ્ધિ-ઉપાય' શાસ્ત્રમાં આચાર્ય, '**નિશ્ચયનયને ભૂતાર્થ...**' એ નિશ્ચયનયને સાચું કહે છે, સાચું કહે છે, સત્યાર્થ કહે છે. નિશ્ચયના કથનને સાચું કહે છે. ભૂત-છતો ભાવ કહે છે, સાચો ભાવ કહે છે. '**વ્યવહારનયને અભૂતાર્થ વર્ણન કરે છે...**' અને વ્યવહારનયને ખોટું છે, ઉપચાર છે, વ્યવહાર છે, જૂઠું છે એમ વર્ણન કરે છે. અભૂતાર્થ નામ જૂઠું છે એમ વર્ણન કરે છે. સમજાણું? પણ જૂઠું જાણવું ન જોઈએ? જૂઠું પણ છે કે નહિ? સ્વરૂપમાં નથી, પણ રાગ રાગરૂપે, સંસાર સંસારરૂપે, નિમિત્ત-નિમિત્ત સંબંધરૂપે છે કે નહિ?

વર્ણન કરે છે, '**वर्णयन्ति**' લ્યો! વર્ણન કરે છે, એય...! આવ્યું પાછું. આચાર્ય વર્ણન કરે છે, આચાર્ય વર્ણન કરે છે એમ લખ્યું છે. 'અમૃતચંદ્ર' પોતે કહે છે. એય...! 'દેવાનુપ્રિયા'! વર્ણન કરે છે એમ કહ્યું. વર્ણન કરી શકતા હશે ને? પણ વાણીમાં આવે શું? એમ જ કથનો આવે. કહે છે કે જૂઠા કથનની શૈલી એવી હોય. તેથી ઉપચાર કથન જ એવા હોય. છે ને? 'છોટાભાઈ'! વર્ણન કરે છે આચાર્ય. અને આચાર્ય પોતે કહે છે કે મેં કહ્યું નથી. અહીં કહે છે, આચાર્ય વર્ણન કરે છે. ન્યાં કહે કે મેં કહ્યું નથી, શબ્દે કહ્યું છે. કીધા પછીમાં પણ પહેલાં એ જ કહે છે. ત્યાં આગળ આમ વર્ણન આવે છે, શબ્દોમાં આવું વર્ણન આચાર્યના જ્ઞાનમાં એ રીતે તરવરે છે અને વર્ણન વાણી એ રીતે આવે છે, એમ કહે છે. નિશ્ચય વ્યવહારનું વાસ્તવિક તત્ત્વજ્ઞાન જ્ઞાનમાં વર્તે છે અને વાણીમાં આ રીતે આવે છે. એટલે નિમિત્તથી કથન કર્યું કે આચાર્ય એનું વર્ણન કરે છે. અરે..! ઝઘડા.

'**प्रायः**' '**ઘણું કરીને ભૂતાર્થ અર્થાત્ નિશ્ચયનયના જ્ઞાનથી વિરુદ્ધ જે અભિપ્રાય છે,...**' જુઓ! વજન અહીં છે. પેલાએ બીજું કહ્યું છે કે વ્યવહારનું જ્ઞાન નથી માટે ભ્રષ્ટ છે, ભાઈ 'મખ્ખનલાલજી' એ આનો અન્વયાર્થ કર્યો છે. એની આખી શૈલી એ ચાલી આવે છે. 'વ્યવહારનય કેવલપિ દેશના નાસ્તિ' વ્યવહાર ઉપર વજન છે. નિશ્ચય માટે એમ નથી કીધું. ઘણું કરીને સંસારી જીવ નિશ્ચયનયના જ્ઞાનથી વિરુદ્ધ, વાસ્તવિક ભગવાનઆત્મા રાગ

ને સંબંધથી રહિત એવો નિર્વિકલ્પ આત્મા જ્ઞાયકભાવ (છે) એના નિશ્ચયના જ્ઞાનથી રહિત જીવો '**બધોય સંસારસ્વરૂપ છે.**' એવો જે અભિપ્રાય એ બધો સંસારસ્વરૂપ છે, એમ કહે છે. નિશ્ચયનયના જ્ઞાનથી વિરુદ્ધ જે અભિપ્રાય, શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવ આત્મા તે સમ્યગ્દર્શનનો વિષય અને શુદ્ધ ચૈતન્યનો અનુભવ તે નિશ્ચય, એવા અભિપ્રાય વિનાનો જે અભિપ્રાય, કહો, સમજાણું કાંઈ? રાગથી ધર્મ થાય, રાગથી મોક્ષ થાય, વ્યવહારથી મોક્ષ થાય એવો બધો જે અભિપ્રાય '**બધોય સંસાર-સ્વરૂપ છે.**' અહીં તો એ કહે છે, લ્યો! અભિપ્રાય સંસાર-સ્વરૂપ છે એમ અહીં વજન આપ્યું છે. આહા..! આખું જોર ત્યાં છે.

ભગવાનઆત્મા અખંડ અભેદ શુદ્ધ ચૈતન્યજ્યોત એ નિશ્ચયના જ્ઞાન વિનાના એવા વ્યવહારથી જ માનનારા રાગ ને પુણ્યને સંબંધ છે તેથી આત્માનું કલ્યાણ થશે એવો જેનો અભિપ્રાય છે અથવા આ વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થશે એવો જે અભિપ્રાય છે એ નિશ્ચયનયના જ્ઞાનથી વિપરીત જ્ઞાન છે. સમજાણું કાંઈ? વ્યવહાર દયા, દાન, શુભભાવ કરતાં કરતાં નિશ્ચય થશે એ અભિપ્રાય નિશ્ચયનયના જ્ઞાનથી વિરુદ્ધ અભિપ્રાય છે. વ્યવહારને જાણવાનું કહ્યું, હોય છે બરાબર, પણ એનાથી નિશ્ચય થાય એવો જે અભિપ્રાય, એ સ્વ અખંડ જ્ઞાયકભાવનો જે નિશ્ચય એવા જે અભિપ્રાયથી આ અભિપ્રાય વિરૂદ્ધ અભિપ્રાય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ઘણું કરીને એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘણું કરીને એટલે ઘણા આવા જીવો હોય છે, એમ. અજ્ઞાની ઘણા આવા જ હોય છે. ઘણું કરીને એટલે ઘણું કરીને એટલે નિશ્ચયનું જ્ઞાન નથી એમ. ઘણું કરીને જીવો ઘણા આવા જ હોય છે નિશ્ચયના બોધ વિનાના. કોઈક જ્ઞાની છે એ ભલે હો. પ્રાયઃ શબ્દ વાપર્યો છે એટલે ઘણું કરીને.

'**ભૂતાર્થ અર્થાત્ નિશ્ચયનયના જ્ઞાનથી વિરુદ્ધ જે અભિપ્રાય છે,...**' નિશ્ચયનયના જ્ઞાનથી વિરુદ્ધ જે અભિપ્રાય, અહીં વજન છે. '**भूतार्थबोधविमुखः**' એમ શબ્દ છે ને? મહાસિદ્ધાંત છે, ભાઈ! એક-એક શબ્દોમાં... આ તો 'અમૃતચંદ્રાચાર્ય'ના શબ્દો છે. '**भूतार्थबोधविमुखः**' ભગવાનઆત્મા સત્યાર્થ પ્રભુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એના જ્ઞાનથી વિમુખ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? અને બીજું બધું જ્ઞાન છે કહે છે. વ્યવહારનું, શાસ્ત્રનું, આ રાગનું, કર્મના સંબંધનું ને કર્મની પ્રકૃતિઓનું.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ભલે રહ્યું ને. હા, કાંઈ વાંધો નહિ. કાંઈ વાંધો નહિ. ઘણું કરીને કર્યું છે ને? અતિશય ઠીક છે. વિશેષ છે ને. એ તો ઠીક છે. અતિશયપણે કીધું. અતિશયપણે સત્યાર્થ જે નિશ્ચય. જુઓ! એ બહુ સારો અર્થ કર્યો છે. એમ નાખ્યું છે. આમાં નાખ્યું

છે. આમાં હશે. છેલ્લે નાંખ્યું છે, ઘરનું તો નાંખે નહિ. આમાં હશે. આ છે ને. 'બહુત કરકે' 'ટોડરમલ'માં ઈ છે. એટલે પ્રાયઃ આત્માકા પરિણામ નિશ્ચયનય કે સિદ્ધાંતસે વિમુખ હોકર સહજ... આત્માનું છેને. આહાહા..! આમાં નથી. આમાંય નથી. 'ટોડરમલ'માં છે. એ તો એના કો'ક ઘરનું નાખે... અતિશયપણે ક્યાં આવ્યું? '**प्रायः भूतार्थबोधविमुखः सर्वोऽपि संसारः - અતિશયપણે સત્યાર્થ જે...**' શું કહે છે સમજાણું? અભૂતાર્થ વર્ણન કરે છે, ખાસ કરીને ભૂતાર્થ-નિશ્ચયનયના જ્ઞાનથી, અતિશય એટલે એમ. સમજાણું કાંઈ? ખાસ કરીને '**નિશ્ચયનયના જ્ઞાનથી વિરુદ્ધ જે અભિપ્રાય...**' લ્યો! શું કહે છે? ભગવાનઆત્મા જ્ઞાયક સ્વરૂપ અભેદ (છે) એના અભિપ્રાયની ખબર નથી ને એના જ્ઞાનની ખબર નથી. એકલા વ્યવહારના જ્ઞાનથી આત્માને લાભ થાય એવો જેનો અભિપ્રાય છે એ ભૂતાર્થબોધવિમુખ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

નિશ્ચયનું જ્ઞાન, ભૂતાર્થનું જ્ઞાન જેને નથી તે ભૂતાર્થ જ્ઞાનથી વિમુખ છે. એટલે કે અભેદ ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ તે જો આત્મા છે એવો જેનું જ્ઞાન ને અભિપ્રાય નથી એ એનાથી વિમુખ વ્યવહાર રાગથી, પુણ્યથી ને આનાથી મારો આત્મા છે ને એનાથી મને લાભ થાય એવો જેનો અભિપ્રાય છે, લ્યો! '**બધોય સંસાર સ્વરૂપ છે.**' સમજાણું કાંઈ? ૧૪મી ગાથામાં કહ્યું ને? ભવબીજ છે.

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

જે કોઈ આત્માને રાગાદિનો સંબંધ વ્યવહારે છે તેવો જ આત્માને માની લે. સમજાય છે? પર્યાયમાં સંબંધ છે તેવો આત્માને માની લે તો તે '**बालिशानां**' અજ્ઞાની, એનું જ્ઞાન ભવબીજ છે. લ્યો! સમજાણું કાંઈ? વસ્તુસ્વરૂપ રાગ ને શરીરથી ભિન્ન છે એવું જે આત્માનું સ્વરૂપ, એનો જો બોધ, એનાથી વિમુખ એને રાગવાળો ને વ્યવહારવાળો, રાગવાળો ને વ્યવહારવાળો એટલે રાગવાળો, એ રાગવાળો આત્મા છે એમ માની લે છે એ નિશ્ચયનયના જ્ઞાનથી વિપરીત અભિપ્રાયવાળો તે સંસાર છે. કહો! સમજાણું આમાં?

'**બધોય સંસાર સ્વરૂપ છે.**' એટલે કે મિથ્યાત્વ સ્વરૂપ છે. સમજાણું? એ અભિપ્રાય જ મિથ્યાત્વ છે એમ કહે છે. બીજી રીતે કહીએ તો એ ખાસ ભૂતાર્થ નિશ્ચયનું જે જ્ઞાન, અભેદનું જ્ઞાન અને અભેદ તે આશ્રય કરવા લાયક છે એ સિવાયનો બીજો કોઈ પણ અભિપ્રાય (એટલે કે) રાગનો આશ્રય કરવો, નિમિત્તનો આશ્રય કરવો, સંયોગનો આશ્રય કરવો એનાથી લાભ થાય-એવો જે બધો અભિપ્રાય એ '**भूतार्थबोधविमुखः**' તે તેનાથી ઊંધો, એ બધો અભિપ્રાય તે સંસાર છે. છે ને? એ અભિપ્રાય તે સંસાર છે, અહીં તો અભિપ્રાય તે સંસાર છે. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વભાવ તે સંસાર છે એમ અહીંયા સિદ્ધ કર્યું છે. આ તો

સમજાય એવી ભાષા છે, કાંઈ બહુ ઓલી નથી.

આત્મા ભૂતાર્થબોધ જ્ઞાયક સ્વરૂપ, અભેદ સ્વરૂપ એનો જે બોધ ને એનો જે અભિપ્રાય એનાથી વિમુખ બોધ (અર્થાત્) વ્યવહાર છે તો એનાથી આ નિશ્ચય થશે, વ્યવહાર છે તો આત્માને એને લઈને આલંબન મળશે, નિશ્ચયનું આલંબન મળશે, એવો જે એનો નિશ્ચયના આશ્રયના અવલંબનના બોધ-જ્ઞાનરહિત વ્યવહારના આલંબનવાળો જેટલો બોધ છે એ બધો મિથ્યાત્વ છે અને એ મિથ્યાત્વ તે સંસાર છે. જુઓ! અહીં મિથ્યાત્વને સંસાર, અભિપ્રાયને સંસાર કહ્યો, જુઓ! '**भूतार्थबोधविमुखः सर्वोऽपि संसारः**' એમ કીધું. છે ને? '**भूतार्थबोधविमुखः सर्वोऽपि संसारः**' લ્યો! સમજાણું કાંઈ? એવી તકરાર કરે. આમ છે ને તેમ છે. સાંભળને હવે, અહીંયાં મિથ્યાત્વ એ જ સંસાર સિદ્ધ કરવો છે. સમ્યગ્દર્શન એ જ મોક્ષનું કારણ ને મોક્ષસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

એકલો ભગવાન શુદ્ધ ચૈતન્ય પિંડ પ્રભુ, જેમાં રાગ ને પરનો સંબંધ જ નથી એવો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો અનુભવ દૃષ્ટિ તે મોક્ષ છે, તે મોક્ષ છે. કેમકે વસ્તુ મોક્ષ સ્વરૂપ છે એનો આશ્રય કરીને દશા સહિતનો આત્મા થયો એ સમકિત જ મોક્ષ છે. સમજાણું કાંઈ? મોક્ષથી થયેલો ભાવ તે મોક્ષ સ્વરૂપ છે. મોક્ષ સ્વરૂપથી વિપરીત ભાવ-અભિપ્રાય, તે મિથ્યાત્વ તે સંસાર છે.

જુઓ! સંસારની વ્યાખ્યા આવડી ટૂંકી! સંસાર તો કેવો મોટો! ચાર ગતિ, ... રાગ-દ્વેષ એ અહીં ન કીધું, ભાઈ! અહીં તો મિથ્યા-અભિપ્રાય તે સંસાર છે. વજન છે, ... એ સંસાર છે, એ સંસાર છે. આહાહા..! એનો અર્થ થયો કે ભૂતાર્થથી વિમુખ નથી ને ભૂતાર્થથી યથાર્થ સન્મુખ જ્ઞાન છે એ મોક્ષ છે. આહાહા..! સમજાણું કાંઈ? નિશ્ચયના આશ્રયે થતી દશાવાળો એ ભાવ જ મોક્ષ છે, એનાથી વિરુદ્ધવાળો ભાવ સંસાર છે. કહો! એય...! 'પંડિતજી'! એમાંથી નીકળે છે?

અહીં તો વજન ક્યાં છે આપણે, જુઓ, કે આ ગ્રંથમાં નિશ્ચયનયને સાચો કહેશે અને વ્યવહારનયને અભૂતાર્થ-જૂઠો કહેશે. એમ ચોખ્ખો શબ્દાર્થ પહેલો (છે). તેમાં ખાસ કરીને, સાચા નિશ્ચયનો એટલે સાચાના જ્ઞાનથી વિરુદ્ધ, સાચાના જ્ઞાનથી વિરુદ્ધ, લ્યો! ઠીક! સાચા જ્ઞાનથી વિરુદ્ધ, સાચો સત્ય પ્રભુ જ્ઞાયકભાવ, અભેદભાવ એ સાચું, એના જ્ઞાનથી વિરુદ્ધ. સાચો બોધ તે મુક્ત અને સાચા બોધથી વિમુખ એ સંસાર. કહો! ગુલાંટ ખાઈને વાત આવે છે કે નહિ આમાં? સમજાણું કાંઈ?

કેમકે સ્વરૂપ સાચા તત્ત્વનું બોધ (કહો) તો તત્ત્વ મુક્ત સ્વરૂપ છે. સમજાણું? એ મુક્ત સ્વરૂપ એવો ભગવાનઆત્મા એનો જે બોધ એ જ મુક્ત સ્વરૂપનો બોધ તે મોક્ષસ્વરૂપ છે. એ જ્ઞાનમાં બધું આવી ગયું-દર્શન, ચારિત્ર બધું (આવી ગયું). સમજાણું કાંઈ? અને એનો

વિમુખ બોધ, લ્યો! એનાથી એકલું વ્યવહારનું જ્ઞાન, સંસારનું જ્ઞાન, પ્રકૃતિનું જ્ઞાન, ફલાણાનું જ્ઞાન, ઢીંકણાનું જ્ઞાન. સમજાણું કાંઈ? કર્મપ્રકૃતિનું જ્ઞાન. ૧૪૮ આમ હોય ને તેનું ફલાણું હોય ને ઢીંકણું હોય ને એ બધા જ્ઞાન નિશ્ચયના બોધરહિતનો બોધ જે છે એ બોધ પોતે જ મિથ્યા સ્વરૂપ છે, ખરેખર તો અહીં એમ કહે છે. સમજાણું કાંઈ?

'**भूतार्थबोधविमुखः**' જુઓ! વિમુખનો અર્થ અહીં અભિપ્રાય કર્યો, ભાઈ! સમજાય છે? '**भूतार्थबोधविमुखः**' એટલે અભૂતાર્થ બોધ, એમ. એનો અર્થ જ આ કર્યો. '**भूतार्थबोधविमुखः**' એટલે અભિપ્રાય અથવા ભૂતાર્થ-સાચા બોધથી વિપરીત એટલે અજ્ઞાન. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય પરમાનંદ જ્ઞાયકભાવ, શુદ્ધસ્વરૂપ, એનું જે જ્ઞાન, શ્રદ્ધા એ વાસ્તવિક સ્વરૂપ એટલે મુક્ત સ્વરૂપ, એનું જ્ઞાન બોધ તે મુક્ત સ્વભાવ, મુક્ત ભાવ. એનાથી વિપરીત બોધ- એકલો વ્યવહારથી લાભ થાય, રાગથી લાભ થાય, પ્રકૃતિના જ્ઞાનથી, પર તરફના સન્મુખથી એવો જે બધો અભિપ્રાય તેને ભગવાન આચાર્યદેવ સંસાર કહે છે. જુઓ! અહીં બાયડી, છોકરા સંસાર નહિ, શરીર સંસાર નહિ, પૈસા-બૈસા સંસાર નહિ, 'શોભાલાલજી'! બંગલા સંસાર નહિ.

**શ્રોતા** :- અમારે રાખવા...?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રાખી કોણ શકે છે? રાખે કોણ ને છોડે કોણ?

અહીં તો સંસારનું ખરું મૂળ રૂપ એ છે કે વાસ્તવિક જ્ઞાયક ભગવાન બોધસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ એના જ્ઞાનથી, શ્રદ્ધાથી, સન્મુખથી વિમુખ જેટલા અભિપ્રાય છે એ બધો અભિપ્રાય એકલો સંસાર છે. આહાહા..! સમજાણું કાંઈ? જૈન દિગંબર સાધુ નવમી ગ્રૈવેયક ગયો, પણ કહે છે કે નિશ્ચયનયના બોધરહિત જે એને અગિયાર અંગ ને નવ પૂર્વનું જ્ઞાન તે બધોય સંસાર, મિથ્યા અભિપ્રાય સ્વરૂપ છે, એ સંસાર સ્વરૂપ છે, એમ કહે છે. આહા..! નવ પૂર્વ ભણ્યો, અગિયાર અંગ ભણ્યો અને પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ વિકલ્પ (કર્યા), એ આ સ્વભાવના બોધના આશ્રયના અવલંબન વિનાનું જ્ઞાન એ બધો એકલો બોધ, તે બધું મિથ્યા અભિપ્રાયવાળું છે, એ સંસાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- પરમાં સુખ છે એ અભિપ્રાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ અભિપ્રાય મિથ્યા સંસાર. એના માટે તો અહીં કહ્યું છે. ભૂતાર્થ બોધ વિમુખ, ભૂતાર્થ બોધ વિમુખ-અભૂતાર્થ બોધ એટલે મિથ્યા અભિપ્રાય, એમ. સમજાય છે કાંઈ? 'ધર્મચંદજી'! ધર્મ વિરુદ્ધ તે અધર્મ. આહાહા..! આચાર્યોની શૈલી પણ ... આમ તો શ્રાવકાચાર ચરણાનુયોગનો ગ્રંથ છે, પણ એનું મૂળિયું શું? મૂળિયું તો આ દર્શન. એ કહેશે આગળ. અખિલ પ્રયત્ન વડે કરીને પહેલાં ઉપાયે સમ્યગ્દર્શન પ્રગટ કરવું, એમ કહેશે આગળ. સમજાણું કાંઈ? દર્શનની શરૂઆત કરશે ને!

જુઓ! ૨૧ ગાથા, ૨૧. શ્રાવકની શરૂઆત કરે છે ત્યાં. '**આ ત્રણેમાં પ્રથમ કોને**

ગ્રહણ કરવું તે કહે છે :' ૨૧.

**तत्रादौ सम्यक्त्वं समुपाश्रयणीयमखिलयत्नेन।**
**तस्मिन् सत्येव यतो भवति ज्ञानं चरित्रं च।।२१।।**

મહા ગાથા જુઓ! '**तत्र**' શ્રાવકે, ગૃહસ્થોએ પણ... આ શ્રાવક ધર્મનું વ્યાખ્યાન શરૂ થાય છે. માથે જુઓ! શ્રાવકધર્મ વ્યાખ્યાન. શ્રાવકને પણ ત્યારે પહેલું '**तत्रादौ**', '**तत्र**' પહેલા પ્રથમમાં પ્રથમ '**अखिलयत्नेन**' 'સમસ્ત પ્રકારે સાવધાનતારૂપ યત્નથી સમ્યગ્દર્શન સારી રીતે અંગીકાર કરવું જોઈએ.' છે?

**શ્રોતા :-** એ તો છ દ્રવ્ય જાણ્યા એમાં આવી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છ દ્રવ્યમાં ક્યાં આવ્યું? ધૂળમાં. અહીં તો કહે છે, અહીં નિશ્ચય સ્વભાવ અભેદ છે એનું દર્શન તેને દર્શન કહે છે. છ દ્રવ્યનું જ્ઞાન તો એક સમયની પર્યાયમાં અભવિને પણ હોય છે. એ મિથ્યાજ્ઞાન, મિથ્યાઅભિપ્રાય છે, એમ કહે છે. એ છ દ્રવ્યનું જ્ઞાન સ્વદ્રવ્યનું જ્ઞાન સહિત છે ઈ. છ દ્રવ્યમાં પોતે દ્રવ્ય ભેગો આવી ગયો. સમજાણું કાંઈ?

'**કેમકે**' જુઓ, ૨૧માં છે '**तस्मिन् सति एव**' 'સમ્યગ્દર્શન હોતા જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર થાય છે.' છે ને? કેમકે '**तस्मिन् सति एव**' સમજાય છે? '**यतो**' નો અર્થ એ કર્યો, કેમકે. '**यतो**' છે ને? '**यत**'. '**तत्रादौ सम्यक्त्वं समुपाश्रयणीयमखिलयत्नेन**' જુઓ! સમ્યગ્દર્શન અખિલ પ્રયત્નથી થાય છે, એમ ને એમ નથી થતું. સમજાણું કાંઈ? પ્રયત્ન વિના થાય છે? પેલો કહે, ક્રમબદ્ધ છે, પણ ક્રમબદ્ધનો નિર્ણય કર્યો તે સ્વરૂપનો પ્રયત્ન કર્યો ત્યારે ક્રમબદ્ધનો નિર્ણય થયો. સમજાણું કાંઈ? ઊંધો નિર્ણય પણ કંઈ પ્રયત્ન વિના છે? આ તો અખિલ પ્રયત્ન. જેટલું જોર છે આત્માનું, એમ સમસ્ત પ્રકારે. સાવધાનરૂપ યત્નથી, '**यत्नेन**'. સાવધાનરૂપ યત્નથી. સમ્યગ્દર્શન શ્રાવકે થવા પહેલાં પહેલું આ અંગીકાર કરવું. જન્મ્યો એટલે થઈ ગયું સમકિત. દિગંબરમાં જન્મ્યા એટલે સમકિત, હવે વ્રત લેવા. આવા ને આવા. શું થાય હવે? મોટો ભાગ વધી ગયો. સમાજને કંઈ ખબર નથી. સાધારણ જે રીતે ચાલતું હોય તે રીતે ચાલ્યા દ્યો. બીજા સાધારણ વિચાર તો આવે એના બે ભાગ પડી જાય. કોઈને વ્યવહારનો આગ્રહ થઈ જાય અને કોઈને નિશ્ચયની મુખ્યતા રહે અને વ્યવહારનું જ્ઞાન. સમજાણું કાંઈ? કેમકે સમ્યગ્દર્શન થયા છતા, તે હોતા જ્ઞાનને જ્ઞાન કહેવાય, ચારિત્રને ચારિત્ર થાય. તો જ્ઞાન અને ચારિત્ર થાય, નહિતર જ્ઞાન-ચારિત્ર થાય નહિ. કહો! સમજાણું આમાં?

**ટીકા :** '**इह निश्चयं भूतार्थं व्यवहारं अभूतार्थं वर्णयन्ति**' '**આચાર્ય આ બન્ને નયોમાં નિશ્ચયનયને ભૂતાર્થ કહે છે...**' જુઓ, પેલા કહે છે કે સૌ સૌની અપેક્ષા સાચી, માટે કોઈને સાચી ને ખોટી કહેવી નહિ. એવા દાખલા આપે છે. પેલા કેવા? સન્મતિ તર્કનો શ્લોક છે ને? સમજાણું કાંઈ? અહીં તો આચાર્ય કહે છે, બન્ને નયોમાં નિશ્ચયનયને સાચી

કહે છે. એવા બહુ લખાણ આમાં આવે છે, પેલામાં પણ આવે છે. એકને સાચી ને બીજીને ખોટી એમ કહેવી નહિ, નિરાકરણ કરવું નહિ, નહિતર એકાંત થઈ જશે. એ તો હયાતી ધરાવે છે, એનો વિષય છે, વિષય છે, પણ આ નિશ્ચય સાચી છે. **'અને વ્યવહારનયને અભૂતાર્થ (ખોટી) કહે છે.'** ખોટી કહે છે એટલે કે છે ખરું, પણ જે સ્વરૂપ કહે છે તેવું એ નથી, એમ કહે છે. આના બધા વાંધા. પેલો કહે, અભૂતાર્થ છે, જૂઠું છે બધું? તો પછી આ શરીર ને વાણીના બધા સ્કંધ વ્યવહાર છે, લ્યો! વ્યવહાર જૂઠો છે આ? કર્મ છે, શરીર છે, વાણી છે, ભગવાન છે, પરમ ઔદારિક શરીર છે, આઠ કર્મ એ બધી સંયોગી વાત છે, વ્યવહારીક વાત છે. એક પરમાણુ તે નિશ્ચયદ્રવ્ય છે, બે પરમાણુ તો વ્યવહાર દ્રવ્ય થઈ ગયો. વ્યવહાર દ્રવ્ય તો વ્યવહાર છે કે નહિ? વ્યવહારે સત્ ઉપચારે દ્રવ્ય છે એ, અણ-ઉપચારે દ્રવ્ય એકલું દ્રવ્ય તે છે. ભગવાન પણ અણ-ઉપચારે એક દ્રવ્ય તેને અણ-ઉપચારે દેખે છે અને સંયોગીને સત્ ઉપચાર છે... સમજાય છે ને? ઉપચાર કહે છે, ઉપચારનું સત્ છે. ઈ ઉપચારનું સત્ છે. એને એમ જાણે છે, ભગવાન એમ જાણે છે. વાણીમાં પણ એમ આવે છે. અરે..! ભગવાન! નીકળવાના રસ્તા માંડ હાથ આવ્યા એમાં આવા લખાણમાં આમાં ઝઘડા. આ પાના ન કહેવાય, ફલાણું નહિ કહેવાય, આપણને દુઃખ આપે, નદીના પુર દુઃખ આપે. એકલો પરમાણુ આપે છે? ઈ વ્યવહાર છે કે નહિ? પાણીનું પૂર ઈ ભીંસ મારે છે. કર્મના ઘણા રજકણો આત્માને રાગનું નિમિત્ત થાય છે, એકલો રજકણ થતો નથી. ઈ છે કે નહિ? ફલાણું છે કે નહિ? એય...! બધા પ્રશ્નો છે બધા. છે તેની કોણે ના પાડી? વ્યવહારે છે, વ્યવહારે વ્યવહાર છે, યથાર્થપણે એ નથી. વ્યવહારે વ્યવહાર છે ને. કહો, સમજાણું કાંઈ?

આચાર્ય આ બન્ને નયોમાં નિશ્ચયનયને સાચો કહે છે, એ તો ૧૧મી ગાથા છે. **'અને વ્યવહારનયને અભૂતાર્થ કહે છે.'** ૧૧મી ગાથા 'સમયસાર' **'ववहारोऽभूदत्थो देसिदो दु सुद्धणओ।'** અહીંયા એ જ વ્યાખ્યા છે, 'અમૃતચંદ્રાચાર્ય'ની. સમજાણું કાંઈ? ઝગડા! નયના ઉકેલ માટે, આત્માના ઉકેલ માટે નયો છે, ત્યારે હવે ગુંચવણ માટે કરી નાખી.

**ટીકા : 'ભૂતાર્થ નામ સત્યાર્થનું છે.'** જુઓ! આવ્યું ને? સાચાનું નામ ભૂતાર્થ છે, સાચાનું નામ ભૂતાર્થ છે. ખોટાનું નામ અભૂતાર્થ છે. ખોટું ખોટારૂપે તો સાચું છે કે નહિ? કે ખોટો ખોટારૂપે નથી તો પછી એ ખોટો સાચો ઠર્યો જ નહિ, ખોટો ઠર્યો. જૂઠા બોલો જૂઠા બોલાપણે તો સાચો છે કે નહિ? સાચો એટલે એમ છે કે નહિ? કે છે જ નહિ? 'પંડિતજી'! સાચું શું છે? લ્યો!

**'ભૂત એટલે જે પદાર્થમાં હોય તે અને અર્થ એટલે 'ભાવ'.'** સમજાણું? **'ભૂત એટલે જે પદાર્થમાં હોય તે અને અર્થ એટલે 'ભાવ', તેને જે પ્રકાશે,...'** એમાં

હોય એને પ્રકાશે, પદાર્થમાં હોય એને પ્રકાશે. સમજાણું? પદાર્થમાં જે ભાવ હોય એને પ્રકાશે એમ કહે છે. ન હોય એને? એમ નહિ, ભૂતાર્થ તો જે હોય એને કહે છે. **'પદાર્થમાં હોય તે અને અર્થ એટલે ભાવ...'** એમ. સમજાણું? એમ કહ્યું આમાં. તત્ત્વાર્થ છે ને? **'ભૂત એટલે જે પદાર્થમાં હોય તે અને અર્થ એટલે 'ભાવ'. તેને જે પ્રકાશે,...'** અહીં તો એમાં ભાવ હોય તેને પ્રકાશે એ સિદ્ધ કરવું છે. **'તેને જે પ્રકાશે, બીજી કલ્પના ન કરે...'** સમજાય છે? એમાં બીજું કાંઈ ન હોય. જે ભાવ અખંડ જ્ઞાયકભાવ, જ્ઞાયકભાવને પ્રકાશે, **'બીજી કલ્પના ન કરે તેને 'ભૂતાર્થ' કહીએ.'** તેને સાચું કહીએ. સમજાણું કાંઈ? એકલો જ્ઞાયકભાવમાં જ્ઞાયકભાવને પ્રકાશે એમાં રાગ ને દ્વેષ ને ભેદને નહિ એવા ભાવને, એવા નયને સત્યાર્થ, ભૂતાર્થ, સાચું કહીએ. કહો! સમજાણું આમાં?

**'જેમ કે સત્યવાદી સત્ય જ કહે,...'** સાચા બોલનારો તો સાચી જ વાત કરે. **'કલ્પના કરીને કહે નહિ.'** જરીએ કલ્પના કરીને કહે નહિ. જેમ હોય તેવું સાચે સાચું સત્યવાદી કહે. **'તે જ બતાવીએ છીએ. જોકે જીવ અને પુદ્‌ગલનો અનાદિથી એકક્ષેત્રાવગાહ સંબંધ છે,...'** જુઓ, જીવ અને પુદ્‌ગલનો અનાદિથી એકક્ષેત્રમાં વ્યાપવામાં સંબંધ છે. **'બન્ને મળેલા જેવા દેખાય છે...'** બન્ને મળેલા જેવા દેખાય છે, મળેલા નથી. મળેલા નથી, મળેલા જેવા દેખાય છે. મળે શું? ધૂળ. બન્ને કીધું. **'બન્ને મળેલા જેવા...'** બન્ને મળેલા (કહ્યા) તો બે રહ્યા ને મળેલા જેવા દેખાય એનો અર્થ શું? કે બે આમ સંયોગમાં દેખાય છે.

**'તોપણ નિશ્ચયનય આત્મદ્રવ્યને શરીરાદિ પર દ્રવ્યોથી ભિન્ન જ પ્રકાશે છે.'** જોયું? તોપણ નિશ્ચયનય આત્મદ્રવ્યને શરીરાદિ, રાગાદિ બધાથી, હોં! નિશ્ચયનય ભગવાનઆત્માને શરીર, વાણી, કર્મ, રાગ-દ્વેષ એ બધા પરદ્રવ્યોથી ભિન્ન જ પ્રકાશે છે. એ ભલે કર્મથી ને શરીરથી ભિન્ન પ્રકાશે છે એનો અર્થ ઈ થઈ ગયો કે દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેતા રાગથી પણ ભિન્ન પડી જાય છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યથી ભિન્ન પ્રકાશે છે એટલે પરના લક્ષથી છૂટીને સ્વદ્રવ્યમાં આવે છે ત્યારે પરદ્રવ્યથી ભિન્ન થયો, ત્યારે રાગથી પણ ભિન્ન થઈ ગયો. મળેલા, એક સાથે દેખાય છે. દૂધ ને પાણી એક સાથે દેખાય છે પણ છે ભિન્ને ભિન્ન. દૂધ તે દૂધ ને પાણી તે પાણી. સમજાણું?

**'તે જ ભિન્નતા મુક્તિ દશામાં પ્રગટ થાય છે.'** છે વર્તમાનમાં એવું જ છે તે ભિન્નતા મુક્તિને પ્રગટ થાય છે, **'માટે નિશ્ચયનય સત્યાર્થ છે.'** માટે, તે નિશ્ચયનય સાચી છે. સાચું કથન કરે, સાચું જ્ઞાન, સાચી વાણી, સાચું દેશ, એ નિશ્ચયનય સાચી છે, લ્યો! પછી વ્યવહારની વાત કરશે. પેલામાં વ્યવહારથી શરૂ થયું. નિશ્ચય કાલે પૂરું થયું ...

(**શ્રોતા :** પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રી સમયસાર, ગાથા-૩૫૬-૩૬૫, શ્લોક-૨૧૪**
**પ્રવચન નં.૪૧૧, તા.૨૯-૧૧-૧૯૬૭**
**(૧૩)**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૨૧૪ ગાથાનો ભાવાર્થ છે. ભાવાર્થ છે ને? કળશનો ભાવાર્થ. છે ભાઈ? ભોગીલાલભાઈ! ભાવાર્થ. ભાઈને આવ્યું? કારણ કે એક તો વિષય ઝીણો છે ને એટલે જરી...

'**એક દ્રવ્યના પરિણમનમાં અન્ય દ્રવ્ય નિમિત્ત દેખીને એમ કહેવું કે અન્ય દ્રવ્યે આ કર્યું, તે વ્યવહારનયની દૃષ્ટિથી જ છે; નિશ્ચયથી તો તે દ્રવ્યમાં અન્ય દ્રવ્યે કાંઈ કર્યું નથી.**' એટલા શબ્દ થયા. હવે એનો અર્થ. '**એક દ્રવ્યના પરિણમનમાં...**' એટલે કે આ આત્મા જે વસ્તુ છે આત્મા, એના વર્તમાનમાં અનંત ગુણો છે. એનું પરિણમન થાય, પરિણમન એટલે અવસ્થા થાય છે. જાણવાની, દેખવાની, શ્રદ્ધવાની વગેરે અવસ્થા આત્મામાં થાય. તે એક દ્રવ્યના પરિણમનમાં અનંત દ્રવ્ય નિમિત્ત દેખી. બીજી ચીજ નિમિત્ત દેખીને એમ કહેવાય કે આ સાંભળ્યું માટે જ્ઞાન થયું. સમજાય છે? આ જ્ઞેય મળ્યું માટે જ્ઞાન થયું, એમ નિમિત્ત દેખીને વ્યવહારથી એમ કહેવાય કે આ દ્રવ્યે આ કર્યું. તે વ્યવહારનય નિમિત્તનું જ્ઞાન કરાવવા એ વાત છે. ખરેખર નિશ્ચયથી તો એ દ્રવ્યમાં અન્ય દ્રવ્યે કાંઈ કર્યું નથી. આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એ જાણવાની ક્રિયા પોતે પરિણમે એમાં બીજી ચીજ કાંઈ પણ કરી શકતી નથી.

**શ્રોતા :-** હોય તો જણાય ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વાત જ એ.. એ જ લેશે, અહીં વાત લેશે.

જ્ઞાનમાં આ જે જાણવાયોગ્ય વસ્તુ જ્ઞેય છે, એ જ્ઞેય. આ જાણનાર જ્ઞાન, આ શરીર, વાણી, મન આ બધા પદાર્થો જાણવા યોગ્ય. એ જાણવા યોગ્ય પદાર્થથી અહીં જ્ઞાન થયું એમ કહેવું એ વ્યવહારનું વચન છે, એમ છે નહિ. કેમકે જ્ઞેય વસ્તુ પોતાના પર્યાયથી-અવસ્થાથી પરિણમી રહી છે, આ જ્ઞાન પોતાની અવસ્થાથી થઈ રહ્યું છે. એટલે આ પરિણમનમાં નિમિત્તે કાંઈ કર્યું એ વાત સાચી નથી. બરાબર છે? ગોદિકાજી! સમજાણું કાંઈ?

'**એક દ્રવ્યના...**' દ્રવ્ય એટલે વસ્તુ. ચાહે તો એક પરમાણુ પોઈન્ટ હો કે આત્મા. એના પરિણમનમાં, એના બદલવામાં, એની વર્તમાન અવસ્થા-અવસ્થા થવામાં અન્ય દ્રવ્યને

નિમિત્ત દેખી એમ કહેવું કે અન્ય દ્રવ્યે આ કર્યું. આ સાંભળવાથી જ્ઞાન થયું, શ્રદ્ધવાથી થયું, વાંચવાથી થયું, જે જ્ઞેય છે તે હતું માટે જ્ઞાન થયું.

**શ્રોતા :-** કર્મના ઉપશમથી થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કર્મના ઉપશમથી તો અહીં વાત પણ નથી.

અહીં તો જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા ત્રિકાળ ચૈતન્યસૂર્ય છે, એની વર્તમાન અવસ્થાનું થવું પોતાથી થાય છે, નિમિત્તને લઈને થાય એ કહેવું એક ઉપચારનું કથન છે. વાસ્તવિક પરને લઈને આત્મામાં કાંઈ થતું નથી. સમજાણું કાંઈ? અથવા આ શરીરની અવસ્થા થાય છે. જુઓ, આ શરીર છે ને? આ રજકણ છે માટી. રૂપી પરમાણુ છે આ માટી. આ એની જે આ અવસ્થા થાય છે એ પરિણમન છે એનું. એની અવસ્થા છે. એ પરિણમનમાં આત્માની ઈચ્છા કે જ્ઞાન, એને નિમિત્ત થયું. એથી એમ કહેવું કે આત્માની ઈચ્છા વડે હાથ ચાલ્યો એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા છે. હાથ હાલ્યો એમાં આત્માએ કાંઈ કર્યું નથી. ભોગીલાલભાઈ!

**શ્રોતા :-** આત્માના રાગે પણ કાંઈ કર્યું નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાંઈ કર્યું નથી. શું કરે? ધૂળ. એ તો પોતે વસ્તુ છે કે નહિ રજકણ આ? માટી પરમાણુ છે કે નહિ? દ્રવ્ય છે કે નહિ? અને દ્રવ્ય છે તે પોતે વર્તમાનમાં અવસ્થારૂપે પરિણમે છે.

**'એક દ્રવ્યના પરિણનમાં...'** પર્યાય આ થાય છે તે. જડ છે આ. આત્મા જુદી ચીજ છે અંદર. એમાં **'અન્ય દ્રવ્ય નિમિત્ત દેખીને...'** આત્માનું નિમિત્ત દેખીને એમ કહેવું કે આ આને અન્ય દ્રવ્યે આ કર્યું. આત્માએ હાથ હલાવ્યો, આત્મા બોલ્યો એમ જે કહેવું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા છે. બોલવાની પરિણતિ અને હાથની અવસ્થા સ્વતંત્ર જડથી પોતાથી થઈ છે, આત્માએ એમાં કાંઈ કર્યું નથી. ભોગીલાલભાઈ! આ બધું આવું છે આ જૈનદર્શન. આ બધા મીલના કામ કરીએ છીએ અને આ કર્યા. એ ના પાડે છે અહીં.

**શ્રોતા :-** ઈ તો છોડી દેવા માગે છે, પણ માણસો છોડતા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ ખોટી વાત છે. ખોટી વાત છે ઈ. પોતાને એ ભાવ છે એમાં બીજો એ ભાવ કરાવે છે એમ છે નહિ. એ તો સિદ્ધાંત ચાલે છે અહીં.

**શ્રોતા :-** ... વાત કરતાં હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વાતું કરે બધા મફતના. કહો, સમજાણું કાંઈ? કે ભાઈ! મારે તો ઘણોય ધર્મ કરવાનો ભાવ છે, પણ આ બધા બાયડી, છોકરા અને વેપારને માટે મારે અટકવું પડે છે. જૂઠો છો. એ વાતમાં માલ નથી. તારી વર્તમાન અવસ્થા થવામાં બીજો, ત્રીજો તને કાંઈ કરે તો થાય એમ છે નહિ, એમ ભગવાન કહે છે.

**શ્રોતા :-** આ તો પરમસત્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરમસત્ય તો આ છે. કહો, જેઠાલાલભાઈ! આહાહા..! અમે ધંધાપાણી, રૂપિયા આ બાહ્યની ચીજો જાય-આવે ને એમાં અમે નિમિત્ત તો છીએ ને? નિમિત્ત તો છીએ ને? એટલે એમ કરીને અમે કાંઈ કર્યું છે એમ કહે છે. એ તો વ્યવહારનું જ્ઞાન (નિમિત્ત) કોણ હતું એનું જ્ઞાન કરાવે છે. બાકી શરીરની ક્રિયા, વાણીની ક્રિયા, ધંધાની ક્રિયા, કાપડની ક્રિયા, મીલની ક્રિયા, સંચાની ક્રિયા એ બધી જડની વર્તમાન અવસ્થા પરિણમે તેને બીજો કાંઈ કરી શકતો નથી. આહાહા..! વલ્લભદાસભાઈ! છે?

**શ્રોતા :-** આ વાત બેસવી પડે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેસાડે છૂટકો છે, નહિતર હેરાન થાશે ચાર ગતિમાં. દુઃખી થાશે, દુઃખી. દુઃખી થઈ રહ્યો છે પણ એનું એને ભાન નથી. હું દુઃખી છું એનું ભાન નથી. આત્માના સ્વરૂપનો આનંદ સ્વરૂપ આત્મા તો છે. આત્મા સચ્ચિદાનંદ સત્ શાશ્વત ત્રિકાળ આનંદસ્વરૂપ છે. એને ભૂલીને જે આ વિકલ્પો કરે છે કે આમ કરું, તે કરું, આ કરું એ બધા વિકલ્પો દુઃખરૂપ છે, દુઃખરૂપ છે, પણ છતાં એ દુઃખના પરિણમનને કોઈ બીજો કરાવે છે એમ નથી. અહીં સિદ્ધ એ કરવું છે. સમજાણું કાંઈ? ભાઈ! કર્મને કારણે આ દુઃખ થયા આત્મામાં, ના. કર્મ ભિન્ન ચીજ છે, તારા પરિણામ ભિન્ન ચીજ છે. તારા પરિણામને બીજો કરે એ ત્રણ કાળમાં બનતું નથી. કારણ કે દરેક વસ્તુ પોતાના વર્તમાન બદલવાના પર્યાયમાં પડી છે. એ બદલે છે એ પોતાથી. એને બીજો બદલાવે (એમ) ત્રણ કાળમાં બનતું નથી. કહો, સમજાય છે કાંઈ?

'**વસ્તુના પર્યાયસ્વભાવને લીધે...**' સિદ્ધાંત મૂકે છે હવે. દરેક આત્મા અને દરેક રજકણનો પોતાનો પર્યાયસ્વભાવ. પર્યાય એટલે બદલવું. પર્યાય એટલે પલટવું, પર્યાય એટલે એકરૂપે ન રહેવું. દરેક આત્મા અને દરેક રજકણ એકરૂપે ન રહે. અવસ્થા બદલ્યા કરે. જેમ પાણીમાં તરંગ ઊઠ્યા કરે. એ તરંગનું ઊઠવું એ પાણીનો પર્યાય સ્વભાવ છે; એમ આત્મા અને પરમાણુમાં સમયે-સમયે નવી-નવી અવસ્થા થવી એ એનો પર્યાય-અવસ્થાનો સ્વભાવ છે. પરને લઈને કાંઈ આત્મામાં થાય અને આત્માને લઈને પરમાં કાંઈક થાય એ વાતમાં એકેય દોકડો સાચો નથી. કહો, સમજાણું આમાં? ... નથી કરતાં? ભોગીલાલભાઈ! આ તત્સુત્રીમાં આવે છે ને? તત્સુત્રીમાં આવે છે. કાયોત્સર્ગ કરે. ... એટલે મેં હાથ આમ કર્યો, મેં હાથ આમ કર્યો, ના. કોણે કર્યો? ખબર નથી? તને ભાન નથી? આ તો જડ છે, આ તો માટી છે, રજકણ છે. એની અવસ્થાનું પરિણમન એને લઈને, જડને લઈને છે. આત્માએ કર્યું એ તો નિમિત્તનું કથન વ્યવહારનું છે, એણે કાંઈ પણ કર્યું નથી. કહો, સમજાણું આમાં? ... કાયાને સ્થિર કરું છું, વાણીને મંદ કરું છું, મનને સંભાળી લઉં છું. એમ છે

નહિ. વાણી વાણીને કારણે થંભે, હાથ હાથને કારણે થંભે, હાથ હાથને કારણે હાલે. કારણ કે જગતની ચીજ છે. જડ તત્ત્વ છે આ. આ તત્ત્વ તે પણ તેની શક્તિવાળું છે અને તે પણ તેની વર્તમાન પર્યાય-અવસ્થા થવાના સ્વભાવવાળું છે. માટે, તેની વર્તમાન પર્યાયસ્વભાવ એનાથી થાય છે, આત્માએ એમાંથી કાંઈ કર્યું એ માન્યતા તદ્દન મૂઢ જીવોની છે. સમજાણું કાંઈ? મોટા-મોટા કામ કરે છે ને આ માણસ, જુઓને! ભોગીલાલભાઈ તો મોટા મીલમાં ઘણું કામ કરતાં. માણસો વાતું કરતાં. એય..! વલ્લભદાસભાઈ! વલ્લભદાસ પણ દુકાન ચલાવે છે નહિ, ભરૂચમાં? ભરૂચમાં.

**શ્રોતા :-** ભૂતકાળમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ ભૂતકાળમાં પણ કર્યું નહોતું. સમજાણું કાંઈ? કેમ વલ્લભદાસભાઈ! આહાહા..!

અરે..! ભગવાન! તું કોણ છો? ભાઈ! તું તો અરૂપી આત્મા છો અને અરૂપી આત્મા એ અનંત ગુણવાળું તત્ત્વ છે. એ અનંત ગુણનું એકરૂપ રહેવું તે ગુણ છે અને બદલવું તેની અવસ્થા છે. એટલે બદલવું એ તો પોતાનો પર્યાય-અવસ્થા સ્વભાવ છે. એમાં બીજાએ શું કર્યું? સમજાણું કાંઈ? કહો, ગોદિકાજી! આ શું કીધું તમારું? પન્ના. પન્નાનું કાંઈ કર્યું નથી ગોદીકાના જીવે, એમ કહે છે અહીં. પન્નાનો આમ કટકો કરવો, આમ ટૂકડો કરે, ના. એ તો વસ્તુના પર્યાયસ્વભાવને લીધે છે. એ તો પદાર્થ રજકણો છે અને રજકણો જગતનું અજીવ કાયમી ત્રિકાળી તત્ત્વ છે. અને ત્રિકાળી તત્ત્વનું વર્તમાન અવસ્થાનું થવું એ એનો સ્વભાવ છે. એમાં આત્મા એને શું કરે? રજકણને બદલાવે શી રીતે? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** હુશિયારીથી બદલાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય હુશિયારી નથી. એ તો બધું આવી ગયું છે પહેલું. હુશિયારી તારામાં રહી. એ હુશિયારી પરમાં શું કામ કરે? કારીગરની વાત તો આવી ગઈ. સોની છે. સોનીના પરિણામ પોતામાં છે કે હું દાગીનો કરું, પણ દાગીનાની અવસ્થા આના પરિણામથી થાય છે એ ત્રણ કાળમાં વાત સાચી નથી. કેમકે દાગીનો રજકણ છે, માટી છે, પુદ્ગલ છે. એનો વર્તમાન અવસ્થાનો સ્વભાવ છે. એ પોતાની અવસ્થાને કારણે દાગીનો થાય છે. સોનીથી થાય છે એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા વ્યવહાર કથન છે. સોનીએ સોનાનો દાગીનો કર્યો નથી. ભારે ઊંધુ ભાઈ જગતથી. વલ્લભદાસભાઈ! એ તો બધા દાખલા આવી ગયા. સોની, સુથાર, લુહાર સમજ્યાને? કુંભાર, આ બાઈ રસોઈના કરનાર. એ બધી જેટલી કારીગરી કળા કહેવાય ને? એ કળાબાજ એમ માને કે અમે પરવસ્તુમાં કાંઈ કોતરણી-ફોતરણી અને સરખી ક્રિયા કરીએ છીએ. કહે છે, (તું) મૂઢ છો, ભાઈ! એ તો જગતની ચીજ છે. એ તો પોતાના પર્યાયસ્વભાવને લઈને, બદલવાના સ્વભાવને લઈને બદલીને રહી છે. બદલીને

રહી છે. તારે કારણે ત્યાં બદલે છે એમ છે નહિ. કહો, સમજાણું આમાં? અભિમાન પણ એવું ને જગતને.

'હું કરું... હું કરું... હું કરું.. હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડાનો ભાર જેમ કૂતરો તાણે, એમ મોટા-મોટા કામ જાણે અમે કરીએ છીએ, અમે કરીએ છીએ. અમારી દેખરેખમાં જ્યાં સુધી કામ ચાલતું ત્યાં સુધી વ્યવસ્થિત હતું. જ્યાં બીજાની દેખરેખ આવી ત્યાં કામ બીજી રીતે થઈ ગયું. વલ્લભદાસભાઈ! એને અહીં ભગવાન કહે છે કે તારી એ વાત સાચી નથી. કહો, મલૂકચંદભાઈ! આ ગળે શી રીતે ઉતારવું? ઓલો કહે છે કે આખો દિ' આમ થાય છે, નિમિત્તથી થાય છે-નિમિત્તથી થાય છે, એ માનતા નથી. અરે..! ભગવાન! તને ખબર નથી ભાઈ! એક-એક રજકણ પરમાણુ પોઈન્ટ છે એ જગતનું તત્ત્વ છે અને એમાં અનંતી શક્તિઓ રંગ, ગંધ, રસ, સ્પર્શ આદિ છે અને તે તે રજકણ પોતાની કોઈપણ પર્યાયના સ્વભાવ વિનાનું હોય નહિ. બદલવાના સ્વભાવવાળો પોતાથી છે. એને આત્મા શું કરે? અને આત્માના બદલવાના સ્વભાવમાં પરવસ્તુ શું કરે? કહો, સમજાય છે કાંઈ?

'**વસ્તુના પર્યાયસ્વભાવને લીધે વસ્તુનું પોતાનું જ એક અવસ્થાથી બીજી અવસ્થારૂપ પરિણમન થાય છે;...**' આત્મા પણ પોતાની પૂર્વ અવસ્તાથી નવી અવસ્થા થાય એ પણ પોતાથી. પરમાં પણ આ અવસ્થા છે અને આમ થાય એ પણ એના રજકણથી. બીજાથી બીજામાં અવસ્થા થાય એવું ત્રણ કાળ, ત્રણ લોકમાં બનતું નથી. કેમકે દરેક વસ્તુ રહીને પોતાના પર્યાયસ્વભાવથી બદલે છે. ઓહોહો..! આ તો મોટા જાણે હું દેશનું કરી દઉં, પંચશીલ કરું અને આ શું કહેવાય તમારે? સડકું કરી દઉં, કૂવા કરી દઉં, ધૂળ કરી દઉં, ધૂળેય કરતો નથી. મફતનો હેરાન-હેરાન થાય છે. વલ્લભદાસભાઈ!

સત્ય છે એમ બેસાડવું પડશે, જો સુખી થવું હોય તો, નહિતર દુઃખી છે. ઊલટી માન્યતા તે અસત્ય છે. અસત્ય છે તે દુઃખ છે એટલે દુઃખને તે વેદે છે. પરની અવસ્થા કરી શકતું નથી છતાં કરી શકું છું એવી જે માન્યતા તે અસત્ય છે. અસત્ય તે જૂઠું છે. જૂઠું તે વિકાર છે અને વિકાર તે દુઃખ છે. ભાન નથી એને એટલે કાંઈ વસ્તુ બીજી થઈ જાય? સમજાણું આમાં?

એક અવસ્થાથી બીજી અવસ્થાનું પરિણમન થાય છે '**તેમાં અન્ય વસ્તુ પોતાનું કાંઈ ભેળવી શકતી નથી.**' ભેળવી શકે છે? આ રજકણમાં અવસ્થા ભેળવે છે? લ્યો, મડદું છે આમ. લ્યો કરી દે કાંઈ આત્મા એમાં? રોકી દે એની અવસ્થાને? અને અત્યારે આમ રહ્યું છે એ આત્માથી રહ્યું છે?

**શ્રોતા :-** આત્માને..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એને કારણે એ અવસ્થા થઈ છે? અત્યારે એને કારણે થઈ છે? આરેરે..! ભારે ભ્રમ ભાઈ જગતનો! જડ તો જાણે તત્ત્વ જ નથી.

અહીં તો કહે છે કે તારા જ્ઞાનમાં એ જ્ઞેય જણાય, પણ જ્ઞેય નથી આપતું જ્ઞાનને અને જ્ઞાન નથી જતું જ્ઞેયમાં. સમજાણું કાંઈ? ભારે વાત! ઓહોહો..! આ મહા અટળ સિદ્ધાંત જગતના છે પણ બેસે નહિ જગતને. અભિમાન (આડે) કોઈ દિ' જોયું નથી. તત્ત્વ હું તે કોઈ જુદો છું. આ તો માટી-ધૂળ છે. આ તો માટીના પુદ્‌ગલ છે. દાળ, ભાત, રોટલીથી બનેલા છે. આ ક્યાં આત્મા હતો? આ તો માટી-ધૂળ છે. એની અવસ્થાનું થવું એને કારણે છે. એને કારણે કે હું ધ્યાન રાખું તો આમ ન થાય, પથ્ય આ કરું તો આમ રહે, અપથ્ય કરું તો આમ રહે, એ તારી માન્યતા બધી ફોગટ છે. કહો, સમજાણું આમાં?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ના પાડે છે અહીં. કુંભારની પર્યાય એનામાં રહી, ઘડામાં ક્યાં ગરી ગઈ છે? જુઓને અહીં (શું કહ્યું?) '**પોતાનું ભેળવી શકતી નથી.**' કહો. કુંભારનું ડહાપણ કુંભારના આત્માની અવસ્થામાં અસ્તિત્વ છે કે ઘડાના અસ્તિત્વમાં ગરી ગયું છે?

**શ્રોતા :-** એ તો એના અસ્તિત્વમાં જ રહ્યું ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થઈ રહ્યું ત્યારે. ઘડાના અસ્તિત્વમાં કર્યું શું એણે? ન્યાયથી, લોજીકથી એણે સમજવું પડશે કે નહિ? સમજાણું કાંઈ? સારો હોશિયાર માણસ હોય કે આમ મોતીના દાણા જેવા અક્ષર લખતા આવડે એને. મોતીના દાણાના અક્ષર છે એ તો જડની પર્યાય છે. આત્માએ કર્યું શું એમાં? એની કળા જે છે એ તો એની પર્યાયમાં રહી ગઈ. જ્ઞાનનો ઉઘાડ છે જીવનો એ તો એની પર્યાયમાં રહી ગયો, અવસ્થામાં રહી ગયો. એ અહીં ક્યાં આવ્યો? અક્ષરમાં ક્યાં આવ્યો?

**શ્રોતા :-** એ મોતી જેવા કેમ છે? બીજાના નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો રજકણની પર્યાય છે. એકરૂપ પરમાણુનું ન રહેવું, બીજારૂપે થવું એ અવસ્થાનો સ્વભાવ છે. એને કારણે અક્ષર પડ્યા છે. તારે કારણે નહિ.

**શ્રોતા :-** અક્ષર એની મેળાએ ક્યાંથી થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અક્ષર એની મેળાએ (થયા) છે. આ બધું સમજવા જેવું છે. લાકડા ઊંધા ગરી ગયા છે. એ લખે કોણ? ધૂળ લખે? બહુ આકરી વાત છે, બાપા! એ રજકણ છે જગતના તત્ત્વો. પરમાણુ-પરમાણુ છે ઝીણા. એ પરમાણુની અવસ્થા એ અક્ષરપણે થાય છે. આત્મા એને કરી શકતો નથી. એ એમ કહે છે અહીં. એય..! ભોગીલાલભાઈ! બધી જુદી જાત છે આ. જગતમાં અત્યારે ચાલતી નથી. અત્યારે તો અંધારું-અંધારું ચાલે છે બધે. ધર્મને નામે અંધારું. સમજાણું આમાં?

ભાઈએ પ્રશ્ન નાખ્યો અક્ષર એની મેળાએ લખાય? કહે હા. એમ કહે છે અહીં. એ કલમથી અક્ષર લખાણા નથી. એમ છે, હજી તો ઝીણી વાત. આત્માથી તો નહિ પણ અક્ષર છે અનંત. આમ અ દેખાય છે ને? અ, ક. એ ક અસ્તિ છે કે નહિ? એ કાંઈક દેખાય છે કે નહિ? એ શું છે? એ જડ તત્ત્વ છે. એ જડ તત્ત્વની અવસ્થા છે. એ અવસ્થા કલમે કરી નથી અને આત્માના જ્ઞાને અને ઈચ્છાએ કરી નથી. સમજાણું કાંઈ? આ બધા અભિમાન છે ને, લાકડા .. ઉડાડવા પડશે.

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવના જ્ઞાનમાં અનંત પદાર્થ સ્વતંત્રપણે ભાસ્યા છે. એ દરેક પદાર્થની અવસ્થા વિનાનો કોઈ પદાર્થ હોતો નથી. કોઈપણ અવસ્થાને બીજો કરે તેમ ત્રણ કાળમાં બનતું નથી. સમજાણું કાંઈ? કેમ હશે? જેઠાલાલભાઈ! ભારે આકરું.

**શ્રોતા :-** એ તો અમલદાર હતા. ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય કર્યું નથી. તે દિ' રાગ કરતાં હતા, કલેક્ટર હતા ત્યારે. પોરબંદરમાં કલેક્ટર હતા, ભાઈ. ભોગીલાલભાઈ! જેઠાલાલભાઈ પોરબંદરમાં કલેક્ટર હતા. અત્યારે નવરા થઈ ગયા હવે. રાગ કરતાં હતા. ધૂળ કરતાં હતા ત્યાં?

**શ્રોતા :-** હુશિયાર ગણાતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હુશિયારી એની પર્યાયમાં રહી. હુશિયારી એ જગતના ડહાપણની. પાગલની હુશિયારી હતી. હુશિયારી તો એને કહીએ, આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય છે તેને પહોંચી વળીને પ્રકાશ જ્ઞાનનો કરે તેને હુશિયારી કહીએ. વલ્લભદાસભાઈ! અહીં તો પાણી ઉતરે એવું છે બધાના. ખોટા ચડ્યા છે. ખોટા ચડ્યા છે ને ખોટા. સોનાના દાગીનામાં ખોટા નાખે ને? .. આ તો ઘસાઈ ગયું. ખોટો હતો પણ. ધંધા થાય ને મુંબઈમાં? ઘણા થાય છે ખોટા દાગીનાના. ૨૫-૨૫ હજારના લઈ જાય. માથે એવો ઓપ આપે સોનાનો. અને એકાદ દાગીનો સારો આપે બતાવવા. એની ... અને આપે ૨૫ હજારમાં. એ બધું ચાલે છે અત્યારે. એ પકડાય તો પોલીસને પણ બધું મળે. પોલીસવાળો ઓલાને કહે કે જો ભાઈ, બહુ આવીશ નહિ આ શેરીમાં. જોખમમાં છે. ઓય માર્યા. પોલીસ પણ લાગે છે આનો પાર્ટનર. બધું છે. અમને ખબર છે ને બધી.

**શ્રોતા :-** બને છે બધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, હા, .. કલકત્તામાં એક ટૂકડી એવી છે. છોકરાને લઈ જઈને પછી કાપે અહીંથી. અહીંથી કાપી નાખે, અહીંથી કાપી નાખે. .. કરે ને માગી ખાય. દરરોજના ૫૦-૫૦, ૧૦૦-૧૦૦, ૨૦૦-૨૦૦ રૂપિયા આવે છે. એમ એવું દેખાયને આહાહા..! ઓલી રેકડી? રેકડીમાં નાખીને. ભાવનગરમાં હતું ઘણા વર્ષ પહેલાં મેં જોયું હતું. ૬૦ વર્ષ પહેલાંની વાત છે. રેકડીમાં નાખીને.. બિચારાને દયા આવે બહુ રોવે. ધંધો ચાલે છે. ખબર છે ને.

અમને તો બધી વાતની દુનિયાની ક્યાં ચાલે છે એમ. એને એ એવી રીતે કરે અને પાછું ખબર પડે કે મારો દીકરો આ શેરીમાં હતો, ગુમ થયેલો. પોલીસોને પણ બધાને આપતો હોય. પોલીસ કહે જો ભાઈ આ શેરીમાં બહુ જોખમ છે, હોં! ઓય.. માર્યા. આ તો જેને અમે કહેવા આવીએ એ કહે છે જોખમ છે. હવે શું મારે ક્યાં કરવું? લ્યો. બાપા! એ જગતના અજ્ઞાનના પરિણામ અને મૂઢતાના પરિણામ એ જીવ સ્વતંત્ર કરે છે. આહાહા..! અરે..! દુનિયા ક્યાં પડી છે એને કાંઈ ખબર નથી.

ભગવાને તો અનંત આત્મા જોયા છે, અનંત પરમાણુ જોયા છે. આ રજકણો અનંત છે. આના ટૂકડા-કટકા કરો તો છેલ્લામાં છેલ્લો પોઈન્ટ રહે એને પરમાણુ કહે છે. પરમ-અણુ. ઝીણો અણુ. એ પણ જગતનું તત્ત્વ છે. એ ટકીને બદલ્યા કરે છે પદાર્થ. જડ છે પણ બદલવાનો સ્વભાવ છે. કીધું ને માથે? તેને પર્યાયસ્વભાવને લીધે, રજકણમાં પર્યાયસ્વભાવ-બદલવાનો સ્વભાવ છે, એને લઈને એ સ્થિતિ થાય છે, તારે લઈને જડમાં થતી નથી. આહાહા..! શું હશે? રતિભાઈ! આકરું કામ બધું જગતને. હોશિયાર માણસ નામા સારા લખે, લોકોને સમજાવી શકે. સમજાણું? ભાષા. ભાષા ક્યાં તારી હતી? સાંભળને, ભાષા તો જડની છે. ભાષા તારી છે? આ તો રજકણો છે ધ્વનિ. ધ્વનિ આત્મામાં છે. આત્મા તો અરૂપી છે. કહો, સમજાણું આમાં? આ બહુ ભારે આકરું.

**શ્રોતા :-** આમાં સમજાણું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આમાં સમજાણું? ઓલું ઊંધું સમજીને બેઠા એ નહિ. આહાહા..!

જુઓને, એક જ વાત કરી છે. '**એક અવસ્થાથી બીજી અવસ્થારૂપ પરિણમન...**' દરેક રજકણ અને આત્મામાં '**થાય છે; તેમાં અન્ય વસ્તુ પોતાનું કાંઈ ભેળવી શકતી નથી.**' એની હોશિયારી, કુંભારની હોશિયારીએ ઘડામાં શું ભેળવ્યું? બાઈની ચતુરાઈએ પુડલામાં શું ભેળવ્યું? માણસ કહે ને, આનો હાથ બહુ હળવો છે, પુડલો બહુ સારો થાય. પુડલા હોય છે ને? ગોળના ને ચણાના લોટના થાય ને સરખા. કહે છે, સાંભળને તું એકવાર. એનો આત્મા એની વર્તમાન અવસ્થામાં જ્ઞાનના ઉઘાડવાળી છે. એ જ્ઞાનની અવસ્થાએ ત્યાં પુડલાના પરમાણુમાં શું નાખ્યું તે અવસ્થા એનાથી થઈ? ભોગીલાલભાઈ! આ તો અવલદોમ છે જગતથી. એ બધું આવી ગયું છે આમાં પહેલું, હોં! આ એનો સરવાળો આ બીજી વાતને વિચારે છે.

જેટલા કારીગરો છે એ કળાના કરનાર કળાની વર્તમાન અવસ્થા તેની પાસે છે. એ શું પરની ક્રિયાના અવસ્થામાં તે કળા પેસી ગઈ છે કે પરને બનાવે? કહો, સમજાણું આમાં? આ ભારે. સાંબેલા ઉતારવા જેવું લાગે માણસને, હોં! સાંબેલા જાણે ગળે ઉતારવા. શું કહે છે આ? એ એમ છે. એ સમજવું પડશે, જો સત્ય જોઈતું હોય તો. એ વસ્તુ બાપુ!

કેવળજ્ઞાનની... અહીંયાં સમજાય છે? કસર છે. કેવળજ્ઞાની પરમાત્મા પરમેશ્વર જેને સર્વજ્ઞ પરમેશ્વર કહીએ, તીર્થંકરદેવ જેણે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા. એના જ્ઞાનમાં અનંત આત્માઓ, અનંત રજકણો ભિન્ન-ભિન્ન ભાસ્યા. એ ભિન્ન-ભિન્ન પદાર્થની અવસ્થા ક્ષણે-ક્ષણે તે-તે પદાર્થ કરે છે તેમ ભાસી. આ એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

આ વણકર કાપડને કરી શકતો નથી. વણકર એની પર્યાયમાં રહ્યો. કાપડની અવસ્થામાં પેઠો નથી. કહો, સમજાણું કાંઈ? સુતારની કળા એની પર્યાયમાં રહી. એ વાંસડાને ઉપાડીને આમ કરે એ પરની અવસ્થામાં પેસતો નથી. માટે, વાસડાની ક્રિયા એ કરી શકતો નથી. કારણ કે વાસડો પણ અનંત પરમાણુનું એક તત્ત્વ છે. એના પર્યાયસ્વભાવને લઈને એ બદલ્યા કરે છે. ચૈતન્યના સહારા વિના જડ પોતાથી બદલી રહ્યો છે, એનો પર્યાયસ્વભાવ છે માટે. આહાહા..! ભારે ભાષા આકરી. આ ટોપી છે એ હેઠે મૂકી. કહે છે, ઉપાડી એ પર્યાયને આત્માએ કરી નથી. એમ કહે છે. આ ચશ્મા છે એ જો આમ થાય અને આમ થાય એ આત્મા કરતો નથી.

**શ્રોતા :-** હાથે તો કર્યા ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હાથ પણ કરતો નથી. હાથ જુદો અને આ ચીજ જુદી છે. હાથના રજકણોનું અસ્તિત્વ જુદું ભિન્ન છે. જુઓ! આનું અસ્તિત્વ હોવાપણે ભિન્ન છે. આના હોવાની આ અવસ્થાને આના હોવાપણે કાંઈ કર્યું નથી. કારણ કે આના હોવાની અવસ્થા આનામાં પેસતી નથી. પેસતી નથી તો કાંઈ કરતી નથી. આ તો કેવળજ્ઞાનીના નિયમો છે, વિજ્ઞાનનું વિજ્ઞાન છે. એ વિજ્ઞાન જગતને મળ્યું નથી તો હેરાન થઈ જાય છે. કહો, સમજાણું આમાં?

'**આ ઉપરથી એમ સમજવું કે-પરદ્રવ્યરૂપ જ્ઞેય પદાર્થો તેમના ભાવે પરિણમે છે...**' હવે ઓલો આગળનો અધિકાર લેવો છે ને. હવે એમ સમજવું કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જાણનાર છે અને શરીર, વાણી, બીજા આત્માઓ, દેવ-ગુરુ-શાસ્ત્ર, પાના-પુઠાં-પર્વત એ બધા જ્ઞેય છે. જણાવાયોગ્ય વસ્તુ છે. આ જાણનાર છે. એ પદાર્થો તેમના ભાવે પરિણમે છે. કોણ?-જ્ઞેય. જાણવા યોગ્ય શરીર, વાણી, પર વસ્તુ એ જ્ઞેય છે જ્ઞાનમાં. એ જ્ઞેયો પોતાને કારણે બદલી રહ્યા છે.

'**જ્ઞાયક આત્મા પોતાના ભાવે પરિણમે છે;...**' જાણનારો ભગવાનઆત્મા જાણવારૂપે પરિણમે છે, જાણવારૂપે પરિણમે છે, જણાવાયોગ્ય રૂપે પરિણમતો નથી અને જણાવાયોગ્ય રૂપ પદાર્થ એ જાણવાયોગ્ય પદાર્થની પર્યાયમાં આવતો નથી. સમજાણું કાંઈ? આ એની મેળાએ સમજાય એવું નથી. આ કાંઈ ચોપડી નથી ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી. ટાણે આવ્યું તો પછી કહે ને ઈ. એટલે એની યોગ્યતા થયા વિના સમજાય એવું નથી. એમ છે. આહાહા..!

અરે..! ભગવાન! ચૈતન્યપ્રભુ તું તો અરૂપી જ્ઞાનઘન છો ને. જ્ઞાનનું ગળવું, જ્ઞાનનું પરિણમવું, જ્ઞાનનું થવું એ તો અવસ્થા તારામાં થઈ. એમાં તારી અવસ્થા પરના જ્ઞેયમાં ક્યાં ગઈ? અને જ્ઞેય જાણવાયોગ્ય આ જડની અવસ્થા છે એ અવસ્થા અહીં ક્યાં આવી? અને એ જ્ઞેયને લઈને અહીં જ્ઞાન ક્યાં થયું? અને જ્ઞાનને લઈને (થયું હોય તો) જ્ઞાન ક્યાં જ્ઞેયમાં પેસી ગયું? સમજાણું કાંઈ? અભિમાન... અભિમાન અજ્ઞાનીઓનું. જ્યાં હોય ત્યાં હું કરું... હું કરું... હું કરું. છોડી દે, ભગવાન! તું જ્ઞાન છો, પ્રભુ! તું તો જાણવાની અવસ્થા રૂપે પરિણમ. એ અવસ્થાનો સ્વભાવ તારો પરિણમવાનો છે. જ્ઞાનરૂપી અવસ્થા થવાનો તારો સ્વભાવ છે. પણ જ્ઞેયરૂપની અવસ્થા છે માટે જ્ઞાનરૂપ અવસ્થા થાય છે એમ નથી. તેમ જ્ઞાન અવસ્થા થાય છે એ જ્ઞેયમાં પેસીને જ્ઞેયને કાંઈ બદલાવે છે એમ પણ નથી. ભારે વાત. આ તો અધ્યાત્મ સિદ્ધાંત છે.

'જડ અને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન' આવે છે ને? 'શ્રીમદ્'માં આવે છે. ભોગીલાલભાઈ! 'શ્રીમદ્ રાજચંદ્ર'માં. 'જડ અને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન'. કદી કોઈ એક થતાં નથી. પોતાની-પોતાની એની એ અવસ્થારૂપે થાય છે. અંધારના અંજવાળા અને અંજવાળાના અંધારા એ રજકણની અવસ્થાથી થાય છે, એમ કહે છે. એ તો જાણવા યોગ્ય પદાર્થ છે. તારા જ્ઞાને તે જ્ઞેયને કાંઈ કર્યું નથી અને એ જ્ઞેય આમ પલટ્યું માટે તારી જ્ઞાન અવસ્થા થઈ જ્ઞેયને લઈને, એમ છે નહિ.

'**પરદ્રવ્યરૂપ જ્ઞેય પદાર્થો તેમના ભાવે પરિણમે છે...**' જડમાં ભાવ હોતા હશે? વસ્તુ છે ને, બાપા! જુઓને! આ દેખાય છે. આ રજકણ છે એ પહેલાં હતા દાળ-ભાતના, દાળ-ભાત, રોટલીના. એ અહીં ખડકાણા. આ અવસ્થા થઈ. શેની અવસ્થા? આત્માની છે આ? આત્મા તો અરૂપી જ્ઞાનઘન છે. આ અવસ્થા છે એ દેખાય છે ને અસ્તિત્વ આખું? એ રજકણો પહેલાં હતા, દાળ-ભાતની અવસ્થારૂપે હતા. અહીં આવ્યા તો લોહીની અવસ્થાપણે થયા. એ અવસ્થા થવી એનો પર્યાયસ્વભાવ છે. આત્માએ પર્યાયસ્વભાવ કર્યો નથી. જડનો પર્યાયસ્વભાવ કર્યો નથી. આહાહા..! કહો, સમજાણું આમાં? અને દેહ છૂટવાની પર્યાયને કાળે આત્મા તેને રાખી શકતો નથી. અને અત્યારે રહે છે તેને આત્મા રાખે છે એમ પણ છે નહિ. બહુ વાતું, ભાઈ! આ બધા મોટા મીલના માલિક હોય બહુ ઝાઝા ને, એ માણસો એમ કહે. હોય અમથા ... અમે તો દુનિયાને પાંચ-પાંચ હજાર માણસને રોટલો આપીએ છીએ. શું તમે એમ માનો છો કે અમે રળીએ છીએ? અમે નવ હજાર માણસને નભાવવા માટે કરીએ છીએ. એય..! ભોગીભાઈ! કેમ પોપટભાઈ! એમ કહ્યું કે નહિ?

**શ્રોતા :-** શેઠીયાઓ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય નથી શેઠીયા. શેઠીયા ક્યાંથી આવ્યા? પૈસા કો'કના

તારા ક્યાંથી આવી ગયા? અહીં તો પૈસા જડના છે, કહે છે. એય..! વલ્લભદાસભાઈ! જો તારા હોય તો તારી સાથે આવવા જોઈએ. તું બેઠા એ ચાલ્યા જાય અને કાં એ બેઠા ને તું ચાલ્યો જા છો. એ તો જુદી ચીજ છે. તારી ચીજ ક્યાં હતી? મફતનો વચ્ચે ગળે પડ્યો છો.

**શ્રોતા :-** પૈસાને ગળે પડ્યો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસાને ગળે પડ્યો છો. એમ બાયડી-છોકરા એની પાસે આવ્યા તો ગળે પડ્યો કે આ મારા. હતા કે દિ' તારા? મુર્ખાઈ લઈને બેઠો છો. એય..! વલ્લભદાસભાઈ! ઊંધા ચશ્મા છે જગતને. શરીર તો એને કારણે આવ્યું છે. આ રજકણો છે, તારા કારણે આવ્યું છે? તારી ઈચ્છા પ્રમાણે રહે છે? ઈચ્છા પ્રમાણે રહે તો તો ધોળા વાળ થવા દે નહિ, મૃત્યુ થવા દે નહિ. એ તો એની જડ ચીજ એને કારણે રહે છે. એની સ્થિતિ પૂરી થશે તો ફટ છૂટી જશે, તારે કારણે નહિ રહે ત્યાં. લાખ દવા કર ને દાક્તર ઉતાર ઉપરથી. જે સમયે આની અવસ્થા બદલવાની તે સમયે બદલીને છૂટી જશે ફટ દઈને. એ અવસ્થાને બદલાવા આત્મા સમર્થ છે નહિ. બેસે નહિ એને શું થાય? જડ ને ચૈતન્ય. એને માને જડનું કામ હું કરું. ચૈતન્યનું કામ જડ કરાવે. કાંઈ કરાવે. કેમ હશે, કાંતિભાઈ? આ હુશિયારી કાંઈક કામ કરે કે નહિ સંચામાં? કામ ન કરે? સંચા છે કે નહિ? તમારે નથી? પહેલાં હતા કે નહિ એક ફેરી? એ તો બેંગ્લોરમાં હતા ને? આ તો બીજી વાત છે, બાપા! આહાહા..!

અરે..! ભગવાન! તું કેવો છો, ક્યાં છો એની તને ખબર નથી. એ કેવા છે જડ અને ક્યાં છે એની તને ખબર નથી. હવે ખબર વિનાનો બેખબરો, એને તે ધર્મ ક્યાંથી થાતો હતો? પછી કહે, ઓલા દયા પાળી. કોનો પણ દયા? હવે સાંભળને. તારો ભાવ રાગ કર્યો એ તો તારામાં રહ્યો. એ રાગે સામાની દયાની અવસ્થા કરી છે? સામાની દયાની અવસ્થા જીવ્યો એની અવસ્થા તેં કરી છે? ભોગીભાઈ! આ તો બહુ બીજી જાતની વાત છે આ. આહાહા..! છે?

'**તેઓ એકબીજાને પરસ્પર કાંઈ કરી શકતા નથી.**' ભગવાનઆત્મા પોતે જ્ઞાનરૂપે જાણે, એમાં જ્ઞેયો કાંઈ કરી શકતા નથી. આ શબ્દો છે માટે અહીં જ્ઞાન થાય છે એમ નથી, એમ કહે છે અહીં તો. આ વાણી છે એ જડ છે. અને વાણી ત્યાં પડે છે માટે ત્યાં જ્ઞાનની અવસ્થા થાય છે કે વાણી એને જ્ઞાનની અવસ્થાને કાંઈ કરી શકતી નથી. આહાહા..! કહો, સમજાણું આમાં?

ભાઈ! તારે સત્ય જોઈતું હોય તો આમ સમજવું પડશે, ભાઈ! આ બધા અભિમાન મૂકી દેવા પડશે. જૂઠા હું કરું.. હું કરું.. જે અજ્ઞાન છે એ મહા દુઃખની દૃષ્ટિ છે, દુઃખની દૃષ્ટિ છે, દુનિયામાં રખડવાની દૃષ્ટિ છે એ, ચોર્યાશીના ઘા વાગવાની દૃષ્ટિ છે. આ ભવ

અત્યારે છે, પાછો આ ભવ સદાય નહિ રહે. પાછા ભાવ બદલી જશે ફડાક બીજો ભવ, ત્રીજો ભવ, કીડાનો, કાગડાનો, કૂતરાનો એવા ભવ અનંતા કર્યા છે. આ પરના કામ હું કરું અને પર મને કરે એમ એકત્વબુદ્ધિના મિથ્યાત્વ ભાવે અનંતા ભવ એણે કર્યા છે.

**શ્રોતા :-** એનું આ ફળ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનું આ ફળ છે. બીજું રખડવાનું શેનું ફળ છે? ધર્મનું ફળ હોય રખડવું? સમજાણું કાંઈ? કેમ હશે? જયંતિભાઈ! પણ બધા હુશિયાર માણસ હોય તો દુકાનનું સરખું હલવે કે નહિ? કો'કને કાંઈક સમજાવે, કો'કને કાંઈક સમજાવે અને બધાને તાબે રાખે. હુશિયાર માણસ હોય, લ્યો. ઓલાને કાંઈક કહે, ઓલાને કાંઈક કહે. એની પર્યાયથી ત્યાં સમજ્યો હશે ઓલો એમને? મફતનો મૂઢ અભિમાન કરે છે. એની દશા એને ઠીક લાગે એવી અવસ્થા એ કરે છે. તારે લઈને ત્યાં ક્યાં થઈ હતી? સમજાણું કાંઈ?

'**જ્ઞાયક પરદ્રવ્યોને જાણે છે.**' હવે તો અહીં લેવું. '**એમ વ્યવહારથી જ માનવામાં આવે છે;...**' ભગવાનઆત્મા શરીરને જાણે છે. હવે જાણે છે હોં! એ કરવાનું તો ક્યાંય ગયું હવે. આ દેહાદિની ક્રિયા-અવસ્થાને આત્મા કરે છે એ વાત તો ત્રણ કાળમાં નથી, પણ આ દેહને આત્મા જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. કારણ કે જાણનાર કાંઈ જ્ઞેયમાં પેસી જતો નથી અને જ્ઞાનની પર્યાય કાંઈ જ્ઞેયને લઈને થઈ નથી. જ્ઞેયનું અસ્તિત્વ છે માટે અહીં જ્ઞાનપર્યાય થઈ છે એમ છે નહિ. જ્ઞાનનું અસ્તિત્વ (છે) માટે જ્ઞાનપર્યાય થઈ છે. જ્ઞેયને કારણે જ્ઞાનપર્યાય થઈ નથી. સમજાણું કાંઈ?

'**જ્ઞાયક પરદ્રવ્યોને જાણે છે એમ વ્યવહારથી જ માનવામાં આવે છે; નિશ્ચયથી જ્ઞાયક તો બસ જ્ઞાયક જ છે.**' ભગવાન જાણનાર... જાણનાર... ચૈતન્યસૂર્ય છે. ચૈતન્યસૂર્ય. ચૈતન્યનો પ્રકાશ છે એ તો. પોતાના પ્રકાશથી સ્વને, પરને જાણે છે. પરને અડ્યા વિના, પરને લઈને નહિ અને પરમાં પેઠા વિના પોતામાં રહીને પરને ને પોતાને જાણે છે. એ જાણવાની ક્રિયાનું પરિણમન તે આત્માનું છે. સમજાણું કાંઈ?

હવે દાખલો આપે છે. '**ખડી તો ખડી જ છે-**' હવે જુઓ, ખડીનો દાખલો આપે છે. ખડી છે ને ખડી? આપણે ખડી છોકરાને બહુ સમજાય. ખડી નથી લખતા? પાટીયા ઉપર લખે, કોપીમાં લખે. ખડીથી લખે છે ને? .. કોપીમાં ન લખે નામ? એ સુંવાળી બહુ હોય, સુંવાળી. ચુનો તો જરી ઓલો... આ સુંવાળી હોય. પહેલાં લખતા. કોપીમાં લખતા નહિ? પચાસ-સાંઈઠ વર્ષ પહેલાં. ખડી. એમાં શીશો મોટો આવો રાખે. મોટા અક્ષર પછી તડકે સુકવે. ૬૦ વર્ષ પહેલાંની વાત છે. કહો, સમજાણું કાંઈ?

'**ખડી તો ખડી જ છે-એ નિશ્ચય છે; ખડી-સ્વભાવે પરિણમતી ખડી ભીંત-સ્વભાવે પરિણમતી ભીંતને સફેદ કરે છે...**' શું કહે છે જુઓ હવે. '**ખડી-સ્વભાવે**

**પરિણમતી ખડી...**' ખડી પોતાના સ્વભાવે ધોળાપણે પરિણમતી અવસ્થાપણે થતી ખડી. એ '**ભીંત-સ્વભાવે પરિણમતી...**' ભીંત જે છે એ પોતાના સ્વભાવે ભીંત પરિણમે છે. એ ભીંતને.. બે વાત. ખડી-સ્વભાવે પરિણમતી ખડી, એક વાત. ખડી છે. .. કરે છે ને પાણીમાં? એ સ્વભાવે પરિણમી. પોતાને કારણે પરિણમી છે એક વાત.

'**ભીંત-સ્વભાવે પરિણમતી...**' હવે ભીંત પોતે છે એ પોતાના સ્વભાવે પરિણમેલી છે ભીંત, ખડીને લઈને નહિ. એવી ભીંત સ્વભાવે પરિણમતી ભીંતને સફેદ કરે છે. એ ભીંતને સફેદ કરે છે '**એમ કહેવું તે પણ વ્યવહારકથન છે.**' કારણ કે સફેદાઈની પર્યાય ભીંતમાં પેઠી નથી. સફેદાઈની પર્યાય સફેદાઈના અસ્તિત્વમાં રહેલી છે. સફેદાઈની અવસ્થા ભીંતમાં પેઠી હોય (તો) સફેદાઈ ધોવાય ત્યારે ભીંત પણ પડી જવી જોઈએ. સમજાણું કાંઈ? આ પોતુ આપે છે ને? ભોગીલાલભાઈ! .. ઓલું હોય પછી .. બેસતું. ધોળું-ધોળું શું કહેવાય બીજી ભાષા તમારી? વ્હાઈટ વોશ. અંગ્રેજીમાં. સાફસૂફ.. જ્યાં ત્યાં ચુનો-બુનો નાખે.. બે-પાંચ વર્ષે કરે. મકાનને કરે ને. એય..! તમારે તો આરસપહાણનું મકાન છે. આરસપહાણમાં કરવું પડતું હશે? આરસપહાણમાં ચુનો ન લાગે નહિ? આરસપહાણનું મકાન ત્રણ લાખનું કર્યું છે. એય.. ધોળું-ધોળું લાગે. એ જડની અવસ્થા છે.

અહીં તો કહે છે, ખડી.. ધ્યાન રાખજો, આત્મા અને જ્ઞેય ઉપર ઉતારશે. '**ખડી-સ્વભાવે પરિણમતી...**' પોતાના ધોળા સ્વભાવે પરિણમતી પોતાના અસ્તિત્વમાં રહીને પરિણમી છે. ભીંત ભીંતના સ્વભાવે પરિણમતી ભીંતની અસ્તિત્વમાં તેનું ભીંતનું પરિણમન છે. એમાં ભીંતને સફેદ કર્યું, ખડીએ ભીંતને સફેદ કરી નિમિત્ત કથન છે, સફેદ તો પોતામાં રહીને સફેદપણે પરિણમી છે. ભીંતને ધોળી કરી નથી અને ભીંત સફેદથી ધોળી થઈ નથી. સમજાણું કાંઈ? ભારે જગતને સાંભળવું કઠણ.

**શ્રોતા :-** આ તો ચોખ્ખી વાત છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો ચોખ્ખી બે ને બે ચાર જેવી વાત છે.

ખડી વસ્તુ છે કે નહિ? એ ખડી જ્યારે ઓગળવા માંડે છે આમ, એ પોતાનો પર્યાય છે કે એ ભીંતનો છે? એ પર્યાય સફેદાઈનું અસ્તિત્વપણું સફેદાઈમાં છે કે ભીંતના અસ્તિત્વમાં છે?-પોતાના અસ્તિત્વમાં છે; અને ભીંતનું જે અસ્તિત્વ છે ટકી રહેવું, એ ભીંતના અસ્તિત્વમાં છે કે ખડીના અસ્તિત્વમાં છે? એ ભીંતના અસ્તિત્વમાં એ ખડીએ આમ ધોળું કર્યું એ ધોળામાં ધોળું અસ્તિત્વ રહ્યું છે કે ભીંતના અસ્તિત્વમાં ગરી ગયું છે ધોળું? સમજાણું કાંઈ? આરે..! આવો દાખલો આપીને આત્મામાં ઉતારશે હોં એ.

'**તેવી રીતે જ્ઞાયક તો જ્ઞાયક જ છે**' ભગવાનઆત્મા તો જાણનાર છે. જાણનાર સફેદની પેઠે. જેમ ખડી તે સફેદપણે પરિણમે છે વર્તમાન, એમ આત્મા જાણનાર તે જાણવાપણે

વર્તમાન થાય છે. જાણવાપણે, અવસ્થાપણે, જાણવાની અવસ્થાપણે થાય છે. '**જ્ઞાયક સ્વભાવે પરિણમતો જ્ઞાયક પરદ્રવ્યસ્વભાવે પરિણમતાં એવાં પરદ્રવ્યોને જાણે છે...**' શું કહે છે? '**તેવી રીતે જ્ઞાયક તો જ્ઞાયક જ છે-એ નિશ્ચય છે; જ્ઞાયકસ્વભાવે પરિણમતો જ્ઞાયક...**' એક વાત. શું કીધું? આ જ્ઞાયક આત્મા છે ને જાણનાર છે ને ચૈતન્ય વસ્તુ? એ જ્ઞાયકપણે પરિણમતો, વર્તમાન જાણવાપણે પરિણમતો તે જ્ઞાયક છે. જાણવાપણે પરિણમતો જ્ઞાનના અસ્તિત્વમાં છે. જ્ઞાયકસ્વભાવે પરિણમતો જ્ઞાયક. એક (વાત).

'**પરદ્રવ્યસ્વભાવે પરિણમતાં એવા પરદ્રવ્યો...**' આ શરીર, વાણી, કર્મ આ બીજા, ત્રીજા જેટલા દેવ-ગુરુ-શાસ્ત્ર, બાયડી, છોકરા, કુટુંબ એ બધા જ્ઞાનમાં જણાવાલાયક વ્યવહારે પરજ્ઞેય છે. એ પરદ્રવ્યો પોતાને કારણે બદલીને રહ્યા છે. જુઓ, '**પરદ્રવ્યસ્વભાવે પરિણમતાં...**' છે? પહેલો બોલ જ્ઞાયકસ્વભાવે પરિણમતો જ્ઞાયક છે. જાણનાર ભગવાનઆત્મા જાણવાના સ્વભાવે પરિણમતો આત્મા જ્ઞાયક છે અને પરદ્રવ્યસ્વભાવે પરિણમતા એવા પરદ્રવ્ય. એટલી વાત હવે. શરીર, વાણી જે પરવસ્તુ, બીજા આત્માઓ પરદ્રવ્યો, પુદ્ગલો, એ પરદ્રવ્ય સ્વભાવે પરિણમતા તે પરદ્રવ્યરૂપ છે, એને જાણે છે એમ કહેવું... આહાહા..! કરે છે તો કાઢી નાખ્યું, (એને જાણે છે એ પણ કાઢી નાખ્યું!) સર્વવિશુદ્ધ અધિકાર છે ને હવે આગળ?

ભગવાનઆત્મા પોતાની અવસ્થાપણે થાય. એ પર અવસ્થાને શું કરે? પરવસ્તુ પર અવસ્થાપણે થાય એ આત્માને શું કરે? એ જુદું કાઢી નાખ્યું. કરે નહિ કાંઈ. હવે એમ રહ્યું કે આત્મા ચૈતન્ય સ્વરૂપ છે એ જાણવાપણે પરિણમે. જાણવાપણે... જાણવાપણે... આ આમ છે.. આ આમ છે. એ તો પોતામાં જાણવાપણે પરિણમે છે; અને જણાવાયોગ્ય વસ્તુ પોતામાં રહીને પોતાથી પરદ્રવ્ય એટલે આનાથી પરદ્રવ્યરૂપે, એને બદલવાની અવસ્થાપણે પરદ્રવ્ય ત્યાં છે. શરીર, કર્મ, બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, ધૂળ. પૈસા હોય ને? આ બધું ધૂળ છે ને પૈસા એ શું છે? ધૂળ ધૂળપણે પરિણમીને રહી છે. પૈસા પૈસાપણે થઈને રહ્યા છે કે આત્માના જ્ઞાનપણે થઈને રહ્યા છે? કહો, ભોગીલાલભાઈ! આ તો બરાબર છે કે નહિ? પૈસા પૈસાપણે થઈને રહ્યા છે કે પૈસા આત્માના જ્ઞાનપણે થઈને રહ્યા છે? અને આ જાણનાર જાણનારપણે રહ્યો છે કે જાણનાર પૈસાપણે થયો છે? પૈસાપણે થાય તો જડ થઈ જાય આત્મા. અરે..! આ કોણ પણ વિચાર કરવા નવરો કે દિ' હતો? કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આપ પણ એક દિ'માં એટલા બધા સિદ્ધાંત કહો તો અમારે યાદ રાખવા કઠણ પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે આમાં ક્યાં સિદ્ધાંતો એટલા મોટા ઝાઝાં છે. એય..! આ સંસારમાં નથી કરતાં? હજાર-હજાર, બબ્બે હજાર વસ્તુ હોય તો ત્રિપટી વાતું કરે. કરિયાણાની

વસ્તુ હોય છે ને. ઘરની પાંચ-પાંચ દસ-દસ લાખનો મોટો ધંધો હોય. એક એકની વસ્તુ. આ વસ્તુ આટલા ભાવે આવી હતી, આટલી ખપી છે, એનો ભાવ અત્યારે આ છે અને અત્યારે નવો લેવા જાય તો આ ભાવે મળે. આપણને પુરાણા ભાવમાં આ મળી છે. એ માયલી આટલા ભાવે ખપી છે અને આટલી વસ્તુ રહી છે. એવી ત્રણ-ત્રણ પટ્ટી એક એક વસ્તુમાં વિચાર કરીને હજાર કે ત્રણ હજાર રાખે ત્યાં. કહો, ભોગીલાલભાઈ! ત્યાં ધ્યાન રાખે. આ એલચીના કોથળા પહેલાં તે દિ' આપણે બે લાવ્યા છીએ. એમાંથી દોઢ ખપ્યો છે અને આટલી રહી છે દોઢમાં. ત્રણ-ત્રણ મણનો થોકડો. અધમણની છે અને અત્યારે આ ભાવ છે. હવે એ આપણે પાછી લાવવી છે. અધમણ રહી છે માટે લાવવી છે. આ ભાવની આવેલી આ છે અને આ ભાવની આવેલી આ છે અને આટલી ખપી. બધી ખબર છે કે નહિ એને? એય..! કાંતિભાઈ! ખબર હોય કે નહિ એને? કેટલું એને યાદ રાખવું પડે? રાખે છે કે નહિ પણ પાપનું બધું? પોપટભાઈ! કેમ હશે? કેટલું રાખતા હશે તમારા સાળા? કેટલા.. ચાલીસ કરોડ રૂપિયા-રાફડા. મોટો રાફડો જાણે. શું હશે? ધૂળ છે. ધૂળના ઢફ્ફા છે. આહાહા..! એક દિવસની ૮૦ હજારની પેદાશ. શું છે? તારે ઘરે ક્યાં આવી? એ તો જડમાં રહી. જડનું પરિણમન જડમાં રહ્યું, તારામાં ક્યાં આવ્યું? એય..! વલ્લભદાસભાઈ!

**શ્રોતા :-** ભાવમાં તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવમાં તો રાગ કર્યો એણે. રાગ કર્યો છે. ખરેખર રાગનો જાણનાર એ પોતે જ્ઞાનની પર્યાયપણે પરિણમ્યો છે. પણ એને ઠેકાણે કહે, (આ મારો). રાગરૂપે થઈ ગયો? કે પરરૂપે થઈ ગયો? એમ માને છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા જ્ઞાયક સ્વરૂપે રહ્યો છે અને આત્મા સિવાયના પરદ્રવ્યો પછી બીજા આત્મા હોય, હોં! બીજા દેવ-ગુરુ-શાસ્ત્રના, વસ્તુ જડ અને દેવ-ગુરુનો આત્મા, જાત્રા કે આ ભક્તિ, આ ડુંગરા, શેત્રુંજય, સમ્મેદશિખર. એ પરવસ્તુ છે. એ તો... છે ને? પરદ્રવ્યસ્વભાવે પરિણમ્યા છે. એ તો એના સ્વભાવે એની અવસ્થાએ રહેલાં છે. '**એવા પરદ્રવ્યોને...**' એવી ચીજોને આ '**જાણે છે એમ કહેવું તે પણ વ્યવહારકથન છે.**' એને કરે તો નહિ પણ એને જાણે કહેવું વ્યવહાર છે. કારણ કે આ જાણનારો જાણનારની અવસ્થામાં રહ્યો છે. કાંઈ જ્ઞેયની અવસ્થારૂપે થયો નથી અને જ્ઞેયની અવસ્થા થઈ એ કાંઈ જ્ઞાનમાં આવી નથી. જ્ઞાન તો પોતાથી થયું છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**એમ કહેવું એ વ્યવહારકથન છે. નિશ્ચય-વ્યવહાર કથનને હવે ગાથાઓમાં દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કહે છે :-**'

**जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।**
**तह जाणगो दु ण परस्स जाणगो जाणगो सो दु।।३५६।।**

जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह पासगो दु ण परस्स पासगो पासगो सो दु।।३५७।।
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह संजदो दु ण परस्स संजदो संजदो सो दु।।३५८।।
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह दंसणं दु ण परस्स दंसणं दंसणं सो दु।।३५९।।
एवं तुं णिच्छयणयस्स भासिदं णाणदंसणचरित्ते।
सुणु ववहारणयस्स य वत्तव्वं से समासेण।।३६०।।
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं जाणादि णादा वि सएण भावेण।।३६१।।
जह परदव्वंस सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं पस्सदि जीवो वि सएण भावेण।।३६२।।
जह रपदव्वं सेडदि दु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं विजहदि णादा वि सएण भावेण।।३६३।।
जह परदव्वं सेडदि हुसेडिया अप्पणो सहावेण।
तह परदव्वं सद्दहदि सम्मदिट्ठी सहावेण।।३६४।।
एवं ववहारस्स दु विणिच्छओ णाणदंसणचरित्ते।
भणिदो अण्णेसु वि पज्जएसु एमेव णादव्वो।।३६५।।

સુણો આવ્યું પાછું. સાંભળો! ભગવાન 'કુંદકુંદાચાર્યે' કહ્યું. આ '**सेडिया**' એટલે સેટિકા. સેટિકા એટલે ખડી.

એનું હરીગીત. નીચે હરિગીત. સેટિકા એટલે શ્વેત શ્વેત એટલી ખડી.

**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક ખરે જ્ઞાયક તથા; ૩૫૬.**

જ્ઞાયક એટલે આત્મા જાણનાર.

**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**દર્શક નથી ત્યમ પર તણો, દર્શક ખરે દર્શક તથા; ૩૫૭.**

દેખનાર પોતે.

**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**

**સંયત નથી ત્યમ પર તણો, સંયત ખરે સંયત તથા; ૩૫૮.**

પરનો ત્યાગ કરનારો પોતે નથી, પરના અભાવસ્વરૂપે ત્યાગસ્વરૂપે છે, એમ કહે છે.

**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**દર્શન નથી ત્યમ પર તણો, દર્શન ખરે દર્શન તથા; ૩૫૯.**
**એમ જ્ઞાન-દર્શન-ચરિતવિષયક કથન નિશ્ચયનય તણું;**
**સાંભળ કથન સંક્ષેપથી એના વિષે વ્યવહારનું. ૩૬૦.**
**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**જ્ઞાતાય એ રીત જાણતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૧.**
**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**આત્માય એ રીત દેખતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૨.**
**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**જ્ઞાતાય એ રીત ત્યાગતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૩.**
**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**સુદૃષ્ટિ એ રીત શ્રદ્ધતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૪.**
**એમ જ્ઞાન-દર્શન-ચરિતમાં નિર્ણય કહ્યો વ્યવહારનો,**
**ને અન્ય પર્યાયો વિષે પણ એ જ રીતે જાણવો; ૩૬૫.**

અહીં જ્ઞાન પહેલું લેવું છે. ઓહોહો..! કેટલી વાત કરે છે! જ્ઞાન-દર્શન-ચારિત્ર બધી વાત કરશે.

**શ્રોતા :-** પછી કહે છે, બધા ગુણોને આ લાગુ પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનેક પર્યાયને, બધી પર્યાયને. પોતે પોતામાં કરે. એમાં પરને કરે શું? પરને જાણે છે એ કહેવું વ્યવહાર છે. શું પરમાં પ્રવેશ કરી જાય છે જ્ઞાન? જાણનાર ભગવાનઆત્મામાં શરીર પ્રવેશ કરે છે? (જ્ઞાન) શરીર-જડ અવસ્થામાં પ્રવેશ કરે? (તો) જડ થઈ જાય. પોતે પોતાની અવસ્થામાં રહીને શરીરને જાણે છે. શરીરને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. ખરેખર તે શરીરને જાણવાની પોતાની અવસ્થાને પોતે જાણે છે એ પણ વ્યવહાર છે. એ વ્યવહાર કહે છે હજી તો. પોતે પોતાને જાણે એવા ભેદ પાડવા એ વ્યવહાર. ભગવાન જ્ઞાયક તે જ્ઞાયક ચૈતન્ય છે. એમ અંતર અભેદની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સમજાણું કાંઈ? આવી વાત દુનિયામાં અત્યારે તો હાહો ને હરિફાઈ ચાલે છે. કેટલા મોટા-મોટા, મજૂર સાથે મેળ ન ખાય, મીલવાળાને તો બધાને રોકાવું પડે ઘરમાં.

**શ્રોતા :-** મીલવાળા તો તાળા મારે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તાળા મારે. આઠ-આઠ દિ' રોકાવું પડ્યું, કિશનગઢના. નેમચંદ પાટની કહેતા. મીલ બંધ કરી દીધી. આઠ દિ' ઘરની અંદર. બહાર નીકળીએ તો મારે. એમ ને એમ શાક ને ભાજી આઠ દિ' હતું એ ખાધું કહે અંદર. બારણા બંધ કર્યા. આહાહા..! બાપુ! એ તો એની અવસ્થા થાય ત્યારે થાય. તું તો એનો જાણનાર છો. પરને રોકી શકે અને પરને બનાવી શકે (એમ છે નહિ). આ પરને જાણવું એ પણ વ્યવહાર છે. તો લોકોને કરવું છે જ ક્યાં. આહાહા..! ભારે વાત! પરને જાણવું એ શું? પર સંબંધી જ્ઞાન છે? એ તો પોતાનો જ્ઞાનસ્વભાવ પોતાનું પરિણમન છે. એ પોતાને સ્વપરને જાણે એ તો પોતામાં રહીને જાણે છે, પર થઈને જાણે છે? અને જાણતાં પર આનું થઈને રહે છે? કહો, સમજાણું કાંઈ? આ જ્ઞાનમાં શરીર, વાણી, કર્મ, બાયડી, છોકરા જણાય એ આત્માના થઈને રહ્યા છે? એના થઈને રહ્યા છે. એના થઈને રહ્યા એને જાણવું કહેવું એ વ્યવહાર છે, એમ કહે છે. જ્ઞાન તો આનું છે. ક્યાં એનું હતું? આહાહા..!

**શ્રોતા :-** અહીં તો જ્ઞાનનું જ્ઞાન કહેવું એ પણ વ્યવહાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ હજી આગળ કહેશે. અત્યારે તો આટલું સિદ્ધ કરે. કહો, સમજાણું કાંઈ? ભારે વાતું. એની ટીકા છે જુઓ, ટીકા છે ને?

ખડી જે છે. '**આ જગતમાં.**' પાછું આ જગત. વિદ્યમાન હોય.. ... આહાહા..! જ્ઞાન છે તે પોતે જ્ઞાનગુણથી ભરેલો ભગવાન છે. એ જ્ઞાનમાં જણાવાયોગ્ય પદાર્થ તે વ્યવહારે જ્ઞેય નામ જાણવાલાયક છે. ખરેખર તો પરને નિશ્ચયથી જાણતો નથી. પરને જાણતો ત્યાં વળી કાઢ્યું પાછું. કંઈક કંઈક વાંધો કાઢે છે. પરને જાણતો નથી, માટે સર્વજ્ઞ છે એ વ્યવહારનયે છે. વળી ઈ કાઢ્યું. સમજાણું કાંઈ? અરે..! વાંધા તે વાંધા.

ભગવાન! અહીં તો એમ કહે છે કે તું જાણનાર જ્ઞાન ચૈતન્ય છે એની વર્તમાન અવસ્થા તો જાણવાની થાય. અને જાણવાની થાય, એ પોતે પરવસ્તુને જાણે, જાણતા કાંઈ પરરૂપે થાય છે? અને પર છે એ આના રૂપે આવે છે? બસ! ત્યારે તેં શું કર્યું? જાણ્યું પરને એમ કહેવું તો વ્યવહાર છે, એ તો ઉપચાર છે. ખરેખર તો તારા જ્ઞાનની અવસ્થા તેં જાણી છે. ભારે આવ્યું આ તો.

પુણ્ય-પાપના પરિણામ કરે ત્યારે કહે, જ્ઞાનના પરિણામ થાય છે એમાં પણ એ તારા છે. પરના એ પરિણામ નથી અને પરને લઈને થયા નથી. પરને જાણવું કહેવું એ પણ તારા અસ્તિત્વમાં રહીને પરને જાણવું એટલે પરરૂપ થઈ ગયું જ્ઞાન? અને જ્ઞેય છે એ અહીં આવી ગયા છે? એને લઈને અહીં જ્ઞાન થયું છે? જેમાં ભરેલું જ્ઞાન છે એમાંથી થાય છે. વિશષ વાત છે... (**શ્રોતા :** પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, ગાથા-૩૫૬-૩૬૫, શ્લોક-૨૧૫
## પ્રવચન નં.૪૧૮, તા.૬-૧૨-૧૯૬૭
## (૧૪)

૫૨૯ પાને છે, નિશ્ચય અને વ્યવહાર. આ ગાથાઓ.. સેટિકાનો વ્યવહાર. નીચે છે. નિશ્ચયની વાત થઈ ગઈ ભાવાર્થની.

‘**હવે વ્યવહારનય વિષે.**’ નિશ્ચયની વાત થઈ ગઈ કે આત્મા જ્ઞાન તે જ્ઞાન જ છે, દર્શન તે દર્શન છે, આનંદ તે આનંદ છે, ચારિત્ર તે ચારિત્ર છે. એના ભેદ પાડવા આનંદ છે અને જ્ઞાન છે એ પણ ભેદની ત્યાં જરૂર નથી. જ્ઞાયક તે જ્ઞાયક છે એવો નિશ્ચય તે વસ્તુનું સ્વરૂપ છે. ‘**હવે વ્યવહારનય વિષે. વ્યવહારનયથી આત્માને પરદ્રવ્યનો જ્ઞાતા,...**’ કહેવાય છે, વ્યવહારથી પરદ્રવ્યને આત્મા જાણનારો કહેવાય છે, એને દેખનારો કહેવાય છે અથવા પરદ્રવ્યની શ્રદ્ધાન કરનાર કહેવાય છે અથવા ‘**ત્યાગ કરનાર કહેવામાં આવે છે; કારણ કે પરદ્રવ્યને અને આત્માને નિમિત્તનૈમિત્તિકભાવ છે.**’ લ્યો. જુઓ, આવ્યું ને? પરદ્રવ્યને આ શ્રદ્ધા કરનારો છે, આનો જાણનારો છે એમ કહેવું વ્યવહાર છે. કારણ કે નિમિત્ત છે અને આ પર્યાય નૈમિત્તિક છે. આ નિમિત્ત છે તો એ નૈમિત્તિક છે. અરસપરસ નિમિત્તનૈમિત્તિકભાવની અપેક્ષાએ આ વ્યવહાર ગણવામાં આવે છે. છે?

‘**પરદ્રવ્યને અને આત્માને...**’ જુઓ, આ બધા પરદ્રવ્ય લીધા છે. આત્માની દરેક પર્યાય લીધી છે. જ્ઞાનની, દર્શનની, ચારિત્રની, આનંદની, વીર્યની અને સામે દ્રવ્યો જેટલા છે એટલા બધા એને શ્રદ્ધવા યોગ્ય, ત્યાગવા યોગ્ય, જાણવા યોગ્ય, દર્શન કરવા યોગ્ય, વીર્યમાં પોતાના પુરુષાર્થથી નિમિત્ત થવાને અંદર યોગ્ય પોતાના પુરુષાર્થમાં, એ બધાને અને આત્માની પર્યાયને નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. નિમિત્તનૈમિત્તિક એટલે? પોતે જો નૈમિત્તિક કહીએ તો તેને-સામાને નિમિત્ત કહીએ, એને નૈમિત્તિક કહીએ તો આને નિમિત્ત કહીએ. શું કીધું?

આત્મા પરને જાણનારો છે એમ કહેવું એ જ્ઞેયને જો નિમિત્ત કહીએ તો જાણનાર પર્યાયને નૈમિત્તિક કહીએ અને જાણનાર પર્યાયને નિમિત્ત જ્ઞેયનું કહીએ, જાણનાર પર્યાયને નિમિત્ત જ્ઞેયનું, જ્ઞેયનું નિમિત્ત કહીએ તો જ્ઞેય નૈમિત્તિક છે, જ્ઞાનપર્યાય નિમિત્ત છે. સમજાણું કાંઈ? કોઈ કોઈનો કર્તાહર્તાનો સંબંધ આમાં છે જ નહિ, વ્યવહારનયે પણ. આ સંબંધ કીધો એ

પણ કહે છે કે.. એ કહેશે જુઓ! વ્યવહારીજનો કહે છે. એ પણ વ્યવહારીજનો આમ કહે છે. વ્યવહારીજનની કથનની પદ્ધતિ આવી છે. એવો સ્વતંત્ર ભગવાનઆત્મા, પોતાના જ્ઞાનથી પરને જાણે એમ કહેવું એ તો જ્ઞેયનું નિમિત્તપણું અને જ્ઞાનનું નૈમિત્તિકપણું અથવા જ્ઞેયનું નૈમિત્તિકપણું અને જ્ઞાનનું નિમિત્તપણું, એટલો વ્યવહારનો સંબંધ ગણીને કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

જેમ કે અહીંયાં દેવ-ગુરુનો આત્મા અને સ્ત્રી-પુત્રનો આત્મા, જાણવામાં એ જ્ઞેય છે. એનો નથી. એ જ્ઞેયનો આત્મા નથી, આત્માનું એ જ્ઞેય નથી. એ દીકરાનો આત્મા આ આત્માનો નથી અને આ આત્માનો પર્યાય દીકરાના આત્માનો નથી. બરાબર હશે? કેમ ભાઈ! કેમ હશે આ મલૂકચંદભાઈ? કોઈ સાથે આવે બે ભાઈ લ્યોને, તોય પણ કહે છે કે એ આત્મા, આ આત્મા જાણે એને એમ કહેવું એ વ્યવહાર છે. કારણ કે પરવસ્તુ થઈ અને એ આમાં જણાય એમ કહેવું એ એને માટે વ્યવહાર થયો. સમજાણું કાંઈ? આવો, આવો હિંમતભાઈ. ભાઈને આવવા દો.

શું કહ્યું આ? કે આ આત્મા છે એ જાણક સ્વભાવવાળું તત્ત્વ છે-જાણનાર. હવે એ જાણનારનો આત્મા, એ આત્મા સિવાય પરવસ્તુનો કર્તા, હર્તા કે ભોક્તા પણ પરનો નથી. કારણ કે પરવસ્તુ સ્વતંત્ર છે. આ વસ્તુ પણ સ્વતંત્ર છે. કહો, સમજાણું આમાં? પણ આત્માને.. અહીં તો દીકરા અને બાપ વચ્ચે વાત ચાલતી હતી. આ આત્મા જે છે, સમકિતીનો આત્મા છે એ એનો બાપ અને ઓલો સમકિતીનો આત્મા એટલે બીજો એનો દીકરો લ્યો. છતાં આ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, એમાં એ આત્મા જણાવા લાયક છે કે આ એક આત્મા છે એમ. મારો દીકરો છે કે આ મારો બાપ છે એમ જાણવાલાયક વસ્તુમાં નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** જ્ઞાતા-દ્રષ્ટા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પણ વ્યવહારે, એ વ્યવહાર છે, એ વ્યવહાર છે જુઓ, એ કહેશે.

આત્મા ચૈતન્ય પ્રજ્ઞાબ્રહ્મ આનંદસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા પરને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. કારણ કે પરવસ્તુ આમાં નથી, આ એમાં નથી, માટે વ્યવહાર કહેવામાં આવે છે. ખરેખર તો આત્મા પોતાને જાણે છે એમાં એ જણાય જાય છે, તો એ જણાય જાય છે એમ કહેવું એ પણ વ્યવહાર છે, કહે છે. વ્યવહાર એટલે ખરેખર એ વાત નથી. આત્મા ચૈતન્ય વસ્તુ છે, જ્ઞાનનો ભરેલો ભગવાન. એમાં આવ્યું છે ને?

જેમ ખડી ધોળા-સફેદથી ભરેલી ખડી છે, એમ આત્મા જ્ઞાનસ્વભાવથી ભરેલો પદાર્થ છે. એ જ્ઞાનનું પરિણમન પર્યાયમાં વર્તમાન દશા થતાં બીજી ચીજો તે જ્ઞાનમાં જણાય તે ચીજ તેને જણાવાયોગ્યને જ્ઞેય કહીએ, જાણનારને જ્ઞાન કહીએ, તો જાણનારને જ્ઞેય-

જણાવાયોગ્ય કહેવું તે નિમિત્ત છે અને એ જ્ઞેય આને નિમિત્ત છે. જાણનારની પર્યાયમાં જણાવાયોગ્ય પર્યાય તે નિમિત્ત છે અને જણાવાયોગ્ય પર્યાયમાં આ જ્ઞાન નિમિત્ત છે. અરસપરસ નિમિત્ત છે. સમજાણું કાંઈ? નિમિત્તનો અર્થ એવો નથી કે જ્ઞેય છે માટે અહીં જાણે છે અને જાણનાર છે માટે તે જ્ઞેય છે એમ નથી. વસ્તુ-વસ્તુ ભિન્ન છે. ઝીણું છે આ બધું. હિંમતભાઈ!

ભગવાનઆત્મા શ્રદ્ધા કરનાર છે એમ કહો કે દેવ-ગુરુની શ્રદ્ધા કરનાર છે, તોપણ કહે છે કે દેવ-ગુરુનો આત્મા તો ભિન્ન છે અને શ્રદ્ધા કરનારો આ ભિન્ન છે. શ્રદ્ધા કરવાયોગ્ય પર્યાય એમાં શ્રદ્ધા કરવાયોગ્ય આ ચીજ છે એમ કહેવું એ શ્રદ્ધાપર્યાયને નિમિત્ત છે અને એ શ્રદ્ધા કરવાયોગ્ય વસ્તુ છે એને આ શ્રદ્ધાની પર્યાય નિમિત્ત છે. સમજાણું કાંઈ? બાકી સૌનું સ્વતંત્ર છે. કોઈ કોઈને કાંઈ લેવા દેવા નથી. આહા..હા..!

દરેક આત્મા પોતાની વર્તમાન પર્યાયને શ્રદ્ધે, જાણે, માને, પોતાને જાણે, માને એટલો ભેદ પાડવો કહે છે વ્યવહાર છે, પણ ઓલાની અપેક્ષાએ. પરને જાણે, શ્રદ્ધે, રાગને છોડે, આ સ્ત્રી-કુટુંબને છોડે એમ જે કહેવું એ પણ વ્યવહારનું કથન છે. કેમકે તે વખતે છૂટવા યોગ્યની પર્યાય છે એને અહીંયાં છૂટવા યોગ્ય જે ચારિત્રદશા થઈ તેમાં તેને નિમિત્ત કહેવામાં આવ્યું અને છૂટવા યોગ્ય પર્યાયને આ ચારિત્રની પર્યાય એને નિમિત્ત કહેવામાં આવી. આ રીતે વસ્તુનો વ્યવહાર કહેવામાં આવે છે. બાકી એકબીજાના કોઈ છે (એમ) ત્રણ કાળમાં છે નહિ. કહો.

પૈસો શું હશે ત્યારે? હવે એ આપણે જ્ઞાનમાં. આત્મા જાણનાર છે, ચૈતન્યપ્રભુ આમ જાણવાના ભાવથી ભરેલો, એ જાણવાની પર્યાયે પરિણમેલો. જાણવાના સ્વભાવથી ભરેલો એટલે બે વાત થઈ ગઈ. દ્રવ્યથી ભરેલો અને સ્વભાવ જ્ઞાન અને એ જ્ઞાનસ્વભાવે જાણે છે એ પરિણમન થયું-પર્યાય થઈ. તો એ જાણવાની પર્યાયમાં પૈસો જે છે એ જ્ઞેય છે, જાણવાયોગ્ય છે. મારો છે એમ એમાં નથી. પૈસો મારો છે એ જ્ઞેયમાં નથી અને જ્ઞાનમાં મારો છે એવી અહીં યોગ્યતા નથી જ્ઞાનમાં. આ જ્ઞેય મારું છે એવું જ્ઞાનમાં છે નહિ. જ્ઞાન તો જાણે એટલું જ્ઞાનમાં છે. પણ જ્ઞાનમાં એવું નથી કે પૈસો મારો, એ એનામાં છે જ નહિ, અને જ્ઞેયમાં એવું નથી કે મારો છે અને એમ એ મનાવે. ભગવાનજીભાઈ!

ભ્રમણાથી અજ્ઞાની આ પૈસો મારો અને એ છે તો મને મમતા થાય છે, એ અજ્ઞાની ભ્રમણાથી આ ભાવ ઊભો કરે છે. સમજાણું કાંઈ? તો કેમ હશે આમાં? એય!

આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. ચૈતન્ય બ્રહ્મ છે આત્મા. હવે એ જાણે કે આ એક પૈસો છે. એની પૈસાની વર્તમાન પર્યાય આ જ્ઞાનમાં જણાવાયોગ્ય છે. જણાવાયોગ્ય એટલે? આ પર આ રીતે છે એમ જણાવાયોગ્ય છે, પણ પર એ મારા છે એમ થવા યોગ્ય એ નથી

અને આ જ્ઞાનમાં એ પર મારા છે એમ થવા યોગ્ય જ્ઞાનમાં પણ નથી. સમજાણું કાંઈ? જાધવજીભાઈ! સારા દીકરા તો સારા કહેવાય કે નહિ મારા? ધૂળેય નથી. મૂઢ મફતનો વચમાં ગળે વળગે છે, અહીં તો એમ કહે છે. ગળે વળગે છે મારા. એના કારણે તે આત્માઓ અને એને કારણે એ પરમાણુઓ પલટતાં-પલટતાં ટકતા પલટીને ત્યાં ત્યાં રહ્યા છે. એમાં એની ઉપસ્થિતિમાં આત્મા અહીં નજરમાં આવ્યો અહીંયાં 'આ આ મારા છે' એમ ગળે પડે છે કહે છે. ચીમનભાઈ!

કો'કના રૂપિયા હોય ને કહે આ દાગીનો મારા જેવો લાગે છે, પણ તારા જેવો હોય તો દાગીનો તારી પાસે જ હોય, બીજા પાસે ન હોય એવો? ઘણા વખતની વાત છે. ટોપી ખોવાઈ ગઈ હતી ભાઈની. ૫૭ની સાલની વાત હશે, ૫૭ની. ઓલી ટોપીયું હોય ને ટોપીયું સારી. નાની ઉંમર તે દિ' ૧૧ વર્ષની. બહાર પડી હતી. એમાં બહાર નીકળ્યો તો લઈને.. અમે પાછા ઉતર્યા હતા તાકડે .. માં અને એ બરાબર પહેરીને નીકળ્યો છોકરો. મેં કીધું, ટોપી આ અમારી છે. ત્યારે એ બોલ્યો કે પણ એવી ટોપી બીજાની ન હોય? મેં કીધું, વાત સાચી. એ હોય ખરી પણ આ તો અમારી છે, કીધું. જુઓ! અહીં મળતી નથી, ક્યાંય લાવતા નથી અને આ ચીજ તો અમારી રસ્તામાં પડી ગઈ હતી એ. પછી આપી દીધી. પણ જવાબ તો એમ આપે ને કે આવી શું બીજા પાસે ન હોય? તમારી જ આવી હોય? કહો, વજુભાઈ! આપી દીધી. એના છોકરાને પહેરાવીને નીકળી બાઈ. આમ કર્યું. અમે બરાબર ત્યાં ઢેબરા ખાવા રોકાણા હતા રસ્તામાં. ત્યાં ગામમાં હોં! ત્યાં ગામમાં પહેરીને નીકળી. બરાબર, લીલા રંગની આ ટોપી અમારી છે. રસ્તામાં .. તો પડી ગઈ હતી. ૧૧ વર્ષની વાત છે. ઉંમરની ૧૧ વર્ષની. ૬૫. કેટલા વર્ષ થયા? ૬૭. ૬૭ વર્ષની વાત છે. પણ બાય પાછી બોલી, હોં! .. એવી હોય બીજાને ખરી. એમ બચાવ તો પહેલો એમ કરે ને. હોય પણ ખરી, પણ અહીં તો એટલામાં ન હોય. બેન, આ તો અમારી છે. રસ્તામાં પડી હતી. જુઓ! અહીંથી ઓઢીને અમે તરત લાવ્યા હતા. સમજી ગઈ. કહો, સમજાણું?

એમ આ જગતની ચીજો પલટતાં-પલટતાં એના સ્થાનમાં આવી છે. ત્યાં વચ્ચે ગળે વગડે છે કે મારી. પણ ઓલો કહે મારી ન હોય? મારી ન હોય તો મારી પાસે શું કરવા આવી છે? મારી ન હોય તો મારી પાસે શું કરવા આવી છે? એમ વળગે છે. કહો. ખેતશીભાઈ! ગળે પડ્યો છે. સમજાણું કે નહિ?

ઓલી પડીક્કમણાની વાત નથી આવતી? એક દેવશીભાઈ હતા. પડીકમણું કરાવતા ભાઈ. આ દેવશીભાઈ છે ને. દેવશીભાઈ! આ દેવશીભાઈ અને ખેતશીભાઈ અને રાયશીભાઈ-ત્રણ હતા. આવા દેવશીભાઈ પડીકમણું કરાવતા એ સાંજનું કરાવે. દેવશીભાઈ હતા એક એ સાંજનું

પડીકમણું કરાવે. એટલે દેવશી પડીકમણું બોલે. અને સવારમાં રાયશીભાઈ હતા એ રાયશી પડીકમણું કરાવે. હવે એમાં ખેતશીભાઈ આવી ગયા વચમાં. એ પડીકમણું કરાવવા માંડ્યું કે ખેતશીનું પડીકમણું. આપણે ખેતશી પડીકમણું કોઈ દિ' સાંભળ્યું નથી, હોં! પણ મારો શું વાક? રાયશીનું પડીકમણું અને દેવશીનું. મારો શું વાંક? હું સાધારણ માણસ છું માટે મારું આમ? સાંજે પડીકમણું દેવશીભાઈ કરાવે છે, સવારે રાયશીભાઈ કરાવે છે. ત્યારે મારો વારો આવ્યો તો હું ખેતશીભાઈ. ખેતશી પડીકમણું. પણ ખેતશી પડીકમણું ન હોય. દિવસના પાપ લાગ્યા હોય એ સાંજે કહેવામાં આવે એનું નામ દેવશીપડીકમણું. રાતનું પાપ લાગ્યું એ સવારમાં વિચારવામાં આવે એને રાયશીપડીકમણું. પણ ખેતશી પડીકમણું કે દિ'? ખેતરનું પડીકમણું છે ક્યાંય? કહો, વીરચંદભાઈ! આ ગળે પડ્યો ઓલો ખેતશી વચમાં. કારણ કે ઓલા બે જણા બોલે ખરાને. પણ તને ખબર નથી. એ તો નામ વચમાં એના હતા. એનો અર્થ એવો હતો નહિ. એમ આ ગળે પડ્યો છે કે જો મારી પાસે આવ્યું છે કે નહિ? લક્ષ્મી મારી પાસે આવી છે કે નહિ? આ બાયડી મારી થઈને આવી છે કે નહિ? ઠીક!

અરે..! ભગવાન તું તો જ્ઞાનસ્વરૂપ પ્રભુ છો અને આ તો એક જાણવાયોગ્ય ચીજ છે. જાણવાયોગ્ય ચીજ એમ તને કહેતી નથી કે તું મને માન અને જ્ઞાન એમ માનતું નથી. ખરેખર તો એ ત્યાં જાતું નથી. હવે એ જ આવશે વાત. એજ આવશે ને. જ્ઞાન ત્યાં જાતું નથી, એ જ્ઞેય તને કહેતું નથી કે તું મને માન. મફતનો વચમાં ગળે પડીને મારા છે એમ માને છે. એ મિથ્યાત્વ ભ્રમણા સેવીને ચાર ગતિમાં રખડે છે. કહો, હિંમતભાઈ!

આ પાણી આવે ને નદીને કાંઠે ભરેલું લ્યો ને. બે કાંઠે, બે કાંઠે ભરેલું પાણી આવે. ચાલો આપણે પાણી આવ્યું. આપણે નદી આવી, નદી આવી. થોડી એક મિનિટ ઊભા રહે ત્યાં નદીનું જે સ્થળ છે એના ખેતરની બહાર નદીનું. બે ખેતરવા હોય ને? એ તો આમ ચાલ્યું જાતું હોય. એ જે તેં કલ્પ્યું છે આટલું તો ચાલ્યું જાય છે. કોને તું મારું મારું કરીશ આમાં?

**શ્રોતા :-** એ તો ચાલ્યો જાય છે. આ તો રૂપિયા રહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ પણ ચાલ્યા જાય છે પરિણમન કરીને. એ તો એને ભાન નથી. એ પરમાણુઓ, એ આત્માઓ પલટતાં.. પલટતાં... પલટતાં... એની પર્યાયે પરિણમીને ત્યાં રહ્યા છે. અત્યારે એ જાતની પર્યાયએ પરિણમીને ત્યાં પ્રવાહમાં આવ્યા છે. તું કહે છે કે મારા અને ઈ પાછો મનાવે કે હા હું તારો. બેય મૂઢ છે અહીં તો કહે છે. તને તત્ત્વની ખબર નથી. આહાહા..!

વ્યવહારે જાણવા યોગ્ય છે અને વ્યવહારે શ્રદ્ધવાયોગ્ય છે એમ કહેવું એ પણ નિમિત્તનૈમિત્તિકપણાનો વ્યવહાર છે. આહાહા..! ક્યાં તું! ક્યાં એ! ભાઈ! ક્યાં તારી પર્યાયમાં

આવે છે ચીજ? કર્મના રજકણો શું આત્માની પર્યાયમાં પેસી ગયા? ખરેખર તો કર્મ પણ જ્ઞેય છે. સમજાણું કાંઈ? કહો, આવ્યું છે ને કર્તાકર્મમાં? નહિ? જ્ઞાનાવરણી કર્મ બાંધે. જેમ દૂધનો તટસ્થ પુરુષ... આવી ગયો છે ને? દૂધ છે એનું આમ દહીં થાય છે. ઓલો નજરે જોવે છે. એમાં દૂધના દહીંનો કરનારો ક્યાં છે એ? આ દૂધના દોણા કરેને પહેલાં? દહીં કરવું હોય ને દહીં? બહુ પાછુ ઊનું કરેલું (હોય તો) છાશ નાખી જરી વાર બૈરા બેસે. બહુ ઊનું (હોય એટલે) પછી જરી ઠર્યા પછી એને નાખે તો દહીં થઈ જાય, પણ એ દૂધ પલટીને દૂધ થયું છે કે બાઈએ જોતાં-જોતાં દહીં કરાવ્યું છે દૂધનું? એ તો જોનાર છે આમ કે અહીં થાય છે કે હું ત્યાં કરાવું છે એમ છે? એ તો દૂધની પર્યાય દૂધરૂપની દહીંરૂપે પરિણમે છે એમ તું જોનાર છો. એમ જગતના પદાર્થ પલટતાં-પલટતાં તારી પર્યાય પાસે આવે એ તો એને પલટવાના કારણે આવ્યા છે. તેં એને પલટાવ્યા છે? તારે માટે આવ્યા છે? તારા છે એ? કહો, વીરચંદભાઈ!

**શ્રોતા** :- બહુ સારી વાત.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બહુ સારી વાત? આહાહા..!

એમ આ શરીરના રજકણે રજકણ માટીના ધૂળ છે આ. ખરેખર આત્મા જાણનાર અને આ જાણવા યોગ્ય છે. કેમકે એ જ્ઞેય છે એ એમ નથી કહેતું કે મારા માટે જાણવા રોકા, તેમ આત્મા એને માટે એની પાસે જઈને પરમાણુ પાસે જઈને જાણવા જતો નથી. એ તો જાણવાની પર્યાયથી જાણે છે, જણાવાયોગ્ય એની પર્યાયથી જણાય છે. આટલો વ્યવહાર કહેવામાં આવે છે નિમિત્તનિમિત્ત સંબંધને લઈને. બાકી કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! ઓહોહો..! ક્યાં તારી શ્રદ્ધા-જ્ઞાનની પર્યાય તારામાં અને એ લોકોની એની પર્યાય એનામાં. એ ક્યાં તારા, એ ક્યાં તારા અને તું ક્યાં તેનો? મિથ્યાદૃષ્ટિ આ પ્રમાણે ભ્રમણા કરી, રખડી રહ્યો અને પરિભ્રમણ કરી રહ્યો છે. જૂઠું સેવી અને અસત્યનો અનાદર કરી, અસત્યને સેવીને રખડે છે.

'**જ્ઞાનાદિ ભાવોને પરદ્રવ્ય નિમિત્ત થતું હોવાથી...**' જુઓ! આ રીતે લીધું. અંદરમાં તો નિમિત્તનૈમિત્તિક બેય છે, પણ અહીં જરીક વિશેષ અહીંથી લીધું. આત્મા જાણે છે એને જ્ઞેય નિમિત્ત થાય છે. આત્મા શ્રદ્ધે છે એને વસ્તુ શ્રદ્ધવાયોગ્ય નિમિત્ત હોય છે. '**જ્ઞાનાદિ ભાવોને...**' પર્યાયને હોં! પહેલો નિમિત્તનૈમિત્તિક ભાવ કર્યો આખો, બેયને. પરદ્રવ્યને અને આત્માને નિમિત્તનૈમિત્તિક ભાવ છે. આ તો મહાસિદ્ધાંતો છે, ભાઈ! કહો, હિંમતભાઈ! બહુ ઝીણી વાત છે આ. નવરાશ હોય ત્યારે ને પણ આમાં વાંચવા અને વિચારવાની. જગતના પાપના આડે નવરાશ ન મળે. મલૂકચંદભાઈ! આહાહા..!

જુઓને, પ્રેમચંદભાઈ એક સેકન્ડમાં ઉડી ગયા, લ્યો. એક સેકન્ડ, હોં! કાંઈ નહિ. ઈ

આજ બપોરે વાત થાતી હતી. શું થયું? એક સેકન્ડ. પાણી પીને આમ જોવે તો ફૂ. શું થયું? કાંઈ નહિ. કાંઈ ન મળે? પણ એ તો એક સમયની પર્યાય હતી. બેય એક ક્ષેત્રે દેખાતી હતી. એક ક્ષેત્રે દેખાતી, હતી ભિન્ને-ભિન્ન. એ આત્મા જુદો, શરીર જુદું. એના અંદર કર્મના રજકણ જુદા, આત્મા જુદો. કોઈને કાંઈ સંબંધ ન મળે. આહાહા..! આ ક્ષેત્રાવગાહ એક જગ્યાએ રહ્યું ને, ત્યાં તો કહે કે મારું છે, પણ આ તો જાણવાયોગ્ય છે, તું જાણનારો છો. એટલો સંબંધ પણ વ્યવહારે કહેવામાં આવે છે. એમાં થઈ ગયું ક્યાં શરીર તારું? તું થઈ ગયો કાંઈ એનો? કહો, સમજાણું? એક સમયમાં પર્યાય છૂટી. લ્યો, હવે અમારે ..ભાઈ પણ દેવલોકમાં ગયા હતા ને, શું કીધું? સમાધાન થઈ ગયું છે એને. ભાઈ! પંડિતજીએ કહ્યું હતું સવારમાં. વાત સાચી. એના પરિણામ એવા હતા અને એનું મોઢું જોતા એવી સ્થિતિ હતી એક સેકન્ડમાં આમ ફૂ. જાવ. સ્વર્ગમાં ગયા. પણ એથી શું? એ સ્વર્ગમાં ગયા એટલે ઓલા એમ ન થઈ જાય કે હાય.. હાય.. મરીને ક્યાં ગયા હશે? સમજાણું કે નહિ? એથી શું?

ન્યાલચંદભાઈને એમ કહ્યું ને? આપણા ન્યાલચંદભાઈ વૈમાનિકમાં ગયા. ખરેખર તો આત્મા આત્મામાં છે. ત્યાં પણ આત્મામાં છે અને અહીં પણ આત્મામાં હતા. સમજાણું કાંઈ? સ્વર્ગમાં પણ નથી અને મનુષ્યમાં પણ નહોતા. આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ છે એમાં હતા. દેહ છૂટ્યો તો ત્યાં એમાં જ છે એ. આહાહા..! પણ લોકોને ગતિ કઈ છે એમ બતાવવા માટે એ વાત આવે. સમજાણું કાંઈ? પ્રભુ આત્મા જ્ઞાનમૂર્તિ છે, રાગથી ભિન્ન છે, પુણ્યના વિકલ્પથી ભિન્ન છે, શરીરથી ભિન્ન છે.

અહીં તો કહે છે કે ખરેખર તો એ રાગ છે ને રાગ, એ ખરેખર તો જ્ઞાનમાં જણાવા યોગ્ય વસ્તુ છે. એ જ્ઞેય જણાવાયોગ્ય છે અને જ્ઞાન તેને જાણે છે. બાકી જ્ઞેય અને જ્ઞાનને વ્યવહારે સંબંધ કહેવો એ તો ખરેખર નથી. ભિન્ને-ભિન્ન છે. જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન જ્ઞાનને જાણે, એને પરને જાણવું (કહેવું) એ તો (વ્યવહાર છે). એનામાં નથી એને જાણવું કહેવું એ વ્યવહાર છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આવું સ્વરૂપ અંતરમાં દૃષ્ટિમાં લીધા વિના એનું કલ્યાણ કોઈ દિ' થશે નહિ. ચોર્યાશીના આંટા ચાર ગતિના ઘોદા... આહાહા..! નરક-નરક અને તિર્યંચ. ઓહોહો..! કહો, સમજાણું?

'**જ્ઞાનાદિ ભાવોને...**' અરસપરસ છે પણ આ ઉપરથી વધારે કર્યું. ભગવાનઆત્માની જ્ઞાનની પર્યાયને એ પરવસ્તુ નિમિત્ત હોવાથી '**નિમિત્ત થતું હોવાથી...**' એમ લીધું. '**વ્યવહારી જનો કહે છે કે આત્મા પરદ્રવ્યને જાણે છે,...**' વ્યવહારીજનો-બેના સંબંધને જાણનારાઓ પકડનારાઓ એમ કહે છે કે '**આત્મા પરદ્રવ્યને જાણે છે, પરદ્રવ્યને દેખે છે, પરદ્રવ્યનું શ્રદ્ધાન કરે છે, પરદ્રવ્યને ત્યાગે છે.**' એવા વ્યવહારીજનોના કથન છે. બાકી તો પરદ્રવ્યને

ત્યાગે-શ્રદ્ધે એ વસ્તુમાં છે નહિ. આહાહા..! પોતે પોતાના શ્રદ્ધા-જ્ઞાનમાં રહે છે, પોતે પોતાની શાંતિ અને સ્થિરતામાં છે, પોતે પોતાના વર્તમાન પરિણતિમાં પરિણમી રહ્યો છે, એનું નામ આત્મા છે. સમજાણું?

'**આ પ્રમાણે નિશ્ચય-વ્યવહારના પ્રકારને જાણી યથાવત્** (જેમ કહ્યું છે તેમ) **શ્રદ્ધાન કરવું. હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' ૨૧૫ કળશ.

**शुद्धद्रव्यनिरूपणार्पितमतेस्तत्त्वं समुत्पश्यतो**
**नैकद्रव्यगतं चकास्ति किमपि द्रव्यान्तरं जातुचित्।**
**ज्ञानं ज्ञेयमवैति यत्तु तदयं शुद्धस्वभावोदयः**
**किं द्रव्यान्तरचुम्बनाकुलधियस्तत्त्वाच्च्यवन्ते जनाः।।२१५।।**

આહાહા..! '**જેણે શુદ્ધ દ્રવ્યના નિરૂપણમાં બુદ્ધિને સ્થાપી-લગાડી છે...**' જે શુદ્ધ ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય પવિત્ર છે એવો જેણે અંતરમાં શુદ્ધમાં અંતર ભાવ કર્યો છે. નિરૂપણ તો શબ્દ-કથન છે. આત્મા શુદ્ધ પવિત્ર આનંદનું ધામ છે આત્મા. એ આત્મા એટલે શરીરવાળો તો નહિ, કર્મવાળો તો નહિ, પણ પુણ્ય-પાપના રાગવાળો પણ નહિ, એને આત્મા કહીએ. કારણ કે પુણ્ય-પાપના ભાવ તો આસ્રવતત્ત્વ, મલિન તત્ત્વ છે, શરીર આદિ તો અજીવતત્ત્વ છે. એ આત્મા એને કહીએ કે જે અજીવ અને આસ્રવથી રહિત શુદ્ધ સ્વભાવ ભગવાનઆત્મા ચૈતન્યબિંબ જ્ઞાયકસૂર્ય આત્મા, એમાં જેણે બુદ્ધિને સ્થાપી છે. દ્રવ્યના નિરૂપણ શબ્દે કથન છે અહીં, પણ શુદ્ધ દ્રવ્યના ભાવમાં બુદ્ધિને સ્થાપી છે. શું કીધું?

બુદ્ધિ નામ જ્ઞાનની પર્યાયને-મતિને, શ્રુતને. હું શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છું, જ્ઞાયક છું એમાં બુદ્ધિને સ્થાપી છે. શુદ્ધ અભેદ જ્ઞાયક છું, એમાં બુદ્ધિને જેણે સ્થાપી છે. જુઓ! આ ધર્મદૃષ્ટિ. હું રાગ, પુણ્ય-પાપના વિકલ્પ તો નથી, તો અજીવ અને શરીરાદિ તો શેનો હોઉં? એવું વાસ્તવિક તત્ત્વ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે પ્રસિદ્ધ કર્યું છે અને તેવું છે આ. એવો આત્મા શુદ્ધ અનંત જ્ઞાન દર્શન આનંદનો કંદ પ્રભુ, એવી શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ જેને થઈ છે. શુદ્ધ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જેણે મૂકી છે. શુદ્ધ દ્રવ્યમાં બુદ્ધિને સ્થાપીનો અર્થ કે શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ જેને થઈ છે.

'**લગાડી છે અને જે તત્ત્વને અનુભવે છે,...**' બે વાત કરે છે. લગાડી છે અને એમાં એને અનુભવે છે. હું તો આનંદ અને જ્ઞાન છું. મારી ચીજ કોઈ બીજી છે નહિ. જાણનાર આનંદ તે આત્મા, સચ્ચિદાનંદ સ્વરૂપ તે આત્મા. સત્ શાશ્વત રહેનાર જ્ઞાન અને આનંદ એ હું. એવો આત્મા છે એમાં એણે દૃષ્ટિને લગાડી છે. સમજાણું કાંઈ? અહીં તો દ્રવ્યદૃષ્ટિની જ વાત કરે છે પહેલી. વસ્તુ છે ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ, એમાં જેણે બુદ્ધિને, દૃષ્ટિને સ્થાપી છે, દૃષ્ટિને લગાડી છે, વર્તમાન રાગ, નિમિત્ત ને પર્યાયબુદ્ધિથી ખસ્યો છે. સમજાય

છે? ધર્મી એને કહીએ કે જેને સંયોગ અને રાગ ને અંશબુદ્ધિ ટળી છે અને ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ ચૈતન્યબિંબ આખો છે એવી દૃષ્ટિ જ્યાં થઈ છે.

**'અને જે તત્ત્વને અનુભવે છે.'** દૃષ્ટિપૂર્વક એને અનુભવે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્ય ભગવાન જ્ઞાન અને શુદ્ધ પરમાત્મસ્વરૂપ છે, એવી દૃષ્ટિ કરી છે અને તેને અનુભવે છે એટલે તેના શાંતિને આનંદને વેદે છે. દૃષ્ટિસહિત સ્થિરતા કરી છે એમ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ? લ્યો, આ શુદ્ધ દ્રવ્યમાં દૃષ્ટિ લગાડવી તે સમ્યગ્દર્શન અને તેમાં સ્થિર થવું તે અનુભવનો આનંદ. સમજાણું કાંઈ? એનું નામ ધર્મ.

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, સત્ નામ શાશ્વત દ્રવ્ય છે તો એના જ્ઞાન અને આનંદ પણ શાશ્વત વસ્તુ છે. એમાં જેણે દૃષ્ટિ લગાવી છે, અંતરમાં દૃષ્ટિ જોડી છે અને તે તત્ત્વનો અનુભવ કરે છે. '**समुत्पश्यतो**' છે ને? '**समुत्**' સમ્યક્ પ્રકારે '**उत्पश्यतो**' એમ છે ને? '**समुत्पश्यतो**' સમ્યક્ પ્રકારે **उत्** નામ વિશેષે. '**पश्यतो**' એટલે આત્માને અનુભવે છે, એમ. આત્માના આનંદને વેદે છે એમ કહે છે અહીં. આહાહા..!

વસ્તુ શુદ્ધ ભગવાન આનંદ, જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ કીધું ને? સત્ શાશ્વત ચિદ્ એટલે જ્ઞાન. આનંદ એટલે અતીન્દ્રિય રસ આત્મા છે. એવા આનંદ અને જ્ઞાનમાં જેણે દૃષ્ટિ સ્થાપી છે અને તે સમ્યક્ પ્રકારે વિશેષપણે આનંદનું જ વેદન અને જ્ઞાનનું જ વેદન કરે છે, એવા ધર્મી પુરુષને '**એક દ્રવ્યની અંદર કોઈપણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ (કદાપિ) ભાસતું નથી.**' કહો, સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા ચૈતન્યબિંબ સૂર્ય ચૈતન્ય છે. ચૈતન્યસૂર્ય અને અનાકુળ આનંદ અને શાંતિ રસથી ભરેલો છે. આનંદ અને શાંતિ એ તો ચારિત્ર છે ભેગું. એવો જે આત્મસ્વભાવ, એની દૃષ્ટિ કરી છે અને તેની દૃષ્ટિ સહિત જેનું વેદન છે, અનુભવ કરે છે. આ આત્મા શાંત અને અનાકુળ છે એવી દૃષ્ટિ સહિત અનુભવે છે. '**समुत्पश्यतो**' વેદે છે. આમ તો '**समुत्पश्यतो**' દેખે છે. દેખે છે એનો અર્થ કે સમ્યક્ પ્રકારે વેદે છે એને દેખ્યું કહેવામાં આવે છે.

આ રાગ ને દ્વેષને વેદે છે અનાદિથી. પરને તો વેદતો નથી. શરીર-જડ-માટી એને તો આત્મા અનુભવતો નથી. પૈસા, દાળ, ભાત, શાક, મોટર એને તો આત્મા અનુભવતો નથી. ફક્ત રાગ અને દ્વેષ (કરે છે). આ ઠીક, આ અઠીક, ઠીક-અઠીક. એવા રાગ ને દ્વેષને આકુળતાને દુઃખને અનાદિથી વેદે છે. તેથી તેને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. કેમ મિથ્યાદૃષ્ટિ? કે સત્ સ્વરૂપ જે આનંદ છે એનો ઊલટો ભાવ કરીને, સમ્યક્ આનંદના ઉપરનું વેદન જોઈએ એને ઠેકાણે ઊલટું પુણ્ય-પાપના વિકલ્પને વેદે તે મિથ્યાદૃષ્ટિ દુઃખ વેદે છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, બે-પાંચ કરોડની પુંજી હોય તોપણ કહે છે (દુઃખને વેદે છે). આમ બંગલામાં બેઠો હોય, અપ્સરા જેવી સ્ત્રી હોય, દીકરાની વહુ પણ અપ્સરા જેવી અને સાડલા પણ

મખમલના આમ ઉડતા હોય પવનમાં એની મેળાએ આમ જરી આમ નાખે તો ઉડે. ફડ.. ફડ.. ફડ.. ફડ.. ઓહોહો..! જાણે અપ્સરાઓ આવી. કહે છે કે એને દેખતા એને રાગ અને દ્વેષ થાય છે તો રાગ-દ્વેષને વેદે છે. સમજાણું કાંઈ? આહાહા..! આ મારા છે, એમ માનીને એ રાગ ને દ્વેષ ને મિથ્યાત્વને વેદે છે, દુઃખને વેદે છે.

ધર્મીને દુઃખના વિકલ્પોની રુચિ ગઈ છે, પરની રુચિ ગઈ છે. હું તો સચ્ચિદાનંદસ્વરૂપ, શુદ્ધ આનંદ સ્વરૂપ છું. એવી દૃષ્ટિને લઈને એ દુઃખને ન વેદતાં, દુઃખ ઉપર દૃષ્ટિ ન હોવાથી, ત્રિકાળ દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોવાથી આનંદને વેદે છે. વાહ! આ ધર્મ અને અધર્મની વ્યાખ્યા. પછી પૈસાવાળા હો કે નિર્ધન હોય, વાંઢા હો કે વાંઝિયા હોય, મકાન, હામ-દાન ને ઠામવાળા હોય કે હામ-દાન વિનાના હોય, પણ જેને આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એવો મહા અસ્તિત્વ પદાર્થ એનો અનુભવ-દૃષ્ટિ નથી એને તે પુણ્ય-પાપના વિકલ્પની દૃષ્ટિ પર્યાય ઉપર અને એનું વેદન (છે). દુઃખને વેદે છે એમ કહે છે. ગોદિકાજી! બરાબર હશે?

કેમ? કે એની દૃષ્ટિમાં આનંદસ્વરૂપ છે એ તો આવ્યું નથી. દૃષ્ટિમાં-શ્રદ્ધામાં તો એને પુણ્ય-પાપના વિકલ્પો વર્તે છે, દૃષ્ટિ ત્યાં છે. અસ્તિત્વનું હોવાપણું તો પુણ્ય-પાપના રાગમાં એણે માન્યું છે. એના રહિત મારું ત્રિકાળ સ્વરૂપ છે એમ માન્યું નથી. સમજાણું કાંઈ? આ વ્યાખ્યા કેમ લાગુ કરવી? કરોડોપતિને લાગુ પડતી હશે? શું હશે? આ તમારા દીકરા માટે લાગુ પડતું હશે? કીધું ને, દીકરો ક્યાં અને બાયડી, પૈસો ક્યાં પણ? કોને કહેવો પૈસો આનો? કોને કહેવો દીકરો આનો? એના એ, એને આનો કહેવો એ તો મૂઢ થઈને માને છે મફતનો. એ બધા એના થઈને (રહ્યા છે). અહીં આવી ગયું ને આપણે?

જે જ્ઞેય છે એ પોતાના થઈને પરિણમી રહ્યા છે. જે આત્મામાં જ્ઞાનમાં જણાવા યોગ્ય ચીજ છે એ એના થઈને, ટકીને, પરિણમીને એના થઈને રહ્યા છે. આના થઈને ત્યાં રહ્યા નથી અને આ એનો થઈને રહ્યો નથી. બરાબર છે? એના થઈને રહ્યા અને આ આનો થઈને રહ્યો, એને ઠેકાણે એ માને કે હું એનો છું અને એ મારા છે. ભ્રમણા ઊભી કરી છે વચમાંથી. એ જ મિથ્યાત્વનું દુઃખ છે અને એ જ સંસારનું બીજડું છે. સમજાણું કાંઈ?

બે વાત લીધી છે. '**शुद्धद्रव्यनिरूपणार्पितमतेस्तत्त्वं**' એક પદમાં બે. એક ગાથામાં બે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જીવ એ હીરાના સિંહાસનમાં બેઠો દેખાય અને ઈન્દ્રના ઈન્દ્રાસનમાં બેઠો દેખાય, પણ એની દૃષ્ટિમાં તો ચૈતન્ય દ્રવ્ય પડ્યું છે. એનામાં આ છે એવું દૃષ્ટિમાં છે નહિ. સમજાણું કાંઈ? અને એક ત્યાગી થઈને બેઠો હોય બાયડી, છોકરા છોડીને સાધુ નગ્ન થઈને, પણ એની દૃષ્ટિમાં ઓલું પુણ્ય-પાપ, દયા-દાન આ છોડ્યું છે ને મૂક્યું છે, છોડ્યું છે ને મૂક્યું છે, આ છોડ્યું છે ને ત્યાગી થયો છું, અશુભનો ત્યાગ છે, શુભનું ગ્રહણ છે અને અશુભનો ત્યાગ છે-એવા વિકલ્પમાં પડ્યો છે એ પણ દુઃખને જ વેદે છે. સમજાણું કાંઈ?

જુઓને, કેવી રીતે વાત કરી છે! શુદ્ધ દ્રવ્ય નિરૂપણ. એ તો પછી શૈલી કરવી હોય તો શું કરે? નિરૂપણ એટલે કથન કરવું હશે? સમજાવવા શું કરે? બંધકથા, બંધકથા છે વ્યભિચારિણી? ભાવ. પ્રભુ! આત્મામાં જે અશુદ્ધતા છે ને મલિનતા? એ મલિનતાનો વિકલ્પ મેલ, પુણ્ય-પાપનો અને પર વસ્તુ, એમાં જેની દૃષ્ટિ છે કે આ હું છું અને આ મને ઠીક છે એ મિથ્યાદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિમાં ફાટેલો અંદર ભાવ એને એ અનુભવે અને વેદે છે-વિકારને. ચાહે તો બહારથી ત્યાગી હોય, પંચમહાવ્રતના પરિણામવાળો હોય, પણ જેની દૃષ્ટિ જ્યાં પરિણામ વિકાર ઉપર પડી છે, ત્રિકાળી નિરાકુળ આનંદકંદ પ્રભુ ઉપર પડી નથી એ મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિનો વિષય તો આત્મા ઉપર છે. મિથ્યાદૃષ્ટિનો વિષય તો રાગ અને એ હું છું એ છે. એથી ત્યાં દૃષ્ટિ સ્થાપી છે અને દુઃખને વેદે છે. ધર્મીએ શુદ્ધ દ્રવ્યમાં દૃષ્ટિ સ્થાપી છે અને આનંદને વેદે છે. આહાહા..!

એક બાપ હોય અને એક દીકરો હોય, લ્યો. દીકરો હોય સમકિતી અને બાપ હોય મિથ્યાદૃષ્ટિ. એક ભાણામાં ખાતા હોય. સમજાણું? મેળ નહિ ખાય. એકની દૃષ્ટિ છે ચિદાનંદ સ્વરૂપ ભગવાનઆત્માને ભૂલી અને પુણ્ય-પાપના વિકલ્પના મીણામાં રાગમાં ચડી ગયો છે એ અને એક ત્યાં ખાવાની ક્રિયામાં સાથે દેખાતો (હોવા) છતાં જેની દૃષ્ટિમાં વિકાર અને નિમિત્તની રુચિ છૂટી શુદ્ધ દ્રવ્યમાં નિરૂપણ-શુદ્ધ દ્રવ્યમાં જેની દૃષ્ટિ પડી છે. કહે છે કે તે જ કાળે એક જીવ શુદ્ધ દ્રવ્યમાં દૃષ્ટિવાળો, શુદ્ધ દ્રવ્યનો સ્વીકાર કરીને આનંદને વેદે છે અને તે જ કાળે ઓલો લાડવો ખાતા વખતે પણ રાગ ઉપર દૃષ્ટિ હોવાથી મિથ્યાદૃષ્ટિને લઈને દુઃખને વેદે છે, લાડવાને તો કોઈ વેદતો નથી. સમજાણું કાંઈ?

જેણે શુદ્ધ દ્રવ્યમાં બુદ્ધિને લગાડી છે. સ્થાપી છે એમ છે ને? '**निरूपणार्पिम**' એની મેળાએ સ્થાપી નથી એમ કહે છે પાછું ઈ. શુદ્ધ ચૈતન્ય વસ્તુ અનંત અનંત જ્ઞાન અને શાંતિના સ્વભાવનો સાગર, એવી જ્યાં દૃષ્ટિ અંતરમાં પડી છે, સ્થાપી છે, અર્પિત કરી છે, એ જીવ તત્ત્વને અનુભવે છે. કારણ કે શુદ્ધ દ્રવ્ય છે ત્યાં દૃષ્ટિ છે માટે શુદ્ધ તત્ત્વને અનુભવે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા અનાકુળ શાંત આનંદસ્વરૂપ જ્ઞાયક, એ જ્યાં દૃષ્ટિમાં છે, એથી એ તત્ત્વ જે જ્ઞાયક શુદ્ધ છે એને અનુભવે છે. અજ્ઞાની, ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે (તેને) ભૂલી જઈને પુણ્ય અને પાપના રાગમાં રંગાયેલો, પુણ્ય-પાપના રંગે ચડી ગયેલો, ત્યાં દૃષ્ટિને સ્થાપી છે તો દુઃખને વેદે છે. પ્રવિણભાઈ! આવું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? જેણે ઘરની પુંજી સંભાળી છે અને તેને વેદે છે એમ કહે છે. કહો, સમજાણું આમાં? બહુ ટૂંકામાં કરી નાખ્યું.

'**તે પુરુષને એક દ્રવ્યની અંદર કોઈપણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ (કદાપિ) ભાસતું નથી.**' એટલે શું? ભગવાનઆત્મા જ્ઞાનાનંદ ભગવાનઆત્મા છે એમ જ્યાં અંતર

દૃષ્ટિ વસ્તુના સ્વભાવનું જેવું સ્વરૂપ છે એવી દૃષ્ટિ સ્થિર થઈ છે, એને અન્ય રાગ અને રજકણ, એક રાગ અને રજકણ આત્માનો ભાસતો નથી. ભલે છન્નું હજારી સ્ત્રીના વૃંદમાં પડ્યો હોય, ઈન્દ્રાણીના વૃંદમાં ઈન્દ્ર દેખાય, પણ જેની અંતરદૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે, વસ્તુ ઉપર પડીને આત્માનું-તત્ત્વનું જ વેદન છે, એને અન્ય દ્રવ્ય કિંચિત્ એક રજકણ-રજકણ અને રાગનો કણ મારો છે તેમ ધર્મીને ભાસતું નથી. આ તો સમજાય એવી વાત છે કે નહિ સીધી? ગોદિકાને ઓળખો છો ને? ગોદિકા, જયપુર. મુંબઈ રહે છે. મળ્યા નહિ હોય. પણ કોઈ દિ' જતા ન હોય ને. કહો, સમજાણું આ? આ જયપુર નહોતા ગયા હમણાં? આ સોળ લાખ ખર્ચ્યા ઈ આ. અગિયાર દિ'ના સોળ લાખ ખર્ચ્યા ને એણે. આ નહિ મોટો પાંચ લાખનો હોલ કર્યો. સાયનમાં રહે છે? ભાઈ રહેતા ઈ. આપણા સુમનભાઈ. એ? સાયન. સમજાય નહિ. ત્યાં તો બે દિ' રહ્યા હતા ને, બે વખત. સુમનભાઈના મકાનમાં. અમે વ્યાખ્યાન પણ વાંચ્યું હતું એક ફેરી નહિ? સામે બાંધીને. ખાલી હતું ને બાંધ્યું હતું. ત્યાં મકાન થયું ત્યાં છે તમારું? .. આપણે આહાર કર્યો હતો એ? આપણને બહુ ખબર નથી. કહો, સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ભગવાન! આ તારો આત્મા અંદર જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ છો. તારો આનંદ ક્યાંય બહાર છે નહિ. જે બહાર માને છે તે મૂઢ છે અને જે અંતરમાં માનીને વેદે છે તે જ્ઞાની છે, એમ કહે છે. આહાહા..! જેને આ જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ ભગવાનમાં પર જણાતા ઉત્સાહ આવી જાય છે કે આ મને ઠીક છે. આહાહા..! શરીરની ચેષ્ટા, શરીરની આકૃતિઓ, શરીરની પુષ્ટાઈ, શરીરની સુંદરતા, શરીરની વિવિધતા, શરીરની વિચિત્રતા, લક્ષ્મી, બંગલાની વિવિધતા, રચના એને (જોઈને) આમ આવી જાય કે આહા..! કહે છે કે એ પોતાના સ્વરૂપને ભૂલી અને આહા..! કરનારો મૂઢ રાગને અને મિથ્યાત્વને વેદે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા જ્ઞાનના આનંદથી ભરેલો, જ્ઞાનનો આનંદ એમ. ઓલો પરનો માનેલો. એવો પ્રભુ, એને અંતરમાં દૃષ્ટિ મૂકી અને જે તત્ત્વને અનુભવે, એને સ્વમાં રાગ અને રજકણ, આ સ્ત્રી ને પુત્ર ને માતા ને પિતા મારા છે એવું ભાસતું નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

'**જ્ઞાન જ્ઞેયને જાણે છે...**' શું કહે છે? કે જ્ઞાનમાં તે વસ્તુ જણાય ખરી, ભલે. સ્ત્રીનો આત્મા, પૈસાનું જડપણું, રાગનું રાગપણું એવું જ્ઞાનમાં જણાય તો ખરું '**તે તો આ જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે.**' સમજાણું? આહાહા..! એ ત્રીજી લીટીનો અર્થ કર્યો છે.

**नैकद्रव्यगतं चकास्ति किमपि द्रव्यान्तरं जातुचित्।**
**ज्ञानं ज्ञेयमवैति यत्तु तदयं शुद्धस्वभावोदयः।।**

કહે છે કે આ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા એમાં આ છે જ્ઞેય જણાય એ તો જ્ઞાનના સ્વભાવનું ઉદયપણું છે, જ્ઞાનની વિવિધતાના સ્વભાવનું પ્રગટપણું છે. એ કાંઈ પરને લઈને જાણે છે એમ છે નહિ. આહાહા..! કો'કની વસ્તુને ગળે પડે લેવા જાય તો ચોર જ કહેવાય કે નહિ? અને ચોરને પછી શું થાય? પોલીસ પકડે અને નાખે જેલમાં. એમ ભગવાનઆત્મા આ ચોર્યાશીના ચૌટામાં ફરતો અહીં આવ્યો. ત્યાં જે ચીજો એને કારણે આવી અને રાગને કાળે રાગ થયો ખરેખર તો. એમાં એને પકડીને બેઠો કે આ મારું, એ ચોર છે, ગુનેગાર છે, અપરાધી છે, ચોર્યાશીના જેલમાં જવાને લાયક છે. સમજાણું કાંઈ?

**'જ્ઞાન જ્ઞેયને જાણે છે...'** પહેલાં ના પાડી હતી કે જ્ઞાનીને અન્ય દ્રવ્ય આમાં ભાસતું નથી. ત્યારે કહે, આ જણાય છે ને? એમ કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં જણાય છે ને બીજું છે એ? જણાય છે એ તો જ્ઞાનનો પ્રગટ સ્વભાવ છે. એ તો જ્ઞાનનો સ્વભાવ છે કે સ્વને-પરને જાણે. એ તો સ્વભાવ છે. એ કાંઈ પર જણાય છે માટે પર આમાં આવી ગયું છે, પર જણાય માટે પરનો થઈ ગયો છે, પર જણાય માટે અહીં મેલ થઈ ગયો છે, પર જણાય માટે દુઃખ આવ્યું છે, પર જણાય માટે જ્ઞાન અશુદ્ધ થઈ ગયું છે, એમ છે નહિ. એમ કહે છે અહીં. સમજાણું? કે પર જણાય માટે જ્ઞેય જ્ઞાનનું થઈ ગયું છે એમ છે નહિ. આહાહા..! ત્યારે કહે, કેમ જણાય? પણ આ પર જણાય શું કરવા? કીધું ને, એ જ્ઞાનના સ્વભાવનો ઉદય છે. આહાહા..! શુદ્ધસ્વભાવ ઉદય. એ તો નિર્મળ જ્ઞાનનો સ્વપરપ્રકાશ સ્વભાવ છે કે આ છે એમ જાણે છે. એમાં જાણે છે એથી અશુદ્ધતા શું થઈ ગઈ? અને જાણે છે તેથી પરવસ્તુ તારી શું થઈ ગઈ? અને પર જણાય માટે તું તેનો ક્યાંથી થઈ ગયો? કહો, ન્યાલચંદભાઈ! આહાહા..!

ભારે ટૂંકી વાતમાં એમ કહે છે કે જેણે શુદ્ધ દ્રવ્યમાં બુદ્ધિને સ્થાપી છે તે જ તત્ત્વને અનુભવે છે. કારણ કે તે દ્રવ્ય એવું છે તે દ્રવ્યને અનુભવે છે, એમ. તે પુરુષને એ વસ્તુની અંદર કોઈપણ રજકણ, રાગ કે પરમાણુ કે શરીર, આત્મા કે દેવ-ગુરુ કે કોઈ સમ્મેદશિખર અંદરમાં ભાસતું નથી. મારું છે એવું ભાસતું નથી. એમાં છે નહિ એટલે ભાસે ક્યાંથી? એમ. એમાં છે નહિ એટલે ભાસતું નથી, એમ. ભાસતું નથી, તો પછી ભાસે છે ને? એમ કહે છે. દ્રવ્ય રહેલું બિલકુલ ભાસતું નથી. અંદરમાં રહેલું ભાસતું નથી, પણ ભાસે છે ને આ? શું કીધું? આત્મામાં શુદ્ધ ચૈતન્યપ્રભુ પરમાનંદ સ્વરૂપ એવું જે ભાન થયું, એમાં અન્ય દ્રવ્ય આત્મામાં ભાસતું નથી. તો આત્મામાં ભાસતું નથી તો આ ભાસે છે ને જ્ઞેય? ઈ કહે છે હવે. આત્મામાં ભાસતું નથી પણ આ ભાસે છે ને આ?

**'જ્ઞાન જ્ઞેયને જાણે છે તે તો આ જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે.'** એ કાંઈ અંદરમાં ભાસ્યું નથી. એ તો જ્ઞાનમાં જ્ઞાનનો સ્વભાવ છે કે સ્વ-પરને જાણવું તેથી

ભાસ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓને, પહેલું ભાસતું નથી (એમ કહ્યું) અને પછી એ લીધું. સમજાણું? પહેલું કીધું ને? '**द्रव्यगतं चकास्ति न**' ન ને? ન કીધો. '**न चकास्ति**' ત્યારે જ્ઞાન.. તો જ્ઞાન જ્ઞેયને જાણે છે ને? જાણે છે કે નહિ? જ્ઞાન જાણે છે કે આ છે એટલું. જાણે છે તેથી શું થયું? જાણે છે તો જ્ઞાન જ્ઞેયનું થઈ ગયું? અને જણાય છે માટે જ્ઞેય અહીંનું થઈ ગયું? એ તો જ્ઞાનનો સ્વપરપ્રકાશ સ્વભાવ છે માટે જણાય છે. આહાહા..!

પર એનામાં નથી ભાસતું ત્યારે પર જણાય છે એનું શું? એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ આત્મા, શુદ્ધ ચૈનત્ય વસ્તુ એવી દૃષ્ટિ થતાં, એનું ભાન થતાં, એ તત્ત્વ છે તેનું વેદન છે-એવો અનુભવ છે. હવે એમાં રજકણ કે રાગ કે શરીર કે કર્મ કે પરવસ્તુ અંદરમાં નથી. અંદરમાં ભાસતી નથી. અંદરમાં ભાસતી નથી તો ભાસે છે ને આ? એ તો જ્ઞેય જણાવાનો આત્મામાં સ્વભાવ છે, માટે ભાસે છે. એ મારું થઈને ભાસે છે, આમાં છે એમ ભાસે છે એમ ક્યાં આવ્યું એમાં? સમજાણું કાંઈ?

'**અન્યદ્રવ્ય રહેલું બિલકુલ ભાસતું નથી.**' '**जातु**' નો અર્થ શું કર્યો? બિલકુલ. કહો, સમજાય છે આમાં? તો '**જ્ઞાન જ્ઞેયને જાણે છે...**' ત્યાં ભાસ્યું પાછું. વસ્તુ સ્વરૂપ છે, એમાં એ ચીજ ભાસતી નથી, પણ ત્યારે ભાસે છે ને આ? આ રાગ છે, આ શરીર છે, આ સ્ત્રી છે, આ ફલાણું છે, આ ઢીકણું છે. ભાસે છે તે તો જ્ઞાનમાં શુદ્ધ સ્વભાવનું પ્રગટપણું છે. એ તો શુદ્ધ જ્ઞાન પ્રગટ થાય છે એમાં જણાય છે કે આ છે અને હું છું એમ જણાય છે. એમાં કાંઈ એ મારું છે અને મારામાં છે એમ ક્યાં આવ્યું ત્યાં? સમજાણું કાંઈ? અરે..! આમ છે તો પછી? હવે કહે છે આચાર્ય, હોં!

'**किमपि द्रव्यान्तरं जातुचित्**।' અરે..! '**આમ છે તો પછી લોકો જ્ઞાનને અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ હોવાની...**' શું કહે છે? આમ જણાય છે માટે હું અડી ગયો એને અને મારામાં અશુદ્ધતા થઈ ગઈ, અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ થયો જાણે. હું જાણે અડી ગયો એને. એમાં જાણે વળગી ગયો. જણાય એને વળગી ગયો. જ્ઞાનમાં આ ચીજ જણાય એટલે જણાણી ને એટલે હું વળગી ગયો ત્યાં. એમ તને શું થઈ ગયું પણ આ? કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં જણાણું સામે લ્યો કે આ છે. હાય.. હાય..! આ તો ત્યાં ગયો હું. ક્યાં ગયો છો તું? તું તારામાં છો. સમજાણું કાંઈ?

જ્ઞાન જ્ઞાન તરીકે જણાણું એ જ્ઞાનનું વેદન થયું. એમાં પર ભાસતું નથી. ભાસે છે ને? એ તો જ્ઞાનનો સ્વભાવ છે તે પ્રગટ થાય છે. જ્ઞાન સ્વપરપ્રકાશક સ્વભાવ છે તે પ્રગટ થાય છે. છતાં, આમ હોવા છતાં અરે..! જ્ઞાન પરને જાણતાં એને એમ કેમ થઈ જાય છે કે હું આને સ્પર્શું છું? હું આમાં ગયો છું? આ મારા થઈ ગયા છે માટે જણાય. આ થયું છે શું તને આ? સમજાણું કાંઈ?

‘**આમ છે તો પછી લોકો જ્ઞાનને અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ...**’ ‘**ચુમ્બન**’ છે ને? ‘**ચુમ્બન**’. ‘**હોવાની માન્યતાથી આકુળ બુદ્ધિવાળા થયા થકા...**’ આને હું અડ્યો, આને હું સ્પર્શ્યો. ક્યાં પણ સ્પર્શ્યો? તું તો એને તારામાં રહીને જાણે છો. અને એ એનામાં રહીને જણાય છે. એ તારામાં આવીને જણાય છે અને તું એનો થઈને જાણે છો એમ છે નહિ. ન્યાય તો સમજાય છે કે નહિ આમાં? લોજિકથી તો વાત ચાલે છે આમાં. કોઈ દિ’ વિચાર કર્યો નથી. કોઈ દિ’ એકડાય ભણ્યો નથી. ધૂળી નિશાળે ગયો નથી કોઈ દિ’. પાટી ઉપર ધૂળ નાખી એમ કહે છે લોકો. ઓહોહો..! શું પણ એ શ્લોક કેવો છે! જુઓને, એક સાર. પણ એક જ કોઈ પદ્ધતિ કોઈ આચાર્યની ગજબની!

ભેદજ્ઞાનમાં અનેકપણું જણાય એમ રાખ્યું. એકપણાની દૃષ્ટિના વેદનમાં તત્ત્વ જણાય, વેદાય છતાં જાણવું તો બીજાનું પણ થાય, એમ. વેદાય આ. સમજાય છે? છતાં જાણવું તો બીજાનું પણ થાય. તો બીજાનું જાણવું એ બીજાને લઈને છે? બીજાને અડીને છે? ના, એ તો જ્ઞાનસ્વભાવની પ્રગટતા છે. એ તો જ્ઞાનની વિશેષતા છે કે પરને જાણે. આમ છતાં તને પરમાં ગરી ગયો એમ તને શું થઈ ગયું આમાં? આહાહા..! જ્ઞેય જણાણું એમાં જ્ઞેય મારા એમ ક્યાંથી થઈ ગયું તને? મને જણાય એ મારા, એ ક્યાંથી થઈ ગયું પણ તને? જ્ઞાનમાં તો જાણવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! એ તો જ્ઞાનનો સ્વભાવ છે કે પર જણાય. એમ પર જણાય એમાં જ્ઞેયનો તું ક્યાં થઈ ગયો? અને જ્ઞેય ક્યાં તારું થઈ ગયું? શું થઈ છે તને આ આકુળતા? આહાહા..! કહો, સમજાણું આમાં?

સરખા બંગલા હોય અને પોતે જાતે ચણાવ્યા હોય સરખા, લ્યો. બે બાજુ હવા આવે, આમ સૂર્યનો તડકો આવે, ઉગમણો આમ આવે, આથમણો આમ આવે, જેથી કરીને બધે પહોંચી વળે. સમજ્યાને. આમ તડકો પડે તો હવા પણ સારી સ્વચ્છ થાય. હવે એમાં મારા પણું એ જ્ઞાનમાં જણાય કે નહિ? તો જ્ઞાનમાં જણાય તો કહે છે પણ એ તો જ્ઞાનનો સ્વભાવ છે કે જણાય છે. સમજાય છે? કે આ બધું સગવડતાવાળું થયું, ઢીકણું થયું અને ફીકણું થયું. થયું હોં! એમ કીધું છે. પણ એમાં તને સગવડતા થઈ આવ્યું ક્યાંથી? કહે છે. એ તો જ્ઞાનમાં જણાય છે. એમાં મને સગવડતા થઈ એ આવ્યું ક્યાંથી? એમ કહે છે અહીં. ખેતશીભાઈ! મફતનો માને છે.

‘**તત્ત્વથી (શુદ્ધ સ્વરૂપથી) શા માટે ચ્યુત થાય છે?**’ પોતાના જ્ઞાયકભાવમાંથી ખસીને, આ જાણે મારા થઈ ગયા મને જણાય છે માટે. આમ તને થઈ ગયું શું છે? તત્ત્વથી ચ્યુત થઈને ક્યાં ભ્રષ્ટ થા છો? એ મૂકી દે ભ્રષ્ટ થવું હવે. તત્ત્વની અંદર દૃષ્ટિ કર અને અંદર સ્થાપ. તો તને શાંતિ વળે એવું છે. (**શ્રોતા :** પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી અષ્ટપાહુડ, મોક્ષપાહુડ, ગાથા-૧
## પ્રવચન નં.૬૧, તા.૧૩-૮-૧૯૭૦
## (૧૫)

મોક્ષનું શું સ્વરૂપ છે અને મોક્ષ કઈ રીતે પ્રાપ્ત થાય છે, આ બેનો આમાં અધિકાર છે. મોક્ષમાર્ગ અને મોક્ષ શું છે, મોક્ષમાર્ગ કોને કહે છે અને મોક્ષ કોને કહે છે, તેનું અહીંયાં સ્વરૂપ છે. બોધપાહુડમાં થોડું અરિહંતનું સ્વરૂપ હતું, જાણવાનું...

'**ॐ नमः सिद्धेभ्यः**' મોક્ષપ્રાભૃતની શરૂઆત કરે છે ને! માંગલિક કર્યું. ॐ પંચપરમેષ્ઠીનો વાચક શબ્દ છે, ॐ. તેથી, પંચપરમેષ્ઠીને નમસ્કાર કરી અને '**सिद्धेभ्यः**' સિદ્ધને પણ નમસ્કાર કરું છું. '**હવે મોક્ષપાહુડની વચનિકા લખીએ છીએ. પ્રથમ જ મંગળ માટે સિદ્ધોને નમસ્કાર કરે છે.**' જયચંદ્ર પંડિત અર્થકાર-વચનિકાકાર પ્રથમ સિદ્ધને નમસ્કાર કરે છે. જુઓ, છે? પુસ્તક છે કે નહિ?

**અષ્ટ કર્મકો નાશ કરી, શુદ્ધ અષ્ટ ગુણ પાય,**
**ભયે સિદ્ધ નિજ ધ્યાનતૈં, નમૂં મોક્ષસુખદાય. ૧.**

એક કડીમાં બેય સમાડી દીધા. મોક્ષનો માર્ગ અને મોક્ષ. કઈ રીતે? '**અષ્ટ કર્મકો નાશ કરી**' ઈ પણ વ્યવહારવચન છે. અષ્ટકર્મનો નાશ થાય છે, પોતાના શુદ્ધ દ્રવ્યના આશ્રયથી જ્યારે શુદ્ધતા પ્રગટ થાય છે, તો કર્મ તેને કારણે નાશ થઈ જાય છે, આવું વ્યવહારનું વચન છે. '**અષ્ટ કર્મકો નાશ કરી**' એક બાજુ કહે કે વિકારનો નાશ કરનારો આત્મા નહિ. સમયસાર. પરમાર્થથી વિકારનો નાશ કરનારો પણ આત્મા નથી. કેમકે નાશ કરવાનો આત્મામાં સ્વભાવ નથી. ઈ સ્વભાવનો આશ્રય કરે છે તો અશુદ્ધતા નાશ થઈ જાય છે અને તે અશુદ્ધતાના નાશમાં કર્મ પણ તેના કારણે નાશ થઈ જાય છે. તેથી, તે શબ્દ વ્યવહારથી કહેવામાં આવે છે.

'**અષ્ટ કર્મકો નાશ કરી, શુદ્ધ અષ્ટ ગુણ પાય.**' આઠ ગુણ. અહીંયાં ગુણ શબ્દ કહ્યો. એ તો પર્યાય છે. પર્યાયને ગુણ કહેવામાં આવે છે. કેમકે જે પોતાના શુદ્ધ ગુણ છે, તેની પર્યાય રાગ-દ્વેષ અને અજ્ઞાનમાં હતી તો તે અવગુણ હતો અને અવગુણનો નાશ થઈને પોતાના શુદ્ધ ચૈતન્યના આશ્રયે વીતરાગી નિર્મળ પર્યાય પ્રગટ થઈ તેને અહીંયાં અવગુણના નાશની અપેક્ષાથી ગુણ કહેવામાં આવ્યું છે. છે તો ઈ પર્યાય. સમજાય છે કાંઈ? આઠ ગુણ એ કોઈ ગુણ નથી. સમજાય છે? '**શુદ્ધ અષ્ટ ગુણ પાય.**' વ્યવહારથી આઠ પર્યાય. બાકી

તો અનંત ગુણની પર્યાય સિદ્ધ ભગવાનને પૂર્ણ શુદ્ધ થઈ ગઈ છે. તેમને પરમાત્મા પ્રાપ્ત થયા છે. તેમને અહીંયાં સ્મરણમાં લઈને નમસ્કાર કર્યા છે.

'**ભયે સિદ્ધ નિજ ધ્યાનતૈં**'. એમાં આ એક મોક્ષમાર્ગ લઈ લીધો. મોક્ષ કઈ રીતે થયો? સિદ્ધ પરમાત્મા કઈ રીતે થયા? કે નિજ ધ્યાનથી સિદ્ધ થયા. વ્યાખ્યા છે કે નહિ? નિજ જ્ઞાયકભાવ પૂર્ણાનંદ સ્વભાવ, પોતાનો નિજ સ્વભાવ, તેનું ધ્યાન. નિજ નામ દ્રવ્ય ત્રિકાળી, તેનું ધ્યાન નામ વર્તમાન પર્યાય સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થાય, તેનાથી મુક્તિ થાય છે. સમજાય છે કાંઈ? પરના આશ્રયે (મોક્ષમાર્ગ ઉત્પન્ન થતો નથી).

**શ્રોતા :-** પરંતુ તેનું સાધન તો વ્યવહાર છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ જ સાધન છે, બીજું કોઈ સાધન જ નથી. વ્યવહાર સાધન કેવું? વ્યવહાર નિશ્ચયનું સાધન, બધું કહેવામાં આવે છે. વ્યવહારથી થતું નથી.

નિજ ધ્યાનથી શુદ્ધ થયા. લ્યો. પોતાનું સ્વરૂપ રાગ અને વ્યવહારની અપેક્ષા છોડી નિજ નામ પરમાત્મા સ્વરૂપ જો શક્તિરૂપ પરમાત્મા છે, પોતાનું સ્વાભાવિક રૂપ... ઈ બપોરે ચાલે છે, ધ્રુવસ્વભાવ જે પરમાત્મા નિજ સ્વરૂપ છે, તેનું ધ્યાન. પર પરમાત્માનું ધ્યાન નહિ. પરમેષ્ઠીનું ધ્યાન પણ નહિ. કેમકે ઈ પરદ્રવ્ય છે. પરદ્રવ્યનું લક્ષ કરીશ તો રાગ ઉત્પન્ન થાય છે, તેમાં મોક્ષમાર્ગ ઉત્પન્ન નથી થતો. આહા..હા...! આ માર્ગ છે, જુઓ! આ તો જયચંદ્ર પંડિત નમસ્કાર કરે છે, કુંદકુંદાચાર્ય તો પછી કરશે.

'**ભયે સિદ્ધ નિજ ધ્યાનતૈં...**' નિજ શબ્દ લીધો છે અર્થાત્ પોતાનું નિજ સ્વરૂપ આનંદ, એમાં જેની લગની લાગી છે. સમજાય છે કાંઈ? આ લગ્ન કહે છે ને? કોના લગ્ન છે? આ લગ્ન કરે છે. સમજાય છે કાંઈ? પોતાનો નિજ શુદ્ધ ધ્રુવ પરમાનંદ મૂર્તિ, એવો ત્રિકાળ જ્ઞાયકભાવ તે નિજ, તેનું ધ્યાન, તેનું ધ્યાન, પરદ્રવ્યનું નહિ, રાગનું નહિ, એક સમયની પર્યાયનું ધ્યાન નહિ. સમજાય છે કાંઈ? તેનું નામ મોક્ષમાર્ગ છે. આટલામાં મોક્ષમાર્ગ સમાવી દીધો. બહુ સંક્ષેપમાં છે. '**ભયે સિદ્ધ નિજ ધ્યાનતૈં**'. નિજ ધ્યાનથી. પોતાનું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે નિજ સ્વરૂપનું ધ્યાન છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચિારત્ર એ ત્રણ વીતરાગી પર્યાય, તે ધ્યાનની પર્યાય છે. કોનું (ધ્યાન)? નિજ દ્રવ્યનું. સમજાય છે કાંઈ? આ તો કુંદકુંદાચાર્યદેવનું કથન માખણ છે. એમાં કોઈ વ્યવહાર-ફ્યવહાર, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અથવા પંચમહાવ્રતના વિકલ્પ, ઈ મોક્ષમાર્ગ નથી. સમજાય છે કાંઈ?

સ્વદ્રવ્ય આશ્રય નિશ્ચય અને પરદ્રવ્ય આશ્રય વ્યવહાર. જેટલો ભગવાનઆત્મા, પોતાના નિજ સ્વભાવમાં લીન-એકાગ્ર થાય છે, તે જ નિજ ધ્યાનથી આત્માને સિદ્ધપદની મુક્તિની પ્રાપ્તિ થાય છે. સમજાય છે કાંઈ? '**નમૂં...**' આવા ધ્યાનથી જે સિદ્ધપદ પામ્યા, હવે મુક્તને નમસ્કાર કરે છે. ત્રીજા પદમાં મોક્ષનો માર્ગ બતાવ્યો. '**નમૂં મોક્ષસુખદાય.**' આવા સિદ્ધપદની

પર્યાયને હું નમસ્કાર કરું છું. અનંત સિદ્ધ જે થયા, ભૂતકાળમાં અનંત પરમાત્મા થયા તે બધા નિજ ધ્યાનથી થયા છે. પોતાનો નિજાનંદ પ્રભુ, તેમાં લગની લગાવી ધૂન ચડતી હતી, ધૂન ધ્યેયમાં. ધ્રુવમાં ધ્યાનની ધૂન ચડે છે અંદર. ધ્રુવના ધ્યેયયથી ધ્યાનની ધૂન ચડે છે. લ્યો, ઈ ચાર આવ્યા.

**શ્રોતા :-** તેનું ફળ શું આવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ મોક્ષ થાય કહે છે.

ધ્રુવ ત્રિકાળી જ્ઞાયક ભગવાનને ધ્યેય બનાવી, ધ્રુવના ધ્યેયના ધ્યાનની ધૂન, તે મોક્ષનો માર્ગ છે, તેનાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. બાકી બધી વાતું છે. આમ વ્રત લીધા, તપ કર્યા, એ તો બધા વિકલ્પ છે, એ બધો બંધનો માર્ગ છે. બંધનો માર્ગ શું મુક્તિનો માર્ગ થશે? સમજાય છે કાંઈ? બંધનો માર્ગ છે ઈ મુક્તિનો માર્ગ થશે? બંધ તો બંધ જ છે.

ભગવાનઆત્મા... આવ્યું હતું ને? સર્વવિશુદ્ધ અધિકાર. પરમભાવ ગ્રાહક શુદ્ધ ઉપાદાનભૂત શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જીવ.. તે જીવ. સમજાય છે કાંઈ? એવી ડિગ્રીવાળો. ઠીક કહ્યું. ભગવાનઆત્મા ત્રિકાળ શુદ્ધ વિશુદ્ધ પારિણામિક પરમસ્વભાવભાવ, પારિણામિક સહજ પરમભાવ પરમભાવને જાણવાવાળી દ્રવ્યાર્થિકનય કેવી છે? શુદ્ધ ઉપાદાનભૂત એ તો ત્રિકાળી વસ્તુ છે. શુદ્ધ ઉપાદાનભૂત છે ત્રિકાળી. તેને શુદ્ધ દ્રવ્યાર્થિકનય જીવ તેને કહે છે, તેને જીવ કહે છે. આહા..હા...! ઈ નયનું ધ્યેય છે. પર્યાયનું... પર્યાયમાં... સમજાય છે કાંઈ? નય છે ને? તો નયમાં તો અંશ આવે છે. અંશ કેવો આવ્યો? ત્રિકાળી ધ્રુવ અંશ આવ્યો. એક સમયના પર્યાયના અંશવાળો નયમાં ચાલ્યો ગયો. સમજાય છે કાંઈ? એમાં પણ એક અંશ આવ્યો છે. દ્રવ્યાર્થિકનય છે ને?

**શ્રોતા :-** અંશીનું શું થયું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંશી શું? બે મળીને આખો અંશી, પ્રમાણનો વિષય, પરંતુ મૂળ ચીજ જે છે દ્રવ્યાર્થિકનયનો વિષય, તે એક અંશ આખો અંશ-આખો ધ્રુવ છે. નય છે ને. નય તો એક અંશમાં આવે છે. ભલે આખા ધ્રુવને પકડ્યો હોય, પરંતુ તે છે એક અંશ. પર્યાયનયનો એક અંશ રહી ગયો. તેને ગૌણ કરી ત્રિકાળી જ્ઞાયકભાવને મુખ્ય કરી તેને જીવ કહેવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? આ તો વીતરાગ સર્વજ્ઞથી સિદ્ધ થયેલો, સાબિત થયેલો અનાદિનો માર્ગ છે, આ કાંઈ નવો નથી.

**શ્રોતા :-** નયમાં પ્રમાણ ક્યાં આવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રમાણનો અર્થ શું? પર્યાયને ભેળવવી એનું નામ પ્રમાણ, પરંતુ પ્રમાણનું પૂજ્યપણું નથી. આહા..હા...! ઈ જૈનતત્ત્વ-મિમાંસામાં આવ્યું છે. પ્રમાણમાં બે અંશ આવ્યા એટલે તે પૂજ્ય ન થયો. એને નયચક્રમાં લ્યે છે. કેમકે એમાં વ્યવહારનયનો

નિષેધ નથી આવતો. સમજાય છે કાંઈ? છે ને જૈનતત્ત્વ-મિમાંસા? નથી? એમાં છે. નયચક્રમાંથી આખો ભાગ આપ્યો હતો. સૂક્ષ્મ વાત છે. પ્રમાણ, એ ત્રિકાળી ધ્રુવ અને એક સમયની પર્યાય (બેયને વિષય કરે છે). અહીંયાં હશે, ભાઈને ખબર હશે. ક્યાં ગયા ચંદુભાઈ? સમજાય છે કાંઈ? શું કહ્યું?

ભગવાનઆત્મા, એક સમયની પર્યાયને ગૌણ કરી, અભાવ કરીને નહિ, સમજાય છે કાંઈ? કેમકે તે અભૂતાર્થ છે. ખરેખર એક સમયની પર્યાય વ્યવહારનો વિષય છે અને વ્યવહાર છે તે અભૂતાર્થ છે, ત્રિકાળ સત્યાર્થ નહિ, ત્રિકાળ સત્યાર્થ નહિ. વ્યવહારની અપેક્ષાથી વ્યવહારે વ્યવહાર સત્યાર્થ છે. સમજાય છે કાંઈ? આવો વીતરાગનો માર્ગ છે, ભાઈ! થોડું મગજને-જ્ઞાનને તૈયાર કરવું પડશે. સમજાય છે કાંઈ? જ્ઞાનમય અંદર વસ્તુ... આ કોઈ બાહ્ય પ્રવૃત્તિ... એનો માર્ગ નથી. સમજાય છે કાંઈ? ... એક છોકરો છે ને? ભાઈ! દિલીપ. છોકરો છે ને? કલકત્તા. આપણે જયંતિભાઈ આવ્યા હતા, ગયા. જયંતિભાઈ છે? ગયા. એમનો દીકરો. એના પિતાજીએ છોકરાને પૂછ્યું, બારમું વર્ષ ચાલે છે, અગિયાર પૂરા થયા. ગૃહસ્થ છે, લાખોપતિ છે, હુંડીનો ધંધો છે-વ્યાજનો. એના પિતાજી નિવૃત્ત થઈને અહીંયાં રહે છે. એને પિતાજીએ પૂછ્યું, અરે.. દિલીપ! મહારાજ કહે છે કે મુનિ જંગલમાં વસે છે. મુનિ તો જંગલમાં વસે છે તો એમને કેમ ગોઠતું હશે? ગોઠતુંને શું કહે છે? કેમ ગોઠતું હશે? ગમતું હશે. ગમતું હશે બરાબર છે. કેમ ગમતું હશે? એમ એના પિતાજીએ પૂછ્યું. આમ તો એમણે એમ પૂછ્યું, કેમ ગમતું હશે? અમારી કાઠિયાવાડી ભાષા છે ને. કાઠિયાવાડી ભાષામાં પૂછ્યું, ભાઈ! મહારાજ કહે છે કે મુનિ તો જંગલમાં રહે. ત્યાં એમને કેમ ગમતું હશે? આવો પ્રશ્ન કર્યો. તમારી ભાષામાં કૈસે સુહાતા હોગા?

ત્યારે ઈ જવાબ આપે છે, બાળક છે. અરે..! પપ્પા! એ તો અતીન્દ્રિય આનંદમાં મોજ કરે છે. સમજાય છે કાંઈ? એના પિતાજીને જવાબ આપે છે. અરે..! પપ્પા! એ તો અતીન્દ્રિય આનંદમાં મોજ કરે છે. અરે..! પપ્પા! તમારે ઘોંઘાટ (જોવે છે.) સિદ્ધ એકલા છે કે નહિ? છોકરો આમ જવાબ આપે છે. પોતાની વાતની પુષ્ટિ કરવા માટે એના પિતાજીને સિદ્ધનો દૃષ્ટાંત આપ્યો. સિદ્ધ એકલા છે કે નહિ? તેમને નહિ ગમતું હોય, તેમને ગોઠતું નહિ હોય, કેમ? એય..! છોકરો અહીંયાં બેસતો હતો. હમણાં કલકત્તા લઈ ગયા. સિદ્ધ એકલા છે તો એમને નહિ ગોઠતું હોય. અરે..! પપ્પા! ઈ તો અનંતઆનંદમાં બિરાજમાન છે, અનંતઆનંદનો અનુભવ કરે છે. તમને ઘોંઘાટ ગમે છે. એય..! શોભાલાલજી! પપ્પા! તમારે ઘોંઘાટ (જોવે છે). ઘોંઘાટ સમજ્યા? કોલાહલ-આમ કરવું, તેમ કરવું એવો ઘોંઘાટ જોઈએ છે. તમારે નિવૃત્તિ નથી જોઈતી. શેઠ! બાર વર્ષનો છોકરો કહે છે. કહ્યું હતું ને? સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા.. અંતે તો એકાંતમાં એકલા જ રહેવાનું છે. ત્યાં પણ છેલ્લે તો એકલા જ રહવાનું છે તો, અંતરમાં એકલો રહે તો એકાંત એકલો સિદ્ધ થઈ જઈશ. વિકલ્પની સહાય સાથે લઈશ તો સિદ્ધ નહિં થાય. અંતે તો સાદિઅનંત કાળ એકલા જ રહેવાનું છે. આહા..હા...! કોઈ પરસંયોગ નહિ, વિકલ્પ નહિ, માત્ર આનંદમાં એકલા રહેવાનું છે. સાદિઅનંત. તો એકલો થઈ જા. હું તો એકલો જ છું. રાગ સાથે પણ સંબંધ નથી, પરંતુ મારા દ્રવ્ય અને પર્યાયમાં પણ સંબંધ નથી. આહા..હા...! કાલે શેઠ કહેતા હતા કે ક્લાસમાં સૂક્ષ્મ અધિકાર લીધો. કીધું, ઝીણું સાંભળે તો ખરા. એ.. શેઠ! કાલે કહેતા હતા. આ ચીજ તો સાંભળ. જીવન ચાલ્યું જાય છે અને દેહ છૂટવાને સન્મુખ કાળ છે. ચાલીસ-ચાલીસ, પચાસ-પચાસ વર્ષ નિકળી ગયા. સમજાય છે કાંઈ? આ તો વીતરાગની મૂળ ચીજ શું છે, ઈ સમજાય નહિ અને એની રુચિ થાય નહિ તો શું કર્યું એણે? સમજાય છે કાંઈ? બહારમાં હો-હા, હો-હા કરી, ઈ તો અનંત વાર કરી છે, ભગવાન! અમારી ભાષામાં ઘોંઘાટ કહે છે. ઈ છોકરાએ ઘોંઘાટ કહ્યું હતું. પપ્પા! તમારે ઘોંઘાટ જોઈએ છે. કોલાહલ-આમ લેવું, આમ દેવું. વિકલ્પ.. વિકલ્પ.. વિકલ્પ... સંકલ્પ-વિકલ્પ કરો. તમે શું કરો છો? સંકલ્પ-વિકલ્પ કરો છો, પૈસા લેતા-દેતા નથી, એમ છોકરાએ કહ્યું. પૈસાનો ધંધો છે ને.

**શ્રોતા** :-..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ બોલે તો છે ને, ઈ બોલે તો છે ને. સમજાય છે કાંઈ?

જુઓ! નિશ્ચયનયના આશ્રયે ધર્મ થાય છે. જૈનતત્ત્વ-મિમાંસા છે ને? એનું ૨૫૬ પાનું છે. વ્યવહારનયના આશ્રયે નથી, એનો ખુલાસો કરતાં આચાર્ય દેવસેન કૃત નય ચક્રની ટીકા, વર્ધમાન પાર્શ્વનાથ શાસ્ત્ર .. સોલાપુરમાં કહ્યું છે, જુઓ! **શંકા :-** જો આ પ્રમાણ લક્ષણ વ્યવહાર છે, આ વ્યવહાર નિશ્ચયનયને ગ્રહણ કરતો થકો વધારે-વધારે વિષયવાળો પૂજ્ય કેમ નથી? શું કહે છે? ભાષા જુઓ! ભાષા તો જુઓ! નનુ પ્રમાણલક્ષણ યુક્ત વ્યવહાર. પ્રમાણલક્ષણ વ્યવહાર, શબ્દ કહ્યો. ભાઈ! વ્યવહાર છે ને? બે આવ્યા ને? દ્રવ્ય અને પર્યાય, બે આવ્યા. બે આવ્યા તો વ્યવહાર થઈ ગયો. પ્રમાણ સ્વયં વ્યવહારનો વિષય છે. સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. સમજાય છે કાંઈ? કેમકે ત્રિકાળી જ્ઞાયક ભગવાનઆત્મા તે નિશ્ચય અને એક સમયની પર્યાય વ્યવહાર, તો બે મળીને જ્ઞાન કર્યું તો સદ્ભુત વ્યવહારનય થયો, નિશ્ચય નહિ. આહા..હા..! એ.. જયકુમારજી! કઠણ વાત. પહેલાં કહ્યું હતું.

પ્રમાણ લક્ષણ વ્યવહાર છે. આ વ્યવહાર-નિશ્ચય ઊભયને ગ્રહણ કરતો થકો, મહારાજ! પ્રમાણમાં તો બે ભાગ આવે છે. ત્રિકાળ નિશ્ચય પણ આવે છે અને વર્તમાન વ્યવહાર પણ આવે છે. બે થયા તો પૂજ્ય કેમ નહિ? વધારે વિષયવાળો હોવાથી... પ્રમાણમાં તો વધારે વિષય છે. નિશ્ચયનયના વિષય કરતાં તો પ્રમાણમાં વધારે વિષય છે. સમજાય છે કાંઈ?

નિશ્ચયમાં તો એકલા દ્રવ્યનો વિષય થયો અને પ્રમાણમાં તો નિશ્ચયનો વિષય આમ રાખ્યો છે અને પર્યાય વ્યવહારનો વિષય થયો. તો બેનો વિષય થયો, તો બેના વિષયમાં તો એનો વિષય વધારે થઈ ગયો. વધારે વિષયવાળો પૂજ્ય કેમ નહિ? ધન્નાલાલજી! વધારે થઈ ગયો.

**સમાધાન :-** એમ નથી, સાંભળ! કેમકે પ્રમાણલક્ષણ વ્યવહાર આત્માને નયપક્ષથી અતિક્રાંત કરવામાં સમર્થ નથી. આહા..હા...! ભાષા જુઓ! નય ચક્રનું સંસ્કૃત છે. અહીંયાં સંસ્કૃત છે. ... પ્રમાણ, નય (પક્ષથી) અતિક્રાંત કરવામાં સમર્થ નથી. પ્રમાણના વિષયમાં બે નય સાથે રહે છે. નિશ્ચયમાં તો નયાતિક્રાંત થઈને, વ્યવહારથી અતિક્રાંત થઈને પોતાના સ્વરૂપનો આશ્રય કરે છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ?

પ્રમાણલક્ષણે નિશ્ચયના વિષયને તો લક્ષમાં રાખ્યો જ છે, એનો નિષેધ નથી કર્યો. એ સિવાય પર્યાયને વિષય કર્યો તો વ્યવહાર થઈ ગયો. બે થઈ ગયા ને, બે. એકમાં નિશ્ચય અને બેમાં વ્યવહાર. વ્યવહારમાં તો બેનો વિષય વધારે થઈ ગયો. પ્રમાણમાં નિશ્ચયનો વિષય પણ રહ્યો અને વ્યવહારનો પણ રહ્યો, બે વિષય વધારે થઈ ગયા, તો વધારે વિષયવાળો પ્રમાણ પૂજનિક કેમ નથી? અને આપ નિશ્ચયનયને જ પૂજ્ય કહો છો. આહા..હા...! અહીંયાં તો બાહ્ય વ્યવહાર પૂજ્ય નથી, પરંતુ પ્રમાણ પૂજ્ય નથી (એમ કહે છે). ગજબ છે ને! વ્યવહાર થઈ ગયો ને. આહા..હા..!

**શ્રોતા :-** પ્રમાણ પૂજનિક નથી, એમ કોણે કહ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દેવસેનાચાર્ય (-કૃત નયચક્રના) ટીકાકાર કહે છે ને. કોણે કહ્યું (પૂછે છે). ક્યાંક એ તમારું સોનગઢનું ન હોય! શેઠ તો સ્પષ્ટ કરાવે છે. આ સોનગઢનું નથી. જુઓ! નામ આપ્યું છે ને. આચાર્ય દેવસેન કૃત નય ચક્રની ટીકા. અને પ્રકાશક કોણ છે? સોનગઢ નથી. પ્રકાશક-વર્ધમાન પાર્શ્વનાથ શાસ્ત્રી, સોલાપુર. ૧૯૪૯. આહા..હા..! જેને જે બેઠું હોય ઈ કહે. આ ચીજ અલૌકિક માર્ગ છે, ભગવાન! એના ખ્યાલમાં આ વાત આવી નથી. એને (હિત) કરવાનો ભાવ તો છે, પણ (હિત) કેમ થાય એની ખબર નથી એટલે શું થાય? સમજાય છે કાંઈ? કોઈ પણ વિપરીત દૃષ્ટિવાળાને ભાવ તો ઠીક કરવાનો હોય છે, પણ ખબર નથી કે કઈ રીતે ઠીક થાય છે. આમ ને આમ અજ્ઞાનને કારણ અનાદિથી ભૂલ કરી રહ્યો છે. સમજાય છે કાંઈ? ભૂલે છે એ તો દયાને પાત્ર છે. કારણ કે એનું ફળ દુ:ખ થશે, એનો તિરસ્કાર કેમ થાય? જેની દૃષ્ટિ વિપરીત છે, એનું ફળ દુ:ખરૂપ છે, એનો અનાદર કેમ થાય? એ પોતે જ પોતાનો અનાદર કરીને દુ:ખી થાય છે. ... ભગવાન છે, ઈ પણ ભગવાન છે, હોં! પર્યાયમાં ભૂલ છે, ઈ પર્યાયની ભૂલ કાઢી નાખશે તો એનું કલ્યાણ થશે. કલ્યાણ તો એની પાસે પડ્યું જ છે.

અહીંયાં તો કહે છે, પ્રમાણ કેમ પૂજ્ય નથી? કેમકે પ્રમાણ આત્માને નયપક્ષથી અતિક્રાંત

કરવામાં સમર્થ નથી. ખુલાસો આ પ્રમાણે છે, આ નિશ્ચયને ગ્રહણ કરીને પણ અનુયોગ વ્યવચ્છેદ નથી કરતો. શું કહે છે? પ્રમાણ નિશ્ચયને તો માને છે, લક્ષમાં લ્યે છે, પણ પ્રમાણ વ્યવહાર જે પર્યાય છે, તેનો નિષેધ નથી કરતું. એને પણ અંદર લક્ષમાં લઈ બન્નેને મેળવીને લક્ષ કરે છે. આહા..હા...! પર્યાય પણ વ્યવહાર છે, એનો નિષેધ એમાં નથી આવતો, એમ કહે છે. સમજાય છે કાંઈ? એ પ્રશ્ન રાત્રે કરજો. પ્રમાણ આત્મજ્ઞાન છે અર્થાત્ છે એટલું, પણ એ પ્રમાણ વ્યવહારનયનો વિષય થયો. આશ્રય કરવા લાયક નથી અને તે નિશ્ચયનો વિષય અખંડ અભેદ ન થયો. પ્રમાણમાં પર્યાયનો પણ આદર છે જાણવામાં. અને અહીંયાં જાણવામાં પર્યાયનો આદર છોડી દીધો. છોડ વ્યવહારને. એકલા નિશ્ચયના આશ્રયે તારું કલ્યાણ થશે. વ્યવહારનું જ્ઞાન કરે છે એ જુદી વાત છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાન! આ તો તારો અંતરમાં માર્ગ છે એની વાત ચાલે છે. આહા..હા...!

**શ્રોતા :-** પણ મહારાજ! તમે વારંવાર ભગવાન.. ભગવાન.. ભગવાન કહો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ભગવાન જ આત્મા છે, પ્રભુ! ભગવાન જ કહે છે. ભગવાને કહ્યો છે. આચાર્યે ન કહ્યું? ૭૨મી ગાથામાં કહ્યું. ત્રણ વાર ભગવાન કહ્યું. ૭૨મી ગાથા, સમયસાર. આચાર્ય-અમૃતચંદ્રાચાર્ય મુનિ ભાવલિંગી સંત. ણમો લોએ સવ્વ આઈરિયાણં. એવા પદમાં ભળેલા આચાર્ય, ભગવાનઆત્મા, એમ કહે છે. સમયસારમાં ૭૨, ૭૨ ગાથા. સીત્તેર અને બે. સમયસારમાં જોઈ લેજો. સમજાય છે કાંઈ?

આસ્રવ, પુણ્ય... અહીંયાં છે કે નહિ? હિન્દી નથી, ગુજરાતી છે. કહ્યું હતું, જુઓ! ઈ ૭૨ આવી. '**જળમાં શેવાળ છે...**' કાઈ-કાઈ. '**તે મળ છે-મેલ છે; તે શેવાળની માફક...**' એ શેવાળની પેઠે. '**આસ્રવો મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી...**' અહો..! વ્રતના, દયા, દાનના વિકલ્પ, પૂજા, ભક્તિના વિકલ્પ શુભરાગ એ મેલપણે અનુભવાય છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? સંસ્કૃત ટીકા અમૃતચંદ્રાચાર્યની છે, એમાં હિન્દી ચાલે છે. શેવાળની માફક આસ્રવો મેલપણે અનુભવાય છે. તેથી આસ્રવ અશુચિ છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ મેલ છે, અશુચિ છે, અપવિત્ર છે. આહા..હા..! એટલું વીર્ય પણ નપુંસક છે. શુભભાવમાં વીર્ય આવ્યું એ નપુંસકતા થઈ. આહા..હા..! સમજાય છે કાંઈ? જે વીર્ય સ્વરૂપ શુદ્ધ આનંદની રચના કરે તેને ભગવાન વીર્ય કહે છે. સમજાય છે કાંઈ? સ્વરૂપરચના વીર્ય સામર્થ્ય. પોતાનું વીર્ય તો આનંદસ્વરૂપ શુદ્ધ ધ્રુવ પરમ પવિત્ર ધામ ભગવાન, તેના આશ્રયે શુદ્ધતાની રચના, સમ્યગ્દર્શન, જ્ઞાન, આનંદની રચના થાય તેને વીર્ય કહે છે. આ તીર્થંકર ગોત્રનો ભાવ એ વીર્ય નહિ, એ નપુંસકતા છે. આહા..હા..! દોષ છે, અપરાધ છે. પંડિતજી! અમૃતચંદ્રાચાર્યમાં ઈ આવ્યું છે ને? પુરુષાર્થ-સિદ્ધિ-ઉપાય. સમ્યગ્દૃષ્ટિ જીવને આહારક શરીર બંધાય છે, તીર્થંકર ગોત્ર બંધાય છે, તો ઈ શું છે? તો અમૃતચંદ્રાચાર્ય કહે

છે, શુભ-ઉપયોગનો અપરાધ છે. સમજાય છે કાંઈ? આહા..હા...! તીર્થંકર ગોત્રનો ભાવ શુભ-ઉપયોગરૂપી અપરાધ.

**શ્રોતા :-** પણ તીર્થંકર પ્રકૃતિ, આહાહા..!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રકૃતિ છે તો શું થયું? જડ 'આહાહા..!'? એમાં શું છે?

**શ્રોતા :-** ઈ ભગવાન બનાવી દે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈ ભગવાન નથી બનાવી દેતી, રોકે છે. એ તો રોકે છે. સમજાય છે કાંઈ? ઈ ભગવાન બનાવે છે કે નિજ દ્રવ્યનો આશ્રય ભગવાન બનાવે છે? કઈ ગાથા છે? ૨૨૦? જુઓ!

'અહીંયાં કોઈ શંકા કરશે કે રત્નત્રયધારક મુનિઓને દેવાયુ, શુભ પ્રકૃતિનો બંધ થાય છે, એવું શાસ્ત્રમાં કથન છે, એ કઈ રીતે સિદ્ધ થશે? આ લોકમાં રત્નત્રયરૂપ ધર્મ નિર્વાણનું જ કારણ છે.' ભગવાન! આ કહ્યું ને? નિજ ધ્યાન. પોતાના ભગવાનઆત્માનું નિજ ધ્યાન, એવા દર્શન, જ્ઞાન, ચારિત્ર તો નિર્વાણનું કારણ છે, અન્ય ગતિનું નહિ. ઈ કોઈ અન્ય ગતિ ચાર ગતિનું કારણ નથી. અને રત્નત્રયમાં પૂર્વનો જે આસ્રવ થાય છે એ શુભ-ઉપયોગનો અપરાધ છે. મૂળ સંસ્કૃત પાઠ છે. '**आस्रवति यत्तु पुण्यं शुभोपयोगोऽयमपराधः**'. સમજાય છે કાંઈ? તીર્થંકર ગોત્રનું આવ્યું ને? એમાં ઈ બધું આવી ગયું. તીર્થંકર ગોત્રનો ભાવ પણ બંધનું કારણ છે, એ અપરાધ છે. ઈ એની પહેલાં ૨૧૮માં આવ્યું. ૨૧૮, જુઓ! સમ્યગ્દર્શન થાય ત્યારે જ યોગ અને કષાય તીર્થંકર, આહારકનો બંધ કરનાર થાય છે. રત્નત્રય તો પ્રકૃતિનો બંધ કરવામાં ઉદાસીન છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તો આત્માની વીતરાગી પર્યાય સ્વ-આશ્રયથી ઉત્પન્ન થઈ એ બંધનું કારણ નથી. જે તીર્થંકર ગોત્રનો બંધ કહ્યો એ તો ભાવ છે, રાગ છે, અપરાધ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ ભાવનો જ્યારે અભાવ થશે અને વીતરાગતા થશે ત્યારે કેવળજ્ઞાન થશે. આહા..હા..! લોકો રાજી-રાજી થઈ જાય.

**શ્રોતા :-** મેરુ પર્વત ઉપર ભગવાનને લઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન્યાં લઈ જાય એમાં શું થયું? મેરુ પર્વત ઉપર જાય છે, પર ઉપર લઈ જાય છે. પોતાની પર્યાય ઉપર જાય છે તો પોતાના આશ્રયે જાય છે, શું પ્રકૃતિના આશ્રયે જાય છે? મેરુ પર્વત ઉપર લઈ જાય એમાં શું થયું? સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** પુણ્યફલ અરહંતા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુણ્યફલા અરહંતાની વ્યાખ્યા શું છે? જે કહે છે એ પણ ખોટી છે. એમાં એમ લખ્યું છે, જુઓ! પ્રવચનસારમાં. એની જે ક્રિયા છે એ પુણ્યનું ફળ છે. ઉદયની ક્રિયા કરવામાં આવે છે ઈ છે. સમજાય છે કાંઈ? પ્રવચનસાર. મથાળામાં ઈ છે, જુઓ, આ તો બહુ પ્રસિદ્ધ થઈ ગયું છે. ૪૫ (ગાથા). જુઓ, '**अथैवं सति तीर्थकृतां**

**पुण्यविपाकोऽकिंचित्कर**'. તીર્થંકરને પુણ્યનો વિપાક કંઈ કરતો નથી. એ તો બહારની ક્રિયા છે એમ કહે છે. '**अथैवं सति तीर्थकृतां**' '**એ પ્રમાણે હોવાથી તીર્થંકરોને પુણ્યનો વિપાક અકિંચિત્કર જ છે (-કાંઈ કરતો નથી, સ્વભાવનો કિંચિત્ ઘાત કરતો નથી)...**' એ તો ક્રિયાનો ઉદય છે. તીર્થંકર પ્રકૃતિથી અરિહંતપદ મળે છે, એમ નથી. ભારે ગડબડ, શ્રદ્ધામાં મોટી ગડબડ થઈ ગઈ. સમજાય છે કાંઈ?

કહે છે, અહો..! અહીંયાં શું કહે છે? ભગવાનઆત્મા. પુણ્ય-પાપના ભાવ અશુચિ છે, અપવિત્ર છે, મેલ છે. ભગવાનઆત્મા.. સંસ્કૃત ટીકા છે. ભગવાનઆત્મા, એમ અમૃતચંદ્રાચાર્ય પંચમહાવ્રતધારી મુનિ (કહે છે) અને ણમો લોએ સવ્વ આઈરિયાણંમાં પરમેષ્ઠીમાં બેઠેલા કહે છે કે ભગવાનઆત્મા. આમ કહે છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના પરિણામ, શુભ-અશુભભાવ, ભગવાન! એ તો અશુચિ છે ને, નાથ! એ તો મેલ છે, પ્રભુ! અને તું તો ભગવાન છો ને! આહા..હા..! સમજાય છે કાંઈ? તારામાં તો અનંત આનંદ, જ્ઞાન વીતરાગ લક્ષ્મી પડી છે, એને આત્મા કહે છે. પુણ્ય-પાપ આસ્રવને આત્મા કહેતા નથી. આહા..હા..!

ત્રણ વાત આવી. અશુચિ, વિપરીત. જે પુણ્ય-પાપ ભાવ છે એ ચૈતન્યથી વિપરીત છે, જડ છે. શુભ-અશુભભાવ, જે ભાવથી તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ જડ છે, અચેતન છે. કેમકે એ રાગમાં ચૈતન્યનો નિર્મળ અંશ નથી. એ રાગ તો આંધળો છે. સમજાય છે કાંઈ? નંદકિશોરજી! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય, જે ભાવ પંચમહાવ્રતના વિકલ્પ છે, એ આંધળા છે, જડ છે, ચૈતન્યના સ્વભાવથી રાગ વિપરીત ભાવ છે અને ભગવાનઆત્મા નિર્મળાનંદ છે. સાથે-સાથે લીધું, જુઓ! ભગવાનઆત્મા પવિત્ર વીતરાગ સ્વભાવથી ભરેલો પવિત્ર છે. એ ભગવાનઆત્મા.

ત્રીજું. દુઃખનું કારણ. ભગવાન પુણ્ય અને પાપના ભાવ તો દુઃખનું કારણ છે. ગજબ વાત છે! રાગ છે. એ તીર્થંકરનો ગોત્રનો ભાવ છે એ દુઃખ છે. એ.. શેઠ! શું બરાબર? રાગ છે, રાગ દુઃખ છે, આકુળતા છે. આહા..હા..! વીતરાગી ચૈતન્યતત્ત્વ શું છે એની ખબર નથી. ખબર નથી અને ધર્મ થઈ જશે! સમ્યગ્દર્શનના તો ઠેકાણા નથી. સમજાય છે કાંઈ? કહે છે, અહો..! ભગવાનઆત્મા.. આસ્રવ તો આકુળતાના ઉત્પન્ન કરનારા છે. '**ભગવાનઆત્મા તો સદાય નિરાકુળતા સ્વભાવને લીધે, કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી...**' ભગવાન શુભભાવનું કારણ નથી. ભગવાનઆત્મા શુભભાવ તીર્થંકર ગોત્રનું કારણ નથી અને શુભભાવનું એ કાર્ય નથી. કે શુભભાવ થયો તો અહીંયાં નિશ્ચય કાર્ય થયું એમ નથી. સમજાય છે કાંઈ? ભગવાન, ભગવાન એમ ત્રણ વાર લીધું છે. ધન્નાલાલજી!

**શ્રોતા :-** ભગવાન.. ભગવાન.... કોઈ ક્રિયા તો બતાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ભગવાન થવાની ક્રિયા બતાવતા નથી? ભગવાન થવાની

ક્રિયા નથી? રાગથી ભિન્ન કરીને આત્મામાં એકાગ્ર થવું એ ક્રિયા નથી? પર્યાય એ ક્રિયા છે, દ્રવ્ય તો અક્રિય છે. ધ્રુવ જે આત્મા ભગવાન ત્રિકાળી એ તો અક્રિય છે. ઈ આવશે. અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે સ્વભાવની એકાગ્રતા છે એ સક્રિયતા મોક્ષમાર્ગ છે. એ સક્રિયા છે. એ જ નિજ સાધના છે. નંદકિશોરજી! માર્ગ તો આવો છે, ભગવાન! આહા..હા..! લોકોમાં એવી ગડબડ થઈ ગઈ ને. એકાંત છે, એકાંત, સોનગઢનું એકાંત છે એમ કહી દે. અરે..! ભગવાન! તું કોને કહે છે? આચાર્યને કહે. સમજાય છે કાંઈ? આવું એકાંત કેમ કરો છો?

જુઓ, અહીંયાં ઈ આવ્યું. નિશ્ચયને ગ્રહણ કરીને પણ અનુયોગ વ્યવચ્છેદ નથી કરતું. કોણ?-પ્રમાણ. પ્રમાણજ્ઞાનમાં નિશ્ચય અને વ્યવહાર બે આવે છે. બેનું લક્ષ કરે છે એમાં પ્રમાણમાં વ્યવહારનો અભાવ નથી થતો. પ્રમાણ વ્યવચ્છેદ નથી કરતું. અનુયોગ વ્યવચ્છેદ નથી કરતું. અનુયોગ વ્યવચ્છેદના અભાવમાં વ્યવહાર લક્ષણ ભાવક્રિયાને રોકવામાં અસમર્થ છે. જુઓ! આહાહા..! પ્રમાણજ્ઞાન રાગને રોકવામાં અસમર્થ છે. નિશ્ચય સ્વભાવ આશ્રયે જે નિશ્ચય છે એ રાગને રોકવામાં સમર્થ છે. સમજાય છે કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! ખબર ન મળે એટલે ક્યાંકનું ક્યાંક નાખે. તેથી, તે આત્માને જ્ઞાનચેતનામાં સ્થાપિત કરવા માટે અસમર્થ છે. પ્રમાણજ્ઞાન આત્મામાં સ્થાપિત કરવામાં અસમર્થ છે. કેમકે વ્યવહારનો નિષેધ કરીને સ્વરૂપમાં સ્થિર કરવાની તાકાત પ્રમાણમાં નથી. સમજાય છે કાંઈ? ... તે દિ' આવ્યું હતું ને? એ વખતે ચાલ્યું હતું. શેઠિયાનું આવ્યું હતું ને? સમજાય છે કાંઈ?

નિશ્ચયનય તો એકત્વને પ્રાપ્ત કરવાની સાથે જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમાં સ્થાપિત કરી પરમાનંદને ઉત્પન્ન કરતું વીતરાગ કરીને સ્વયં નિવૃત્તિ થતો થકો. જુઓ! નિશ્ચય તો સ્વભાવ રાગથી નિવૃત્ત થાય છે અને સ્વભાવમાં પ્રવૃત્ત થાય છે. એ નિશ્ચય મોક્ષનો માર્ગ કરાવી દે છે. ૨૫૭ પાનું. તેથી ઉત્તમ પ્રકારે પૂજ્ય છે. નિશ્ચયનય જ પૂજ્ય છે. ઉત્તમ પ્રકારે પૂજ્ય છે. જુઓ, નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક હોવાથી ભૂતાર્થ છે. તેમાં જ આત્મા અવિશ્રાંતરૂપે અંતરદૃષ્ટિ થાય છે. નિશ્ચયમાં અંતરમાં રહે છે. વ્યવહારમાં બહાર આવ્યો અને બેનું જ્ઞાન કરવામાં છે શું? કહે છે. માર્ગ તો એવો અલૌકિક માર્ગ છે, ભાઈ!

અહીં કહ્યું, ભાઈ! જુઓ! '**ભયે સિદ્ધ નિજ ધ્યાનતૈ, નમૂં મોક્ષસુખદાય**'. એક લીટીમાં બે વાત આવી ગઈ. મોક્ષનો માર્ગ પણ આવ્યો અને મોક્ષ સુખદાય, એટલે હું સિદ્ધને-મોક્ષને નમન કરું છું. એ બે વાત આવી ગઈ. જયચંદ્ર પંડિતના મંગલિકમાં. '**આ પ્રમાણે મંગલ માટે સિદ્ધોને નમસ્કાર કરી શ્રી કુંદકુંદચાર્યકૃત મોક્ષપાહુડ ગ્રંથ કે જે પ્રાકૃત ગાથાબદ્ધ છે, તેની દેશભાષામય વચનિકા લખે છે.**' જયચંદ્ર પંડિત કહે છે. '**પ્રથમ જ આચાર્ય મંગલ માટે પરમાત્માને નમસ્કાર કરે છે.**' હવે કુંદકુંદાચાર્ય નમસ્કાર કરે છે. મોક્ષપ્રાભૃતની શરૂઆત કરવા માટે. અધિકાર બહુ સારો આવી ગયો,

મોક્ષપ્રાભૃતના મંગળિકમાં. આહા..હા...!

**શ્રોતા :-** મુમુક્ષુનો પોકાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોકારમાં એ છે, ભાઈ!

**णाणमयं अप्पाणं उवलब्धं जेण झटियकम्मेण।**
**चइऊण य परदव्वं णमो णमो तस्स देवस्स।।१।।**

સિદ્ધની વ્યાખ્યા કરે છે. સિદ્ધની વ્યાખ્યા કરીને નમસ્કાર કરે છે. ભગવાન આચાર્ય કુંદકુંદાચાર્ય ભગવાન પ્રતિ પ્રીતિસૂચક બે વાર નમસ્કાર નમસ્કાર કહે છે.

**અર્થ :- 'આચાર્ય કહે છે કે જેમણે પરદ્રવ્ય છોડવાથી...' 'चइऊण य परदव्वं'.** છોડીને એનો અર્થ પરદ્રવ્યનું લક્ષ છોડીને. સમજાય છે કાંઈ? અહીં તો સ્વદ્રવ્યનો આશ્રય કરે છે અને પરદ્રવ્યનું લક્ષ છોડવાનું છે, ઈ વાત છે. છોડે શું? છૂટા જ પડ્યા છે. જે પરદ્રવ્ય ઉપર, વિકલ્પ ઉપર, શરીર ઉપર, વાણી ઉપર, ભેદ ઉપર લક્ષ હતું એ બધું પરદ્રવ્યનું લક્ષ હતું. એ **'चइऊण य परदव्वं'**. પરદ્રવ્યને છોડીને, લ્યો, **'त्यक्त्वा च परद्रव्यं'** છે ને? એનો અર્થ, મોક્ષ છે ને? મોક્ષનો માર્ગ છે ને? એમાં પરદ્રવ્યનું લક્ષ છૂટે છે અને સ્વદ્રવ્યનો આશ્રય થાય છે. અને સ્વદ્રવ્યના આશ્રયે સિદ્ધપદ થયું છે, પરનું લક્ષ છોડીને, એમ કહે છે. ઓહોહો..! પરદ્રવ્ય દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ, વિકલ્પ પરદ્રવ્ય, એક સમયની પર્યાય પણ એક ન્યાયે સ્વદ્રવ્યની અપેક્ષાથી પરદ્રવ્ય છે.

નિયમસાર, ૫૦મી ગાથા. પરદ્રવ્યં પરભાવં હેયં. ત્રણ બોલ આવ્યા છે ૫૦મી ગાથા. પોતાની પર્યાય જે છે એ સ્વદ્રવ્યની અપેક્ષાથી પરદ્રવ્ય છે, બાહ્ય તત્ત્વ છે. આજે સવારે રસ્તામાં ચાલ્યું હતું. કોઈએ પૂછ્યું હતું, આ જીવતત્ત્વ આવ્યું ને સાત તત્ત્વમાં? એ જીવતત્ત્વ જે આવ્યું છે એ તો એક સમયની પર્યાયનું જીવતત્ત્વ આવ્યું છે. સાત તત્ત્વ બહિર્તત્ત્વ છે, એમાં જીવતત્ત્વ આવ્યું. સાત તત્ત્વ છે એ બહિર્તત્ત્વ છે. એમાં જીવતત્ત્વ કયુ આવ્યું? એક સમયની પર્યાયનું જીવતત્ત્વ. સંવર, નિર્જરા, મોક્ષ બધી પર્યાય છે તેથી બહિર્તત્ત્વ છે. ભગવાનઆત્મા પૂર્ણાનંદ મહા શુદ્ધ ધ્રુવ, જે બપોરે ચાલે છે, એ જ એક અંતઃતત્ત્વ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? બહિર્તત્ત્વનું જ્ઞાન પણ વ્યવહાર થયું. સમજાય છે કાંઈ? આત્મા ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ ધ્રુવ, એ નિજ દ્રવ્ય એક. એ સિવાય.. એ અંતઃતત્ત્વ. અને એક સમયની પર્યાય, રાગાદિ અને આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ પર્યાય એ બધા પરદ્રવ્ય છે. એને ભગવાન કુંદકુંદાચાર્યે નિયમસારમાં બહિર્તત્ત્વ કહ્યું. એ બહિર્તત્ત્વ છે. શરીર, વાણી, કર્મ તો ક્યાંય બહિર્તત્ત્વ રહી ગયા. અહીં તો સંવર, નિર્જરા, મોક્ષની ધર્મની વીતરાગી પર્યાય પણ એક સમયની પર્યાય બહિર્તત્ત્વ કહેવામાં આવી છે. આહા..હા..!

**શ્રોતા :-** નિયમસાર તો ચારિત્રનો ગ્રંથ છે. ચારિત્ર તો જ્યારે થશે ત્યારે એમ માનવામાં

આવશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવા દ્રવ્યનો આશ્રય કરશે ત્યારે આવી નિર્મળ પર્યાય થશે. પર્યાયનો આશ્રય કરશે તો નિર્મળ પર્યાય નહિ થાય, વિકલ્પ થશે.

**શ્રોતા :-** મોક્ષપર્યાયને નમસ્કાર કર્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નમસ્કાર પર્યાયને કર્યા તો શું થયું? સૂક્ષ્મ છે! અંતરમાં તો પોતાની પર્યાય નિજ દ્રવ્યમાં નમે એ નમસ્કાર છે, પણ વિકલ્પના કાળે પણ સમ્યગ્દષ્ટિની એકાગ્રતા તો અંદર ચાલે જ છે, સમજાય છે કાંઈ? વિકલ્પના કાળે પણ સમ્યગ્દષ્ટિની સ્વભાવ સન્મુખની એકતા તો ચાલે જ છે, એ એકાગ્રતા ચાલે છે એ ખરેખર નમસ્કાર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! ભારે માર્ગ, ભાઈ! આ જન્મ-મરણના દુઃખોથી, આકુળતાથી છૂટવું હોય... બધી આકુળતા છે ને? તો સ્વદ્રવ્યનો આશ્રય કરવાથી છૂટે છે. કારણ કે આકુળતા તો પરદ્રવ્ય છે. આહા..હા..!

કહે છે, '**चइऊण य परदव्वं**'. જેણે પરદ્રવ્યનું લક્ષ છોડી દીધું છે, અને જટિત કર્મ ખરી ગયા છે. જુઓ, કર્મ ખપાવે છે એમ શબ્દ નથી. ભાઈ! જટિત કર્મ. કર્મ ખરી ગયા છે, એમ લખ્યું છે. કર્મ ખેરવ્યા છે, કર્મનો નાશ કર્યો એમ નથી લીધું. સમજાય છે કાંઈ? પરદ્રવ્યનું લક્ષ છૂટ્યું અને નિજ દ્રવ્યનો આશ્રય કર્યો તો પરદ્રવ્ય કર્મ જે છે એ ખરી ગયા, ખરી ગયા. ખરે એને કારણે, આત્મા ખેરવે છે એમ નહિ. પંડિતજી! આહા..હા...! કર્મ તો જડ છે. શું જડનો આત્મા સ્વામી છે કે એને બાંધે અને એને છોડે? એની નિર્જરા કરે કર્મની? આત્મા એનો સ્વામી છે? પોતાના દ્રવ્યનો આશ્રય થઈને પરદ્રવ્યનું લક્ષ જ્યાં છૂટ્યું ત્યાં કર્મ પણ એના કારણે ખરી જાય છે. જટિત કર્મ. દ્રવ્યકર્મ ખરે છે. ત્રણે. જુઓ, જટિત કર્મ. દ્રવ્યકર્મ પણ ખરે છે, ભાવકર્મ પણ ખરે છે. અશુદ્ધતા નાશ કરતા નથી. એમ અહીંયાં આવ્યું. જુઓ, અશુદ્ધતાનો નાશ થઈ જાય છે. અશુદ્ધતાનો નાશ કરે છે એમ નહિ. એનો નાશ કેવી રીતે કરે? અશુદ્ધતા છે એનો નાશ કેવી રીતે કરે? એના ઉપર લક્ષ કરીને નાશ કરે? નિજ દ્રવ્યનો ઉગ્રપણે આશ્રય કરે છે તો અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી એ અશુદ્ધતાનો નાશ થાય એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ!

જટિત. ભાવકર્મ ખરી ગયા છે. ભાવકર્મનો નાશ કરે છે એમ નથી લીધું. ભાવકર્મ ખરી જાય છે. ભાવકર્મ અર્થાત્ પુણ્ય અને પાપના વિકલ્પ જે અશુદ્ધ ભાવ છે એ ખરી જાય છે. સ્વદ્રવ્યનો આશ્રય કર્યો તો એ પરદ્રવ્ય ખરી જાય છે, છૂટી જાય છે. છોડે છે એમ નહિ. આહા..! સમજાય છે કાંઈ? દ્રવ્યકર્મ જડ, ભાવકર્મ વિકારી પર્યાય, નોકર્મ શરીર. એ ખરે છે. જટિત કર્મ નામ છૂટી ગયા છે. '**એવા થઈને...**' એવા થઈને. સિદ્ધ ભગવાન. '**જ્ઞાનમયી આત્માને પ્રાપ્ત કરી લીધો છે...**' જુઓ! એકલી જ્ઞાનની મૂર્તિ ચૈતન્યબિંબને

પ્રાપ્ત કર્યો. આ સિદ્ધ એટલે જ્ઞાનમયી પૂર્ણ પ્રાપ્ત થયો એનું નામ સિદ્ધ. સમજાય છે કાંઈ? જ્ઞાનપ્રધાનથી બધું કથન છે. આખો આત્મા જ્ઞાનમયી જ છે, જ્ઞાનમયી જ આત્મા છે. સમજણનો પિંડ એ આત્મા છે. જ્ઞાયકભાવ એ આત્મા છે. પરદ્રવ્યનું લક્ષ છોડી, સ્વદ્રવ્યનો આશ્રય કરે છે ત્યાં પરદ્રવ્ય જે કર્મ આદિ ભાવકર્મ છે એ જટિત-ખરી જાય છે, છૂટી જાય છે. અને પ્રાપ્ત શું કર્યું? એ તો છૂટી ગયું. પ્રાપ્ત શું કર્યું? જ્ઞાનમયી આત્મા. પૂર્ણ જ્ઞાનમયી પર્યાયમાં કેવળજ્ઞાનમયી પર્યાયને પ્રાપ્ત કરી, ઈ સિદ્ધ. એમ આવ્યું ને? તેથી (અજ્ઞાની) કહે, જુઓ, જ્ઞાનમયી આત્મા થયો, ચારિત્ર-ફારિત્ર નથી. એ તો જ્ઞાનમયી ચારિત્ર છે, જ્ઞાનમય આનંદ છે, જ્ઞાનમય શ્રદ્ધા છે, બધું જ્ઞાનમય છે, રાગમય નથી. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાનાનંદ સ્વરૂપ છે ને? જ્ઞાનની સાથે ઈ ભેગું છે ને.

‘**આ પ્રકારના દેવને અમારા નમસ્કાર હો...**’ દેવને, જુઓ! પરદ્રવ્ય લક્ષમાં આવ્યું ને. ૮૩ ગાથામાં આવ્યું નહિ? નમસ્કાર, વૈયાવચ્ચ આદિ પરદ્રવ્યને કારણે છે. એમાં પરદ્રવ્ય લક્ષમાં આવે છે. ૮૩ ગાથાના ભાવાર્થમાં આવ્યું છે. ‘**નમસ્કાર હો-નમસ્કાર હો. બે વાર કહેવામાં અતિશય પ્રેમભાવ બતાવ્યો છે.**’ લ્યો.

**ભાવાર્થ :-** ‘**અહીં મોક્ષપાહુડનો પ્રારંભ છે. અહીં જેમણે સમસ્ત પરદ્રવ્યોને છોડી...**’ સમસ્ત પરદ્રવ્યનું લક્ષ છોડી, ‘**કર્મનો અભાવ કરી...**’ અભાવ કરી નામ અભાવ થયો. એ તો શબ્દમાં લખાણ આવે. ‘**કેવળજ્ઞાનાનંદસ્વરૂપ મોક્ષપદને પ્રાપ્ત કરી લીધું છે...**’ કેવળજ્ઞાન અને પૂર્ણ આનંદ, એનું નામ મોક્ષ. એકલો અતીન્દ્રિય આનંદ રહી ગયો અને એકલું જ્ઞાન રહી ગયું. રાગ તો નહિ પણ અપૂર્ણતા નહિ. પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ પ્રાપ્ત કર્યા. ‘**તે દેવને...**’ આવા દેવ. જુઓ, દેવની ઓળખાણ કરાવી. દેવ આવા હોય છે, બીજા દેવ કહે છે એવા દેવ છે નહિ. ‘**મંગળ અર્થે નમસ્કાર કર્યા છે તે યોગ્ય છે. જ્યાં જેવું પ્રકરણ ત્યાં તેવી યોગ્યતા.**’ અહીં મોક્ષપાહુડ છે તો ત્યાં સિદ્ધને નમસ્કાર કરવા એ વ્યાજબી છે. મોક્ષપ્રાભૃત છે ને, તો સિદ્ધને નમસ્કાર કરવો એ ઉચિત છે, એ પ્રકરણને યોગ્ય છે, પ્રકરણને લાયક છે. ‘**જ્યાં જેવું પ્રકરણ ત્યાં તેવી યોગ્યતા.**’

‘**અહીં ભાવ-મોક્ષ તો અરિહંતને છે...**’ મોક્ષની વ્યાખ્યા કરે છે. અરિહંતને ભાવમોક્ષ થયો છે. બધા ભાવ નિર્મળ થઈ ગયા અને ચાર ઘાતિ (નાશ થઈ ગયા છે). ભાવમોક્ષ થઈ ગયો. ‘**અને દ્રવ્ય-ભાવ બન્ને પ્રકારના મોક્ષ સિદ્ધ પરમેષ્ઠીને છે.**’ કર્મનું નિમિત્ત પણ છૂટી ગયું અને અશુદ્ધતા પણ છૂટી ગઈ. આમ સિદ્ધ પરમેષ્ઠીને છે. આવો ભાવ સિદ્ધ પરમેષ્ઠીને છે. ‘**તેથી બન્નેને નમસ્કાર જાણો.**’ અરિહંત અને સિદ્ધ બેયને નમસ્કાર કર્યા છે. મોક્ષપાહુડની શરૂઆત મંગળિક કરે છે. બીજી ગાથા ચાલશે...

(**શ્રોતા :** પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી પ્રવચનસાર, ગાથા-૧૩૮-૧૩૯
## પ્રવચન નં.૧૭૭, તા.૨૭-૬-૧૯૭૫
## (૧૬)

૧૩૮નો ભાવાર્થ. જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. જ્ઞેયનું કથન છે ને. છ દ્રવ્ય જ્ઞેય છે. એનું શું સ્વરૂપ છે એનું વર્ણન (ચાલે છે). એમાં અત્યારે કાળાણું. **'લોકાકાશના અસંખ્યાત પ્રદેશો છે.'** લોક છે, એમાં આકાશના પ્રદેશ અસંખ્ય છે. **'એક એક પ્રદેશમાં એક એક કાળાણું રહેલો છે.'** જુઓ! આ 'કુંદકુંદાચાર્ય' કાળાણુ દ્રવ્યની સિદ્ધિ કરે છે. શ્વેતાંબર એ માનતા નથી. બીજે તો નથી પણ એ પણ માનતા નથી. આ સિદ્ધિ 'કુંદકુંદાચાર્ય' કરે છે. **'તે કાળાણુઓ સ્નિગ્ધ-રૂક્ષગુણના અભાવને લીધે રત્નરાશિની માફક છૂટા-છૂટા જ રહે છે,...'** રતનનો ઢગલો ભલે એક સાથે હોય પણ રતન જુદું-જુદું છે. એમ એક-એક આકાશના (પ્રદેશે) એક-એક કાળાણુ, અસંખ્ય પ્રદેશમાં અસંખ્ય કાળાણુ રત્નરાશિની જેમ ભિન્ન-ભિન્ન છે. **'પુદ્‌ગલ-પરમાણુઓની માફક પરસ્પર મળતા નથી.'** પુદ્‌ગલ પરમાણુમાં તો સ્નિગ્ધ-રૂક્ષતાને લઈને બે, ત્રણ, અનંત આદિ સ્કંધ થાય. આમાં એ નથી.

**'જ્યારે પુદ્‌ગલપરમાણુ...'** હવે એનું માપ બતાવે છે. **'આકાશના એક પ્રદેશને મંદ ગતિથી ઓળંગે છે...'** મંદ ગતિથી. ઉગ્ર ગતિથી તો એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ચાલ્યું જાય. **'મંદ ગતિથી ઓળંગે છે (અર્થાત્ એક પ્રદેશથી બીજા અનંતર પ્રદેશે મંદ ગતિથી જાય છે)...'** આંતરા વિનાનો બીજો પ્રદેશ. મંદ ગતિથી જાય છે **'ત્યારે તે (ઓળંગવામાં આવતા) પ્રદેશે રહેલો કાળાણું તેને નિમિત્તભૂતપણે વર્તે છે.'** પરમાણુ એક આકાશના પ્રદેશથી બીજે પ્રદેશ જાય એમાં તે ઠેકાણે રહેલો કાળાણુ, એને નિમિત્તભૂત વર્તે છે.

**'આ રીતે દરેક કાળાણુ પુદ્‌ગલપરમાણુને એક પ્રદેશ સુધીના ગમન પર્યંત જ સહકારીપણે વર્તે છે,...'** દરેક અસંખ્ય કાળાણુ પુદ્‌ગલ પરમાણુને એક પ્રદેશથી બીજા પ્રદેશ ગમન પર્યંત નિમિત્તરૂપે સહકારી વર્તે છે. **'વધારે નહિ; તેથી સ્પષ્ટ થાય છે કે કાળદ્રવ્ય પર્યાયે પણ અનેકપ્રદેશી નથી.'** પરમાણુ જેમ અનેક પ્રદેશી થાય છે પર્યાયે, એમ આ નથી. કાળાણુને સિદ્ધ કર્યો. પદાર્થ છે. અનંત ગુણ (રહેલાં છે). એક-એક કાળાણુમાં અનંત ગુણ છે.

'હવે કાળપદાર્થના દ્રવ્ય અને પર્યાય જણાવે છે :-' ૧૩૯.

**वदिवददो तं देसं तस्सम समओ तदो परो पुव्वो।**
**जो अत्थो सो कालो समओ उप्पण्णपद्धंसी।।१३९।।**

**તે દેશના અતિક્રમણ સમ છે 'સમય', તત્પૂર્વાપરે**
**જે અર્થ છે તે કાળ છે, ઉત્પન્નધ્વંસી 'સમય' છે. ૧૩૯.**

ઓહોહો..! આચાર્યોએ દ્રવ્યને સમજાવવાની શૈલીમાં કેટલી સરળતાથી સમજાવ્યું છે!

'**ટીકા :-** કોઈ **પ્રદેશમાત્ર કાળપદાર્થ વડે આકાશનો જે પ્રદેશ વ્યાપ્ત હોય તે પ્રદેશને જ્યારે પરમાણુ મંદ ગતિથી અતિક્રમે (ઓળંગે) ત્યારે તે પ્રદેશમાત્ર-અતિક્રમણના પરિમાણના બરાબર જે કાળપદાર્થની સૂક્ષ્મવૃત્તિરૂપ સમય...**' સૂક્ષ્મ પરિણતિરૂપ પર્યાય '**તે કાળપદાર્થનો પર્યાય છે;...**' આહાહા..! એક પરમાણુ એક પ્રદેશથી બીજે જાય એમાં એ કાળદ્રવ્યનો એક સમયનો પર્યાય તેને નિમિત્ત છે. દ્રવ્ય તો દ્રવ્ય છે. કાળ દ્રવ્યનો એક સમયનો પર્યાય તેને નિમિત્તભૂત છે. આહાહા..! તે સમય છે. હવે દ્રવ્યને સિદ્ધ કરે છે. આ પર્યાયને સિદ્ધ કરી.

'**તે કાળપદાર્થનો પર્યાય છે; અને આવા તે પર્યાયના પહેલાંની તેમ જ પછીની વૃત્તિરૂપે...**' એટલે પર્યાય '**વર્તતો હોવાને લીધે...**' પહેલાં અને પછીની પર્યાયમાં વર્તતો હોવાથી દ્રવ્ય. '**જેનું નિત્યત્વ પ્રગટ થાય છે એવો પદાર્થ તે દ્રવ્ય છે.**' કહે છે કે પહેલાં સમયની પર્યાય વ્યય થાય, પછી ઉત્પન્ન થાય, પણ એમાં કાયમ ટકનારું દ્રવ્ય છે એ નિત્ય છે. એ પર્યાય જેની છે તે નિત્ય છે. આહાહા..! સંપ્રદાય નીકળ્યા પછી આ તો બનાવ્યું છે. શ્વેતાંબર સંપ્રદાય નીકળી ગયો હતો. 'કુંદકુંદાચાર્ય' વખતમાં. પહેલાં આ નીકળી ચૂક્યો હતો, છતાં આ વાતને સ્પષ્ટ સિદ્ધ કરે છે. '**આ રીતે દ્રવ્યસમય (અર્થાત્ કાળદ્રવ્ય) અનુત્પન્ન-અવિનષ્ટ છે...**' પર્યાય જે છે પરમાણુને ગતિમાં નિમિત્તપણે, એ પર્યાય તો ઉત્પન્ન-ધ્વંસિ છે, પણ એ પર્યાયનું કાયમ ટકનારું તત્ત્વ એ નિત્ય છે. આહાહા..! આવું હવે ક્યાં અંદર ઝીણું-ઝીણું. ઝીણો જ છે ને એ.

એક ન્યાય તો એવો સૂક્ષ્મ છે કે એક સમયમાં અનંત ગુણવાળું દ્રવ્ય જાણે છે જીવને. અનંત ગુણવાળુ દ્રવ્ય એક સમયમાં જાણે, છતાં સમયના અનંત ભંગ, પર્યાયના અનંત ભંગ નથી પડતા. પર્યાયના, હોં! પ્રતિચ્છેદ પડે. શું કીધું? વસ્તુ છે એ અનંત ગુણ સંપન્ન પોતે ભગવાન (છે). એનો એક સમયનો પર્યાય એ અનંત ગુણનું એકરૂપે એને જાણે છે, તો એક સમયમાં અનંત ગુણ જાણે કે અનંત ગુણનું એકરૂપ જાણે એમાં ભેદ જણાઈ ગયા છે. એથી એક સમયની પર્યાયના કાંઈ અનંત ભાગ નથી પડતા. સમજાણું કાંઈ? એના અવિભાગ પ્રતિચ્છેદ પડે, પણ પર્યાય અનંત ન હોય એ. આહાહા..! સમજાણું કાંઈ? કેવળજ્ઞાનની પર્યાયમાં

પોતાના અનંત... અનંત... અનંત... અનંત ગુણો અને આ લોકાલોક જણાય, છતાં એક પર્યાય એ અનંત પર્યાય નથી, છતાં પર્યાયના અવિભાગ પ્રતિચ્છેદ અનંત છે. આહાહા..! ચંદુભાઈ! એ પર્યાયની શક્તિ છે. એ પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ (પડે છે), માટે પર્યાય અનંત (છે) એમ નથી. આહાહા..! એનો સ્વભાવ..! આહાહા..!

'**આ રીતે દ્રવ્યસમય (અર્થાત્ કાળદ્રવ્ય) અનુત્પન્ન-અવિનષ્ટ છે અને પર્યાયસમય ઉત્પન્ન-ધ્વંસી છે (અર્થાત્ સમય પર્યાય ઉત્પત્તિ-વિનાશવાળો છે). આ સમય નિરંશ છે, કારણ કે જો એમ ન હોય તો આકાશના પ્રદેશનું નિરંશપણું બને નહિ.**' એક જ પ્રદેશમાંથી બીજે પ્રદેશ જાય છે. એ પ્રદેશ પણ નિરંશ છે અને સમયમાં વર્તતો જે કાળદ્રવ્ય ઉત્પન્ન-ધ્વંસી પર્યાય એ પણ એક સમયનો છે અને એનો ધરનાર ત્રિકાળી દ્રવ્ય એ પણ ત્યાં જ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**વળી એક સમયમાં પરમાણુ લોકના અંત સુધી જતો હોવા છતાં...**' હવે વિશેષ કહે છે. મંદ ગતિથી તો આકાશના એક પ્રદેશથી બીજે જાય, તો એક સમયનું માપ ત્યાં આવી ગયું; પણ એ પરમાણુ એક સમયમાં લોકના અંત સુધી જતો હોવા છતાં '**સમયના અંશો પડતા નથી;...**' સમય અસંખ્ય થઈ જતા નથી. એક સમયના અસંખ્ય ભંગ પડતા નથી. પરમાણુ એક સમયમાં લોકાંત ગયો. આહાહા..! અરે..! જીવને કાર્મણના શરીર અને તેજસના શરીરના રજકણો હોય, એક સમયમાં હેઠે અધોલોક હોય તો ઉપર ચાલ્યા જાય. આહાહા..! એક સમયમાં જાય અને આવા અસંખ્ય પ્રદેશ ઓળંગે માટે એક સમયનો અસંખ્યમો ભાગ ત્યાં થાય એમ નથી. સમયનો અંશ નથી, ભાગ નથી. આ તો બુદ્ધિ હોય અને આ બહારના ઓલા એમ ને એમ ગુમાવ્યા અનંત કાળ. આહાહા..! .. હશે ક્યાંક.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો સૂક્ષ્મ વાત. એ તો આગમગમ્ય. કેવળજ્ઞાન (ગમ્ય). આ તો શ્રુતજ્ઞાન ગમ્ય થાય એની વાત છે.

એક સમયમાં લોકાલોક જાણે એ તો શ્રુતજ્ઞાનગમ્ય પર્યાય છે, છતાં એ પર્યાય અનંત પર્યાય થતી નથી. એ કંઈ અગુરુલઘુ નથી. અગુરુલઘુ તો એક સમયની પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ છે એ પણ શ્રુતગમ્ય છે, એ ભાવશ્રુતગમ્ય છે, પણ એમાં એક સમયમાં ષટ્ગુણ હાનિ-વૃદ્ધિ થાય એ ગમ્ય નથી, આગમગમ્ય છે. સમજાણું? એવી વાત છે. એક સમયમાં પરમાણુ લોકના અંત સુધી ચાલ્યો જાય. નીચે હોય તે સિદ્ધ છે ત્યાં સુધી ચાલ્યો જાય. સમય એક. અસંખ્ય આકાશ પ્રદેશ ઓળંગે તોપણ '**સમયના અંશો પડતા નથી;...**' એક સમયમાં અસંખ્ય પ્રદેશે ગયો માટે એક સમયના અસંખ્ય ભાગ પડી ગયા એમ નથી. આહાહા..! સમયની પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ હોય એ જુદી વાત છે, ભાઈ!

કાળની એક સમયની પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ હોય એ જુદી વાત છે, પણ સમયમાં આમ ગયો માટે સમયનો અસંખ્યમો ભાગ થઈ ગયો, એ પર્યાયનો અસંખ્યમો ભાગ થયો એમ નથી. આહાહા..! જુઓને, સ્વભાવ-સ્વભાવ.

.. કહ્યું છે ત્યાં, હોં! **'एकमुक्तलक्षणे काले विद्यमानोऽपि परमात्मतत्त्वमलभमानो-ऽतीतानन्तकाले संसारसागरे भ्रमितोऽयं जीवो'** સંસ્કૃતમાં છે. ૨૭૬ પાનું. ઓહોહો..! આવા આવા અનંત કાળ પુદ્ગલ. પરમાત્મતત્ત્વ આનંદનો નાથ પ્રભુ જ્ઞાયકભાવથી ભરેલો એના અલભ્યમાન-એની પ્રાપ્તિ વિના અનંત અનંત કાળમાં પરિભ્રમણ કર્યું. છે ને અંદર? સંસ્કૃતમાં છે. **'संख्येयासंख्येयानन्तसमयावित्यर्थः। एकमुक्तलक्षणे काले विद्यमानोऽपि परमात्मतत्त्वमलभमानोऽतीतानन्तकाले संसारसागरे भ्रमितोऽयं जीवो यतस्ततः कारणात्तदेव निजपरमात्मतत्त्व सर्वप्रकारोपादेयरूपेण श्रद्धेयं,...'** આહાહા..! એનો સરવાળો લીધો છે. નિજ પરમાત્મતત્ત્વ, જેમાં અનંત ગુણો પણ સમજવા માટે એક સમય બસ છે. આહાહા.. સમજાણું કાંઈ? દ્રવ્ય જણાણું એમાં દ્રવ્યના જેટલા ગુણો એ બધા જણાઈ ગયા છે કે નહિ? ઓહોહો..! આ નિર્વિકલ્પ પ્રતીતિ વિના એ પર્યાયમાં અનંત ગુણવાળો એક, ભંગ પાડ્યા વિનાની પર્યાયમાં જણાય એ નિર્વિકલ્પ પ્રતીતિ થાય. આહાહા..!

નિજ પરમાત્મતત્ત્વને... કહ્યું ને? **'सर्वप्रकारोपादेयरूपेण श्रद्धेयं'** આહાહા..! ભગવાનઆત્મા આ બધા પદાર્થોનું જ્ઞાન સ્વનું જ્ઞાન થાય એને સાચું પરનું જ્ઞાન થાય. સ્વરૂપગ્રાહી જ્ઞાન વિના પરનું વાસ્તવિક યથાર્થ જ્ઞાન હોઈ શકે નહિ. આહાહા..! એવો જે નિજ પરમાત્મતત્ત્વ સર્વ પ્રકારે ઉપાદેય **'श्रद्धेयं'** આહાહા..! ભગવાન દ્રવ્યસ્વભાવ અનંત ગુણરૂપ દ્રવ્યસ્વભાવ તે જ ઉપાદેય છે, એ જ શ્રદ્ધા કરો. આહાહા..! એની પર્યાયની વાત નહિ. આ તો આવું દ્રવ્ય આખું શ્રદ્ધો. આહાહા..! ભૂતાર્થ, સત્યાર્થ તે નિશ્ચય છે. આ બધા જણાવીને સરવાળો તો આ છે.

'**(પરમાણુને) વિશિષ્ટ (ખાસ પ્રકારના) અવગાહપરિણામ હોય છે તેમ (પરમાણુને) વિશિષ્ટ ગતિપરિણામ હોય છે.**' શું કીધું? પરમાણુમાં જેમ ખાસ અવગાહપરિણામ હોય છે. પરમાણુને હોં! આકાશને તો ઠીક. પરમાણુમાં અવગાહ શક્તિ છે કે જે ઠેકાણે રહે ત્યાં અનંતા પરમાણુ આવે, તોપણ અવગાહન આપે. સાધારણ અવગાહન તો આકાશનું છે, પણ દરેક પદાર્થમાં એક બીજો પદાર્થ ત્યાં આવે એનું અવગાહન કરવાનો ગુણ એનો છે. શું સુજાનમલજી!

દરેક પદાર્થને અવગાહ દેવાનો સાધારણ ગુણ આકાશનો, એની પર્યાય, પણ પરમાણુ જ્યાં છે તે ઠેકાણે અનંતા પરમાણુ આવે તો એ પણ પરમાણુનો અવગાહ ગુણ છે. એક જીવ છે ત્યાં બીજા જીવ આવે તો એ જીવનો અવગાહ ગુણ છે. આહાહા..! એ અસાધારણ

અવગાહ, એટલે એક એકનું અવગાહ. બધાને અવગાહ દેવાની પર્યાયની-અવગાહનગુણની પર્યાયની તાકાત છે. આહાહા..! જૈનદર્શનની વસ્તુ, એકલો સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... એ સ્વભાવનો પત્તો લીધા વિના નિર્મળ દૃષ્ટિ થાય નહિ અને જન્મ-મરણ જાય નહિ. આહાહા..!

'**જેમ વિશિષ્ટ અવગાહપરિણામને લીધે એક પરમાણુના કદ જેવડો અનંત પરમાણુઓનો સ્કંધ બને છે તોપણ તે સ્કંધ પરમાણુના અનંત અંશો સિદ્ધ કરતો નથી,...**' શું કીધું? એક પરમાણુ છે તેટલા કદવાળો અનંત પરમાણુનો સ્કંધ બને. એક પરમાણુનું જે કદ છે એટલા કદવાળો અનંત પરમાણુનો સ્કંધ બને. એથી કાંઈ પરમાણુનો અનંતમો ભાગ થઈ ગયો છે એમ નથી. આહાહા..! '**જેમ વિશિષ્ટ અવગાહપરિણામને લીધે એક પરમાણુના કદ જેવડો અનંત પરમાણુનો સ્કંધ બને છે...**' એક પરમાણુ જેટલામાં રહે એટલામાં અનંતા પરમાણુનો સ્કંધ રહે. '**તોપણ તે સ્કંધ પરમાણુના અનંત અંશો સિદ્ધ કરતો નથી,...**' તો પરમાણુમાં અનંતમો ભાગ થયો અને અનંતા થઈને એક પરમાણુ જેટલું કદ થયું, પરમાણુનો અનંતમા ભાગનો કદ રહ્યો અને આ બધા થઈને એક પરમાણુ જેટલું કદ થયો, એમ નથી. પરમાણુનું કદ તો એવડો ને એવડો છે.

અનંત પરમાણુનો સ્કંધ થયો અને એક પરમાણુ જ્યાં છે તેટલા કદમાં એ રહ્યો. કોણ? અનંત પરમાણુનો સ્કંધ. એથી એક પરમાણુનો અનંતમો ભાગ થઈ ગયો, એમ નથી. પરમાણુ તો દ્રવ્ય અખંડ છે ઈ છે. આ વસ્તુ. કેવી યુક્તિથી સિદ્ધ કરે છે, જુઓ! અરે..! આટલો મૂકી ગયા વારસો એને સમજવાની દરકાર ન મળે. આ તો વારસાની વાત છે. આહાહા..! સંતો વારસો મૂકી ગયા. તારા જ્ઞાનની દળતા કેટલી છે અને કેટલું સમાય છે આમાં એની આ વાત છે. આહાહા..!

જ્ઞાનની પર્યાયમાં અનંતા દ્રવ્ય-ગુણ-પર્યાય જણાય એથી એક પર્યાય કાંઈ અનંત પર્યાયરૂપે નથી થઈ. એમ એક પરમાણુના કદ જેટલો અનંતા રજકણનો સ્કંધ થાય, એક પરમાણુના કદ જેટલો, એથી એક પરમાણુ અનંતમો ભાગ થઈ ગયો એમ નથી. પરમાણુનું સરખું કદ છે. અનંતમાં બધાનું એક એકનું સરખું (કદ છે). આહાહા..! એ તો અવગાહ વિશેષતાને લઈને તે છે. પરમાણુમાં એવી અવગાહ દેવાની શક્તિ છે. આહાહા..!

'**કારણ કે પરમાણુ નિરંશ છે;...**' એક પરમાણુના કદ જેટલો અનંતા પરમાણુનો કદ થયો સ્કંધ છતાં એ પરમાણુનો અંશ નથી હવે. પરમાણુ તો નિરંશ છે. પરમાણુના ભાગ પડતા નથી. સમજાણું કાંઈ? '**તેમ જ્યારે એક કાળાણુથી વ્યાપ્ત એક આકાશપ્રદેશના અતિક્રમણના માપ જેવડા એક સમયમાં પરમાણુ વિશિષ્ટ ગતિપરિણામને લીધે...**' એક પરમાણુની ગતિ વિશિષ્ટતાને કારણે '**લોકના એક છેડેથી બીજા છેડા સુધી જાય છે ત્યારે (તે પરમાણુ વડે ઓળંગાતા) અસંખ્ય કાળાણુઓ સમયના અસંખ્ય અંશો**

**સિદ્ધ કરતાં નથી,...**' એક સમયમાં અસંખ્ય કાળાણુ અને અસંખ્ય પ્રદેશને ઓળંગીને ચાલ્યો માટે એક સમયના અસંખ્ય ભાગ પડી ગયા એમ નથી. આહાહા..! સમય તો તેટલો જ એ સ્કંધ રહ્યો છે. આહાહા..! પરમાણુ પણ અનંત સ્કંધમાં, એક પરમાણુના કદ જેટલો સ્કંધ થયો તો પણ પરમાણુ તો પરમાણુ અખંડ રહ્યો જ છે. આહાહા..!

કાળાણુએ એક સમયમાં અસંખ્ય પ્રદેશ ઓળંગ્યા એથી એક સમયનો અસંખ્યમો ભાગ થયો ત્યાં એમ નથી. એ તો પરમાણુની વિશિષ્ટ ગતિને કારણે અસંખ્ય પ્રદેશ ઓળંગાણા છે. આહાહા..! સિદ્ધ ભગવાન. આ એક સમયે અહીંથી સિદ્ધ થયા અને એક સમય આમ (ઊર્ધ્વ લોકમાં). આહા..હા..! જે સમયે અહીં સિદ્ધ થયા તે જ સમયે ત્યાં ગયા. એથી એક સમયના ભાગ નથી પડ્યા કે અહીં થયું, વચમાં રહ્યા અને ત્યાં રહ્યા. એને .. નથી. આ તો સ.. છે. એ બીજી વાત. એક સમય અહીં સિદ્ધ થયા. અહીં સિદ્ધ થયા, રસ્તો અને રહ્યા એવા ત્રણ ભાગ ન પડ્યા. ઓલા તો જુદું રાખો. એક સમયમાં અસંખ્ય આકાશના પ્રદેશ ઓળંગ્યા અને અસંખ્ય કાળાણુ ઓળંગ્યા એથી કાંઈ એક સમયનો અસંખ્યમો ભાગ પડે એ તો નહિ. સમજાણું કાંઈ? એક સમયમાં સિદ્ધ અહીં થયા, એના એ જ સમયનો રસ્તો અને એ જ સમયમાં ત્યાં સ્થિર-એવા એક સમયમાં ત્રણ પ્રકાર દેખાણા, પણ ભાગ ત્રણ નથી કાંઈ. આહાહા..! જુઓ, આ સર્વજ્ઞ સ્વરૂપનું ભગવાનનો આ સિદ્ધાંત અને એનું તત્ત્વ. આહાહા..! આવું તત્ત્વ છે.

**શ્રોતા :-** ઉત્પાદ-વ્યય નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેમાં નથી? સિદ્ધ ભગવાનમાં ઉત્પાદ-વ્યય અનંતા છે. લ્યો ઠીક! આવું શીખ્યા? સિદ્ધ ભગવાનમાં અનંતા ઉત્પાદ-વ્યય એક સમયમાં છે. અનંતા ગુણ છે તો એક-એક ગુણના ઉત્પાદ-વ્યય એવા અનંતા ગુણના અનંત ઉત્પાદ-વ્યય છે. એ તો પકડે કે .. આહાહા..! સિદ્ધ અહીંયાં થયા અને એનો એ પર્યાય થયો એ પૂર્વનો વ્યય થઈ ગયો. એ પાછો પર્યાય એક સમયના અહીં .. ત્યાં .. સમય રહ્યો. પછી બીજે સમયે બીજો સમય થયો પછી. આહાહા..! અરે..! એણે તત્ત્વનું જ્ઞાન અને એ પર્યાયને અનંતને જાણે એ જેવું જેવું છે તેવું જાણે. એ પણ સ્વરૂપને જાણતાં તેને જાણે. આહાહા..! એને ..

જુઓ, આ બધી તકરારું. રાતે વાત કરતાં હતા. ઓલાને ... કકળાટ. દેશમાં કકળાટ થઈ ગયો. અમદાવાદ ને .. પથરા ફેંકાણા છે, બસોમાં. તોફાન ચાલશે આ. આહાહા..! અહીં તો તોફાન મટાડવાની વાત છે. આહાહા..! કો'ક વળી કહેતું હતું સવારમાં. એનો પારસી વકીલ હતો ને, ભાઈ એક પારસી. ઈન્દિરાનો. છોડી દીધો એને. એનો વકીલ. કો'ક કહેતું હતું. છોકરાઓ વાતું કરે. આ રીતે વકીલાત ન હોય. આવું શું કર્યું એણે? એય..! ઝઘડા

ચાલશે બધા. આહાહા..! આ તો શાંત શાંત રસ. આહાહા..! એક સમયમાં શાંતરસ. જે રસમાં અનંતા ગુણોનો શાંતરસ. આહાહા..! છતાં એ શાંતરસનો સમય, એનો અનંતમો ભાગ સમયનો નથી પડતો. એના સામર્થ્યનો પડે છે.

**શ્રોતા :-** સામર્થ્ય અનંતુ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનંતુ છે. આહા..હા...! ચંદુભાઈ! હવે અહીં લહેર કરે ને મફતનો. અમદાવાદમાં આમ છે ને તેમ છે. હવે એને કીધું તમે અહીં છો ને અમદાવાદમાં? કહે, મારું કોઈ માનતું નથી. ક્યાં ગયા વિમલચંદ? પણ આ તો માને એવો છે ને. આહાહા..!

ભગવાન! તારો એક જ્ઞાનગુણ, એની એક સમયની પર્યાય જેના અંત નહિ એવા આકાશને જાણે. જેના એથી અનંતગુણા ગુણો જે ગુણ, આકાશના પ્રદેશ અનંત, એથી એનો અંત નહિ એવા અંત નહિ એના અનંત. એથી અહીં ગુણો અનંત. આહાહા..! ભાઈ! જેના સ્વભાવનું શું કહેવું! એવા અનંતના અંત નહિ એટલા અનંત ગુણો એને એક સમયમાં જાણે. આહાહા..! શું કહ્યું ઈ? કે આકાશના પ્રદેશનો અંત છે ક્યાંય? સ્વભાવ તો જુઓ! નાસ્તિકને પણ એમ માનવું પડે એકવાર. બાપુ! આમ... આમ... આમ... પછી શું છેડો? એક ફેરી કહ્યું હતું. ... શેઠનો દીકરો. ડોક્ટરનો દીકરો. પ્રાણભાઈનો દીકરો બે આવ્યા હતા. દામનગરથી છે ને ધુંઆ.. .. છે ને. કીધું, એલા તમે બધું કાંઈ ન માનો પણ એટલું કહો કે આ વસ્તુ છે આમ ક્ષેત્ર આમ કરતાં.. કરતાં... કરતાં... આ ક્ષેત્રનો (ક્યાં અંત આવે છે?) ક્યાં ક્ષેત્ર નથી? ક્યાં નથી? એ વાત જો તો ખરા. પણ ક્યાંય તો ક્ષેત્ર નથી એમ થાય કે નહિ? તો પછી પછી શું? જુઓ તો ખરા! જેના ક્ષેત્રનો આવો સ્વભાવ. આહાહા..! એના જાણનારના સ્વભાવની શું વાત કરવી! આ તર્કથી ગમે તેવું કરવા જાય તો નાસ્તિક.. આ ક્ષેત્ર આમ-આમ પછી... પછી... પછી... પછી... પછી... ભલે આવું ભરેલું માને કે ખાલી માને.

**શ્રોતા :-** આમાં કોઈ બનાવટ થઈ શકે એવું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નાસ્તિક પણ શી રીતે કરે? શું છે જુઓને, ભગવાન!

ક્ષેત્રની જ્યાં અમાપતા, અનંતતા, અનંતતા... અનંતતા... અનંતતા... અનંતને અનંત વર્ગે એટલે એક અનંત અને એક અનંતે ગુણો, એને પાછા બીજા અનંતે ગુણો એમ અનંતને અનંત વર્ગે ગુણો તોપણ એનો અંત આવે એવું નથી એવું આકાશ છે. આહાહા..! એમાં લોક તો એક તલમાત્ર અંદર છે, બિંદુ માત્ર, અને એ લોક અને અલોક જ્ઞાનની પર્યાયમાં એક બિંદુ માત્ર છે. ભગવાન! તારો એવો સ્વભાવ છે. એ માટે આ બધા સ્વભાવની વાત ચાલે છે. બીજાના સ્વભાવની ગંભીરતા (છે) તો તારા સ્વભાવની ગંભીરતા (પણ છે). એ ગંભીરતાને જાણનાર તો જ્ઞાન છે ને. એને ખબર છે? એક પ્રદેશથી અહીં ગયો ને ફલાણું થયું ને ઢીંકણું થયું. કાળનું સહવર્તીપણું, પરમાણુને એક પ્રદેશ એટલામાં છે માટે એ પર્યાય

એટલી છે, એ ઉત્પન્ન ધ્વંસી છે, પણ ટકનારું આ છે. એને કાંઈ ખબર છે? આહાહા..! જેને ખબરું છે એને આ કહેવામાં આવે છે. જેને ખબરું પડી છે અંદર એને આ ખબરું.. નહોતું કહ્યું? કે આ કાંઈ અમે જડને નથી કહેતા, તેમ રાગને નથી કહેતા આ વાત. આહાહા..! જાણનારો ભગવાન અંદર ચૈતન્યસ્વરૂપ, એને આ જણાવીએ છીએ. જાણનારને જણાવીએ છીએ. આહાહા..!

દાખલો નહોતો આપ્યો પાણીનો? તૃષા લાગી હોય તો ઘોડાને કહે? બે હજારનો ઘોડો હોય તો? છોડી હોય આઠ વર્ષની તો કહે, બેટા! પાણી લાવ. આહાહા..! ઈ સમજશે. હું કહેવા માગું છું એ સમજશે. આહાહા..! એમ અહીંયાં આચાર્ય કહે છે કે અમે જે કહેવા માગીએ છીએ એ સમજનારને સમજાવીએ છીએ. એ સમજશે. એ સમજી શકશે. ના ન પાડ. ન સમજાય એમ ના ન પાડ. સમજનારને ન સમજાય ત્યારે કોને સમજાય? આહાહા..!

'**સમયમાં પરમાણુ વિશિષ્ટ ગતિપરિણામને લીધે લોકના એક છેડેથી બીજા છેડા સુધી જાય છે ત્યારે (તે પરમાણુ વડે ઓળંગાતા) અસંખ્ય કાળાણુઓ સમયના અસંખ્ય અંશો સિદ્ધ કરતાં નથી,...**' એક સમયના અસંખ્ય ભાગ સિદ્ધ નથી કરતાં. ભલે અસંખ્ય કાળાણુ આમ જાય. એક પરમાણુ આમ જાય. અસંખ્ય કાળાણુ .. પણ એથી એક સમયનો અસંખ્યમો ભાગ થયો આ, આ સમયનો અન્ય ભાગ, બીજા સમયનો અન્ય એમ થયું નથી. આહાહા..! સ્વભાવ છે એ સ્વભાવ છે. સ્વભાવનું અસ્તિત્વ એવડું અને એટલું છે. '**કારણ કે સમય નિરંશ છે.**' એક સમયના બે ભાગ પડતા નથી. એક સમયમાં ભલે આમ અસંખ્ય કાળાણુ આમ ઓળંગ્યા અને આકાશના અસંખ્ય પ્રદેશ ઓળંગ્યા એથી પ્રદેશનો અસંખ્યમો ભાગ પડે છે પ્રદેશમાં? આહાહા..!

'**ભાવાર્થ :- પરમાણુને એક આકાશપ્રદેશેથી બીજા અનંતર આકાશપ્રદેશે...**' અનંતર એટલે આંતરા વિના-બીજો પ્રદેશ, એમ. '**મંદ ગતિથી જતાં જે વખત લાગે તેને સમય કહેવામાં આવે છે. તે સમય કાળદ્રવ્યનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ પર્યાય છે.**' અહીં તો દ્રવ્ય સિદ્ધ કરવું છે ને ત્યારે પહેલી પર્યાય સિદ્ધ કરે છે. જેટલામાં એ પર્યાય એટલામાં એ દ્રવ્ય છે. આહાહા..! એક પ્રદેશથી બીજે પ્રદેશે આકાશના પ્રદેશથી પરમાણુ જાય એટલા સમયને એક સમય કહે છે. તો એ સમયની પર્યાયની સિદ્ધિ એટલામાં થઈ અને એટલામાં એ પર્યાયની સિદ્ધિ થઈ તો પર્યાયનો ધરનાર દ્રવ્ય પણ એટલામાં જ છે. આહાહા..! આવી વાતું છે.

જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમાત્મા, એમાં પણ દિગંબર મુનિ. આ તો કાળને સિદ્ધ કરે છે. શ્વેતાંબર કાળ માનતા નથી. પાંચ દ્રવ્ય માને છે. પાંચ દ્રવ્યની પર્યાયને કાળ કહે. એમ નથી. એમ છે નહિ, બાપુ! એનો અર્થ જ તમારો વ્યવહાર ધર્મ ઉપચાર ધર્મ છે. આહાહા..! ના, ના, એમ છે, હોં! એ જે શબ્દ નીકળે છે એમ જ છે. એમ જ છે. તમારો સાચો ધર્મ

નથી. આહાહા..! ઓહો..! 'અમૃતચંદ્રાચાર્ય' 'કુંદકુંદાચાર્ય' કાળને સિદ્ધ કરીને, એની પર્યાયને સિદ્ધ કરીને દ્રવ્યને સિદ્ધ કરે છે. એક પરમાણુ એક પ્રદેશથી બીજે જાય એમાં એક સમયનું માપ આવે છે કાળનું. તો એ સમય પર્યાય છે. કાળની પર્યાય છે. તો એ કાળની પર્યાય (છે) એટલામાં એ દ્રવ્ય છે. એ પર્યાય દ્રવ્યને સિદ્ધ કરે છે. આહાહા..!

**શ્રોતા :-** જેટલામાં પર્યાય હોય એટલામાં દ્રવ્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલામાં દ્રવ્ય હોય. એટલે એક સમયમાં જ્યારે પર્યાય એટલામાં છે તો એટલામાં કાળનો એક અંશ છે. બે અંશ, ત્રણ અંશ આમ ભેગા થઈને પર્યાય છે એમ છે નહિ. એમ સિદ્ધ કરવું છે. આહાહા..! ન સમજાય પણ સાંભળવા તો દ્યો, સાંભળો તો ખરા. આહાહા..! ભગવાનના માર્ગમાં.. આહાહા..! દિગંબર સંતોએ સ્વભાવના ભંડાર ખુલ્લા મૂક્યા. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**પરમાણુને એક આકાશપ્રદેશેથી બીજા અનંતર આકાશપ્રદેશે મંદ ગતિથી જતાં જે વખત લાગે તેને સમય કહેવામાં આવે છે. તે સમય કાળદ્રવ્યનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ પર્યાય છે.**' નાનો. '**કાળદ્રવ્ય નિત્ય છે;...**' એટલામાં બીજું જે કાયમ ટકનારું છે એ દ્રવ્ય નિત્ય છે. '**સમય ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે.**' એક સમયની પર્યાય ઉત્પન્ન થાય, નષ્ટ થાય. '**જેમ આકાશ પ્રદેશ આકાશદ્રવ્યનો નાનામાં નાનો અંશ છે, તેના ભાગ પડતા નથી,...**' એના ભાગ પડે? આકાશના એક પ્રદેશમાં અનંતા પરમાણુ આવે લ્યો! તેથી આકાશનો એક પરમાણુ જેટલો પ્રદેશ એમાં અનંતા (પરમાણુ) આવે માટે એક પ્રદેશનો અનંતમો ભાગ થઈ ગયો? કોનો? આકાશનો. આકાશના એક પ્રદેશમાં એક પરમાણુ જેટલો પહોળો, એમાં અનંત પરમાણુ આવે તો એક પ્રદેશનો અનંતમો ભાગ થઈ ગયો આકાશનો? આહાહા..! સમજાય એટલું સમજવું સાધારણ માણસને. ભાઈ! અહીં તો જે અધિકાર આવ્યો હોય એનું વર્ણન ચાલે ને? આહાહા..! દુનિયાને ભૂલી જવાની વાત છે અહીં તો. એનો સ્વભાવ શું છે એને યાદ કરવાના વખત છે. પોતાનો સ્વભાવ, હોં!

'**જેમ આકાશપ્રદેશ આકાશદ્રવ્યનો નાનામાં નાનો અંશ છે,...**' પ્રદેશ. '**તેના ભાગ પડતા નથી.**' અનંતા રજકણોનો સ્કંધ એક પ્રદેશમાં આવે એથી પ્રદેશનો અનંતમો ભાગ થાય? પ્રદેશ તો અખંડ સળંગ છે, પૂર્ણ છે, તેના ભાગ પડતા નથી. '**તેમ સમય કાળદ્રવ્યનો નાનામાં નાનો નિરંશ પર્યાય છે,...**' એક પરમાણુ બીજા પ્રદેશે જાય એટલામાં એનું કાળનું માપ આવી જાય છે અને કાળનું માપ એ પર્યાય છે. પર્યાય એ સૂક્ષ્મ પર્યાયનો અંશ છે અને એ પર્યાયનો અંશ જેટલામાં છે એટલામાં ટકતું દ્રવ્ય છે. કારણ કે પર્યાય તો ઉત્પન્ન-ધ્વંસી છે અને ઉત્પન્ન-ધ્વંસી કોને આધારે છે?-વસ્તુ છે એને (આધારે). આહાહા..!

'**જો સમયના ભાગ પડે તો તો પરમાણુ વડે એક સમયમાં ઓળંગાતો જે**

**આકાશપ્રદેશ તેના પણ તેટલા જ ભાગ પડવા જોઈએ.**' સમયના ભાગ જો પડે તો આકાશના પ્રદેશો એક સમયમાં ઘણાં ઓળંગાય છે, તો એ પ્રદેશના ભાગ પડવા જોઈએ. એમ છે નહિ. '**પરંતુ આકાશપ્રદેશ તો નિરંશ છે;...**' એનો અંશ તો નિરંશ છે. આ સમય જેમ નિરંશ છે (તેમ પ્રદેશ પણ નિરંશ છે). '**તેથી સમય પણ નિરંશ જ છે.**' કેટલી વાત કરી છે! આહા..!

'**અહીં પ્રશ્ન થાય છે કે જ્યારે પુદ્ગલ-પરમાણુ શીઘ્ર ગતિ વડે એક સમયમાં લોકના એક છેડેથી બીજે છેડે પહોંચી જાય છે ત્યારે તે ચૌદ રાજુ સુધી આકાશપ્રદેશોમાં શ્રેણીબદ્ધ જેટલા કાળાણુઓ છે તે સર્વને સ્પર્શે છે...**' બધાને સ્પર્શે ખરો કે નહિ? અસંખ્ય કાળાણુને. આહાહા..! અસંખ્ય ચોવીસીના સમય જેટલા આકાશના પ્રદેશો, એટલા કાળાણુને સ્પર્શે. અસંખ્ય ચોવીસીના સમય જેટલા પ્રદેશો, એટલા કાળાણુઓ આમ જાય (ત્યારે) તેટલાને સ્પર્શે. તો ભાગ પડ્યા? એ કાળનો પર્યાયનો અંશ જ એટલો છે. તે અંશના પછી ભાગ હોય નહિ.

'**માટે અસંખ્ય કાળાણુઓને સ્પર્શતો હોવાથી સમયના અસંખ્ય અંશો પડવા જોઈએ. તેનું સમાધાન :- જેવી રીતે અનંત પરમાણુઓનો કોઈ સ્કંધ આકાશના એક પ્રદેશમાં સમાઈ જઈને કદમાં એક પરમાણુ જેવડો જ હોય છે, તે પરમાણુઓના ખાસ પ્રકારના અવગાહ પરિણામને લીધે જ છે;...**' એક પરમાણુના પહોળાઈ જેટલામાં અનંતા પરમાણુનો સ્કંધ આવે. એ તો પરમાણુના પ્રદેશ સમાઈ જાય એ અવગાહ પરિણામની વિશેષતા છે. એથી કરીને એક પ્રદેશના ભાગ પડી ગયા, આકાશના એક પ્રદેશમાં અનંતા પરમાણુ આવ્યા, માટે પ્રદેશના ભાગ પડી ગયા એમ નથી. આહાહા..! એ તો એની અવગાહન શક્તિની તાકાત છે.

'**પરમાણુઓમાં એવી જ કોઈ વિશિષ્ટ પ્રકારના અવગાહપરિણામની શક્તિ છે...**' દેખો, આકાશમાં તો અવગાહન શક્તિ છે, પણ પરમાણુમાં એવી અવગાહન શક્તિ છે. એક રજકણ જેટલો આકાશનો પ્રદેશ, પહોળો એટલો. એક પરમાણુ (રહે પછી) જગ્યા ખાલી નથી ત્યાં. છતાં ત્યાં અનંતા પરમાણુ આવે. આહાહા..! અનંતા બધા સ્થૂળ થઈને સૂક્ષ્મ થઈ જાય તો ત્યાં સમાઈ જાય. જેના ગુણની પર્યાયની સ્વભાવતા એની હદ શું હોય? આહાહા..! જેના ગુણનું તો એકકોર રાખો, પણ એની એક સમયની પર્યાયની વાત છે ને આ અવગાહન ને એ બધી? પરમાણુમાં અવગાહન ગુણની પર્યાય છે એમાં અનંતા પરમાણુ એના કદ પ્રમાણે આવે, છતાં એ પરમાણુનો અનંતમો ભાગ થઈ ગયો એમ નથી. આહાહા..! શું એના...

**શ્રોતા :-** ઉંચાઈમાં વધી જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કાંઈ ઉંચા ન થાય. સ્વભાવની વાતું એવી છે. ત્યાં બીજો પરમાણુ... આહાહા..! એવી વાતું અલૌકિક બાપુ છે.

એના સ્વભાવ-અવગાહન સ્વભાવ પરમાણુનો. એમાં અનંતા આવે કઈ રીતે? એ જેટલામાં છે એટલામાં જ બધા આવી ગયા છે, કદ વધે નહિ. આહાહા..! ઓલામાં આવે છે ને ચૌદ ભેખધારી નહિ? ભદ્રબાહુ સ્વામી રમતાં હતા ને. ચૌદ ગોટીઓ ચડાવી લે આમ. ભદ્રબાહુસ્વામીનો જીવ ગૃહસ્થાશ્રમમાં હતો ને ત્યારે રમતમાં ચૌદ ગોળી આમ ચડાવી દે. ત્યારે એક મુનિ નીકળ્યા. આ પુરુષ જબ્બર છે. આ ચૌદ પૂર્વધારી થાશે એમ લાગે છે. ગોળી ઉપર ગોળી. ગોળી તો ગોળ હોય સરખી. ચૌદ ચડાવીને આમ રમતાં હતા બાળક. મુનિ નીકળ્યા. ભદ્રબાહુના ગુરુ. ઓહો..! આ બાળકની શક્તિ ઘણી. ચૌદ પૂર્વનો ધરનાર થાય. એ ચૌદ પૂર્વ ધરનાર થયા.

**શ્રોતા :-** ગમકગુરુ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ગમકગુરુ. આવે છે ને. ભાવપાહુડ, છેલ્લી લીટી. ભાવપાહુડની છેલ્લી લીટીમાં આવે છે. આહાહા..!

'**પરમાણુઓમાં એવી જ કોઈ વિશિષ્ટ પ્રકારના અવગાહપરિણામની શક્તિ છે તેને લીધે આમ બને છે; તેથી કાંઈ પરમાણુના અનંત અંશ પડતા નથી; તેવી રીતે કોઈ પરમાણુ એક સમયમાં અસંખ્ય કાળાણુઓને ઓળંગીને લોકના એક છેડેથી બીજે છેડે પહોંચી જાય છે, તે પરમાણુના ખાસ પ્રકારના ગતિ પરિણામને લીધે જ છે;...**' એ તો પરમાણુના ગતિ પરિણામને લીધે છે. એથી ત્યાં સમયના ભાગ પડી જાય છે (એમ નથી).

'(**પરમાણુમાં એવી જ કોઈ વિશિષ્ટ પ્રકારના ગતિ પરિણામની શક્તિ છે...**' જોયું! '**તેથી કાંઈ સમયના અસંખ્ય અંશ પડતા નથી.**' આહાહા..! શું સ્વભાવનું વર્ણન! કાળના એક સમયનું વર્ણન, આકાશના એક પ્રદેશનું વર્ણન, પરમાણુના એક કદમાં અનંતા પરમાણુ રહે એનું વર્ણન. આહાહા..! એમ-એક સમય જ્ઞાનની પર્યાયનું અનંતા-અનંતા ગુણોને જાણે એથી એક સમયની પર્યાયના બે ભાગ સમયના છે પર્યાયના? તેમ એ પર્યાય દ્રવ્ય-ગુણને અડતી નથી અને એ પર્યાય લોકાલોકને અડતી નથી. આહાહા..! એના સ્વભાવની શી વાતું!

પોતાનું એટલું સામર્થ્ય છે. એથી એક સમયની પર્યાયના અનંતા પર્યાય થયા એમ નહિ. અનંત અવિભાગ પ્રતિચ્છેદ થાય એ બીજી વાત છે. એક સમયની પર્યાય કેવળજ્ઞાન અનંતા સિદ્ધને જાણે. લ્યો! હવે કેવળજ્ઞાન પણ જેને અનંતુ ત્યાં છે એવા અનંતા કેવળી અહીં જાણે. એથી એક સમયની પર્યાય આમ, પર્યાય બે અને ત્રણ થઈ ગઈ? આહાહા..! આવો

સ્વભાવનો ભંડાર, ભગવાનઆત્મા એને મૂકીને બીજામાં રમવું, અજ્ઞાનપણે રખડવાની રીત છે. આહાહા..! આવા આવા પરમાણુના, કાળના, આકાશના સ્વભાવની અનંતતાની બેહદતા, એ જાણનાર તો જ્ઞાન છે. એના સ્વભાવને જાણવું એને છે? પર્યાયથી. કાળના સમયને છે? કાળાણુને છે? પરમાણુને છે? આકાશને છે? આહાહા..! જાણનારો તો આ છે. એમાં આમ છે ને તેમ છે, આમ થયું ને... આહાહા..! એવો ભગવાન જાણનાર એના અધિકપણા મૂકી દઈને બીજાને અધિકપણે સોંપવું, આત્માનું ખૂન છે. આહાહા..! રાગને અધિકપણે માનવો, પરને અધિકપણે માનવો. **'णाणसहावाधियं मुणदि आदं'** ન આવ્યું? (સમયસાર) ૩૧ ગાથા. **'णाणसहावाधियं मुणदि आदं'**. આવો જ્ઞાન સ્વભાવ તે અધિક અને ભિન્ન અને જુદો અને પૂર્ણ. એનાથી કોઈ અધિક એની સાથે મળે એવી કોઈ ચીજ જ નથી. આહાહા..! અનંતા સિદ્ધ ભગવંતો પણ પર્યાયમાં જણાય એથી પણ આ જાણનારો અધિક-ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ?

સ્વજ્ઞાનની પર્યાયમાં અનંતા સિદ્ધો આદિ જણાય, એથી અનંતગુણા નિગોદો જણાય, એથી અનંતગુણા કાળ જણાય, એથી અનંતગુણા પ્રદેશો જણાય, એથી અનંતગુણા ગુણો જણાય. આહાહા..! છતાં એક સમયની પર્યાય એવા અનંતા અનંતા ગુણોની હયાતીને અડ્યા વિના જાણે, સ્પર્શ્યા વિના જાણે,.. અરે..! એ તે કેવી તાકાત ભાઈ! સમજાણું કાંઈ? ૧૩૯ થઈ.

નીચે લખ્યું છે. **'આકાશમાં પણ અવગાહહેતુત્વગુણને લીધે એવી શક્તિ છે કે તેનો એક પ્રદેશ પણ અનંત પરમાણુઓને અવકાશ દેવાને સમર્થ છે.'** આહાહા..! અવગાહનગુણની એક પર્યાય અનંતા જીવને, પરમાણુને અવગાહ દેવાની તાકાત છે. ધર્માસ્તિકાયના એક ગુણની એક પર્યાય અનંત જીવ, અજીવને ગતિ કરવામાં નિમિત્તરૂપ થવાની તાકાત છે. અધર્માસ્તિની એક ગુણની પર્યાય ગતિ પામેલા સ્થિર થાય એને કારણે એને નિમિત્ત થવાની તાકાત છે. આહાહા..! કાળનો એક સમય અનંતા જીવ અને પુદ્ગલો કેવળી કેવળપણે પરિણમે એવા અનંતા કેવળીઓ કેવળપણે પરિણમે એને એ કાળનો સમય નિમિત્ત છે. આહાહા..! એક પરમાણુ એક સમયમાં અનંતગુણું પરિણમન કરે અને અસંખ્ય (પ્રદેશ) આકાશને ઓળંગે, આખા લોકને, છતાં એ એક સમયની પર્યાયની એટલી તાકાત છે. આહાહા..! એમ જીવની એક સમયની પર્યાય... આ વાત અંદર બેસવી જોઈએ. ભાઈ! આ તો વાત એવી છે. આહાહા..!

આવા બધાને જાણે છતાં એક સમયની પર્યાય એમાં અનંત ભાગ ન પડે. છતાં એ પર્યાય અનંતને જાણતા છતાં અનંતને અનંતમાં જાય નહિ. આહાહા..! અનંતને જાણતા અનંતમાં જાય નહિ અને અનંતને જાણતા એક સમયની પર્યાયના અનંત ભાગ પડે નહિ. પર્યાય તરીકે

ભાગ પડે નહિ. આહાહા..! આવો સ્વભાવનો ભંડાર ભગવાન પોતે પરમાત્મા છે. આહાહા..! આ બધું વર્ણન ભલે આકાશનું, પર્યાયનું, સમયની પર્યાયનું, મંદ ગતિના રજકણનું કે રજકણના સ્કંધનું વર્ણન કર્યું, પણ એ જાણનારો કોણ? આવું આમ છે ને આવું આમ છે (એને) જાણનાર તો જ્ઞાનની પર્યાય છે. આહાહા..! એનું માહાત્મ્ય છે કે ઓલાનું માહાત્મ્ય છે? ગજબ વાત છે!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત સાચી. નિમિત્તથી કથન છે, પણ સમજે છે પોતાથી. આહાહા..! બપોરે ન આવ્યું? મૂઢાત્માઓ વગર કહ્યે સમજતા નથી, તો કહ્યે શી રીતે સમજશે? ‘સમાધિશતક’. આહાહા..! દિગંબર સંતોની એક-એક કડી, એક-એક પદ, આખા શાસ્ત્રની તો શું વાત કરવી! આહાહા..! એવી શક્તિનું વર્ણન.. ક્યાંય ભૂતો ન ભવિષ્યતિ. બીજે એવી વાત છે નહિ. પણ લોકોને એમાં પડ્યા એને પણ ખબર નથી. આહાહા..! ઉપર ટપકે જોઈને માને એ કાંઈ ચાલે નહિ. એના ભાવોની ગંભીરતા, એને જાણનારના ભાવની ગંભીરતા એને જાણ્યા વિના યથાર્થ જણાય નહિ. આહાહા..!

૧૪૦. બહુ સારી વાત આવી છે. આ તો અંદરનો પોકાર છે. આહાહા..! એવી ચીજ છે આ.

**શ્રોતા :-** ૧૩૯ મી ગાથા ફરીથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આવી ગયું. પહેલું આવ્યું એવું ફરીને ન આવે. અહીંયાં આવે છે ને. એ તો પછી એ છોડીને... એમ કહે છે. ... એ તો અસ્તિ-નાસ્તિથી કરી છે વાત. આહાહા..! કાલે પણ વાત તો આવી હતી આવી ઝીણી. .. કરીને કરવું શું? આ. એમ. સમજાવાની શૈલી જે આ છે એ તો આ છે. એ તો કાલે પણ વાત કરી હતી.

આકાશનો અવગાહન એક ગુણ, એવા તો અનંત ગુણ, એની એક સમયની પર્યાય, અનંતા પરમાણુ અને જીવને અવગાહ દેવાની તાકાત રાખે છે. એમ ધર્માસ્તિકાયના એક ગતિગુણની પર્યાય, ગુણ તો ત્રિકાળ છે. ભાષા તો એમ જ આવે. ભાષા તો એમ પણ આવે, ધર્માસ્તિકાય નિમિત્ત છે. એમ આવે. એમ જ આવે ને ભાષા. આહાહા..! એનો વિશિષ્ટ ખાસ ગુણ છે, એની પર્યાય છે એનું વર્ણન કરવું હોય તો એમ જ આવે ને. એ ધર્માસ્તિકાયની એક ગતિત્વની ગુણની એક પર્યાય અનંતા જીવ અને પુદ્ગલ ત્યાં ગતિમાં આવે તો એને પરિણમનમાં નિમિત્ત થાય એટલી તાકાત છે. એમ અધર્માસ્તિમાં એક સમયની પર્યાય ગતિ કરીને સ્થિર થતાં હોય એને કારણે એમાં એને નિમિત્ત થવાની તાકાત છે. આહાહા..! એમ કાળમાં. એક સમયની પર્યાય અનંતા કેવળીઓને, અનંતા સિદ્ધો ને કેવળીઓ લાખો, અનંતા સિદ્ધો આદિ, અનંતા નિગોદ આદિ, એના પરિણમનમાં નિમિત્ત (થવાની) એક સમયની

પર્યાયની તાકાત છે. એમ એક સમયમાં એક પરમાણુ અનંત ગુણની પરિણતિએ પરિણમે એવી તાકાત છે, પર્યાયે અને એક સમયમાં ચાલ્યો જાય, કોઈના ધક્કા વિના, કોઈની પ્રેરણા વિના. આહાહા..!

અમારા દામોદર શેઠ કહેતા, ... જુઓ, આ એક ઠેકાણે અડ્યું નહિ ને બીજે અડ્યું તો પણ ધક્કો ખાય. એમ દાખલો આપે. અહીં એવું છે નહિ. કોઈને અડતું નથી અને ગતિ પોતાથી થઈ રહી છે પરમાણુની. એમ એક સમયનું જ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકને જાણે, અનંતા ગુણનો અંત નથી, આકાશનો અંત નથી એનાથી અનંતગુણા ગુણ શું છે (તેને જાણે). આકાશનો અંત નથી એટલા જે પ્રદેશો, એથી અનંતગુણા ગુણ એક એકના એનો અંત લાવે જ્ઞાનની પર્યાય. આહાહા..! એ વાતું અલૌકિક છે, ભાઈ! વિશેષ કહેવાશે...

(**શ્રોતા** : પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેને શુભની રુચિ છે તેને વિષયની જ રુચિ છે, કારણ કે શુભની રુચિવાળાને તેના ફળમાં પુણ્યની સામગ્રી આવશે ત્યારે તેમાં જ તે રત બનશે, એટલે ખરેખર તો શુભરાગનો પ્રેમી તે વિષયનો જ પ્રેમી છે, પછી ભલેને વર્તમાનમાં રાજ-પાટ આદિ છોડીને દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય. ધર્માત્માને તો પુણ્ય ને તેની સામગ્રી કાળાનાગ જેવી લાગે છે, તેથી તેનાથી છૂટવા તે અંતર્મુખનો જ પ્રયત્ન કરે છે. અસ્થિરતાને લઈને ધર્માત્માને શુભ વિકલ્પ આવે પણ તેને તેની રુચિ હોતી નથી. રાગનું રુચિપૂર્વક સેવન તે આત્મસ્વરૂપની વિરુદ્ધ આચરણ હોવાથી વ્યભિચાર છે. અજ્ઞાનીને રાગનું રુચિપૂર્વક સેવન હોય છે; ધર્માત્માને તો સ્વભાવની જ રુચિ હોય છે. ૯૯૪.**

**- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી સમયસાર કળશટીકા, શ્લોક-૧૪૨
## પ્રવચન નં.૧૩૩, તા.૨૭-૧-૧૯૬૮
## (૧૭)

આ નિર્જરા અધિકાર છે. કળશ પહેલેથી (લઈએ). '**परे इदं ज्ञानं ज्ञानगुणं विना प्राप्तुं कथम् अपि न हि क्षमन्ते**' શું કહે છે? ધર્મ કોને થાય છે? અને સુખરૂપી દશા કોને પ્રગટે છે? જો કોઈ '**શુદ્ધસ્વરૂપ-અનુભવથી ભ્રષ્ટ છે...**' આત્મા શુદ્ધ પવિત્ર છે. પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ છે. શરીર અને કર્મ વિનાની તો ચીજ છે, પણ અંદર જે શુભ અને અશુભ રાગ થાય એનાથી પણ એ ભિન્ન ચીજ છે. એવી વસ્તુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદનું ધામ છે આત્મા. એનો જ્યાં અનુભવ નથી, અંતર શુદ્ધ સ્વરૂપમાં અનુસરીને દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા નથી, એ જીવો ગમે તેટલી ક્રિયા, કષ્ટ કરે તોપણ એને ધર્મ ને મોક્ષ થતો નથી. સમજાણું કાંઈ?

'**શુદ્ધસ્વરૂપ-અનુભવથી ભ્રષ્ટ છે...**' એટલે કે આત્મા તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એ દેહાદિની ક્રિયા કરનાર નથી, તેમ અંદર પુણ્ય-પાપના ભાવ થાય એનો એ કર્તા આત્મસ્વભાવ નથી. એવો એનો સ્વભાવ ચિદ્‌ઘન જ્ઞાનઘન અનાદિઅનંત છે. એનો જેને અંતર અનુભવ નથી, અંતર દૃષ્ટિ નથી, અંતર સ્વરૂપનો આશ્રય નથી, તે જીવો '**इदं ज्ञानं**' '**પૂર્વે જ કહેલ છે સમસ્ત ભેદવિકલ્પથી રહિત જ્ઞાનમાત્ર વસ્તુ તેને...**' એટલે શું કહે છે? જેને ચૈતન્ય આનંદસ્વરૂપ છે એની અંતર દૃષ્ટિ નથી, એનાથી જે ભ્રષ્ટ છે તે '**ભેદવિકલ્પથી રહિત જ્ઞાનમાત્ર વસ્તુ...**' ભગવાનઆત્મા તો જ્ઞાનમાત્ર વસ્તુ છે. ચૈતન્યસૂર્ય છે. સમજાણું કાંઈ?

'**इदं ज्ञानं**' એમ શબ્દ પડ્યો છે. '**इदं ज्ञानं**' આત્મા, આ જ્ઞાન ચૈતન્યપ્રકાશ અને આનંદસ્વરૂપ એ આત્મા છે. એવી વસ્તુ ભેદવિકલ્પથી રહિત છે. ભેદવિકલ્પ એટલે? પુણ્યાદિના રાગથી અને આ આત્મા ગુણી છે અને એમાં જ્ઞાનાદિ ગુણ છે, એવો જે ભેદ, એવા વિકલ્પના રાગ એનાથી પણ રહિત છે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા વસ્તુ છે અને તેમાં જ્ઞાન આનંદ આદિ સ્વભાવ છે, પણ એ સ્વભાવ અને સ્વભાવવાન (એવો) ભેદ એમાં નથી, અભેદ છે, તાદાત્મ્ય છે. આત્મા અને આનંદ અને જ્ઞાન એ તાદાત્મ્ય તદ્‌સ્વરૂપ છે. એવી જે આત્મવસ્તુ તેને, એવી આત્મવસ્તુ તેને. આત્મવસ્તુ એને કીધી. સમજાણું કાંઈ?

'**શુદ્ધસ્વરૂપ-અનુભવશક્તિ વિના...**' શુદ્ધ સ્વરૂપના અનુભવશક્તિ વિના. એટલે શું

કીધું? કે જે જ્ઞાનમાત્ર વસ્તુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા છે તેનો અનુભવ, તેના તરફની દશા ને શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા. '**શુદ્ધસ્વરૂપ-અનુભવ શક્તિ વિના પ્રાપ્ત કરવાને, હજાર ઉપાય કરવામાં આવે તોપણ નિશ્ચયથી સમર્થ થતા નથી.**' ગમે તેટલી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ કરે, લાખ કરે, કરોડ કરે અને આખો દિ' જાણે નવરો ન થાય. નીચે આક્ષેપ કહેશે. આડંબર. આખો દિ' આડંબર. નીચે કહેશે. આ દયા પાળી, ભક્તિ કરી, પૂજા કરી, વ્રત પાળ્યા ને આ કર્યું ને તે કર્યું. એવા વિકલ્પોની ક્રિયા લાખ, કરોડ અને અનંત કરે પણ એને ધર્મ નહિ થાય. કહો, સમજાણું કાંઈ? કારણ કે વિકલ્પ તો રાગ છે. આ કરું, આ દયા પાળુ, આને દુઃખ ન દઉં, આને સુખ દઉં, આ ભક્તિ કરું, આ પૂજા કરું, આ વ્રત પાળુ. એ બધો શુભવિકલ્પ અને રાગ છે. રાગની ક્રિયાથી લાખ રાગ કરે અને કરોડ કરે તોપણ એને ધર્મની પ્રાપ્તિ એનાથી છે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**શુદ્ધસ્વરૂપ-અનુભવશક્તિ વિના...**' જુઓ! અહીં શક્તિ લીધી છે પર્યાયની. '**પ્રાપ્ત કરવાને,...**' '**कथम् अपि**' '**कथम् अपि**' શબ્દ પડ્યો છે. લાખ ઉપાય કરવામાં આવે, કરોડ અને મરી જાય આખો દિ' ક્રિયા કરી કરીને. વ્રત પાળ્યા છે, ભક્તિ કરી, પૂજા કરી, દાન દીધા, દેરાસર કર્યા. સમજાણું કાંઈ? મિચ્છામી દુક્કડમ, જે પાપ લાગ્યા. એ બધી ક્રિયાઓ રાગની છે. એ રાગક્રિયા વડે આત્માની પ્રાપ્તિ અને ધર્મ છે નહિ, એમ કહે છે.

**શ્રોતા :-** બંધ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બંધ છે. કહો, સમજાણું કાંઈ?

'**कथम् अपि**' એમ શબ્દમાં તો પછી હજાર ઉપાય શબ્દ મૂક્યો છે. પણ '**कथम् अपि**' શબ્દે કોઈપણ પ્રકાર. એમ. લાખ ક્રિયા કરે, પુણ્યની ક્રિયા દયા-દાન આદિની કરે... સમજાણું કાંઈ? પણ એનાથી અંતર એને સંવર અને નિર્જરા, સમજાણું? થતાં નથી.

'**કેવું છે જ્ઞાનપદ?**' અહીં સુધી તો આવ્યું હતું કાલે. '**કેવું છે જ્ઞાનપદ? પ્રત્યક્ષપણે સર્વથા પ્રકારે મોક્ષસ્વરૂપ છે.**' ભગવાનઆત્મા જ્ઞાન ચૈતન્યસૂર્ય એ તો મુક્તસ્વરૂપ જ છે. પદ પોતે મુક્તસ્વરૂપ છે. સમજાણું કાંઈ? અને એની પર્યાયની પ્રાપ્તિ થવી શુદ્ધતાની એ પણ મોક્ષસ્વરૂપ જ છે. પદ પોતે મોક્ષસ્વરૂપ છે અને એની રાગ વિનાની પરિણતિ પૂર્ણ પ્રાપ્ત થવી એ પણ મોક્ષસ્વરૂપ, રાગથી મુક્તસ્વરૂપ જ પર્યાય છે એની. સમજાણું કાંઈ?

'**કેવું છે જ્ઞાનપદ? પ્રત્યક્ષપણે સર્વથા પ્રકારે મોક્ષસ્વરૂપ છે.**' ચિદાનંદ જ્ઞાનમૂર્તિ, જેમાં દયા-દાન અને કામનો વિકલ્પ પણ જેમાં નથી એવું જે પદ છે, એવું જે પદ છે, વસ્તુ એવી છે. વસ્તુ જે વસ્તુ આત્મા કહીએ એ ચિદ્‌ઘન આનંદઘન એ પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ તે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ જ છે. એનો આશ્રય કરીને દશા પ્રગટ થાય તેનાથી

પ્રગટ રૂપે મોક્ષદશા થાય. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના ભાવ તો બંધસ્વરૂપ છે, એને આશ્રયે કાંઈ મોક્ષપર્યાય થાય નહિ. ઝીણી વાત ભારે! સમજાણું કાંઈ?

**'પ્રત્યક્ષપણે સર્વથા પ્રકારે મોક્ષસ્વરૂપ છે.'** એ તો ભગવાનઆત્મા ચૈતન્યરત્ન નિર્મળાનંદરત્ન પ્રભુ, એ તો રાગ, મન, શરીરથી ભિન્ન તદ્દન છૂટો છે. એ પરથી છૂટું તત્ત્વ છે. એ છૂટું કહો કે મોક્ષપદ કહો. મોક્ષપદ કહો કે પરથી મુકાયેલો ભાવ સ્વભાવભાવ છે. કહો, સમજાણું કાંઈ? આ રજકણો જેટલી ક્રિયા ઊઠે છે એ એમાં નથી, આ ભાષા, શરીર આદિ અને પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે-રાગ દયા, દાન, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ એ પણ એ સ્વરૂપમાં નથી. એ તો એનાથી ભિન્ન ચૈતન્ય રતન છે. ચૈતન્ય સ્ફટિક રતન. શરીર પ્રમાણે ચૈતન્યદળ, જ્ઞાન અને આનંદનું દળ, સત્ત્વ એ તદ્દન રાગથી મુક્તસ્વરૂપ જ ચૈતન્યપદ છે. આહાહા..! આ શું કહે છે? હેરાન-હેરાન થઈ જાય ને મરી જાય છે ને કહે મુક્તસ્વરૂપ છું. એય..!

કહે છે કે ભાઈ! તારી ચીજમાં, ચીજ જે છે ને એ જ્ઞાનસ્વરૂપ છે-જાણનાર. એ જાણવું એ તો રાગથી ભિન્ન જ તત્ત્વ છે. જાણવું... જાણવું એવો સ્વભાવ એ વસ્તુ-આત્મા અને આનંદ એ વસ્તુ આત્મા, શુદ્ધતા એ વસ્તુ આત્મા. એ અનંત ગુણ શુદ્ધ વસ્તુ એ તો શુદ્ધપણે રાગથી મુક્ત અને ભિન્ન જ છે. એવા સ્વરૂપનો અંતર દૃષ્ટિ કરીને એકાકાર થાય તેને ધર્મ થાય અને તેને મુક્તિ થાય. સમજાણું કાંઈ?

**'વળી કેવું છે? જેટલા ઉપદ્રવ-ક્લેશ છે તે સર્વથી રહિત છે.'** પહેલી અસ્તિ કરી, સાક્ષાત્ મોક્ષ લીધો. હવે નાસ્તિ કરી. પુણ્ય અને પાપના ઉપદ્રવો વિકલ્પો છે એ બધા ઉપદ્રવ સ્વરૂપમાં નથી, વસ્તુ સ્વરૂપ છે એમાં નથી. અનાદિથી પર્યાયમાં દૃષ્ટિ હોવાથી પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ કરે છે, પણ એ વસ્તુ સ્વરૂપમાં નથી. વસ્તુ મોક્ષસ્વરૂપ છે, છૂટું તત્ત્વ છે એટલી અસ્તિ કરી. અને પુણ્ય-પાપના રાગ આમય એટલે રોગ છે બધો. સમજાણું? છે ને? **'निरामयपदं'**. આમય એટલે રોગ થાય છે. નિરામય એટલે નિરોગતા થાય. આમય એટલે રોગ છે. નિરામય એટલે નિરોગ છે. આમય એટલે ઉપદ્રવ છે. નિરામય એટલે નિરુપદ્રવ છે. **'निरामयपदं'**, **'निरामयपदं'** **'साक्षात् मोक्षः निरामयपदं'** સમજાય છે કાંઈ? આ તો ભાઈ, અધ્યાત્મ વાત છે. આ કાંઈ કોઈ ઇતિહાસ વાર્તા નથી કે એમ ને એમ વાંચી જાય ને સમજી જાય.

ભગવાનઆત્મા ચૈતન્યસૂર્ય, ચૈતન્ય સ્ફટિક રત્ન વસ્તુ. ચૈતન્ય સ્ફટિક રત્ન દેહ પ્રમાણે ભિન્ન. પુણ્ય-પાપના ઉપદ્રવના રોગથી પણ એ ભિન્ન છે. પોતે આનંદ અને જ્ઞાનની મૂર્તિ તે સાક્ષાત્ મુક્તસ્વરૂપ છે એ અસ્તિથી વાત કરી, અસ્તિ અને પુણ્ય-પાપના ક્લેશ અને રોગ છે તેનાથી રહિત છે, નિરામય, નાસ્તિ. સમજાણું કાંઈ?

જેમ આ આંગળી આંગળીપણે છે અને આ આંગળી આ આંગળીપણે નથી, આ આંગળીપણે નથી, એમ વસ્તુ ચિદ્‌ઘન, જ્ઞાનની જ્યોત સૂર્ય પ્રભુ પોતે મુક્તસ્વરૂપ છે. પોતાના સ્વરૂપે મુક્ત જ પરથી છૂટો છે, એમ અસ્તિ કરી. પછી કહ્યું કે આ પુણ્ય અને પાપ અને રાગ ને દ્વેષ વિકલ્પો જે થાય છે એ રોગ છે-આમય છે. આમ રોગ છે. આમ નથી થાતો કાચો? શું કહેવાય આ આમ થાય એને? કાચુ કહે છે ને? કાચો આમ. એ રાગાદિ કાચો આમ છે, એનાથી રહિત છે, સમજાણું કાંઈ? આહાહા..! શું વસ્તુ છે એની એણે ખબર કોઈ દિ' કરી નથી. કરો ધર્મ અને કરો .. શું ધૂળ કરે ધર્મ? હજી વસ્તુ સમજ્યા વિના અને વસ્તુ શેમાં થાય અને છે અને શેમાં એકાગ્ર થાવું એની તો ખબર નથી. સમજાણું કાંઈ? રાડ નાખે બિચારા લોકો કે અરરર..! પણ આ બધું ઉથાપે જાય છે. પણ તારે ધર્મ કરવો છે કે નહિ? એની વાત છે અહીં તો.

એ પુણ્ય અને પાપના વિકલ્પથી તો નિરાયમયપદ ભિન્ન પદ છે. જો જુદું ન હોય તો જુદું પડી શકે નહિ. જુદું હોય તે જુદું પડી શકે. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. તો કોઈ દિ' આનંદ અને જ્ઞાનથી રહિત થઈ શકે? કેમકે એ તો તદ્રૂપ છે. સાકરમાં ગળપણ, સફેદાઈ તો તદ્રૂપ છે અને સાકરમાં ઓલો મેલ છે જે દૂધ નાખીને બુરુ કરે છે. બુરુ કહે છે ને બુરુ કરે છે એમ કહે છે. છે તો સારું પણ બુરુ કરે છે એમ કહે છે. ઓલું .. નાખીને સાફ કરે છે ને. એ મેલ છે એ એની જો ચીજ હોય તો જુદી પડે નહિ. સાકર એને કહીએ, સફેદાઈ, મીઠાશનું દળ તેને સાકર કહીએ અને મેલ-આમય રોગ એનાથી રહિત છે. ઓલો મેલ છે ને? દૂધ નાખીને મેલ કાઢે છે. એ મેલથી રહિત છે.

એમ ભગવાનઆત્મા સાકર શબ્દે આનંદ મીઠાશનો પિંડ આત્મા છે. અતીન્દ્રિય આનંદ છે અને સફેદાઈ શબ્દે જ્ઞાન શુદ્ધ ચૈતન્ય છે. એવી વસ્તુ પોતાથી અસ્તિ શુદ્ધ છે. અને ઓલો મેલ-પુણ્ય અને પાપનો વિકલ્પ મેલ એનાથી રહિત છે. સમજાણું કાંઈ? ભગવાન જાણે હું કેવો છું એની ખબર ન મળે. હું કેવો છું, કેમ છું, ક્યાં છું? ભગવાન જાણે. આ બધી ક્રિયા-ક્રિયાના મુંડા વાળે છે અહીં. આડંબર કહેશે નીચે. પાણી ઊના પીવા અને હાથમાં રાખવી ઓલી કોથળી, આ કર્યા ને તે કર્યા ને ચાંદલા કર્યા, મોટો પીળો ચાંદલો કરે ને, મુહપત્તિ બાંધે આમ, બધી જડની ક્રિયા એ તો અને અંદર ભાવ થાય કદાચિત્ રાગ શુભ થાય એ પુણ્ય વિકાર છે. એ ક્યાં આત્મા છે? સમજાણું કાંઈ? આ ભજન ગાય લ્યોને. આવશે, ઈ આવશે હોં! ભજન પણ આવશે આમાં. ભક્તિ આવશે. પંચ પરમેષ્ઠીની ભક્તિ.

કહે છે, અરે..! ભગવાનઆત્મા સાક્ષાત્ ચૈતન્યજ્યોત વસ્તુ (છે), પણ એની એને ખબર નહિ, નજર નહિ, એની સંભાળ કરવાની દરકાર નહિ. સમજાય છે? તે કેવું છે? કે નિરામયપદ

છે. '**વળી કેવું છે?**' '**स्वयं संवेद्यमानं**' છે. જુઓ ભાષા! એ '**પોતાથી આસ્વાદ કરવાયોગ્ય છે.**' ભગવાનઆત્મા .. મૂર્તિ એ જ્ઞાન દ્વારા આસ્વાદ કરવા યોગ્ય છે, સ્વયં પોતા દ્વારા વેદવા યોગ્ય છે, પુણ્ય-પાપના વિકલ્પ અને રાગ ને નિમિત્ત દ્વારા જણાય એવો આત્મા નથી. સમજાણું કાંઈ? આ તો સાદી વાત છે બહુ. ભાવ ઊંચા છે, પણ ભાષા તો સાદી છે. એમાં કાંઈ ન પકડાય એવું નથી, પણ માણસને અભ્યાસ જ ન મળે. મૂળનો અભ્યાસ ન મળે. બાકી બધા થોથા. બરાબર છે ને ગુલાબભાઈ? કેટલાય ચોપડા-થોથા બનાવ્યા હશે એણે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ બનાવે પણ? બને છે કોણ? એ તો જડની પર્યાય છે. રાગ કરે એ વખતે. કહો, સમજાણું કાંઈ? એમ આ શાસ્ત્ર બનાવે, લ્યોને. શાસ્ત્ર એ પાના છે, એ તો જડ છે. એ કોણ બનાવે? રાગ કરે, વિકલ્પ ઊઠે. રાગ છે એ તો બંધનું કારણ છે, દુઃખરૂપ છે. એ વિકલ્પ દુઃખ છે, આત્મા આનંદમૂર્તિ છે, વસ્તુ સાક્ષાત્ મોક્ષ છે એટલે આનંદસ્વરૂપ છે અને આમય રહિત છે એટલે દુઃખથી રહિત છે, એમ કહે છે બીજી ભાષા. સમજાણું કાંઈ?

સાક્ષાત્ મોક્ષ એટલે પ્રત્યક્ષ મોક્ષ જ છે. પ્રત્યક્ષ મોક્ષ, સમજ્યાને? જુઓ, પ્રત્યક્ષ અર્થ કર્યો છે, હોં! '**પ્રત્યક્ષપણે સર્વથા પ્રકારે મોક્ષસ્વરૂપ છે.**' એમ કર્યું છે ને ભાઈએ. સાક્ષાત્‌નો અર્થ પ્રત્યક્ષપણે સર્વથા મોક્ષસ્વરૂપ એમ કીધું છે. એટલે એ તો પ્રત્યક્ષ સ્વરૂપ પ્રત્યક્ષ મોક્ષસ્વરૂપ જ છે. ક્યાં એને નજરે પડે. સાંભળ્યું નથી, અનુમાન કર્યું નથી. કેમ ચીજ હોય એનું અનુમાન કરીને પણ મેળવણી કરી નથી. એને અહીં કહે છે કે પ્રત્યક્ષ છે વસ્તુ. વસ્તુ છે એ તો પ્રત્યક્ષ જ છે. વસ્તુ પ્રત્યક્ષ સાક્ષાત્ પ્રત્યક્ષ છે. સર્વથા પ્રકારે મોક્ષસ્વરૂપ છે. એ બિલકુલ પૂર્ણાનંદ સ્વરૂપ સર્વથા પરથી છૂટો જ છે. સમજાણું કાંઈ?

'**निरामयपदं**' '**જેટલા ઉપદ્રવ...**' છે.. આમય એટલે ઉપદ્રવ. જેટલા ક્લેશ છે એનાથી '**नि**' છે ને? '**नि**' '**निरामयपदं**' જેટલા ક્લેશ છે એ સર્વથી રહિત પદ છે. એવું એ પદ છે ભગવાનઆત્માનું. ઓહોહો..! સમજાણું કાંઈ? '**સ્વયં પોતાથી આસ્વાદ કરવા યોગ્ય છે.**' ભગવાનઆત્મા જ્ઞાનસૂર્ય ચૈતન્ય આનંદ એ પોતાની જ્ઞાન વર્તમાન જ્ઞાન દશા દ્વારા જણાય એવો અને વેદાય એવો છે. રાગ અને પુણ્ય ને વિકલ્પ એમાં નથી. એમાં નથી તેનાથી જણાય એવો નથી. એમાં નથી તેનાથી જણાય એવો નથી. એમાં જ્ઞાન ને આનંદ છે તેની જ્ઞાન અને આનંદની દશા દ્વારા વેદાય એવો છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ધર્મ, આવો ધર્મ. ઓલું તો સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો, અપવાસ કરો, કેટલાય કર્યા હતા, લ્યો. આઠ અપવાસ કર્યા હતા ભાઈએ. તમને ખબર છે? (સંવત) ૧૯૮૭માં

ચોમાસામાં પર્યુષણમાં. પ્રાણભાઈએ અઠ્ઠાઈ કરી હતી. ... ખબર છે કે નહિ? અઠ્ઠાઈ કરી હતી ભાઈએ, લાંઘણું. આત્મા વસ્તુ શું છે એમાં શું કરવું જોઈએ એની ખબર વિના બધી લાંઘણું છે, લાંઘણું. તમે પણ અપવાસ કર્યા છે કે નહિ? પોષા-બોહા, રાત્રે વાતું બહુ કરતાં હતા ઘણી. પોષા કર્યા છે ને ઢીકણું કર્યું છે. રાતે ઘણી વાત કરતાં હતા. બધા પોષા ખોટા હતા. પોષા તો એને કહીએ કે જેમાં આત્મા શુદ્ધ જ્ઞાન આનંદમૂર્તિ છે, એમાં એકાકાર થઈને જેનું પોષણ શુદ્ધતાનું પ્રાપ્ત થાય તેને પોષા કહીએ. રાગ કરે અને દેહની ક્રિયા એ પોષો હતો? એ તો જડ છે. કહો, સમજાણું કાંઈ?

'**स्वयं संवेद्यमानं**' છે. પોતાથી આસ્વાદ કરવાયોગ્ય છે. એ આનંદસ્વરૂપ છે એ અંતરની દશા આનંદ દ્વારા એ આનંદનો અનુભવ થઈ શકે છે. જ્ઞાનની પર્યાય પ્રગટ છે એ પ્રગટ દ્વારા અંતરમાં એનું વેદન થઈને આનંદ દ્વારા વેદી શકાય એવો આત્મા છે. પુણ્ય-પાપનો વિકલ્પ છે એ તો દુઃખરૂપ છે અને દુઃખરૂપ છે અને આત્મા આનંદરૂપ છે, તો દુઃખ દ્વારા વેદાવા યોગ્ય આત્મા નથી. સમજાણું કાંઈ? આમ તો કહે છે ને કે સચ્ચિદાનંદ સ્વરૂપ છે. ભાષા એમ કરે છે લોકો. સત્ ચિદાનંદ-સત્ ચિદાનંદ. ચિદ્, જ્ઞાન અને આનંદ. એવું એનું સ્વરૂપ કાયમનું અસલી શાશ્વત સ્વરૂપ છે. એવી ચીજની પ્રાપ્તિ એની પોતાની વર્તમાન જ્ઞાન અને આનંદ દશા દ્વારા જાણી શકાય અને વેદી શકાય એવી ચીજ છે. એ પુણ્યની ક્રિયા લાખ કરોડ અનંત કરે તો એ રાગ દ્વારા (જણાય એમ નથી), કારણ કે એનામાં નથી. એનામાં નથી, એના દ્વારા જાણીને અનુભવી શકાય નહિ. એનામાં છે તેના દ્વારા જાણી અનુભવી શકાય. આહાહા..! સમજાય છે કાંઈ? કહો, ખેતશીભાઈ!

હવે કહે છે, જુઓ! '**ભાવાર્થ આમ છે કે-જ્ઞાનગુણ જ્ઞાનગુણથી અનુભવયોગ્ય છે,...**' જ્ઞાનગુણ એટલે ત્રિકાળી વસ્તુ, ત્રિકાળી વસ્તુ. અને જ્ઞાનગુણથી અનુભવવા યોગ્ય છે. વર્તમાન જ્ઞાનની અને આનંદની દશા દ્વારા અનુભવ કરવા લાયક છે. સમજાય છે કાંઈ? જ્ઞાનગુણ એટલે ત્રિકાળી વસ્તુ ચૈતન્યબિંબ તે જ્ઞાનના અંતર જ્ઞાનની પર્યાય અનુભવ દ્વારા તે અનુભવવા અને જાણવાલાયક છે, એ સિવાય બીજી ચીજથી જણાય કે અનુભવાય એવી ચીજ છે નહિ.

'**કારણાન્તર દ્વારા જ્ઞાનગુણ ગ્રાહ્ય નથી.**' ભાઈએ સ્પષ્ટ ટીકા એટલી સ્પષ્ટ કરી નાખી છે ને. ભગવાનઆત્મા આમ જ્ઞાન ચૈતન્યસૂર્ય, એના ચૈતન્ય કિરણો, જે જ્ઞાનની વર્તમાન પ્રગટ દશા, એના દ્વારા એ જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ છે એમ જાણી શકાય. કારણાન્તર એટલે?-કે જ્ઞાનની દશા સિવાય દયા, દાન, પુણ્ય-પાપના વિકલ્પ જે અનેરું કારણ છે, એ અનેરા કારણથી જાણી શકાય એવું એ તત્ત્વ નથી. સમજાણું કાંઈ? '**કારણાન્તર...**' એટલે શું કીધું? બીજા કારણોથી, એમ. બીજા કારણ દ્વારા. કારણાન્તર એટલે બીજા કારણ દ્વારા.

ભગવાનઆત્મા અંતરમાં જ્ઞાનની વર્તમાન દશા દ્વારા અંતર જ્ઞાયક થઈને જાણી શકાય. એ સિવાય કારણાન્તર એટલે અનેરું કારણ-શુભ રાગ, દયા, દાન, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ વિકલ્પ છે એ કારણાન્તર, એ બીજા કારણથી તે પ્રાપ્ત થઈ શકે એવી ચીજ નથી. સમજાય છે કે નહિ આમાં? ભાષા તો બહુ સહેલી છે, એમાં કાંઈ બહુ એવી નથી, પણ એ વાત જ અત્યારે (ચાલતી નથી).

વસ્તુ છે એમ સિદ્ધ કરી છે પહેલી. જ્ઞાનગુણ વસ્તુ સિદ્ધ કરી. વિકલ્પ તોડવો... તોડવો એમ નહિ. ભાઈ! જ્ઞાનગુણ વસ્તુ છે, આમ ચિદ્‌ઘન વસ્તુ છે. અસંખ્ય પ્રદેશી શરીર પ્રમાણે વસ્તુ ભિન્ન છે. એ જ્ઞાનગુણ જ્ઞાનપર્યાયરૂપી ભાવ, એના અનુભવીરૂપી પર્યાય ભાવ દ્વારા અનુભવ થવા યોગ્ય છે. રાગ અને વિકલ્પ દ્વારા અનુભવ થવા લાયક નથી. સમજાણું કાંઈ?

પર્યાય સિદ્ધ કરી. પહેલી વસ્તુ સિદ્ધ કરી. ત્રિકાળ વસ્તુ જ્ઞાન શુદ્ધ ચૈતન્ય. હવે એની વર્તમાન દશા જ્ઞાન. એ જ્ઞાનને અંતર વાળવાથી એ જ્ઞાન દ્વારા આત્મા જ્ઞેય થઈ શકે છે અને એનો અનુભવ થઈ શકે છે. એ પર્યાય થઈ. એની દશા જ્ઞાન અને આનંદની પર્યાય એ દ્વારા જાણી શકાય છે. એનામાં છે એની દશા દ્વારા જાણી શકાય છે. એનામાં નથી એવા દયા, દાન, વિકલ્પથી એ જાણી શકાય નહિ. કહો, સમજાણું કાંઈ? એની પોતાની પર્યાય દ્વારા જણાય. સમજાણું? કો'કના દ્વારા જણાય?

હવે કહે છે, જુઓ! '**કેવો છે મિથ્યાદષ્ટિ જીવરાશિ?**' જેની દષ્ટિ મિથ્યાત્વ છે. જેને આત્માની શ્રદ્ધાનો અનુભવ નથી એવા '**कर्मभिः क्लिश्यन्तां**' '**कर्मभिः**' '**વિશુદ્ધ શુભોપયોગરૂપ...**' વિશુદ્ધ શુભ ઉપયોગ. શુભ પરિણામ, શુભ પરિણામ. પાપના પરિણામની તો વાત હિંસા જૂઠુ, ચોરી, વિષય, ભોગ, વાસના એ તો પાપ, એની તો વાત છે જ નહિ. એનાથી તો દુઃખ, દુઃખ ને દુઃખ, પણ એનાથી આત્મા પ્રાપ્ત થાય એવો નથી. હવે કહે છે, વિશુદ્ધ શુદ્ધોપયોગ. એની વ્યાખ્યા. '**कर्मभिः**' એટલે ક્રિયા. કઈ ક્રિયા?-કે વિશુદ્ધ શુદ્ધોપયોગ. કેવી ક્રિયા? '**જિનોક્ત સૂત્રોનું અધ્યયન,...**' અન્ય અજ્ઞાનીએ કહેલા એની વાત તો જુદી રાખો. એ તો કહે છે પાપના પરિણામ. જેને તત્ત્વની ખબર નથી એણે જે કહ્યા તત્ત્વો એ નહિ. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યા તત્ત્વો, એના સૂત્રનું જિનોક્ત સૂત્રોનું અધ્યયન કરે, એ અધ્યયન કરે, વાંચે, વિચારે, સાંભળે એ બધો શુભોપયોગ છે. શુભ ઉપયોગ છે, ધર્મ નહિ.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બોલે એ તો જડ પણ અંદર રાગ થાય એ. બોલે કોણ? એ તો જડ ભાષા બોલે છે, આત્મા બોલે છે? આત્મામાં છે આ જડ? એ તો નહિ પણ અંદર વિકલ્પ જે થાય છે અધ્યયન કરવામાં આ આમ (છે), એ અધ્યયન કરવાનો ભાવ

છે એ શુભ છે, એ કર્મ છે. કર્મ એટલે ક્રિયા છે. રાગની ક્રિયા છે. રાગનું કર્તવ્ય છે એ.

**શ્રોતા :-** કેટલાય ઉપાયો અનંત કર્યા છે તે બધાની આપ ના પાડો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ જુઓ, બધો ખુલાસો.

'**कर्मभिः क्लिश्यन्तां**' બે શબ્દ પડ્યા છે. '**कर्मभिः क्लिश्यन्तां**' '**कर्मभिः**' નામ ક્રિયા. ક્રિયા નામ શુભ ઉપયોગ. શુભ ઉપયોગની વ્યાખ્યા કે શુભ ઉપયોગ કેટલા પ્રકારનો કઈ જાતનો? એક તો જૈન સૂત્રોનું અધ્યયન, વીતરાગે કહેલા શાસ્ત્રનું અધ્યયન કરે એ પણ એક શુભ ઉપયોગ છે, એ કર્મ છે, એ ક્લેશ છે. આહાહા..! એય..! ન્યાલભાઈ! ભાષા જુઓને. '**कर्मभिः क्लिश्यन्तां**' કોઈ પ્રાણી ભગવાનઆત્માના નિજપદને અનુભવ કર્યા વિના અંતરની દૃષ્ટિ અને જ્ઞાનની દશા દ્વારા અનુભવ્યા વિના, આવી ક્રિયા દ્વારા જો અનુભવ કરવા માગે અને એવી ક્રિયા દ્વારા ધર્મ કરવા માગે તો કહે છે કે એ વિશુદ્ધ શુભ ઉપયોગ તે ક્લેશ છે. એવો ક્લેશ કરો તો કરો પણ આત્માને લાભ જરીએ નથી. ભગવાનજીભાઈ! છે કે નહિ? સામે પુસ્તક રાખ્યા છે ને. આ શેનો અર્થ થાય છે એની ખબર પડે કે નહિ અંદર? નામું મેળવશે કે નહિ? આ લખાણ કાંઈ અહીંનું સોનગઢનું નથી.

**શ્રોતા :-** જાણનારને પણ વિકલ્પ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિકલ્પ છે. એ કહે છે, એટલો વિકલ્પ છે એટલું દુઃખ છે એમ જાણ્યું છે. એનાથી ભિન્નની દૃષ્ટિ છે તેટલો ધર્મ છે એમ જાણ્યું છે.

**શ્રોતા :-** છતાં એને પણ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થાય જુદી વાત છે, પણ એનાથી લાભ નથી એમ માને છે. લખતા તો છે જ નહિ, એ તો જડની ક્રિયા છે. વિકલ્પ ઊઠ્યો છે, બસ એટલું; પણ જાણે છે કે આ મારું સ્વરૂપ નથી, મને લાભદાયક નથી, પણ આવે છે નબળાઈને લઈને તેને હેય જાણે છે. હેય જાણે છે અને મારું સ્વરૂપ શુદ્ધ એનાથી રહિત છે એ મારું ઉપાદેય છે. એવી દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? બોલવાનો વિકલ્પ છે એ તો રાગ છે. બોલવાની જડની ક્રિયા છે, એ કાંઈ આત્માની નથી. કેવળીને બોલવાની ક્રિયા છે એ જડની ક્રિયા છે અને એ વિકલ્પ પણ નથી. સર્વજ્ઞ જે છે એને વાણી નીકળે એને કાંઈ વિકલ્પ નથી. પૂર્ણ વીતરાગ છે. વાણી નીકળે છે ધોધમાર જડને કારણે. નીચે છદ્મસ્થ છે એને રાગ છે, વિકલ્પ છે, પણ એ વિકલ્પ છે એ પુણ્યબંધનું કારણ છે. એ વિકલ્પથી આત્માને લાભ થાય કે ઉપદેશ ખુબ કરે અને ઓલો શુભરાગ થાય, એનાથી આત્માને નિર્જરા થાય, ધર્મ થાય એમ ત્રણ કાળમાં નથી. કહો, સમજાણું કાંઈ? હજી તો એક બોલ ચાલ્યો છે.

'**कर्मभिः क्लिश्यन्तां**' બે શબ્દો પડ્યા છે. '**कर्मभिः**' એટલે ક્રિયા. ક્રિયા એટલે શુભોપયોગ. પાછી ભાષા કેવી કરી! '**વિશુદ્ધ શુભોપયોગરૂપ...**' વિશુદ્ધ શુભોપયોગ. કેવા પ્રકારનો?

કે '**જિનોક્ત સૂત્રોનું અધ્યયન,...**' એ પણ બંધનું કારણ છે, વિકલ્પ છે, પુણ્યબંધનું કારણ છે, સંવર-નિર્જરા નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** નબળાઈ એ શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુરુષાર્થની ઊલટી દશા. પુરુષાર્થની ઊલટી દશા એ નબળાઈ, સુલટી દશા સ્વભાવ તરફની એ સબળાઈ. સમજાણું કાંઈ? એક વાત.

'**જીવાદિ દ્રવ્યોના સ્વરૂપનું વારંવાર સ્મરણ,...**' ભગવાને કહ્યા. જીવ આદિ શબ્દ છે ને. એકલા જીવના કહેનારા એ શાસ્ત્ર નહિ. આ તો જીવ આદિ. જીવ, અજીવ આદિ છ દ્રવ્યનું સ્વરૂપ ભગવાને વર્ણવ્યું છે. એના સ્વરૂપનું વારંવાર સ્મરણ થવું એ વિશુદ્ધ શુભ ઉપયોગ, વિશુદ્ધ શુભ ઉપયોગ, એ કર્મ-ક્રિયા છે, એનાથી આત્માને ધર્મ નથી. સમજાણું કાંઈ? બે. જીવ આદિ દ્રવ્યો. એટલે એક જ દ્રવ્ય આત્મા છે એમ કહેનારા હોય એ પણ ખોટા અને એકલું જડ જ કહેનારા હોય એ પણ ખોટા. જીવ અને અજીવ વસ્તુ બે છે જગતમાં. એમાં જીવ છે તે એક દ્રવ્ય છે અને અજીવ છે તેવા પાંચ દ્રવ્ય છે. એમ છ દ્રવ્ય ભગવાને જોયા. એ ભગવાને સર્વજ્ઞે કહેલા એવા છ દ્રવ્યોનું વારંવાર સ્મરણ થાય એ પણ શુભોપયોગ છે, એ ક્રિયા છે, રાગની ક્રિયા છે, એ ધાર્મિક ક્રિયા નહિ. સમજાણું કાંઈ? બે.

ત્રીજું. '**પંચપરમેષ્ઠીની ભક્તિ...**' આવ્યું ભજન હવે. અરિહંત... અરિહંત... અરિહંત... અરિહંત... તીર્થંકર હોં પાછા. એ પરમેશ્વર એમ લીધા. બીજા ખોટાની વાત નથી. અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્મા. અરિહંતનું ભજન, અરિહંતનું ભજન એ વિશુદ્ધ શુભ ઉપયોગ છે. એ સંવર-નિર્જરા નહિ, ધર્મ નહિ. સિદ્ધ ભગવાનનું ભજન, શરીરરહિત સિદ્ધ. અરિહંત છે તો હજી ચાર કર્મ બાકી છે અને ચાર કર્મ ટાળ્યા હોય. પરમાત્મા બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. એ અરિહંત, આ સિદ્ધ ભગવાન. ચોવીસ તીર્થંકરો સિદ્ધ થઈ ગયા. આ અરિહંત હતા શરીર સહિત હતા ત્યારે.. આ એનું ભજન સિદ્ધ ભગવાન પરમાત્મા સાચા સિદ્ધ.. સાચા સિદ્ધ... સિદ્ધપણે થયા ઈ. સાચા અરિહંત અરિહંતપણે વર્તે એ. એનું ભજન શુભ ઉપયોગ શુભરાગ છે, ધર્મ નહિ.

**શ્રોતા :-** સંસારમાં ચારેય ગતિમાં રખડવાનું કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બંધનું કારણ છે. એ વળી પછી. ચારેય ગતિ જુદી વાત છે. અહીં તો બંધનું કારણ છે. શુભ છે ને. એમાંથી કાંઈ એને સમકિતીને શુભ હોય ત્યારે કાંઈ .. ગતિ નથી એને. એને સ્વર્ગાદિ હોય છે. અહીં તો બંધની વાત છે એટલી વાત છે. ચાર ગતિ હોય તો તો સમકિતીને શુભ હોય છે, એ પણ નરકમાં જાય, એમ નહિ. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ છે, આત્માનું ભાન છે, એને શુભભાવ આવે તો સ્વર્ગમાં જાય. એને સ્વર્ગનો બંધ પડે, પણ છે બંધનું કારણ. અંદર જેટલો રાગરહિત આત્માની અંતર શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને એકાગ્રતા છે, બસ! એટલો ધર્મ. સમજાણું કાંઈ? બે. અરિહંતની ભક્તિ. સિદ્ધની ભક્તિ, આચાર્યની ભક્તિ, પોતાના ગુરુ હોય આચાર્ય, ઉપાધ્યાય, સાધુ તેવા પંચ પરમેષ્ઠીમાં ભળેલા એવા, એવા આચાર્ય, ઉપાધ્યાય, સાધુની ભક્તિ, ભજન, અર્પણતા, વિનય એ બધો શુભ ઉપયોગ છે, એ બધો શુભ ઉપયોગ છે, વિશુદ્ધ શુભ ઉપયોગ છે, પુણ્ય બંધનું કારણ છે, સંવર અને નિર્જરારૂપ ધર્મ નહિ. કહો, સમજાણું કાંઈ? છે ને સૌની પાસે પુસ્તક? કેટલા રાખ્યા છે? ૧૧ હજાર તો છાપ્યા હતા. ચંદુભાઈ! કેટલા હતા? ૩૩૦૦ ગુજરાતી? ૪૫૦૦ અહીં ક્યાં એટલા બધા માણસ નથી. સૌના હાથમાં રહે એટલા છે. આહાહા..!

'**પંચપરમેષ્ઠીની ભક્તિ...**' કહો, બધા ઊંચા લીધા છે, ભાઈ! '**જૈનોક્ત સૂત્રોનું અધ્યયન, જીવાદિ દ્રવ્યોના સ્વરૂપનું વારંવાર સ્મરણ, પંચપરમેષ્ઠીની ભક્તિ...**' એ બધા એવો વિશુદ્ધ શુભ ઉપયોગ. એવી વાત લીધી. ભાઈ! પણ એ પણ એક વિકલ્પની વૃત્તિ છે, ભલે શુભ છે, પણ એ ધર્મ નથી. એનાથી રાગથી રહિત ચૈતન્ય દ્રવ્ય સ્વરૂપ શુદ્ધ આનંદસ્વરૂપ, એમાં જેટલી એકાગ્રતા, એમાં જેટલી લીનતા એટલો શુદ્ધ ધર્મ. જ્ઞાનમ્ જ્ઞાનપદં. જ્ઞાનની પર્યાય દ્વારા નિર્મળતા થાય એટલું પદ છે. મોક્ષનો માર્ગ. બાકી રાગાદિ મોક્ષનો માર્ગ ધર્મ-બર્મ છે નહિ. સમજાણું કાંઈ? '**ઇત્યાદિ...**'માં બધું લેવું. સમજાય છે?

'**જે અનેક ક્રિયાભેદ...**' એ ક્રિયા શેનો લીધો? એ કર્મની વ્યાખ્યા કરી. '**कर्मभिः**' વિશુદ્ધ શુભ ઉપયોગરૂપ પરિણામ અનેક ક્રિયાભેદ. '**તે વડે...**' એટલી વાત થઈ. '**कर्मभिः**'ની વ્યાખ્યા કરી એટલી. હવે '**क्लिश्यन्तां**'ની વ્યાખ્યા કરે છે.

**શ્રોતા :-** પાકુ કરવું છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાકુ જોઈએને. ધાબો મારે તો નથી પાકા કરતાં ધાબો? નહિતર પાણી ઉતરે હેઠે. માથે ઓલામાં, નહિ? શું કહેવાય? અગાશીમાં ધાબો નાખે. બહુ પાકો નાખે. નહિતર છેવટે માથે ઓલી નાખે-સીમેન્ટ. સીમેન્ટ પાથરી દે. પાણી પડે નહિ હેઠે. અહીં ધાબુ કાલે નાખતા હતા, જોયું હતું અંદર. ઓરડી છે ને બહાર? એને .. નહિ માટે ધાબો નાખતા લાગે છે. આપણને કાંઈ ખબર નથી. એક બાઈ ધાબતી હતી આમ.

કહે છે, જિનોક્ત-જિનોક્ત-જૈન ઉક્ત-વીતરાગ પરમેશ્વરે કહેલા એવા શાસ્ત્રોનું અધ્યયન કરવું એ શુભ ઉપયોગ છે. શ્રવણ કરવામાં ઉપયોગ એ પણ શુભ ઉપયોગ છે. કહેવામાં વિકલ્પ ઊઠે પણ શુભ ઉપયોગ છે. ભગવાને કહેલા જીવાદિ નવ તત્ત્વો. એક જ આત્મા કહેનારની વાત નહિ, એક જ અજીવ કહેનાર આ વર્તમાન વિજ્ઞાનીઓ, એની વાત નહિ. '**જીવાદિ દ્રવ્યોના સ્વરૂપનું વારંવાર સ્મરણ,...**' વારંવાર છ દ્રવ્યને યાદ કરીને વિકલ્પ

ઊઠે. છે અસ્તિરૂપે છ દ્રવ્ય અને પંચપરમેષ્ઠી સાચા છે. વાસ્તવિક તત્ત્વ છે. એનું પણ સ્મરણ પરદ્રવ્ય છે એ. એની ભક્તિ કરવી, ભજન કરવા, ગુણગ્રામ કરવા એ બધો શુભ ઉપયોગ છે, પુણ્યબંધનું કારણ છે, ધૂળ મળે એનું કારણ છે, આત્મા મળે એનું કારણ એ નથી. એમ કહે છે. સંયોગ મળે, લ્યોને.

'**તે વડે...**' '**क्लिश्यन्तां**' હવે આવ્યું. ક્લેશ કરો તો કરો, '**બહુ આક્ષેપ (આડંબર) કરે છે તો કરો,...**' આડંબર. ઓહોહો..! આક્ષેપ આડંબર કર્યો. આડંબર કર્યો. આક્ષેપ. આડંબર શબ્દ. એટલે? આહાહા..! સૂત્રનું અધ્યયન આખો દિ' આઠ-આઠ, દસ-દસ કલાક. આડંબર જાણે ઓહો બહુ જાણે. એમ જીવાદિ નવ તત્ત્વનો વિચાર. આખો દિ' શાસ્ત્ર અધ્યયન કરે અને વિચાર (કરે). અને ભક્તિ-ભક્તિ, ત્રણ-ત્રણ, ચાર-ચાર કલાક ભગવાનની સામે બેસી અને ઓહોહો..! માળા. માળા ગણે માળા. માળા ફેરવી એક.

એક ભગત હતો મોરબીનો. એ આમ માળા રાખે આમ. આમ રાખે હેઠે. નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એક પારા ઉપર લક્ષ કરીને એક નવકાર (ગણે). પછી બીજે પારે. (એણ) ૧૦૮ (ગણે). અડે નહિ. પારા રાખે આમ. ૧૦૮. નમો અરિહંતાણં... નમો અરિહંતાણં.. બીજે પારે, ત્રીજે પારે, ચોથે પારે, એક એક નોકાર બોલતા જાય. ૧૦૮. મૂળશંકર ભગત હતા. એય..! ઓળખો છો ને? ઓલા ઝવેરીના. ગંગારામ ને? ગંગારામના દીકરા. બધી ખબર છે ને. મૂળશંકર ભગત. ભગત કહેવાતા. ક્રિયા બહુ કરે. અપવાસ કરે અને આ કરે. બહુ ભગત. એનું નામ ભગત કહેવાય. ધૂળેય નથી એમાં, કહે છે. એ તો બધા પુણ્યના ભગત છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદની જ્યોતસ્વરૂપ છે, એની અંતરની સ્વસન્મુખની જે ક્રિયા શુદ્ધતા પ્રગટે તેને ક્રિયા કહેવામાં આવે છે, ધર્મક્રિયા કહેવામાં આવે છે. એ ધાર્મિક ક્રિયા. આવો શુભોપયોગ તે બંધની ક્રિયા છે. રાડ નાખી જાય લોકો. અત્યારે પેલા સાધુએ સંથારો કર્યો છે. આહાહા..! ભગવાન! ભાઈ! તારા રસ્તા નિરાળા છે, પ્રભુ! અરે..! ચોર્યાશીના અવતાર... આહાહા..! એણે જોયું છે ક્યાં? અનંત અનંત અવતાર. આહાહા..!

અજગરે સિંહને ભરડો માર્યો હતો. જોયું ને? જંગલમાં એક અજગર હતો, મોટો અજગર. એમાં સિંહ નીકળ્યો. અજગર મોટો. સિંહને ભરડો માર્યો. અને પછી સિંહ છૂટવા માગે. મોટો અજગર, હોં. અજગર પણ મોટો. અને માણસો.. રેલ નીકળી માણસો જોવે જંગલમાં. અને ઓલો સિંહ આમ.. અહીં ભરડો માર્યો અજગરે. આમ પગ રહી ગયા. પગ આમ રહી ગયા અને મોઢું આમ રહી ગયું એટલે આમ ફરી શકે નહિ, આમ ફરી શકે નહિ. એવો નીચે આઠ-દસ-બાર કલાક સુધી છૂટવા માટે (મથ્યો). ખાડા પડી ગયા, પણ અજગર છોડે? અજગરે ખૂબ ભીંસ મારી તો ભૂક્કો. ભુક્કા હાડકાના ભુક્કા. અજગર મોટો હતો. ઘણાં

માણસોએ જોયેલું. છાપામાં આવ્યું હતું.

એમ અજ્ઞાનીને પુણ્ય-પાપ અને રાગ-દ્વેષ મારા એ મિથ્યાત્વભાવનો ભરડો માર્યો છે. ભીંસાઈ ગયો છે એની એને ખબર નથી. મોટો અનંતબળનો ધણિ. 'નિયમસાર'માં નથી આવતું? મહાપરાક્રમવાળો એવો જીવ પણ એકલો મરે છે. આવે છે ને? 'નિયમસાર'. ૧૦૧ ગાથા. ૧૦૧ ગાથામાં. એમ કે આવો.. જુઓ! **'નિત્ય મરણમાં અને તે ભવ સંબંધી મરણમાં, સહાય વિના વ્યવહારથી (જીવ) એકલો જ મરે છે;...'** **'સર્વ બંધુજનોથી રક્ષણ કરવામાં આવતું હોવા છતાં,...'** મરવા પડ્યો હોય અને બધા બેઠા હોય. બાયડી, છોકરા, કુટુંબ. કહળ્યુ કુટુંબ ભેગુ થાય. વૈદો બોલાવે. એક વૈદ આમ ઊભો રાખે, એક અહીં રાખે, એક અહીં રાખે, એક અહીં. એવા **'સર્વ બંધુજનોથી રક્ષણ કરવામાં આવતું હોવા છતાં પણ, મહાબળ પરાક્રમવાળા જીવનું...'** ભાષા એમ લીધી. મહાબળ પરાક્રમવાળો જીવ છે છતાં એ ભગવાન જીવ **'એકલાનું જ, અનિચ્છિત હોવા છતાં, સ્વયમેવ મરણ થાય છે;...'** ઈચ્છતો નથી છતાં દેહ છૂટી જાય. હાય-હાય. જાવ બીજે રખડવા. કહો, સમજાણું કાંઈ?

જુઓને, તે દિ' યાદ છે ને આ? કેવા? અમુલખભાઈ. અમુલખને? પૂંજાભાઈનો દીકરો અમુલખ. નાનાલાલભાઈ, બેચરભાઈ ને બધા મોટું કુટુંબ. મોટા ગૃહસ્થ. છેટે હતા (સંવત) ૧૯૯૯માં. નવી પરણેલા અને .. વાત. મરવાની તૈયારી. કુટુંબ આખો ખીચોખીચ ભરાઈ ગયેલું. બોલાવો મહારાજને. આંખમાંથી આંસુ ચાલ્યા જાય. બેચરભાઈ, નાનાલાલભાઈ કરોડોપતિ ભાઈઓ. કાકાના દીકરા ઊભા હતા. અરે..! .. આંખમાંથી આંસુડા જાય. બેચરભાઈની આંખમાંથી. હાથમાં ઓલું આપ્યું. મોસંબી ને.. શું કહેવાય? .. એમ કે આપો મહારાજને. પણ .. જાય અંદર. સાધ્ય હતી. ઓરડો ભરાઈ ગયો હતો મોટો. ૧૯૯૯ની વાત છે.

કહે છે કે મહાપરાક્રમ અંદર ભગવાનઆત્મામાં છે, પણ એનું એને ભાન નથી. એવો આત્મા એ પૂર્વના આયુષ્યના પ્રમાણે જ્યાં છૂટ્યો. કહે છે, આટલા બંધુજનોનું રક્ષણ હોવા છતાં એ એકલો મરીને જુદો ચાલ્યો જાય છે, એની સાથે કોઈ આવતું નથી. શરીરનો કટકો પણ આવતો નથી. એકલો શું છું એની ખબર નથી. ભાષા એવી લીધી જોયું! **'મહાબળ પરાક્રમવાળા જીવનું...'** એવો પાઠ છે. સંસ્કૃત છે ને, જુઓને. સમજાણું? **'महाबलपराक्रमस्यैकस्य'** આવો મહાભગવાન ચિદાનંદ અનંત બળનો ધણી છે પણ ભાન નથી. જાવ એકલા. પણ આ બધા પૈસા, આ બધા મકાનો આ બધું કર્યું ને? કોણે કર્યું? તેં કર્યું છે? એ તો એને કારણે આવ્યું છે. તેં આ રાગ અને અજ્ઞાન કર્યો હતો. લઈને ચાલ્યો જા. મોઢા ફાડી રે. એ..એ... રોવે ઓલા. રો તો ક્યાં. રોનારાને કોણ રોવે છે મરનારને. 'રોનારા નથી રે રહેનાર રે..' મરનારને રો છો. તું ક્યાં રહેનારો છો અહીં? ત્રિકાળ તારું તત્ત્વું છે એની તો તને

ખબર નથી. એની દૃષ્ટિ વિના આ બધા ભવો ભવ અને આમ રખડ્યા રખડ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, એ આવા ક્રિયાના આડંબર. આડંબર એટલે સમજાણું? આમ આખું એને.. ઓહોહો..! જાણે કેટલી માળા ગણે! તમારા ઓલા ઉપધાનમાં તો જોયું હશે ને? ઈ તો કર્યું હશે તમે. ૨૦-૨૦ માળા. થડ નીકળી જાય એ તો આખો દિ'. ૪૫ દિ'નું ઉપધાન તપ હોય તો. ભગવાન સામે ઊઠ-બેસ ઊઠ-બેસ કરે. કેટલી ઊઠ-બેસ કરે અને માળા (ગણે).

**શ્રોતા :-** સો ખમાસણા દેવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સો ખમાસણા દેવા. મરી જાય આખો દિ કરી કરીને. તારો શુભરાગ કદાચિત હોય...

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના. શુભભાવ છે ને એ જાતનો. શુભભાવ છે એ જાતનો લ્યોને. આવી ક્રિયામાં શુભભાવ છે. છતાં એ ક્રિયાનો આંડબર છે, એમાં કાંઈ આત્માને કલ્યાણ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

મોક્ષ ઉન્મુખ લીધા છે ને. મોક્ષથી ઉન્મુખ છે એટલે વિરુદ્ધ છે. એવા જીવો પણ આવી ક્રિયા કરો. અને આમાં મોક્ષની સન્મુખ એવું નથી લીધું. પણ એ અર્થમાં લીધું 'જયચંદ્ર પંડિતે' પણ એનો અર્થ મોક્ષ ઉન્મુખ શબ્દ પડ્યો છે ને. આવશે હમણાં. એટલે શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિના ભાન વિના આવા ક્રિયાકાંડના આડંબરો કરો તો કરો, પણ એમાં આત્માને કાંઈ લાભ છે નહિ. કેટલા બિચારા અપવાસ કરે, ત્રણ-ત્રણ અપવાસ, ચાર-ચાર અપવાસ. વળી એને કહે કે ત્રણ અપવાસ ઉપર સવારમાં પારણા પહેલાં એક પહોર ચડાવશો તો ૨૫ અપવાસનો ફાળ. ચાલો બાપા, એક પહોર ચડાવીએ. ધૂળમાંય લાભ નથી સાંભળને હવે. ભારે આકરું. ન્યાલભાઈ! અપાસરામાં રહેવા ન દે, હોં! શેઠ ખોટા થઈ ગયા. શેઠ ફરી ગયા.

ભાઈ! તું ચૈતન્ય જ્યોત છો ને. વીતરાગીમૂર્તિ તારી ચીજ છે. વીતરાગી એટલે કે જેમાં આ શુભ-અશુભ પરિણામ છે નહિ. એવા આત્માની અંતર દૃષ્ટિ અને એકાગ્રતા એ મોક્ષનું કારણ અને ધર્મ છે. આવા શુભ ઉપયોગના પરિણામ ક્લેશ કરો (તો કરો). ભાષા શું કરી છે? એ ક્લેશ કીધું છે. ક્લેશની વ્યાખ્યા આડંબર કરે તો કરો. નહિતર તો એમ કહે છે કે શુભ ઉપયોગ એ ક્લેશ છે, એમ કહે છે. આહાહા..! એ શુભ ઉપયોગ પણ દુઃખ છે, એમ કહે છે. ભગવાન આનંદમૂર્તિ એ આ દુઃખના પરિણામ દ્વારા પ્રાપ્ત થાય? આહાહા..! (પહેલાં કહી ગયા) નિરાયમપદં. એ દુઃખના પરિણામથી તો ભગવાન રહિત છે વસ્તુ. સમજાણું કાંઈ?

**'બહુ આક્ષેપ...'** આક્ષેપ એનો હળવો શબ્દ જાણે કરી નાખ્યો. કહેવાનો આશય શું?

કે આખો દિ' આમ કરું... આમ કરું... આ કરું... કર્યા કરે. નવરો ન મળે. બીજા એમ જાણે કે ઓહોહો..! શું પણ ધાર્મિક કામમાં પરોવાય છે! એણે આખો દિ' ધાર્મિક કામમાં જ પરોવાણો છે એનો આત્મા. ...ભાઈ! સવારથી તે સાંજ સુધી. કાં તો કાંઈક વાંચે, કાં માળા ગણું, કાં આ ગણું. હું કોણ છું અંદર અને કોણ એ તો સાંભળ્યું નથી અને એની ઉપર દૃષ્ટિ નથી જેની. કહો, કામદાર! ભુક્કો ઉડાડે છે આ બધું. એવી ક્રિયાને અહીંયાં ક્લેશ કીધો છે, ક્લેશ. શેની?

'**જિનોક્ત સૂત્રોનું અધ્યયન, જીવાદિ દ્રવ્યોના સ્વરૂપનું વારંવાર સ્મરણ, પંચપરમેષ્ઠીની ભક્તિ ઈત્યાદિ...**' એને ક્લેશ કહેવામાં આવે છે. '**તથાપિ...**' કહે છે, આવું કરો તોપણ. જોયું! '**તથાપિ શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થશે તે તો શુદ્ધ જ્ઞાન વડે થશે.**' જ્યારે જ્યારે થશે ત્યારે તેનાથી નહિ પણ અંદર શુદ્ધ ચૈતન્ય ઉપર દૃષ્ટિ આપતા શુદ્ધથી થશે. સમજાણું કાંઈ? આ શું કીધું? વળી કોઈ કહે કે પહેલું આમ કરતાં પછી થશે. આ શુભરાગ આવો કરીને પછી થશે, એને લઈને થશે. જ્યારે કરશો ત્યારે એના શુદ્ધપણાથી થાશે, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**તથાપિ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થશે તે તો શુદ્ધજ્ઞાન વડે થશે.**' શું કીધું આમાં? મહા સિદ્ધાંત મૂક્યો છે આખો. એ રાગની ક્રિયા છે માટે હળવે-હળવે થશે, પછી થશે, ભવિષ્યમાં થશે, હમણાં આપણે આવું કરીશું તો હળવે-હળવે પછી એના સંસ્કાર રહેશે તો થશે. કહે છે, ના. જ્યારે થશે ત્યારે શુદ્ધ જ્ઞાન. એ રાગરહિત ચિદાનંદ સ્વરૂપનું અંતર જ્ઞાન કરીને આત્માની પ્રાપ્તિ થશે. એ વડે તો કોઈ દિ' થશે નહિ. વ્યવહાર વડે કોઈ દિ' નિશ્ચય નહિ થાય એમ કહે છે. જોકે એને વ્યવહાર કહેવાય નહિ. તોપણ કોઈક એમ કહે કે આ વ્યવહાર કરતાં-કરતાં થાશે. આવો શુભોપયોગ ભક્તિ ખુબ કરીએ, જિનોક્ત અધ્યયન ખુબ કરીએ. સમજાય છે? છ દ્રવ્યનો ખુબ અભ્યાસ (કરીએ) અને છ દ્રવ્ય બરાબર યાદ કરે. માટે એમ કરતાં-કરતાં સંસ્કાર પડી જશે અને થશે, ના. જ્યારે થશે ત્યારે અંદર જ્ઞાનની સીધી દૃષ્ટિ અને જ્ઞાન દ્વારા સમજાશે. આ દ્વારા સમજાશે નહિ. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

ત્યારે હવે આ કરવું શું કરવા વચમાં? કોઈ કહે. ભાઈ! એ આવે છે જુદી વાત છે. આવે ખરું. પૂર્ણ વીતરાગ ન થાય ત્યારે એવો શુભભાવ આવે ખરો, પણ એ બંધનું કારણ છે એમ જાણીને આવે છે, એ સ્વરૂપને લાભદાયક છે એમ ધારીને આવતો નથી. આમ વાત છે. અંદર ઠરી શકે નહિ એટલે અશુભથી બચવા એવો શુભભાવ આવે, પણ આવે છતાં એનાથી સંવર ને નિર્જરા (થાય) અને સંવર-નિર્જરાને ટેકો આપે છે જરીએ, એમ નથી. કહો, સમજાય છે કાંઈ? છોટાભાઈ! આ તમારા ચિરંજીવીને બેસશે કે નહિ આ બધું?

બેસશે? જુઓ! આવો માર્ગ છે આ. છે ને એમાં પુસ્તક છે કે નહિ? એમાં છે ને લખાણ છે, જુઓ! અત્યારના તો ઓલા રાડ નાખે કે અરર..! હાય-હાય આ તો બધું એકાંત થઈ જાય છે. હવે સાંભળને એકાંતની તને શી ખબર? એ એકાંત જ છે ઈ. શુદ્ધ તરફનું વલણ થવું તે સમ્યક્ એકાંત છે. પછી રાગ કેટલો તેનું જ્ઞાન થવું તે અનેકાંત એનું નામ છે. સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? સમ્યક્ એકાંત થયા વિના અનેકાંતનું જ્ઞાન યથાર્થ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

એક આવ્યું છે આપણે. ઓલો ટૂકડો નહિ? 'શ્રીમદ્'નો. એમાં અર્થ કર્યો હતો એક કલાક વ્યાખ્યાન વવાણિયા. ભગવાન ચૈતન્ય જ્યોત સૂર્ય છે અને અનંત શાંતરસ અને આનંદનું દળ છે, પિંડ છે. જેમ રવો છે ને એ ગળપણનો પિંડનો રવો છે. એમ ભગવાનઆત્મા... ઓલી રૂપી ચીજ છે, આ અરૂપી છે. અરૂપી પણ વસ્તુ છે ને. મહાન વસ્તુ છે, એ તો મહાન વસ્તુ છે. એ બીજી ચીજને પણ જાણનારો અને બીજી ચીજ છે એની હયાતીનો કહેનારો આત્મા છે. જડની હયાતીને જડ ક્યાં કહે છે કે અમે હયાતીવાળા તત્ત્વ આ જડ છીએ. બીજાની હયાતીનું જ્ઞાન કરનારું અને હયાતીનો સ્વીકાર કરનારો પણ એ જ્ઞાન આત્મા છે. સમજાણું કાંઈ?

એવો ભગવાન ચૈતન્યપ્રકાશની મૂર્તિ, એની પ્રાપ્તિ જ્યારે થાય છે ત્યારે સીધી જ્ઞાનદશા દ્વારા પ્રાપ્ત થાય છે. અને આવા પરિણામ દ્વારા હળવો થયો માટે પ્રાપ્ત થયું ને આમ થયું, શાસ્ત્રનું બહુ અધ્યયન કર્યું માટે પ્રાપ્ત થયું, ભગવાનની બહુ ભક્તિ કરી માટે પ્રાપ્ત થયું એમ નથી. બહુ આકરું માણસને લાગે. અરે..! મોહનભાઈ! છે કે નહિ એમાં? એમ ને એમ સમજાય (નહિ એવા) આ પુસ્તક ગંભીર પુસ્તક છે. એની મેળાએ એમાં વાંચો તો કાંઈ પકડાય નહિ, એમાં શું કહે છે એ. તુંબડીમાં કાંકરા જેવું લાગે છે. ખરું કે નહિ? ભાઈ કહે છે. લ્યો, આ હોશિયાર માણસ પણ એમ કહે છે. આ તો સાહિત્યકાર. વસ્તુ એવી છે ને. આ તો અંતરની વસ્તુ છે ને. આહાહા..!

**'શુદ્ધ જ્ઞાન વડે થશે.'** શું કીધું? શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થશે ત્યારે એ બધા આડંબરની ક્રિયા વિનાની જ્ઞાનની ક્રિયા દ્વારા પ્રાપ્ત થશે. એમ કહે છે. કહો, બરાબર છે? આહાહા..! **'કેવાં છે કરતૂત અર્થાત્ ક્રિયાભેદ?'** શું કહે છે? એ શુભ ઉપયોગના જે ક્રિયાભેદ કીધા ને? શુભ ઉપયોગના પ્રકાર? જિનોક્ત અધ્યયન, છ દ્રવ્યનો વિચાર જીવાદિનો, પંચપરમેષ્ઠીની ભક્તિ એ **'स्वयम् एव' 'સહજપણે કષ્ટસાધ્ય છે...'** એટલે સ્વયમેવ પોતે દુઃખરૂપ છે એમ કહે છે. એ પરિણામ પોતે દુઃખરૂપ છે. આહાહા..! **'दुष्करतैः' 'કષ્ટસાધ્ય છે. ભાવાર્થ આમ છે કે-જેટલી ક્રિયા છે તે બધી દુઃખાત્મક છે,...'** આ રળવાના, ભોગના ભાવ એ તો બધા દુઃખરૂપ છે, પણ આ વિશુદ્ધ શુભ ઉપયોગ જે આ (કહ્યા) એ દુઃખરૂપ

છે, આકુળતા રાગ છે-દુઃખ છે, આનંદ ભગવાનઆત્માના આનંદનું સ્વરૂપ એ નથી. આહાહા..! સમજાણું કાંઈ? કષ્ટ સાધ્ય એટલે કે એમાં તો દુઃખ જ સાધ્ય છે, દુઃખ જ ધ્યેય છે. એમાં આત્મા-બાત્મા નથી. આહાહા..!

'**કષ્ટસાધ્ય છે.**' દુઃખરૂપ છે. એ પરિણામ જ દુઃખરૂપ છે. રાડ નાખે ને માણસ, એય..! હાય-હાય જાશો ક્યાં? બધી ચર્ચા થઈ ગઈ છે ને બધા સાથે. સામા જવાબ આપે એને એ. સાધન-ફાધન નથી. સાંભળને હવે. દુઃખના પરિણામ આનંદના પરિણામનું સાધન થાય? કે એનો અભાવ કરે તો સાધન થાય? એ તો નિમિત્ત સાધનનો વ્યવહાર કથન કરવામાં આવે છે. અરે..! ભગવાન શું કરે? દુનિયા આંધળી અને આંધળા બતાવનારા.

**શ્રોતા :-** જે લોહીમાં હોય તેને જતા વાર લાગે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેઠ એમ કહે છે કે પહેલેથી લોહીમાં ગરી ગયું હોય એ નીકળવું ભારે કઠણ. સંપ્રદાયની ગંધ ગરી ગઈ હોય ને. એનો દાખલો આપીએ છીએ આપણે. કાચનો હોય છે ને શીશો? કાચનો શીશો. નીચે ઓલું હોય ને અંદર? ટોપકાવાળો. હવે ઘાસતેલ ભર્યું હોય એ ઘાસતેલ તો કાઢી નાખે તોપણ ગંધ ન જાય અંદરમાંથી. એ ક્યારે ગંધ જાય? કે અંદર તેજાબ નાખી, લૂગડું નાખી અને લોઢાનો સરીયો નાખીને આમ ફેરવે ત્યારે ગંધ જાય. નથી થતાં ઓલા સીસા અંદર. દાટો હોય ને અંદર આમ. હવે એમાં અંદરમાં ઘાસતેલ તો કાઢી નાખ્યું હોય, પણ થોડું એવી ગંધ રહી જાય.

એમ આ સંપ્રદાયની દૃષ્ટિમાં આ પહેલાં પોષાણું હોય, લોહીમાં પોષાણું હોય એમ કહે છે શેઠ. એને નીકળવું કઠણ પડે એમ કહે છે. કેમ ન્યાલભાઈ! ૩૦-૩૦, ૩૫-૩૫ વર્ષથી તો રસ ખાતા નથી, લીલોતરી ખાતા નથી. આ ભુરાભાઈના કાકા. ભુરાભાઈ પાસે કેટલા લાખ રૂપિયા. ૨૦ લાખ તો પોતે મૂકી ગયા. અત્યારે તો બહુ વધી ગયા રૂપિયા છોકરાઓ પાસે. પાંચ-પાંચ લાખની તો પેદાશ પોતાની છે છોકરાઓને. કહો, હવે એ પોતે શેઠિયા ત્યાં હતા. ગંધ ગરી ગઈ હોય લોહીમાં. લોહીમાં સમજાણું? ઉપર હોય તો ઠીક, પણ અંદર લોહીમાં રજકણ ગરી ગયા મારા. ઉપરછલ્લા નહિ. એમ કહે છે. આહાહા..!

**શ્રોતા :-** આડાની..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. આવે છે એ. શ્રાવક કેવા હોય? .. જેને રંગ લાગ્યો છે. શેનો પણ? સાચાનો હોય. આ તો ખોટો રંગ લાગ્યો છે. સમજાણું કાંઈ? એની વ્યાખ્યા હજી કરશે કે દુઃખરૂપ ક્રિયા કેવી છે એ વિશેષ કહેશે....

(**શ્રોતા :** પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્રી સમયસાર, શ્લોક-૧૨૬
# પ્રવચન નં.૨૬૭, તા.૫-૭-૧૯૬૭
# (૧૮)

આ 'સમયસાર' સંવર અધિકાર. સંવર ભેદજ્ઞાનથી થાય છે. ભાવાર્થ છે, જુઓ! આ આત્મા છે એ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. આત્મા છે ને ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની પ્રભુએ આત્માને જ્ઞાનસ્વરૂપ જોયો છે અને બીજા જે શુભ-અશુભ રાગ થાય, શુભ-અશુભ વિકાર રાગ, એને તો ભગવાને વિકાર અને આસ્રવતત્ત્વ તરીકે જડ જોયું છે. જોયું છે. એ કહેશે અંદર. ચૈતન્યથી વિરૂદ્ધ માટે જડ. એમ. આત્મા અંદર જ્ઞાનની મૂર્તિ ચૈતન્યસૂર્ય છે.

'**જ્ઞાન તો ચેતનાસ્વરૂપ છે અને રાગાદિક પુદ્ગલવિકાર હોવાથી જડ છે;...**' અહીં ચેતનાથી વિરૂદ્ધ કહેવું છે ને આમ? પુણ્ય-પાપના ભાવ થાય છે એ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપથી વિરૂદ્ધ ભાવ છે, એથી તે જડ છે. બેને જુદા પાડીને ચૈતન્યનો અનુભવ કરવો એનું નામ આત્મધર્મ અને એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એક જ પદે બે વાત કરી કે ભગવાનઆત્મા એ જાણનાર... જાણનાર... જાણનાર.. ચૈતન્ય સ્વભાવ છે એનો અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ એ તો પુદ્ગલવિકાર. એથી ચૈતન્યના જ્ઞાનસ્વભાવમાં એ જડ રીતે જણાય છે. એ કાંઈ એના છે એમ છે નહિ. એના છે એમ માને છે ત્યાં સુધી અજ્ઞાન અને મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

જુઓ, '**પરંતુ અજ્ઞાનથી,...**' આમ હોવા છતાં. ભગવાનઆત્મા તો ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ આનંદ અને જ્ઞાન છે અને એનાથી વિરૂદ્ધ, આ દેહાદિ તો જડ છે, માટી-ધૂળ છે આ તો, પણ અંદરમાં શુભ અને અશુભ રાગ (થાય છે) એની અહીંયાં તો વહેંચણીની વાત છે. જે વસ્તુ છે એ જાણક... જાણક સ્વભાવથી ભરેલો પદાર્થ છે. એનાથી ઉત્પન્ન બહિર્બુદ્ધિએ શુભ-અશુભ રાગ થાય છે એ ચૈતન્યના સ્વભાવથી વિરૂદ્ધ છે, એ જડ છે. એ જડથી પૃથક્ કરીને ચૈતન્યસ્વરૂપ હું આનંદ અને જ્ઞાન છું એમ અંતરમાં દૃષ્ટિ કરીને અનુભવવું, એનું નામ સમ્યગ્દર્શન ભેદજ્ઞાન અને સંવર કહેવામાં આવે છે. રાજમલજી! ઝીણી વાત બહુ.

**શ્રોતા :-** ચોખ્ખી આ તો છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોખ્ખી વાત જ આમાં ચોખ્ખી વાત છે કે નહિ? આમ જ્ઞાન જાણે છે. જેની હયાતીમાં જાણવું ભરેલું છે એ જાણવાવાળું જે તત્ત્વ એ આત્મા અને

એનાથી (વિરૂદ્ધ) જાણવાવાળું નહિ એવા પુણ્ય-પાપના ભાવ એ કાંઈ જાણી શકતા નથી. પોતાને જાણે નહિ, આત્માને જાણતા નથી. શુભ-અશુભ રાગ જે વિકલ્પ પુણ્ય-પાપના ભાવ એ વિકાર છે. એથી અહીંયાં પુદ્‌ગલ વિકાર કીધો. કેમકે ચૈતન્યથી વિરૂદ્ધ છે એથી ચૈતન્યનો વિકાર્ય એટલે કાર્ય નહિ, પુદ્‌ગલનો વિકાર છે એ જડ છે.

'**પરંતુ અજ્ઞાનથી,...**' સ્વરૂપ ચૈતન્ય કોણ છું એને અનંત કાળથી ભાન નથી. હું કોણ છું અને ક્યાં છું અને કેમ છું એની એને ખબર નથી. સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની, એના જ્ઞાનમાં ત્રણ કાળ જણાણા. એમાં એમ કહ્યું કે ભાઈ! તું કોણ છો એવું તને અનંત કાળમાં જ્ઞાન થયું નથી. તું ચૈતન્ય છો, ભાઈ! જ્ઞાનસ્વરૂપ છો ને. જે જ્ઞાન ધીરું રહેલું શાશ્વત છે. શાશ્વત છે એમ ને એમ ધીર... ધીર... ધીર... શાશ્વત સત્ એવો ચૈતન્ય સ્વભાવ તે આત્મા. એનાથી પુણ્ય-પાપના વિકલ્પો રાગ છે તે ચૈતન્યનો વિકાર ન કહેતા અહીં પુદ્‌ગલનો વિકાર કીધો. કારણ કે આનું વિશેષ સ્વરૂપ નથી, એથી એ ચૈતન્યનો સ્વભાવ નહિ. એથી પુણ્ય અને પાપના ભાવ બે વિકાર અને જડ છે.

'**પરંતુ અજ્ઞાનથી, જાણે કે જ્ઞાન પણ રાગાદિરૂપ થઈ ગયું હોય...**' લ્યો! પણ જેને અનાદિથી જ્ઞાન ભગવાનઆત્મા અને રાગ જડ, બેય જાણે એકરૂપ થઈ ગયા હોય એટલે કે જ્ઞાન જ જાણે રાગરૂપ થઈ ગયું હોય એમ અજ્ઞાનમાં અનાદિથી ભાસે છે. બહુ ઝીણું. કહે છે, '**અજ્ઞાનથી, જાણે કે જ્ઞાન પણ રાગાદિરૂપ થઈ ગયું હોય એમ ભાસે છે અર્થાત્...**' એની વ્યાખ્યા કરી. '**જ્ઞાન અને રાગાદિક બન્ને એકરૂપ-જડરૂપ ભાસે છે.**' એમ કહે છે. જડરૂપ એટલે રાગ તે જ હું એમ ભાસે છે. રાગ, પુણ્ય-પાપના ભાવ, એનાથી ચૈતન્ય ભિન્ન (છે) એમ ન ભાસતાં એ પુણ્ય-પાપના ભાવ (પોતાના ભાસે છે). પર્યાયની લક્ષ-બુદ્ધિ પર ઉપર ગઈ છે. એટલે એને અંતર સ્વરૂપ ચૈતન્યની સત્તાની ખબર નહિ એટલે પુણ્ય-પાપના રાગ તે હું છું, એ જ્ઞાન તે જ અચેતન વિકારરૂપ છું એમ ભાસે છે. કહો, સમજાણું કાંઈ?

વસ્તુ જ્ઞાનસ્વરૂપ પ્રભુ ચૈતન્યસૂર્ય, એનું કિરણ તો... સૂર્યનું કિરણ તો ધોળું જ નીકળે. પ્રકાશ હોય. અંધકાર કાંઈ સૂર્યનો પ્રકાશ છે? એમ આત્મા જ્ઞાનમૂર્તિ આત્મા છે, ચૈતન્યસૂર્ય છે. એનું કિરણ નીકળે એ તો પ્રકાશરૂપ હોય. રાગ તો અંધકારરૂપ છે. એથી અંધકાર રાગને જડપણું છે. એને અને આત્માને એકપણું છે એમ જે અજ્ઞાનથી ભાસે છે, એથી જાણે હું જડ જ હોઉં, એટલે હું રાગ જ હોઉં, એમ. હું એ પુણ્ય-પાપના બહિર્મુખે થયેલી શક્તિઓ-વિકાર તે જ છું એમ જડરૂપ ભાસે છે એને અજ્ઞાન અને મિથ્યાત્વદૃષ્ટિ કહેવામાં આવે છે, વીતરાગ ભગવાને કહેલા તત્ત્વની એને ખબર નથી. કહો, સમજાણું કાંઈ?

'**જ્યારે અંતરંગમાં જ્ઞાન અને રાગાદિનો ભેદ પાડવાનો તીવ્ર અભ્યાસ કરવાથી...**'

દેખો! પણ ભગવાનઆત્મા ચૈતન્યનો સ્વભાવનો સમુદ્ર છે અને પુણ્ય-પાપના રાગાદિ ભાવ તે જડ અને અચેતન છે. એ બેને અંતરમાં જુદાં પાડવાનો તીવ્ર અભ્યાસ કરતાં... ‘**ભેદ પાડવાનો તીવ્ર અભ્યાસ...**’ જુઓ! આ એક અભ્યાસ. શું કરવું? કે શુભ-અશુભ રાગ અને ચૈતન્ય સ્વભાવ બે જુદાં છે એમ ભેદ પાડવાનો અભ્યાસ કરવો એ આત્માને પ્રાપ્ત થવાનો ઉપાય છે. કહો, સમજાણું આમાં? કોઈ દિ’ પણ માથુ ઊંચું જ કર્યું નથી. એમ ને એમ આંધળે આંધળો ચાલ્યો જ ગયો છે.

જુઓને, એને અજ્ઞાનથી તે હું છું એમ ભાસે. એટલે હું છું એનો અર્થ કર્યો કે હું જડ છું એમ. જ્ઞાન જ જાણે જડ ભાસે છે, એમ. એનો જાણનાર આમ જુદો ન રહેતા અજ્ઞાનમાં એ રાગને જ ભાસે છે. રાગની સત્તા જ્ઞાનમાં ભાસે છે એમ ન રહ્યું, રાગની સત્તા ભાસે છે તે જ હું છું. સમજાણું કાંઈ? કહો, પ્રવિણભાઈ! ભારે વાત! આવો અભ્યાસ કરવો?

કહે છે, ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વરને જે કેવળજ્ઞાન થયું પરમેશ્વરને, એ કેવળજ્ઞાન આવ્યું ક્યાંથી? રાગમાંથી આવ્યું? ભગવાન આમ ચૈતન્યસ્વભાવ છે એ શક્તિનું આખી શક્તિ, શક્તિ એટલે સત્ત્વ, જ્ઞાનનું સત્ત્વ આખો આત્મા. એમાં કેવળજ્ઞાનની શક્તિ પડેલી છે. એમાં અંતર એકાગ્ર કરવાથી અને રાગથી ભિન્ન કરવાથી કેવળજ્ઞાન થયું છે. કે રાગને પોતાનો માનીને, રાગને ભેગો રાખીને કેવળજ્ઞાન થાતું હશે? કહો, પણ શું પરમેશ્વર કહે છે એની એને ખબર ન મળે. એ તો વાડામાં પડ્યા અને આંધળી દોડે જે કાંઈ કરીએ એમાં આમ કરતાં-કરતાં કાંઈક થઈ જશે. ધૂળેય નહિ થાય, સાંભળને! વાસ્તવિક ચૈતન્ય સ્વભાવ આત્મા અને પુણ્ય-પાપથી અચેતન પુદ્‌ગલ વિકાર જડ, બેને જ્યાં સુધી એકપણે માન્યા છે તે જ મિથ્યાદૃષ્ટિપણું ચાર ગતિમાં રખડવાનું એ જ મૂળિયું છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એનો ભેદ પાડવાનો તીવ્ર અભ્યાસ. એટલે બહિર્મુખની જે લાગણી પુણ્ય-પાપની છે એને અંતર્મુખના વલણમાં એને ભેદ પાડી. અંતર્મુખના વલણમાં એને જુદાં રાખી ‘**તીવ્ર અભ્યાસ કરવાથી ભેદજ્ઞાન પ્રગટ થાય છે...**’ તે શુભ-અશુભ રાગ અને આત્મસ્વભાવ બેય જુદાં છે એમ જ્યારે ભેદજ્ઞાન થાય છે ‘**ત્યારે એમ જણાય છે કે જ્ઞાનનો સ્વભાવ તો માત્ર જાણવાનો જ છે,...**’ ત્યારે એમ જણાય કે આ તો જાણનાર જ આત્મા છે, એ રાગ ને પુણ્ય-પાપ એ આત્મા નહિ. કહો, સમજાણું આમાં? ઓહોહો..! દયા, દાન, વ્રત, ભક્તિ એવા પરિણામ થાય એ શુભરાગ છે, એ રાગ એ આત્મા નહિ. આત્માનો સ્વભાવ તો જાણવું છે અને જાણવાના સ્વભાવથી તો અજાણવું એવો ભાવ વિકાર તે ભિન્ન છે. જે કરવાનું છે એને કોઈ દિ’ કર્યું નથી અને નહિ કરવામાં કાંઈક કરું છું એમ માને છે.

**શ્રોતા :-** અનાદિકાળથી એ જ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ કરતો આવ્યો છે.

કહે છે કે ભાઈ! ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાનીએ એમ કહ્યું છે ને કે તારું સ્વરૂપ સ્વરૂપ-સ્વરૂપ-સ્વભાવ તો જ્ઞાન, આનંદ, શાંતિ, દૃષ્ટા એવો તારો સ્વભાવ છે, એ આત્મા છે. અને પુણ્ય-પાપના ભાવ, વિકલ્પ જે શુભ-અશુભ રાગ એ તો આત્મા નથી, એ તો જુદી જાત છે. કારણ કે પરમાત્મા સિદ્ધ થાય ત્યારે વિકાર જુદાં પડી જાય છે. એની જાત હોય તો જુદાં પડે નહિ. કહો, સમજાણું આમાં?

'**જ્ઞાનનો સ્વભાવ તો માત્ર જાણવાનો જ છે,...**' રાગ થાય તે એના સન્મુખ થઈને નહિ, પણ જ્ઞાનસ્વભાવમાં સન્મુખ થઈ અને જાણવાનો સ્વભાવ મારો અને રાગ થાય એને પણ મારામાં રહીને જાણું એવો જ્ઞાનનો સ્વભાવ છે. કહો, સમજાણું આમાં? '**જ્ઞાનમાં જે રાગાદિકની કલુષતા-આકુળતારૂપ સંકલ્પ-વિકલ્પ ભાસે છે તે સર્વ પુદ્ગલવિકાર છે,...**' ભગવાનઆત્મા ચૈતન્ય અરિસો છે. એ તો ચૈતન્ય અરિસો. ઓલો જડ અરિસો છે. આ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનમૂર્તિ અરૂપી જ્ઞાનઘન છે અને એ રાગાદિ ભાવ આકુળતારૂપ છે. હવે એમ નાખ્યું જરી. સમજાય છે? રાગાદિ પુણ્ય-પાપનો ભાવ એ રાગાદિ કલુષિત છે, આકુળતારૂપ છે એ, એ સંકલ્પ-વિકલ્પ ભાસે છે. આહાહા..! આ કરું, આ મૂકું, આ લઉં એવા વિકલ્પો જે છે એ તો આકુળતારૂપ છે. કહો. જુઓ, આ ખાવા-પીવામાં મજા પડે છે એવો વિકલ્પ છે એ આકુળતારૂપ છે એમ કહે છે.

**શ્રોતા :-** મજા છે કે આકુળતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મજા કહે છે, મજા કહે છે એ મૂઢ છે એમ કહે છે. એય..! મલૂકચંદભાઈ! આ પૈસાવાળા અમે સુખી છીએ. મૂઢ છો એમ કહે છે.

અહીં તો રાગવાળો છું એમ માને તોય મૂઢ છે એમ કહેવું છે અહીં તો. પૈસા તો ધૂળ ક્યાંય રહી ગઈ. એ તો અજીવતત્ત્વ છે એ ક્યાં આમાં ગરી ગ્યા હતાં? એ તો અજીવતત્ત્વ છે. પૈસો, શરીર તો આ માટી અજીવતત્ત્વ છે, આ તો માટી-પુદ્ગલ છે. એની તો અહીં વાત કરી નથી સૂક્ષ્મપણામાં. અહીં તો જે પર તરફના વલણમાં પુણ્ય અને પાપ જે ચૈતન્ય સ્વભાવમાં નથી, જેનું સ્વરૂપ નથી, એવો પુણ્ય-પાપનો રાગાદિ ભાવ શુભ-અશુભ થાય, એનાથી પણ આત્મા જુદો અંતરમાં જાણવાનો અભ્યાસ કરવો. કેમકે એ પુણ્ય-પાપનો ભાવ દુઃખરૂપ છે-આકુળતારૂપ છે. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. ઓલું જે જ્ઞાન એકલું કહ્યું હતું ને એટલે ભેગું પછી અહીં દુઃખને નાખ્યું અને આનંદને નાખ્યો. '**તે સર્વ પુદ્ગલવિકાર છે, જડ છે.**' બહુ શાંતિથી, આ તો ધીરો થઈને પકડે તો સમજાય એવું છે, નહિતર સમજાય એવું નથી.

કહે છે, **'આમ જ્ઞાન અને રાગાદિકના ભેદનો સ્વાદ આવે છે...'** જુઓ, છે? છે? ચીમનભાઈ! શું છે? આ તમારા ઈજનેર કરતાં બીજી જાત છે આખી બધી. કળા જુદી જાતની છે આ. કહે છે, ઓલી આકુળતા નાખીને? રાગાદિ ભાવ આકુળતારૂપ છે અને ભિન્ન પડતાં જ્ઞાન-રાગાદિના ભેદનો સ્વાદ આવે છે. એટલે આત્મા આનંદનો સ્વાદ આવે એ આત્મા છે અને રાગનો સ્વાદ આકુળતા ભાસે, ભિન્ન રહી જાય એનું નામ આત્મા છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું! આવું તો હજી માંડ એને કાને પડે નહિ ત્યાં એમાંથી એકદમ...

સાંભળ! ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપ છે. એની હયાતીમાં, મોજૂદગીમાં તો જ્ઞાન અને આનંદ પડ્યો છે. આત્માના હોવાપણામાં તો જ્ઞાન-જાણવું અને આનંદ પડ્યો છે. અને પુણ્ય-પાપના ભાવ તો વિકાર પુદ્‌ગલનો વિકાર જડ અને આકુળતા છે. કહો, સમજાણું આમાં? એ બેને અંદર જુદાં પાડવા એનું નામ સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન છે. એ કોઈ દિ' એણે અનંત કાળમાં એક સેકન્ડ પણ કર્યું નથી. કહો, સમજાણું આમાં?

**'ભેદનો સ્વાદ આવે છે અર્થાત્ અનુભવ થાય છે.'** જોયું! આહાહા..! આત્મા... જુઓ, અહીંયાં પહેલેથી ભેદજ્ઞાનથી વાત ઉપાડી છે. સ્વાદ આવે એ આઠમે આવે અને ત્યારે અનુભવ થાય એમ નથી. વસ્તુ ચૈતન્ય જ્ઞાનસ્વભાવ અને અનાકુળ આનંદસ્વરૂપ, એને પુણ્ય-પાપના રાગથી ભિન્ન પાડતાં, જે આત્માના આનંદનો સ્વાદનો અનુભવ (થાય) એ આત્મા. એમાં રાગનો સ્વાદ તે આકુળતારૂપ ભિન્ન રહી જાય છે. કહો, સમજાણું આમાં? આનંદનો અનુભવ અને રાગનો અનુભવ બે એક ચીજ નથી. ભારે ધર્મ, ભાઈ! આવો ધર્મ તે કેવો વળી. આ બધું ક્રિયા ઓખો દિ' આ બધું કરીએ છીએ ને? કેટલું વાંચીએ, વિચારીએ, આ બધી ભક્તિ કરીએ, પૂજા કરીએ, જાત્રા કરીએ, દયા પાળીએ અને વ્રત કરીએ. કહો, એ બધો ધર્મ નહિ? માણસ કહે, આ બધો ધર્મ નહિ ત્યારે શું કરીએ છીએ અમે? એ અધર્મ કરીએ છીએ અમે? એમ કહે છે.

ભાઈ! ધર્મ તો એને કહીએ કે જે વિકલ્પ જે રાગ છે એને અંતર્મુખના સ્વભાવ સન્મુખ થઈ અને એને જુદો પડે છે. અંદર થતાં જુદો પડે છે એને જુદો પાડ્યો કહેવાય છે. એમાં આત્માના આનંદનો, અતીન્દ્રિય જ્ઞાનનો જ્ઞાનસ્વભાવ, જાણકસ્વભાવ જાણનારો એ હું એમાં જે આનંદ આવે એને આત્મા કહે છે, એને ભેદજ્ઞાન કહે છે, એને ધર્મની શરૂઆત કહે છે. કહો, સમજાણું કાંઈ? અહીં તો મોટું-મોટું લખ્યું છે અને ગાથા મૂકી છે આની. .. લખ્યું પાછું માર ગોળા. શરીર આત્માનો સેવક છે. સમજ્યાને? પછી આપણે સેવકને હુકમ કરવો એમ કામ કરે. આ તો એ હુકમ કરે આત્મા. હુકમ કોણ કરે અને ક્યાં ચીજ જડ જુદું અને આ જુદું. કોણ જાણે શું ચાલે છે? ક્યાંનું ક્યાં... ભાઈ! આ રજકણ પણ હાલે-ચાલે, પાંપણ હાલે-ચાલે એ કાંઈ તારાથી છે નહિ અને તારમાં છે નહિ. સેવક શેનો હતો?

સ્વતંત્ર પદાર્થ છે એ તો. આત્માનો સેવક જડ હશે?

**શ્રોતા :-** કો'કવાર સ્વામી થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્વામી પણ નથી, એ પણ ખોટી વાત છે. એ તો માને છે કે 'આ મને લાભદાયક' એમ માન્યું એ મિથ્યાત્વ. એનો સ્વામી પોતે થાય છે. માન્યતામાં સ્વામી થાય. એ તો જડ છે. એને તો ખબરેય નથી કે અહીં કોણ મારે માટે અંદર માનનાર છે. કોણ મારે માટે માનનાર છે એવું તો આને બિચારાને ખબરેય નથી. આ તો માટી છે જડ. સમજાણું?

**'જ્યારે આવું ભેદજ્ઞાન થાય ત્યારે આત્મા આનંદિત થાય છે...'** ઓલું મુદિત આવ્યું હતું ને? મુદિત થાવ એનો અર્થ કર્યો. ઠીક અર્થ કર્યો. જ્યારે ભગવાનઆત્મા પોતાના શુદ્ધ સ્વભાવ સન્મુખ થઈને, પુણ્ય-પાપના વિકલ્પને વિમુખ રાખીને અંતર આત્માનો, જ્ઞાન અને આનંદનો સ્વાદ થાય ત્યારે તેને ભેદજ્ઞાન કહેવામાં આવે છે, ત્યારે આત્મા આનંદિત થાય છે, ત્યારે તેને આનંદ આવે છે. જે દુઃખ થતું, પુણ્ય-પાપના વિકલ્પમાં, દયા-દાન-વ્રત-ભક્તિનો વિકલ્પ એ દુઃખરૂપ છે. એ દુઃખરૂપને અને આત્માને જ્યાં અંતર ભિન્ન પાડ્યો ત્યારે જે આત્માને દુઃખના રાગથી ભિન્ન પાડતાં આત્મા જ્ઞાન આનંદ સ્વરૂપ છે એમ આનંદનું વેદન થયું એ આત્મા. સમજાણું કાંઈ? એ આત્માનું જ્ઞાન, એ આત્માનું દર્શન, એ આત્માની રમણતા, એ આત્માની સમાધિ. સમજાણું કાંઈ?

એમ છે પણ હવે અમારે કરવું શી રીતે? બીજું કાંઈ સાધન કાંઈક છે કે નહિ? હવે એ તો ભલે એમ હોય. અહીં તો કહે છે, સાંભળને. સીધી તો વાત થઈ. જે તને પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે તેનાથી જુદો પાડવો, અંદર જુદો પાડવો એ અભ્યાસ છે. આહાહા..! અને જુદો પડે એટલે એને આનંદ આવ્યા વિના રહે નહિ અને દુઃખથી જુદો પડ્યો અને આનંદમાં દૃષ્ટિ થઈ એટલે આનંદ આવ્યા વિના રહે નહિ સમજાણું કાંઈ? એનું નામ અહીંયાં ભેદજ્ઞાન કહેવાય છે. ભેદજ્ઞાન સાબુ ભયો.. પાયો એવો શબ્દ છે કાંઈક. 'ભેદજ્ઞાન સંવર જિન પાયો.' એમ છે 'બનારસીદાસ'માં છે ક્યાંક. સમજાણું? 'ભેદજ્ઞાન સંવર જિન પાયો.' સંવરમાં હશે ક્યાંક? સંવર અધિકાર છે ને? (પદ-૫) 'જો અપની મહિમા અવધારત, ત્યાગ કરૈં ઉર સૌંજ પરાઈ.' પછી (પદ-૬). 'ભેદગ્યાન સંવર-નિદાન નિરદોષ હૈ. સંવરસૌ નિરજરા, અનુક્રમ મોક્ષ હૈ. ભેદગ્યાન સિવમૂલ, જગતમહિ માનિયે. જદપિ હેય હૈ તદપિ, ઉપાદેય જાનિયે. ૬.' એ પૂર્ણ નથી એ અપેક્ષાએ. 'ભેદગ્યાન તબલૌં ભલૌ, જબલૌં મુકતિ ન હોઈ, પરમ જોતિ પરગટ જહાં, તહાં ન વિકલપ કોઈ. ૭.' પછી આવ્યું, જુઓ! આ કીધું હતું ઈ. 'ભેદજ્ઞાન સંવર જિન્હ પાયૌ, સો ચેતન સિવરૂપ કહાયૌ.' એ શ્લોક છે. આ ઓલો છે ને? 'भेदविज्ञानतः सिद्धाः' એનો છે એ. 'ભેદજ્ઞાન સંવર જિન્હ પાયૌ, સો ચેતન સિવરૂપ

કહાયૌ. ભેદગ્યાન જિન્હકે ઘટ નાહીં, તે જડ જીવ બંધૈ ઘટ માંહી. ૮.' બહુ કળશો હિન્દી... એના પછી ઓલો શ્લોક છે. 'ભેદગ્યાન સાબૂ ભયૌ, સમરસ નિરમલ નીર, ધોબી અંતર આતમા, ધોવૈ નિજગુન ચીર. ૯.' એના પછી એ વાત લીધી છે.

(અહીંયાં) કહે છે, '**કારણ કે તેને જણાય છે કે પોતે સદા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે,...**' જુઓ! આત્મા પોતાના જ્ઞાન અને આનંદ સ્વભાવને રાગથી ભિન્ન જાણતાં એમ જાણ્યું કે આ તો સદાય જ્ઞાન (સ્વરૂપ જ રહ્યો છે), રાગરૂપ કોઈ દિ' થયો જ નથી. પુણ્ય-પાપના વિકલ્પરૂપે આકુળતારૂપે, દુઃખરૂપે આ જ્ઞાનસ્વરૂપ કોઈ દિ' થયો નથી. સમજાણું કાંઈ? અહીં તો જરી-જરી સગવડતામાં મીઠાશ (આવી જાય). એમાં જરી પાંચ-દસ લાખ મળી જાય, વીસ લાખ, પચાસ લાખ. આ પચાસ લાખ નહિ, બે અઢી કરોડ લ્યોને. ત્યાં જાણે આકાશે પાટુ. આકાશે પાટુ નથી કહેતાં? અડે નહિ પાટુ. કોણ જાણે શું થાય છે? ધૂળના ઢગલા બહાર જ્યાં આવે...

**શ્રોતા :-** બોલાવે શેઠ... શેઠ... શેઠ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેઠ શબ્દ ધૂળ છે. બોલાવે શેઠ એ ધૂળ છે. એમાં ધૂળમાં આવ્યો ક્યાં આત્મા?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં ધૂળમાંય નથી નામ જરી. આમ હોય તો આમ ચાલે, મલપતો ચાલે.

**શ્રોતા :-** લાકડી છૂટી જાય પૈસા આવે તો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાકડી છૂટી ગઈ હતી. નહિ? ખબર છે ને. અમને ખબર છે. ત્યાં બેઠા હતા. લાકડી પહેલી છૂટી ગઈ. લાકડી પહેલી નહોતી અને પછી લાકડી લઈને નીકળ્યો. કયું ગામ છે? ... ત્યાં જોડે મકાન હતા. ત્યાં જોડે બેઠા બારી પાસે. ત્યાંથી નીકળ્યા દેરાસરે. સોનાનો કંદોરો ને હાથમાં લાકડી કેમ લીધી? ખોટ ગઈ છે. આવા ને આવા. આ તો ઘણા વર્ષ પહેલાંની વાત છે હોં! ૮૪ પહેલાંની.

**શ્રોતા :-** દવા એ છે ને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દવા એ છે, ખરી દવા એ છે. જ્યાં બે કરોડ, પાંચ કરોડ થાય ત્યાં હૂંફ ચડી જાય જડની, દારૂની-દારૂની. આહાહા..!

ભાઈ! તારા ઘરમાં એ ક્યાં છે? એ ઘરની લક્ષ્મી ક્યાં છે? આ તો રાગ પણ તારા ઘરની લક્ષ્મી નથી તો એ ચીજ તો ક્યાંય રહી ગઈ! આહાહા..! છન્નું હજારી સ્ત્રીના વૃંદમાં પડ્યો. અરે..! અમે તો આનંદસ્વરૂપ છીએ. આ રાગ પણ અમારા સ્વરૂપ નહિ, એ તો દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં. ગૃહસ્થાશ્રમમાં રહ્યા એ તો લૌકિક

અપેક્ષાની વાત છે. જ્યાં આત્મા પોતાના શુદ્ધ સ્વભાવની અંતર દૃષ્ટિ થઈ એ આત્મામાં જ છે. રાગમાં નથી તો વળી ગૃહસ્થાશ્રમમાં છે એમ પણ નિમિત્તથી કથન એ તો છે. આહાહા..! સમજાણું?

કહે છે કે જ્યાં આત્મા પોતાનો કાયમી અસલ, જ્ઞાન અને આનંદ સ્વભાવરૂપ, એને પુણ્ય-પાપના રાગથી ભિન્ન પાડીને અભ્યાસ કરતાં જે આત્માનું તળ હાથ આવ્યું, એ તો જ્ઞાનસ્વરૂપ અને આનંદરૂપ છે એમ અનુભવ થતાં એને એમ થઈ જાય છે કે હું તો સદાય આવો જ રહેલો છું. હું કોઈ દિ' રાગરૂપ થયો નથી. રાગરૂપ થયો હોય તો છૂટો પડે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ? જુઓ!

**'પોતે સદા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે,...'** અનુભવ થયો રાગથી ભિન્ન પડીને આ તો આત્મા સદા ત્રણે કાળે આ રૂપે જણાયો તે રૂપે જ રહેલો છે. એમાં રાગાદિ હોય એ ત્રણ કાળમાં નથી. ભિન્ન જ હતો, પણ ભાસતો નહિ. સમજાણું કાંઈ? **'રાગાદિરૂપ કદી થયો નથી.'** ભાષા જુઓ! એ વિકલ્પ જે પુણ્યનો, દયા, દાન, વ્રતનો વિકલ્પ, આ મેં છોડ્યું-મૂક્યાની વૃત્તિ રાગ, એ રૂપે આત્મા કદી થયો જ નથી. સમજાણું કાંઈ? થયો હોય તો જુદો કેમ પડે? જુદો જણાતાં તે જુદાં રાગરૂપે કોઈ દિ' થયો નથી એમ એને અનુભવમાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ આમાં? ભારે વ્યાખ્યા છે. પહેલાં શ્લોકની છે ને આ બધી? ત્રણ ગાથાના બધા શ્લોક છે ને. હજી બે ગાથાના છે, હોં! હજી એક ગાથા રહી ગઈ.

**'માટે આચાર્યમહારાજે કહ્યું છે કે હે સત્પુરુષો!'** સમજાણું? 'अत्थि' એમ કીધું ને બે ગાથામાં? 'उवओगम्महि य कम्म णोकम्मं चावि णो अत्थि' એ બે ગાથાની ટીકા કરી. એમાં આ કહે છે કે આવું નથી એમ ભાસે છે એમ એમાંથી કાઢ્યું. સમજાણું કાંઈ? નથી એમ કહ્યું છે. નથી એમ ભાસે છે. છે એમાં શું? કે એ જાણનાર અને આનંદ છે એમ ભાસ્યું. આ આત્મામાં રાગાદિ ત્રણ કાળમાં નથી એમ ભાસે છે. હવે એને વ્યવહાર કરવો અને વ્યવહારથી નિશ્ચય થાય, કહે છે કે એ વાત જ રહી નથી. વ્યવહારરૂપે થયો જ નથી. વ્યવહાર એટલે રાગ દયા, દાનનો વિકલ્પ. એ રૂપે આત્મા કોઈ દિ' થયો જ નથી અને કરે કે દિ'? સમજાણું કાંઈ?

એકરૂપ માન્યતા હતી, એકરૂપ થયો નહોતો. થયો હોય તો છૂટો પડે કેમ? સમજાણું કાંઈ? આવી ધર્મની રીત હશે કરવાની? ભાઈ! ભગવાન પાસે જઈને સ્તુતિ કરી નાખે, હે ભગવાન! તારી દેજો, લ્યો. હે ભગવાન! તારો પ્રભુ! ત્યારે તમને શું કરવા પધરાવ્યા છે? મૂર્તિ પધરાવી. ગાયન ગાય બે, ચાર, દસ, પચ્ચીસ, પચાસ. કહે છે કે એ ભાઈ! એ તરનારો તો ભગવાન તરવાના સ્વભાવથી ભરેલો જ છે. સમજાણું કાંઈ? એ બૂડવાનો

સ્વભાવ રાગરૂપે કોઈ દિ' થયો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'માટે આચાર્યમહારાજે કહ્યું છે કે હે સત્પુરુષો! હવે તમે મુદિત થાઓ.'** એ આનંદના અનુભવમાં આવો હવે. આનંદને જ અનુભવો. વારંવાર અતીન્દ્રિય આનંદને જ અનુભવો, એ જ આત્માનું કર્તવ્ય અને આચરણ છે. લ્યો! એ એનો આચાર છે. એ આત્માનો આચાર આ. પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડીને આત્માને અનુભવવો એ આત્માનું આચરણ છે, જેમાં આચરણમાં આનંદ છે, જેના આચરણમાં કોઈ વિકલ્પની અપેક્ષા કાંઈ રહેતી નથી.

હવે ટીકા ત્રીજી ગાથાની. ત્રીજી-ત્રીજી છે ને?

**एदं तु अविवरीदं णाणं जइया दु होदि जीवस्स।**
**तइया ण किंचि कुव्वदि भावं उवओगसुद्धप्पा।।१८३।।**

૧૮૩મી ગાથા. આ બે ગાથાની ટીકા થઈ. **'આ રીતે આ ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનને અણુમાત્ર પણ...'** અણુમાત્ર પણ **'(રાગાદિ વિકારરૂપ) વિપરીતતા નહિ પમાડતું થકું...'** દેખો, અણુ-એક વિકલ્પનો અંશ પણ, જ્ઞાનની અંદર આ રાગ અંશને નહિ પમાડતું થકું **'અવિચળપણે રહે છે,...'** આ રીતે આ ભેદવિજ્ઞાન રાગથી, વિકલ્પથી, પુણ્ય-પાપથી, બહિર્મુખ વૃત્તિઓથી અંતર્મુખ સ્વભાવ ભિન્ન પાડતાં ભગવાનઆત્મા જ્ઞાનને અણુમાત્ર પણ, એ જ્ઞાન સ્વરૂપને અંશમાત્ર પણ સ્વભાવથી વિપરીત એવો રાગ એવા વિપરીતતાને નહિ પમાડતું થકું. સ્વભાવથી વિપરીત એવો જે વિકલ્પ, એ વિકલ્પ વિપરીત છે, એ વિપરીતતાને નહિ પમાડતું થકું. જ્ઞાન સ્વભાવને, રાગ જે જ્ઞાનથી વિપરીત છે તે વિપરીતપણાને નહિ પમાડતું થકું, અવિચળપણે જ્ઞાન જ્ઞાનમાં રહે છે. સમજાણું કાંઈ?

**'આ રીતે આ ભેદવિજ્ઞાન...'** માથે કહ્યું ને કે ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં ક્રોધ અને કર્મ, શરીર નથી અને વિકાર ને શરીર ને કર્મમાં ઉપયોગ નથી. એમ બે (ગાથામાં) કહ્યું. એ રીતે જ્યારે ભેદવિજ્ઞાન થયું ત્યારે જ્ઞાન એટલે આત્માના સ્વભાવને અણુમાત્ર પણ, એક વિકલ્પ નાનામાં નાનો રાગ એ પણે, વિપરીત છે એ રાગ, એ વિપરીતતાને નહિ પમાડતું, અવિપરીતપણે રાગરહિત જ્ઞાન જ્ઞાનમાં અવિચળપણે રહેતું થકું. અવિચળપણે રહે છે. સમજાણું કાંઈ? એ વ્યવહારનો વિકલ્પ આવે તે પણે જ્ઞાન નહિ (પરિણમતું), એને વિપરીતપણે નહિ પરિણમાવતું થકું. આહાહા..! રાગથી ભિન્ન પડેલું જ્ઞાન એવો જે આત્મા, એવા આત્મસ્વભાવને જરી પણ રાગભાવપણે વિપરીતપણે નહિ થયું થકું. જુઓ! **'વિપરીતતા નહિ પમાડતું થકું.'** જ્ઞાન પોતાનો સ્વભાવ તેને પમાડતું થકું અને વિપરીતપણું નહિ પમાડતું થકું. વિપરીત કહ્યું હતું ને અંદર? અત્યંત સ્વરૂપ વિપરીતતા નહોતું કહ્યું? અત્યંત સ્વરૂપ વિપરીતતા ટીકામાં આવ્યું હતું. **'अविवरीदं णाणं'** કીધું ને? ઓલું તો નથી-નથી કીધું ને? નથી કીધુંમાંથી કાઢ્યું. આ નથી.. આ નથી... એટલું બે ગાથામાં આવ્યું. એમાંથી કાઢ્યું. **'अविवरीदं णाणं'**

એમ કીધું ને? ત્રીજી ગાથામાં.

જ્યારે આ રીતે અવિપરીત જ્ઞાન **'जइया दु होदि जीवस्स। तइया ण किंचि कुव्वदि भावं उवओगसुद्धप्पा'**. ઓહો..હો...!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકને જુદી પાડી. બેમાં સમજાવ્યું કે આમાં આ નથી, આમાં આ નથી. એમ જ્યારે અવિપરીત જ્ઞાન થાય છે ત્યારે તે જ્ઞાનને રાગ વિપરીતપણે તે જ્ઞાન પરિણમતું નથી. એમ કાઢ્યું એમાંથી. બે ગાથાની ટીકા કરી એનો એક શ્લોક મૂક્યો અને ભાવાર્થ ભર્યો. સમજાણું? પાઠમાં છે. **'एदं तु अविवरीदं णाणं'** એમ છે ને? **'एदं तु अविवरीदं णाणं जइया दु होदि जीवस्स।'** અવિપરીત એટલે ઓલું જે વિપરીત હતું. શું વિપરીત? કે રાગરૂપે હું છું, શરીરરૂપે હું છું, શરીરની ક્રિયા હું કરું છું. સમજાણું? અહીં તો શરીરને દાસ ઠરાવ્યું ભાઈએ. આ કોણ છે?

**શ્રોતા :-** વશ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ વશ કરે? ધૂળ. પોતે વશ (થાય છે.) તાબે નથી કરતો. પોતે તાબે થાય છે. સેવક છે. 'ઇતની વિચિત્રતા કિ સેવક હોતે હુએ ભી સ્વામી હૈ.' શરીર. 'ઐસા દાસ હૈ જો માલિક કો અપને અધિકાર મેં રખતા હૈ.' જોયું! માલિક શરીર આત્મા એને અધિકારમાં રાખે છે એ. 'ઉસે અપને આદેશ ઔર સંકેતો પર ચલાતા હૈ.' શરીર આદેશ અને સંકેત ઉપર આત્માને ચલાવે છે. 'શરીર કો જબ સેવક માના ગયા હૈ તો ઉસે અપને સ્વામી આત્મા કે સંકેતો કે અનુસાર ચલના ચાહિયે.' હોવું આમ જોઈએ. 'સેવક માના ગયા તો ઉસે અપને સ્વામી આત્મા કે સંકેત અનુસાર ચલના ચાહિયે. ઉસકે આદેશ નિર્દેશ કા પાલન કરના ચાહિયે. કિન્તુ ઉલટા હી હો રહા હૈ.' ઉલટા હી હો રહા હૈ. ઓલો હુકમ કરે અને આ ચાલે. અરેરે..! હુકમ કોણ કરે અને ચાલે કોણ? ધૂળેય હુકમ... ક્યાં એ બિચારાને ખબરેય નથી.

'સેવકને સ્વામી કો અપને બંધન મેં બાંધ રખા હૈ. ઔર વહ બાજીગર કે બંદર કી તરહ ઉસે મનચાહે ઢંગસે નચા રહા હૈ. શરીર કે બંધન ક્યા હૈ? વિકાર, વાસના, ભોગેચ્છા. યહી ઉસકે સુદૃઢ બંધન હૈ. આત્મા મેં બંધન અનાદિકાલ સે સેવક બના ચલા રહા હૈ. અપને સેવકકા ભી સેવક બના ચલા રહા હૈ.' જડને શું કાંઈ બિચારાને ખબરેય નથી. આવું વાંચે એટલે લોકોને એમ થાય.. આહાહા..! કેવી વાત કાઢે છે! એ એક બાકી રહ્યા તમારા અભ્યાસમાં. એ અભ્યાસ કરવા જેવા હતા. સ્વામી કેવો? એક-એક રજકણ સ્વતંત્ર ઈશ્વર છે. એક-એક રજકણ ઈશ્વર છે એનો. એની પર્યાયને બીજો પરિણમાવી દે અને બીજાની પર્યાયને એ પરિણમાવે એવું છે જ નહિ.

**શ્રોતા :-** અજ્ઞાન હોય ત્યાં સુધી તો એમ હો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજ્ઞાન હોય તોય એમ નથી. એ તો માને છે અજ્ઞાની કે હું શરીરને પરિણમાવું છું, શરીર મને દાબે છે. એ તો માન્યતાથી માને છે. માને છે. ઓલો દાખલો નથી આપ્યો 'અનુભવપ્રકાશ'માં. પથરો મોટો હતો ને. એની સાથે વઢ્યો. રાતનું અંધારું હતું. પુરુષાકારે પથરો મોટો. પુરુષ આકારે. એને ખબર નહિ કે આ પથરો છે. વઢ્યો. પડ્યો ઉપર. ભાઈ સાહેબ હું હાર્યો. તું જીત્યો લે. પણ ઓલો પથરો છે. ભાઈ! તું જીત્યો અને હું હાર્યો. હવે ઊભો થા. ઓલો ઊભો થાય નહિ. ત્યારે ખબર પડી કે ઓય! આ તો જડ છે. આમ ને આમ માન્યું છે એણે. એની મેળાએ માન્યું છે કે તું જીત્યો અને હું હાર્યો. આવે છે ને, 'અનુભવપ્રકાશ'માં આવે છે. આ શરીરને કહે ભાઈ! તું જીત્યો અને હું હાર્યો લે. મૂઢ! પણ તારી માન્યતામાં છે જીતવું કે હારવું.

અહીં તો આસ્રવે સંવરને જીત્યો હતો, એ સંવરે આસ્રવનો તીરસ્કાર કર્યો. લ્યો આ આવ્યું. ભેદજ્ઞાનમાં આમ છે. પુણ્ય-પાપના પોતાના વિકાર પરિણામને એની માન્યતાને અને એ હું છું એ માન્યતા દ્વારા સંવર એટલે ભેદજ્ઞાનની દશાને એણે ઉત્પન્ન થવા દીધી નહિ એને જીત્યો કહેવાય છે. જીત્યો કહેવાય છે. સમજાય છે? ત્યારે સંવરે તિરસ્કાર કર્યો. તિરસ્કારનો અર્થ ઉત્પન્ન થવા દીધો નહિ. બિલકુલ નહિ. હું તો જ્ઞાનાનંદ છું એમાં આસ્રવ અને ફાસ્રવ કેવા? મારા સ્વરૂપમાં તો આસ્રવ (કેવા)? મારા સ્વરૂપમાં તો અનંત જ્ઞાન અને વીતરાગતા પડી છે. અનંત જ્ઞાન અને વીતરાગતા. વીતરાગ વિજ્ઞાનઘન આત્મા છે. ત્યાં વળી આસ્રવ ઉત્પન્ન થાય અને આસ્રવનું ઘર-સ્થાન એ આત્મા કેવો? સમજાણું કાંઈ? ઓલામાં આવ્યું છે ને? વેરી કોણ હોય? કે પોતાનો ભાવ વેરી હોય. એમ કહ્યું છે. 'ચિદ્‌વિલાસ'માં નથી કહ્યું? વેરી પર ન હોય. કર્મ વેરી નહિ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો નિમિત્તની વાત છે. ઓલો ભાવકર્મ અને દ્રવ્યકર્મ બે એક ગણીને કર્યું. ભાવકર્મને અને એને ભેગું ગણીને. સમજાણું? વેરી નિશ્ચયથી તો વેરી પોતે પોતાનો ભાવ હોય એ વેરી હોય. બીજો વેરી હોઈ શકે નહિ. એ તો પ્રવચનસારમાં નથી આવ્યું? ઈષ્ટ-અનિષ્ટ. વિકારભાવ તે અનિષ્ટ છે, સ્વભાવ તે ઈષ્ટ છે. એ બે વિકાર વેરી. આ પરની સાથે શું સંબંધ? એ તો જગતના પદાર્થ છે. એને કારણે પરિણમી જાય છે. એને કોણ રોકે ને કોણ ન કરે? સમજાણું? સેવક એ નથી. અનંતા પરમાણુ ઈશ્વર એ એનો સેવક હશે એમ ને? અનંતા ઈશ્વર છે એ તો. એક ઈશ્વરના અનંતા ઈશ્વર સેવક?

કહે છે, '**આ રીતે આ ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનને અણુમાત્ર પણ (રાગાદિરૂપ) વિપરીતતા નહિ પમાડતું થકું...**' એવું અવિપરીત જ્ઞાન થયું ને? ત્યારે '**અવિચળપણે**

**રહે છે,...**' આત્મા રાગને પોતાપણે માનતું ત્યારે જ્ઞાનને વિપરીતપણે પરિણમાવતું. જ્ઞાનસ્વરૂપ એવો આત્મા એને રાગપણે હું છું એમ માનતું ત્યારે જ્ઞાનને વિપરીતપણે પરિણમાવતું એટલે માનતો. એ જ્ઞાનને, મારું સ્વરૂપ જ્ઞાન જ છે, રાગ નહિ એમ ભેદજ્ઞાન થતાં અવિપરીતપણે થયેલું જ્ઞાન, એ રાગ જે વિપરીત છે એ વિપરીતપણે જ્ઞાન બિલકુલ નહિ થયું થકું. વિપરીતપણે જ્ઞાન નહિ પમાડતું-જ્ઞાનનું વિપરીતપણું નહિ થયું થકું '**અવિચળપણે રહે છે.**' જ્ઞાન જ્ઞાનમાં છે. જ્ઞાને જ્ઞાનનું પરિણન કર્યું. રાગને લઈને નહિ, રાગપણે નહિ, રાગપણે નહિ, રાગપણે પરિણમાવ્યું નહિ, રાગને લઈને જ્ઞાન નહિ. જ્ઞાન જ્ઞાનમાં રહ્યું પોતાને કારણે અવિચળપણે રહ્યું છે. સમજાણું કાંઈ? છે ને પુસ્તક?

'**ત્યારે શુદ્ધ-ઉપયોગમયાત્મકપણા વડે...**' છે? '**तदा शुद्धोपयोगमयात्मत्वेन ज्ञानं ज्ञानमेव केवलं सन्न किञ्चनापि रागद्वेषमोहरूपं भावमारचयति।**' લ્યો, અહીં તો શુદ્ધોપયોગ અહીંથી લીધો.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! અહીંની વાત છે ચોથેથી. સમજે નહિ. વસ્તુ પોતે શુભ-અશુભભાવપણે નથી એટલે સામે શુદ્ધ લીધું. આસ્રવથી રહિત કહેવું છે ને? પુણ્ય-પાપના વિકલ્પો આસ્રવ છે એનાથી રહિત થયું એટલે શુભાશુભભાવથી રહિત શુદ્ધોપયોગરૂપ થયું, એમ કહેવું છે. શું કીધું સમજાણું આમાં?

શુભ અને અશુભભાવ બેય આસ્રવ છે. એનાથી જુદું પાડતાં એ ભાવવાળો ન રહ્યો. બીજા ભાવવાળો થઈ ગયો, એ શુદ્ધભાવ થયો. એમાં શું પણ સીધી વાત છે. આસ્રવ એટલે શુભાશુભભાવ, હવે એનાથી અવિપરીત જ્ઞાન ભિન્ન પડ્યું. ઓલું વિપરીત હતું કે હું એ છું. શુભ-અશુભભાવ હું છું. ત્યારે તો વિપરીત હતું. જ્ઞાન વિપરીતતા પામતું હતું. ભેદ પાડ્યો કે આ હું નહિ. ત્યારે જ્ઞાનમાં શુભાશુભ ભાવ તો આવ્યા નહિ. આવ્યું શું? થયું શું? જ્ઞાન શુદ્ધોપયોગપણે પરિણમ્યું એને અહીંયાં ભેદજ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! બહુ સારો કળશ છે, હોં! આ ટીકા છે એનો અર્થ છે.

'**રાગાદિ વિપરીતતા નહિ પમાડતું થકું...**' ઓહોહો..! શું કહે છે? વસ્તુ ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે, એની મોજૂદગીમાં રાગ-દ્વેષના, પુણ્ય-પાપના ભાવ નથી. એમ જ્યારે... એમાં શરીર, કર્મ નથી એ તો બધું આવી ગયું. પણ આટલું જ અહીં તો બહાર પાડ્યું. ઓલામાં તો બધું પાડ્યું હતું ને. પણ એ બીજાનું કામ નથી અહીં. એટલે આમાં આ જ ભાવ લીધો. આ જુઓને, કળશમાં એમ લીધું અને ટીકામાં એમ લીધું. સમજાણું ને? નહિતર મૂળ પાઠમાં ગાથા એ હતી. ક્રોધાદિ નથી, તેમ કર્મ પણ નથી, તેમ નોકર્મ પણ નથી. એનું કામ નથી હવે. એ પણે કોઈ દિ' થાય છે કે દિ'? માન્યતા કરે તોપણ

શરીરરૂપે થાય છે કે દિ'? રાગ અને વિકલ્પપણે માને તો રાગરૂપે પરિણમે છે એમ માને છે તો એ વિપરીત જ્ઞાન હતું. સમજાણું કાંઈ?

એ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, પુણ્ય-પાપના આસ્રવરૂપ શુભાશુભ ઉપયોગ એટલે અશુદ્ધ ઉપયોગ, અશુદ્ધ ઉપયોગ એનાથી જ્ઞાનસ્વભાવને જુદું પાડતાં અવિપરીત જ્ઞાન થયું, ત્યારે શુભાશુભ રાગપણે જ્ઞાનને નહિ પરિણમાવતું થકું અવિચળપણે, શુદ્ધોપયોગપણે રહે છે. '**ત્યારે શુદ્ધોપયોગમયાત્મકપણા વડે...**' શુદ્ધ ઉપયોગ આત્મક એટલે શુદ્ધોપયોગસ્વરૂપપણા વડે. શુદ્ધ ઉપયોગ સ્વરૂપપણા વડે. લ્યો. સમજાણું કાંઈ? '**જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું...**' શુદ્ધ ઉપયોગ શુભ આચરણ. જોયું! અહીં શુભ આચરણ થયું એ. સમજાણું કાંઈ?

શુદ્ધ વસ્તુ જ્ઞાન અને શુદ્ધ ચૈતન્ય તરફ વળતાં, અંતર ઢળતાં શુભાશુભ પરિણામપણે એ જ્ઞાનને વિપરીત નહિ પમાડતાં થકા અવિપરીતપણે શુદ્ધ સ્વરૂપપણે રહ્યું થકું '**કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું...**' જ્ઞાન ને આનંદ. એટલે ઓલા રાગરૂપે નહિ. કેવળ જ્ઞાનનો અર્થ? રાગરૂપે નહિ. જ્ઞાનપણે, શ્રદ્ધાપણે, આનંદપણે એ બધું જ્ઞાનરૂપ છે. જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું. શુદ્ધોપયોગપણાના સ્વભાવ દ્વારા તે જ્ઞાન તે આત્મા પોતાના શુદ્ધ સ્વભાવમાં રહેતું થકું. '**જરા પણ રાગદ્વેષમોહરૂપ ભાવને કરતું નથી;...**' લ્યો! ભાષા એમ છે ને? '**ण किंचि कुव्वदि**' એમ છે ને? છેલ્લો શબ્દ. જુઓ, છે અધિકાર સંવરનો, પણ એ કર્તા મૂક્યું. કરે છે ત્યાં એ મિથ્યાત્વભાવ છે, ભેદજ્ઞાન થયું નથી. સમજાણું કાંઈ? નથી કરતું એટલે પરિણમતું નથી. નથી કરતું એટલે કે પરિણમતું નથી. કરે છે એટલે રાગમાં એકત્વ થઈને પરિણમે છે, એમ. મિથ્યાત્વભાવમાં રાગમાં એકત્વ થઈને પરિણમે છે. અહીંયાં કરતો નથી. શુભાશુભભાવ જે રાગ, એનાથી ભિન્ન પાડતાં જે સ્વભાવ અવચિળપણે રહ્યું એ શુદ્ધાત્માપણા વડે જરા પણ... સમજાય છે?

'**જરા પણ રાગદ્વેષમોહરૂપ ભાવને કરતું નથી;...**' લ્યો! અહીં કરતું થકું નાખ્યું એમાં. એટલે પોતે જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે એ જાણવાપણે પરિણમતું થકું. રાગપણે બિલકુલ રાગને નહિ કરતું થકું. જ્યારથી ભેદજ્ઞાન થયું ત્યારથી જ્ઞાન જ્ઞાનમાં રહ્યું થકું. રાગપણાને બિલકુલ નહિ કરતું થકું. રાગપણાપણે જ્ઞાનને જરાય વિપરીતપણે નહિ પમાડતું થકું. એ જ્ઞાન રાગને જરીએ કરતું નથી. આહાહા..! જરીએ કરતું નથી? થઈ ગયા વીતરાગ? સાંભળને હવે. આહાહા..! હિંમતભાઈ!

'**જરાપણ...**' એમ છે ને? શું અંદર છે? '**सन्न किञ्चनापि रागद्वेषमोहरूपं भावमारचयति।**' છે ને? જુઓ, '**आचरयन्ति**'. '**आचरयन्ति**'નો અર્થ જ કરતું નથી એમ કર્યું ને? '**आरचयति**'. '**आचरयन्ति**' નથી. '**आरचयति**' એટલે આચરતું નથી. રચતું નથી, રચતું નથી. સમજાણું? ભાવનો '**आरचयति**' ભાવને આચરતું નથી. આચરતું એટલે રચતું નથી. એને રચતું નથી

એટલે કરતું નથી. પાઠમાં એમ છે ખરું ને. પાઠમાં છે ને? ગાથામાં છે ને ટીકા. ત્રીજીમાં છે ને. **'एदं तु अविवरीदं णाणं जइया दु होदि जीवस्स। तइया ण किंचि कुव्वदि' 'किंचि कुव्वदि' 'आरचयति'**. સમજાણું કાંઈ? આહાહા..! જ્ઞાની રાગથી ભેદ પડેલું જ્ઞાન તેને જ્ઞાની જ્ઞાનપણે રહેતો રાગને કિંચિત્ પણ કરતો નથી. આહાહા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રણે નાખ્યા છે ને. મિથ્યાત્વ સહિતનો ભાવ છે, જુઓ! તેથી મોહ નાખ્યો છે. રાગ, દ્વેષ, મોહ ત્રણ. .. અસ્થિરતાનો રાગ એ કરતો નથી, એનું જ્ઞાન કરે છે.

**'રાગદ્વેષમોહરૂપ ભાવને કરતું નથી; તેથી (એમ સિદ્ધ થયું કે) ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) થાય છે...'** આત્માનો અનુભવ થાય છે-આત્મા પ્રાપ્ત થાય છે. જે પુણ્ય-પાપને પ્રાપ્ત થયેલો આત્મા મિથ્યાત્વમાં હતો, એ પુણ્ય-પાપના વિકલ્પથી જુદો પડીને ભેદજ્ઞાન દ્વારા શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે. આત્માની પ્રાપ્તિ થાય છે. જેવો આત્મા છે તેવો અનુભવમાં આવે છે. કહો, સમજાણું કાંઈ? લ્યો! આ પૈસા મળે છે એમ કહે છે. આત્મા મળે છે એમ કહે છે. આત્માની પ્રાપ્તિ થાય છે એમ કહે છે. ક્યાંય વયો ગયો હતો? હા, રાગ અને વિકલ્પમાં ખોવાઈ ગયો હતો. સમજાણું?

**શ્રોતા :-** પૈસા મળવાની વાત કરે તો બેઠો હોય તો ઊભો થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પૈસા મળે તો... ધૂળમાંય નથી. દુઃખી છે બિચારા. ભલે ધોળા કોટ પહેરીને, સોનાના બટન પહેરીને આમ આમ ચાલે. આ તો પહેરતાં હતા ને? સાકરચંદભાઈ. બહુ શોખ. બહારનો બીજો શોખ વધી ગયો. મોટરું, ખાવાનું, પીવાનું. શું કહેવાય તમારે હોટલુંમાં. એક એક જણને ખવરાવે પાંચસો પાંચ-પાંચ રૂપિયા કહે છે. એક ટંકના. પછી પાંચસોને ખવરાવે તો પચ્ચીસો રૂપિયો એવી રીતે કોઈ ... આઠ આઠ રૂપિયા. મેં વળી પાંચનું કીધું. મગજમાં કાંઈક આવતું હતું કે વધારે કહે છે. આઠ આઠ રૂપિયા શિખંડ, પૂરી, પતરવેલીયાના ભજીયા, દહીંથરા મોળા. એમાં વળી રસનું ટાણું હોય તો ઊંચામાં ઊંચી કેરીનો રસ. આહાહા..! શું છે? ભાઈનું સગપણ કર્યું છે ને તો આ મહેમાનોને બધાને હોટલમાં જમાડી દયો. કેટલો ખરચ? ચાર હજાર રૂપિયા. ખવરાવાના. પાંચસો માણસને. એય..! ...ભાઈ! આ બે કુંવારા છે હજી. બેય શેઠિયાના દીકરા છે. બેય પરણશેને હજી. પરણશે ત્યારે હજી શું થાશે ખબર નહિ. કહો, આવા ડંફાસ છે. આહાહા..! 'દાદુ દુનિયા બાવરી ખોટા કરે ગલ.' ગાડું કહે છે ને. હવે ગાડું ન રહ્યું. બસમાં, મોટરમાં લ્યોને. મોટરમાં લાવીને હેલ લાવ્યો જાણે જીત્યા ટોડરમલ. એવો શ્લોક છે, હોં! 'દાદુ દુનિયા બાવરી ખોટા કરે ગલ,' ખોટી મજાઓ માણે છે મફતના જૂઠા. સમજ્યાને? અને ગાડામાં બેસાડીને લાવ્યો ઘેર. આ

બસમાં બેસાડીને લાવ્યો, મોટરમાં બેસાડીને લાવ્યો. વિમાનમાં લ્યોને. 'જીત્યા ટોડરમલ્લ.' ત્યાં ટોડરમલ્લ જીત્યા બાયડી સારી આવી એટલે જાણે. શું હશે આ તે? એય..! આ પ્રાપ્તિ ઉપરની વ્યાખ્યા ચાલે છે. અહીં આત્માની પ્રાપ્તિ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) થાય છે...'** પ્રાપ્તિનો અર્થ ઉપલબ્ધ છે ને અનુભવ. પ્રાપ્ત એટલે જે રાગમાં પ્રાપ્ત હતો તો અહીં અનુભવમાં આત્મા જ પ્રાપ્ત થયો. એ આત્મા જ મળ્યો અને આત્માને જ પ્રાપ્ત થયો. 'તે તો પ્રભુએ આપીઓ' એનો અર્થ એ. આવે છે ને? આ શું કહ્યું વળી પાછું? આત્મા આપે? હા, એમ બોલાય, સાંભળને. અમે આત્મા શું છે એ જાણતા નહોતા. ભગવાન! આપે જણાવ્યો તો આપે આત્મા આપ્યો. જુઓ, અહીં કીધું ને? આત્મા પ્રાપ્ત થયો. એટલે આત્મા ક્યાંય વયો ગયો હતો? રાગથી ભિન્ન પાડીને જ્યાં દૃષ્ટિ કરી, અનુભવ કર્યો (તો) ઉપલબ્ધ થયો, પ્રાપ્ત થયો. **'અને શુદ્ધાત્માની ઉપલબ્ધિથી રાગ-દ્વેષ-મોહનો અભાવ જેનું લક્ષણ એવો સંવર થાય છે.'** લ્યો, આ સંવર આવ્યો. સમજાણું કાંઈ? ટીકામાં (છે), હોં! **'रागद्वेषमोहाभावलक्षणः संवरः प्रभवति।'** એ તો સંવરની વ્યાખ્યા જ ઉપાડી છે ને. **'રાગદ્વેષમોહનો અભાવ જેનું લક્ષણ છે એવો સંવર થાય છે.'** ત્યારે સંવર થાય છે. આહાહા..! વિશેષ કહેશે....

(**શ્રોતા :** પ્રમાણ વચન ગુરુદેવ!)

**પર્યાયબુદ્ધિવાળો જીવ સંયોગમાં જ સુખ માને છે. અંતરના સ્વભાવની દૃષ્ટિ કરતો નથી પણ રાગાદિ વર્તમાન પરિણામમાં તથા બહારના વિષયોમાં તે સુખ માને છે. રાજા થાય તો રાજ્યપદમાં સુખ માને છે ને વિષ્ટાનો કીડો થાય તો વિષ્ટામાં સુખ માને છે, પણ હું તો સિદ્ધ જેવો ચિદાનંદ સ્વભાવી છું-એવું ભાન અજ્ઞાની કરતો નથી. ૯૯૧.**

**- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી નિયમસાર, શ્લોક-૫૯, ગાથા-૧૫૯
## પ્રવચન નં.૧૭૭, તા.૧૩-૯-૧૯૬૬
## (૧૯)

શુદ્ધભાવ અધિકાર. ૪૧મી ગાથાનો છેલ્લો કળશ.

**सुकृतमपि समस्तं भोगिनां भोगमूलं**
**त्यजतु परमतत्त्वाभ्यासनिष्णातचित्तः।**
**उभयसमयसारं सारतत्त्वस्वरूपं**
**भजतु भवविमुक्त्यै कोऽत्र दोषो मुनीशः।।५९।।**

શું કહે છે? આ ગાથામાં તો એમ આવ્યું હતું કે આત્મા શુદ્ધભાવ સ્વરૂપ જે ધ્રુવ છે એમાં એ ચાર ભાવ નથી. સમજાણું? ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એવા જે ચાર (એમાં) એક વિકારી પર્યાય અને ત્રણ અવિકારી દશા (છે). ત્રિકાળી ચૈતન્ય પરમાત્મા કારણસ્વરૂપ ભગવાન, જેને અહીંયાં શુદ્ધભાવ કહ્યો છે. એમાં એ વિકારી પર્યાય અને ત્રણ અવિકારી પર્યાય છે નહિ. એવો જે શુદ્ધ પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ ધ્રુવ, એનો આશ્રય કરવો અને એને ભજવો. સમજાણું કાંઈ? એનું ભજન કરવું. કોનું? કારણપરમાત્મા ધ્રુવ જ્ઞાયક, એના ઉપર દૃષ્ટિ દઈને એકાગ્ર થવું એનું નામ કારણપ્રભુનું ભજન કહેવામાં આવે છે. આ કારણપરમાત્માનું ભજન એ મોક્ષનો માર્ગ છે.

કહે છે, એ બોલ તો આમ હતા. '**સઘળુંય સુકૃત (શુભકર્મ)...**' એટલે કે ચાર પર્યાયનો આશ્રય કરતાં વિકલ્પ ઉત્પન્ન થાય છે. ઉદયભાવ તો વિકાર છે. આત્મામાં જે પુણ્ય અને પાપના ભાવ થાય એ તો ઉદયભાવ છે, એ તો વિકાર છે, પણ ત્રણ પર્યાય જે નિર્મળ થાય એનો આશ્રય કરતાં પણ વિકલ્પ ઊઠે છે, પણ એ વિકલ્પ શુભ ઊઠે છે. સમજાણું કાંઈ? એટલે કહે છે કે '**સઘળુંય શુભકર્મ...**' પુણ્યનો ભાવ એ શુભભાવ, એનાથી બંધાતું શુભકર્મ અને નિર્મળ પર્યાય જે થઈ, એનો આશ્રય કરવા જાય તો વિકલ્પ છે, એ પણ શુભભાવ છે. એ શુભભાવથી શુભકર્મ બંધાય છે.

'**સઘળુંય સુકૃત (શુભકર્મ) ભોગીઓના ભોગનું મૂળ છે;...**' મિથ્યાદૃષ્ટિ જીવને સ્વરૂપના આનંદની દૃષ્ટિ ને રુચિની ખબર નથી. એથી જે પુણ્ય અને પાપના ભોગમાં આસક્ત મિથ્યાદૃષ્ટિ છે એને એ પુણ્ય ભોગીઓના ભોગનું મૂળ છે. શું કીધું સમજાણું કાંઈ?

**શ્રોતા :-** જ્ઞાનીના તો બાકીને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાનીના બાકી. અહીં તો વાત ચાલે છે.

ભગવાનઆત્મા અતીન્દ્રિય સ્વરૂપનું મૂર્ત સ્વરૂપ છે. અતીન્દ્રિય સ્વરૂપરૂપ છે એ. એવો ભગવાનઆત્મા ધર્મી જીવને તો એ સ્વભાવને આશ્રયે આનંદ ભોગવવાની જ દૃષ્ટિ હોય છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ એ ધર્મીનું કાર્ય અને ધર્મની દશા છે. સમજાણું કાંઈ? ધર્મીની દૃષ્ટિ ત્રિકાળ આનંદ ઉપર હોય છે. એમ અહીં લેવું છે ને? એની ચાર પર્યાય ઉપર દૃષ્ટિ હોતી નથી. સમજાણું કાંઈ? દયા, દાનના વિકલ્પો એ ઉદયભાવ, ઉપશમભાવ થયો કે ક્ષયોપશમ કે ક્ષાયિક સમકિત આદિ. એ ચાર ભાવ ઉપર ધર્મીની ધર્મદૃષ્ટિ એ ઉપર નથી. ધર્મીની દૃષ્ટિ ધર્મી એવા ત્રિકાળ ભગવાન ઉપર એની દૃષ્ટિ છે.

**શ્રોતા :-** કારણપરમાત્મા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કારણપ્રભુ શુદ્ધભાવ અહીં જે કહેવો છે એ. શુદ્ધ ધ્રુવ સ્વભાવ કારણપ્રભુ. એના ઉપર દૃષ્ટિ ધર્મીની હોવાથી ધર્મીને શુભકર્મ જે અજ્ઞાનીને ભોગીના ભોગનું મૂળ છે, ધર્મી એ શુભભાવને છોડી દે છે. સમજાણું કાંઈ? ભોગી એટલે પુણ્ય અને પાપના... આ આત્મા અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ છે. સચ્ચિદાનંદ ત્રિકાળ આનંદ અને શાશ્વત આનંદનું ધામ છે. એવી જેને દૃષ્ટિ છે એને ધર્મી કહીએ અને ધર્મીને આનંદના અનુભવનું મૂળ એ આત્મા છે. ક્યાં ગયા પાટણી ક્યાં ગયા? ભાવનગર. સમજાણું કાંઈ?

અને ભોગીઓના ભોગનું મૂળ શુભકર્મ છે. અનાદિ અજ્ઞાની શુભભાવ, પુણ્ય-પાપ, દયા-ભાવ રાગ મંદ ભાવ એવાના આશ્રયે પડ્યો, એ ભોગનું મૂળ એ શુભભાવ છે, શુભકર્મ છે. એ ભોગીઓના ભોગનું મૂળ છે. મિથ્યાદૃષ્ટિ જેને આત્મામાં અતીન્દ્રિય આનંદ છે એવી દૃષ્ટિ થઈ નથી. એવો ચાહે તો બાહ્ય ત્યાગી હોય કે ચાહે તો બાહ્ય ભોગી હોય, પણ એની દૃષ્ટિ પુણ્ય અને પાપના રાગ પુણ્ય ઉપર, રાગ ઉપર છે, એથી રાગ ભોગીઓના ભોગનું મૂળ છે. એમ કહે છે. સમજાય છે કાંઈ?

અહીં તો રાગને જ આવી વિચારધારામાં વર્તતો હોય એને શુભરાગ હોય છે. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ તે બધા શુભ છે. આહાહા..! અને એ શુભ, પર્યાય જેને પ્રગટી ધર્મની એનો આશ્રય કરવા જાય તોપણ શુભરાગ આવે છે. એથી એ શુભરાગ ભોગીઓના ભોગનું મૂળ (છે). આનંદનો ભોગ જેને નથી અને જેને પુણ્ય અને પાપના ફળનો દુઃખનો ભોગ છે એવા ભોગીઓ મિથ્યાદૃષ્ટિ એને એ પુણ્યકર્મ કહો, શુભભાવ કહો એનું ભોગીના ભોગનું મૂળ એ શુભકર્મ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ધન્નાલાલજી! ભારે વાત, ભાઈ!

એવા '**ભોગીઓના ભોગનું મૂળ...**' પુણ્ય પરિણામ-શુભભાવ અને એનાથી બંધાતું શુભકર્મ. જેને ભગવાનઆત્મા અતીન્દ્રિય સ્વરૂપ કારણપ્રભુ, જેમાંથી અનંત આનંદનું કાર્ય

પ્રગટે એવો પરમાત્મા, એવી જેને અંતરદૃષ્ટિ અને અનુભવ નથી, એને તો એ પુણ્ય પરિણામ જ બધું સર્વસ્વ છે. આપણે કાંઈક કરશું, પામશું, સ્વર્ગ તો મળશે. સારા દેવલોકના દેવના ભોગ તો મળશે.

**શ્રોતા :-** એનાથી તો ભગવાને પાસે જાશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાન પાસે જાશે, ધૂળમાંય નહિ જાય. ઘણા કહે છે કે આપણે ભાઈ કાંઈક દેવના સુખ તો મળશે. એવા મૂઢ જીવને દેવના સુખમાં સુખાભાસને સુખ માને છે. એવા પુણ્યના અભિલાષી જીવ-પુણ્યના અભિલાષી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવ એના અભિલાષી જીવ ભોગીઓના ભોગનું મૂળ જ એ સેવી રહ્યા છે. આહાહા..! સમજાણું?

**શ્રોતા :-** એને આનંદનો ભોગ નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આનંદનો ભોગ નથી. એને આ પુણ્યના ફળનો ભોગ દુઃખરૂપ ભોગ. એની જેને કાંક્ષા છે. સ્વભાવની ભાવના નથી એથી રાગની ભાવના (છે), એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદકંદ છે. સમજાણું? એવું પરમાત્માનું નિજ સ્વરૂપ આત્માનું છે. એની જેને આનંદનો આશ્રય લઈને દૃષ્ટિ થઈ નથી એને તો આનંદનો ભોગ નથી. એને તો પુણ્યના ફળનો રાગ અને દ્વેષનો અનુભવ ભોગવટો છે. આહાહા..! એમાં એ ઠીક માને છે. વ્રત, દયા, દાન, ભક્તિ, પૂજાના ભાવ એ અમારે ઠીક છે. કંઈક કરશું તો પામશું. એ ભોગીઓના ભોગનું મૂળ એનો શુભભાવ છે. એય..! શેઠી! હળવે આવ્યું. ક્યાં ગયા? સમજાય છે કાંઈ?

**'પરમ તત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર ભવથી વિમુક્ત થવા અર્થે તે સઘળાય શુભ કર્મને છોડો...'** એમ કહે છે. અહીં તો (એમ કહે), શુભભાવથી સંવર થાય, શુભમાંથી નિર્જરા થાય, ક્ષાયિક સમકિત થાય. શુભભાવ કરશે ને એમાંથી ક્ષાયિક થાય. કાંઈ કરે છે કે નહિ? અરે..! શુભ કે અશુભ કરે છે કે નહિ? અશુભ છોડીને શુભ તો કરે છે કે નહિ? તો શુભનું કાંઈક ફળ હશે કે નહિ? અને ઓલા મોક્ષમાર્ગને શુભ કહે છે. એવો અર્થ પણ ઊંધો કરે છે ને પુણ્ય-પાપમાં? પુણ્ય-પાપમાં મોક્ષમાર્ગને શુભ કહ્યો છે ને ત્યાં? એ શુભ છે એટલે ભલો. એના અર્થમાં એ કહે છે કે જુઓ! પુણ્યને મોક્ષમાર્ગ કહ્યો છે. અર્થ પણ આવા કરે છે, કોણ જાણે શું ક્યાંથી? સમજાણું? ડાગળી ખસી જાય છે માણસની આ પાગલ હોય એને. ડાગળી સમજાય છે? અંદરથી મગજ ખસી જાય છે. ચિત્‌ભ્રમ ચિત્‌ભ્રમ થઈ જાય અંદર.

ભગવાનઆત્મા એનાથી વિરૂદ્ધ જે વિકારીભાવ, સ્વભાવભાવથી વિરૂદ્ધ જે વિકારીભાવ,

એવા શુભભાવની જેને કાંક્ષા છે એને ત્રિકાળ આનંદની ભાવના નથી એમ કહે છે અહીં. અને ત્રિકાળી આનંદ સ્વરૂપની જેને ભાવના નામ રુચિ અને એકાગ્રતા છે એને શુભભાવની કાંક્ષા નથી. સમજાય છે કાંઈ? એક મ્યાનમાં બે સમાય નહિ. જેને શુભભાવની ભાવના છે કે આનાથી કાંઈક થશે અને મળશે, એ મિથ્યાદષ્ટિ ભોગીના ભોગના મૂળને સેવે છે. આહાહા..!

કહે છે કે અરે..! એ '**પરમ તત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા...**' હે આત્મા! હે મુનિ! પરમ તત્ત્વ ભગવાનઆત્મા શુદ્ધ આનંદકંદ, એનો અભ્યાસ, એની એકાગ્રતાનો અભ્યાસ, એમાં નિષ્ણાંત, નિપુણ. શુદ્ધ આનંદસ્વરૂપમાં નિષ્ણાંત. બીજો નિષ્ણાંત ન હો ભલે બહારથી. સમજાય છે? શાસ્ત્રનું જ્ઞાન પણ વિશેષ ન હોય, દુનિયાના ડહાપણની વાત પણ ન હો, આહાહા..! ભાઈ! દુનિયામાં તો ડાહ્યાને મોઢા આગળ ખુરશીએ બેસાડે છે. એય..! ખુરશી ત્યાં જુઓને પુસ્તક દેવા માટે ત્યાં બેસાડ્યા. એય..! નરસિંહભાઈ! હતા તમે? હતા નહિ હમણાં? અહીં તો દુનિયામાં તો ભાઈ પૈસાવાળા અને બુદ્ધિવાળાને મોઢા આગળ કરે. અહીં તો કહે છે ના, એમ નહિ. નીચે બધા બેઠા, ત્યાં બેઠા.

'**પરમ તત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા...**' આ તો દાખલો આપ્યો, હોં! સિદ્ધાંત સમજવા માટે. એ કાંઈ.. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો કંદ જેમાં અતીન્દ્રિય આનંદથી છલોછલ લવોલવ ભરેલો ભગવાન છે. આહાહા..! પણ ક્યાં એને ક્યાંય નજર કરતો નથી. ત્યાં નજર કરતો નથી. છે ત્યાંની ખબર નથી. સમજાણું? અને આમ બહારને બહાર ફાંફાં મારે. આમ જાણે ધૂળમાં ને ક્યાંકમાં ને અહીં ને ત્યાં ને. સમજાણું કાંઈ? અહીં તો ત્યાં સુધી કહે છે કે આ બહારના ભણતર, બહારની શ્રદ્ધા અને બહારનું આચરણ રાગનું, એના ઉપર જેની ભાવના છે એ ભોગીઓના ભોગનું મૂળ એ મિથ્યાદષ્ટિ એને માને છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**પરમ તત્ત્વના અભ્યાસમાં...**' મુનિ ધર્માત્મા આનંદકંદનો સ્વભાવ જેનો છે. સમજાણું? કાલે ઓલું નામ સાંભળ્યું ને? .. છે ને. શું કીધું? ચિરોડી કેવી? ચિકુહરી. કાલે સાંભળ્યું કોઈ દિ' સાંભળ્યું નહોતું. લાખો મણ થાય છે જામનગર પાસે. ચિકુહરી કંઈક થાય છે. ભુક્કો કોફીમાં નાખે છે. કંદમૂળ છે. જુઓ, એનો કસ કેટલો હશે અંદર ઓલું નાખે એનો. ધૂળના રજકણમાં.. લાખો.. વેપારી આવ્યો હતો, કહે, લાખો મણ પાકે છે જામનગર પાસે. આપણે નામ પણ સાંભળ્યું નહોતું. અહીં તો બહુ પાકે છે કહે છે. ચીકુહરિ કોઈ હશે એનો ભુક્કો કરીને. મોટી કંદમૂળ જેવી ચીજ. આટલા આટલા ભૂકો કરીને ચામાં નાખતા હશે. કોફીમાં.

આ ભગવાનની અંદરમાં ગાંઠ એવી પડી છે... કહે છે, ઓલો કંદ તો બહારની ચીજ

છે. આ તો આનંદકંદ છે. આહાહા..! આત્મા અતીન્દ્રિય આનંદકંદ છે. ઓલો કંદ ઊંડે હોય છે ને ધૂળમાં? ત્યાં પાકે કે નહિ? આ અંતરમાં આનંદકંદ પડ્યો છે પ્રભુ. આહાહા..! અંતર્મુખ આનંદકંદ છે. એવા અંતર્મુખમાં પડેલો ભગવાન, એનો જેને અભ્યાસ છે, જેના અભ્યાસમાં નિપુણ છે. આહાહા..! ચૈતન્ય સ્વભાવનું અંતર્મુખ ઘોલન કરવામાં જે નિપૂણ છે, અંતર તત્ત્વને જોવામાં જેણે માર્ગ ભાળ્યો છે, એવા '**ચિત્તવાળા મુનિશ્વર,...**' એવા ધર્માત્મા જીવો '**ભવથી વિમુક્ત થવા...**' ભવથી અભાવ થવા '**અર્થે તે સઘળાય શુભ કર્મને છોડો...**' ચાહે સો તીર્થંકરગોત્ર પણાનો ભાવ હો, પણ એ ભાવને દૃષ્ટિમાંથી છોડો. આહાહા..! ભારે વાત કઠણ જગતને લાગે.

પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ શુભાશુભ પરિણામથી રહિત ટકાવી રાખ્યું છે ત્રિકાળ. એવા તત્ત્વના અભ્યાસી જીવો એવા શુભકર્મને છોડો. છોડીને કરવું શું? એ તો વ્યય કીધો. '**સારતત્ત્વસ્વરૂપ એવા ઉભય સમયસારને ભજો.**' સારતત્ત્વસ્વરૂપ. ભગવાનઆત્મા પૂર્ણ આનંદસ્વરૂપ એવો કારણસમયસાર અને એના ફળરૂપે કાર્યસમયસાર એવા ઉભય સમયસારને ભજો. સમજાણું કાંઈ? કારણરૂપ ભગવાન ત્રિકાળ અને પ્રગટરૂપ થાય કાર્ય એનું ભજન એટલ એનું લક્ષ રાખીને અહીં સ્વભાવનો આદર કર. કાર્યપરમાત્માને પ્રગટ કર. પ્રગટ કરવામાં કાર્ય પરમાત્મા અને પ્રગટ કરવાનું સાધન કારણ પરમાત્મા. સમજાણું કાંઈ? પ્રગટ કરવાનું કાર્ય પરમાત્મા, પ્રગટ કરવાનું કાર્ય કાર્યપરમાત્મા એટલે કેવળજ્ઞાન. એ પ્રગટ કરવાની ઉત્પત્તિ અને ઉત્પત્તિ એની કરવી એમ કહે છે. રાગની નહિ, મોક્ષમાર્ગની નહિ. મોક્ષની ઉત્પત્તિ કરવાનું કાર્ય એને ભજ. ઉત્પત્તિ એની કર અને એના કારણરૂપે સમયસારને ભજ. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? '**એમાં શો દોષ છે?**' એટલે શું? એ શુભકર્મ-ભાવ છોડે છે એમાં દોષ શો? એ તો નિર્દોષ થયો. એમ કહે છે. અરે..! આવો વ્યવહાર છોડે? વ્યવહાર છોડે? એમ કહે છે. વ્યવહાર છૂટે? પંચમહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણ વ્યવહાર છોડવો? પણ વ્યવહાર છોડે દોષ શું છે? વ્યવહાર છોડીને ઠરે છે અંદર. એમ કહે છે. સમજાણું કાંઈ?

લ્યો, એ ૪૧માં શ્લોકમાં આત્મામાં ક્ષાયિકભાવ નથી આદિની વ્યાખ્યા કરી છે. આહાહા..! એ વાંચીને એક સાધુ કહેતો હતો બિચારો, અરે..! ક્ષાયિક ભાવ આત્મામાં નહિ? ક્ષાયિકભાવ તો સિદ્ધને હોય. સમજાણું? અરે..! સિદ્ધને પણ એ પર્યાય છે. વસ્તુ ત્રિકાળ આનંદકંદમાં એ પર્યાય ક્યાં ગરી ગઈ હતી અંદર. આહાહા..! એવા કારણપ્રભુ, શુદ્ધ ચૈતન્યપ્રભુનું ભજન કર, એમાં એકાગ્ર થા. એ પરમાત્માની ભક્તિ સાચી છે અને કાર્યપરમાત્માને ઉત્પન્ન કરવા માટે આ ભજ. સમજાણું કાંઈ? કોઈ સ્વર્ગનું સુખ મેળવવા માટે છે નહિ. સામે વાત કરી. લ્યો, એ અધિકાર પૂરો થયો.

૧૫૯ ગાથા. ગાથા-૧૫૯. એ મૂકી દીધું હતું વચમાં. 'નિયમસાર' નથી વિશેષ બીજા?

થઈ રહ્યા? 'નિયમસાર' થઈ રહ્યા બધા? 'નિયમસાર' છે કે નહિ? અહીં લાવોને. દયોને. બીજા પડ્યા હશે ત્યાં. મૂકી દીધો હતો. ઓલું હતું ને. બહુ ઝાઝા માણસ (હતા). કહો, હીરાભાઈ! આ મુંબઈની તકરારીનું. એક ખુલાસાનું એક આવી ગયું અને આ બીજો ખુલાસો આવે છે હવે.

**શ્રોતા :-** બીજો કહો છે ને આ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બે સાંભળ્યા હતા આપણને ખબર નથી. એક ખુલાસો આવ્યો અને એક હવે આમાં આવે છે. બીજી તો કાંઈ ખબર નથી.

શુદ્ધોપયોગ અધિકાર. આ અધિકારનું નામ શુદ્ધોપયોગ. એ શુદ્ધોપયોગ એટલે જે મોક્ષનો માર્ગ શુદ્ધોપયોગ એ આ નહિ. શુદ્ધઉપયોગ એટલે કેવળજ્ઞાનની પૂર્ણ દશાને અહીંયાં શુદ્ધોપયોગ કહેવામાં આવે છે.

**શ્રોતા :-** બધે ઠેકાણે અર્થો જુદા આવે, અમારે સમજવો ક્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ૧૫૯ ગાથા. ત્યાં ૧૫૮ સુધી આવી ગઈ છે. આ અધિકાર બાકી રાખ્યો હતો. બે ગાથાનો અધિકાર .. અજીવનો અને વ્યવહારનો.

આ મોક્ષમાર્ગ જે પ્રાપ્ત થયો સ્વભાવને આશ્રયે, એના ફળરૂપે પ્રગટ જે પૂર્ણ શુદ્ધ ઉપયોગ થાય, શુદ્ધ આચરણની પૂર્ણ દશા-કેવળજ્ઞાન, કેવળદર્શનનો આ અધિકાર છે. કહો, સમજાણું કાંઈ? માર્ગની વ્યાખ્યા કહી ગયા. હવે માર્ગના ફળમાં દશા કેવી હોય? માર્ગના ફળમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન એનું સ્વરૂપ કેવું? એની વ્યાખ્યા આમાં છે. એ રીતે આત્માનો સ્વભાવ પણ સ્વપરપ્રકાશક અત્યારે પણ છે એમ એમાં ભેળું સિદ્ધ કરવા માગે છે. સમજાણું કાંઈ?

શુદ્ધોપયોગ અધિકાર. '**હવે સમસ્ત કર્મના પ્રલયના હેતુભૂત શુદ્ધોપયોગનો અધિકાર કહેવામાં આવે છે.**' કેવળજ્ઞાન અને કેવળદર્શન એને અહીંયાં શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. એની અહીંયાં અધિકારની શરૂઆત કરે છે.

**जाणदि पस्सदि सव्वं ववहारणएण केवली भगवं।**
**केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं।।१५९।।**
**જાણે અને દેખે બધું પ્રભુ કેવળી વ્યવહારથી;**
**જાણે અને દેખે સ્વને પ્રભુ કેવળી નિશ્ચય થકી. ૧૫૯.**

જુઓ, આમાં મોટી તકરારભૂત વાત છે ને. જૈનમતમાં પણ એક મત નીકળેલો છે એ એમ કહે છે કે કેવળજ્ઞાન અને કેવળદર્શનનો ઉપયોગ ક્રમે હોય છે, એક સાથે હોતો નથી. સમજાય છે કાંઈ? શ્વેતાંબરમતના મૂળ શાસ્ત્રમાં એ લખાણ છે કે કેવળજ્ઞાન અને કેવળદર્શનનો ઉપયોગ એક સાથે બે ન હોય. તો એ તત્ત્વનો વિરોધ છે. કેમકે કર્તા એક આત્મા અને કર્તાના ગુણ જ્ઞાન અને દર્શન બે અને એનું કાર્ય એક સમયમાં બે ન હોય

તો કર્તા એક, એના કાર્ય બે-બે ગુણના હોવા જોઈએ. એને ઠેકાણે એક કાર્ય ઉપયોગનું અને એક કાર્ય લબ્ધનું કહે છે. જ્ઞાનનો ઉપયોગ હોય ત્યારે દર્શનનો ન હોય, કેવળીને હોં! છદ્મસ્થને તો અહીં કહે છે. સમજાણું કાંઈ?

ત્રણ અભિપ્રાય છે અત્યારે. એક અભિપ્રાય એવો કે કેવળજ્ઞાનના વેપાર ટાણે દર્શનનો ઉપયોગ ન હોય અને કેવળદર્શનનો ઉપયોગ હોય ત્યારે કેવળજ્ઞાન ન હોય. એક. બીજાનો એક મત છે કે કેવળજ્ઞાન અને કેવળદર્શન બે ઉપયોગ નથી, પણ એક સમયે બે થઈને એક જ ઉપયોગ છે. એવો એક સિદ્ધસેન દિવાકરનો અભિપ્રાય છે. સમજાય છે કાંઈ? આ ગુણનું કાર્ય કેવું પૂર્ણ એની વાત ચાલે છે. આહાહા..!

ભગવાનઆત્મા કેવળજ્ઞાન અને કેવળદર્શન, માર્ગને સેવીને જે ફળરૂપે પ્રગટ કર્યો, એ કેવળજ્ઞાન અખંડ અભેદ કેવી ચીજ છે? એનું વર્ણન છે. એમાં એમ કોઈ કહે કે એક સમયમાં કેવળજ્ઞાન અને બીજે સમયે કેવળદર્શનનો ઉપયોગ (છે), તો એમ હોઈ શકે નહિ, ખંડ-ખંડ થઈ ગયું. તેમ બીજો કોઈ એમ કહે કે એક સમયે બે ઉપયોગ નહિ, ઉપયોગ એક જ છે. તો બે ગુણ રહેતા નથી. એ પણ ખોટું છે.

ત્રીજો મત. અહીં ચોથા મતની વાત છે. હીરાભાઈ! ત્રીજો ક્યો? ત્રીજો એવો એક મત છે આપણે ધવલ, જયધવલ આદિમાં કે જ્ઞાન પરને જાણે અને દર્શન સ્વને દેખે. એવો અભિપ્રાય છે ત્યાં એક, ધવલ, જયધવલમાં. એ ગુણભેદની અપેક્ષાએ વ્યવહારનયે બરાબર છે. સમજાણું કાંઈ? અહીં અભેદ દૃષ્ટિમાં એક જ સમયે જ્ઞાનનો વેપાર, દર્શનનો વેપાર સ્વપરને જાણવાનો, જ્ઞાનનો સ્વપર જાણવાનો, દર્શનનો સ્વપર જાણવાનો, આત્માનો સ્વપર જાણવાનો.

**શ્રોતા :-** એ ચોથો પ્રકાર?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ચોથો પ્રકાર. સમજાય છે કાંઈ?

મોક્ષમાર્ગમાં તો ફેર છે અજ્ઞાનીને પણ હવે એના ફળની વાતું કરે એમાં માર્ગ સમજ્યો નથી તો એના ફળના કાર્યમાં પણ ફેર માને છે. એમ કહે છે. સાચો મોક્ષમાર્ગ જો પ્રગટ્યો હોય તો તો એના ફળ તરીકે અખંડ કેવું હોય એ એના ખ્યાલમાં હોય છે. પણ વસ્તુ તરીકે ભગવાનઆત્મા, શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અભેદ નિર્વિકલ્પ રત્નત્રય કે સમાધિ, એના જો સેવન હોય તો એના ફળ તરીકે કેવળજ્ઞાન અને કેવળદર્શન સ્વપરપ્રકાશક... એક એક દરેક ગુણ સ્વપરપ્રકાશક છે અને આત્મા પણ સ્વપરપ્રકાશક છે. કેમકે આત્મા અને જ્ઞાન જુદાં નથી, આત્મા અને દર્શન જુદાં નથી અને જ્ઞાન અને દર્શન જુદાં નથી. સમજાણું કાંઈ? નવો અધિકાર લીધો છે આ મોક્ષમાર્ગમાં. કહો, હીરાભાઈ!

**'ટીકા :- અહીં, જ્ઞાનીને...'** એટલે આત્માને. ટીકા. અહીં આત્માને. જ્ઞાની એટલે

આત્મા, સર્વજ્ઞ. આ સર્વજ્ઞનું સ્વરૂપ શું? અત્યારે વળી એક પાંચમો બોલ એવો ચાલે છે કે કેવળજ્ઞાની એ જે સમયે નિમિત્ત કેવું આવશે ત્યારે કેવી પર્યાય થાશે એને અનિયત તરીકે દેખે છે વળી એમ કહે છે. સમજાણું કાંઈ? ધન્નાલાલજી! અકાળે મૃત્યુ. જો ભાઈ કેવળી એને અકસ્માત અકાળ ક્યા સમયે દેહ છૂટવાનો છે એમ નથી છૂટતો પણ અકાળે છૂટે છે, ભગવાન એમ જાણે છે. ભગવાન એમ જાણતા નથી. ભગવાન તો એને સ્વકાળે દેહ છૂટે તે કાળે એને બધું જ્ઞાન પહેલેથી હોય છે. સમજાણું કાંઈ?

સમય એક વધે ન ઘટે. આવે છે ને, ક્યાંક આવે છે એ. એમાં જ આવે છે. વીતરાગ. 'જો જો દેખી વીતરાગને' એમાં આવે છે. બઢે ન ઘટે એમાં જ આવે છે, નહિ? છે કે નહિ? કાઢો તો ખરા. અને 'પદ્મનંદી પંચવિંશતિ'માં પણ એમ આવે છે. એક સમયમાત્ર પણ આઘુંપાછું આયુષ્ય થાય એમ ત્રણ કાળમાં બનતું નથી. જે સમયે દેહ છૂટવાનો તે ક્ષણે છૂટે એમ કેવળજ્ઞાની એક સમયમાં પહેલેથી ત્રણ કાળ જાણે છે. પહેલેથી ત્રણ કાળ જાણે છે. સમજાણું? આ ઉપાદાનમાંથી વાંધા ઊઠ્યા છે. ઉપાદાન એટલે જે સમયે જે દ્રવ્યની પર્યાય થવાની છે તે સમયે પોતાથી થાય છે, તે સમયે તેને અનુકૂળ નિમિત્ત હોય છે. અનાદિ કાર્ય છે અને અનાદિ એના નિમિત્ત પણ છે. આઘુંપાછું કાર્ય થાય કે આઘુંપાછું નિમિત્ત હોય એમ બનતું નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અકાળમૃત્યુ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અકાળ મૃત્યુ નિમિત્તથી કથન છે. એ જાતના રજકણો એ જ સમયે છૂટવાનો કાળ છે એની અપેક્ષાએ. પૂર્વે બાંધેલું છે એ અપેક્ષાથી. સમજાણું કાંઈ? જુઓ, આમાં લખ્યું છે જુઓ. 'જો જો દેખી વીતરાગને સો સો હોસી...' આનો અર્થ ફેરવી નાખે છે હવે અત્યારે. એમ નહિ. ત્યારે? 'સો જો હોશી વીરા રે' 'જ્ઞેયમાં જો હોશી વીરા રે સો દેખી વીતરાગને.' આ અર્થ આવી ગયા છે આમાં. છપાઈ ગયેલા છે બધા આમાં. પત્રોમાં. આહાહા..! એમ રહેવા દયો, કહે. ત્યારે 'જો જો હોશી જ્ઞેયમાં તે તે દેખે વીરા રે' વીતરાગ તે તે પણે દેખે. કોણ જાણે સર્વજ્ઞનું આખું તત્ત્વ જ ઉડાડી દેવું છે.

જો જો દેખ્યો વીતરાગને સો સો હોશી વીરા રે.
બીન દેખ્યો હોશી નહિ ક્યોંહી કાહે તું હોત અધિરા રે.
સમયો એક બઢે નહિ ઘટશી, જો સુખ દુઃખકી પીડા રે.

એક સમયે જ્યાં સુખ અને દુઃખનો સંયોગ જે પ્રકારે બનવાનો તે બન્યે જ છૂટકો છે. આહાહા..!

સમયો એક બઢે નહિ ઘટશે સો સુખ દુઃખકી પીડા રે.
તું ક્યોં સોચ કરે મન કુડો, હોય વજ્ર જો હીરા રે.

લગે ન તીર કમાન બાન કૌન માર સકે નહિ મીરા રે.

તું સંભાળ પુરુષ બળ અપનો સુખ અનંત તો પીડા રે.

તારા સ્વભાવને સંભાળ. દષ્ટિ ત્યાં કર. જે પર્યાય જ્યાં થવાની તે થશે. એનો નિર્ણય જ્ઞાયક ઉપર દષ્ટિ જાય છે ત્યારે તેને નિર્ણય થાય છે કે જે સમયે જે થવાનું તે થાય છે. સમજાણું કાંઈ? 'નિશ્ચય ધ્યાન ધરું...' એનો અર્થ જુદો કર્યો છે, ભાઈ! એમ કહે છે, જુઓ, પાછો પુરુષાર્થ કીધો છે એણે. પણ એનો અર્થ એ છે કે જે પર્યાય જ્યાં થવાની તે થાય એનો નિર્ણય કરનારનો ઉપયોગ જ્ઞાયકમાં જાય. સમજાણું કાંઈ? ભારે વાંધા. મોટા પંડિતો નામ ધરાવીને એટલા લખે છે. જૈનદર્શનમાં, જૈન ગેજેટમાં. ઓહોહો..!

'નિશ્ચય ધ્યાન ધરો આ પ્રભુ કો...' એમ કે થવાનું હોય ત્યારે (થશે એમ હોય તો) આ ધ્યાન કેમ કીધું પાછું? પણ એનો અર્થ એ થયો કે જે થવાનું થાય તેનું ધ્યાન ન રાખ હવે. એનું ધ્યાન (નહીં), તું તારું (ધ્યાન) રાખ. આહાહા..! સમજાય છે કાંઈ? 'ભૈયા ચેત ધરમ નિજ અપનો જો તારે ભવ નીરા રે.' ભવનીર તરવા માટે ભગવાનઆત્મા પર્યાય તો ક્રમસર જેની જે ભગવાને દેખી તે થાય છે. હવે તારે કરવાનું શું રહ્યું? પરની ક્રિયા કરવી નથી, રાગ થાય તેને કરવો નથી અને સ્વભાવની અવસ્થા કરું એવો વિકલ્પ ઊઠાવવો નથી. એટલે તારે રહ્યું જ્ઞાયક સ્વભાવ ઉપર દષ્ટિની એકાગ્રતા કરવાની છે, એનું નામ ધ્યાન કહેવામાં આવે છે. અમરચંદભાઈ! આ છે. સમજાય છે? સમજાણું કાંઈ?

'**જ્ઞાનીને સ્વ-પર સ્વરૂપનું પ્રકાશપણું કથંચિત્ કહ્યું છે.**' આ પહેલી લીટી. શું કહ્યું? આત્મામાં સ્વપર સ્વરૂપનું પ્રકાશપણું કથંચિત્ એટલે? નિશ્ચયથી સ્વને જાણે, વ્યવહારથી પરને જાણે. જ્ઞાન પણ સ્વને જાણે, દર્શન પણ સ્વને જાણે. એમ જ્ઞાન પણ પરને જાણે, દર્શન પણ પરને જાણે. એવું સ્વપર સ્વરૂપનું પ્રકાશપણું કથંચિત્ કહ્યું છે. સમજાણું કાંઈ?

'**पराश्रितो व्यवहारः**' જુઓ! આ શબ્દ. એ બંધ અધિકારમાં છે. 'સમયસાર' બંધ અધિકાર. 'અમૃતચંદ્રાચાર્યે' આ શબ્દ '**पराश्रितो व्यवहारः**' (નાખ્યો છે). અહીં બીજી વ્યાખ્યા છે, ત્યાં બીજી (છે). ત્યાં એમ છે કે પર આશ્રયે જેટલા વિકલ્પ ઊઠે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ એ વ્યવહારનો નિષેધ કરવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? પરાશ્રિત જેટલી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ કે શાસ્ત્રનું જ્ઞાન એ બધું પરાશ્રિત છે. એનો નિષેધ છે, પ્રતિષેધ્ય છે. ભગવાનઆત્મા નિશ્ચય તેને પ્રતિષેધ કરે છે. ત્યાં એ અધિકાર છે.

અહીં બીજી વાત છે. સૂત્ર એ છે. '**पराश्रितो व्यवहारः**' '**(વ્યવહાર પરાશ્રિત છે)**' એટલે? '**એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, વ્યવહારનયથી...**' આ પરને જાણે એ વ્યવહારથી છે. કેમકે પરને જાણતા પરમાં તન્મય થતો નથી. કેવળજ્ઞાની લોકાલોકને જાણતા લોકાલોકમાં એકરૂપ થતાં નથી. માટે, પરને જાણે તે વ્યવહાર છે એમ કહેવામાં આવે છે, આહાહા..!

પણ પરનું જાણવું એનામાં નથી એમ નહિ. સમજાણું કાંઈ?

'**વ્યવહારનયથી તે ભગવાન પરમેશ્વર...**' પરમ ઈશ્વર પરમાત્મા કેવળજ્ઞાની. દેવને પણ જેવા છે એવા જાણવા પડશે ને કાર્ય-મોક્ષ દશા. સમજાણું? જેને મોક્ષ દશાના કાર્યની ખબર નથી એને વાસ્તવિક તત્ત્વની (ખબર નથી). કારણ કે મોક્ષતત્ત્વ આવે છે ને, સાત તત્ત્વની શ્રદ્ધામાં. તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. તો મોક્ષતત્ત્વમાં કેવળજ્ઞાન આવી જાય છે. મોક્ષતત્ત્વની જેને શ્રદ્ધા કરવી હોય એને કેવળજ્ઞાન, કેવળદર્શન વ્યવહારે શું અને નિશ્ચય શું અને એક સમયમાં પોતાને જાણે, પરને જાણે એ શું? એનું એણે નક્કી કરવું જોઈએ. સમજાણું કાંઈ?

ભગવાન પરમેશ્વર '**પરમભટ્ટારક આત્મગુણોનો ઘાત કરનારાં...**' જુઓ ભાષા. ઘાતિ. ટૂંકી વાત કરવી એટલે શું. '**આત્મગુણોનો ઘાત કરનારાં ઘાતિકર્મોના નાશ વડે...**' એમ કહે છે પાછા. એ બેય વ્યવહારના વચન છે. વ્યવહાર પરાશ્રિત છે તો માથે ઉપાડ્યું પહેલું. આત્મગુણો પોતાની વર્તમાન અવસ્થાને ભાવ-ભાવકર્મ વડે અજ્ઞાન વડે પોતે ઘાતે છે ત્યારે જડ કર્મ એને ઘાતે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ! અને એ ઘાતિ કર્મનો નાશ કર્યો એ પણ વ્યવહારકથન છે. કાંઈ જડ કર્મનો આત્મા કર્તા-હર્તા નથી. આહાહા...! સમજાણું કાંઈ?

'પંચાધ્યાયી'માં મૂક્યું છે ભાઈ! કર્તાકર્મ નહિ? કે કર્મ નોકર્મને કરે એ નયાભાસ છે, મિથ્યાદૃષ્ટિ છે એમ કહ્યું છે ત્યાં. કારણ કે એ પરદ્રવ્ય છે. કર્મ-આઠ કર્મ અને શરીરની ક્રિયા એના પર્યાયને આત્મા કરે એ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. કેમકે પરદ્રવ્યની પર્યાય આત્મા કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. હવે એ વાત કહે કે, નહિ. પરદ્રવ્યનું કાર્ય ન કરે, એમ કાર્ય કરી શકે નહિ એમ માને એ દિગંબર જૈન નથી, લ્યો. ઈન્દોરમાં એમ બોલાણું હતું. એય..! પૂનમચંદજી! ઈન્દોરમાં બોલાણું હતું એવું. ખબર છે? એને ક્યાં ખબર હોય. સભામાં બોલાણું હતું ત્યાં, પંડિતો આવ્યા હતા રાત્રે. પરનો કર્તા ન માને તે દિગંબર જૈન નહિ. એને ખબર ન હોય.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તમે લખ્યું હતું પણ એને ખબર ક્યાં છે? ના પાડે છે. તમે જ કાગળમાં લખ્યું હતું અહીં અમને. આટલા પંડિત હતા અને એમાં આ વાત થઈ હતી. અહીં આવ્યું હતું લખાણ. પણ એટલું યાદ ક્યાંથી રહે? સમજાણું કાંઈ?

અહીં એ કહે છે કે ઘાતિકર્મનો નાશ કર્યો એ વ્યવહારનયનું વચન છે. કર્મ જડ છે એની પર્યાયને નાશ કરું એટલે વ્યય કરું કે એને ઉત્પાદ કરું. એ મિથ્યાદૃષ્ટિ માને છે. અહીં તો ફક્ત પોતાના જ્ઞાયક સ્વભાવનો આશ્રય લઈ... એમાં પણ વાંધા કરે લ્યો. કેવળજ્ઞાનાવરણી

ક્ષય થાય તો કેવળજ્ઞાન થાય એમ કહો. કેવળજ્ઞાન થાય તો કેવળજ્ઞાનાવરણી ક્ષય થઈ જાય એને કારણે, એમ નહિ. ભારે વાંધા પણ માણસને. તોફાની ક્લેશ્યો છોકરો હોય તો બધે ઠેકાણે ક્લેશ જ કરે. અર્થ ન આવડે અર્થ. ઓલું નથી આવતું? આવે છે ને એ? 'સમજાવ્યો સમજે નહિ કરે કાંઈનું કાંઈ, ફાનસ સળગાવા કહ્યું, નાખ્યું ભડકામાંય.' સમજ્યા કે નહિ પંડિતજી? નહિ સમજ્યા?

ફાનસ હોય છે ને ફાનસ? ફાનસ એટલે શું? એને કોઈએ કહ્યું કે આ ફાનસ સળગાવો. સળગાવો સમજ્યા? સળગાવો. તમે શું કહ્યું હતું? જલા દો. અમારે એક છોકરી હતી નાની ત્યાં બોટાદમાં. પોપટભાઈના દીકરાની દીકરી. એમ બોલતી સાત વર્ષની છોડી. 'સમજાવ્યો સમજે નહિ કરે કાંઈનું કાંઈ.' સાત વર્ષની છોડી હતી. બિચારી બહુ હોશિયાર હતી. ક્ષય થઈને મરી ગઈ, લ્યો. સાત વર્ષની છોડીને ક્ષય થઈને મરી ગઈ. આ બોલતી એ. એના દાદાએ શીખવેલું. 'ફાનસ સળગાવો કહ્યું, નાખ્યું ભડકામાંય.' અગ્નિ સળગતી હતી ત્યાં. સળગાવો કીધું ને તમે? જલાવો કહ્યું હતું કે નહિ?-હા. અગ્નિમાં નાખી દીધું. પોપટભાઈ! પણ સળગાવાની વ્યાખ્યા શું? કે ભાઈ! દીવો છે હજી એમાં બળ્યું નથી તો દીવાસળીથી એને પ્રગટાવ. એમ કહ્યું હતું. સળગાવો એટલે ફાનસને અગ્નિમાં નાખી દેવુ? કેસરીચંદજી! આવા અર્થ કરે છે બધા. ફાનસ સળગાવો કીધું નાખ્યું ભડકામાંય. ભડકો સમજ્યાને? જ્વાળા-અગ્નિમાં નાખ્યું. શું કર્યું? ફાનસ સળગાવાનું કહ્યું ને તમે? સળગાવો કહ્યું એટલે એ તો અંદર બત્તી લગાવ એમ કહ્યું હતું. દીવાસળી લગાવ. નાખી દેવાનું આ? આવા ને આવા અર્થ સમજ્યા વિના (કરે).

એમ અહીં ઘાતિકર્મનો નાશ, પર કર્મનો નાશ આત્મા કરે એ તો નિમિત્તના કથન છે. અહીં નાશ થાય, અશુદ્ધતાનો નાશ થાય એટલે કર્મની પર્યાયનો નાશ થવાને લાયકથી એને કારણે નાશ થાય. સમજાય છે કાંઈ? આહાહા..! એવા '**ઘાતિકર્મોના નાશ વડે પ્રાપ્ત સકળ-વિમળ કેવળજ્ઞાન...**' લ્યો! એ સકળવિમળ, સકળવિમળ. આહાહા..! પૂર્ણ વિમળ. '**કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે...**' ભગવાન કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે. આહાહા..! '**ત્રિલોકવર્તી...**' ત્રિલોકવર્તી '**તથા ત્રિકાળવર્તી...**' બે શબ્દ પડ્યા. ત્રિલોકવર્તી ઊર્ધ્વ, મધ્ય અને અધો. એમાં જે કાંઈ દ્રવ્ય-ગુણ-પર્યાય છે તેને અને ત્રિકાળવર્તી-ત્રિકાળવર્તી-ત્રણ કાળમાં વર્તનારા. કહો, ત્રિકાળવર્તીને એક સમયમાં જાણે છે કે નહિ ભગવાન? કે ત્યાં વર્તશે ત્યારે જાણે છે અત્યારે?

**શ્રોતા :-** ઈ એને અનિયત તરીકે જાણે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનિયત પણ હોય નહિ ને અનિયત ક્યાંથી જાણે? જાણે છે કે નહિ આ સમયે આ પર્યાય થાશે? નથી જાણતા?

**શ્રોતા :-** વિકારી પર્યાયને અનિયત જાણે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિકારી પણ શી રીતે? આ એક (શબ્દ છે) ત્રિકાળવર્તી. ત્રિકાળવર્તીમાં શું આવ્યું? કે જે દ્રવ્યને ત્યાં આગળ વિકારી પર્યાય તે સમયે વર્તવાની છે, થવાની છે અને નિમિત્ત છે એને અહીં જાણે છે પહેલેથી. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** વિદ્વાનો અર્થ કરે એ સાચા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાઈ! વિદ્વાન તે કોને કહેવા આમાં? વસ્તુસ્થિતિ હોય એમ થાય એ વિદ્વાન કહેવા કે વિત્ત-વાન એટલે વાસ્તવિક જ્ઞાનવાળા. સમજાણું કાંઈ?

કુંડલામાં એમ થયું હતું ને? (સંવત) ૨૦૦૬ની સાલમાં. કુંડલા છે ને આ કુંડલા, જગજીવનભાઈનું. કુંડલા છઠ્ઠી સાલ. સોળ વર્ષ થયા. હવે અહીંથી ચાલે એટલે લાવ્યા. આ જગજીવનભાઈ પક્ષમાં ભળ્યા અને અગ્રેસર માણસ. ૨૦૦ માણસ લઈને આવ્યા સામા. ૨૦૦ માણસ ચર્ચા (કરવા લાવ્યા). વાત ખોટી પાડવા. પ્રશ્ન ચાલ્યો. શું છે? ઉપાદાનથી થાય છે પોતાની પર્યાય અને નિમિત્ત છે, એ વખતે હોય છે, બસ. પછી પ્રશ્ન મૂક્યો કે ભગવાન છે કે નહિ કેવળજ્ઞાની? કેવળજ્ઞાની જાણે છે કે નહિ? કે આ સમયે આ દ્રવ્યની આ પર્યાય થશે અને એ સમયે આવું નિમિત્ત છે એમ ભગવાન જાણે છે કે નહિ? ત્યારે ઓલો જે ચર્ચા કરવા આવેલો, કહે ના. થાય ત્યારે જાણે. તો એમાંથી એક માણસ બોલ્યો કે ના, ભાઈ! અમારે માન્ય નથી એ વાત. એમાંથી બાલ્યો. ૨૦૦ માણસ લઈને આવ્યા હતા. તમે હતા કે નહિ? તમે નહોતા? છઠ્ઠી સાલમાં. ભગવાનજી બોલ્યા હતા. પ્રેમચંદભાઈના વેવાઈ હતા.

મેં કીધું, કેમ છે? જુઓ, શાંતિથી લ્યો. દ્રવ્યની પર્યાય જે સમયે થવાની છે ત્યારે થાય છે, ત્યારે નિમિત્ત પણ છે. એ ભગવાને જાણ્યું છે કે નહિ પેહેલેથી કે ભવિષ્યમાં આ સમયે આ અવસ્થા થશે?-ના. ભગવાન થાય ત્યારે જાણે. ત્યારે બીજો બોલ્યો કે ના, એવું અમારે માન્ય નથી. કેવળજ્ઞાન તો એક સમયમાં જે સમયે થશે તે પહેલેથી જાણે છે. એ વાંધા ઊઠ્યા. પછી સામો બોલ્યો કહે ના, એ વાત મૂકી દયો, મહારાજ! એ વાત મૂકી દયો. સામાવાળા કહે, ના. એ પહેલું નક્કી કરો. એમાંથી તો તારું નક્કી થાશે ઉપાદાનનું. મૂકી ક્યાંથી દે? એ વાત મૂકી દયો અને બીજી વાત લ્યો. શેની મૂકી દે?

કેવળજ્ઞાનની એક સમયની પર્યાય જે દ્રવ્યમાં અનંત કાળે તે સમયે થવાની તેને ભગવાન પહેલે સમયે જાણે છે, પહેલે સમયે જાણે છે. ત્રિકાળવર્તી. શું કીધું આ? ત્રણ કાળમાં વર્તવાવાળા દ્રવ્ય, ગુણ અને પર્યાય. જે દ્રવ્યની જે સમયે જ્યાં ભવિષ્યમાં પર્યાય વર્તવાની છે એને ભગવાન પહેલે સમયે જાણે છે. કે ત્યાં થાશે ત્યારે જાણે છે? કેસરીચંદજી! પહેલે સમયે જાણે તો પછી નક્કી થઈ ગયું કે એ સમયે ત્યાં એની થવાની હોય તે થાય. ઉપાદાનથી

થાય એમ થઈ ગયું ત્યાં. સમજ્યાને? પછી તો એ ફરે નહિ. ઈ પહેલું નક્કી કરો. પછી વયા ગયા. પછી છેલ્લે દિ'એ આવ્યા. અમે માફી માગીએ. ભૂલ થઈ અમારી. બાપુ! તેમ એમ ચર્ચા કરો કે આ ઉપાદાનથી થાય એનો નિષેધ કરવા કેવળજ્ઞાનીને ઉડાડવા માંડ્યા. એમ ન થાય. છઠ્ઠી સાલ. સોળ વર્ષ થયા. ત્યારે તમે ક્યાં હતા આમાં? આમાં નહોતાને, પછી રખડતાં હતા બીજે. સમજાણું કાંઈ? એ કુંડલાના છે, પણ તે દિ' હજી આ મતનો અભિપ્રાય નહોતો આવો. ગોટામાં હતા. સમજાણું કાંઈ? એમાં આટલા ૨૦૦ માણસ, હોં! આવ્યા સામે. ઝવેરચંદ હતો ને? ઝવેરચંદ. ઝવેરચંદ જાદવજી. એ પોતે લઈને આવેલો. એ તો બધી ખબર છે ને. નક્કી કરો પહેલું, પછી પ્રશ્ન. ઉપાદાન-નિમિત્તનો પ્રશ્ન પછી.

કેવળજ્ઞાની એક સમયમાં એક જ સમયે, હોં! ત્રિકાળવર્તીને વર્તમાન એક સમયમાં ત્રિકાળવર્તીને જાણે છે કે નહિ? કે ભવિષ્યમાં થશે ત્યારે ભગવાન જાણે છે? ભગવાનનું જ્ઞાન ક્યાં કેવળજ્ઞાન રહ્યું? એ તો અલ્પ જ્ઞાન થયું, થાશે ત્યારે જાણશે એ તો. ભગવાનનું જ્ઞાન તો અક્રમે છે. એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક ઝળાહળ પોતાની પર્યાયમાં પ્રગટ થઈ ગયા છે. આહાહા..! એ ચીજ 'જે જે દેખી વીતરાગને તે તે હોશી વીરા.' સમજાણું કાંઈ? ઓલામાં પણ એમ કહ્યું છે ને? 'સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષા'માં. પુદ્‌ગલ શક્તિ.. ઈ જ્યાં ત્યાં મૂકે છે. ભગવાને જે દેખ્યું તે પ્રમાણે ત્યાં થાશે. કહો, અમરચંદભાઈ! 'સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષા' છે કે નહિ? છે લ્યો. ૧૨૧-૨૨. જુઓ!

**'જે જીવને જે દેશમાં, જે કાળમાં, જે વિધાનથી જે જન્મ-મરણ ઉપલક્ષણથી દુઃખ-સુખ-રોગ-દરિદ્રતા આદિ થવું સર્વજ્ઞદેવે જાણ્યું છે, તે એ જ પ્રમાણે નિયમથી થવાનું છે....'**

**શ્રોતા :-** એ એકાંત નિયતવાદ થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! નિયતવાદ નિશ્ચયથી સર્વજ્ઞે દીઠું એમાં પુરુષાર્થ છે. એ તો ઓલો નિયત તો પુરુષાર્થને અને સ્વભાવને માનતો નથી. પણ એકાંત તો ત્યાં પુરુષાર્થને એકાંત મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. 'ગોમ્મટસાર'માં. નિયતવાદને જેમ એકાંત મિથ્યાદૃષ્ટિ, એમ પુરુષાર્થવાદીને નિયત મિથ્યાદૃષ્ટિ, સ્વભાવવાદીને મિથ્યાદૃષ્ટિ. બધાને મિથ્યાદૃષ્ટિ (કહ્યા). પંડિતજી! બધાને લીધા ને? સ્વભાવવાદીને મિથ્યાદૃષ્ટિ કહ્યા. એકાંત સ્વભાવ. એકાંત પુરુષાર્થ, નિયતને (માનનાર) એકાંત મિથ્યાદૃષ્ટિ (છે). એમાં નિયતની સાથે સ્વભાવનો પુરુષાર્થ ને કાળ ને કર્મનો અભાવ બધું પાંચેય હોય છે. ઓલો જે નિયતવાદ છે એ તો એકલો થવું હોય એ થાય, થવું હોય એ થાય. સ્વભાવ (અને) પુરુષાર્થને માનતો નથી. તેથી અહીં કહ્યું, જુઓ!

ભગવાને સર્વજ્ઞદેવે જાણ્યું છે તે જ એ જ પ્રમાણે નિયમથી થવાનું છે અને તે જે પ્રમાણે થવા યોગ્ય છે એ પ્રાણીને તે જ દેશમાં, તે જ કાળમાં, તે જ વિધાનથી નિયમથી

થાય છે. **'તેને ઈન્દ્ર કે જિનેન્દ્ર-તીર્થંકરદેવ કોઈપણ અટકાવી શકતા નથી.'** પછી આ ભાઈ કેવા? કૈલાશચંદજીએ આ શબ્દ મૂક્યો હતો. **'સર્વજ્ઞદેવ...'** નીચે ભાવાર્થમાં છે. **'સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અવસ્થાને જાણે છે...'** એમ શબ્દ પડ્યો છે. એ મૂક્યું હતું એટલે ભડક્યા ઓલા. **'અને સર્વજ્ઞના જ્ઞાનમાં જે પ્રતિભાસ્યું છે તે જ નિયમથી થાય છે, પણ તેમાં હીનાધિક કાંઈ થાતું નથી એમ સમ્યગ્દષ્ટિ વિચારીને માને છે.'** આહાહા..! **'હવે એવો તો સમ્યગ્દષ્ટિ છે પણ તેમાં સંશય કરે છે તે મિથ્યાદષ્ટિ છે.'** પછી લખ્યું.

**एवं जो णिच्छयदो जाणदि दव्वाणि सप्पज्जाए।**
**सो सद्दिट्ठी सुद्धो जो संकदि सो हु कुदिट्ठी।।३२३।।**

આહાહા..! ભાઈ! ભગવાનઆત્મા સર્વજ્ઞપર્યાયમાં બધું જેમ છે એમ જાણે, એવો નિર્ણય જ્ઞાનમાં કર્યો છે સ્વસન્મુખ થઈને. સમજ્યાને? ક્યાં આવ્યું હતું? સન્મુખ-સમ્મુખ આવ્યું હતું ક્યાંક. ઠીક. 'પંચાધ્યાયી'માં. આવે છે. 'પંચાધ્યાયી'માં એક શ્લોક આવે છે. સન્મુખ. મુખ્યપણે આ દૃષ્ટિને કરી છે ને? એક શ્લોક આવે છે. આવ્યું હતું ત્યાં. સમજાણું?

આત્મા... અહીં કહેશે હજી, જુઓ! ત્રિકાળ આત્મા પણ જ્ઞાન-દર્શન વડે ત્રિકાળ એના વડે પોતાના સ્વરૂપને જાણે છે. શું કહ્યું? આગળ કહેશે. પોતાના સ્વદર્શન વડે એ નિત્યને નિજ કારણ પરમાત્માને, એ ત્રિકાળ જ્ઞાનદર્શન વડે નિજ કારણ પરમાત્માને જાણે છે. આહાહા..! જુઓ તો ખરા! એ નિશ્ચયથી કહેશે. આ વ્યવહારથી ચાલે છે. વ્યવહારથી પરને જાણવું એમ કહેવું ને? એટલે ત્રિકાળવર્તી. હવે એમાં પણ વાંધા ઊઠે છે, લ્યો. વ્યવહારનય ખોટી છે. માટે વ્યવહારે પરને જાણવું એ ખોટું. પણ એ તો પરને જાણવું એમ તન્મય થઈને જાણવું એ ખોટું છે, પણ પરનું અને સ્વનું જાણવું પોતામાં થયું એ તો સાચું છે. પંડિતજી! એક સમયમાં આત્મજ્ઞદશા-સર્વજ્ઞદશા પ્રગટી છે એમાં પોતાનું અને પરનું જાણવું એક સમયમાં છે એ તો સાચું છે. પરને જાણવું એમ કહેવું, પરમાં તન્મય નથી માટે પરને જાણવું તે વ્યવહાર છે એમ કહેવામાં આવ્યું છે. જાણવું, જોવું પર સંબંધીનું, સ્વ સંબંધીનું. આત્મજ્ઞાનદર્શિ, આ સર્વજ્ઞદષ્ટિ એમાં મૂક્યું છે 'અમૃતચંદ્રાચાર્યે', સ્વપરને જાણવાનો સામાન્ય-વિશેષ સ્વભાવને જાણે એવી સર્વજ્ઞશક્તિ આત્મજ્ઞશક્તિ છે. આત્મજ્ઞાનમય શક્તિ, આત્મજ્ઞાનમય શક્તિ છે, પરને લઈને નથી. એના જ્ઞાનમાં એમ કહેવું કે આને જાણે એટલું કહેવું એટલો વ્યવહાર છે. પણ એને અને પોતાને જાણવાનો જ્ઞાનનો સ્વતઃ સ્વભાવ એક સમયમાં વિકાસ વ્યક્ત પ્રગટ થઈ ગયો છે. એને કોઈ એમ કહે કે ના, ના, એ પર સંબંધીનું જ્ઞાન એને નથી અને પરનું કહેવું જૂઠું છે, એમ નથી. ભારે વાંધા, ભાઈ! હીરાભાઈ!

**'ત્રિકાળવર્તી સચરાચર...'** સચરાચર. અચર અને સચર. ચાલતા. કોઈ ચાલતા ગતિમાન

છે ને. કોઈ સ્થિર છે. '**દ્રવ્યગુણપર્યાયોને એક સમયે જાણે છે...**' અહીં તો વ્યવહારથી કહેવું છે ને. પરની અપેક્ષાથી. '**એક સમયે જાણે છે...**' એ જાણવું છે એ તો બરાબર છે, પણ પરને આમ જાણે, આને જાણે, આને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? 'પરમાત્મપ્રકાશ'માં એ દૃષ્ટાંત દીધો છે ને પાણીનો? ઘણીવાર આપ્યો હતો. આમ પાણી છે ને નદીનું સ્વચ્છ, એમાં ઉપર તારા હોય છે તારા અને નક્ષત્ર. આમ પાણીને જોતા એ બધું દેખાય છે. નક્ષત્ર અને તારા જળની સ્વચ્છતાને દેખતા એ બધું દેખાય છે. એને આમ દેખવું પડતું નથી તારા નક્ષત્રને. એમ જ્ઞાનની એક સમયની એવી નિર્મળ પર્યાય થઈ એને જાણતા લોકાલોક એમાં જણાઈ જાય છે. આહાહા..! અરે..! આત્માની શક્તિ કેવડી પર્યાયની એની ખબર ન મળે એને દ્રવ્યની શ્રદ્ધા ક્યાંથી આવે? સમજાણું કાંઈ?

એક સમયની પર્યાય મોક્ષપર્યાય મોક્ષતત્ત્વ છે કે નહિ? મોક્ષતત્ત્વ એટલે કેવળજ્ઞાન, કેવળદર્શન તત્ત્વ. એના સામર્થ્યની જેને પ્રતીતિ અને ખ્યાલ નથી એને દ્રવ્ય સ્વભાવ કેવડો એવા અનંત ગુણનો એક પર્યાય જેવો અનંતા પર્યાયનો પિંડ ભગવાન છે. એની એને પ્રતીતિ અંદર આવી શકે નહિ. એ આત્મા એટલે બાપુ! એમ આત્મા આત્મા કહે એમ ન ચાલે. આત્મા તો અન્યમાં પણ આત્મા કહે છે, પણ એ નહિ, આ સર્વજ્ઞે કહેલો આત્મા. અન્ય આત્મા કહે કે આત્મજ્ઞાન વિના.. પણ એનો આત્મા બીજો અને આ આત્મા બીજો.

સર્વજ્ઞ પરમેશ્વરે એક સમયમાં અનંતા આત્મા, અનંતા પરમાણુ આદિ છ દ્રવ્ય જોયા એવો જે આત્મા અનંત ગુણનો પિંડ, જેની એક જ્ઞાનની પર્યાય ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવો એક પર્યાય, એવી અનંતી પર્યાય જેના જ્ઞાનગુણમાં પડી છે અંદર, એવા એવા અનંતા ગુણનો એક પિંડ ભગવાનઆત્મા, એની અંતરમાં અનુભવમાં પ્રતીતિ તેને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? એમ ભગવાન સર્વજ્ઞ સિવાય બીજા કલ્પે આત્મા સર્વવ્યાપક છે અને આવો આત્મા છે, એમ નહિ. જેને એક સમયમાં આટલું જ્ઞાન એટલી તાકાત, એની અનંતી પર્યાયનો પિંડ તે એક ગુણ છે અને એવા એવા અનંતા ગુણનો પિંડ તે એક આત્મા છે. સમજાણું કાંઈ? આ એ માટે અધિકાર લીધો છે આ. એ દેખે.

'**ત્રિકાળવર્તી સચરાચર દ્રવ્યગુણપર્યાયોને એક સમયે જાણે છે...**' ઓલા પર-આશ્રયની અપેક્ષાએ કહેવું છે ને? હવે નિશ્ચયથી કહે છે. એ પહેલી લીટીનો અર્થ કર્યો, ભાઈ! '**जाणदि पस्सदि सव्वं ववहारणएण केवली भगवं।**' હવે બીજો. '**केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं।।**' એની વ્યાખ્યા જરી ઝીણી છે. આવશે...

(**શ્રોતા** : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, પરિશિષ્ટ
## પ્રવચન નં.૫૦૨, તા.૨૯-૨-૧૯૬૮
## (૨૦)

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. એકડા પછી બગડો છે નીચે. છે? ક્યાં આવ્યું? મલૂકચંદભાઈ! ક્યાં આવ્યું? વાંચો જોઈ. ખબર પડે ને ક્યાં આવ્યું? એકડા પછી બગડો છે. બગડો નથી પણ એકડા પછી.

'**વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ ખરેખર આ બધું...**' ત્યાં. બરાબર છે. એકડા પછી છે, જુઓ, '**વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ ખરેખર આ બધું આત્મા છે...**' ઈ. છે? જુઓ, એનો અર્થ ઝીણો છે. એ શબ્દો છે પણ એમાં ભાવ ઝીણા છે. શું કહે છે? પહેલો બોલ કીધો, હવે બીજો બોલ ચાલે છે. તત્‌નો બોલ ચાલ્યો, હવે અતત્‌નો ચાલે છે.

'**જ્યારે તે જ્ઞાનમાત્ર છે...**' જ્ઞાનમાત્ર છે એટલે વીતરાગસ્વરૂપ આત્મા છે. આત્મા જ્ઞાનમાત્ર છે એટલે એકલો શાંત અકષાય સ્વભાવમાત્ર આત્મા છે. એને ન માનતા '**ભાવ ખરેખર...**' જ્ઞાનમાત્રભાવ એટલે આત્મા. એ પુણ્ય-પાપના વિકલ્પો રાગ અને શરીરથી ભિન્ન એકલો જ્ઞાન ચૈતન્ય જ્યોત પ્રકાશ. સ્વને-પરને પ્રકાશે એવો જ્ઞાનમાત્ર આત્મા '**ખરેખર આ બધું આત્મા છે...**' અનાદિથી અજ્ઞાની એમ માને છે કે આ જ્ઞાનસ્વરૂપમાં જે કાંઈ આ શરીર, વાણી, પરની ક્રિયા દેખાય છે કે આત્મામાં થતાં શુભ દયા, દાન, વ્રત પરિણામના ભાવ જે છે તે જ્ઞાનમાં જણાતાં એમ અજ્ઞાની માને છે કે એ બધા મારા છે. જુઓ, આ મિથ્યાદૃષ્ટિનું સ્વરૂપ.

આત્મા જ્ઞાનમાત્રભાવ. ભગવાનઆત્મા તો ચૈતન્યપ્રકાશ સૂર્યસ્વરૂપ આત્મા છે. એને અજ્ઞાની ન માનતા, ન જાણતા, ન ઓળખતા, ન ઠરતાં એ જ્ઞાનમાં જણાય... શું જણાય? કે આ બધું ખરેખર આ સામી ચીજ છે ને બધી એ હું-આત્મા છું, એમ માને છે, એટલે આ શરીરની ક્રિયા થાય એ હું છું એમ માને છે. અંદર દયા, દાનના ભાવ થાય, દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિના ભાવ શુભ એ હું છું એમ માને છે. એ રાગ છે, આસ્રવતત્ત્વ છે અને દેહાદિ તે અજીવતત્ત્વ છે. ભગવાનઆત્મા જ્ઞાનતત્ત્વ ચૈતન્યસૂર્ય છે. એને પોતાના ચૈતન્ય તત્ત્વને ન માનતા, ન જાણતાં એમાં જણાય એ ચીજ છે તે હું છું, આ બધું આત્મા

છે (એમ માને છે). ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? આત્મા ચૈતન્યપ્રકાશનું નૂર પુર છે. એવો આત્મા હું છું એમ અજ્ઞાની ન માનતા, ન જાણતા અનાદિ કાળથી જે જ્ઞાનમાં જણાવાયોગ્ય વ્યવહારરત્નત્રય દયા, દાન, ભક્તિ, પૂજાના ભાવ, અશુભભાવ કે શુભભાવ કે શરીરની આ ક્રિયા આમ થાય, વાણી થાય આ બધું એક આત્માના જ્ઞાનમાત્ર સિવાયના બધા ભાવો, પુણ્ય-પાપના ભાવથી માંડીને શરીર, વાણી, કર્મ, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પરિવાર આખું જગત એ હું છું એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ?

'**ખરેખર આ બધું આત્મા છે...**' એમ માને છે. હું જ્ઞાન ચૈતન્યમૂર્તિ પરથી ભિન્ન છું એમ એ માનતો નથી. તેથી તેની માન્યતામાં જ્ઞાનસ્વરૂપ ભગવાનને મૂકી દઈને રાગનો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આદિ થયા એ આ હું છું, આ હું છું, આ મારા છે, એ મારામાં છે એમ અજ્ઞાની અનાદિથી પુણ્ય-પાપના રાગ અને દેહાદિ .. '**એમ અજ્ઞાનતત્ત્વને...**' એ અજ્ઞાનતત્ત્વ છે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા... ઝીણી વાત છે, ભાઈ! આ તો વીતરાગી તત્ત્વ છે. સર્વજ્ઞ પરમેશ્વરે કેવળજ્ઞાનીએ કહેલું તત્ત્વ તે આત્મા એ તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. એને પરમેશ્વર એમ કહે છે કે ભાઈ! અનાદિથી અજ્ઞાની બાહ્ય ત્યાગી અનંત વાર થયો, બાહ્યના સ્ત્રી-કુટુંબ છોડ્યા, રાગની મંદતા પણ કરી, પણ એ આત્મા જ્ઞાનમાત્ર છે તેને (નહિ માનીને) આ રાગ તે હું છું (એમ માને છે). રાગ તે અજ્ઞાન છે. અજ્ઞાન એટલે કે રાગમાં જ્ઞાનનો અંશ છે નહિ. ચૈતન્ય સ્વભાવ એ રાગમાં નથી. સમજાણું કાંઈ? રાગનો દયા-દાન-વ્રતનો ભાવ વિકલ્પ એ રાગ, એ અજ્ઞાન. અજ્ઞાન એટલે એમાં જ્ઞાન નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્યસ્વરૂપ છે. એ જ્ઞાનમાત્રભાવ એ અજ્ઞાન એવો જે રાગ, પુણ્ય-પાપના ભાવ દેહાદિ એ બધું અજ્ઞાન છે. આત્મા જ્ઞાન છે, આ બધું અજ્ઞાન છે. સમજાણું કાંઈ? નવનીતભાઈ!

**શ્રોતા :-** ચેતન નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ચેતન નથી. છતાં અજ્ઞાની, આ બધું હું છું, એ દયા, દાનના પરિણામ તે મારા છે, એ હું છું, મારું કર્તવ્ય છે, મારામાં છે એમ પોતાના મારામાં જ્ઞાન અને આનંદ છે તેને ભૂલી જઈ અને રાગ ને પુણ્ય ને શરીર આદિ જે અજ્ઞાન છે, જેમાં આત્મા ચૈતન્ય જ્યોત છે તેનો એમાં અભાવ છે, જેમાં અભાવ છે એ વસ્તુને મારી માને છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, મગનભાઈ! ભારે વાત, ભાઈ! જુઓ! એમાં આ લીટીમાં એટલું ભર્યું છે. એટલે તમને કીધું ભાઈ આ વાંચો. લક્ષ જાય છે કે નહિ?

'**જ્યારે તે જ્ઞાનમાત્ર...**' આ તો મહાસિદ્ધાંતો છે. સર્વજ્ઞના તત્ત્વો સિદ્ધાંતો છે આ. એટલે આ ચૌદ બોલમાં તો એકદમ માખણ પડેલું છે, એકલું માખણ. ભગવાનઆત્મા, જેને આત્મા કહીએ એ તો જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાનમાં આનંદ, શ્રદ્ધા આદિ ખ્યાલ આવે બધો

એ બધો આત્મા જ્ઞાનસ્વરૂપ આત્મા છે. એવા આત્માને સ્વસન્મુખની દૃષ્ટિ અનાદિની નહિ હોવાથી પરસન્મુખની દૃષ્ટિમાં જે કંઈ વિકારના, પુણ્ય-પાપના ભાવ થાય એ જ્ઞાન નથી, એ તો અજ્ઞાન છે. ચૈતન્યથી વિરૂદ્ધ અચૈતન્ય છે. બીજી રીતે કહીએ તો આ આત્માનું જ્ઞાન એ રાગમાં નથી, તેમ બીજા આત્માઓ અને બીજા શરીરમાં આ જ્ઞાન નથી. એને હિસાબે-આ જ્ઞાનને હિસાબે બધા અજ્ઞાનતત્ત્વ છે. ભાઈ! ભારે ભાઈ! કેવળજ્ઞાની પરમાત્મા પણ આ જ્ઞાનતત્ત્વની અપેક્ષાએ અજ્ઞાનતત્ત્વ છે, એમ કહે છે. ભોગીલાલભાઈ! બધું ઝીણું છે આ. મુદ્દામાં આવ્યા છે. આવ્યા છે, બરાબર આવ્યા છે. મહિનો છે. આજે ફાગણ સુદ એકમ છે.

કહે છે, ભાઈ! એક કોર પ્રભુ રામ અને એક કોર ગામ. એક કોર ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય સ્વતત્ત્વ છે અને એ સિવાય જેટલા શુભ-અશુભભાવ થાય અને શરીર, વાણી, મન હો, દેવ-ગુરુ-શાસ્ત્ર હો, અજીવતત્ત્વ હો, પંચ દ્રવ્ય બીજા હો, જે બધા અનંત હો, આ જ્ઞાનતત્ત્વથી એ બધા (ભિન્ન છે), આ જ્ઞાન એમાં નથી. પુણ્ય-પાપના ભાવમાં જ્ઞાન નથી, આ શરીરમાં જ્ઞાન નથી, કર્મમાં જ્ઞાન નથી, કેવળી પરમાત્મામાં આ જ્ઞાન નથી. એટલે આની અપેક્ષાએ બધા અજ્ઞાનતત્ત્વને પોતાનું માને છે. સમજાણું કાંઈ? આહાહા..! કેટલું સમાડ્યું છે ટૂંકામાં!

ભગવાન ચૈતન્યસૂર્ય છે. એ ચૈતન્યમાં ચૈતન્યને સંબંધી દર્શન, શાંતિ, આનંદ એ બધા છે એ બધા જ્ઞાનમાત્રમાં સમાઈ જાય છે. એવા જ્ઞાનમાત્ર આત્માને અંતર્મુખ આ હું છું એવી જેને દૃષ્ટિ અને ભાન નથી, તે અજ્ઞાની આત્મા અનાદિથી પોતાના સ્વરૂપમાં જ્ઞાન અને આનંદ છે તે જ્ઞાન બધાને જાણવાની તાકાત રાખે છે, પણ એ પર છે એ મારા છે એવી તાકાત એનામાં નથી. છતાં અજ્ઞાની રાગને પુણ્યને, દયાના, દાનને, દેવ-ગુરુ-શાસ્ત્રને, સ્ત્રી, કુટુંબ, પરિવારને આદિ આ-આ અજ્ઞાનતત્ત્વને '**સ્વસ્વરૂપે એમ માનીને...**' એ બધા મારા સ્વરૂપે છે એમ માનીને મિથ્યાદૃષ્ટિપણાને કારણે આત્માના જ્ઞાનમાત્રનો એ શ્રદ્ધામાં નાશ કરે છે. ભારે! ભાઈ! એવો એનો અર્થ ઝીણો છે. તેથી મૂલચંદભાઈને કહ્યું હતું. મૂલચંદભાઈ! એનો અર્થ ઝીણો છે શબ્દમાં.

એક કોર ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપ સ્વ-પરપ્રકાશક ચૈતન્યની મૂર્તિ એ આત્મા અને સામે શુભરાગ-તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય, એ તો મિથ્યાદૃષ્ટિને હોય નહિ, પણ અજ્ઞાનીને જે ભાવે સ્વર્ગ બંધાય કે જે ભાવે કોઈ મનુષ્યદેહ બંધાય, એવા પુણ્ય-પુણ્ય ભક્તિના, પૂજાના, દાનના, દયાના એવો જે શુભરાગ, એ જ્ઞાનસ્વરૂપી ભગવાનથી ભિન્ન તત્ત્વ છે. એ અજ્ઞાનતત્ત્વ છે એટલે એમાં જ્ઞાન નથી. આ જ્ઞાન ત્યાં નથી. આ જ્ઞાન ત્યાં નથી. એટલે આ જ્ઞાનનો જેમાં અભાવ છે. રાગમાં અભાવ છે, પુણ્ય-પાપમાં અભાવ છે, દેહ-વાણીમાં અભાવ છે,

કર્મમાં અભાવ છે અને સારા જગતનું તત્ત્વ છે એ આ જ્ઞાનતત્ત્વનો એ બધા તત્ત્વમાં અભાવ છે. સમજાણું કાંઈ? ભારે!

એવા '**અજ્ઞાનતત્ત્વને સ્વ-રૂપે (જ્ઞાનરૂપે) માનીને...**' એ બધા મારાં છે, મારું જ્ઞાનનું સ્વરૂપ છે એમ પરને પોતાના જ્ઞાનસ્વરૂપે માનીને, એટલે '**અંગીકાર કરીને વિશ્વના ગ્રહણ વડે...**' જોયું! આખું વિશ્વ લીધું છે. આહાહા..! વિશ્વ નામ ભગવાનઆત્મા વિશ્વનો જ્ઞાતા છે. એને જાણનારો છું એવી એને અંતર દૃષ્ટિ ધર્મીને હોય છે, એ અધર્મીને હોતી નથી. જુઓ, આટલા માત્રથી અધર્મી છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યપ્રભુ એ પોતાના અનંત ગુણના સત્ત્વથી શોભતો પોતે બિરાજે છે. એવો ભગવાનઆત્મા એ અંતર્મુખ આ ચીજ છું તે હું છું, એવા સમ્યગ્દર્શનના અભાવને લઈને, સમ્યગ્દર્શનના અભાવને લઈને પોતામાં જે છે એને ન માનતો, પોતામાં જે નથી (એવા) રાગ, પુણ્ય-પાપ આદિ આખું વિશ્વ... સમજાણું કાંઈ? આ બધું આત્મા છે એમ અજ્ઞાનતત્ત્વને એટલે જેમાં ચૈતન્યતત્ત્વની ગંધ નથી, આ ચૈતન્યના સ્વભાવનો જેમાં અભાવ છે એવા રાગ, પુણ્ય, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસો, લક્ષ્મી, આબરૂ, દેવ-ગુરુ-શાસ્ત્ર, મકાન, હજીરા, આબરૂ, કીર્તિ એ બધા આ જ્ઞાનતત્ત્વથી બીજી જાતના, અજ્ઞાન એટલે આ જ્ઞાનનો એમાં અભાવ છે, એ હું છું, આ મારા છે, એમ જે માને છે એ આત્માના સ્વભાવનો નાશ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આવી! આ શરીર તો આત્માનું ખરું કે નહિ? બાયડી-છોકરા તો આઘા રહી ગયા. આ શરીર તો ઠીક પણ પુણ્ય-પાપના ભાવ તો જીવના ખરા કે નહિ? તો પૂર્વના પુણ્ય પડ્યા છે એ આત્માના નહિ? તો પુણ્યને લઈને આ પૈસા મળ્યા ૨૫-૩૦-૪૦ લાખ ક્યાંથી મળ્યા? આહાહા..!

ભાઈ! એક કોર પ્રભુ આત્મા છે. એ આખા વિશ્વનો-પુણ્ય-પાપના ભાવથી માંડી આખું વિશ્વ નામ સમસ્ત લોકાલોક, એનો ભગવાનઆત્મા સ્વમાં રહીને, સ્વમાં રહીને સ્વને જાણતો પરને જાણવાના સ્વભાવવાળો આત્મા છે. એવો આત્મા ન માનતા ભગવાનઆત્માને પરવસ્તુ મારી છે, આ હું છું, આ પુણ્ય હું છું, શરીર હું છું, મારા દેવ આ છે, મારા દેવ આ છે, મારા ગુરુ આ છે, મારા શાસ્ત્ર આ છે, આ મારા ડુંગરા છે, આ સમ્મેદશીખર મારું છે, આ મંદિરો મારા છે, એમ જે ચીજ એનામાં નથી, આ બધું આત્મા છે આમ નજર બહાર છે કહે છે, અંદરમાં નથી. અંદર વસ્તુ છે ચૈતન્ય, એની દૃષ્ટિની અને એના સત્ત્વના તત્ત્વની એને ખબર નથી. એથી આ બધું આત્મા છે એમ અજ્ઞાનતત્ત્વને એટલે ભગવાન જ્ઞાન, આનંદસ્વરૂપ એવા તત્ત્વને ભૂલી અને અજ્ઞાનતત્ત્વ કે જેના જ્ઞાનતત્ત્વના જ્ઞાનભાવમાં જે ચીજ નથી, એવા પુણ્ય-પાપ રાગાદિથી માંડીને આખું જગત, એને સ્વરૂપે એમ માનીને. એ છે તો મારું જ્ઞાન છે, એ છે તો હું આત્મા છું, એ છે તો મારી શ્રદ્ધા છે, એ છે

તો મારું વીર્ય છે, એ છે તો હું જાણવાની તાકાતવાળો છું (એમ માને છે). સમજાણું કાંઈ?

બીજી ભાષાએ કહીએ તો પુણ્યના દયા-દાન, વ્રત-ભક્તિના પરિણામ થયા એ છે તે હું નિશ્ચય છું. આ તો મૂળ વાત છે, બાપુ! ભગવાનઆત્મા આમ ચૈતન્યજ્યોત સૂર્ય છે. તત્ત્વ આખું ચૈતન્યનો સૂર્ય છે. એને પોતાનો ન માનતા, જે આત્મામાં નથી એવા અણાત્મા, અણ-આત્મા એટલે અજ્ઞાન, અજ્ઞાન એટલે આ સ્વરૂપ જેમાં નથી એવા બધાં. એ પુણ્ય-પાપનો ભાવ એ અણાત્મા છે, શરીર અણાત્મા છે, બીજા આત્મા આ આત્માની અપેક્ષાએ અણાત્મા છે. સમજાય છે કાંઈ? એવા અણાત્મતત્ત્વ જે છે એને આ જ્ઞાનતત્ત્વ આ મારા છે એમ માને છે. એમ માનીને, એમ શ્રદ્ધીને ખરેખર અંગીકાર કરીને એટલે કે આ મારા છે એમ સ્વીકાર કરીને, પોતે જ્ઞાનમાત્ર છું એમ સ્વીકાર છોડી દઈને, ચૈતન્ય સ્વભાવ છું એનો સ્વીકાર છોડી દઈને રાગ ને જ્ઞેય આ ચીજ મારી છે એમ અંગીકાર કરીને '**વિશ્વના ગ્રહણ વડે...**' વિશ્વને પકડવાની માન્યતા વડે. સમજાણું કાંઈ? રાગથી માંડી આખું તત્ત્વ વિશ્વ સમસ્ત પદાર્થ, એના ગ્રહણ વડે. ગ્રહણ નામ એ મારા એમ પક્કડ વડે. '**પોતાનો નાશ કરે છે...**' પોતે ભગવાન ચૈતન્યજ્યોત છે તેની પ્રતીત કરતો નથી એથી પોતે જીવતી ચૈતન્યજ્યોતનો નાશ કરે છે, નાસ્તિક થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- આવી નાસ્તિની વ્યાખ્યા?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આવી વ્યાખ્યા છે. એય..! મગનભાઈ!

**શ્રોતા** :- વિશ્વપ્રેમની વાત...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ ઠીક કહ્યું. વિશ્વપ્રેમ કરો, વિશ્વવાત્સલ્ય, વિશ્વવાત્સલ્ય. છે ને પત્ર વિશ્વવાત્સલ્ય. અરે..! ભગવાન! વિશ્વવાત્સલ્યની વ્યાખ્યા શું? ભાઈ! આખું વિશ્વ જગતનું લોકાલોક રાગથી માંડીને એ આત્મા પોતાના સ્વને જાણતા તેમાં તે જણાય એવો અંદરમાં વિશ્વવાત્સલ્યનો જ્ઞાનભાવ છે, પણ આ વિશ્વ છે એ મારું છે અને એને હું ભેટું, એની સાથે પ્રેમ કરું અને એ મારા છે એમ માનું, તો કહે છે કે તારા ચૈતન્યના જ્ઞાનજ્યોતિના આત્મરામનો તેં નાશ કર્યો છે. સમજાણું કાંઈ?

કહો, હવે આમાં પૈસા ને રજકણ ને બાયડી-છોકરા તો ક્યાં ગયા? એને ઘરે. એને ઘરે છે અને આ કહે છે કે મારે ઘરે છે. સમજાણું કાંઈ? આનું નામ ભગવાનઆત્માને ન માનવો અને પર છે તે હું એમ માનવો, એ આત્માના ચૈતન્યના અભાવનું માનવાવાળો મિથ્યાદૃષ્ટિ આત્માનું ખૂન કરે છે. સ્વરૂપચંદભાઈ! આવી વાતું છે, બાપુ!

જૈન પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ કેવળજ્ઞાની પરમાત્મા, જેણે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા એ ઈન્દ્રોની સમક્ષમાં, સંતોની સમક્ષમાં, ગણધરોની સમક્ષમાં દિવ્યધ્વનિ દ્વારા આમ ફરમાવતા હતા, યોગીઓને એમ કહેતા (હતા), સંતોને અરિહંતો એમ કહેતા હતા,

હે આત્માઓ! તમે જ્ઞાનમાત્ર પ્રભુ છો. જ્ઞાનમાત્ર એટલે રાગ અને પરચીજ તારામાં નથી. વિકાર જે ભાવે બંધ થાય એવો પુણ્યભાવ હો કે પાપ હો એ તારા સ્વરૂપમાં નથી. નથી તેને મારા કરીને માન અને છે તેને તું છોડી દે, વસ્તુ છે તેનો જાણનાર અને પોતાને જાણનાર એવું સ્વરૂપ તારું છે. છે તેને છોડી દે અને નથી તેને માન, તારા આત્માના છે-પણાનો જીવતરનો નાશ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? મૂળચંદભાઈ! આ વાત આવી છે વીતરાગના માર્ગની. આહાહા..! સાંભળવા મળે નહિ ક્યાંય મુંબઈમાં પણ. કહે, આ કરો, આ પાળો, આ કરો, એ દયા કરો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરી આવો, લાખ-બે લાખ ખર્ચો. એ ભોગીલાલભાઈ! આવા શેઠિયાઓને એમ કહે.

અહીં કહે છે, પણ ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! તારા સ્વરૂપમાં તો એ જગતના પદાર્થોને જાણવાનો સ્વભાવવાળું તારું તત્ત્વ છે. એને જાણવાવાળો એટલે કે તને જાણતા તે જણાય એવું તારું તત્ત્વ છે. એવા આત્મતત્ત્વને ન માનતા, ન જાણતા, ન સન્મુખ થતાં પોતાના આત્માથી વિમુખપણે, અજ્ઞાનપણે આ જ્ઞાનના અભાવરૂપ તત્ત્વપણે રહેનારા, એને મારા માનવા અને એ છે તો હું છું, એ છે તો હું છું, રાગ છે તો હું છું, પુણ્યભાવ છે તો હું છું, આ શરીર છે તો હું છું, બહારની અનુકૂળતા હોય તો હું ટકી શકું-આમ માનનારા આત્માને પરરૂપે ગ્રહીને આત્માના સ્વભાવનો શ્રદ્ધામાં નાશ કરે છે. આહાહા..! અરે..! ભગવાનના માર્ગમાં સાંભળવાનું મળે નહિ ભગવાનની વાતું. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે,... બહુ ટૂંકામાં ઘણું સંકેલી નાખ્યું છે. મગનભાઈ! આહાહા..! બીજું તો ઠીક પણ પ્રભુ ચૈતન્યજ્યોત છે, એમાં આ ગુણી હું છું અને મારામાં અનંત ગુણ છે એવો જે ભેદ ઊઠતા જે રાગ ઊઠે છે, એ રાગ છે તે હું છું અને એ રાગ છે તો મારું તત્ત્વ નભી રહે છે અથવા એ રાગ આવે તો હું મારા સ્વરૂપને પામી શકું, એમ માનનારા અજ્ઞાનતત્ત્વને પોતાપણે માનીને, એ અજ્ઞાન એનું નથી છતાં સ્વપણે અંગીકાર કરીને, સ્વપણાના જ્ઞાનમાત્ર આત્મસ્વભાવનો અનાદર કરીને ચૈતન્યની જીવતી જ્યોતનો નાશ કરીને મિથ્યાત્વને અંગીકાર કરે છે. કહો, મૂળચંદભાઈ!

**શ્રોતા :-**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહે છે ઈ એમાં. શબ્દ થોડા છે પણ ભાવ આ બધા ભર્યા છે.

ભાઈ! વિકલ્પ છે પ્રભુ! એ તો રાગ છે, નાથ! એ તારું સ્વરૂપ નહિ. તારું હોય તો જુદું પડે કેમ? નાશ થાય કેમ? એટલે તારામાં નથી એને અજ્ઞાની મારા છે (એમ માને છે). આહાહા..! એક વાત એવી આવી હતી વિચારમાં કે આ પંચમહાવ્રત પાળે છે એ આવે છે ને શાસ્ત્રમાં, એ ખરેખર વ્રત પાળે છે એ તો વ્યવહારથી કથન છે, પણ ત્યારે એ આત્માની શાંતિ અને વીતરાગતાને રાખે છે ને પાળે છે એનો ઉપચાર વ્રતમાં કર્યો છે.

વ્રત પાળે-ફાળે વ્રત તો વિકલ્પ છે. આહાહા..! ચરણાનુયોગની શૈલી જે છે શુભરાગને બતાવનારી અને એમાં લખાણ આવે કે પાળનારા છે, એને પણ એ ભૂમિકામાં શુદ્ધતાની સ્થિરતા તેને પાળનારા-રાખનારા છે. એ ભૂમિકામાં એ દશા એની હોય છે. ત્યારે એને વ્યવહારથી એમ કહેવામાં આવ્યું કે આને પાળે છે. એ વાત ખોટી છે એમ કહે છે અહીં તો. આહાહા..! એય..! શેઠી! વીતરાગ માર્ગના શાસન.. શું બાપા!

પ્રભુ! તું તો ચૈતન્યજ્યોત છો ને. જીવ અને જિનવરના સ્વભાવમાં ફેર ક્યાં છે? જીવ છે તે જિનવર છે અને જિનવર છે તે જીવ છે. જીનવર થયા, વીતરાગી દશાવાળા પ્રભુ થયા, તો એ વીતરાગી દશા ક્યાંથી લાવ્યા? બાપુ! એ તારામાં અનંતી અનંતી એવી વીતરાગરૂપી જ્ઞાન અવસ્થાની દશા અંદર શક્તિરૂપ પડી છે, એવો ભગવાનઆત્મા છે. એ આત્મા રાગને પોતાનો માને એવું એના સ્વરૂપમાં નથી. રાગને અને આખી દુનિયાને અને પોતાને જાણે એવું પોતાના સ્વરૂપમાં છે, પણ રાગને અને પરને પોતાનું માને અને એમાંથી લાભ માને એવું એના સ્વરૂપમાં નથી. નથી તેને મારા માનીને અંગીકાર કરે છે તેને અહીંયાં મિથ્યાદૃષ્ટિ જીવ કહે છે. ચાહે તો જૈનનો સાધુ થઈને ફરતો હોય, સમજાણું કાંઈ? અને ચાહે તો ગૃહસ્થાશ્રમમાં ભગવાન પાસે પૂજા-ભક્તિમાં બેઠો હોય બરાબર તલ્લીનપણે, પણ ત્યાં રાગને લાભનું કારણ માને, ક્રિયા મારાથી થાય એ લાભનું કારણ માને છે, એ પરને પોતાપણે ગ્રહીને પોતાના સ્વરૂપનો અનાદર કરે છે. આહાહા..! કહો, મગનભાઈ! આવો માર્ગ છે, ભાઈ! આહાહા..!

જગતમાં રાડ નાખે. અરે..! વ્યવહારનો લોપ થાય રે લોપ થાય. મૂળચંદભાઈ! મૂળચંદભાઈ કહેતા હતા કે લોકો આમ કહે છે. ભગવાન! લોપ થાય છે એનો અર્થ કે વ્યવહાર છે તેનો આત્મા જાણનાર એ આત્મા કહેવાય. વ્યવહારનો રાખનાર આત્મા એ આત્મા નહિ. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહાર એટલે વિકલ્પ અને રાગ, એને રાખનારો, એને પાળનારો, એને પોતાનો માનનારો તે આત્મા નહિ, તે અણાત્મા છે. સમજાણું કાંઈ? બાપા! અંદર સૂક્ષ્મ શલ્ય રહી ગયા છે આવા. નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્મા જ્ઞાન એટલે આત્મા આવો જ્ઞાનસ્વરૂપ છે, એક કણિયો પંચમહાવ્રતનો રાગ પણ મારું સ્વરૂપ નથી એવું જ્ઞાનસ્વરૂપમાં રાગથી ભિન્ન પાડીને આત્માને જાણ્યો નથી અને એને જાણ્યા વિના રાગ અને પુણ્યની ક્રિયા મારી અને એનાથી મને હળવે-હળવે અત્યારે નહિ પછી લાભ થાશે, તો જે અણાત્મા છે તેને આત્માનો લાભ થશે, અણાત્માથી આત્માનો લાભ થશે, અજ્ઞાનતત્ત્વથી જ્ઞાનતત્ત્વ ખીલશે, એમ માનનાર ચૈતન્યના તત્ત્વનો અનાદર કરી આત્માના સ્વભાવની જીવતી જ્યોતનો નાશ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

જે વસ્તુની સ્થિતિ છે એ સાંભળવા મળે નહિ પ્રાણીને બિચારાને વાડામા પડ્યા એને.

એમ ને એમ જીંદગી ચાલી જાય છે. આ વખત તે માંડ થોડો મળ્યો છે. અનંત કાળના હિસાબે આ અવસ્થા કેટલી શરીરની? ૫૦-૬૦-૭૦-૭૫-૮૦-૧૦૦ કો'ક ૯૦ લ્યોને. અનંત-અનંત કાળ, અનંત-અનંત કાળ જેમાં આદિ નહિ. અનાદિનો આત્મા કે દિ' નહોતો? કે દિ' નહિ હોય? કે દિ' પોતાના સ્વભાવથી ખાલી હશે? એમ ને એમ છે... છે... છે. એવો ભગવાનઆત્માનો સ્વભાવ જ્ઞાન, આનંદ, શાંતિ અને વીતરાગતા. એવો આત્માનો સ્વભાવ એટલે એ આત્મા, એ આત્મા. એવા આત્માને અંતર્મુખ થઈને, સન્મુખ થઈને આ આત્મા છે એમ અનુભવ ન કરતાં, સમ્યગ્દર્શન નહિ કરતાં, સ્વભાવમાં નથી એનાથી વિરૂદ્ધ ભાવમાં રોકાઈને, એ રાગની ક્રિયા મારી છે, રાગ મારો છે, કષાય મારા (એમ માને છે).

કષાય અને કાયા બે આવ્યા છે ને? ભાઈ! નહિ? 'પ્રવચનસાર'માં. ઓહો..! ભગવાન 'પ્રવચનસાર'માં કહે છે, વીતરાગી દિવ્યધ્વનિનો સાર! કહે છે કે જેને કષાયનો કણ છે આમ વ્રતનો અને કાયા એ વખતે એમ બીજા જીવને ન હણવામાં આમ અટકેલી હોય છે ન મારું, એ બેને મારાથી થયું અને એ મારી ચીજ છે એમ માનનારા છ કાયની હિંસા કરનારા છે. આહાહા..! એ મિથ્યા શ્રદ્ધાવાળા છે, એ મિથ્યા જૂઠાં બોલવાવાળા છે, અસત્યને સત્ય માનનારા જૂઠાં છે. એ રાગની ક્રિયા થઈ અને દેહની ક્રિયા થઈ એ મારી છે એમ માનનારા ચોર છે અને રાગની ક્રિયા અને દેહની ક્રિયા મારાથી થઈ અને મારી છે એમ માનનારા મૈથુની-ભોગી છે અને રાગ ને દેહની ક્રિયા મારી છે એમ માનનારા આખી દુનિયાના પરિગ્રહને પકડનારા છે. વ્રત આવ્યા ક્યાંથી તારે હજી? સમજાણું કાંઈ? કહો, શેઠી! આહાહા..!

ભાઈ! તું વસ્તુ છો ને પ્રભુ! સચ્ચિદાનંદ પ્રભુ છો. સત્ નામ શાશ્વત જ્ઞાનવાળું તત્ત્વ, શાશ્વત તત્ત્વ જ્ઞાનવાળું. જ્ઞાનનો જ સૂર્ય છો. એમાંથી કિરણ નીકળે તો જ્ઞાનના કિરણ નીકળે. અંધારાના નીકળે? સૂર્યમાંથી અંધારાના કિરણ નીકળતા હશે? કહે છે કે પુણ્ય અને પાપના વિકલ્પ એ અંધારું છે. અજ્ઞાન કીધું ને? આહાહા..! વ્યવહાર રત્નત્રયના વિકલ્પો તે અજ્ઞાન છે, અંધારું તત્ત્વ છે, એમ કહે છે અહીં તો. આહાહા..! ઓલો કહે, વ્યવહારરત્નત્રય સાધન અને નિશ્ચય સાધ્ય. એય..! નવનીતભાઈ! ઓલા નિયત હેતુવાળા. ભાઈ! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા વાત કરી છે. આ વસ્તુ તો ખરી આ છે. સમજાણું કાંઈ?

જેને વ્યવહારરત્નત્રય સાધન (કહે છે) એ તો રાગ છે અને અહીં નિશ્ચય છે એ તો અરાગી દશા છે. અરાગી સ્વરૂપ છે, અરાગી દશા છે. એ સાધ્યનું આ સાધન એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. અહીં તો કહે છે કે એ રાગ છે એ મને લાભ કરે છે એનો અર્થ કે તે હું છું, એનો અર્થ કે તે જ મારી ચીજ છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ સંસારી પ્રાણી ભોગી છે. આહાહા..! સમજાણું કાંઈ? જયંતિભાઈ! ભારે વાતું, ભાઈ! પોષા કરીને બેસે, સામાયિક કરીને બેસે, આઠ દિ'ના આઠ પોષા. પર્યુષણના આઠ પોષા એક સાથે. પાણીનો બિંદુ ન

લે. સાંભળને હવે. તું કોણ છો કે તેં આ કર્યું? હું આત્મા છું. આહાર છોડું છું. આહાર છોડું એ તારા સ્વરૂપમાં છે? આહાર ગરી ગયો હતો તારામાં? આહાર જગતની ચીજ છે તેને હું છોડું છું એમ કરીને પણ રજકણો મારા છે એમ ત્યાં અંગીકાર કરે છે. સમજાણું કાંઈ? આ બાયડી, છોકરા, પૈસા, આબરૂ, કીર્તિ, એ છોડ્યું મેં. મેં કેટલું છોડ્યું. છતી ઋદ્ધિ છોડી, છતી ઋદ્ધિના ત્યાગી. એમ લખે કાગળમાં-છતી ઋદ્ધિના ત્યાગી. પણ ઋદ્ધિ તે કઈ? સાંભળને! બહારની ચીજ તો પર છે. તારી ઋદ્ધિ કે દિ' હતી એ?

તારા જ્ઞાનસૂર્યમાં તો ભગવાન તેને અને તને જાણવાવાળું તત્ત્વ તું છો. એને મૂકી દઈ અને મિથ્યાદષ્ટિ અજ્ઞાની મિથ્યાત્વને સેવતો એ ઋદ્ધિથી હું નભું છું, એ રાગના પરિણામ શુભ ટકે ને તો નભુ છું. વળી કેટલાક તો એમ કહે કે થાકી જાય ને તો જરી કષાયની મંદતાનો આશ્રય લે ને પછી બળ વધે. આરામ લેવો જોઈએ. અરે..! ભગવાન!

**શ્રોતા :-** પછી બળ વધે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બળ તો પડ્યું જ છે. વધે ક્યાંથી? અહીં તો અનંતબળનો ધણી ભગવાન છે. અનંત બેહદ અપરિમિત વીર્યની મૂર્તિ પ્રભુ છે. એવી અનંતવીર્યની મૂર્તિ આત્માને આ રાગની મંદતા બળ આપશે, શરીરમાં કાંઈ પુષ્ટિ થાય, ખાઈએ, પીએ ને તો બળ આત્મામાં વધે. લાડવા, સાલમપાક, મુસલીપાક, હોય છે ને? મૂઢ છો, કહે છે. એ પરપદાર્થની પર્યાયને મારી માનીને તું આત્માને ખોઈ બેસે છો. આહાહા..! આવું છે, ભાઈ!

અરે..! ભાઈ! તારે સત્ય જોઈતું હોય તો આ વિચારવું અને નક્કી કરવું પડશે. એ અસત્યમાં ગોથા ખાઈશ તો કાંઈ હાથ નહિ આવે, ભાઈ! એ નિગોદને રસ્તે પડ્યો છે ઈ. સમજાણું કાંઈ? પુણ્યના વિકલ્પો આદિ મારા મને લાભ કરે એ મિથ્યાત્વી મિથ્યાત્વવાળો આત્માની દશાને હીણી કરવાને રસ્તે પડ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? બીજું તો એ શું કરે? કાંઈ પરનું હીણું અધિક કરી શકતો નથી. જે પોતાનું નથી તેને પોતાનું માની અને પોતાને એનાથી લાભ માની પોતાની વસ્તુની શક્તિને ખોઈ બેસે છે અને શક્તિને હીણી કરવાને પરિણમે છે. બસ! એ હીણી કરીને પરિણમન કરતો-કરતો નિગોદમાં જશે. એનું ઘણું રહેવાનું સ્થળ ત્યાં છે. નિવાસ-સ્થાન. કરે છે ને માણસ સૌ સૌના નિવાસ. બે લાખના કર્યા, ધૂળ લાખના કર્યા. સમજાણું કાંઈ?

અહીં જીવાભાઈ કાલે નીકળ્યા હતા, હોં! ભોગીલાલભાઈ! જીવા પ્રતાપ. અહીં નીકળ્યા હતા. અગિયાર વાગે. પણ બધું બંધ હતું. હું બહાર ગયો. કોઈક છે, કીધું. આવ્યા હતા અહીં દર્શન કરવા. મંદિરમાં અગિયાર વાગે આવ્યા હતા કાલે, પણ હું કાંઈ ઓળખી શક્યો નહિ. પછી એણે કહ્યું, મહારાજ! મને ઓળખો? મેં કીધું, નહિ. જીવાભાઈ. જીવા પ્રતાપ? હા. ઉઘાડી દીધું, મંદિર ઉઘાડી દીધું. જીવો જીવો આ પોતે ચૈતન્ય. સમજાણું કે નહિ?

ભગવાન ચૈતન્યપ્રભુ જ્ઞાનાનંદનો નાથ છે, સચ્ચિદાનંદ પ્રભુ છે, એવો પોતાને ન માનતા, પોતાને તેમ ન જાણતા, ન જાણતા પછી નહિ ઠરતાં, આ રાગમાં ઠરતાં, પુણ્યમાં ઠરતાં, ક્રિયાકાંડમાં ઠરતાં, મારું માનતા ચૈતન્યનો સ્વભાવનો એ હણનારો થાય છે. આત્મહનો ભવન્તિ. સમજાણું કાંઈ? બહુ ટૂંકામાં નાખ્યું છે. આહાહા..!

વીતરાગના આ આત્મા જ્ઞાનમાત્રતત્ત્વને અનેકાંતથી સિદ્ધ કરવાના આ બધા સિદ્ધાંતો છે. એટલે શું કહ્યું? કે એ પુણ્ય-પાપના વિકલ્પથી માંડીને એ ચીજપણે તું નથી અને તારા જ્ઞાન આત્માથી છે એનું નામ અનેકાંત છે. એમ અનેકાંતને ન માનતા, પોતાપણું છોડી દઈને આ મારા માને એ એકાંત મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. એમાં પરપણે નથી તેને માન્યું અને પોતાપણે છે તેને છોડી દીધું. સમજાણું કાંઈ?

હવે આમાં પૈસાવાળાથી મોટો કેટલો થાતો હશે આત્મા? નહિ? પૈસાવાળા થાય. શરીર સારું, રૂપાળુ શરીર હોય લ્યો. રૂપાળું શરીર હોય, બોલતા આવડતું હોય, ભાષા આમ લાખો માણસને (સમજાવી શકે એવી) બધી ભાષા જોઈએ એવી બરાબર આમ ઢબવાળી. એ તો પર જડ છે. એ તો તારાથી થાય છે? એ તારી છે? આહાહા..! કહે છે, એ ભાષાની રજકણની દશાઓ એ તો અજ્ઞાનતત્ત્વ છે. એટલે કે તારું ચૈતન્યતત્ત્વ એમાં નથી એટલે તું બોલે છો એવું સ્વરૂપમાં નથી. છતાં અજ્ઞાની માને છે કે હું બોલું છું એ મારી બરાબર વિચિક્ષણતાને કારણે ભાષા ધારાવાહી ચાલે છે, એ પરને પોતાનું માનીને ચૈતન્ય ભિન્ન છે તેને ખોઈ બેસે છે. આ ખબર ન મળે અને ખબર વિનાનો બેખબરો (થઈને ફરે) અને (માને કે) ધર્મ થાય અમારે. ધૂળમાંય નથી. મરી રખડી જઈશ. સાંભળને! ધર્મને બહાને હેરાન હેરાન થઈ ગયો છે. આ આટલાનો અર્થ થાય છે હોં! આ કડીનો. પોણો કલાક થાય છે આમાં. ભોગીલાલભાઈ! આ તમને યાદ રહેશે કે...

**શ્રોતા :-** બહુ મજા આવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મજા આવી. હવે તો એને પ્રેમ છે ને. પ્રેમ થાય છે ને. વાત સાચી છે. ભાઈ તો બિચારા આવી શક્યા નહિ. શ્વાસ ચડે છે ને વલ્લભદાસભાઈને. એને બહુ રસ, પ્રેમ છે. ભાઈ! આહાહા..! આવી ચીજ પ્રભુ! તને મળે સાંભળવા અને કેમ ન સાંભળે અને કેમ ન સમજે? આહાહા..! જેના ઘરમાં આમ ઘા વાગે કે આ રાગ નહિ, રાગ નહિ. આહાહા..! એ ભગવાન જેનામાં નથી તેને કેમ પોતાનો માને?

કહે છે કે અનાદિથી એવું એણે કર્યું છે તેથી '**વિશ્વના ગ્રહણ વડે...**' એટલે? રાગાદિ પરના પકડવાને કારણે. આખું વિશ્વ (પોતાપણે ગ્રહણ કરીને) '**પોતાનો નાશ કરે છે...**'. પોતે જ્ઞાતા-દૃષ્ટા છે તેનો અનાદર કરીને તેનું જીવન જીવતી જ્યોતિનું મરણ કરે છે. જીવતી જ્યોતિ ચૈતન્ય છે તેને ના પાડે છે તે મરણ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'(**સર્વ જગતને પોતારૂપ માનીને...**' જુઓ! એનો અર્થ કર્યો આપણે. કૌંસમાં. '(**-સર્વ જગતને...**' આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છું, શુદ્ધ ચૈતન્ય છું એમ છોડી દઈને ફક્ત જે જ્ઞેય દેખાય છે બધા જગત આખું દુનિયા એ સર્વ જગતને... વિશ્વની વ્યાખ્યા કરી. '**વિશ્વના ગ્રહણ...**' કહ્યું ને? '(**-સર્વ જગતને...**' સર્વ જગત શબ્દે રાગાદિ બધું જગત. પુણ્ય-પાપના વિકલ્પથી માંડીને બાયડી-છોકરા-કુટુંબ, સ્ત્રી-કુટુંબ, દેવ-ગુરુ-શાસ્ત્ર, મેરુ, સમ્મેદશીખર, શેત્રુંજય અને ગીરનાર. સમજાય ત્યારેને. એ બધું વિશ્વ જગત પર છે.

'(**-સર્વ જગતને પોતારૂપ માનીને...**' કૌંસમાં છે ને? '(**-સર્વ જગતને પોતારૂપ માનીને...**' એટલે એ મને લાભ કરશે અને એ મારા એમ માનીને. જેનાથી લાભ માને એ મારા માન્યા વિના લાભ માની શકે નહિ. આહાહા..! '(**-સર્વ જગતને પોતારૂપ માનીને તેનું ગ્રહણ કરીને...**' એટલે એ મારા એમ માનીને. '**જગતથી ભિન્ન એવા પોતાને નષ્ટ કરે છે),...**' લ્યો, આટલો ખુલાસો આમાં થયો, ભાઈ! સ્વરૂપચંદભાઈ! આ તો લોજિકથી વાત ચાલે છે. એમ કાંઈ ગડબડ-ગડબડની વાત નથી ચાલતી. વીતરાગનો માર્ગ ... છે. ભગવાન કહે છે કે ન્યાયથી અમે જે કહીએ છીએ તે જ્ઞાનથી સમજો. ન્યાયથી કહીએ છીએ તે જ્ઞાનથી સમજો. સમજાણું કાંઈ? આહાહા..! એક બોલ થયો.

'**ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરરૂપથી અતત્પણું પ્રકાશીને...**' હવે સવળો લે છે. જ્યારે-જ્યારે અજ્ઞાની આમ માને છે ત્યારે '**પોતાનો (જ્ઞાનમાત્ર ભાવનો)...**' ભગવાન ચૈતન્ય જ્ઞાનમાત્ર સ્વરૂપ છે એને પર રૂપથી અતત્પણું. હું એ પુણ્ય-પાપ અને શરીર-વાણી અને દેવ-ગુરુ-શાસ્ત્રથી હું નથી. પરપણે અતત્ છું. આહાહા..! પરપણે હું નથી. છે? '**ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું)...**' એટલે વસ્તુનું. '**પરરૂપથી અતત્પણું પ્રકાશીને...**' પુણ્ય-પાપને લઈને હું નથી, વ્યવહાર રત્નત્રયના રાગને લઈને હું નથી, એ રાગ મારો નથી એમ પરરૂપથી અતત્પણું પ્રકાશીને. એ રાગરૂપે હું નથી એમ અતત્પણે પ્રકાશીને. '**પરરૂપથી...**' પર એટલે આખું જગત, પુણ્ય-પાપથી માંડીને બધું, આત્માના જ્ઞાનસ્વભાવ સિવાય, બસ. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યસૂર્ય એ તત્ છે અને આ પર છે તે અતત્ એટલે મારામાં નથી. પુણ્ય અને પાપ, વિકલ્પ-વ્યવહાર એ મારામાં નથી. આહાહા..! કહ્યું છે ને શાસ્ત્રમાં? કે ચૈતન્યને નિશ્ચય અને વ્યવહાર બેય હોય. જ્યાં સુધી વીતરાગ ન (થાય ત્યાં સુધી). નથી આવ્યું પુણ્ય-પાપના અધિકારમાં? જ્યાં સુધી કર્મની પૂર્ણ નિવૃત્તિ નથી તો જ્ઞાનધારા અને કર્મધારા બે હોય છે.

**શ્રોતા :-** ચાલે છે સામે સામે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ ચાલે છે એ તો જ્ઞેય તરીકે શું ચીજ છે એમ જણાવી

છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? એ મોટા વાંધા. આગ્રામાં વ્યાખ્યાન થયું હતું એ શ્લોકનું. વાત તો... શું કીધું? કાંઈક કીધું. આનંદવાળી વાત, હોં. કરવું ધરવું કાંઈ નહિ. એક પંડિત હતો, પંડિત. તમે હતા કે નહિ ભાઈ? નટુભાઈ! આગ્રામાં. આગ્રામાં પહેલે દિ'. હતા તમે? બીજા હતા. ભાઈ હતા ચંદુભાઈ. ઘણું માણસ, બહુ માણસ. ઊભો થઈ પંડિત એક લાંબો હતો. આનંદવાળી વાત છે. કરવું ધરવું કાંઈ નહિ.

ભાઈ! શું કરવું છે તારે? જ્ઞાન તે કરે જાણવું-દેખવું એ કરવું નથી? આત્મા જ્ઞાનમાં જાણવા-દેખવાની ક્રિયા કરે એ કરવું નથી? શું આ રાગ અને દેહની ક્રિયા કરે એ કરવું છે? સમજાણું કાંઈ? જૈન દર્શનને એ રીતે ઉથલાવી માર્યું છે જગતે. વાસ્તવિક ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ ચૈતન્યપ્રભુ અનંત સર્વજ્ઞોએ ફરમાવેલું છે. પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે તે જ રીતે ફરમાવે છે. અનંત તીર્થંકરો થશે તે આ રીતે જ ફરમાવે છે. સમજાણું કાંઈ? વસ્તુના સ્વરૂપમાં આત્મા તે જૈન છે. આત્મા તે જિન છે. બીજો જિન કોણ? સમજાણું?

સવારમાં કહ્યું હતું ને? 'જિન સોહીએ આત્મા...' એ 'શ્રીમદ્'નું વાક્ય છે. 'જિન સોહીએ આત્મા અન્ય સોહી હૈ કર્મ. કર્મ કટે જિનવચન સો એ તત્ત્વ જ્ઞાની કા મર્મ.' જિનવચનથી એટલે વચનમાં ભાવ જે કહેવો છે વીતરાગભાવ. આત્મા રાગ અને પુણ્યથી રહિત, પરથી રહિત એકલા આનંદ જ્ઞાન સહિત. એવી શ્રદ્ધા ને જ્ઞાન ને સ્થિરતા દ્વારા કર્મ નામ રાગ કટે-નાશ થાય, એ સિવાય નાશ થાય નહિ. બહુ ટૂંકામાં 'શ્રીમદ્' કહ્યું. 'આપ આપ કો ભૂલ ગયે, ઈસમેં ક્યા સંદેહ.' આપ આપ કો ભૂલ ગયે. પોતે પોતાને ભૂલી ગયો. આપ વિના બીજું છે એમ માનનારો પરને જ માને છે. એક શ્લોક છે એવો, સમજ્યાને? લ્યો, વળી ઈ યાદ આવ્યું.

'ઐસી કહાં સે મતિ ભયી, આપ આપ હૈ નાહિ.' આ 'શ્રીમદ્'નું વાક્ય છે. ભોગીલાલભાઈ!

ઐસી કહાં સે મતિ ભયી આપ આપ હૈ નાહિ,
આપન કો જબ ભૂલ ગયે, અવર કહાંસે લાઈ?

તું ચૈતન્યમૂર્તિ ભગવાનને ભૂલ્યો અને હવે આ છે એમ કોણે નક્કી કર્યું પણ? તારા વિના નક્કી કોણ કરે આ? આહાહા..! સમજાણું કાંઈ? બહુ ટૂંકા શબ્દોમાં (લખ્યું છે). 'શ્રીમદ્' નાની ઉંમરમાં જાતિસ્મરણ હતું. પણ ઓલો ગૃહસ્થાશ્રમ ને બાયડી, છોકરા, કુટુંબ ને ધંધા એટલે કોઈ ઓળખી શક્યું નહિ. ભાઈ! એ તો એને ઘરે રહ્યા. આત્મામાં શું છે એ તો જાણ. સમજાણું કાંઈ? જુઓને! આ ભાષા કેવી છે!

'ઐસી કહાં સે મતિ ભયી આપ આપ હૈ નાહિ.' એ રાગ છે ને પુણ્ય છે ને આ છે, અરે..! આ મતિ તને થઈ ક્યાંથી? 'એસી કહાં સે મતિ ભયી...' આમ તો ના પાડે કે નહિ અમે માનીએ છીએ. પણ તું રાગ અને પુણ્યને મારા માને છો, આત્માને માનતો

નથી. સમજાય છે કાંઈ? 'આપનકું જબ ભૂલ ગયે, અવર કહાં સે લાઈ.' અનેરું ક્યાંથી તું નક્કી કર્યું કે આ છે. તારા જ્ઞાનની હયાતીમાં આ છે એમ નક્કી કોણે કર્યું? જ્ઞાન છું, ચૈતન્ય છું એ તો તને ભાન નથી. આ છે, રાગ છે, આ છે, આ છે. એ છે પહેલાંનો જ્ઞાનસ્વભાવ એને જાણનારું છે, એનો નકાર તું કરીશ તો લાવીશ ક્યાંથી આ છે ઈ? સમજાય છે કાંઈ? 'આપ આપ શોધસે આપ આપ મિલ જાયે.' એવી વાત છે જરી. આપ આપ કો ભૂલ ગયે એ બીજી વાત છે. 'આપ આપ કો ભૂલ ગયા ઈનમેં ક્યાં સંદેહ, સમર સમર અબ હંસત હૈં,... ' એ બીજી વાત છે. અહીં તો આ. સમજાય છે કાંઈ?

કહે છે, '**(તે જ્ઞાનમાત્ર ભાવનું) પરરૂપથી અતત્‌પણું પ્રકાશીને...**' હું તો ચૈતન્ય છું. મારું હોવાપણું જ્ઞાન ને આનંદવાળું હોવાપણું છે. અને પુણ્ય-પાપના વિકલ્પો, રાગ દયા-દાનના વિકલ્પો અને પર એથી અતત્‌પણું છે. તે પણે હું નથી. એમ કરીને આત્માને જીવતો રાખીને સમ્યગ્દર્શનમાં આનંદને વેદે છે, એમ કહે છે. ઓલો અંધકાર કરી મિથ્યાત્વને-દુઃખને વેદે છે. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્ય સ્વરૂપ, એવા સ્વરૂપને પરરૂપે ગ્રહણ કરીને, માનીને પોતાના ચૈતન્ય સ્વરૂપનો અનાદર કરીને મિથ્યાત્વભાવને એટલે દુઃખભાવને વેદે છે. એ દુઃખી પ્રાણી છે.. દુઃખી પ્રાણી છે. ચાહે તો ત્યાગી થયેલો હોય, ચાહે તો મહાવ્રત પાળતો હોય પણ એ રાગને પોતાના માનનારો પોતે આનંદનો અનાદર કરીને દુઃખી પ્રાણી છે, એમ કહે છે. એય..! પોપટભાઈ! ભારે ભાઈ વાત.

ત્યારે સુખી કોણ? કે '**ત્યારે જ્ઞાનમાત્ર ભાવનું...**' ભગવાનઆત્મા હું ચૈતન્ય જ્યોત અસ્તિ તત્ત્વ છું. એમાં અતત્‌પણું '**પરરૂપથી અતત્‌...**' છું. એ પુણ્ય-પાપનો વિકલ્પ રાગ, શરીર, વાણી, મન એનાથી અતત્‌ છું, તે રૂપે હું નથી એ રાગરૂપે, વ્યવહારરૂપે હું નથી. આહાહા..! આ તો કહે, વ્યવહારનું પરિણમન કરે, વ્યવહારને કરે. અરે..! ભગવાન એ નથી. આહાહા..! શું કરે? હાથ આવે નહિ પોતે એટલે પછી જ્યાં ત્યાં ભટકે અને રખડે. આહાહા..! કહો, સમજાણું? આવું કહેશે તો કાંઈ કરશે નહિ. એમ વળી માણસ કહે. શું કરવું હતું પણ, સાંભળને. એય..! જયંતિભાઈ! આહાહા..!

અસ્તિ તત્ત્વ ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ છે, એવો સ્વનો સ્વીકાર કરીને રાગના પુણ્યનો વિકલ્પ જે ઊઠે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ને ભક્તિનો ભાવ, તેથી માંડીને બધું અતત્‌પણે પ્રકાશે છે. એ મારામાં નથી એમ હું પ્રકાશું છું, મારામાં છે એમ નહિ. '**અતત્પણું પ્રકાશીને (અર્થાત્‌ જ્ઞાન પરપણે નથી એમ પ્રગટ કરીને)...**' જુઓ, હું ચૈતન્ય સ્વરૂપ છું, આનંદ છું, જ્ઞાનાનંદ છું અને રાગપણે હું નથી, એમ પોતાના આત્માને જ્ઞાનપણે, પરપણે નથી એમ પ્રગટ કરીને, સ્વપણે છું એમ પ્રગટ કરીને અને પરપણે નથી એમ પ્રગટ કરીને પોતાના જ્ઞાન-શ્રદ્ધા અને આનંદને વેદે છે, એનું નામ અનેકાંત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

‘**વિશ્વથી ભિન્ન જ્ઞાનને દેખાડતો થકો...**’ જુઓ! શું કહે છે? ધર્મી જીવ અનેકાંત એટલે વસ્તુ ભગવાન અનંત ગુણનો પિંડ હું છું અને રાગાદિ પરથી હું અતત્ છું એવા અનેકાંત વડે વિશ્વથી ભિન્ન. વિશ્વ શબ્દે પુણ્ય-પાપના વિકલ્પથી માંડીને શરીર, વાણી, મન, કર્મ બધું આખી દુનિયા. અહીં તો શેત્રુંજયના દર્શન થયા તો ભવનો નાશ થાય. સમ્મેદશિખરના દર્શન થાય તો ભવનો નાશ થાય. અહીં ના પાડે છે, એમ નથી. સમ્મેદશિખર અને શેત્રુંજય આ ભગવાન છે. એય..! ભોગીલાલભાઈ! આહાહા..! ભગવાન આનંદનો કંદ જ્ઞાનમૂર્તિ છે. એમાં આરૂઢ થા કે આ હું છું અને એ મારામાં નથી અને એનાથી મને લાભ નથી. એમ પરપણે અતત્પણે પ્રકાશતો આત્માને પ્રકાશે છે. આહાહા..! ભાઈ! આ તો નિમિત્તના માનનારને, પરથી લાભ માનનારને આ ભારે ઘા વાગે એવું છે.

**શ્રોતા :-** ભારે થઈ પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભારે થઈ પડે. ભગવાન! પણ બીજું શું છે? વસ્તુ તો આમ છે. જેમ છે એમ તું ન માન અને તું એમ ભારે પડે એમ માને તો એમાં સ્વતંત્ર છે. સમજાણું કાંઈ?

‘**પરરૂપથી અતત્પણું પ્રકાશીને...**’ આ ભગવાન જ્ઞાન પરપણે નથી, આ આત્મા રાગરૂપે નથી, પુણ્યપણે નથી એમ વિશ્વથી ભિન્ન દેખાડતો, એમ પોતાને રાગથી ભિન્ન દેખાડતો થકો, રાગથી જુદો દેખાડતો થકો, પરથી જુદો દેખાડતો થકો ‘**અનેકાંત જ તેને...**’ એટલે પોતાપણે છે અને પરપણે નથી એમ અનેકાંત જ ‘**પોતાનો (-જ્ઞાનમાત્ર ભાવનો) નાશ કરવા દેતો નથી.**’ લ્યો! આ અતત્ના એક બોલમાં આટલું ભર્યું છે. આહાહા..! તત્પણાની કાલે વ્યાખ્યા આવી હતી. અતત્પણાની આજે આવી. આ તો શાસન એવું છે કે એક એક ન્યાય અને એક-એક ગાથાએ આખું તત્ત્વ સમાડી દે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મીજીવ પોતાનો આત્મા જ્ઞાનથી ભરેલું તત્ત્વ જ હું જ્ઞાન છું. આત્માનુભૂતિ કહો કે જ્ઞાનાનુભૂતિ કીધું એમ આવે છે ને એ. ૧૫મી ગાથામાં, નહિ? બધું એનું એ છે. ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ છું, આનંદ છું, પવિત્રનું ધામ મારું સ્થળ છે એને સ્વપણે સ્વીકારતો. એક બોલ થયો. રાગાદિ પર વિશ્વપણે હું નહિ પ્રકાશતો એ બીજો બોલ થયો. એ અનેકાંત થયું. સ્વમાં એક અદ્વૈત હોવા છતાં દ્વૈતપણાનો નિષેધ થઈ શકતો નથી. એટલે કે આત્મા એકરૂપે વસ્તુ છે છતાં પરપણે નથી એવું દ્વૈતપણું એમાં છે. પરપણે નથી એવો બીજો ગુણ છે. એનો નિષેધ થઈ શકે નહિ. પરપણે નથી એવું છે. સમજાણું કાંઈ?

‘**પોતાનો નાશ કરવા દેતો નથી.**’ ધર્મીજીવ, ધર્મીજીવ કે સમ્યગ્દૃષ્ટિ જીવ કે જ્ઞાની, ત્રણે એક જ છે. એ પોતાના જ્ઞાનમાત્ર ભાવને, વસ્તુના સ્વભાવને પોતામાં માનતો અને તેમાં પુણ્ય-પાપના વ્યવહાર આદિથી માંડીને બધું, આત્મા એ પણે પ્રકાશતો નથી, અતત્પણે

પ્રકાશે છે, અતત્‌પણે પ્રકાશે છે. એમ આત્માને સ્વપણે પ્રકાશતો અને પરપણે નહિ એમ પ્રકાશતો, પોતાની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિથી જીવતો રાખે છે. આત્માને જીવતો રાખે છે. સમજાણું કાંઈ? કોઈ કહે, પણ કાંઈક દાખલો દલીલ (આપો). દાખલા દલીલ આના છે. બીજા ક્યા દાખલા? બહુ ઝીણુ પડે, કોઈ દાખલો આપો, પણ આ દાખલો છે. પણ ન્યાય સમજાય એવો છે. આમાં દાખલો કોને? સમજાણું કાંઈ?

આંગળી છે. લ્યો દાખલો. આંગળી છે એ આંગળીપણે પ્રકાશે છે અને આ આંગળી આ આંગળીપણે નથી એમ પ્રકાશે છે. આ આંગળી આ આંગળીપણે નથી એમ પ્રકાશે છે કે આ આંગળીપણે છે એમ પ્રકાશે છે આંગળી? એમ ચૈતન્ય વસ્તુ જ્ઞાનાનંદપણે પ્રકાશે છે અને રાગપણે નથી એમ પ્રકાશે છે. આહાહા..! સમજાણું કાંઈ? બીજી ચીજ છે એમ સિદ્ધ કરવી છે પાછી. રાગાદિ છે, વ્યવહાર. એનો અર્થ ઈ થયો. જેમ વસ્તુ થાય ત્યારે નિમિત્ત છે. છે એટલી વાત. એમ નિશ્ચય હોય ત્યાં વ્યવહાર છે, એ તો છે એટલી વાત. છે પણ આમાં નથી. છે એ બરાબર છે. સમજાણું કાંઈ?

વસ્તુની દૃષ્ટિ થતાં, જ્ઞાન થતાં, ભાન થતાં વ્યવહાર છે એ બરાબર છે, પણ છે એટલે શું? આમાં નથી. છે તો છ દ્રવ્ય છે, બધું છે. સમજાણું કાંઈ? પણ છે માટે આત્મા પ્રકાશે છે એમ નથી. એ એના પણે નથી એમ આત્મા પ્રકાશે છે એનું નામ આત્મા કહેવાય છે. એનું નામ અનેકાંત છે. આમ અનેકાંત ઓલા આનાથી થાય અને આનાથી થાય એ અનંકાંત નહિ, એ તો એકાંત છે, સાંભળને! અહીં તો પોતાપણે છે અને પરપણે નથી એનું નામ અનેકાંત છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતાપણે છે, શુદ્ધ આનંદ-જ્ઞાનપણે છે અને વ્યવહારપણે નથી, રાગપણે નથી એનું નામ અનેકાંત છે. આ તો રાગપણે પણ છું અને નિશ્ચયપણે છું, એ અનેકાંત ક્યાં આવ્યું? અહીં તો અનેકાંત સિદ્ધ કરવું છે. સમજાણું આમાં?

**શ્રોતા :-** વ્યવહારપણે નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારપણે હું નથી, નિશ્ચય સ્વભાવપણે છું, વિકલ્પપણે નથી એનું નામ અનેકાંત છે. અનેકાંતની વ્યાખ્યા આ કરે છે. ઓલા કહે, ભગવાનનો માર્ગ અનેકાંત છે, ભાઈ! નિમિત્તથી પણ થાય, વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી થાય, ઉપાદાનથી થાય. એ અનેકાંત નથી, ફુદડીવાદ છે એ તો. સમજાણું કાંઈ? લ્યો એક બોલ થયો, પણ આવ્યો છે સારો એક બોલ. ભોગીલાલભાઈ! આવ્યા બરાબર સરખાઈમાં.

(**શ્રોતા :** પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્રી સમયસાર કળશટીકા, કળશ-૨૧૪-૨૧૫
# પ્રવચન નં.૨૧૪, તા.૧૧-૭-૧૯૬૮
# (૨૧)

૨૧૪ કળશ છે. ગુજરાતી ૨૦૩ પાનું છે. .. આવ્યું જુઓ! '**तु यत् वस्तु स्वयम परिणामिनः अन्यवस्तुनः किञ्चन अपि कुरुते तत् व्यावहारिकद्दशा**' છે ને? વચમાં છે. શું કહે છે આ? કે આત્મા છે એ જ્ઞાનાનંદ સ્વરૂપ છે, એ પોતાના સ્વરૂપને ભૂલે તો રાગ-દ્વેષ કરે, પણ એ વચ્ચે કર્મબંધનની પર્યાય થાય એને એ ન કરે. સમજાય છે કાંઈ? આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્-શાશ્વત જ્ઞાનાનંદ મૂર્તિ. એ સ્વરૂપની દૃષ્ટિમાં તો વિકાર .. નથી એનું બંધનનું નિમિત્ત પણ નથી. સ્વરૂપના ભાનમાં આત્મા અખંડાનંદ ચૈતન્યમૂર્તિ છે, એવું જ્યાં ભાન છે ત્યાં તો વિકાર ઉત્પન્ન થતો જ નથી. કેમકે વસ્તુ પવિત્ર શુદ્ધ છે, એના ભાનમાં તો શુદ્ધતા જ ઉત્પન્ન થાય. એથી જ્ઞાનીને નવા કર્મ બંધનમાં નિમિત્તપણાના જે પરિણામ છે એ પરિણામ પણ એને હોતા નથી એટલે નવા કર્મનું નિમિત્ત પણ તે હોતા નથી. સમજાય છે કાંઈ?

વસ્તુ જ્ઞાનાનંદ ચૈતન્ય જ્યોતિ આત્મા, એનું ભાન નથી અને પુણ્ય અને પાપ, શુભ અને અશુભ રાગ એ મારા છે એમ માનીને જે કરે છે, તો કહે છે કે હો, એને અજ્ઞાન દશામાં વિકારની દશા હો એ એને કરે, પણ એ વખતે કર્મના બંધન થાય એને આત્મા કરે એ વાત ખોટી છે. સમજાય છે? કર્મ જે બંધાય છે એને આત્મા નથી કરતો. એ તો પરની પર્યાય જડની છે. સમજાય છે કાંઈ?

આત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ, શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે. એવું જ્યાં ભાન છે એ તો જ્ઞાની જ્ઞાનમાં આત્માના આનંદને વેદે છે. એને તો વિકાર નથી અને તેથી નવા કર્મને નિમિત્તરૂપે થવું એ ભાવ નથી. એથી નવા કર્મમાં નિમિત્તરૂપ થવું એ નથી અને વિકારરૂપ થવું એ પણ નથી; પણ અજ્ઞાનીને આત્માના ભાન વિના, એ આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે એવું ભાન નથી, ત્યાં રાગ-દ્વેષના પરિણામ અને વિકારી ભાવ ત્યારે તે કાળે કર્મ પુદ્ગલની અવસ્થા કર્મરૂપે થાય એને આત્મા ન કરે. અજ્ઞાનમાં રાગ-દ્વેષને કરે પણ કર્મની અવસ્થાને ન કરે. સમજાણું કાંઈ?

અહીં તો વધારે પછીની ગાથાનો ઉપોદ્ઘાત છે ને આ તો. એ સેટિકાની ગાથાનો ઉપોદ્ઘાત.

એટલે '**જે કાંઈ એવો અભિપ્રાય છે તે બધો જૂઠી વ્યવહાર દૃષ્ટિથી છે.**' શું કીધું? આત્મા કર્મના બંધનની અવસ્થાને કરે એમ કહેવું એ જૂઠી વ્યવહાર દૃષ્ટિથી છે, અસદ્‌ભુત. હિન્દી છો? અચ્છા. અહીં તો ભાઈ, એ નાખ્યું છે. ઓલું સેટિકાનું છે ને. ઉપોદ્‌ઘાત છે સેટિકાનો. આત્મા પરના પરિણામને-અવસ્થાને તો ન કરે, પણ પરને જાણે એમ કહેવું એ પણ જૂઠાં વ્યવહારનું કથન છે. સમજાય છે? પરને જાણે એ પણ જૂઠો વ્યવહાર છે. જાણે પોતાને જાણે છે, પરને શું જાણે? સમજાય છે કાંઈ? જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન એ પરને જાણે એમ કહેવું એ જૂઠો વ્યવહાર છે એમ કહે છે. પરને કરે એ તો નહિ.

**શ્રોતા :-** .. અજ્ઞાન જ છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ માને છે કે આને હું જાણું છું.

પોતે પોતાનું સ્વરૂપ ચૈતન્ય જ્ઞાનાનંદ છે એને જાણે. ચાર બોલ લીધા છે ને છે સેટિકામાં. પરને જાણે એ કહેવું એ વ્યવહાર જૂઠો, પરને દેખે કહેવું એ વ્યવહાર જૂઠો, આ પરને છોડે છે-આત્મા શરીર છોડ્યા, આહાર છોડ્યો, ફલાણું છોડ્યું, આ છોડ્યું, કર્મ છોડ્યા એ પણ જૂઠો વ્યવહાર છે કહે. છોડે કોને? એ તો પરવસ્તુ ભિન્ન હતી. અહીંયાં સ્વરૂપમાં સ્થિરતા થતાં રાગ ઉત્પન્ન થયો નહિ, ત્યારે એ ચીજ નહોતી આવી ત્યારે એણે છોડી એમ વ્યવહારથી જૂઠાં વ્યવહારથી કથન, અસદ્‌ભુત વ્યવહારથી કથન છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

તારા ઘરમાં શું છે એની એને ખબર નથી. અંદર પોતે સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્-શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર. એનો અંતર દૃષ્ટિમાં અનુભવ થવો એનું નામ ધર્મ, એનું નામ ધર્મ. એ ધર્મ નથી ત્યાં પરની પર્યાય કર્મની થાય એને કર્તા કહેવો એ જૂઠો વ્યવહાર છે. રાગ-દ્વેષના પરિણામને કરે. કારણ કે એ શુદ્ધતાનું ભાન નથી માટે. સમજાણું કાંઈ?

જ્ઞાનીને પણ એમ કહેવું કે આ પરને જાણે છે, પરને દેખે છે, પરને છોડે છે, પરને શ્રદ્ધે છે, એ બધો વ્યવહાર કથન છે. પરને જાણે-દેખે-શ્રદ્ધે કે પરને છોડે એવું આત્મામાં નથી. પરવસ્તુથી તો રહિત જ છે આત્મા. રહિત છે એને જાણે-છોડે કહેવું એ તો વ્યવહાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાન પ્રભુ ચૈતન્યમૂર્તિ, એ તો ચૈતન્યમૂર્તિ છે. એ પોતે પોતાને જાણે-દેખે-શ્રદ્ધે અને ઠરે, એ બરાબર છે કહે છે, એ સદ્‌ભુત વ્યવહાર છે. એ પણ સદ્‌ભુત વ્યવહાર.

ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, એ પોતાને જાણે એમ ભેદ પાડીને કહેવું એ સદ્‌ભુત વ્યવહાર છે. પોતાને શ્રદ્ધે, પોતાને માને, ઓળખે કે દેખે કે પોતામાં સ્થિર થાય છે... સમજાણું કાંઈ? એ પણ એક સદ્‌ભુત વ્યવહાર છે. પોતામાં થાય છે ને? પણ ભેદરૂપ છે એટલે વ્યવહાર. ત્યાં તો લીધું, જ્ઞાયક તે જ્ઞાયક જ છે, ભાઈ! આવ્યું છે ને? વળી જ્ઞાયક છોડે

છે અને ઠરે છે એ ક્યાં છે, એમ કહે છે. આહાહા..! ઝીણી વાત બહુ. ચૈતન્ય જ્યોત પ્રભુ છે આત્મા-જ્ઞાન. એ તો જ્ઞાયક તે જ્ઞાયક જ છે. એને એમ કહેવું કે આત્મા પોતે પોતાને જાણે છે એવો સ્વસ્વામીના ભેદરૂપ સંબંધનું પણ શું કામ છે? ઝીણું બહુ. સમજાણું કાંઈ?

આનંદ પ્રભુ આત્મા એ આનંદને અનુભવે છે એમ ભેદ પાડીને કહેવું એ વ્યવહાર છે, તો એ રાગને કરે અને પરને જાણે-દેખે એ બધા જૂઠાં વ્યવહારના કથનો છે. સમજાણું કાંઈ? આ પર વસ્તુનો ત્યાગ કરું છું એમ કહે છે એ જૂઠો વ્યવહાર છે. ત્યાગ શું કરે? એ તો પરવસ્તુથી રહિત જ આત્મા છે. ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે એ તો પરથી રહિત જ છે. પરથી રહિત છે એ પર છોડવું એ તો જૂઠાં વ્યવહારનું કથન છે, સત્ય વ્યવહાર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**व्यावहारिकदृशा**'. '**વસ્તુનું સ્વરૂપ વિચારતાં...**' જુઓ, '**જે કંઈ એવો અભિપ્રાય તે બધો જૂઠી વ્યવહારદૃષ્ટિથી છે.**' '**निश्चयात् किम् अपि नास्ति इह मतं**' નિશ્ચય નામ વસ્તુના સ્વરૂપથી જોતાં ભગવાનઆત્માના જ્ઞાનાનંદ સ્વરૂપથી જોતાં '**किम् अपि नास्ति**'. પરને જાણવું, માનવું, છોડવું, શ્રદ્ધવું, દેખવું એ બધો '**વિચાર-એવો અભિપ્રાય કાંઈ નથી;...**' એ વસ્તુમાં કાંઈ માલ નથી. આહાહા..! ભારે કઠણ. સમજાણું કાંઈ? '**એવો વિચાર-એવો અભિપ્રાય કાંઈ નથી;-**' જોયું! ભાષા કેવી કરી છે! એવો અભિપ્રાય કાંઈ નથી. નથી એટલે? એ વસ્તુ તદ્દન જૂઠી છે, એમ. '**किम् अपि नास्ति**' એમ છે ને? કાંઈ નથી. કાંઈ નથી પણ છે ને?

'**ભાવાર્થ આમ છે કે કાંઈ જ વાત નથી,...**' કાંઈ જ વાત નથી એમ કહે છે. એ વાતમાં સાર કાંઈ નથી. ભગવાન જ્ઞાનાનંદ મૂર્તિ પોતે પોતાનો અનુભવ કરે એમાં પરને છોડવું, જાણવું, માનવું એમાં છે ક્યાં? આહાહા..! સમજાણું કાંઈ? '**મૂળથી જૂઠું છે;...**' મૂળથી ખોટું છે આ કહે છે. વાતનું મૂળિયું જ સાચું નથી એમ કહે છે. આહાહા..! આ એક આત્મા આ શરીરની અવસ્થાને કરે, વાણીને કરે, કર્મને કરે, વાત મૂળથી જૂઠી છે, કહે છે. સમજાણું કાંઈ? રાગનું સિદ્ધ કરવું હોય તો ઠીક! આ તો ઓલા પીછીનું કામ કર્યું હોય તો ... પણ નહિ, એમ કહે છે અહીં તો. માણસ કહે છે ને મેં પીછીનું કર્યો. એ .. કાર્યમાં. ... એક પીછી હોય ને કાગની? કાગ થાય એમ કહી દે. એક પીછી લે ત્યારે .. થાય છે, પણ અહીં તો પીછી પણ નથી એમ કહે છે. પીછી ને કાગ ક્યાંથી? એમ કહે છે. 'રજની રેત કરે છે' એમ ગુજરાતીમાં કહેવાય છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. ઝટ કરે છે આપણે ગુજરાતી એમ કરે છે. હિન્દીમાં.. કાર્ય

કરે છે. કાગ હોય છે ને, કૌઆ? કાગડાનું પીછું હોય ને? એને જોઈને એમ કહે કે આખો કાગડો હતો. હતું તો પીછું એટલું. અહીંયાં તો એમેય નથી કહેતા.

ભગવાનઆત્મા શાશ્વત આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા (છે). એવું અંતરમાં જ્યાં ભાન થયું, હવે કહે છે કે પરને છોડે, મૂકે, શ્રદ્ધે એ તો જૂઠો વ્યવહાર છે. એ વ્યવહારમાં માલ કાંઈ નથી. આહાહા..! કહો, સમજાણું? ધર્મીને આત્મા શુદ્ધ ચિદાનંદના ભાનમાં એ જે કાંઈ રાગાદિ દયા, દાનના પરિણામ આવે એ તો એના નથી, એણે કર્યા નથી, એનામાં નથી. સમજાણું? ભગવાન જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ સ્વરૂપ એવું ભાન (થયું), એમાં આ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ જીવે કર્યા, એ જીવમાં હતા, એ જીવની પર્યાયમાં છે એ વાત જૂઠી છે. એ તો જૂઠું છે પણ આ જૂઠું છે. એ રાગને જાણે છે, રાગને છોડે છે, રાગને માને છે, રાગને દેખે છે અને રાગને શ્રદ્ધે છે, એ જૂઠું છે. આહાહા..! સમજાણું કાંઈ?

એવો ભગવાનઆત્માનો સ્વભાવ ચૈતન્યમૂર્તિનું ભાન, એના અનુભવમાં-સમ્યગ્દર્શનમાં, કહે છે કે એ રાગનો, દયા-દાન-વ્રતનો પરિણામ આવ્યો એ પરિણામ તો એમાં નથી, એણે કર્યા નથી, એમાં નથી, એ છે તો આ છે એમ નથી, પણ એ રાગને જાણે છે, માને છે, ઓળખે છે, શ્રદ્ધે છે એમ કહેવું એ વ્યવહાર જૂઠો. એ પરજ્ઞેય છે. વ્યવહાર પરજ્ઞેય છે, એને જાણે-દેખે કહેવું જૂઠું છે એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? પોતે પોતાને જાણે-દેખે છે.

**શ્રોતા :-** સાચો વ્યવહાર કયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ સાચો વ્યવહાર પોતાને જાણે-દેખે કહેવું એ વ્યવહાર.

**શ્રોતા :-** આ બધા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની વાત જ ક્યાં છે? એ તો હતો જ કે દિ'? બહારનો વ્યવહાર કરે છે કોણ? એ તો એને લઈને-જડને લઈને થાય. એ તો બહારની વાત થઈ. શરીર, વાણી, મન આ બોલે એ તો જડની અવસ્થા જડ કરે છે. આત્મા ક્યાં છે એમાં? આત્મા તો અરૂપી છે. આ તો જડ છે. જડની અવસ્થા જડ કરે. એની તો અહીં વાતેય નથી. ઝીણી વાત છે, ભાઈ! એમાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એ રાગ છે એ આત્માએ કર્યો એમ કહેવું એ જૂઠી વ્યવહારની દૃષ્ટિ છે, વસ્તુની દૃષ્ટિમાં એ છે નહિ. એ તો નહિ પણ એ રાગને જાણે-દેખે-માને એમ કહેવું એ પણ જૂઠો વ્યવહાર છે.

**શ્રોતા :-** ગાથાઓ લીધી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગાથા છે, અહીં સંસ્કૃતમાં લખ્યું છે. આમાં વ્યવહાર ... છે ને એના સંસ્કૃતમાં. એ ઉપોદ્ઘાત છે. આ સેટિકાનો ઉપોદ્ઘાત છે. **'यत्तु'** વસ્તુ. એ વસ્તુનું

સ્વરૂપ છે. જુઓ, એ આવ્યું. '**परद्रव्यं स्वकेन भावेन ज्ञातापि**' એના શ્લોકમાં છે. '**व्यवहार दृष्टं न परमार्थः**' '**ज्ञातापि जानापि पश्यति.. व्यवहारतः**' આ શ્લોકના સંસ્કૃતમાં છે. એનો ઉપોદઘાત. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ ક્યાં જાણે છે? પોતાને જાણે છે. પોતે પોતાને જાણે એ પણ ભેદ વ્યવહાર થઈ ગયો. સમજાય છે કાંઈ?

પોતાના જ્ઞાનસ્વરૂપમાંથી નીકળીને રાગને અડે છે આત્મા? રાગને અડે છે? રાગ પોતાને અડે છે? એ તો ભિન્ન છે. અડતો નથી તો એને જાણવું-દેખવું કહેવું એ જૂઠો વ્યવહાર છે એમ કહે છે. આહાહા..! તત્ત્વ જ એવું છે, વસ્તુ એવી છે. એ કાંઈ કોઈએ કરી નથી. સાંભળવા મળે નહિ અને સાંભળે નહિ એટલે કાંઈ વસ્તુ બીજી થઈ જાય? વસ્તુ તો જે છે એ છે. ચૈતન્ય .. આ ચેતન તે જાણવું-દેખવું વ્યવહાર એ બધો વ્યવહાર. અંદર લખ્યું છે હોં! ...આત્મતા પરદ્રવ્યં.. જેમ ખડી. ખડી હોય છે ને ખડી? ખડી કહે છે? સેટિકા. એ ભીંતને ધોળી કરે છે એ વ્યવહાર છે. ધોળી ક્યાં કરે છે? એ તો પોતાથી ધોળી થઈ છે, પોતાને ધોળી કરે છે. ખડી ભીંતને ધોળી કરે છે એ વ્યવહાર છે, જૂઠો વ્યવહાર છે; એમ આત્મા પરને જાણે એ જૂઠ વ્યવહાર છે. બે શબ્દ લીધા છે, હોં! .... .. ભીંતને ખડી ધોળી કરે નાસ્તિ, એમ આત્મા પરને જાણે એ નાસ્તિ. સમજાણું કાંઈ?

ઝીણું છે, ભાઈ! ભગવાન ઝીણો છે. જ્ઞાનાનંદ પ્રભુ છે. એ જ્ઞાન જ્ઞાનને... આ ચેતયિતા ચેતયિતાનો છે, જ્ઞાન જ્ઞાનનો છે, આત્મા આત્માનો છે, એવો એ વ્યવહારભેદ છે એનું શું કામ છે? આહાહા..! એની ગાથાઓનો આ ઉપોદ્ઘાત છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા હોવાપણે છે, જ્ઞાન, આનંદ આદિ હોવાપણે છે. એ એમાં હોવાપણું જેનું નથી એને છોડે-માને કહેવું એ બધો વ્યવહાર છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા એ કથન છે.

**શ્રોતા :-** એને જાણનારો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધું ને, વ્યવહાર કીધો. આ શું સ્થિતિ, એ કાળે શું બન્યું હતું એનું જ્ઞાન કરાવ્યું છે. એમ છે. જ્ઞાન કરાવ્યું પોતામાં. જ્ઞાનમાં જણાય કે આ થયું, આ થયું, એમ. એને કારણે હોં! છોડ્યું એમ નહિ. રાગ છોડે ક્યાં? રાગ ગ્રહ્યો છે ક્યાં તો રાગ છોડે આત્મા? રાગ-શુભરાગને પણ આત્માએ કાંઈ ગ્રહ્યો છે? પકડ્યો છે? એ તો જ્ઞાનમૂર્તિ છે. પકડ્યો નથી તો છોડે ક્યાંથી? સૂક્ષ્મ વાત છે. આત્મા-આત્મા તો બહુ કહે છે, પણ આવા આત્માને સમજ્યા વિના એને આત્મિક દૃષ્ટિ થતી નથી. આત્મા-આત્મા તો બહુ કહે છે. ભાન વિના આત્મા કેવો? અણાત્માને આત્મા માને અને પરાધીન દશાને આત્મા માને, એ આત્મા નથી.

'**કાંઈ જ વાત નથી,...**' કાંઈ જ વાત નથી એટલે? આત્માને પરદ્રવ્યની અવસ્થાનો કર્તા કહેવો, જાણવો, દેખવો કહેવું એમાં કાંઈ માલ નથી. '**મૂળથી જૂઠું છે;...**' છે એમાં? '**એવો સિદ્ધાંત સિદ્ધ થયો.**' લ્યો. એવો નિર્ણય નિશ્ચય સિદ્ધ થયો. સમજાણું કાંઈ?

હવે ૨૧૫ કળશ.

शुद्धद्रव्यनिरूपणार्पितमतेस्तत्त्वं समुत्पश्यतो
नैकद्रव्यगतं चकास्ति किमपि द्रव्यान्तरं जातुचित्।
ज्ञानं ज्ञेयमवैति यत्तु तदयं शुद्धस्वभावोदयः
किं द्रव्यान्तरचुम्बनाकुलधियस्तत्त्वाच्च्यवन्ते जनाः।।२३-२१५।।

'**जनाः तत्त्वात् किं च्यवन्ते**' હે '**સમસ્ત સંસારી જીવો...**' '**तत्त्वात् किं च्यवन्ते**' ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ (છે). એ શરીર, વાણી, જડ, મન આદિ જાણે, એના જાણવાથી તમને શું થઈ ગયું આ? કે હું એને અડ્યો છું કે એ અહીંયાં મારામાં આવી ગયા. આ તને શું થયું? ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ એ '**જીવવસ્તુ સર્વ કાળ શુદ્ધ સ્વરૂપ છે, સમસ્ત જ્ઞેયને જાણે છે...**' એ તો રાગને જાણે, દેહની ક્રિયા-માંસ, હાડકા, ચામડા શું છે એને જાણે. જાણે એમ કહેવું એથી કરીને અશુદ્ધ શું થઈ ગયું કહે છે એમાં. પરને જાણે એમાં આત્મા અશુદ્ધ ક્યાં થઈ ગયો? સમજાણું કાંઈ? શું કહે છે સમજાય છે?

પરને જાણવાથી શું આત્મા અશુદ્ધ થયો? એ તો જાણે છે કે છે. એમાં શું થયું? શું પરને જાણવું અશુદ્ધ છે? મેલ છે? વિપરીત છે? દોષ છે?-બિલકુલ નહિ, જાણે. આહાહા..! પોતાના માને એની વાત નથી, હોં! અહીંયાં. '**જીવવસ્તુ સર્વ કાળ શુદ્ધ સ્વરૂપ છે,...**' ભગવાન ચિદાનંદ જીવ કહીએ, આત્મા કહીએ એ તો જ્ઞાનાનંદ જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળ છે. એમાં તો કર્મ, શરીર, અજીવ નથી અને પુણ્ય-પાપ, દયા-દાનના વિકલ્પ એ તો આસ્રવ છે, એ આત્માના નથી. એ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એવો ભગવાનઆત્મા '**સમસ્ત જ્ઞેયને જાણે છે.**' જાણો.

'**એવા અનુભવથી કેમ ભ્રષ્ટ થાય છે?**' કહે છે કે જાણતા તને એમ કેમ થઈ ગયું કે અરે..! આને કેમ મેં જાણ્યું? આ શરીરની આવી ક્રિયા થઈ એ મેં જાણી. જાણવું તારો સ્વભાવ છે. એમાં મેલુ શું થઈ ગયું? એમાં મેલ ક્યાં આવી ગયો? સમજાણું કાંઈ? શરીર, પરપદાર્થ એની અવસ્થા થાય એ જ્ઞાન જાણે. જાણવાનો સ્વભાવ છે. એમાં જાણતાં એ પરવસ્તુ અહીં ક્યાં આવી ગઈ અને જ્ઞાન ક્યાં જ્ઞેયમાં ચાલ્યું ગયું કે જેથી તને એમ થયું અરે..! આ કેમ જણાણું? એમ કેમ અશુદ્ધતા તને થઈ ગઈ? એમ કેમ માને છો? આખી દુનિયા જાણે જ્ઞાનમાં તો. જગતના વ્યભિચારો જગતમાં થતા હોય, જૂઠાં બોલતા હોય એ બધું કેવળીને જ્ઞાન થાય. કેવળી જાણે છે કે નહિ? કેવળી જાણે છે તો અશુદ્ધ થઈ ગયું

જ્ઞાન? આમ ભાષા બોલાય છે, શરીરની ક્રિયા થાય છે એમાં શું થયું? તું તો જાણનાર છો. જાણ્યું એમાં દોષ શો થયો? એમ કહે છે. આહાહા..! ભારે ઝીણું!

જાણવું એ તો પોતાના અસ્તિત્વમાં રહીને પરને જાણે છે. એમાં પોતાના અસ્તિત્વમાં પરપણું આવી નથી ગયું. અને પોતે પરને જાણતા પોતે દ્રવ્યનો ઉચ્છેદ થઈ જાય છે અને ત્યાં પરમાં ચાલ્યો જાય છે એમ છે? તત્ત્વ ઝીણું છે, ભાઈ! સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર જેમ લોકાલોકને જાણે છે. જ્ઞાનમાં શું નથી જાણતા એ? હલકામાં હલકા કામ થતાં હોય એ જ્ઞાન જાણે કે નહિ? જાણે એટલે શું થઈ ગયું? જાણે એટલે કાંઈ મેલું થઈ ગયું? આવું કેમ મારા જ્ઞાનમાં આવ્યું? આવું કેમ મારા જ્ઞાનમાં આવ્યું? પણ જ્ઞાનમાં જ્ઞેય આવ્યું છે જ ક્યાં? જ્ઞાનમાં તારી અવસ્થા સ્વચ્છ છે એ જણાય છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**સમસ્ત જ્ઞેયને જાણે છે એવા અનુભવથી કેમ ભ્રષ્ટ થાય છે? ભાવાર્થ આમ છે કે વસ્તુનું સ્વરૂપ તો પ્રગટ છે, ભ્રમ કેમ કરે છે?**' એમ કહે છે. ભગવાનઆત્મા સ્વપરપ્રકાશક ચૈતન્યની મૂર્તિ છે, સ્વપરપ્રકાશક ચૈતન્ય જ્યોત છે. એમાં તને એમ કેમ ભ્રમ થઈ ગયો? કે આને જાણતા એ મેલો થઈ ગયો? જાણતા મેલો થઈ ગયો તને શું થયું આ? આકુળતા શેની થઈ ગઈ તને આ? આહાહા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ છ ખંડના રાજમાં ચક્રવર્તીમાં પડ્યો દેખાય. લડાઈ આમ થાતી હોય ધમાધમ. કહે છે કે એ તો જ્ઞાનમાં જાણતા તને મેલપ શું થઈ ગઈ? એમ કહે છે અહીં. એ તો જ્ઞાનમાં જણાય છે કે આ થાય છે. તારામાં ક્યાં થાય છે અને તારાથી ક્યાં થાય છે? થાય છે એમ જાણે છે. એમ કહે છે. લડાઈમાં ઊભો હોય સમયગ્દૃષ્ટિ. બાણ છૂટે આમ, ધનુષ્ય. ફડાક-ફડાક. જાણે આત્મા. જાણનાર સિવાય એમાં બીજું થયું શું? આવી આ ક્રિયા કેમ મારી પાસે છે? તારી પાસે છે જ ક્યાં? તારી પાસે જ્ઞાન છે એનું. એવી વાત છે. સૂક્ષ્મ વાત. તારી પાસે તો તારું જ્ઞાન છે. એ જ્ઞાનમાં આ શું છે એમ જાણે છે. જાણતા એની કાંઈ એ ક્રિયા તારાથી થાય છે એમ નથી અને એ જણાતા કાંઈ મેલું જ્ઞાન થઈ જાય છે એમ નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** તારાથી કાંઈ થયું નથી અને તારામાં કાંઈ થયું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, તારાથી બાહ્યમાં કંઈ થતું નથી અને તારામાં બાહ્યથી કંઈ થયું નથી. અજ્ઞાન છે. આહાહા..!

'**કેવા છે જનો?**' '**द्रव्यान्तरचुम्बनाकुलधियः**' '**સમસ્ત જ્ઞેયવસ્તુને જાણે છે જીવ તેથી અશુદ્ધ થયું છે જીવદ્રવ્ય...**' '**चुम्बन**' શબ્દ છે ને મૂળ તો. એ જાણે અડી ગયો, એમ. '**चुम्बन**' એટલે. આ શરીર આદિની ક્રિયા થાય એ જ્ઞાન જાણે. એને એમ થઈ ગયું કે હું આને અડી ગયો? સ્પર્શી ગયો? તું અડ્યો છો જ ક્યાં? તું તો જાણે છે. અડે શું?

પરદ્રવ્યને આત્મા અડે છે? આહાહા..! બહુ ઝીણું તત્ત્વ જાદવજીભાઈ! આ વીતરાગનું તત્ત્વ આ સર્વજ્ઞનું, જે તત્ત્વ ભગવાને કહ્યું એ તત્ત્વ આવું છે. એની ખબર વિના એને ધર્મ થઈ જાય? કરો વ્રત લ્યો અને થઈ ગયો, સંથારા કરો. અજ્ઞાન છે બધા. અજ્ઞાનને ઘૂંટીને અજ્ઞાનમાં આઘા જાશે, એમ કહે છે. સમજાય છે કાંઈ?

'**द्रव्यान्तरचुम्बनाकुलधियः**' ભગવાનઆત્મા જાણનાર-દેખનાર એવી સત્તાવાળું સત્ત્વ, એમાં આ શરીરની ક્રિયાઓ, વાણીની ક્રિયાઓ, બહારની ક્રિયાઓ જણાય, જાણે. જાણતાં એને સ્પર્શી ગયું છે? એને અડ્યું છે? એને સ્પર્શ્યું છે જ્ઞાન? જ્ઞાન તો જ્ઞાનમાં રહીને એને પર તરીકે પૃથક્ તરીકે જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આવો ધર્મ! આવો ધર્મ કેવો વીતરાગનો! આહા..!

ભાઈ! ચૈતન્યની અસ્તિમાં તું છો કે રાગ ને પરદ્રવ્યની અસ્તિમાં તું છો? અને પરનું અસ્તિત્વ તારામાં છે? એનું અસ્તિત્વ એનામાં એને લઈને છે. તારા જ્ઞાનના અસ્તિત્વમાં એ રાગાદિ પર જણાય, જ્ઞાને રાગને જાણ્યું, પર અને શરીરની ક્રિયા થતી જાણી જ્ઞાને, એથી જ્ઞાન એને અડી ગયું, ચુંબ્યું છે એમ ક્યાં છે? જ્ઞાન તો જ્ઞાનમાં રહીને એને જાણે છે એમ વ્યવહાર છે. પહેલું શું કહે છે એ પકડાવું આકરું પડે. મોં માથુ હાથ ન આવે. અને ઓલું તો દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા લ્યો. ઝવેરચંદભાઈ! આવું સહેલુંસટ. સંથારો કરી નાખવો. જાય ભાઈ એક મહિનાના અપવાસ, સંથારો. એ ઊંધુ છે બધું મિથ્યાત્વ છે. આહાહા..! ક્ષણે-ક્ષણે મિથ્યાત્વનું મિથ્યા મહા પાપનું પોષણ છે. એ જાદવજીભાઈ! મેં આને છોડ્યું, મેં આને દીધું, મેં આને લીધું, મારાથી આમ ધર્મ થયો, રાગની મંદતાનો વિકલ્પ થયો કે મેં આ છોડ્યું અને છોડવાથી મને ધર્મ થયો એ બધો વિકલ્પનો ભાવ મિથ્યાત્વભાવ છે. આહાહા..!

આત્મા તો અહીં કહે છે કે એવો જ્ઞાનસ્વરૂપ છે. એ પર છૂટ્યું એને જાણતા પણ પરને અડતું નથી. એ તો એને કારણે છૂટ્યું, આત્માએ છોડ્યું નથી. આહાહા..! આજ આઠમ છે, અપવાસ કરો, આહાર છોડો. શું થયું? શું આહાર તારામાં હતો તેં છોડ્યો? આહાર છૂટ્યો એનું તો જ્ઞાન થયું. એ તો આવતું નથી. બસ એટલું. પણ જ્ઞાન થયું એટલે તેં છોડ્યું એમ ક્યાંથી થયું? અને તું એને સ્પર્શ્યો? એને અડ્યો એમ ક્યાં આવ્યું? એમ કહે છે. સમજાય છે કાંઈ? સમજાણું આમાં?

'**જીવ દ્રવ્ય એવું જાણીને...**' '**आकुलधियः**' '**જ્ઞેયવસ્તુનું જાણપણું કઈ રીતે છૂટે કે જેના છૂટવાથી જીવદ્રવ્ય શુદ્ધ થાય એવી થઈ છે બુદ્ધિ જેમની,...**' લ્યો! ઠીક! ભગવાનઆત્મા જ્ઞાનમાં તે વસ્તુ જણાણી કે આ છૂટી, આ નથી મારી પાસે, એ એનામાં છે અને એનાથી આગળ આઘી ગઈ એવું તેં જાણ્યું, પણ જાણતા તને એમ કેમ થઈ ગયું

કે મેં આને છોડ્યું? એમ તું પરને સ્પર્શી ગયો છો? પરને ચુંબન કર્યું છે? અને પરને તેં જતા જાણતાં તારું જ્ઞાન મેલું થઈ ગયું છે? એમાં આકુલબુદ્ધિ કેમ થઈ ગઈ? મેં એ છોડ્યું, મેં આ છોડ્યું, મેં પણ છોડ્યું. તે તો જ્ઞાનમાં એકાગ્ર કરી રાગ છૂટી ગયો એમ જાણ્યું. આહાર-પાણી નહોતા આવવાના એમ જાણ્યું કે આવવાના નહોતા. મેં છોડવાનો રાગ કર્યો માટે આહાર નહોતા આવવાનો, તદ્દન જૂઠી વાત છે. સમજાણું કાંઈ? આજ મને અપવાસ કરવાનો ભાવ થયો ઈચ્છા માટે આહાર ન આવ્યો, જુઓ. ઈચ્છાને લઈને. એ વાત તદ્દન મિથ્યાદષ્ટિ માને છે, એમ કહે છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છોડે શું? ક્યાં ગ્રહ્યું હતું તો છોડે? ગ્રહ્યું છે ક્યાં? આજ અમારે પાંચ દ્રવ્ય ખપે, દસ દ્રવ્ય ન ખપે. એય..! એ પાંચ દ્રવ્ય ખપે એ આવ્યું ક્યાંથી તારામાં પણ? દ્રવ્ય ભિન્ન છે. એ આવવાના નહોતા અને ન આવ્યા એ તો તારા જાણવામાં આવ્યું કે ન આવ્યા. એમાં તારે કારણે ન આવ્યા અને તેં છોડ્યા એવું આવ્યું ક્યાં એમાં? એમ કહે છે. નિઃશલ્યોવૃત્તિ. હજી મિથ્યાત્વનું શલ્ય ગયું નથી અને તને વ્રત આવ્યા ક્યાંથી? એમ કહે છે. સમજાય છે કાંઈ?

મિથ્યાત્વશલ્ય, નિદાનશલ્ય, માયાશલ્ય આવે છે ને ત્રણ? એ શલ્ય નથી આવતું? ચોથા .. માં આવે છે. તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. આ લોકોમાં પણ આવે છે. પડિકમણા... માયા, નિદાન અને મિથ્યાત્વ-એ ત્રણ શલ્ય હોય ત્યાં સુધી એને વ્રત ને નિયમ સાચો હોય નહિ. જ્યાં મિથ્યાદર્શનનું શલ્ય છે, ત્યાં વ્રત ને ચારિત્ર ને ત્યાગ ને પ્રતિજ્ઞા કોઈ દિ' સાચી હોય નહિ. બધી જૂઠી છે. આહાહા..!

એ કહે છે. આ જાણતા જાણ્યું કે આહાર અહીં ન આવ્યો, બસ એટલું. કે આહાર આવ્યો લ્યોને પેટમાં આમ. જાણ્યું કે આહાર આવવાનો અને કારણે આવ્યો. એને કારણે પેટમાં જાય છે, જાણ્યું. એ જાણવાથી મેં આહાર કર્યો એવું તને ક્યાંથી થઈ ગયું? એમ કહે છે. એય..! શેઠી! આહાહા..! જ્ઞાને જાણ્યું કે આ આહાર આવ્યો. એ જડ છે તે આવ્યું. એને કારણે આવ્યું છે. એને કારણે આવ્યું. એને કારણે ગયું પેટમાં. લ્યો! એમાં તેં આહાર કર્યો એવું ક્યાંથી આવ્યું? એ... મોહનભાઈ! શું આમાં સમજવું?

**શ્રોતા :-** ભાવ-ભાવમાં ઘણો ફેર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવના ફેરે, શ્રદ્ધા મિથ્યાત્વ, ભાવને ફેરે સમ્યગ્દષ્ટિ. મેં ખાધું. તું કોણ કે ખાય? તું તો જ્ઞાનસ્વરૂપ છો. ખાવાની ક્રિયાની તો જડની જડમાં થઈ. તારાથી થઈ કે ખાધું તેં? મિથ્યાશ્રદ્ધા છે તારી. જાણવામાં આવ્યું કે આહાર આવ્યો, બસ એટલું. આહાર મેં લીધો. જાણવામાં આવ્યું કે આજે આહાર નથી આવવાનો. જ્ઞાતા-દષ્ટા રહ્યો તો

આહાર નહોતો આવવાનો. તારે કારણે આહાર નહોતો આવવાનો એમ નહિ. એ આહાર આવવાનો જ નહોતો. ભારે ઝીણું.

**'જ્ઞેય વસ્તુનું જાણપણું કઈ રીતે છૂટે...'** એમ અજ્ઞાની માને છે. એમ કહે છે. અરે..! આ કેમ જણાય? આહાર અહીં કેમ આવે? આહાર કેમ જાય? એ બધું છોડી દેવું જાણવું. જાણવાનું શી રીતે છોડી દઈશ? જાણવાનો સ્વભાવ છે તારો. સમજાણું કાંઈ? **'જ્ઞેયવસ્તુનું જાણપણું કઈ રીતે છૂટે કે જેના છૂટવાથી જીવદ્રવ્ય શુદ્ધ થાય...'** એમ. આપણે આ બધું ન જાણીએ ને, આહારની ક્રિયા થાય એ ન જાણીએ, આ રોટલા પડે છે, દાળ, ભાત પડે છે અંદર, આ બધું જાણવું એ જાણવું તો આત્માનો દોષ થઈ ગયો. દોષ પણ ક્યાં થઈ ગયો તને? એ તો જાણ કે આ છે, શરીરમાં આવું થાય છે. સમજાણું કાંઈ?

એમ શરીરની ક્રિયા ઈન્દ્રિયોની થાય એને જ્ઞાન જાણે. જાણે કે આ શરીરથી આ થયું, એ જાણતા એને અડ્યું છે ક્યાં? એનાથી કર્યું છે ક્યાં? જ્ઞાન મેલું થયું નથી. જાણે કે શરીરમાં આમ થયું, શરીરની ક્રિયા થઈ. આ રીતે જડની અવસ્થા જડથી થવા લાયક થઈ. એ તો મેં જાણ્યું. જાણતા હું ક્યાં એને અડી ગયો છું? અને જાણતા મારામાં મેલપ થઈ? અશુદ્ધતા ક્યાં છે? અજ્ઞાની એમ માને કે આ બધું જાણવું છૂટી જાય ને તો મારું દ્રવ્ય શુદ્ધ થાય. સમજાણું કાંઈ? ઝીણી વાત છે ભાઈ, આજની હોં થોડી. આહાહા..!

મૂળ આત્મા ચૈતન્યબિંબ છે એની એને ખબર નથી. એ તો જગતનો દ્રષ્ટા અને જ્ઞાતા કહેવો એ વ્યવહાર છે, એને ઠેકાણે આ જગતની આ ચીજ આમ થાય શરીરની, વાણીની, આહારની, પાણીની, ફલાણી, ઢીકણાની એ ક્રિયા જ્ઞાનમાં જણાતા આ શું થઈ ગયું? મેં આજ આહાર કર્યો, મેં આજ આહાર છોડ્યો. એ ક્યાં છોડ્યો તેં આહાર? એ તો જાણવાનું કામ કરે છે કે આહાર આવ્યો અને આજ ન આવ્યો. એ જાણવા ઉપરાંત આ ક્યાં ખોસી ઘાલ્યું? આહાર આવ્યો એટલે હું મેલો થઈ ગયો. જ્ઞાનમાં આહાર દેખાણો એટલે મેલો થઈ ગયો. આહાર છૂટ્યો-છૂટ્યો એવું જ્ઞાન મેલું થઈ ગયું. એ તો એમ જ માને મેં છોડ્યું. આહાર મેં છોડ્યો. .. .. ચીજ આવી. નથી ખાવું લ્યો. છોડી દીધી. છોડે કોને? એ અવસ્થા ત્યાં આવવાની નહોતી, અવસ્થા એમ થવાની નહોતી અને તું એને જાણનારો રહ્યો એટલી વાત છે, એને ઠેકાણે મેં આ છોડી એવું આવ્યું ક્યાંથી? સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આત્મતત્ત્વ જાણવું એટલે કે પરમેશ્વરને જાણ્યો એણે. એમ પરમેશ્વર જાણે એ પરમેશ્વર થયા વિના રહે નહિ. એવી વાત છે. આમ બધી વાતું બધા ઘણા કરે. આત્માની, ધર્મની, ઢીકણાની.

**'તેનું સમાધાન આમ છે કે...'** **'यत् ज्ञानं ज्ञेयम् अवैति तत् अयं शुद्धस्वभावोदयः'**

લ્યો એમ છે કે જ્ઞાન જે આત્માનું જ્ઞાન એ જ્ઞેયને જાણે છે અને જ્ઞેયને જાણે છે કે આ શરીરમાં આ ક્રિયા થઈ, આહારની આ થઈ. જાણે છે. .. પ્રગટ છે. તે આ શુદ્ધ સ્વભાવોદય. એ શુદ્ધ સ્વભાવ વસ્તુનું સ્વરૂપ છે. એ તો શુદ્ધ જીવ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? જાણવું-દેખવું એ તો વસ્તુનું સ્વરૂપ છે. એમાં આ પરવસ્તુનો ત્યાગ કરું, પરવસ્તુને ગ્રહું એવું ક્યાંથી આવ્યું? અને પરવસ્તુમાં મેલી ક્રિયા જડની દેખીને હું મેલો થઈ ગયો એવું ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

શુદ્ધ સ્વરૂપનો અનુભવ... એ તો વસ્તુનું સ્વરૂપ છે. આહાર આવવાનો નહતો એટલે મેં છોડ્યો છે એમ જ્ઞાની માનતો નથી. મેં છોડ્યો છે એમ માનતો નથી. એ તો અંદર નહોતો આવવાનો આહાર એને જાણવાનું જાણવાપણે જાણવું મારામાં રહ્યું. એમાં એને જાણતા પણ કાંઈ મને મેલપ થઈ ગઈ છે એમ નથી. એ તો મારો સ્વભાવ જાણવાનો છે. જડમાં અવસ્થા બનતી હોય, પોતે જ્યાં ઊભો છે ત્યાં બનતી હોય. સમજાણું? આકરી વાત છે. લડાઈમાં ઊભો હોય, આમ ધડાધડ માણસના માથા કપાતા હોય. ભગવાન! તું તો જ્ઞાન છો. જ્ઞાન છે એ તો જાણે છે કે આ થાય છે. એ થાય છે એ કાંઈ તારામાં થાય છે એમ નથી અને એ થાય છે એ જાણતા કાંઈ તારું જ્ઞાન મેલું થઈ જાય છે એમ નથી.

કેટલી ધીરજ જોઈએ જ્ઞાનમાં, એમ કહે છે. એ જ્ઞાનમાં એટલી ધીરજ જોઈએ કે જ્ઞાનને જ્ઞાનપણે જાળવી રાખવું અને પરને જાણતા પણ પરને જાણવું એ મારું છૂટી જાય એમ ન થાવું અને પરને જાણતા હું મેલો થઈ ગયો એમ ન થવું, એવી રીતે જ્ઞાનને જાળવવું એનું નામ ધર્મ જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! કહો, ..ભાઈ! કહે છે, એ તો શુદ્ધ સ્વભાવ-ઉદય. ભગવાનઆત્માનો પ્રગટપણે જાણવું-દેખવું એ પ્રગટ દશા એ તો એનું સ્વરૂપ છે. જેને પોતાના જ્ઞાનસ્વરૂપનું ભાન થયું કે હું તો જાણનાર-દેખનાર છું. એવા જાણનાર-દેખનારમાં ગમે તે ચીજની અવસ્થા જાણવામાં આવે, એથી તે જ્ઞાનમાં પરાધીનતા થઈ ગઈ છે એમ ક્યાં છે? પરને જાણ્યું એટલું તો જ્ઞાન પરાધીન થઈ ગયું કે નહિ? આમ થાય છે, આમ થયું એવું જાણ્યું આ પરને એટલું તો પરાધીન થયું ને?-ના, એમ નથી. એ પરને કારણે જ્ઞાન થયું નથી એમ કહે છે. તારે કારણે જ્ઞાન થયું એ જીવ સ્વભાવનો ઉદય છે. એ વખતનો પર્યાય એ જ પ્રગટ થયો છે પોતામાં. જાણે છે કે આ થાય છે. સમજાણું? એ બધી અહીં તો હજી વ્યવહારની વાત છે, હોં! પછી કાઢી નાખી છે. આહાહા..!

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વ્યવહાર છે. જાણવું એ વ્યવહારમાં મેલું ક્યાં થઈ ગયું એટલું સિદ્ધ કરવું છે અહીં. આહાહા..! સમજાણું? એક જીવ તરફડીને મરે છે, જ્ઞાને જાણ્યું. તો જ્ઞાનમાં જાણવાનો સ્વભાવ છે. એ તો શુદ્ધ સ્વભાવમાં એવું છે. એમાં તેં માર્યો એ ક્યાંથી

આવ્યું? અને એ મરે છે એવું જ્ઞાન આવ્યું માટે મેલું થયું એ ક્યાંથી આવ્યું? મરે છે એનું જ્ઞાન થતાં એ મર્યાનું પાપ તને લાગ્યું એ ક્યાંથી આવ્યું? આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે જેમ અગ્નિનો દાહકસ્વભાવ છે,...'** અગ્નિનો બાળવાનો સ્વભાવ છે. એ બાળવું સ્વભાવ છે એમાં અશુદ્ધ શું થઈ ગયું? એમ કહે છે. લાકડાને બાળે અને બાળીને અગ્નિ થાય એમાં અશુદ્ધતા શું આવી? એ તો અગ્નિનો સ્વભાવ છે. એમ ભગવાનઆત્મા ચૈતન્યબિંબ આત્મા પ્રકાશની મૂર્તિ, ચૈતન્યનું નૂર, ચૈતન્ય પુર આત્મા. કોને ખબર શું હશે આત્મા? સમજાણું કાંઈ?

કહે છે, **'અગ્નિનો દાહકસ્વભાવ છે, સમસ્ત દાહ્યવસ્તુને બાળે છે, બાળતો થકો અગ્નિ પોતાના શુદ્ધસ્વરૂપે છે...'** અગ્નિ કાંઈ પરરૂપે લાકડારૂપે થઈ ગઈ છે? અગ્નિ લાકડાને બાળતા અગ્નિરૂપે રહી છે, કંઈ લાકડારૂપ થઈ નથી. સમજાણું કાંઈ? **'અગ્નિનો દાહકસ્વભાવ છે, સમસ્ત દાહ્યવસ્તુને બાળે છે, બાળતો થકો અગ્નિ પોતાના શુદ્ધસ્વરૂપે છે-અગ્નિનો એવો જ સ્વભાવ છે; તેમ...'** હવે દૃષ્ટાંત ઉપર સિદ્ધાંત. **'જીવ જ્ઞાનસ્વરૂપ છે,...'** જાણનાર-દેખનાર છે. **'સમસ્ત જ્ઞેયને જાણે છે,...'** અગ્નિનો દાહ્ય સ્વભાવ છે તો બધાને બાળે છે. અહીં જાણવાનો સ્વભાવ છે તો બધાને જાણે છે. જાણવા સિવાય કરે શું ઈ? લેવું-મૂકવું કરે, છોડે-મૂકે કરે, કરે શું એ? જાણે. જાણવાનો સ્વભાવ છે.

**'સમસ્ત જ્ઞેયને જાણે છે, જાણતો થકો પોતાના સ્વરૂપે છે-'** **'જીવ જ્ઞાનસ્વરૂપ છે...'** એક વાત. **'સમસ્ત જ્ઞેયને જાણે છે.'** બધાને. રાગાદિથી માંડીને બધાને **'જાણતો થકો પોતાના સ્વરૂપે છે-એવો વસ્તુનો સ્વભાવ છે.'** શું કહેવાય છે એ (સમજવું) હજી આકરું પડે એવું છે. ક્ષણે ને પળે બાહ્ય પદાર્થમાં ત્યાગ-સંયોગ આદિ થાય એને જ્ઞાન જાણે એમ કહે છે. જાણવામાં એમાં એમ ક્યાં આવ્યું કે મેં આનો ત્યાગ કર્યો અને મને આ થયું છે. અને એ ત્યાગ સંયોગનું જ્ઞાન થયું, એમાં સંયોગનું જ્ઞાન થયું કે આ સંયોગ આવો થયો. જ્ઞાન થતાં તારા જ્ઞાનમાં અશુદ્ધતા ક્યાં આવી? સમજાણું કાંઈ? આવી કાંઈ માથાકૂટ નહોતી એવી કાઢી. જીવીયા વહોરોવિયા તસ્સમિચ્છામી દુક્કડ, જાઓ. એ મોંઘુ કરી દીધું, એક જણો એમ કહેતો હતો. એવું હતું અમારો એક ઈન્દ્રિયા, બે ઈન્દ્રિયા તસ્સમિચ્છામી દુક્કડમ. શ્રાવકા.. આખો આત્મા વોસરાવી દેવો. એ વિચાર વહોસરાવાની કોને ખબર છે. શ્રીમદ્દ્ કહ્યું કે આત્મા વહોસરે. આત્માને વોસરાવી દે. આત્મા શું છે એની કાંઈ ખબર નથી. આત્માને વોસરાવવો એટલે આત્મા કેવો છે એવું મારે જાણવું નથી. આહાહા..! કાયોત્સર્ગ કરે ને. કાયોત્સર્ગ નથી આવતું? .. ઠાણં. તસ્સુતરીમાં આવે છે. આ કાયાને સ્થિર રાખું છું. કાયાને સ્થિર રાખી શકતો હશે આત્મા? આમ કરી શકતો હશે? એ તો જડ છે. આ જડને હું આમ કરું એટલે તારી દૃષ્ટિમાં મિથ્યાત્વનું મહા પાપ છે. એ તો જાણનાર છે. જાણે એ આને કરે? કાયાને

હલાવવી નહીં, એમાં આવે છે તસ્સુતરીમાં. શું ભાષા આવે છે? ... પહેલાં શબ્દમાં નથી આવતું? ...

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ. એ કહેવું છે મારે. ... કોણ? ..ભાઈ! અર્થ પણ આવડતા ન હોય ત્યાં હાંકે રાખે. શેઠિયા જઈને બેસે મોઢા આગળ. પૈસા ખર્ચે બે-પાંચ હજાર ખર્ચે, જાવ. ધૂળેય નથી. શું કીધું? ... સૂક્ષ્મ .. અહીં .. કરી શકતો જ નથી, સાંભળને. ... એ તો જડને કારણે. તું તો જાણનાર છો. એ તારે કારણે આમ થાય છે? આમ .. હલી ગઈ એ તારે કારણે થઈ છે? એ તો જડની છે. કાયાને સ્થિર રાખજો. કાયા સ્થિર રાખી શકતો હશે આત્મા. .. નહિ. એ .. એ તો જાણે આત્મા. ... આત્મા કરી શકે છે? મોટો ભ્રમ અજ્ઞાનીને. ધર્મને બહાને મોટો ભ્રમ સેવે અને માને કે મેં ધર્મ કર્યો. ઈ અહીં કહે છે. બધા .. આમ કરી રાખું, હલવા ન દેવું. જાણવું તો જ્ઞાનનો સ્વભાવ છે. જેવી ક્રિયા જડમાં થઈ એ જાણે, જાણતા એને જ્ઞાનમાં દોષ શું આવ્યો એ ત્યાં થાય એમાં? એમ કહે છે.

'**જ્ઞેયના જાણપણાથી જીવને અશુદ્ધપણું માને છે તે ન માનો,...**' ઠીક! પરને જાણવાથી હું અશુદ્ધ થઈ ગયો એમ ન માનો. તારો તો જાણવાનો સ્વભાવ છે. બહુ ઝીણી વાત કરી. તારા સમીપમાં રહેલાં પદાર્થો શરીર, વાણી, મન, એક ક્ષેત્રે, એમાં કંઈપણ ફેરફાર થતાં તારાથી થયો છે એમ ન માન અને એને જાણતા મારું જ્ઞાન મેલું થાય છે એમ ન માન. ભારે ઝીણું, ભાઈ! '**અશુદ્ધપણું માને છે તે ન માનો, જીવ શુદ્ધ છે;...**' ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેને જાણ, એને અનુભવ, બસ. બાકી બીજાને કાંઈ તારે સંબંધ છે નહિ. એ બીજા છે, થાય એને જાણવાનો તારો સ્વભાવ છે. એથી અતિરેક કરીને પરની ક્રિયા મારાથી થઈ કે પરને જાણતા હું મેલો થયો એ મિથ્યાત્વભાવ છે. છોડી દે, તો તને ધર્મ થાય, નહિતર ધર્મ થશે નહિ. (**શ્રોતા :** પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્રી પ્રવચનસાર, ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૭-૮, પ્રવચન નં.૨૪૪, તા.૨૩-૮-૧૯૬૯ (૨૨)

પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર, ૧૭૨ ગાથા, અલિંગગ્રહણ. એમાં સાતમો બોલ ચાલે છે. બોલ તો કાલે ચાલી ગયો, છઠ્ઠો અને સાતમો. થોડો ફરીને લઈએ. સાતમો, હોં! છઠ્ઠો તો ચાલી ગયો. જરી સૂક્ષ્મ છે. અનંત કાળથી આત્મા શું ચીજ છે, એણે અંતર્મુખ દૃષ્ટિ કરી જ નથી. સમજાય છે કાંઈ? બહિર્દૃષ્ટિથી બધા કામ લીધા. ચાહે તો દયા, દાન, વ્રતના પરિણામનું કર્તૃત્વ માનીને લીધું, ચાહે તો નિમિત્તનું અવલંબન લઈને જે જ્ઞાન થયું તેનાથી કામ લીધું. એ બધા કામ તો મિથ્યાત્વભાવના છે. સમજાય છે કાંઈ?

આત્મા અંતર જ્ઞાનસાગર સ્વભાવનો પૂર્ણ શુદ્ધ ચૈતન્ય પદાર્થ. તેનું અવલંબન લીધા વિના બાહ્ય ક્રિયાકાંડમાં એટલો ઘુસી ગયો કે કર્તૃત્વમાં આમ કરવું ને આમ નહિ કરવું, એ રાગની ક્રિયામાં કર્તૃત્વ બુદ્ધિથી ઘુસી ગયો અને માન્યું કે હું કંઈક ધર્મ કરું છું. બીજી વાત. અહીંયા તો એનાથી આગળની વાત છે. હવે તો જ્ઞાનની વાત ચાલે છે. એ તો મિથ્યા છે, પણ ભગવાનઆત્મા **'જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે...'** ગ્રહણ નથી. શું કહે છે? ચૈતન્યસ્વભાવ શુદ્ધ પવિત્ર મૂર્તિ ભગવાન, એનો જે ઉપયોગ. હવે ઉપયોગની વ્યાખ્યા છે. પહેલાં છમાં તો આત્માની વ્યાખ્યા હતી. હવે અહીંયાં સાતમામાં ઉપયોગની વ્યાખ્યા ચાલે છે. એનો જે ઉપયોગ છે, જાણન.. જાણન.. જાણન.. દેખન ઉપયોગ, એ ઉપયોગમાં નિમિત્તના લક્ષે થનારો ઉપયોગ એ આત્માનો નહિ. સમજાય છે કાંઈ?

જેમ પુણ્ય ને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ આત્મા નહિ અને આત્માને હિતકર નથી એમ આત્મામાં જ્ઞાનની પર્યાયમાં નિમિત્તના અવલંબને થનારો જ્ઞાનનો ઉપયોગ તે સમ્યક્જ્ઞાન નહિ.

**શ્રોતા :-**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્ત છે ને. નિમિત્તમાં ચાહે ઈન્દ્રિયથી વાણી સાંભળે, શાસ્ત્ર સાંભળે બાહ્ય નિમિત્તના અવલંબનથી.

**શ્રોતા :-** ઈન્દ્રિય નિમિત્ત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ઈન્દ્રિય તો નિમિત્ત છે પણ મન પણ નિમિત્ત છે, રાગ

પણ નિમિત્ત છે, બહારની ચીજ નિમિત્ત છે. સમજાય છે કાંઈ?

જેને એટલે આત્માને લિંગ દ્વારા-ઉપયોગ નામક લક્ષણ-જાણનલક્ષણ સ્વભાવ દ્વારા ગ્રહણ થતું નથી અર્થાત્ એનો અર્થ ગ્રહણ નથી થતો એનો અર્થ જ્ઞેય પદાર્થોનું આલંબન નથી. એનો અર્થ આમ તો કહ્યું હતું, સવારે ૩૬મી ગાથા આવી ગઈ. પ્રવચનસાર. આ પણ પ્રવચનસારની છે. સવારે ૩૬ ગાથામાં પણ આવ્યું હતું કે આત્માનું જ્ઞાન છે કેવળજ્ઞાન, કેવળજ્ઞાન એ પર્યાયમાં જ્ઞેય સહાયક છે, આલંબન છે એમ આવ્યું હતું, અમૃતચંદ્રાચાર્યમાં. આત્માનું જ્ઞાન છે, એ જ્ઞાનની પર્યાયમાં લોકાલોક આલંબન છે. હેમરાજજીએ એવો અર્થ કર્યો છે કે જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય સહાયક છે. સહાયક કહો કે આલંબન કહો કે નિમિત્ત કહો, એક જ વાત છે. સમજાય છે કાંઈ?

આત્માનું.. સૂક્ષ્મ વાત છે, ભાઈ! એની જ્ઞાનપર્યાયમાં કેવળજ્ઞાન થયું તોપણ કહે છે કે એને લોકાલોકનું આલંબન છે. આલંબનનો અર્થ નિમિત્ત છે. નિમિત્તનો અર્થ એનાથી જ્ઞાન થયું નથી, જ્ઞાન પોતાથી થયું છે, એ નિમિત્ત છે એટલું અને જ્ઞેયમાં જ્ઞાન નિમિત્ત છે. જ્ઞાન કે કેવળજ્ઞાનની પર્યાય અનુસાર જ્ઞેયની અવસ્થા થાય છે. શું કહ્યું? કેવળજ્ઞાન અનુસાર જ્ઞેયની અવસ્થા થાય છે અર્થાત્ કેવળજ્ઞાન.. આ તો પૂર્ણની વાત છે, નીચે પણ એમ છે. થોડી સૂક્ષ્મ વાત છે. કેવળજ્ઞાન એક સમયની અવસ્થા, એમાં લોકાલોક સહાયક કહો, આલંબન કહો, નિમિત્ત કહો. બસ, એટલી વાત. અને જ્ઞેયને જ્ઞાનની અવસ્થા આલંબન કહો, સહાયક કહો, નિમિત્ત કહો. તો જ્ઞાનની અવસ્થામાં જેવું કેવળજ્ઞાનમાં ભાસ્યું છે એવી જ્ઞેય અવસ્થા ત્યાં થશે, એમાં જ્ઞેય અવસ્થા જ્ઞાન અનુસાર વર્તે છે એવો શબ્દ છે. એનો અર્થ કે જ્ઞાનમાં જે જ્ઞેય વસ્તુનો ભાસ થયો છે, એ જ્ઞેયની પર્યાયમાં કેવળજ્ઞાનની પર્યાય નિમિત્ત છે. એ જ્ઞેયની અવસ્થા થઈ છે ઈ આ નિમિત્તથી થઈ છે એમ નથી. કેવળજ્ઞાનમાં જણાણી છે માટે થઈ છે એમ નથી. સમજાય છે કાંઈ? કેટલાક એવો અર્થ કરે છે. જુઓ, કેટલાક તો એવો અર્થ કરી નાખે છે કે જ્ઞાનની પર્યાય અનુસાર જ્ઞેયને પ્રવર્તવું પડે એમ નથી. એમ કોઈ કહે છે. પણ જ્ઞેયની અવસ્થા જેવી થાય એવું એણે જ્ઞાન કરવું પડે, બેય વાત બરાબર નથી. ઘણી ચર્ચા ચાલે છે. મૂળ વાતમાં સૂક્ષ્મતા ક્યાં છે અને ક્યાં મિથ્યાત્વનું સૂક્ષ્મ શલ્ય રહી જાય છે એની એને ખબર નથી. સમજાય છે કાંઈ?

ઈ કહે છે કે કેવળજ્ઞાનની પર્યાય અનુસાર જ્ઞેયને થવું પડે, એમ નથી. પણ જ્ઞેય અનુસાર જ્ઞાનને થવું પડે. કારણ કે નહિતર ક્રમબદ્ધ સિદ્ધ થઈ જાય. અને આમાં એ શબ્દ પડ્યો છે, ભાઈ! આ હેમરાજજી છે ને? એણે જરી એવો અર્થ કર્યો છે, પણ એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે. સમજ્યાને? ૩૬ છે ને? જુઓ! જ્ઞાન, જ્ઞેયરૂપ પદાર્થ પરિણામથી થઈ રહ્યું છે, મૂળ પાઠ તો એવો છે. મૂળ પાઠમાં છે ને? પરિણામસંબંધ. જ્ઞાન અને જ્ઞેય, બેયના

પરિણામનો સંબંધ છે અર્થાત્ આત્માની જ્ઞાનપરિણતિ એ જ્ઞેય પદાર્થની સહાયતાથી છે. આ સહાયતા, સહાયતા બધા કરે છે ને? એ સહાયતાનો અર્થ એની મદદથી થાય છે એવો અર્થ નથી. સ-સાથે છે. આત્માની જ્ઞાનપરિણતિ જ્ઞેય પદાર્થને... છે તો બેયમાં આલંબન શબ્દ છે, પણ એકમાં અર્થ એવો કર્યો કે આત્માની જ્ઞાનપરિણતિ જ્ઞેયપદાર્થની સહાયતાથી છે અને જો જ્ઞેય ન હોય તો કોને જાણે? એક વાત. એ આપણે અર્થ કર્યો છે. અને જ્ઞેયપદાર્થ જ્ઞાનનું અવલંબન કરીને જ્ઞેય અવસ્થાને ધારણ કરે છે. છે તો બેય ઠેકાણે અવલંબન (શબ્દ). બેય સંસ્કૃતમાં અવલંબન છે.

અહીં તો કહે છે, ભગવાનઆત્મા જ્ઞાનની પરિણતિ પોતાથી કરે છે અને કેવળજ્ઞાનની અવસ્થા, અંદરમાં જ્ઞાનગુણ જે અસાધારણ જ્ઞાનસ્વભાવ છે તેના અવલંબને જ જ્ઞાનની પરિણતિ થઈ છે, પણ એ પરિણતિમાં નિમિત્ત તરીકે લોકાલોક સહાયક કહો, આલંબન કહો, નિમિત્ત કહો, એમાં એ પરાધીન નથી થયું. આપણે ચાલે છે એમાં પરાધીન છે. એ બીજી વાત છે. સાંભળો! સમજાય છે કાંઈ?

એક વાત એવી છે.. સૂક્ષ્મ વાત છે. એની સ્વતંત્રતા.. અંતરમાં નિષ્ક્રિય ભગવાનઆત્મા રાગની ક્રિયાથી રહિત જ્ઞાનની ક્રિયા કરનારો અંતરમાં આત્મા છે. એવા આત્માને બાહ્ય ચીજ નિમિત્ત કહો, નિમિત્તથી પરાધીનતા નથી આવતી. સમજાય છે કાંઈ? એમ જ્ઞાનની પરિણતિ અનુસાર જ્ઞેય અવસ્થા ધારણ કરે છે, તો જ્ઞેય અવસ્થામાં જ્ઞાનની પરિણતિને કારણે આધીનપણું નથી. ફક્ત જ્ઞાનમાં-કેવળજ્ઞાનમાં ભાસ્યું છે એવી પર્યાય જ્ઞેયમાં પોતાને કારણે વર્તે છે, એમાં કેવળજ્ઞાન નિમિત્ત કહેવામાં આવે છે. લોકાલોકની જ્ઞેય અવસ્થામાં એક સમયમાં જ્ઞાનની-કેવળજ્ઞાનની અવસ્થા નિમિત્ત કહેવામાં આવે છે, એક સમયમાં. આહા..હા...! એમ જ્ઞાનની પરિણતિમાં-કેવળજ્ઞાનની પરિણતિમાં-અવસ્થામાં લોકાલોક પ્રત્યેક સમયે નિમિત્ત કહેવામાં આવે છે. એ નિમિત્ત અને આલંબન પરાધીનતા નથી. ફક્ત ત્યાં બીજી ચીજ છે તેનું જ્ઞાન કરાવવું છે. સમજાય છે કાંઈ?

અહીંયાં જે આપણે ચાલે છે એ બીજી વાત છે. ભાષા તો એની એ આલંબન શબ્દ પડ્યો છે. સમજાય છે કાંઈ? ભાઈ! પ્રભુનો માર્ગ કોઈ અલૌકિક છે. સમજાય છે કાંઈ? આહા..હા..! કાલે કહ્યું હતું ને? કાલે આવ્યું હતું ને? નહિ? કાલે પ્રશ્ન થયો હતો ને? આત્મામાં એવી શક્તિ છે, પ્રકાશશક્તિ. પ્રત્યક્ષ થવાને લાયક છે. તો કેમ થતો નથી? કાલે કહ્યું હતું ને? કે આત્મામાં અનાદિઅનંત એક પ્રકાશ નામની શક્તિ-ગુણ છે કે જે ગુણને કારણે પોતાની પર્યાયમાં આત્મા પ્રત્યક્ષ થઈ જાય છે. એવી સર્વજ્ઞશક્તિમાં એવી એક શક્તિ છે. સાથે પ્રકાશ નામની શક્તિ પડી છે. સમજાય છે કાંઈ? કહ્યું ને કે પ્રત્યક્ષ થાય એવી શક્તિ છે તો પ્રત્યક્ષ કેમ નથી થતો? ભાઈ! તને ખબર નથી.

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ અનંત ગુણની સાથે પ્રકાશ નામનો ગુણ-શક્તિ-સ્વભાવ છે એની પર્યાયમાં અંતર્મુખ થઈને પ્રતીત નથી થઈ. સમજાય છે કાંઈ? પ્રતીતમાં અલ્પજ્ઞપણાની, રાગની, વિકલ્પની કે નિમિત્તની પ્રતીત છે, પણ ભગવાનઆત્મા પ્રકાશ નામના ગુણથી ભરેલો પ્રભુ આત્મા છે, એ ગુણની કહો કે ગુણનો ધરનાર ગુણીની કહો, અંતરમાં વિકલ્પરહિત નિર્વિકલ્પપણે પ્રતીતિ થઈ નથી તો પ્રત્યક્ષ થતો નથી. સમ્યગ્દર્શનના કાળમાં આત્મા પ્રત્યક્ષ થાય છે એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? નહિતર એણે આત્મા જાણ્યો જ નથી. માને ભલે કે અમે જાણીએ છીએ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મામાં એક પ્રકાશ નામનો ગુણ અનાદિઅનંત છે. જેમ દ્રવ્ય અનાદિઅનંત છે, એમ ગુણ અનાદિઅનંત છે. તો એનું કાર્ય શું? પ્રકાશગુણનું કાર્ય શું? એ પ્રકાશગુણનો ગુણ શું? ગુણનો ગુણ. એઈ..! ગુણનો ગુણ શું? કે આત્મા પ્રત્યક્ષ થઈ જાય એવો જ એનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? આત્મા પ્રત્યક્ષ થાય. કાલે તો ઘણી વાત કરી હતી. કાલે એમાંથી કોઈએ પ્રશ્ન કર્યો હતો ને કે પ્રત્યક્ષ કેમ નથી થતો? પ્રશ્ન કર્યો હતો. પ્રશ્ન તો આવે. આ તો અલૌકિક વાતો છે, ભગવાન! એણે બધું જ કર્યું છે અનંતવાર, પણ વાસ્તવિક સ્વરૂપના અનુભવની દૃષ્ટિ કરી નહિ અને એ દૃષ્ટિ વિના જેટલું કરે એ એકડા વિનાના મીંડા છે, રણમાં પોક છે. સમજાય છે કાંઈ? ધન્નાલાલજી!

**શ્રોતા** :- મીંડા સમજાણું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મીંડા ન સમજ્યા? વિદ્વાન છે ને.

**શ્રોતા** :- સાકર ખાધા વિના સાકર મીઠે છે એનો વિશ્વાસ કઈ રીતે આવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અનુભવ કરે તો વિશ્વાસ આવે. ત્યારે સાચો વિશ્વાસ કહેવાય. સ્વાદ અનુભવમાં આવે ત્યારે વિશ્વાસ આવે છે. આમ ને આમ અનુમાન કરે એની તો પહેલાં ના પાડી ને. અનુમાનથી જ્ઞાન કરવાવાળો આત્મા છે જ નહિ. સૂક્ષ્મ છે ને, ભગવાન! આ વાત એવી છે. આહા..હા..!

એને અંતરમાં આત્મા અંદર જ્ઞાનાનંદ સહજાનંદમૂર્તિ, જેમાં પ્રત્યક્ષ થવાનો જ ગુણ છે. પ્રત્યક્ષ થાય એવો આત્મા છે, પરોક્ષ રહે એ આત્મા નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? એ આત્મા નહિ અને આત્મા થયો નથી. જ્યાં સુધી, અંતરમાં આત્મામાં પ્રકાશ નામનો ગુણ છે એનો ગુણ પ્રત્યક્ષ થવો, એવો પ્રત્યક્ષ ન થાય ત્યાં સુધી એ આત્મા નથી.

**શ્રોતા** :- ત્યાં સુધી ભટકતો જ રહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અનાદિથી ભટકે તો છે, પણ ત્યાં સુધી આત્મા જ નથી, ત્યાં સુધી અનાત્મા છે, એમ કહે છે. આહા..હા..! અરે..! ભગવાન! સમજાય છે કાંઈ? ભાઈ! આ તો અલૌકિક વાતું છે, ભાઈ! આ તો અંતરની વાત છે. કોઈ વાણીનો વિલાસ ત્યાં

કામ કરતો નથી. કહો, ફતેહચંદજી! આવી વાતું! અરે..! સાધરણ જનતાને? બાપુ! સાધારણ જનતા ક્યાં છે? ભગવાનઆત્મા છે ને. બાળગોપાળમાં પડ્યો છે એ પ્રભુ ચૈતન્ય સામર્થ્યવાળો પરમેશ્વર છે. દ્રવ્યમાં પરમેશ્વર, ગુણમાં પરમેશ્વર. પર્યાયમાં પરમેશ્વર પ્રગટ કરે ત્યારે આત્મા કહેવાય. સમજાય છે કાંઈ?

પ્રકાશ નામનો ગુણ છે તો એનો ગુણ ઈ છે કે એ ગુણની પ્રતીતિ કહો કે દ્રવ્યની પ્રતીતિ કહો, એ ગુણ જેના આધારે છે એવા દ્રવ્યનો જ્યાં અંતરમાં આશ્રય કરીને જ્ઞાન કરીને પ્રતીતિ થઈ તો એ જ્ઞાન પ્રત્યક્ષ થયા વિના રહે નહિ. મતિ-શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ થાય એમાં આત્મા પ્રત્યક્ષ ભાસે ત્યારે આત્મા કહેવામાં આવે છે. આહા..! સમજાય છે કાંઈ? આહા..હા..! બાકી તો બધા અગિયાર અંગ ભણી ગયો અને નવ પૂર્વ ભણ્યો અને જાણે કે અમે કાંઈક સમજીએ છીએ. મીંડા છે બધા. સમજાય છે કાંઈ? એઈ..! ધન્નાલાલજી, માસ્તર! શું છે?

**શ્રોતા :-** મીંડા એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મીંડા એટલે કહ્યું ને, શૂન્ય. મીંડા એટલે આ રખડવાનો મિથ્યાત્વભાવ. સ્વભાવથી શૂન્ય, રખડવાના ભાવથી (ભરેલો). મીંડા નથી કહેતા? શૂન્ય. બિંદી તમારે કહે છે ને? બિંદી. આહા..હા..! ક્રોડ મીંડા હોય પણ એકડો ન હોય તો કિંમત કેટલી? કોરે કાગળે ક્રોડ મીંડા લખે... સમજ્યા ને? પણ એનો અર્થ શું? એકડા વિના?

એમ ભગવાન પ્રત્યક્ષ મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થયા વિના એ આત્મા જ નથી, અહીંયાં તો એમ કહે છે અને એમ પ્રત્યક્ષ થયા વિના સમ્યગ્દર્શન થતું નથી. સમજાય છે કાંઈ? અને આ રીતે પ્રત્યક્ષ થયા વિના આ આત્મા આનંદ છે, એવી પ્રતીતિ ક્યાંથી થાય? કેમ કે પ્રત્યક્ષમાં જ્યારે આનંદનો સ્વાદ આવ્યો ત્યારે આ આત્મા આખો આનંદથી ભરપૂર પડ્યો છે એવી પ્રતીતિ થાય છે. આનંદનો નમૂનો પર્યાયમાં ન આવે, પ્રત્યક્ષપણું પર્યાયમાં ન આવે, સ્વચ્છતા પર્યાયમાં ન આને, પ્રભુતા પર્યાયમાં ન આવે ત્યાં સુધી એ આત્મા નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! ત્યાં સુધી આત્માને જાણ્યો નથી અને એ આત્મા થયો જ નથી. એ આત્મા અનાત્મારૂપ છે. લક્ષ્મીરામજી! બહુ ઝીણી વાત, ભાઈ! હજી તો બહારમાં અટક્યા છે. પેલો કહે, વ્યવહાર છે. દયા, દાન, વ્રત પાળે એ સાધન છે. ધૂળેય સાધન નથી. સાંભળ તો ખરો. એ તો ઝેર છે. આત્મામાં ઝેર સાધન થશે? સમજાય છે કાંઈ? અને એમાં તો કર્તૃત્વબુદ્ધિ છે. હું કરું તો થાય, આમ ન કરું, આમ કરું, એ તો કર્તૃત્વબુદ્ધિ છે. સમજાય છે કાંઈ?

મોક્ષપંથની કતરણી. આમાં આવે છે ને? સમયસારમાં આવે છે. સવારનો શ્લોક છે ને, એમાં જ આવે છે. બનારસીદાસ. સમજાય છે કાંઈ? મોક્ષપંથની કતરણી. દયા, દાન,

વ્રત, તપનો વિકલ્પ છે એ મોક્ષપંથની કતરણી છે, કાતર. છે ને એમાં? એમાં છે. આ છે ને? આપણે સવારમાં નથી ચાલતું? પુણ્ય-પાપ અધિકાર ચાલે છે ને? જુઓ! મોક્ષહેતુમાં આવશે. જુઓ, (૧૨મું પદ). 'કોઈ શિષ્ય કહૈ સ્વામી! અસુભક્રિયા અસુદ્ધ, સુભક્રિયા સુદ્ધ તુમ ઐસી ક્યોં ન વરની, ગુરુ કહૈં જબલૌં ક્રિયાકે પરિનામ રહૈં, તબલૌં ચપલ ઉપયોગ જોગ ધરની.' ચપળતા યોગની ભૂમિકા છે, આત્માની ભૂમિકા નહિ. આહા..હા..! 'થિરતા ન આવૈ તો લૌં સુદ્ધ અનુભૌ ન હોઈ, થિરતા ન આવૈ તો લૌં સુદ્ધ અનુભૌ ન હોઈ યાતૈં દોઉ ક્રિયા મોખ-પંથકી કતરની.'

એ.. ફતેહચંદજી! આ બધે પ્રતિષ્ઠા ભણાવે એમાં ... છે અંદરથી. આ પ્રતિષ્ઠા કરાવનારા શું કહેવાય? આચાર્ય, પ્રતિષ્ઠાચાર્ય. આ તો એક નામ, હોં! આ તો એક દાખલો આપીએ છીએ. તમારી વ્યક્તિગત નથી. આ તો એક દાખલો તમારો આપ્યો. આમ થાય, આમ થાય. પ્રતિષ્ઠા કરાવનારને ધર્મ થાય છે, આઠ ભવમાં મોક્ષ જાય છે. અમારે અહીંયાં મંદિર થયું ને? બે લાખનું. રાજકોટ. (સંવત) ૨૦૦૬ની સાલમાં. ઈ આવ્યા હતા. મુન્નાલાલજી પંડિત ઈંદોરના હતા ઈ આવ્યા હતા. બે લાખનું મંદિર અને ઉપર સોનાના કળશ ચડાવ્યો. રાજકોટ છે ને? એ કરતાં-કરતાં.. નાનાલાલભાઈ છે અમારે. એણે બનાવ્યું હતું ને અઢી લાખનું. એણે નાનાલાલશેઠને કહ્યું. માણસ ઘણું આવ્યું હતું. પાંચ-છ હજાર આવેલું. એણે કહ્યું, શેઠ! તમે તો આઠ ભવે મોક્ષ જશો. તો નાનાલાલશેઠ કહે છે, અમે એમ નથી માનતા. મંદિર બનાવ્યું અને બે-અઢી લાખ ખર્ચ્યા માટે અમારો મોક્ષ થશે, એમ અમે માનતા નથી. અમારા મહારાજ પણ કહેતાં નથી અને અમે પણ માનતા નથી. પંડિતજી! શેઠે કહ્યું. પંડિતે કહ્યું કે આઠ ભવે મોક્ષ જશો. મુન્નાલાલ પંડિત હતા ને. ગુજરી ગયા. બહુ વહેમિલા હતા. અવિધિ થાય તો દિકરા મરી જાય અને વિધિ થાય તો આમ મરી જાય, એમ કહેતા હતા. શેઠ તમે તો આઠ ભવે મોક્ષમાં જશે. કરોડપતિ છે નાનાલાલભાઈ, શ્વેતાંબર હતા. દિગંબર મંદિર બનાવ્યું. પંડિતજી! અમે એમ નથી માનતા અને મહારાજ પણ અમને એમ કહેતા નથી કે મંદિર બનાવ્યું અને એમાં પાંચ-દસ લાખ ખર્ચ્યા તો તમારે અંશે ધર્મ થશે. અંશેય નહિ. સમજાય છે કાંઈ? એ.. શેઠ! રાગ છે, શુભ છે. એ પાપથી બચવા માટે એ કાળે આવે છે જરૂર, પણ એ ધર્મ છે કે એનાથી સંવર, નિર્જરા થાય છે કે આત્માનું કલ્યાણ છે, એમ નથી. શું કહ્યું?

'યાતૈ દોઉ ક્રિયા મોખ-પંથકી કતરની, બંધકી કરૈયા...' ત્રણ બોલ લે છે ને? ભાઈ! આચ્છાદન, બંધરૂપ અને નિરોધરૂપ. 'બંધકી કરૈયા દોઉ દુહૂમૈં ન ભલી કોઉ, બંધકી કરૈયા દોઉ દુહૂમૈં ન ભલી કોઉ, બાધક વિચારી મૈં નિસિદ્ધ કીની કરની. ૧૨.' બનારસીદાસ આમ સ્પષ્ટ કરે છે. પાઠમાં આમ છે તો આ કહે, નહિ, નહિ. ઘરનું છે ને. આ ઘરનું ક્યાં છે?

આ તો અંદર છે. આપણે શ્લોક આવશે. હજી આવશે, આવ્યો નથી. હવે આવશે. મોક્ષહેતુ તિરોધાન. ભાઈ! એ વાત તો એક કોર રહી. અહીં તો હવે બીજી વાત ચાલે છે.

'**જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન...**' ત્યાં કહ્યું કે કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોક આલંબન છે અને લોકાલોકને જ્ઞાનની પર્યાય આલંબન છે. ત્યાં તો યથાર્થપણે વસ્તુ કહી. અહીં આલંબન ઉડાવ્યું. આ શું? એ બીજી વાત છે. ત્યાં કહ્યું એ તો ફક્ત નિમિત્તની ઉપસ્થિતિ જણાવી. પોતાની જ્ઞાનપર્યાય પોતાથી શુદ્ધ સ્વભાવમાંથી અંતરમાંથી આવી છે, એમાં નિમિત્ત લોકાલોક છે એમ જણાવ્યું; અને જ્ઞેય પદાર્થ પણ પોતાની પર્યાયથી પોતાને કારણે, પોતાની યોગ્યતાથી પરિણમી રહ્યા છે એમાં જ્ઞાનની પર્યાયને નિમિત્ત કહ્યું, બસ, એટલી વાત છે. કોઈ કોઈના આધારે છે એમ નથી. અહીં બીજી વાત છે. શબ્દ તો બેયમાં આલંબન પડ્યો છે. અહીં નિમિત્તના પરાધીનપણાના લક્ષે છે. સમજાય છે કાંઈ? ઇન્દ્રિયનું લક્ષ, મનનું લક્ષ, વિકલ્પનું લક્ષ, વાણીનું લક્ષ એમ નિમિત્તના લક્ષે જે જ્ઞાનમાં ઉપયોગ થયો, એ ઉપયોગ નહિ, અનુપયોગ છે, આત્મા નહિ. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ છે ને, ભગવાન! આહા..! એ વાતું એવી છે. વાત એને અંતરમાં પોતાના નિજ સ્વરૂપનું માહાત્મ્ય આવતું નથી અને બહારમાં ઊંડે... ઊંડે... ઊંડે... આમ થાય ને આમ થાય ને આનાથી થાય, આનાથી થાય, એવું મિથ્યાત્વ શલ્ય ઊંડે.. ઊંડે.. પડ્યું છે. સમજાય છે કાંઈ?

કહે છે, '**જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ...**' નથી થતું. આહા..હા..! ઉપયોગ નામના લક્ષણ વડે આત્માનું ગ્રહણ થતું નથી. એનો અર્થ શું? જ્ઞેય પદાર્થોનું આલંબન નથી. ત્યાં આલંબન કહ્યું હતું. ધન્નાલાલજી! અહીં આલંબનનો અર્થ જ્ઞેયના લક્ષે પરાશ્રયે જેટલું જ્ઞાન ઉત્પન્ન થયું એ ઉપયોગ નહિ, એ ધર્મ નહિ, એ સમ્યગ્જ્ઞાન નહિ, એમ કહે છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ. એમાં જે સમ્યગ્દર્શનની સાથે સમ્યગ્જ્ઞાન છે એ નિમિત્તના અવલંબને જે જ્ઞાન થયું એ સમ્યગ્જ્ઞાન નહિ, એ મિથ્યાજ્ઞાન છે એમ કહે છે. આહા..હા..! ગજબ વાત છે! ધન્નાલાલજી!

**શ્રોતા :-** શાસ્ત્રજ્ઞાન..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શાસ્ત્ર છે એ તો પર છે. શાસ્ત્રમાં જ્ઞાન છે? જ્ઞાનમાં જ્ઞાન છે. તો જ્ઞાનમાંથી જ્ઞાન આવે તો જ્ઞાન સમ્યક્. શાસ્ત્રના લક્ષે થાય એ તો પરાલંબી છે. માર્ગ એવો છે, ભગવાન! આહા..હા..!

નિરાલંબી પ્રભુ, જેને નિમિત્તનું આલંબન નથી. પેલું આલંબન બીજી વાત છે. એ તો નિમિત્ત છે એટલું જ્ઞાન. આ આલંબન (એટલે) પરાધીનપણું. રાગથી, ઇન્દ્રિયના આશ્રયથી, સાંભળવાથી જે જ્ઞાન થયું એ ઉપયોગ જ નથી. એ આત્મા નહિ એ તો એક બાજુ, પણ

એ ઉપયોગ નહિ. આહા..હા..! ભગવાનઆત્મા આમ જાણન.. જાણન.. જાણન.. જાણન.. જાણન.. ઉપયોગ, એ ઉપયોગ તો લક્ષણ છે. એ તો લક્ષનો ઉપયોગ છે, એ તો દ્રવ્યનો ઉપયોગ છે. એ ઉપયોગ નિમિત્તને આધીન થઈને ઉપજે એ ઉપયોગ જ નથી, એ જ્ઞાન જ નથી, એ સમ્યગ્જ્ઞાન નહિ. અગિયાર અંગ પરલક્ષે ભણી જાય તોપણ એ ઉપયોગ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! છે કે નહિ એમાં? જુઓ! અહીંથી બહાર નીકળશો તો બીજા પૂછશે, હોં! કે તમે શું શીખીને આવ્યા? આ એકાંત શીખીને આવ્યા? અરે..! ભગવાન! અહીંનું તો એકાંત જ કહે છે. કોઈ હરકત નહિ. એકાંત છે, એકાંત છે. એકાંત છે. ઠીક છે, જૈનમાં ... દેવાના. આહા..હા..! ભગવાન! તને તારી ખબર નથી.

પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ તીર્થંકર પરમાત્મા, જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન પોતાની પર્યાયમાં અંદર ગુણમાંથી પ્રગટ થયું છે. જ્ઞાનગુણમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાય જે શક્તિરૂપે પડી હતી, એ સમયે તે કેવળજ્ઞાનની પર્યાય પ્રવાહરૂપે નિકળી. બીજે સમયે બીજી, ત્રીજા સમયે ત્રીજી. એવા ભગવાન તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માનું જ્ઞાન નિમિત્ત થયું. કંપન નિમિત્ત થયું, વાણી નિકળી. એ વાણીમાં એમ કહ્યું કે અમારી વાણી સાંભળીને અને શાસ્ત્રના શબ્દો સાંભળીને અને કાનનું નિમિત્ત છે અને વિકલ્પ એમાં નિમિત્ત છે એવું જે જાણવું થયું એ સમ્યક્જ્ઞાન નહિ, એ ધર્મજ્ઞાન નહિ. આહા..હા..! કામ ભારે આકરું પણ જગતને. ડૉક્ટર!

**શ્રોતા :-** સમ્યક્જ્ઞાન નહિ ત્યાં સુધી તો ઠીક, પણ ધર્મજ્ઞાન નહિ (એમ) નહિ કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ ધર્મજ્ઞાન નહિ કહો, સમ્યક્જ્ઞાન નહિ કહો કે અજ્ઞાન કહો, બધી એકની એક વાત છે. સમજાય છે કાંઈ? આહા..હા..! જેમાં શક્તિ છે, જ્ઞાન થવાનું સામર્થ્ય છે એવો આત્માની અંતર્મુખ દૃષ્ટિ કરવાથી અંતર્મુખ જ્ઞાનની પર્યાયનો પ્રવાહ આવે તે પ્રત્યક્ષ છે, એ સમ્યક્જ્ઞાન છે, એ ધર્મજ્ઞાન છે. સમજાય છે કાંઈ? પણ હજી તો પહેલાં નિર્ણયના ઠેકાણા નથી. સમજ્યા? તો આ ચીજ તો એને ક્યાંથી પ્રાપ્ત થાય? ડામાડોળ, ડામાડોળ. જાણે આમ થશે ને આમ થશે ને આમ થશે.

અહીં તો ભગવાન કહે છે કે જ્ઞેય પદાર્થનું આલંબન નથી અર્થાત્ ત્યાં કહ્યું ને? ભગવાન! એ બીજી વાત છે. ત્યાં તો નિમિત્તની ઉપસ્થિતિનું જ્ઞાન કરાવ્યું. કેવળજ્ઞાન લોકાલોકમાં નિમિત્ત, લોકાલોક જ્ઞાનમાં નિમિત્ત, બસ. ઉપાદાન પોતાથી પરિણત છે, એટલું. જ્ઞેય પણ પોતાના ઉપાદાનથી પરિણત છે અને જ્ઞાન પણ પોતાના શુદ્ધ ઉપાદાનથી પરિણત છે, બસ. અહીંયાં તો ભગવાનઆત્મા શુદ્ધ સ્વભાવી પ્રભુના આશ્રયથી દૃષ્ટિ કરીને જે પરિણમન કરવું જોઈએ, સમજાય છે? એ નહિ થઈને, ફક્ત ઉપયોગમાં જ્ઞાનની પર્યાયનો ક્ષયોપશમ પહેલાં સાધારણ હતો, પછી વિશેષ દેખાણો, વિશેષ ખ્યાલમાં આવ્યું તો એ નિમિત્તની પરાધનીતાથી ખ્યાલમાં

આવ્યું એ ખ્યાલ જ નથી, એ ઉપયોગ જ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ? શેઠ! હરિચંદજી! શું છે આ?

**શ્રોતા :-** ગહન વિષય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગંભીર માણસ છે ને. ગહન છે, કહે છે. પણ છે તો આમ, ભગવાન!

**શ્રોતા :-** આત્મા કઠણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઠણ છે. લ્યો, અમારા પંડિતજી કહે છે, કઠણ છે. શેઠે કહ્યું કે ગહન છે. આહા..હા...! હજી સાંભળવા મળ્યું નથી. શું ચીજ છે? કઈ રીતે પ્રાપ્ત થાય? એ સાંભળવા મળ્યું નથી. આહા..હા...! છે જ નહિ, ક્યાંથી મળે?

અહીં તો કહ્યું, આહા..! ગજબ કામ કર્યું છે! અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંતોએ સત્‌ને પ્રસિદ્ધ કર્યું છે. આહા..! આત્મામાં કબુલ થઈ જાય એવી વાત છે. સમજાય છે કાંઈ? એક-એક ન્યાયથી એવી વાત સિદ્ધ કરે છે, અપૂર્વ વાત! ભગવાન! તું તો આત્મા છો ને! તારામાં તો ભગ નામ જ્ઞાન અને આનંદની લક્ષ્મી પડી છે ને! કેટલી? પૂરેપૂરી. એવો વાન નામ વાન-તારું સ્વરૂપ છે ને, પ્રભુ! આહા..હા..! હજી એક જણાએ તો (એમ લખ્યું છે), ભગવાનઆત્મા કહે તો કહે, નહિ, નહિ, અત્યારે ભગવાન નહિ. અરે..! ભગવાન! અત્યારે ન હોય તો પ્રગટ ક્યાંથી થશે? પ્રાપ્તની પ્રાપ્તિ છે. છે એમાંથી આવશે. નહિ હોય એમાંથી આવશે? સમજાય છે કાંઈ?

લીંડીપીપરનો દૃષ્ટાંત આપીએ છીએ ને. લીંડીપીપર હોય ને? પીપર.. પીપર. નાની લીંડીપીપર. એને ઘસે છે. ચોસઠ પહોરી ઘસે છે ને. ચોસઠ પહોરી. ચોસઠ પહોરી કહે છે ને? તો ચોસઠ પહોરી તીખાશ આવી ક્યાંથી? પત્થરમાંથી આવી છે? પત્થરમાંથી આવી હોય તો કોલસા, પથરા ઘસી નાખો ચોસઠ પહોર. લાખ પહોર ઘસે નહિ, એમાં છે ક્યાં? એમાં છે, છે. લીંડીપિપરનો નાનો દાણો હોય, રંગે કાળો હોય, બહારમાં તીખાશ અલ્પ હોય પણ અંદરમાં પૂર્ણ-રૂપિયે રૂપિયો સોળ આના (ભરી છે). ચોસઠ શબ્દે એ છે ને? અત્યારે સોળ આનાનો પૈસો થઈ ગયો ને. સો પૈસાનો રૂપિયો તો હમણાં થયો ને. અત્યાર સુધી તો ચોસઠ પૈસાનો રૂપિયો હતો ને, તો ચોસઠ પૈસાનો રૂપિયો કહો કે સોળ આના કહો, રૂપિયો કહો કે પૂર્ણ કહો કે પૂરો કહો. સમજાય છે કાંઈ? એક-એક નાના દાણામાં બહારની કાળાશ છે એ અંદરની ચીજ નથી, અલ્પ તીખાશ અંદરની વસ્તુ નથી, પૂર્ણ તીખાશ ચોસઠ પહોરી, રૂપિયે રૂપિયો સોળ આના અને લીલો રંગ અંદર પડ્યો છે. છે તો પ્રગટ થશે. પત્થરથી અને નિમિત્તથી પ્રગટ થતો નથી.

એમ કહે છે કે નિમિત્તના અવલંબને આત્મજ્ઞાન પ્રગટ થાય એવો આત્મા છે જ નહિ.

આહા..હા..! એવો આત્મા નથી. આત્મામાં અંતર કેવળજ્ઞાન જ્ઞાનસ્વભાવ પૂર્ણ સંપૂર્ણ.. સંપૂર્ણ (ભર્યો છે). એની દૃષ્ટિ કરીને જે જ્ઞાનની પર્યાયમાં શક્તિમાંથી વ્યક્તતા અંતરમાંથી આવી છે, તે વ્યક્ત પર્યાયને જ્ઞાન ને અનુભવ અને ધર્મ કહે છે. સમજાય છે કાંઈ? આમ તો મોટા-મોટા વકીલ હોય છે. બે હજારનું દનિયું લેવાવાળા. એક દિવસના બે હજાર. ભૂલાભાઈ હતા ને? દેસાઈ ને બધા, આપણે રામજીભાઈ ગયા હતા ને. ગુલાબભાઈને વિચાર કરવો પડે, રામજીભાઈ સામે હોય તો. એ બધા ભણતર રામજીભાઈના અને ભૂલાભાઈના બધા મીંડા હતા. એઈ..! નુકસાનકારક હતા. એ તો નહિ, એની તો અહીંયાં વાતેય કરી નથી.

અહીં તો શાસ્ત્રનું અવલંબન નિમિત્તને આધીન થઈને ક્ષયોપશમ થાય એ જ્ઞાન નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? જ્યાં ભગવાનઆત્મામાં જ્ઞાનસ્વભાવ પૂર્ણ, પરિપૂર્ણ ભર્યો છે તેમાં એકાગ્ર થાય... ફુવારો હોય ને? ફુવારો. દાબે તો ફુવારામાંથી પાણી નીકળે છે. દરિયાનો-સમુદ્રનો દાખલો કહ્યો હતો ને? ૧૧૮ ડિગ્રી તાપ હોય, પણ જ્યારે ભરતી આવે છે તો મધ્યમાંથી આવે છે, એ કંઈ બહારથી આવતી નથી; અને બહાર કદાચ ૨૫ ઈંચ વરસાદ હોય અને ૨૫ ઈંચ વરસાદ (સાથે) હજારો નદીના પાણી પડે, પણ જ્યારે ઓટનો (વખત હોય), ઓટને શું કહે છે? ભાટા. સમુદ્રમાં ઓટનો વખત હોય તો એ ૧૦૦ ઈંચ કે ૧૦૦ નદીઓ એ ઓટની ભરતી કરી શકે નહિ. સમજાય છે કાંઈ? સમુદ્રમાં જ્યારે ઓટનો કાળ છે, ભાટાનો કાળ છે તો બહાર ૧૦૦ ઈંચ વરસાદ થાય, પચીસ-પચીસ ઈંચ તો પડે છે ને? કેટલાક ઠેકાણે. અહીંયાં પણ એક વાર પોણો કલાકમાં સવા પાંચ ઈંચ પડ્યો હતો. અહીંયાં (સંવત) ૧૯૯૨ની સાલમાં. પોણો કલાકમાં સવા પાંચ ઈંચ. એવો આખો દિવસ પડે તો શું ઓટના વખતમાં એ પાણી ભરતી લાવી શકે? સમજાય છે કાંઈ? અને જ્યારે અંદરમાંથી ધારા આવે છે, સમુદ્ર ઊછળીને ભરતી આવે છે તો ૧૧૮ ડિગ્રીનો તડકો ભરતીને રોકી શકે? સમજાય છે કાંઈ? ૧૦૫ હોય તો માણસ મરી જાય. ૧૧૮ ડિગ્રી થાય ત્યાં તો આમ ચકલા ને કાબરુ.. કાબર સમજો છો? કાબર હોય એ મરી જાય બિચારી. ગરમી બહુ હોય ને.

એક વાર (સંવત) ૧૯૮૬ની સાલમાં ભાવનગર હતા. સંવત ૧૯૮૬. એ વખતે તો અપવાસ કરતાં હતા ને. ચોવિહારા. પાણીનું બિંદુ નહિ. ૧૯૮૬ની સાલ. એટલી ગરમી. ૧૧૮ ડિગ્રી તાપ. અમને તો ઘણાં વરસોનો અભ્યાસ હતો. અમારે નારણભાઈને એમ થઈ ગયું જરી. અમારે નારણભાઈ હતા. અરે..! નિગોદના જીવને કેમ હશે? કીધું, કેમ આ પ્રશ્ન ઊઠ્યો? બહુ વિચિક્ષણ હતા. અમારી સાથે હતા નારણભાઈ. તર્ક બહુ. પાણીનું બિંદુ નહિ. અને ગરમી.. ગરમી.. ગરમી. એના ઉપર લક્ષ ગયું કે અરે..! નિગોદના શરીરમાંથી ક્યાંથી બહાર આવશે? કેમ મુક્તિ થશે? પ્રશ્ન કેમ ઊઠ્યો? કીધું. આટલું દુઃખ લાગ્યું ને, તો એમાંથી

નિકળવું કઈ રીતે ખબર પડતી નથી. અપવાસનું દુઃખ લાગ્યું ને, દુઃખ. એમાંથી નિકળવું... દૃષ્ટિ નિગોદ ઉપર ગઈ. તર્કબાજ હતા. એ જીવ કઈ રીતે નિકળશે? ક્યારે નિકળશે? આહા..હા..! અરે..! એના ભવનો આરો ક્યારે આવશે? કીધું, શું થયું? ચક્કર ફર્યું, કીધું. પછી મગજ અસ્થિર થઈ ગયું હતું. પોસ્ટ માસ્ટર હતા. વૈરાગ્યથી દીક્ષા લીધેલી પણ.. તર્કબાજ બહુ હતા. શાસ્ત્રના વાંચન કરીને અંતરમાંથી બહુ વાત કરતાં હતા. પછી ... બહુ થઈ ગયા. કીધું, શું થયું? એટલું દુઃખ લાગે છે કે સહન નથી થતું. કારણ કે અંતરમાં સ્વભાવનું તો ભાન છે નહિ. સમજાય છે? અને ઉપવાસ કર્યા. હવે કરવું શું? અંતરમાં તો અણગમો લાગે તો આર્તધ્યાન છે. પુણ્ય તો નહિ, પણ પાપ છે ત્યાં તો. ઊંડે... ઊંડે અણગમો (થાય). કેમ કે આત્મા આનંદકંદ છે એવો અનુભવ તો છે નહિ, દૃષ્ટિમાં આનંદ તો આવ્યો નહિ, આત્મામાં પ્રત્યક્ષપણું તો પ્રગટ થયું નથી, દુઃખ દેખાય, દુઃખ દેખાય, દુઃખ દેખાય. પર્યાયબુદ્ધિ મિથ્યાબુદ્ધિ છે. સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે, જ્ઞાનમાં પદાર્થોનું આલંબન નથી. પરના અવલંબને જેટલો ક્ષયોપશમ થયો એ ક્ષયોપશમ જ્ઞાનનો નહિ. આહા..હા..! ભારે વાત. એ આત્માની જાતનો ક્ષયોપશમ નહિ. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! ક્ષયોપશમના પણ બે પ્રકાર. એને ઉઘાડ તો થયો કે નહિ? સાધારણ વાત ન કરી શકે અને ઈ વાત કરી શકે. ભાષણ આપી શકે, આમ-આમ કરી શકે. એમાં શું થયું? ભાષણ દેવું એ તો જડની ક્રિયા છે. ભાષણ હું આપુ છું એ માન્યતા પણ મિથ્યાત્વ છે. આહા..હા..! અને વિકલ્પ-રાગ છે, એ રાગ પણ મારું કાર્ય છે, ઉપદેશ દેવાનું વિકલ્પનું મારું કર્તવ્ય છે એ મિથ્યાત્વભાવ છે. મણિભાઈ! આહા..હા..!

કહે છે, **'જ્ઞેય પદાર્થોનું આલંબન નથી...'** આહા..હા..! **'તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી...'** બસ. પેલું આલંબન જુદું અને આ આલંબન જુદું. એના આલંબને ત્યાં જ્ઞાન નહોતું થયું. અહીં તો નિમિત્તના લક્ષે, આલંબનથી જાણપણું થયું એવું આત્માનું જ્ઞાન નથી. ઈ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? **'આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** લો. એ સાતમો બોલ થયો.

**'(૮) જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી...'** જુઓ! ભગવાનઆત્મા એને કહીએ કે જે જ્ઞાન ઉપયોગ છે એ બહારથી નથી લાવતો. પહેલાંમાં આલંબન કહ્યું હતું, આ બહારથી નથી લાવતો (એમ કહ્યું). **'જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી એટલે કે...'** એટલે? ગ્રહણ નથી કરતો અર્થાત્ **'એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી...'** આહા..હા...! ઉપયોગની ક્રિયા બહારથી નથી આવતી. નિમિત્તથી આવતી હતી, બહારથી આવતી હતી એમ પહેલાં કહ્યું. સમજાય

છે કાંઈ? ધન્નાલાલજી! ભારે વાત, ભાઈ! આવો વીતરાગ ધર્મ ઝીણો. આહા..હા..! જેનું ફળ અનંત આનંદ છે, એનું કારણ પણ મહાન અલૌકિક વાત છે. લોકોને સાંભળવા મળે નહિ એટલે શું માર્ગ બીજો થઈ જાય? માર્ગ તો 'એક હોય ત્રણ કાળમાં, પરમાર્થનો પંથ.' પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા અનંત થઈ ગયા, વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે અને અનંત તીર્થંકર ક્રમસર ભરત, ઐરાવત, મહાવિદેહમાં થશે. અનંત થયા, છે અને અનંત થશે. બધાની એક જ વાત છે.

પરમાત્માની વાત અહીંયા (કહે છે). કુંદકુંદાચાર્ય સીમંધર ભગવાન પાસે ગયા હતા. સંવત ૪૯. આહા..હા..! નગ્ન મુનિ દિગંબર. એમની પવિત્રતા પણ એવી અને પુણ્ય પણ એવા કે ભરતક્ષેત્રના મનુષ્ય પરમાત્મા પાસે સાક્ષાત્ જઈને દર્શન કરે. ભરતના માનવી મહાવિદેહની જાત્રા કરે. એ પુણ્ય છે. બાહ્ય ક્રિયાનું પુણ્ય છે ને. અંદરની પવિત્રતા એટલી કે સાક્ષાત્ ભગવાન પાસે સાંભળ્યું. આઠ દિવસ. સમજ્યા? સંવત ૪૯. સંવત ૪૯. બે હજાર વર્ષ પહેલાં. વર્તમાનમાં પરમાત્મા બિરાજે છે. સીમંધર પ્રભુ મહાવિદેહ ક્ષેત્રમાં કેવળજ્ઞાની તીર્થંકરપણે વર્તમાન પાંચસો ધનુષ ઊંચો દેહ, કરોડ પૂર્વનું આયુષ્ય છે, વર્તમાનમાં બિરાજે છે. બે હજાર વર્ષ પહેલાં પણ હતા, અત્યારે પણ છે અને હજી અબજો વર્ષ રહેવાના છે. આવતી ચોવીસીના તેરમા તીર્થંકર જ્યારે અહીંયાં થશે ત્યારે મોક્ષમાં જશે અને વીસમા તીર્થંકર વખતે દીક્ષા લીધી છે. અહીંયાં મુનિસુવ્રત ભગવાન હતા એ વખતે દીક્ષિત થયા છે. પછી કેવળજ્ઞાન થયું ત્યારથી કેવળજ્ઞાનમાં વર્તમાન બિરાજે છે.

**શ્રોતા :-** જ્યારે વીસમા તીર્થંકર થયા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીંયાં નહિ, ત્યાં થયા. અહીંયાં જ્યારે તેરમા થશે ત્યારે ત્યાં મોક્ષ જશે. અહીંયાં વીસમા હતા ત્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. સમજાય છે કાંઈ? મહાવિદેહ ક્ષેત્રમાં આયુષ્ય મોટા છે ને. મહાવિદેહ ક્ષેત્ર છે, હોં! રોકેટ-બોકેટને હાથ ન આવે માટે નથી, એમ નહિ. મહાવિદેહ ક્ષેત્ર છે. ભગવાન સમવસરણમાં બિરાજે છે. તેમની દિવ્યધ્વનિ છૂટે છે. ઇન્દ્રો પણ ત્યાં સાંભળવા આવે છે. એ ભગવાન કહે છે, ઈ આ વાત છે. સમજાય છે કાંઈ? આહા..!

'**જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને...**' ઓહો..! કેટલી વાત! '**ગ્રહણ કરતો નથી એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા જે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે...**' બહારથી લવાયેલા જ્ઞાનવાળો આત્મા નથી, એમ કહે છે. જ્ઞાન બહારથી લાવે છે? જ્ઞાન બહારથી આવે છે? આહા..હા..! અંતર્મુખ ચૈતન્ય ભગવાનનો ઉકેલ કરીને દૃષ્ટિ કરીને જે જ્ઞાન આવે તે જ્ઞાન. બાકી વાંચીને થયું, બહારથી લાવ્યો એ જ્ઞાન આત્માનું નથી. કોઈના આલંબનવાળુ પરાધીન

જ્ઞાન નથી કહ્યું. આ કહે છે કે બહારથી જ્ઞાન લવાતું નથી. બસ. ક્યાંથી આવે? એની પાસે ક્યાં નથી કે બહારથી લાવે. અંદરમાં પડ્યું છે ને. આખો કેવળજ્ઞાનનો કંદ પડ્યો છે ને. આહા..હા...!

સ્વભાવવાન આત્મા અને જેનું સ્વભાવ જેનો જ્ઞાન, એ જ્ઞાનમાં તો અનંતી કેવળજ્ઞાનની પર્યાય પડી છે. એવી વાત હમણાં કરી હતી, બે વર્ષ પહેલાં. મથુરા. જંબુસ્વામી જ્યાંથી મોક્ષ ગયા. જંબુસ્વામી મોક્ષ ગયા ત્યાં ગયા હતા. કૈલાસચંદજી સાથે હતા. વ્યાખ્યાનમાં આવ્યું. કોઈ પંડિત હતો. એમ કહ્યું, કેવળજ્ઞાનની અનંતી પર્યાય જ્ઞાનગુણમાં વર્તમાનમાં પડી છે. અરે..! આ શું? કોઈ દિ' સાંભળ્યું ન હોય. પંડિત. અરે...! અનંતી કેવળજ્ઞાનની પર્યાય આ જ આત્માના જ્ઞાનગુણમાં પડી છે. સમજાય છે કાંઈ? અરે..! આ જ શું, નિગોદના જીવમાં પણ, આહા..હા..! નિગોદના આત્મા છે એક શરીરમાં અનંત. સિદ્ધ કરતા સંખ્યાથી અનંતગુણા જીવ. એક-એક જીવમાં એક-એક જ્ઞાનગુણ. અનંતી કેવળજ્ઞાનની પર્યાયથી ભરેલો જ્ઞાનગુણ એની પાસે છે. સમજાય છે કાંઈ? આહા..હા...! પર્યાયમાં અક્ષરના અનંતમે ભાગે પ્રગટ હો, તેથી શું? પર્યાય તો અલ્પ છે. એની શક્તિમાં તો મહાભંડાર ભર્યો છે. એને અંદરથી વિશ્વાસ આવતો નથી. આમ કરું તો થાશે, આમ કરું તો થાશે, પણ અંતર્મુખ થઈને પ્રગટ થશે એવો વિશ્વાસ આવતો નથી તો એ બહિરાત્મા છે એમ કહે છે.

**શ્રોતા :-** એ બહિરાત્મા છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને બહિર્‌આત્મા (કહે છે). કોઈ પણ રાગથી મને લાભ થશે, ક્રિયાકાંડથી લાભ થશે, બહિર્ જ્ઞાનથી લાભ થશે (એમ માનનારો) બહિરાત્મા છે. આહા..હા..! બાહ્ય શબ્દ પડ્યો છે ને અહીંયાં? આહા..! ભારે વાત, ભાઈ! આવી વાત તો કાને પડવી મુશ્કેલ પડે કેટલાકને તો. સાંભળ્યું એવું હોય, આમ કરો ને તેમ કરો, પૂજા કરો, ભક્તિ કરો, અપવાસ કરો, ત્યાગ કરો, વ્રત કરો, આ કરો ને તે કરો. આવું સાંભળી-સાંભળીને હેરાન થઈ ગયો છે એમાં. આહા..હા...!

અહીં તો ભગવાન પરમેશ્વરની વાણીમાં આવ્યું.. વાણી કહેવું એ સંયોગથી કથન છે. વાણીની વાણી છે. કહે છે, ભગવાન! '**પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી...**' પોતે ક્યાંય બહારથી નથી આવતું. અંતર્મુખ ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એમાં વિકલ્પ-રાગરહિત નિર્વિકલ્પ દૃષ્ટિ લગાવીને જે દૃષ્ટિ થઈ તેની સાથે સમ્યક્જ્ઞાનની ધારા આવી તે આત્માનો ઉપયોગ છે. એ ધર્મ જ્ઞાન અને આત્મજ્ઞાન છે. ઈ આત્મજ્ઞાન છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? આત્મજ્ઞાન છે ને? આત્મા અંતરમાં સ્વભાવથી લબાલબ, ઠસોઠસ જ્ઞાનસ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવની પરિમિતતા શું? સ્વભાવમાં મર્યાદા કેવી? એવો સ્વભાવ ભગવાનઆત્માનો આશ્રય કરીને..

પ્રવચનસારમાં આવે છે ને? અસાધારણ જ્ઞાનને પકડીને. એક શ્લોક છે. ક્યાં છે ઈ? કેટલામે પાને છે? સમજ્યા? અસધારણ છે. આ પ્રવચનસાર છે. કેટલામો કીધો? પેલામાં ચિહ્ન કર્યું છે, આમાં ચિહ્ન નહિ હોય. અસાધારણ શબ્દ પડ્યો છે. ચિહ્ન તો ક્યાંક કર્યું છે. પુસ્તક ફરી જાય છે ને. નવા-નવા પુસ્તક વંચાય. બધું કંઈ ખ્યાલમાં રહે? અસાધારણ જ્ઞાનનો આધાર લઈને, એમ આવે છે. ૨૧ ગાથા. '**અનાદિ અનંત, અહેતુક અને અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી તુરત જ પ્રગટતા કેવળજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે;...**' લો. ત્યાં પણ આવ્યું, જુઓ ભાઈ! '**સંવેદનને (-પ્રત્યક્ષ જ્ઞાનને) આલંબનભૂત સમસ્ત દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ જ છે.**' ત્યાં પણ આલંબન છે. અમારે તો બહુ જૂનું વાંચેલું હોય ને. એમાં ચિહ્ન આ બાજુ છે.

કેવો છે ભગવાનઆત્મા જ્ઞાનગુણ? અનાદિ અનંત, અહેતુક. જે જ્ઞાનસ્વભાવ છે એને કોઈ હેતુ નથી, સત્ છે. '**અસાધારણ જ્ઞાનસ્વભાવ...**' અસાધારણ જ્ઞાનસ્વભાવ એક જ જ્ઞાનસ્વભાવ એવો છે કે બીજો કોઈ એવો ગુણ નથી. તેને જ '**કારણપણે ગ્રહવાથી...**' દેખો, તેને જ કારણપણે ગ્રહવાથી. ત્રિકાળ જ્ઞાનગુણ છે તેને કારણપણે ગ્રહવાથી. એટલે કાર્ય કરવું હોય તો તેને કારણપણે ગ્રહવાથી '**તુરત જ પ્રગટતા કેવળજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે;...**' સમજાય છે કાંઈ? અસાધારણ ભગવાનઆત્મામાં જે જ્ઞાનશક્તિ-ગુણ અનાદિ અનંત પડ્યો છે તેને કારણપણે ગ્રહીને. પૂર્વની મતિજ્ઞાન પર્યાય છે તેને કારણે કેવળજ્ઞાન થાય છે એમ પણ નથી, અહીંયાં તો કહે છે. (મતિ-શ્રુતથી) નહિ. વિકલ્પથી તો કેવળજ્ઞાન (થતું) નથી, વ્યવહારરત્નત્રયથી તો થતું નથી, પણ પૂર્વે મિત-શ્રુતજ્ઞાન જે નિર્મળ હતું તેનાથી પણ કેવળજ્ઞાન થતું નથી. કેવળજ્ઞાન જે થાય છે તે અહેતુક અનાદિ અનંત અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી. ધન્નાલાલજી! છે? આહા..હા..! આચાર્યે તો બહુ સ્પષ્ટ કર્યું છે.

ભગવાનઆત્માને પકડ. જે જ્ઞાન ત્રિકાળ ધ્રુવ, ધ્રુવને પકડ્યો (તો) કેવળજ્ઞાન કાર્ય થાય છે. પરને કારણે, પરના અવલંબનથી કોઈ કેવળજ્ઞાન થતું નથી. અરે..! મતિ-શ્રુતનો ક્ષયોપશમ ચૌદ પૂર્વનો હોય તો તેનાથી પણ કેવળજ્ઞાન થતું નથી, એમ કહે છે. આહા..હા..! તેનો અભાવ થાય છે. તેનો તો અભાવ થઈ ગયો. ભાવ તો અંદર કેવળજ્ઞાન પડ્યો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જ્ઞાન-ઉપયોગરૂપ થઈને પરિણમે છે પર્યાયમાં કેવળજ્ઞાન. જુઓ, કેવળજ્ઞાન પર્યાય છે, હોં! ગુણ નથી. કેવળજ્ઞાન તો પર્યાય છે. કેવળજ્ઞાનરૂપ થઈને પરિણમે છે, પર્યાય છે. ગુણ જે જ્ઞાનગુણ છે એ ધ્રુવ ત્રિકાળ છે. તેને કારણપણે ગ્રહવાથી, તેની દૃષ્ટિ કરવાથી, તેનો આશ્રય કરવાથી કેવળજ્ઞાનની પર્યાય અવસ્થામાં ઉત્પન્ન થાય છે. આ રીતે ઉત્પન્ન થવું નહિ માનીને પરના અવલંબને કોઈ જ્ઞાનાદિ થયું એમાં પણ અભિમાન કરે છે કે અમને

આટલો ક્ષયોપશમ છે, અમને આટલું આવડે છે. અરે..! ભગવાન! શું છે? એ તો અજ્ઞાન છે, સાંભળ તો ખરો. પરના અવલંબને બાહ્યથી ઉત્પન્ન થયું, ઉત્પન્ન તો થયું તો પોતાની પર્યાયમાં, હોં! પણ પર્યાયમાં ઉત્પન્ન થયું એ બાહ્ય લક્ષે ઉત્પન્ન થયું એ બહારથી લાવ્યો એમ કહેવામાં આવે છે. એ જ્ઞાન નહિ. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ગુરુ વિના જ્ઞાન નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મા વિના જ્ઞાન નહિ. ગુરુ વિના જ્ઞાન નહિ, એ તો વ્યવરહારનું કથન છે. નિમિત્ત કોણ છે એ બતાવવું છે. એ વાત તો આપણે ચાલી છે. સમ્યક્જ્ઞાનીનો ઉપદેશ નિમિત્ત હોય છે. સમજાય છે કાંઈ? દેશનામાં તો સમ્યક્જ્ઞાનીનો જ ઉપદેશ નિમિત્ત હોય છે, પણ નિમિત્ત ક્યારે કહેવાય?-સ્વના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન અનુભવ પ્રત્યક્ષ કરે ત્યારે ગુરુનું નિમિત્ત કહેવામાં આવે છે.

**શ્રોતા :-** નિમિત્તથી લાભ થયો ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાભ થયો ક્યાં? જ્ઞાનમાં જાણવાલાયક છે. આહા..હા..!

'**આ રીતે આત્મા જે ક્યાંયથી લવાતું નથી...**' આત્મા જે ક્યાંયથી લવાતો નથી '**એવા જ્ઞાનવાળો છે...**' જુઓ, ક્યાંથી લવાયેલા જ્ઞાનવાળો આત્મા નથી. સમજાય છે કાંઈ? '**ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' અલિંગગ્રહણમાંથી આવો ભાવ નિકળે છે. આહા..હા..! વિશેષ આવશે...

(**શ્રોતા :** પ્રમાણ વચન ગુરુદેવ!)

**બે નય પરસ્પર વિરોધી છે, જો તે એક હોય તો બે નય રહેતી નથી. વ્યવહારનય નથી એમ નથી, પણ વ્યવહારથી લાભ થાય તો નિશ્ચયનય રહેતો નથી. પાણી ગરમ થાય છે તેમાં અગ્નિ નિમિત્ત નથી એમ નથી, પણ નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય તો ઉપાદાન રહેતું નથી. નિશ્ચયની સાથે વ્યવહાર હોતો નથી તેમ નથી, પણ વ્યવહારથી નિશ્ચય થાય તો નિશ્ચય રહેતો નથી. ઉપાદાનના કાર્ય કાળે નિમિત્ત હોય છે પણ નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થતું નથી. આવી વસ્તુની સ્થિતિ છે. ૧૦૨૭.**

**- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા-૧૪૪-૧૪૫
## પ્રવચન નં.૧૬૯, તા.૧૩-૭-૧૯૬૫
## (૨૩)

૧૪૪ ગાથા. 'પરમાત્મપ્રકાશ' અધ્યાય બીજો. '**યહાં ઘર શબ્દસે મુખ્યરૂપ સ્ત્રી જાનના,...**' સ્ત્રીનો પ્રતિબંધ છે સંસારમાં એમ કહેવામાં આવે છે. એટલે ખરેખર રાગનું ધ્યેય સ્ત્રી છે વિશેષ અને તે રાગ તે એકત્વબુદ્ધિ છે એ સંસાર છે. રાગ છે ને એમાં મુખ્ય સંસારમાં સ્ત્રી રાગનું નિમિત્ત છે, વિષયમાં. એનો વિષય છે ને? આમ વિષય નથી અને આમ વિષય છે. એટલે રાગનો વિષય સ્ત્રીને મુખ્યપણે ગણી અને એ સ્ત્રી જ પ્રતિબંધનું કારણ છે. ખરેખર તો એના તરફનું લક્ષ એવો જે રાગ પ્રતિબંધનું કારણ છે. ખરો તો એ છે. સમજાણું?

'**સ્ત્રી હી ઘરકા મૂલ હૈ, સ્ત્રી બિના ગૃહવાસ નહીં કહલાતા.**' આમ તો સ્ત્રી અનંત વાર છોડી, એમ નહિ. સ્ત્રી તરફનો વિકલ્પ જે છે એનાથી રહિત આત્મા નિર્વિકલ્પ સ્વરૂપ છે એની દૃષ્ટિ કરીને વિકલ્પની એકતા છોડે, એણે સ્ત્રી છોડી એવો અસદ્ભુત વ્યવહારનયે કથન કરવામાં આવે અને અશુદ્ધ રાગની એકતા તૂટી એ અશુદ્ધ નિશ્ચયનયે છૂટી એમ કહેવામાં આવે છે. બહુ લાંબી વાતું પણ ભાઈ. સમજાણું કાંઈ? પરનો ત્યાગ એ તો અસદ્ભુત છે એ ક્યાં? પરનો ત્યાગ તો ત્યાગ જ છે, એનો કાંઈ ત્યાગ છે નહિ. એ તો પરદ્રવ્ય જ છે. સમજાણું કાંઈ? અહીંયાં તો આત્મામાં સ્ત્રી સંબંધી રાગ થાય એ પણ ખરેખર પરદ્રવ્ય છે અને એમાં એકત્વબુદ્ધિ એ જ પોતાના સ્વભાવના ઘરમાંથી નીકળીને પરમાં એકત્વ એટલે પરને પોતાનું ઘર કર્યું. એમ એનો અર્થ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનો અર્થ એ છે. આમ તો સ્ત્રી અનંત વાર છોડી, પણ એના ઉપરનું લક્ષ છે ભોગની વૃત્તિ રાગ, એનું મૂળ વસ્તુ એ છે એટલે પ્રતિબંધનું કારણ (સ્ત્રી છે) એમ કહીને રાગમાં એકતાબુદ્ધિ છે એમાં એ નિમિત્ત છે, એ જ સંસાર અને એ જ ઘર છે. ગૃહસ્થાશ્રમનો રખડવાનો અભિપ્રાય જ એ વસ્તુ છે. સમજાણું કાંઈ? ન્યાલભાઈ! ન્યાલભાઈને સાંજે કીધું, પરદ્રવ્ય શું? ઓલા ઘણા રાડ નાખે છે ને કે આ દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય? વીરચંદભાઈએ પ્રશ્ન કર્યો હતો. અગાસમાં બહુ જાય ને વીરચંદભાઈ! એટલે એક

ફેરી પ્રશ્ન કર્યો, દસ વર્ષ પહેલાં. આ દેવ-ગુરુ-શાસ્ત્ર એ પરદ્રવ્ય? કીધું, ત્યારે શું સ્વદ્રવ્ય?

**શ્રોતા :-** દલીલ તો એણે કરી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ શુદ્ધ છે ને. દલીલ કરી. એ શુદ્ધ છે ને? શુદ્ધ હોય તો શું છે? છે એ પરદ્રવ્ય. એનું લક્ષ કરવાથી રાગ જ થાય. એનાથી આત્માનું કલ્યાણ બિલકુલ ન થાય. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** .. કલ્યાણ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કલ્યાણ એમ બોલવામાં આવે વ્યવહારે. કલ્યાણ તો અંદર કરે ત્યારે એની ભક્તિને વ્યવહાર કહેવામાં આવે ને? અનંત વાર એવી ભક્તિ કરી ભગવાનની.

અહીં તો આચાર્ય તો ત્યાં સુધી કહે છે ને 'નિયમસાર'માં તો. ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્ર તો પરદ્રવ્ય છે અને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઊઠે એ પરદ્રવ્ય છે. એ તો ઠીક પણ ક્ષાયિક સમકિત અને ચારિત્ર જે છઠ્ઠે ગુણસ્થાને પ્રગટે સાચું, એ પર્યાય પણ પરદ્રવ્ય છે.

**શ્રોતા :-** મોટા પુરુષ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોટા પણ મોટા કાંઈ મફતમાં કહેતા હશે મોટા? જુઓ, ૫૦મી ગાથામાં છે. સાંજે કહ્યું હતું. આ તો અહીંયાં આવ્યું.

**पुवुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।**
**सगदव्वमुवादेयं अंतरतच्च हवे अप्पा।।५०।।**

જરી ઝીણી વાત છે. અનંત કાળમાં એણે લક્ષમાં લીધી નથી વાતને. બધું એણે કર્યું. અહીં તો કહે છે કે ભગવાનઆત્માને શરીર, બાયડી, છોકરા, કુટુંબ, દેવ-ગુરુ-શાસ્ત્ર તો પરદ્રવ્ય છે, સિદ્ધ ભગવાનઆત્મા માટે પરદ્રવ્ય છે, પણ જેમ એ પરદ્રવ્યમાંથી આત્માની નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી, તો આત્મામાં જે રાગ થાય વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ, એ પરદ્રવ્ય છે. કારણ કે એમાંથી પણ કાંઈ નિર્મળ સમ્યગ્દર્શન કે ચારિત્રની પર્યાય આવતી નથી. અને આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ આત્માને આશ્રયે પ્રગટી એ પર્યાય પણ ખરેખર પરદ્રવ્ય છે-નિર્મળ પર્યાય, વીતરાગી પર્યાય. કેમકે એ વીતરાગી પર્યાય છે એમાંથી નવી પર્યાય ધર્મની વૃદ્ધિની, શુદ્ધિની વૃદ્ધિ પર્યાયમાંથી આવતી નથી, પર્યાયને આશ્રયે આવતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો ત્યાં સુધી કીધું છે કે ખરેખર ભગવાન કોને કહીએ? કે સર્વ વિભાવ ગુણપર્યાયથી રહિત શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે. બધા વિકારી પર્યાય કે નિર્વિકારી પર્યાય. ઝીણી વાત છે. છોટાભાઈ! આ બધો અભ્યાસ કરવો પડશે હોં! હિત કરવું હોય તો. આ બધા રખડવાના રસ્તા છે બાકી તો બધા. કહો, સમજાણું આમાં? અરે..! ભાઈ! ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, અહીં તો ત્યાં સુધી કહે છે કે આત્મામાં જે સહભાવિક

ત્રિકાળી જ્ઞાન, ત્રિકાળી દર્શન, ત્રિકાળી શાંતિ-ચારિત્ર ગુણ અને ત્રિકાળી વીતરાગ શુદ્ધ સ્વરૂપ એ શુદ્ધ અંતઃતત્ત્વ સ્વરૂપ. એ અંતઃતત્ત્વ સ્વભાવને અહીંયાં સ્વદ્રવ્ય કહેવામાં આવ્યું છે. હજી એ સ્વદ્રવ્યનો આધાર બીજો પાછો વળી. એ ભાવને-સ્વભાવને અંતઃતત્ત્વ ગણી, પર્યાય નહિ. રાગ નહિ, પરદ્રવ્ય નહિ. ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જે સ્વભાવિક ત્રિકાળી જ્ઞાનગુણ. ત્રિકાળી દર્શનગુણ, ત્રિકાળી ચારિત્રગુણ, ત્રિકાળી શાંત સુખ-વીતરાગી સુખગુણ, એવું શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ એ આ સ્વદ્રવ્ય. આ સ્વદ્રવ્ય એ વસ્તુ. સ્વભાવને સ્વદ્રવ્ય કીધો. એનો આધાર, એનો આધાર સહજ પરમપરિણામિક લક્ષણ કારણસમયસાર. શું કીધું? એ શબ્દ અંતઃતત્ત્વ '**हवे अप्पा**' શબ્દ પડ્યો છે ને. '**अप्पा**' કાઢ્યો કારણસમયસાર. એમાંથી પરમપારિણામિક કાઢ્યું. '**अप्पा**' માંથી. '**अंतरतच्च**'માંથી ઓલા ભાવો કાઢ્યા.

ભગવાનઆત્મા એક વસ્તુ છે એમાં સ્વભાવિક ત્રિકાળી શુદ્ધ જ્ઞાન, શુદ્ધ દર્શન એકરૂપ ત્રિકાળ, આનંદ આદિ સુખ વીતરાગભાવ ત્રિકાળ હોં! એ ત્રિકાળ ભાવને અહીંયાં અતંઃતત્ત્વ, અંતઃવસ્તુ, અંદરની વસ્તુ, અંદરનો ભાવ, અંદરનો સ્વભાવ ગણીને એને અંતર સ્વદ્રવ્ય કહેવામાં આવ્યું. એ સિવાય પર્યાય પ્રગટેલી ક્ષાયિક સમકિત ચારિત્ર પર્યાય કે રાગ એ બધા પરદ્રવ્ય કહેવામાં આવ્યા.

**શ્રોતા :-** એ આચાર્ય કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આચાર્ય કહે છે મફત કહે છે કાંઈ?

અહીંયાં તો જે સ્વભાવ છે ને, એ અનેકરૂપ થયા. સ્વભાવિક જ્ઞાન, સ્વભાવિક દર્શન, સ્વભાવિક આનંદ, ત્રિકાળ હોં! પર્યાય નહિ, રાગ નહિ, નિમિત્ત નહિ, પર્યાય નહિ, પ્રગટેલી, ઉઘડેલી, આ ચારિત્રની પર્યાય ઉઘડેલી હોય સામાયિક આદિ છઠ્ઠે ગુણસ્થાને તો એ પર્યાય પરદ્રવ્ય છે. કેમકે જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય આવતી નથી તો એ પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી. માટે, ભગવાન 'કુંદકુંદાચાર્યે' સર્વજ્ઞનો જે અનાદિ સહજ પંથ છે એને આ રીતે જાહેર-પ્રસિદ્ધ કર્યો છે કે ભાઈ! તું આત્મા છો. એ આત્મામાં અંતઃતત્ત્વરૂપ જે વસ્તુ ગુણરૂપ-સ્વભાવરૂપ, એને અમે સ્વદ્રવ્ય કહીએ તો એ સિવાયની પર્યાય રાગાદિને પરદ્રવ્ય કહીએ. હવે એ સ્વદ્રવ્યનો પાછો આધાર. જુઓ! સ્વદ્રવ્યનો આધાર, એકરૂપ ત્રિકાળી દ્રવ્ય વસ્તુ, ત્રિકાળી પરમપારિણામિક સ્વભાવ એ એકરૂપ છે. એને કારણસમયસાર, કારણ આત્મા કહે છે. એવા કારણ આત્મા એકરૂપ ભગવાન, એના ઉપર દૃષ્ટિ દેતાં, એમાં ધ્યેયને પકડતાં, આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉત્પત્તિ, વૃદ્ધિ, ટકવું અને શુદ્ધિ વધે છે. બીજા કોઈ અવલંબે વધતું નથી, ટકતું નથી અને વૃદ્ધિ પામતું નથી. ભારે ઝીણું, ભાઈ! સમજાણું કાંઈ?

પર્યાય-અવસ્થા તો એક કોર રહી ગઈ. આમ ગુણો જે ત્રિકાળી છે એ ગુણનું અંતઃતત્ત્વ, અંતઃભાવ, અંતઃસ્વભાવ ગણીને એનાથી એક સમયની પર્યાય પ્રગટેલી ધર્મની એ પરદ્રવ્ય,

પરભાવ હેયં ઈતિ કહ્યા. એને હેય કહ્યું. ભગવાન! તારી ચીજ શું છે એની તને ખબર ન મળે અને જ્યાં-ત્યાં ભટકવાના કારણોમાં ભટક્યા કર્યો. એ જન્મ-મરણના અંત લાવવાની ચીજ કાંઈક બીજી છે. એને પહેલી સમજણમાં, જ્ઞાનમાં તો લેવી પડશે ને? પછી પ્રયોગ કરી શકે. પહેલાં સમજણમાં ન આવે તો પ્રયોગ શી રીતે કરે? પ્રયોગ સમજ્યા? અંતરમાં એકાકાર ક્યાં થવું, કેમ થવું એ રીત જાણ્યા વિના શેમાં એકાકાર થાવું?

અહીં તો આચાર્ય એટલું બધું વર્ણન ૫૦માં (કર્યું છે). '**पुव्वुत्तसयलभावा**'. ઉદય-ઉપશમ-ક્ષયોશમ અને ક્ષાયિક ચારેય ભાવ પરદ્રવ્ય છે, પરભાવ છે, હેય છે-ત્રણ બોલ લીધા છે પાઠમાં 'કુંદકુંદાચાર્યે'. ત્યારે ઉપાદેય કોણ? '**सगदव्वमुवादेयं**'-અંતઃતત્ત્વ. અંતરસ્વભાવ વસ્તુ જે જ્ઞાન-દર્શન-આનંદ ત્રિકાળ એ સ્વદ્રવ્ય ઉપાદેય. પણ એ સ્વદ્રવ્ય જે કીધું એને જે અંતર ભાવરૂપ કહ્યું તો કહે છે કે એ ભાવનો આધાર એકરૂપ કારણસમયસાર ભાવવાન, એને અમે કારણસમયસાર અને પરમાત્મા કહીએ છીએ. એને લક્ષે અને એની દૃષ્ટિએ અને એને આશ્રયે ધર્મ થાય, ધર્મ ટકે, ધર્મ વધે અને મોક્ષ થાય.

**શ્રોતા :-** સંસ્કૃત ટીકામાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આચાર્યનો પાઠ છે. સંસ્કૃત ટીકાની તો વાત ક્યાં વળી? આ પાઠ શેનો કીધો આ? અને આ ટીકા છે. મૂળ પાઠની તો વાત થાય છે આ. પછી ટીકામાં તો છે આ. ટીકાની તો વાત કરી. ટીકામાં તો વિસ્તાર છે. જુઓ આ. '**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...**' તો એ ચાર ભાવને પણ વિભાવગુણ કીધા. '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...**' ભગવાન પૂર્ણ સ્વરૂપ, અંતઃતત્ત્વ. તત્ત્વ એટલે ભાવ, ભાવ એટલે સ્વભાવ. એવો અંતઃતત્ત્વ સ્વભાવ એવું '**સ્વદ્રવ્ય...**'. એને સ્વદ્રવ્ય કીધું. એને પણ હજી કોઈ દિ' સાંભળવા મળે નહિ એ કે દિ' સમજે? સમજાણું કાંઈ? આ તો દેવ-ગુરુ-શાસ્ત્ર તો ક્યાંય પરદ્રવ્યમાં રહી ગયા. આ તો એના પ્રત્યેની શ્રદ્ધાનો રાગ એ પરદ્રવ્ય. એ તો ઠીક પણ એનો જે ઉઘાડ થયો, સ્વદ્રવ્યની શ્રદ્ધા, સ્વદ્રવ્યના આશ્રયે જ્ઞાન, સ્વદ્રવ્યના આશ્રયે શાંતિ એટલે ચારિત્ર, એ પ્રગટેલી પર્યાયને પણ અહીંયાં પરદ્રવ્ય કહી દીધી છે. કેમકે પર વસ્તુમાંથી જેમ નવી શુદ્ધિ વધતી નથી, એમ પ્રગટેલી પર્યાયને આશ્રયે નવી શુદ્ધિ વધતી નથી. માટે, જેવું પરદ્રવ્ય છે એવી પર્યાયને બધાને પરદ્રવ્યમાં નાખી દીધા. ન્યાલભાઈ!

કેમ? કે જુઓ, બીજી ભાષાએ (કહીએ તો) પર્યાય જે પ્રગટી એ દ્રવ્યતી ઈતિ દ્રવ્યં એમ નથી. એ પર્યાય દ્રવે અને પર્યાય આવે એમ છે? એ વસ્તુ જે ત્રિકાળ છે એ દ્રવે છે આમ. અંતરમાં એકાગ્રતા (થતાં) એ દ્રવે છે એટલે એમાંથી પ્રવાહ વહે છે. એનો પર્યાય દ્રવ્યના ધ્યેયે પ્રગટે થાય છે. માટે સ્વવસ્તુને દ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહાહા..! કહો, વજુભાઈ! હજી તો અહીં બહારમાં અથડાય. ઓલા કહે હેં! ભગવાન પરદ્રવ્ય? પરદ્રવ્ય અનંત

વાર. ત્રિલોકનાથ પરમાત્મા પરદ્રવ્ય, એ તો નહિ પણ એની માન્યતા કરવી, પરદ્રવ્યને અનુસારે શ્રદ્ધા (થવી) એ પણ રાગ પરદ્રવ્ય. એનાથી આત્માને બિલકુલ લાભ નહિ. આહાહા..!

**શ્રોતા :-** ક્યારની વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ અત્યારની વાત કરે છે. ક્યારની વાત કરે છે આ? કેવળજ્ઞાનની વાત કરે છે આ? જેની ખાણમાં પડી છે વસ્તુ, એ દ્રવ્ય-વસ્તુ ભગવાનઆત્મા કારણસમયસાર. અહીં તો કારણસમયસાર લીધો. પદ્મનંદિ મુનિએ તો ગજબ વાત કરી છે. 'સમયસાર'ની અપેક્ષાથી પણ કોઈ વાતમાં એટલી ઊંચી વાત લઈ ગયા છે. જોકે એણે દાખલો તો આપ્યો છે કે .. પરદ્રવ્ય છે ને ભાઈ ઓલો? .. મારે માટે તો ... એની સાથે સંબંધ છે. મારે માટે તો એકલો જ્ઞાયકભાવ ત્રિકાળ સ્વરૂપ, અહીં તો જ્ઞાયક ભાવ... ભાવ... ભાવ... ત્રિકાળ સ્વભાવ એનું એકરૂપ દ્રવ્ય એ જ આત્મા છે. એને આત્મા કહેવામાં આવે છે. એ આત્માનો અંતર આશ્રય લે ત્યારે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય, શુક્લધ્યાન થાય, કેવળજ્ઞાન થાય. એને આશ્રયે થાય, બાકી કોઈને આશ્રયે થાતું નથી. સમજાણું કાંઈ?

'**પૂર્વોક્ત સર્વ ભાવો પરસ્વભાવો છે...**' પાઠ છે હોં આ. '**પરદ્રવ્ય છે...**' ક્ષાયિકભાવ પરદ્રવ્ય છે, ક્ષાયિકભાવ પરસ્વભાવ છે. ક્ષાયિક સમકિત હેય છે, ક્ષાયિક સમકિત પરદ્રવ્ય છે, ક્ષાયિક સમકિત પરભાવ છે, ક્ષાયિક સમકિત હેય છે એમ કહે છે.

**શ્રોતા :-** એનું કારણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કારણ આપ્યું ને કે અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય. એટલે અંદર જ્ઞાનાનંદ સ્વભાવ ત્રિકાળ ભરેલો શુદ્ધભાવ એ સ્વદ્રવ્ય અને એનો આધાર તે આત્મા એટલે એકરૂપ વસ્તુ. આત્મા શબ્દ પડ્યો છે ને? '**सगदव्वमुवादेयं अंतरतच्च हवे अप्पा**'. એટલે મુનિએ કાઢ્યું એમાંથી. ભગવાનઆત્મા એનામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, ત્રિકાળ સ્વભાવ હોં! વસ્તુ. ધ્રુવ... ધ્રુવ સ્વભાવ. એ સ્વભાવને અહીંયાં સ્વ અંતઃતત્ત્વ કહીને સ્વદ્રવ્ય કીધું, વર્તમાન પ્રગટેલી નિર્મળ ધર્મની પર્યાય એને પણ પરદ્રવ્ય કીધું. રાગ તો પરદ્રવ્ય છે અને દેવ-ગુરુ-શાસ્ત્ર તો પરદ્રવ્ય છે. કારણ કે દેવ-ગુરુ-શાસ્ત્ર તો આત્માની એક સમયની પર્યાયમાં અસ્તિત્વપણે છે નહિ એ. એના અસ્તિત્વમાં રાગ છે. એ પરદ્રવ્ય. એના અસ્તિત્વમાં પર્યાય છે, પણ એ પર્યાયમાંથી પર્યાય પ્રગટતી નથી. ખરું એ દ્રવ્ય નથી, દ્રવ્ય નથી. દ્રવ્ય એને કહીએ કે દ્રવે-દ્રવે-દ્રવે, દ્રવે-વહે-વહે એમાંથી પ્રવાહ વહે. દ્રવ્યમાંથી પ્રવાહ વહે છે, પર્યાયમાંથી પ્રવાહ વહેતો નથી. આહાહા..! પંડિતજી! આ તો સંતોની અંદર આનંદની મસ્તીની વસ્તુ છે, બાપા! આહાહા..! ભાઈ! તું એને લક્ષમાં લે, એને ખ્યાલમાં લે. એ ખ્યાલ વિના તારા ક્યાંય શરણ નીકળે એવા નથી. જુઓને!

'**અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય...**' આત્મા ઉપાદેય છે. આ વસ્તુ બાયડી તો ક્યાંય રહી

ગઈ, દેવ-ગુરુ-શાસ્ત્ર ક્યાંય રહી ગયા. સમજ્યાને? આ તો સ્વ-ઘર કોને કહેવું? કે જે ઘરમાં બધું ભર્યું છે. બધું ભર્યું એવું અનંત જ્ઞાનાદિ એ પણ અંતઃતત્ત્વનું એકરૂપ કારણસમયસાર. એને અહીંયાં ઉપાદેય વર્ણવી અને એ સિવાયની વર્તમાન પર્યાય પ્રગટેલી નિર્મળ સ્વદ્રવ્યને આશ્રયે હો તોપણ તે પરદ્રવ્ય છે. કારણ કે એને અવલંબે, એને આશ્રયે, એને આધારે, સમ્યગ્દર્શન ભલે એને આધારે થયું, પણ સમ્યગ્દર્શનને આધારે પાછું ચારિત્ર નહિ થાય. એ ચારિત્ર પાછું દ્રવ્યને આશ્રયે થશે. રાગને આશ્રયે તો ચારિત્ર નહિ થાય, નિમિત્તને આશ્રયે તો ચારિત્ર નહિ થાય, સમકિતને આશ્રયે ચારિત્ર નહિ થાય. જે સમકિતને જ્ઞાન અને ચારિત્રના કારણ કહ્યા છે. બંધ અધિકારમાં કહ્યું છે ને કે અભવિને ચારિત્રનું મૂળ કારણ જે સમ્યગ્દર્શન કારણના અભાવે ચારિત્ર નથી. એ કારણ જે કહ્યું, એ સમ્યગ્દર્શન અને જ્ઞાન એને કારણે પણ ચારિત્ર નથી પ્રગટતું. એને આશ્રયે નહિ, એમાંથી નહિ, એમાંથી નહિ. બહુ વાતું ઝીણી.

એ ભગવાનઆત્મા વસ્તુ આમ ખાણ પડી છે એકરૂપ. એને હજી ખ્યાલમાં નથી, સાંભળ્યું નથી, વિચાર્યું નથી એને પ્રયોગમાં કેમ લે? એકરૂપ વસ્તુ આમ અંદર પડી છે. અખંડાનંદ ભગવાન દ્રવ્ય સ્વભાવ વસ્તુ અનાદિ-અનંત એકરૂપ કારણ જીવ, કારણપરમાત્મા કહો, કારણસમયસાર કહો, ત્રિકાળીને હોં, ત્રિકાળી દ્રવ્યને કારણસમયસાર કહો, કારણજીવ કહો કે કારણપરમાત્મા કહો. એક કારણને લક્ષમાં લેતા કાર્ય પ્રગટ થાય છે, બાકી કોઈ કારણે કાર્ય પ્રગટ થતું નથી. સમજાણું કાંઈ? ચંદુભાઈ! ઝીણી વાતું છે આ.

કાંઈક સમજવાની દરકાર હોય અને આવો વખત મળ્યો મનુષ્યનો, આંખું મીચાશે ને ક્યાંય ચાલ્યો જશે. કોઈ ધણી ધોરી નથી ત્યાં. છે કોઈ? ફૂ થઈને ક્યાં ક્યાં ચોર્યાશીના.. આહાહા..! એના કાંઠા ક્યાં? એનો કાંઠો લાવવાનો ઉપાય તો અહીં છે અંદર. ક્યાંય છેડા... એક ભવ... બે ભવ.. આ ભવ.. ભવ... ભવ... ભવ... દુઃખ... દુઃખ... દુઃખ... કહો, જયચંદભાઈ! એ આજ વળી કંટાળો કરીને આવ્યા હતા. શું છે પણ? કીધું. એક જ્યાં થોથું શરીરને જરીક કાંઈક થાય ત્યાં.. આમ શરીર તો સારું દેખાય છે રાજાના કુંવર જેવું. આમ ખુરશીમાં બેસે ત્યાં આમ કરીને આવો છે. ત્યાં તમને ક્યાં દુઃખ થઈ ગયું? જયચંદભાઈ! પણ આ... આ... આ... આ... આના ઉપર ખેદ લાવવા જેવું નથી, આને પોતાનું માનવા જેવું નથી એમ અહીં તો છે. એ નડતરકર્તા પણ નથી અને સહાયકર્તા પણ નથી, એમ કહેવું છે અહીં તો. એ પરવસ્તુમાં ખેદનું પણ કારણ નથી અને એ તત્ત્વને સહાયક થાય એવું પણ કારણ નથી, એ તો જ્ઞેય છે. આહાહા..! એકવાર અંદર દૃઢ નિર્ણય તો કરે. મારા સિવાય પરપદાર્થો એકલા બધા જ્ઞાનમાં જાણવા લાયક છે. મને કોઈ શ્રેયનું કારણ એમાં કંઈ છે નહિ. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પરજ્ઞેય છે. મારા જ્ઞાનના જ્ઞેય છે. ન્યાલભાઈ!

અહીં તો એથી વધારે વાત છે. સાંભળને! પરદ્રવ્ય તો ક્યાંય ગયા. ભગવાનઆત્મામાં

જે વિકલ્પ ઊઠે છે શુભ, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પરદ્રવ્ય છે, આસ્રવ છે, પરદ્રવ્ય છે. સુખનું કારણ એને આશ્રયે નથી, પોતે સુખરૂપ નથી. પણ ભગવાનઆત્મા પોતાના ત્રિકાળ જ્ઞાયકરૂપ સ્વભાવ એને અંતરમાં લક્ષમાં, દૃષ્ટિમાં, ધ્યેયમાં લઈ અને જે ધર્મ દશા પ્રગટ થાય એ ધર્મ સુખરૂપ છે, પણ એને આશ્રયે સુખદશા વધે અને ઉત્પન્ન થાય એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! શું કહે છે એ પકડાય નહિ.

આત્મા અંદર ખાણમાં અંદર અનંત રૂપ પડ્યું છે, એ વસ્તુ દ્રવ્ય પદાર્થ. એ પોતે દ્રવ્ય પરિણમે છે આખું. 'પ્રવચનસાર'માં કહ્યું ને? ભાઈ! ઓલાએ પ્રશ્ન કર્યો હતો કે ગુણ પરિણમે છે કે દ્રવ્ય? કે દ્રવ્ય પરિણમે છે. ગુણ જુદો કે દિ'? આખું દ્રવ્ય પરિણમતા ગુણ પરિણમે છે. આમ પરિણમે છે. વસ્તુ એક સમયમાં આખો ભગવાન (બિરાજે છે). પણ એને કિંમત નથી આવતી. હું આવડો? આ શું? ભગવાન મોટા હોય કે હું મોટો હોઉં? એને ભગવાન મોટા લાગે છે આને માટે. ખોટી વાત છે, કહે છે. તારે માટે તું મોટો, તારી પર્યાય પણ તારે માટે મોટી નહિ. કેમકે એ પ્રગટેલો ધર્મ સુખરૂપ છે પણ એને આશ્રયે સુખ વધતું નથી, એને આશ્રયે ધર્મની વૃદ્ધિ થતી નથી, એને અવલંબે શુદ્ધિની વૃદ્ધિ થતી નથી. ધર્મને આશ્રયે શુદ્ધિની વૃદ્ધિ થતી નથી. આ તે કાંઈ વાત? દેવ-ગુરુ તો ક્યાંય રહી ગયા. વ્યવહારરત્નત્રય તો વિકલ્પ રાગમાં રહી ગયો. ભાઈ! આ મહા નિયમો વસ્તુના છે. એ વસ્તુનું સ્વરૂપ પણ ન્યાયથી તો કહેવાય છે.

એ વસ્તુ જે છે આમ એકરૂપ ચિદાનંદ ભગવાન, એને કારણ બનાવે તો પર્યાયમાં કાર્ય થાય. પર્યાયને કારણ બનાવે તો કાર્ય ન થાય, રાગને કારણ બનાવે તો ન થાય, નિમિત્તને કારણ બનાવે તો ન થાય. આમ છે, ભાઈ! આહાહા..! સમજાય છે ને આમાં? બાબુભાઈ! સમજાય છે? કેમ તમારા ન આવ્યા? આજે નથી આવે એવું? કહો, આહાહા..!

ત્રિભુવન તિલક છે ને ક્યાંક મોટું મંદિર નહિ? મૂળબિદ્રી. ત્રિભુવનતિલક. આ ત્રિભુવન તિલક તો આ છે. એમ યાદ આવ્યું. છે ને હજાર થાંભલાનું એક મંદિર છે. દિગંબર મંદિર મૂળબિદ્રી. પંડિતજી! એક મંદિર છે ને? એનું નામ ત્રિભુવનતિલક છે. ઘણું મોટું મંદિર, જૂનું દિગંબર મંદિર. એક હજાર થાંભલા. ત્યાં ત્રિભુવનતિલક એટલું નામ છે? ત્રિભુવન તિલક-ચુડામણી નામ છે લ્યો એનું. એ મંદિરનું. કારણ કે બે વાર ગયા છીએ ને ત્યાં તો. ત્રિભુવન તિલક-ચુડામણી. કીધું, ત્રિભુવનતિલક-ચુડામણી તો આ છે. એ વખતે આ ત્રિભુવનતિલક-ચુડામણી ભગવાનઆત્મા (છે). એના ગુણ અને પર્યાય પણ નહિ, એકરૂપ દ્રવ્ય. મોટો બંગલો ભગવાન જેમાં અનંતા જ્ઞાન આદિ દેવો દિવ્ય શક્તિઓ જેમાં વસે છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ જે સ્વભાવ શક્તિ, અનંત શક્તિ રૂપી દૈવ શક્તિઓ દૈવી જેમાં દેવ ભગવાનમાં વસે છે એવો એકરૂપ ભગવાનઆત્મા તે મહા ત્રિભુવનતિલક-ચુડામણી છે.

આહાહા..! એની અંતરમાં દૃષ્ટિ કર્યે, એને સમ્યક્ થાય. એમાં એકાકાર થયે એને ચારિત્ર થાય, એમાં એકાકાર થયે શુક્લધ્યાન થાય, એમાં એકાકાર થયે કેવળજ્ઞાન થાય. સમજાણું કાંઈ?

શું થાય? માણસને મૂળ ચીજનું જ જ્યાં માહાત્મ્ય ન મળે, ખબર ન મળે. ચાલો ધર્મ કરીએ. ક્યાં ધર્મ લટકે છે બહારથી? ધર્મ બહારથી કાંઈ આવતો હશે? ક્યાંથી આવે ઈ ખાણ કોણ છે? કેવડી છે? ક્યાં છે? ખબર છે? સોનાની ખાણ હોય તો ગોતવા જાય છે. આ હીરા-માણેકની ખાણ લાગે છે. આમાંથી તો નીકળ્યા જ કરે છે... નીકળ્યા જ કરે છે. સમજાણું? ધૂળ નીકળ્યા જ કરે છે.

**શ્રોતા :-** આજનો પાઠ જોરદાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાઠ જોરદાર છે આજનો? આ તો ગુરુપૂર્ણિમા છે ને આજ. ગુરુપૂર્ણિમા છે આજ પુનમ છે. આજે સ્વાધ્યાયનો દિવસ હતો, પણ હવે કીધું મહેમાનો છે એટલે પ્રવચન રાખીએ. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો ઓલું ઘર આવ્યું ને સ્ત્રી એટલે એટલા ઘરને ત્યાગે આ ઘર મળે એવા નથી અને એના પ્રત્યેની મમતા કદાચિત ઘટાડે તોપણ આ ઘર મળે એવું નથી. સમજાય છે? આ ઘર તો અંતરમાં સન્મુખ અવલંબન કરે તો એ ઘર મળે, એ ઘરવખરા બહાર પર્યાયમાં પ્રગટ થાય. ઘરવખરાને તમારે હિન્દીમાં શું કહે છે? શું કહે છે? આ ઘરમાં ચીજ ઘણી હોય છે ને? ઘરવખરા અમારી કાઠિયાવાડી ભાષામાં કહે. માલ ઘણો હોય છે ને માલ ઘરમાં? ઘરવખરી. બધા ઉપકરણો રાચરચીલું હોય ને એને ઘરવખરો કહે છે. એમ આ આત્માનો ઘરવખરો (છે).

ભગવાનઆત્મા અંદર... પણ એને આમ બિંદુ એ ધ્યેય ધ્યેય શું છે? એ કઈ રીતે છે એ એના ખ્યાલમાં લેવાની દરકાર કરી નથી. સમજાય છે? કહે છે, અહીં તો સ્ત્રીની વાત લીધી કે '**સ્ત્રી બિના ગૃહવાસ નહીં કહલાતા. ઐસા હી દૂસરે શાસ્ત્રોંમેં ભી કહા હૈ,...**' પણ અહીં ખરું ઘર તો આ છોડ્યું, આ આશ્રય રાગનો છોડે અને પર્યાયનો આશ્રય છોડે ત્યારે નિજઘરની પ્રાપ્તિ થાય. સમજાણું કાંઈ? વળી કોઈ કહે, આ સ્ત્રી છોડી દીધી. બધું .. છે. એનો અર્થ કે એના સંબંધીનો જે રાગ છે, એની જે એકત્વબુદ્ધિ છે એ શુદ્ધાત્માની અનુભૂતિ દ્વારા તેનો નાશ થાય છે, એમ છે. સમજાણું? એ કહેશે જુઓ.

'**ઐસા હી દૂસરે શાસ્ત્રોંમેં ભી કહા હૈ કિ ઘર કો ઘર મત જાનો, સ્ત્રી હી ઘર હૈ, જિન પુરુષોંને સ્ત્રીકા ત્યાગ કિયા, ઉન્હોંને ઘરકા ત્યાગ કિયા.**' પણ આ રીતે હોં! આ કહીએ છીએ એ રીતે. એ આગળ કહેશે હજી. '**યહ ઘર મોહકે બંધનસે અતિ દૃઢ બંધા હુઆ હૈ,...**' ભગવાનઆત્મા મહા આનંદનો કંદ પ્રભુ, એને દૃષ્ટિમાં નથી

લેતો અને આ સ્ત્રી દૃષ્ટિમાં તરવરે છે એને. તરવરે સમજાય છે? એનું લક્ષ જ રહ્યા કરે છે એને.

**શ્રોતા :-** ત્યાં જ નજર જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, નજરું ત્યાં બંધાઈ ગઈ. નજર બંધાઈ ગઈ.

'**મોહકે બંધનસે અતિ દૃઢ બંધા હુઆ હૈ, ઈસમેં સંદેહ નહીં હૈ. યહાં તાત્પર્ય ઐસા હૈ,...**' જુઓ, આવ્યું હવે. હવે તાત્પર્ય આવ્યું. '**શુદ્ધાત્મજ્ઞાનદર્શન શુદ્ધ ભાવરૂપ જો પરમાત્મપદાર્થ...**' જોયું? શું કહે છે? કે આ ભગવાનઆત્મા શુદ્ધાત્મ જ્ઞાન ત્રિકાળ. શુદ્ધ આત્માનું જ્ઞાન ત્રિકાળ. જ્ઞાન ત્રિકાળ ધ્રુવ-ધ્રુવ. દર્શન ત્રિકાળ. એવો શુદ્ધભાવરૂપ, શુદ્ધભાવરૂપ જે પરમાત્મપદાર્થ. એવો શુદ્ધભાવ સ્વરૂપ અખંડ પ્રભુ પરમાત્મા પોતાનો ભાવ, પદાર્થ '**ઉસકી ભાવનાસે વિમુખ જો વિષય કષાય હૈં,...**' એવો ભગવાનઆત્મા. અહીં બે જ ગુણ લીધા. એવા અનંત ગુણો, તેનો સ્વભાવ, એનો એકરૂપ પરમાત્મ પદાર્થ. એવો પરમાત્મા પોતાનો પદાર્થ છે. પરમ આત્મા એટલે પરમસ્વરૂપ વસ્તુ, એવી ત્રિકાળી ચીજ, એની ભાવના-એના તરફની એકાગ્રતા, એના ધ્યેયે એમાં લીનતા. એનાથી વિમુખ આ વિષય કષાય છે. સ્ત્રી આદિ બધા આ સ્વભાવથી વિમુખ બધાય છે. સમજાણું કાંઈ? ભારે.

ઘરમાં રહેવું. શું કહે છે નહિ? પાણીમાં રહેવું અને મગરમચ્છ સાથે વેર. એમ નથી કહેતા? જળમાં રહેવું અને મગરમચ્છ સાથે વેર. હવે રહેવું અહીં અને એ મારા નહિ. કે દિ' રહે છો? સાંભળને. એક સમયની વિકારી પર્યાય પણ ઉત્પન્ન-ધ્વંસી (છે), એમાં ક્યાં તું રહેલો છો? પરનું તો ક્યાં પણ ઉત્પન્ન ધ્વંસી, ઉત્પન્ન થાય, નાશ થાય વિકાર હોં. ઉત્પન્ન થાય, નાશ થાય. એમાં ક્યાં રહેલો છો? આહાહા..! રહેલો તો ત્રિકાળી જ્ઞાયકભાવ અનંત ગુણનો પિંડ વસ્તુ એમાં રહેલો છો તું. બહાર ક્યાં રહેલો છો?

કહે છે, એનાથી ઊલટા વિષયકષાય છે. જુઓ, આ વિષય હોં! સ્વભાવ ત્રિકાળી જ્ઞાયકભાવ, એનું એકરૂપ પરમાત્મા પોતે, એની ભાવના એટલે એના સન્મુખની એકાગ્રતા એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એનાથી વિમુખ આ વિષય અને કષાય. આ રીતે વિમુખ. આમ સ્ત્રીને છોડે અને એનો રાગ જરી ઘટાડે અને શુભરાગ રહે, એની સાથે એકત્વબુદ્ધિ (હોય) એણે કાંઈ છોડ્યું નથી. સમજાણું કાંઈ? છૂટે એનો સંગ ન થાય ફરીને. જે છૂટે એનો સંગ ન થાય. સંગ ક્યારે ન થાય? કે અસંગ વસ્તુ પોતે જ્ઞાયકભાવમાં અનંત ગુણરૂપ એક, એની ભાવના-શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કરે ત્યારે આ જે (બાહ્ય) વસ્તુનો સંગ તેને સંગ રહે નહિ. રહે નહિ સંગ એનો. વ્યય થઈ જાય.

'**ઉનસે યહ મન વ્યાકુલ હોતા હૈ.**' જુઓ! અહીં ભગવાનઆત્મા ત્રિકાળી શુદ્ધ વસ્તુ, પરમાત્મા પોતે વસ્તુ તરીકે એની એકાગ્રતામાં અનાકુળતા ભાવના છે ઈ અને આ વિષયકષાય

તે આકુળતા છે. એના મનમાં વિકલ્પ ઊઠે છે એ બધી આકુળતા છે. પૈસાની હો, આબરૂની હો, કીર્તિની હો, અરે..! દેવ-ગુરુ-શાસ્ત્રના શ્રદ્ધાની હો તો પણ એ પરવિષય થયો માટે મનની આકુળતા છે એમાં. વિષયકષાય થયો ને એ? પરના વિષયે થયો કષાય, એ કષાય આકુળ છે. સ્વના વિષયે થાય અનાકુળતા, એ સુખનો માર્ગ છે. સમજાણું કે નહિ?

**શ્રોતા :-** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધું કહેવાય. બધું આ સમજે તો એને કહેવાય.

**શ્રોતા :-** સમજ્યા વિના ઉપકાર શો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજ્યા વિના ઉપકાર શો? 'શ્રીમદ્દે' ન કહ્યું? સમજે નહિ એમાં ઉપકાર શેનો કહેવો? શું ચીજ છે એ તો સમજતો નથી અને ઉપકાર-ઉપકાર કર્યા કરે છે. શેના ઉપકાર? આવે છે ને? ન્યાલભાઈ! 'સમજ્યા વણ ઉપકાર શો, સમજ્યે જિનસ્વરૂપ.' 'સમજ્યે જિનસ્વરૂપ' દેખો. જિનસ્વરૂપ સમજે ત્યારે ઓલાને ઉપકાર વ્યવહારે કહેવાય. જિનસ્વરૂપ એટલે વીતરાગસ્વરૂપ, વીતરાગસ્વરૂપ એટલે પરની અપેક્ષા વિનાનું સ્વરૂપ, પરની અપેક્ષા વિનાનું એટલે વિકલ્પની અપેક્ષા પણ જેને નથી કે આ વિકલ્પ હોય તો આ લાભ થાય, એવું નિરપેક્ષ તત્ત્વ છે. આહાહા..! એની દૃષ્ટિ-જ્ઞાન થયા વિના ભગવાનનો ઉપકાર એમ ક્યાંથી લાવ્યો તું? સમજાણું? વસ્તુની તો ખબર નથી.

'**ઈસલિયે મનકી શુદ્ધિ કે બિના ગૃહસ્થકે યતિકી તરહ શુદ્ધ આત્માકા ધ્યાન નહીં હોતા.**' અહીં વધારે જોર કર્યું છે ને. મનની શુદ્ધિ વિશેષ વિના ગૃહસ્થાશ્રમમાં નિર્વિકલ્પ ઉપયોગનું ધ્યાન વિશેષ થતું નથી. વિશેષનું હોં! કંઈક તો છે પણ અહીં વિશેષ જોર દેવું છે માટે નથી એમ કહ્યું. '**મનકી શુદ્ધિ કે બિના...**' જ્યાં-ત્યાં વિકલ્પો ઊઠ્યા કરે. અહીં દૃષ્ટિ સ્વરૂપની હોવા છતાં અસ્થિરતાના વિકલ્પોની જાળું ઊઠ્યા કરે એને '**મનકી શુદ્ધિકે બિના ગૃહસ્થકે યતિકી તરહ...**' મુનિને તો ઘણા વિકલ્પો નાશ થઈ ગયા. એક પંચ મહાવ્રત આદિના વિકલ્પ છે. અલ્પ... અલ્પ... અલ્પ. બાકી મહાન ભગવાનઆત્મા નિવૃત્તિના સાધનમાં પડ્યો એને નિર્વિકલ્પ ઉપયોગનું ધ્યાન વારંવાર આવે છે.

'**ગૃહસ્થકે યતિકી તરહ શુદ્ધાત્માકા ધ્યાન નહીં હોતા.**' એના જેવું ધ્યાન હોતું નથી. '**ઈસ કારણ ઘર કા ત્યાગ કરના યોગ્ય હૈ,...**' અહીં તો વિશેષ વાત કરે છે ને. મુનિપણું બાપા! અંદરમાં વસ્તુની ચારિત્રદશા એ વિના વીતરાગતા ક્યાંથી આવે? અને એ મુનિ તો વનવાસમાં કોઈના સંગ વિના એય..! એકલો પડ્યો હોય. વાઘને સિંહને કાંઈ જરૂર છે બીજાની? એવો સિંહ પેઠે ત્રાડ મારતો અંદરમાં એકલો મસ્ત આનંદકંદમાં પડ્યો છે મુનિ. એને શુક્લધ્યાન અથવા નિર્વિકલ્પ ધ્યાન વારંવાર આવે. આ સ્ત્રી, કુટુંબની પળોજણ. દૃષ્ટિ હોવા છતાં પણ અસ્થિરતાના ઘણા પ્રસંગ છે, તેથી નિર્વિકલ્પ ધ્યાન આવવું મહામુશ્કેલ

છે. બિલકુલ નથી એમ નહિ હોં પાછું. હવે કો'ક એમાંથી એ કાઢે છે. એ તો સાતમે ગુણસ્થાને નિર્વિકલ્પ ધ્યાન હોય, એમ નહિ.

'**ઘર કા ત્યાગ...**' અહીં તો ઓલો ત્યાગ બતાવવો છે ને રાગનો ઘરનો. એ બતાવવા માટે વાત આ કરી છે. બાકી ચોથા ગુણસ્થાનમાં, પાંચમા ગુણસ્થાનમાં પણ નિર્વિકલ્પ ધ્યાનનો ઉપયોગ કોઈ કોઈવાર હોઈ શકે છે, પણ મુનિને જે હોય એવો હોઈ શકે નહિ. એ માટે વજન આપે છે. એને તો ક્યાં પડી છે, મુનિને કાંઈ પડી નથી. શું થાય છે શાસનમાં. શું થાય છે શ્રાવક-શ્રાવિકામાં. એ પડ્યો અંદર અવલંબનમાં. કાંઈ ભાન નથી. બહારની ખબર પણ નથી. અરે..! આનંદકંદમાં ઝુલતો હોય છે અંદરમાં. મુનિ કોને કહીએ? સ્ત્રી કેવી, ઘર કેવા, મકાન કેવા, વેપારનો વિકલ્પ કેવો ત્યાં? ઉત્કૃષ્ટ વાત બતાવે છે. એવા મહામુનિને ધ્યાન જામી જાય છે. કારણ કે બહારનો કોઈ વિકલ્પનો સંગ-પ્રસંગ છે નહિ અને આત્મા અસંગ સ્વરૂપ, એની દૃષ્ટિ થયેલી છે અને એમાં આવો અંદર રાગાદિનો ત્યાગ છે. એટલે વસ્તુ સ્વરૂપમાં વિશેષ ધ્યાનમાં આવી જાય. ગૃહસ્થમાં એવું ધ્યાન જામતું નથી.

'**ઐસી દૂસરી જગહ ભી કહા હૈ કિ કષાયોંસે ઔર ઇન દુષ્ટ ઇન્દ્રિયોંસે મન વ્યાકુલ હોતા હૈ,...**' રાગના પરિણામથી અને વિષયોના લક્ષથી મનમાં આકુળતા... આકુળતા... આકુળતા થાય છે. ભગવાનઆત્મા તદ્ન શાંત... શાંત... શાંત... વીતરાગી બિંબ, વીતરાગી ચૈતન્યબિંબ આત્મા છે. એમાંથી આ બહારના વિષયોમાં લક્ષ જવું કે કષાયના લક્ષ થવાં એ બધી આકુળતા છે. સમજાણું કાંઈ?

'**ઇસલિયે ગૃહસ્થ લોગ આત્મભાવના કર નહીં સકતે.**' જેવી મુનિ કરી શકે છે એવી ભાવના ગૃહસ્થાશ્રમમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? વિશેષ વાત કરે છે ને આ તો?

'**આગે...**' એમાં સુધાર્યું છે? નવામાં. આમાં '**જાગે ઘરકી મમતા છુડાકર...**' છે. '**શરીરકા મમત્વ છુડાતે હૈ :-**' હવે શરીર... શરીર... શરીર... બાપા! શરીર પણ તારું નથી, બાયડી-છોકરા તો ક્યાં ગયા? હવે જુઓ!

**देहु वि जित्थु ण अप्पणउ तहिँ अप्पणउ किं अण्णु।**
**पर-कारणि मण गुरुव तुहुँ सिव-संगमु अवगण्णु।।१४५।।**

'**જિસ સંસારમેં શરીર ભી અપના નહીં હૈ,...**' શરીર પણ તારું નથી, પ્રભુ! શરીર તો માટીનું જડ પૂતળું છે. જેમાં શરીરના રજકણો માટીના પુદ્‌ગલના એ અજીવ તત્ત્વથી બનેલું આ પૂતળું એ આત્માનું ક્યાંથી હોય? '**શરીર ભી અપના નહીં હૈ, ઉસમેં અન્ય ક્યા અપના હો સકતા હૈ?**' કઈ ચીજને તારે પોતાની માનવી છે? ફડાક ક્ષણમાં (છૂટી જાય). ખાતા-ખાતા કોળિયો મોઢામાં રહે. ગાંઠીયા એક ચા પીતો હતો એકવાર. લાડવો

ખાતા-ખાતા. આપણા વાણિયા દશાશ્રીમાળી વાણિયા લાડવા વાળે ને લાડવા? ઓલા પારેખ હતા. પારેખ, રાજકોટ. ભૂલી ગયા. ગિરધર પારેખ. દશાશ્રીમાળી પારેખ હતા વૃદ્ધ લાંબા. લાડવા વાળે ત્યારે ભાણિયાને બોલાવેને? શેઠિયાને બોલાવે. ઓલું તાજું કેવું છે ચાખેને થોડું? લાડવા વાળતા. કળીના. શેઠિયાને બોલાવે ન્યાલભાઈ જેવાને. ચાલો ભાઈ લાડવા થોડું ચાખી જુઓ કોઈ સ્વાદ ફેર થયો ન હોય. ખલાસ. દેહ છૂટી ગયો. એમ ને એમ લાડવો રહી ગયો. શું કરવું આમાં? આહાહા..!

જુઓને, અમારે અહીંથી જાવું હતું આ ઉમરાળા દસની સાલમાં. અમારા ભાઈ હતા ને શિવલાલભાઈ. દસ મિનિટમાં ગુજરી ગયા સાંજે. સવારમાં ઉદ્‌ઘાટન કરવું મકાનનું. ૬૦૦-૮૦૦ માણસ બહારથી આવ્યા. હવે અહીં અમારે મોટા બાપાના દીકરા શિવલાલભાઈ. હેમચંદભાઈ ને એના મોટા ભાઈ, આ ભૂપેન્દ્ર ડાઈંગ. એના મોટા ભાઈ હતા. ત્યાં ગયા ત્યાં સાંજે આહાર કર્યો હશે. એમાં કોણ જાણે સૂતા ને દસ મિનિટમાં ઉડી ગયા. કરવું શું હવે? કુંવરજીભાઈ ને બધા મુંઝાણા. આવ્યા અહીં. મોટા રામજીભાઈ હતાને એટલે આવ્યા. શું કરવું? સવારે ઉદ્‌ઘાટન આપણે કરવું, આ ૬૦૦-૮૦૦ માણસ. મહેમાન જમાડવા છે. આ મડદું. હવે આ મહારાજના ભાઈ થાય. કરવું શું આમાં? અને ઓલો નાનો ભાઈ અહીં હતા હેમચંદ. તે દિ' અહીં હતા. ભુપેન્દ્ર ડાઈંગ. મુંબઈ છે ને મોટી કંપની? એ અહીં તાકડે. કરવું શું હવે? ભાઈએ પછી કીધું, ભાઈ રાતે ને રાતે ઉકેલી દો. શું થાય? રાતે ને રાતે બાળી આવ્યા. સવારે તો અહીંથી અમારે જવું ઉદ્‌ઘાટન મકાનનું. શું કરે? ૬૦૦-૮૦૦ માણસ. આ સ્થિતિ. ઘડીકમાં શું થશે? અહીં છેલ્લે આવી ગયા. મહારાજ હું જાવ છું. હેમચંદ આવ્યો છે ને હું જાવ છું. બસ, એટલું કીધું. ગયા. રાતે આહાર કરીને વળી શું થયું જરી. ત્યાં ખલાસ થઈ ગયા. શું કરે એમાં? દેહની સ્થિતિ જ્યાં પૂરી થાય. કહે છે કે બાપા! દેહ તારા નહિ. કોને તારા માનવા છે તારે? કહો, આ વાત તો સાચી હશે કે નહિ? છોટાભાઈ! એ તો ભાઈનું જોયું કે નહિ તમે? ધોતિયાની પાટલી વાળતા હતા એ પાટલી ન વળી, સ્થિતિ પૂરી થઈ ગઈ. આહાહા..!

અરે..! પણ વૈરાગ્યના સ્થાન ક્યાં ગોતવા છે તારે? એક-એક ઠેકાણે વૈરાગ્યના સ્થાન છે. આહાહા..! અરે..! એને નવરાવ્યા, એને ખવરાવ્યા, એને તેલ નાખ્યા, સેથિયા પાડ્યા વાળમાં. આ છોકરાઓ બહુ પાડે છે આમ આમ કરીને. ઘડીકમાં... બાપુ! એ તો જડ છે. એની પર્યાય પૂરી થઈ સંયોગે એટલે છૂટી જશે ફટ. ઘડો જેમ છૂટી જાય ગાડામાંથી... ઘડો પાણીનો હોય ને ગાડામાં નાખ્યો હોય ને એમાં કાંઈ નીચે આવે ઘડો ફૂટે ફટ. હેઠે કાંઈક નડે. ગાડા નીચે બાંધતા પાણી. શીકામાં. એમાં નીચે કાંઈક એવું આવ્યું હોય તો ફૂટે, પાણી નીકળે નીચે. એમ આની જ્યાં સ્થિતિ પૂરી થઈ ત્યાં ભટક્યો ક્યાંક. ઘડો ફૂટ્યો. એ ક્યાં

આત્મા હતો કે આની સાથે રહે? આહાહા..! ભગવાન! એકવાર શરીરથી જુદો એમ આત્મા નક્કી તો કર. આનું જેટલું કરવા જઈશ એ ચિંતા નિરર્થક જશે. આને માટે જેટલી ચિંતા કરીશ એ ચિંતાથી આમાં કાંઈ નહિ થાય. કારણ કે એ તો એની...

**શ્રોતા :-** થાતું જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ થાતું નથી, પણ કંટાળો આવે છે એ મહા પાપ છે પાછું. એમ નહિ. કહે છે કે એ કલ્પના આને માટે કર તો ત્યાં તો વ્યવસ્થા-અવસ્થા થવાની હશે એ થશે. તારી કલ્પના એની વ્યવસ્થા માટે નિરર્થક જશે અને તારી કલ્પના તારા લાભ માટે પણ નિરર્થક જશે, નુકસાન માટે છે.

**શ્રોતા :-** સાહેબ! મમતા કેમ રહે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ સળગે છે બીજાને દેખીને. બીજાને છે અને મને નથી. એ હોળી સળગે છે અંદર. જયચંદભાઈ! એમ છે. આ બધા સરખા ફરે, આવા થાય. મારે આ? પણ મારે શું, એ તો જડનું શરીર છે. એને થાય. એમાં મારે ક્યાં છે? એમાં છે? આત્માને છે એ? અને બીજાના શરીર સારા એ એના આત્માના છે? એના શરીરથી જોવું કે એને સારું, એ દૃષ્ટિ જ ખોટી છે. એના શરીરથી એને ઠીક છે, એને પૈસાથી એને ઠીક છે, એની આબરૂથી એને ઠીક છે એમ કલ્પ્યું એ દૃષ્ટિ ખોટી છે. એને સારું આને લઈને છે? દૃષ્ટિમાં વિપર્યાસ છે મોટો અને મને આ સગવડતા નહિ માટે ઠીક નથી. સગવડતા નથી માટે ઠીક નથી? કે માન્યતા કરી છે કે મને આવું જોઈએ માટે ઠીક નથી? એ તો કલ્પનાની વાત છે, વસ્તુને કારણે એ છે નહિ. અહીં આવ્યું, જુઓ!

'**ક્યા અપના હો સકતા હૈ?**' શરીર પણ પોતાનું નથી. કઈ ચીજને તારે રાખવી છે? આજ તો સવારમાં ગાંધીને જુઓને, યાદ આવ્યું હતું. ઓલો મારનાર, ગાંધીને આમ માર્યું ને આમ ફડાક બંદુક. નિર્દય કેટલો! દરકાર હવે. પહેલાં આમ કર્યું, પગે લાગ્યો. આર્ય માણસ. જીભ વળે નહિ પણ રામ એટલું બોલાઈ ગયું લ્યો. બીજો રહ્યો નહિ વખત. રામ. એને લૌકિક માટે કાંઈ કોઈને પ્રતિકૂળ કરવાનો ભાવ નહોતો કાંઈ. ... એ જુદી વાત છે પણ આ લૌકિક ખાતાની આવો મેળ. આ તે કાંઈ હિંમત એની! હવે આમ બધા સ્તુતિ કરવા ભેગા થાય છે. પોતે પણ ભેગો આવ્યો, પોતે આમ પગે લાગે છે. હાથમાં ઓલી હતી, અંદર હશે.. આહાહા..! આ તે પણ શું કરે છે જીવ? કેવા ભાવ? ભાવ હોં! ક્રિયા તો થવાની એ જુદી વાત છે. આ પરિણામ કઈ જાતના કરે આ? ક્યાં તારે જાવું હશે? આ દેશ મારો પકડીને સાથે આવશે ત્યાં?

જીવને નથી ખબર, શરીર નહિ રહે. મારવા માંડ્યા ઓલાને. કોર્ટમાં કહીશ શા માટે કર્યું ઈ. શું છે એ કોર્ટમાં કહીશ, અત્યારે નહિ. આહાહા..! .. જીવ થાય છે કે નહિ? હવે

જ્યાં શરીર નથી એનું બાપા! તારે દેશ કોને માનવો છે? આ મારો દેશ હિન્દુસ્તાન. આ મારી હિન્દી ભાષા. શું ચાલે છે મહારાષ્ટ્રમાં. મરાઠી? મરાઠીમાં તો મરી ગયા કેટલાક. અરે..! પણ કોની બાપની ભાષા? એ તો જડ છે.

**શ્રોતા :-** અમચી મુંબઈ

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અમચી મુંબઈ. મારી નાખ્યા કેટલાને. પણ ક્યાં તારા બાપની મુંબઈ હતી? તારું શરીર નથી મુંબઈ ક્યાંથી આવ્યું તારી? મરી ગયા. સળગાવી દીધા. આહાહા..! સમજાણું?

આ કાળા બજાર હતું. છાપામાં આવ્યું. બહુ કાળા બજાર એના ગામમાં ચાલતા હશે. કીધું કે આ કાળા બજાર થાશે તો હું મરી જઈશ હોં અગ્નિથી. બળી ગયો. અગ્નિથી બળી ગયો. અગ્નિથી બળી મરી ગયો. .. આ બધા ન કરે તો આ. કોણ કરે? બાપા! સાંભળને હવે. આહાહા..! પણ લાંબો પથારો બહુ એનો. ક્યાં સુધી મારા... મારા... મારા... મારા.. કરે. લાંબો પથારો ઘણો. આ મારા, આ મારા, દેશ મારો, કુટુંબ મારો, ઢીંકણું મારું, આબરૂ મારી. આહાહા..! પણ તારા છે અહીં છે. છૂટા પડે એ તારા નહિ. શરીર પણ તારું નથી, હવે કોને તારું માનવું છે? નક્કી તો કર.

‘**ઈસ કારણ તૂ મોક્ષકા સંગમ છોડકર...**’ દેખો! ‘**सिव-संगमु**’ એટલે આત્માનો સ્વભાવ. એની એકાગ્રતા છોડીને ‘**પુત્ર, સ્ત્રી, વસ્ત્ર, આભૂષણ આદિ ઉપકરણોંમેં...**’ લ્યો ‘**पर-कारणि**’ છે ને? ‘**मा मुह्य**’ ભગવાન! તું ન મુંઝા એમાં. ભાઈ! તારે બીજે જાવું છે, તું બીજો છો. બીજે જાવું છે, બીજો છો. આ નથી, અહીં રહેવું નથી. આહાહા..! ધર્મને બહાને પણ કેટલા જનુન કરે છે, જુઓને! અમારું માનો નહિતર તમે.. અરે..! ભગવાન! કોઈને પરાણે મનાવે કાંઈ માનતા હશે? શરીર તારું માનતું નથી. ખળભળાટ થવા માંડે છે આમ. અહીં થાય છે, વળી અહીં થાય છે, વળી અહીં થાય છે. અહીં થાય છે કાં અહીં થાય ઘડીકમાં. હમણાં ગયા હતા ને દવાખાને ત્યાં રાજકોટ. ભાઈ! આના ફઈનો દીકરો છે. લાલુભાઈનો ફઈનો દીકરો. એ એનો બાપ હતો. ૧૭ ઓપરેશન કર્યા. જ્યાં હોય ત્યાં હાડકા તૂટે, હાડકું તૂટે હાડકું. જુવાન માણસ. ૧૭ ઓપરેશન. પાધરું અહીં કટકો થઈને હાડકું નીકળે. અહીં તૂટીને હાડકું નીકળે, અહીં તૂટીને હાડકું નીકળે. એવા ૧૭ ઓપરેશન કર્યા શરીરમાં. ઓપરેશન કહેવાયને? શું કીધું એ? ઈંજેક્શન જુદું. ૧૭ કર્યા, હોં! બિચારો ઉતર્યો નીચે પગે લાગ્યો આમ. ૧૭ તો કાણા પાડ્યા હતા ચારે કોર. જ્યાં-જ્યાં હાડકું તૂટે ફટ દઈને. આપણે એને ખરેખર પહેલા હાડ સાંકળીનો રોગ કહેતા. હાડ સાંકળી એટલે હાડ સડે અને કટકો થઈને નીકળે બહાર. આમ નીકળે, અહીં નીકળે, અહીં નીકળે. ફટ નીકળે એની મેળાએ, હોં! ટૂકડો થઈને નીકળે કટકો. ૧૭ ઠેકાણે નીકળ્યા. ૧૭ ઓપરેશન કર્યા. પડ્યો છે હજી.

આ શરીર તારા નથી, હવે કોને તારું કરવું છે? અને જોડે પટેલનો દીકરો હતો. આપણા ગોંડલવાળો નહિ? આંબા પટેલ? કોનો છોકરો હતો? એ છોકરો જુવાન હતો. તો એના બે પગ કાપી નાખેલા. આમ પડ્યો હતો એકલો. આ કાપી નાખ્યા. પહેલો પોર સડ્યો હતો એક. એક અહીં કાપી નાખ્યો. સડવા દે તો આમ જશે. એટલે ઓણ આ કાપી નાખ્યો. બે આ કાપી નાખેલા આટલા. કણબીનો દીકરો. ગોંડલ. એક ઠેકાણે બે સાથે સાથે ખાટલા હતા. આ દશા-આ દશા. તારે શરીરને માનીને શું છે પણ? કહો, કાંતિભાઈ! આ ઘડિયાળ અને બડિયાળ એ તો ક્યાંય રહી ગઈ. આહાહા..!

કહે છે હવે કાંઈક પરની મમતા છોડ અને કાંઈક આત્મા તરફના વલણને કર, નહિતર તારા ઠેકાણે પડશે નહિ. વિશેષ કહેશે... (**શ્રોતા :** પ્રમાણ વચન ગુરુદેવ!)

**ચૈતન્ય ચમત્કારિક ચીજ છે. ચૈતન્યદ્રવ્યમાંથી અનંત અનંત કાળથી પર્યાય ઉત્પન્ન થવા છતાં ચૈતન્યદ્રવ્યમાં કિંચિત્‌માત્ર પણ ઉણપ કે હિણપ થતી નથી. નિગોદની અવસ્થામાં ઘણો અલ્પ વિકાસ રહેવાથી ચૈતન્યદ્રવ્યમાં કિંચિત્‌માત્ર પણ વૃદ્ધિ થતી નથી. નિગોદની પર્યાય કરતાં નવ પૂર્વ તથા અગિયાર અંગના ઉઘાડની પર્યાય અનંતગણી છે અને તેના કરતાં પણ અનંતગણી કેવળજ્ઞાનની પર્યાય છે કે જે અનંતાનંત પદાર્થોને અનંતકાળ સુધી જાણે; એવડી મોટી પર્યાય થઈ છતાં ચૈતન્યદ્રવ્યમાં કિંચિત્‌માત્ર પણ ઘટાડો કે ઉણપ થાય છે એમ નથી; દ્રવ્ય ને ગુણ તો સદાય એવા ને એવા જ પરિપૂર્ણ રહે એવો ચૈતન્યજાદુગર છે, તેની શક્તિઓ ચમત્કારિક છે, ચૈતન્યનો ચમત્કાર આશ્ચર્યકારી જાદુગરી જેવો છે. ચૈતન્યના ચમત્કારનો મહિમા અપરંપાર છે. એવા ચમત્કારી ચૈતન્ય પ્રભુની પ્રતીતિ કરવી એ આ દુર્લભ માનવભવમાં એકમાત્ર કર્તવ્ય છે. ૧૦૩૭.**

**- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી સમયસાર, ગાથા-૧૪૪
## પ્રવચન નં.૧૫૩, તા.૧૪-૧૧-૧૯૬૧
## (૨૪)

'સમયસાર'નો કર્તાકર્મ અધિકાર, એની છેલ્લી ગાથા ૧૪૪. ફરીને. '**પક્ષાતિક્રાંત જ સમયસાર છે એમ નિયમથી ઠરે છે એમ હવે કહે છે :**'

**सम्मद्दंसणणाणं एसो लहदि त्ति णवरि ववदेसं।**
**सव्वणयपक्खरहिदो भणिदो जो सो समयसारो।।१४४।।**
**સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,**
**નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૪.**

કર્તા-કર્મનું છેલ્લું સ્વરૂપ. એના રહિત થાય ત્યારે દશા કઈ રીતે પ્રાપ્ત થાય એનું આ સ્વરૂપ પ્રસિદ્ધ કર્યું છે. પ્રસિદ્ધ કર્યું છે.

ટીકા :- '**જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી...**' જે આત્મા અખંડ એક સ્વભાવ શુદ્ધ ચૈતન્ય (છે), એમાં હું બદ્ધ છું કે અબદ્ધ છું, એક છું કે અનેક છું, એવા વિકલ્પો એટલે આગ્રહો, અભિનિવેશ તેનાથી સ્વરૂપ ખંડિત થતું નહિ હોવાથી '**જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે**' એવા જે વસ્તુના સ્વરૂપમાં એક પક્ષ અબદ્ધ અને બીજો પક્ષ બદ્ધ, એવા જે વીશ બોલ લીધા, એવા અનેક એને લાગુ પડતા હોય તે, એવા રાગમિશ્રિત વિચારો જે ક્ષોભ છે, જે દુઃખરૂપ છે, જે આકુળતારૂપ છે. એવા વિકલ્પોનો વેપાર-પરિણમન અટકી ગયું છે. '**એવો છે,...**' એને સમયસાર અને આત્મા કહેવામાં આવે છે. '**તે સમયસાર છે;...**'

'**ખરેખર આ એકને જ...**' એકને જ એટલે? વસ્તુ તો એકસ્વરૂપ, એમાં અનંતી શાંતિ, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ એવા અનંત ગુણો છે. એની પર્યાયો પણ અનંત છે. એવું (હોવા) છતાં એ વસ્તુ એકરૂપ છે. એના વિકલ્પો જે ઊઠે છે એમાં અનેકતા થઈને ખંડ-ખંડ થાય છે. ભગવાનઆત્મા અંતર્મુખ સ્વરૂપ જેનું એકરૂપ અખંડ અભેદ છે. એને આ પુણ્યના પરિણામ, શુભભાવના વિકલ્પ ઊઠે, જે શાસ્ત્ર સંબંધીના વસ્તુના બદ્ધ-અબદ્ધ સંબંધીના વિચારની જાળ, એમાં આત્મા અખંડ (છે તેથી) એમાં વિકલ્પથી તે ખંડ, પર્યાયમાં ખંડ, ભેદ આકુળતા થાય છે. સમજાય છે કાંઈ?

**'એ એકને જ કેવળ...'** વિકલ્પ અનેક છે એને સમ્યગ્દર્શન-જ્ઞાન નામ અપાતું નથી. એવા વિકલ્પોથી લક્ષને, ધ્યેયને, પ્રીતિને છોડીને અંતર્મુખ એક સ્વભાવ અનુભવતાં, તેવા એકરૂપ આત્માને સમ્યગ્દર્શન નામ આપી શકાય છે. **'એકને જ કેવળ સમ્યગ્દર્શન...'** એમ કહેવાનો આશય (એ છે) કે વ્યવહારુ સમ્યગ્દર્શન જે વ્યવહારના જે રાગાદિને કહેવાય કે નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધાને સમકિત કહેવાય કે શાસ્ત્રના પરસન્મુખ પઠન-પાઠનના વિકલ્પ સહિતના જ્ઞાનને જ્ઞાન કહેવાય કે રાગની મંદતાના પંચમહાવ્રતાદિના પરિણામને ચારિત્ર કહેવાય, એમ છે નહિ. એમ છે નહિ. એકને જ કેવળ સમ્યગ્દર્શન નામ અપાય છે. સમજાય છે કાંઈ?

**'અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે.'** એ સમ્યક્ શબ્દ અંદર જોઈએ. **'એકને જ..'** વસ્તુસ્વરૂપ એકરૂપ અંતર્મુખ દૃષ્ટિનું એક ધ્યેય, એવો જે દૃષ્ટિમાં આવતાં પરિણમન થાય, એવા એકને જ તે પરિણમનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન નામ આપી શકાય છે, બીજાને સમ્યગ્દર્શન-જ્ઞાન કહેવાતું નથી. કહો, સમજાણું કાંઈ? આ વ્યવહારને સમ્યગ્દર્શન-જ્ઞાન નથી કહેવાતું, એમ કહે છે. આહાહા..! જેના ઝઘડા ઊઠે છે ને કે 'કુંદકુંદાચાર્યે' ક્યાં કહ્યું છે કે નિશ્ચય એક જ? એણે તો વ્યવહાર મોક્ષમાર્ગ 'પંચાસ્તિકાય'માં મૂળ પાઠમાં કહ્યો છે. આવે છે ને? (ગાથા-૧૬૦). **'धम्मादिसद्दूहणं ... ववहारो मोक्खमग्गो'** એવો પાઠ છે. ભાઈ! એ તો નામમાત્ર, કથનમાત્રના બોલ છે.

આચાર્ય તો અહીંયાં સ્પષ્ટ કરે છે કે ભગવાનઆત્મા આનંદ અને અનાકુળ એકરૂપ રસકંદ પ્રભુ, એવી વિકલ્પની જાળને છોડી અને એ ભેદ તરફનો આશ્રય, પક્ષ, લક્ષ છોડી, એકરૂપ ચૈતન્યમાં અંતર્મુખ થતાં જે શ્રદ્ધા-જ્ઞાન થાય તે એકને જ શ્રદ્ધા-જ્ઞાન કહેવામાં આવે છે. એ અનેક વિકલ્પની જાળને ક્યાંય સમ્યગ્દર્શન કે જ્ઞાન ખરેખર કહેવામાં આવતું નથી. આ એમ કહે છે. સમજાણું કાંઈ? હું એક આત્મા જ છું એવા વિકલ્પથી પ્રતીતિ થઈ એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે એમ નથી. એમ આ અજીવ છે તે હું નથી, એમ પ્રતીત કરવામાં આવે, એવા નવ તત્ત્વને વિકલ્પસહિત પ્રતીત કરવામાં આવે તો એને સમ્યગ્દર્શન નામ અપાય એમ નથી. સમજાય છે કાંઈ? એમ શાસ્ત્ર તરફના પરસન્મુખ, ઇન્દ્રિય અને મન જે પર પદાર્થને પ્રસિદ્ધ કરવામાં નિમિત્ત થાય, એના લક્ષે જે શાસ્ત્રનું જ્ઞાન થાય કે રાગની મંદતા થાય તેને સમ્યગ્દર્શન-જ્ઞાન નામ અપાતું નથી. નામ અપાતું નથી. સમજાણું કાંઈ? જુઓને!

**'णवरि ववदेसं।'** છે ને? આને જ કહેવામાં આવે છે. **'सम्मद्दंसणणाणं एसो लहदि त्ति णवरि ववदेसं।'** બીજું બધું છોડી વિશેષતા એ છે કે એકસ્વરૂપ ભગવાનઆત્મા દૃષ્ટિમાં એકરૂપ આવતાં એ એકને જ સમ્યગ્દર્શન-જ્ઞાન કહેવામાં આવે છે, બીજાને કહેવામાં આવતું નથી. કહો, સમજાણું કાંઈ? **'આ એકને જ કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે.'** જુઓ, શબ્દ પણ કેવો લીધો છે? નામ એને મળે છે. ઓલા નવ તત્ત્વની એકલા

વ્યવહાર રાગની કે શાસ્ત્રના જ્ઞાનની શ્રદ્ધા, એને નામ પણ મળતું નથી એમ અહીં તો કહે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા કર્તા થઈને રાગનું કાર્ય કરીને વિકલ્પની જાળમાં ઊભો હોય, ભલે એને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા (થઈ હોય), અંતિમ ગ્રૈવેયક ગયો, નવ તત્ત્વની શ્રદ્ધા રાગવાળી (હોય) કે પંચમહાવ્રત અને છ કાયના જીવની દયાનો ભાવ (કર્યો હોય) એને સમ્યગ્દર્શન કે જ્ઞાનની સંજ્ઞા અપાતી નથી. નામ અપાતું નથી એટલું અહીં જોર કર્યું છે. એ વસ્તુ જ વ્યવહાર એટલે કાંઈ નહિ, એમ એનો અર્થ. સમજાણું કાંઈ? નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન એ પર્યાયને અને એનો આશ્રય એકરૂપ આત્મા છે, તેથી એકતામાં જે અકાગ્રતા થઈ, એવી શ્રદ્ધા-જ્ઞાનને સમ્યગ્દર્શન અને જ્ઞાન નામ અપાય છે, બીજાને અપાતું નથી. કહો, સમજાણું કાંઈ?

**'નામ મળે છે.'** જુઓ, **'એકને જ કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે. (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમયસારથી જુદાં નથી,..)'** એટલે? અભેદથી વાત કરી છે ને? જે સ્વભાવ વિકલ્પથી, બુદ્ધિપૂર્વક વિકલ્પ છૂટીને સ્વભાવનો જેટલો બુદ્ધિપૂર્વક છૂટ્યો, અબુદ્ધિપૂર્વક ભલે રહે, એટલો બુદ્ધિપૂર્વક સ્વભાવમાં જ્યાં એકાગ્ર થયો એવાને સમ્યગ્દર્શન અને જ્ઞાન એ પર્યાય દ્રવ્ય સાથે અભેદ થઈ, દ્રવ્ય સાથે ધ્યાનથી એકાગ્ર થઈ, એને સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવાય છે. ભેદ પડે એને સમ્યગ્દર્શન-જ્ઞાન કહેવાતું નથી, આ એમ કહે છે. સમજાણું કાંઈ? હવે ઝઘડા મોટા... આહાહા..! અરે..! પ્રભુ! પણ તું જો. તારું તત્ત્વ અંદર સચ્ચિદાનંદ સત્... સત્... સત્... સત્... સત્... જ્યાં વિકલ્પથી ખંડિત થાય એવું એનું સ્વરૂપ નથી. ખંડિત થાય એને આત્મસ્વરૂપ કહેતા નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, બધા સમકિતી. વળી કહે કો'ક ... કોણ હતો? ઓલો કહે કે અમારામાં જન્મ્યા એ સમકિતી. છે, ભાઈ! સ્વતંત્ર જીવો છે અનાદિના. એ ચીજને જ્યાં સુધી પહોંચી વળવાની તાકાત પ્રગટ કરે નહિ તો ક્યાંક એને આશ્વાસનથી માનીને રોકાવું તો પડે ને? નહિતર પછી કહે છે, ત્યારે અમે કાંઈ નહિ? કાંઈ નહિ? બાપુ! કાંઈ નહિ. છે એનો નિર્ણય તો એણે કરવો પડશે ને?

અહીં તો કહે છે કે બાપુ! ૧૪૪. છેલ્લી (ગાથા) કર્તા-કર્મમાં. **'सम्मद्दंसणणाणं एसो लहदि त्ति णवरि ववदेसं।'** સમજાણું? **'सव्वणयपक्खरहिदो भणिदो जो सो समयसारो।।'** ભગવાનઆત્મા પોતાના ઘરને પહોંચ્યો અને વિકલ્પની વૃત્તિનું ઘર જેણે છોડી દીધું, એવા ભગવાનઆત્માની અભેદશ્રદ્ધા, અભેદજ્ઞાન (થાય) એને જ સમ્યગ્દર્શન અને જ્ઞાન નામ મળે છે, નામ પમાય છે, તેને પર્યાય તેની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હવે એ શી રીતે? એ તો ગાથાનો શબ્દાર્થ કર્યો. હવે કરવું શું? પહેલું શી રીતે પ્રાપ્ત થાય? આ વાત તો નિશ્ચયની

એકલી મૂકી છે આમાં તો. પાઠમાં તો એકદમ. આચાર્યે એમાંથી જરી ભૂમિકા બીજી કાઢી. આમાં તો આ પહેલું કહે છે એ એમાં નથી.

'**પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી...**' એટલી એક વાત એમાંથી કાઢી. '**શ્રુતજ્ઞાનના અવલંબનથી...**' પાઠમાં તો એકલો '**सव्वणयपक्खरहिदो**' એ જ વસ્તુ છે. પણ કહે છે કે એ વસ્તુ પામવાના કાળમાં એને શું હોય છે, એ વાત પહેલી કરે છે. સમજાય છે કાંઈ? પહેલાં તો... 'પ્રથમ' શબ્દ પડ્યો છે. લોકો કહે કે પ્રથમ શું કરવું? અમારે પહેલું શું કરવું? અમારે આ દયા, દાન, વ્રત, ભક્તિ પહેલાં પાળવાં અને પછી સમ્યગ્દર્શન થશે ? આચાર્ય કહે છે કે તું જે કહે છે એ વાત એમાં નથી આવતી. બહુ તો પહેલાં એને શાસ્ત્રજ્ઞાનના અવલંબનથી '**શ્રુતજ્ઞાનના અવલંબનથી...**' સાંભળેલું છે, ગુરુગમે સાંભળ્યું છે કે આત્મા શુદ્ધ અને ચૈતન્યમૂર્તિ છે, એ પવિત્રતાનો એકલો પિંડ પ્રભુ પરમાત્મા જ છે, એમ શબ્દ જે સાંભળ્યો હતો એના અભ્યાસના બળથી '**શ્રુતજ્ઞાનના અવલંબનથી...**' આગમના જ્ઞાનના અવલંબન બળથી.

'**જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને,...**' પહેલી આ વાત. એ વિકલ્પથી પણ નિશ્ચય એને જ્ઞાનસ્વભાવ જ છે એમ નિર્ણય આવવો જોઈએ. બીજી વાત વસ્તુમાં નથી. એકલું જ્ઞાન, એકલું જાણક, એકલું સ્વરૂપ પૂંજ જ્ઞાન. જ્ઞાન એટલે કે આત્મા. એ જ્ઞાનપૂંજ જ પ્રભુ ચૈતન્ય અહીં છે. એ જ્ઞાનસ્વરૂપ જ છે. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એમ આગમબળથી, શ્રુતબળથી પહેલો જ્ઞાનસ્વભાવ આત્માનો (નિશ્ચય કરવો). રાગભાવ આત્માનો એ અહીં નાસ્તિથી જે એમાં છે એની વાત નથી લીધી. સમજાય છે કાંઈ? ભાઈ અજીવનો નિર્ણય કરવો કે પહેલો આ અજીવ આત્મામાં નથી એનો નિર્ણય કરવો, એમ નથી લીધું; અથવા પહેલો બંધભાવનો નિર્ણય કરવો કે આત્માને બંધપણું છે, દ્રવ્યે બંધ છે નિમિત્તથી, વ્યવહારે ભાવબંધ છે એનો નિર્ણય કરવો એમ નથી કહ્યું. એ તો નાસ્તિથી છે. અસ્તિથી વિકલ્પમાં પણ જ્ઞાન સ્વરૂપ જ છું એમ પહેલો નિર્ણય કરવો. કહો, સમજાય છે કાંઈ?

શ્રુતજ્ઞાનના અવલંબનના બળથી '**જ્ઞાનસ્વભાવ આત્માનો...**' એમાં એમ ન કહ્યું કે કષાયની, રાગની મંદતા પહેલી ઘણી કરી છે ને, તો એના આલંબનબળથી જ્ઞાનનો નિર્ણય કરવો. સમજાણું કાંઈ? એ તો જે સ્વરૂપ છે જ્ઞાનમૂર્તિ જ એ તો છે. જ્ઞાન એટલે જ આત્મા. જાણક સ્વભાવ શક્તિ આંખ તે આત્મા-એમ પહેલો એણે વિકલ્પ દ્વારા, રાગ દ્વારા, એ જાતની કલ્પના દ્વારા પણ નિર્ણય તો આ કરવો (કે) ભગવાન જ્ઞાન સ્વભાવ આત્મા છે. એમાં કર્મ પણ નથી, ઉદયભાવ સંસાર નથી. નથીની વાત નથી કરી. સમજાય છે કાંઈ? એ શરૂઆત કરી હતી કે '**चित्स्वभावाय भावाय**' એ તો નિશ્ચયથી વાત કરી. અહીં કહે

છે હજી આ વ્યવહારથી વાત કરે છે. સમજાણું કાંઈ? તો વ્યવહારમાં પહેલાંમાં પહેલો વિકલ્પ એવો ઊઠે કે એના ખ્યાલમાં ચીજ જ એકલી જ્ઞાન, જાણક તત્ત્વ છે, જાણક સ્વભાવ છે, જાણક ભાવ છે. જ્ઞાનમૂર્તિ તે ચૈતન્ય સ્વભાવ છે.

'**જ્ઞાનસ્વભાવ આત્મા...**' એમ લીધું છે ને? આત્મા સ્વભાવવાન અને જ્ઞાન સ્વભાવ. ભેદ પણ નહિ. એ જ્ઞાનસ્વભાવ આત્મા, એમ. સમજાય છે કાંઈ? પહેલો વિકલ્પથી નિર્ણય કરે તો એ જ્ઞાન, સ્વ-ભાવ, નિરૂપાધિ જ્ઞાનભાવ તે આત્મા છે. કહો, સમજાણું કાંઈ? આ આત્મા રાગનો કર્તા છે અને પુણ્યનો કર્તા છે, 'कत्ता-विकत्ता' એ બધું ઘણા માણસોએ નાખ્યું છે. જુઓ, શાસ્ત્રમાં આમ આવ્યું છે-આત્મા રાગને કરે, કર્મને કરે અને કર્મને ભોગવે. આત્મા 'कत्ता-विकत्ता' દુઃખને, સુખને કરે. બાપુ! એ પર્યાયમાં એ બરાબર છે અજ્ઞાનભાવે, રાગભાવે, પણ એને સવળો નિર્ણય કરવો હોય તો એ બાજુથી નહિ થાય. સમજાય છે? આત્મા કર્તા છે, નિજ કર્મનો કર્તા, નિજ કર્મનો ભોક્તા એ રીતે આત્માનો (નિર્ણય ન થાય). કારણ કે કર્તા-ભોક્તાપણું એના સ્વભાવમાં નથી. એના સ્વભાવમાં તો જ્ઞાનસ્વભાવ છે. એટલે વિકલ્પ દ્વારા પણ કર્તા-ભોક્તાથી નિર્ણય ન કરતાં અને નહિ થઈ શકતાં... સમજાય છે કાંઈ? એ જ્ઞાનપુંજ પ્રભુ ચક્ષુ જ્ઞાતા એ જગતનો ચક્ષુ જ્ઞાતા છે, દૃષ્ટા છે. એમ જ્ઞાનસ્વભાવ, વિશેષ જ્ઞાન છે ને? એટલે જ્ઞાનથી લીધું છે.

'**જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને,...**' બીજા બધા સ્વભાવ (છે ખરા). આનંદસ્વભાવ આત્માનો નિર્ણય કરીને કેમ નથી? કે આનંદ તો શક્તિરૂપ છે અને જ્ઞાનનો અંશ તો પ્રગટરૂપ છે. સમજાય છે? આનંદનો અંશ પ્રગટરૂપ નથી. તેથી જ્ઞાનપર્યાય સ્વભાવ, આ જ્ઞાનસ્વભાવ છે આખો, એમ વિકલ્પ દ્વારા પહેલો નિર્ણય કરીને. સમજાણું કાંઈ? આ મોક્ષમાર્ગ કેમ થાય એની વાત ચાલે છે. પહેલું-પહેલું શું (કરવું)? પહેલું પણ એ હોય એમાં પહેલું આવે ને. એમાં કે દિ' રાગ હતો? દ્વેષ હતો? રાગ-દ્વેષ તો આસ્રવ છે. અજીવ કર્મને સંબંધ, એ ક્યાં એમાં સંબંધ હતો? પહેલો નિર્ણય કરવો કે કર્મના સંબંધવાળો આત્મા છે. પહેલો નિર્ણય કરવો કે પર્યાયમાં આસ્રવવાળો છે. ના, ના, જે પ્રગટ કરવાનું છે અને જે રીતે છે, એને વિકલ્પ દ્વારા (એ) જ્ઞાનસ્વભાવ આત્મા (હું છું), એમ પહેલો નિર્ણય કરવો. સમજાણું કાંઈ?

જુઓ, આ માણસ કહે કે ભાઈ! અમારામાં હિંસાનો ત્યાગ છે, ચોરીનો ત્યાગ છે, ફલાણાનો ત્યાગ છે, એમ કહે છે ને માણસ? અમારામાં પણ આમ (છે). અરે..! પ્રભુ! એ વાતું તો એક અભવિ પણ કરે છે અને સાધારણ માણસ પણ કહે. એમ તો મુસલામાન પણ કહે કે મારવું નહિ. એ ક્યાં વસ્તુ હતી હવે? એ ક્યાં ધર્મ હતો? ધર્મને નિર્ણય કરવા પહેલાં એને... જ્ઞાનસ્વભાવ કહો કે જ્ઞાનધર્મ આત્મા કહો. સમજાણું કાંઈ? જ્ઞાનધર્મસ્વરૂપ આત્મા

છે. ત્રિકાળ જ્ઞાતા-દૃષ્ટાનો પિંડ પ્રભુ છે. એમ આત્માનો નિર્ણય કરીને... જુઓ, પહેલાં હતું. '**પછી...**' એમ આવ્યું. પણ પહેલો આ ભાગ તો એને આવવો જોઈએ.

બીજા કર્તા-કર્મની વ્યાખ્યામાં આ છે તો હજી નિર્ણયમાં વિકલ્પનું અંદર કાર્ય અને કર્તાપણું તો પડ્યું છે. સમજાણું કાંઈ? હું જ્ઞાનસ્વભાવ છું એવો જે વિકલ્પ એ પણ હજી પરિણમનમાં કર્તા અને કાર્યપણું પડ્યું છે, પણ છતાં એ નાનામાં નાના ભાગમાં જ્ઞાનસ્વભાવ હું છું, એમ આ જ્ઞાનવસ્તુ છે, જાણકશક્તિ એ જ આત્મા છે-એમ એણે વિકલ્પ દ્વારા આવો નિર્ણય પહેલો કરવો જોઈએ અને એવો નિર્ણય આવ્યા વિના અંતરમાં જઈ શકે નહિ. ફલાણાવાળો છું, ઢીકણાવાળો છું અને આ વાળો છું-એ વાળા કરતાં અંતરમાં જવાનું એ પગથિયું નથી. જો કે આ તો વ્યવહાર પગથિયું છે. છોડવા જેવું છે. સમજાણું કાંઈ? ખરેખર એને વ્યવહાર લાગુ પડાતો નથી, એને વ્યવહાર કહેવાતો નથી. એ તો નિર્વિકલ્પ થાય ત્યારે પૂર્વના વિકલ્પને નૈગમનયે વ્યવહારનો આરોપ આપી શકાય. પણ એ વાત તો પહેલી આવ્યા વિના રહેતી નથી. સમજાણું કાંઈ?

'**પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે,...**' લ્યો, હવે અહીં મૂળ વાત આવે છે. ઓલી પ્રગટ પ્રસિદ્ધિ નથી. ફક્ત હજી વિકલ્પ દ્વારા જ્ઞાનસ્વભાવ છે એમ નિર્ણય કર્યો છે. એટલે નિર્ણયમાં દર્શનમોહ મંદ પડી જાય છે. સમજાય છે કાંઈ? અભાવ થતો નથી. સમજાણું કાંઈ? તો કહે છે '**પછી...**' એટલેથી ન અટકતાં 'આત્માની પ્રગટ...' શક્તિરૂપ જે જ્ઞાનસ્વરૂપ છે એનો જ્ઞાન પહેલો નિર્ણય (કરે છે) કે આ તો જ્ઞાન જ છે. હવે એની પ્રગટ પ્રસિદ્ધિ આત્મખ્યાતિ. આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. '**આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે,...**' આ તો વ્યવહારની રીત છે, આ પ્રકાર (છે) એમ બતાવે છે. બધાને એવું જ આવે એવું કાંઈ નથી. એ તો એકદમ જ્ઞાનસ્વરૂપ આત્મા એમ થઈને.. પહેલો વિકલ્પ તો આવે. આ જ્ઞાનસ્વરૂપ થઈને ફડાક વિકલ્પ છૂટીને સ્થિર થઈ જાય, પણ જેને વિધિથી કામ લેવું છે... આનંદરૂપ થઈને પણ વિકલ્પ છૂટી જાય. સમજાય છે કાંઈ? પણ આનંદ તો શક્તિરૂપ છે અને આ તો અંશે પ્રગટરૂપ છે. એ દ્વારા દોરી લઈ જઈ અંદર, વિકલ્પ દ્વારા નક્કી કરીને આ આત્મા જ્ઞાન એટલે જ્ઞાન જ હું છું. એની પ્રગટ પ્રસિદ્ધિ, આત્મખ્યાતિ, આત્મ અનુભવ, આનંદની સાથે જ્ઞાનનું પ્રગટ થવું, આત્માના આનંદની સાથે જ્ઞાનનું પ્રગટ થવું, એની પ્રગટ પ્રસિદ્ધિને માટે, આત્માની પ્રગટ પ્રસિદ્ધિ માટે. હજી ઓલો જ્ઞાનસ્વભાવ છે પણ પ્રસિદ્ધમાં તો વિકલ્પ ઊઠેલો છે. એટલો થયું કે આ જ્ઞાન સ્વભાવ છે, પણ જ્ઞાનસ્વભાવની પ્રસિદ્ધિ (નથી થઈ). પરસન્મુખના... જ્ઞાનસ્વભાવ તે આત્મા એવો ભેદ છે. એવા વિકલ્પથી આત્માની પ્રસિદ્ધિ સમ્યગ્દર્શન-સ્વસંવેદન થતું નથી. સમજાણું કાંઈ? ઓહોહો..! ભારે વિધિ!

'**આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે,...**' એક વાત. '**પર પદાર્થની પ્રસિદ્ધિનાં**

**કારણો...**' ઈન્દ્રિય અને મન, એના તરફ લક્ષ એ તો પરપદાર્થની પ્રસિદ્ધિ છે. ત્યારે આ વિકલ્પ ઊઠ્યો હતો અને નિર્ણય કર્યો એ મનના સંગે કર્યો. વિકલ્પે વિકલ્પ દ્વારા નિર્ણય કર્યો. સમજાય છે ? પણ એ તો અવ્યક્તપણે નિર્ણય છે, વસ્તુનો વાસ્તવિક નિર્ણય નથી. '**પર પદાર્થની પ્રસિદ્ધિના કારણો જે ઈન્દ્રિય દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ...**' પ્રવર્તતી જ્ઞાનની પર્યાયો. ઈન્દ્રિયો દ્વારા-પાંચ ઈન્દ્રિયના નિમિત્તના લક્ષે અને મન દ્વારા, મનને લક્ષે. પ્રવર્તતી જ્ઞાનની પર્યાયો એ તો પરપદાર્થની પ્રસિદ્ધિ છે. સમજાય છે? એમાં હજી રાગ દ્વારા આત્મા છે. એમાં હજી સ્વપદાર્થની પ્રસિદ્ધિ નથી. સમજાણું કાંઈ?

એ ઈન્દ્રિય દ્વારા '**પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઈન્દ્રિયો...**' પાંચ '**અને મન દ્વારા...**' નિમિત્ત દ્વારા પ્રવર્તતી જ્ઞાનની બુદ્ધિઓ-જ્ઞાનની પર્યાયો '**તે બધીને મર્યાદામાં લાવીને...**' એ પરસન્મુખ, પર પદાર્થને પ્રસિદ્ધિનું કારણ, એને આત્મસન્મુખમાં મર્યાદામાં લાવીને. '**જેણે મતિજ્ઞાન તત્ત્વને (મતિજ્ઞાનના સ્વરૂપને) આત્મસન્મુખ કર્યું છે...**' વિધિ બતાવે છે. તેમને મર્યાદામાં લાવીને એટલે બહારમાં પર પદાર્થની પ્રસિદ્ધિનો વિકલ્પ ઊઠે એને મર્યાદામાં લાવી સ્વતરફમાં ઢાળે. હદમાં લાવી, આમ લાવી અંતર્મુખ કરે. '**જેણે...**' જેણે એટલે આત્માએ. '**મતિજ્ઞાન તત્ત્વને...**' એટલે મતિજ્ઞાનના સ્વરૂપને, મતિજ્ઞાનની પર્યાયને '**આત્મસન્મુખ કર્યું છે...**' અંતર્મુખ. મતિજ્ઞાનને અંતર્મુખ કર્યું છે. જે મતિજ્ઞાનની બુદ્ધિ મન અને ઈન્દ્રિયથી બાહ્ય પદાર્થની પ્રસિદ્ધિમાં અટકતી હતી, એને અંતરમાં મર્યાદામાં લાવીને, મતિના ભાવને, મતિના સ્વરૂપને, મતિની પર્યાયને '**આત્મસન્મુખ કર્યું છે...**' આ તો વિધિથી વાત કરે. આ મતિ ને આ શ્રુત, એટલા બધા ભેદ પાડવા જાય એ એને હોઈ શકતા નથી. પણ કહે છે કે પહેલાં અવગ્રહ અને વિચારણા પરપદાર્થના પ્રસિદ્ધિના નિમિત્તમાં ચાલતી, એને આમ અંતર્મુખ વાળે. સમજાણું કાંઈ?

જે જ્ઞાનની પર્યાય જેનો અંશ છે, પણ એ અંશ ઈન્દ્રિય અને મન દ્વારા પરને પ્રસિદ્ધિમાં રોકાયેલો હતો, એમાં તો પરની પ્રસિદ્ધિ થતી હતી. પરદ્રવ્ય આમ છે, દેવ આમ કહે છે, ગુરુ આમ કહે છે અને શાસ્ત્ર આમ કહે છે, શાસ્ત્રે આત્માને જ્ઞાનસ્વભાવ કહ્યો છે, એ પણ ખરેખર પરની પ્રસિદ્ધિ છે. સમજાય છે? અવ્યક્તપણે ભલે નિર્ણય વિકલ્પમાં આવે પણ સ્વ પ્રસિદ્ધ તો નથી થયો. સમજાય છે કાંઈ ? એવા મતિના ભાવને, મતિની દશાને, મતિની પર્યાયને જેની છે તેમાં વાળતાં, આત્મસન્મુખ કર્યું છે. મતિના ભાવને, મતિની પર્યાયને. છે એવો. સમજાણું?

'**તથા...**' હવે શ્રુતજ્ઞાનની વાત કરે છે. અનેક પ્રકારના '**નાના પ્રકારના...**' એટલે અનેક પ્રકારના '**નયપક્ષોના આલંબનથી...**' નયપક્ષનું જે આલંબન હતું. અબદ્ધ, બદ્ધ, એક, અનેક, શુદ્ધ અરે..! કોઈપણ રીતે એમાં આ પૂર્ણ છે અને પર્યાય અપૂર્ણ છે. સમજાય છે કાંઈ?

વસ્તુ પૂર્ણ છે, અવસ્થા અપૂર્ણ છે અને પૂર્ણતાના અંતર લક્ષે ભાન થાય, એવો જે વિકલ્પ ઊઠતો હતો, એવા અનેક પ્રકારના નયપક્ષોના, નયનો પક્ષ, નયનો આગ્રહ, નયનું અવલંબન, નયનો ત્યાં અભિનિવેષ પડ્યો હતો. બહુ ઝીણું. 'મૂળજીભાઈ'! સમજાણું કાંઈ?

એ '**નયપક્ષોના આલંબનથી થતાં...**' આલંબનથી થતાં '**અનેક વકિલ્પો વડે...**' વિકલ્પની જાળ ક્ષોભતા જેના સ્વરૂપમાં નથી અને એ ખંડ-ખંડ દેખાય છે, એકરૂપ એમાં આવતો નથી. એવા '**વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી...**' લ્યો, હવે અહીં પૈસામાં સુખ છે ને ઓલામાં ને ધૂડમાં (સુખ છે એવું), આમાં તો ક્યાંય આવ્યું નહિ. લ્યો, આ પૈસા પાંચ લાખ મળ્યા, પચ્ચીસ લાખ મળ્યા, આ અનુકૂળતા સાંપડી. એ આકુળતાનું શું કહેવું? એ તો આકુળતા જ છે, મોટી આકુળતા!

અહીં તો અંદર ભગવાન જ્ઞાનસ્વભાવનો વિકલ્પ દ્વારા નિર્ણય કરીને વિકલ્પના પક્ષમાં રોકાય તો કહે છે કે એ આકુળતા ઉત્પન્ન કરનારી '**શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને...**' એટલે શ્રુતજ્ઞાનની પર્યાયને. સમજાણું કાંઈ ? '**બુદ્ધિઓને પણ...**' પહેલા મતિને કહ્યું છે માટે એને '**પણ મર્યાદામાં લાવીને...**' હદમાં લાવીને. બહાર ભઢકતી પર્યાયનું લક્ષ, એને હદમાં લાવીને. એની પર્યાય આત્માની છે એમ એની હદમાં લાવીને એ '**શ્રુતજ્ઞાન-તત્ત્વને પણ આત્મસંમુખ કરતો,...**' શ્રુતજ્ઞાનની પર્યાયને કહો, ભાવને કહો, દશાને કહો. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

હવે તો અહીં કહે છે કે '**અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓ...**' એ નયના પક્ષોથી આકુળતા ઉત્પન્ન થાય, એ બને સાધન અને સમ્યગ્દર્શન પર્યાય થાય એનું ફળ (એમ બને નહિ). સમજાણું કાંઈ? આ વ્યવહાર અને નિશ્ચયના ઝઘડા એટલા બધા. અને લઈને બેસે તો એટલા. જ્યાં વ્યવહારની વાત આવે ત્યાં એને આ જુઓ આ સાધન કહ્યું છે, હોં! ઓલા ન થઈ જાય. અરે..! આપણને ખોટા ગણી નાખશે. જો ભાઈ સાધન તો છે, હોં! 'છોટાભાઈ'! અહીં તો કહે છે કે જેને તું સાધન કહે છો એ તો આકુળતા છે. સમજાણું કાંઈ? એવા નિમિત્તના કથન આવતા હોય પણ એ તો છોડવા માટે આવે છે. સમજાણું કાંઈ? એમાં અટકવા અને રુચિ કરીને રોકાવા આવતા નથી.

'**અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી...**' કોણ? બુદ્ધિઓ. શ્રુતજ્ઞાનની બુદ્ધિ. શ્રુતજ્ઞાનમાં ખંડ-ખંડ આમ આ છે અને આ છે... આ નથી ને આ છે... આ છે ને આ નથી.. પૂર્ણ છે એ શુદ્ધ છે અને આ છે એ અપૂર્ણ છે એ આમ છે. અપૂર્ણતા પૂર્ણતામાં નથી. અપૂર્ણતામાં પૂર્ણતા નથી. પર્યાયની અપૂર્ણતા, ચાલતો પ્રવાહ અંશ અપૂર્ણતા એમાં પૂર્ણ નથી અને પૂર્ણમાં અપૂર્ણ નથી. કહે છે કે એવી પણ વિકલ્પની જાળ આકુળતા ઉત્પન્ન કરનારી છે. એ શ્રુતજ્ઞાનની બુદ્ધિ આકુળતા ઉત્પન્ન કરનારી (છે). એ આકુળતા ઉત્પન્ન કરનારી એ નિરાકુળ સમ્યગ્દર્શનને ઉત્પન્ન કરનારી (બને)? કહો, સમજાણું કાંઈ?

શું સમજાય છે કે નહિ 'કમલચંદજી'? ક્યાં વ્યવહાર અને વ્યવહાર ક્યાં ગયો આમાં? વ્યવહાર હઠાવવામાં ગયો. ઓહોહો..! પણ કેટલી! પ્રભુ! પણ શાંત થઈને જરી ... તારા ઘરની ચીજમાં એ તો વિકલ્પ નથી અને નથી તેનાથી ખંડ થાય તેનાથી અખંડની પ્રાપ્તિ થાય? સમજાય છે કાંઈ? મતિ અને શ્રુત જે બહિર્પદાર્થને પ્રસિદ્ધ કરે. આસ્રવ એ બહિર્પદાર્થ છે વિકલ્પ. સમજાય છે? એને પ્રસિદ્ધ કરે. એ આત્માની પ્રસિદ્ધિમાં સહાયક થાય, ખંડ-ખંડ બુદ્ધિ અખંડને સહાયક થાય, આકુળતા બુદ્ધિ અનાકુળ સમ્યગ્દર્શનને સહાયક થાય (એમ છે નહીં). કારણ હેતુ ને કહ્યા છે ને ભાઈ ઘણે ઠેકાણે? 'છ ઢાળા'માં નથી કહ્યું ? નિશ્ચયનો હેતુ, નિશ્ચયનું કારણ. આવે છે કે નહિ 'છોટાભાઈ'? નિયત હેતુ. એ બધા કથનો કઈ નયના છે? વ્યવહારનયના, અભૂતાર્થનયના કથન છે. આ વસ્તુસ્થિતિના ભાવનું કથન છે. કહો, સમજાણું કાંઈ?

એવા શ્રુતજ્ઞાનના ભાવને એટલે શ્રુતજ્ઞાનરૂપી સ્વરૂપને સ્વસ્વરૂપ સન્મુખ. તત્ત્વને પણ સ્વસન્મુખ કરીને. એટલે '**આત્મસંમુખ કરતો,...**' કહેવામાં આવે ત્યારે તો વાર લાગે ને? ટીકામાં પણ વાર લાગે. ત્યાં વાર ન લાગે. સમજાય છે કાંઈ? '**અત્યંત વિકલ્પરહિત થઈને,...**' જે કંઈ શ્રુતના ભેદનો વિકલ્પ ઊઠ્યો એનાથી 'અત્યંત વિકલ્પરહિત થઈને...' કે એને સાથે લઈને? એ તો વ્યવહાર કંઈ મદદ કરનાર ન થયો. શાસ્ત્રમાં કહ્યું હોય સાધન અને નિમિત્ત ને હેતુ ને કારણ ને એ બધાનું ફળ તો સંસાર જ છે. વિકલ્પોનું ફળ તો સંસાર છે. પોતે સંસાર છે. ઉદયભાવ વિકલ્પ પોતે સંસાર છે. એ સંસાર સંસરણ દશા એ અસંસાર એવો મોક્ષમાર્ગ, અબંધ પરિણામો એનાથી ઉત્પન્ન થાય એમ બને નહિ. ભારે તકરાર. વાદવિવાદ કરો હવે. કરો નિર્ણય. ભગવાન! પણ એને વ્યવહાર અને નિશ્ચયની બે પદ્ધતિ આખી ફેર કથન શૈલી છે. ત્યારે આચાર્યોએ એમ કેમ કહ્યું? પણ ત્યાં આગાળ નિમિત્તપણું કેવું હોય? કઈ જાતની હદ એમાં આવે? એને ઓળંગીને જાય એવી વાત જણાવવી હોય તો એને સાધક કારણ, વ્યવહાર, ઉપચાર, નિમિત્ત પણ કહે, હેતુ પણ કહે.

કોને ઓળંગીને જાવું છે? કઈ જાતની દશાના વિકલ્પને ઓળંગીને જાવું છે? એવી દશામાં બીજા વિકલ્પ ન હોય એમ કહે છે અહીંયાં. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની માન્યતાનો વિકલ્પ કે અનંત આત્મા નથી અને એક જ આત્મા છે એવો વિકલ્પ. સમજાય છે કાંઈ? ત્યાં બિલકુલ નિમિત્તરૂપે પણ થવાની એનામાં શક્તિ નથી. સમજાણું કાંઈ?

એ તો એકસ્વરૂપી ભગવાનઆત્મા અનંત આનંદનો કંદ પ્રભુ, એના વિકલ્પની જાળથી અત્યંત વિકલ્પરહિત થઈને, એનો અર્થ કે વ્યવહારરહિત થઈને. જોકે ખરેખર વ્યવહાર એને કહેવાતો નથી. છતાં તેને પ્રથમ એમ કહીને જરી વિકલ્પની જાત આવી એને હોય, બીજી જાત ન હોય. એકરૂપ આત્મા છે, ફલાણું આમ છે. સમજાણું કાંઈ? ઈશ્વરે મને બનાવ્યો

છે, ઈશ્વરે મને રચ્યો છે-એવા વિકલ્પની જાત હોય અને પછી એને ઓળંગીને અનુભવ થાય, એમ છે નહિ. માટે આટલી મર્યાદા બતાવી છે. સમજાણું કાંઈ?

'**અત્યંત વિકલ્પરહિત થઈને,...**' કહે છે કે આ વાત કહેતા તો વાર લાગી. પણ '**તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતા,...**' એટલે એમાં કાંઈ આની નાસ્તિ થઈ અને અસ્તિની પ્રતીતિ બીજે ક્ષણે (થઈ), એવું કાંઈ છે નહિ, એમ કહે છે. એનાથી જ્યાં લક્ષ છૂટ્યું એટલે કે સ્વભાવનું જ્યાં લક્ષ થયું, એટલે વિકલ્પનું લક્ષ છૂટ્યું. સમજાણું કાંઈ ? '**તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતા,...**' પોતાની શક્તિ આનંદસ્વભાવ એનાથી જ પ્રગટ થતાં. એમ કહ્યું. જોયું ! ઓલા વિકલ્પરહિત થયો એટલે વિકલ્પ પહેલો હતો માટે એનાથી-નિજરસથી પ્રગટ થયો, એનાથી થયો એમ નથી. ઓહોહો..! સમજાણું કાંઈ?

'**વિકલ્પરહિત થઈને,...**' એ નાસ્તિથી વાત કરી. પ્રગટ્યો કઈ રીતે? કે '**તત્કાળ નિજ રસથી...**' સ્વભાવનો શાંતરસ સ્વભાવ, એના નિજસ્વભાવના શાંતરસથી પ્રગટ થતાં '**આદિ-મધ્ય-અંતરહિત,...**' એ જે છે તે એ વસ્તુ. આદિ પણ એ, મધ્યમાં પણ એ અને અંતમાં પણ એ. સમજાણું કાંઈ? એની આદિમાં ઓલો વિકલ્પ હતો માટે આદિ, મધ્ય અને અંત વિનાનો પ્રગટ્યો એમ છે નહિ. બહુ આકરું! બીજા તો ત્યાં જાય તો બીજા કહે કે જુઓ ભાઈ આ પકડાય, આ ઊડી જજે. તમે વ્યવહાર નહિ કરતાં તો આવું નહિ કરો અને કરશો નહિ ને. પછી હતો ભ્રષ્ટ, થતો ભ્રષ્ટ થશો. હતો ભ્રષ્ટ થતો ભ્રષ્ટ એટલે શું હશે? વ્યવહારથી ભ્રષ્ટ થશો અને નિશ્ચયથી પામશો. પણ હવે એ તો અનાદિનો ભ્રષ્ટ જ થયેલો છે, સાંભળને. રાગને પુણ્યથી ધર્મ માનનાર ભ્રષ્ટ થયો, થવાનો બાકી ક્યાં હતો? કેમ 'ધર્મચંદજી'! કહે છે કે નહિ?

**શ્રોતા :-** અહીંથી ગયો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીંથી પણ ગયેલો જ છે કે દિ' આવ્યો હતો. અહીંથી ગયો એટલે શું? વિકલ્પની જાળ, રાગની, પુણ્યની... એથી આ અધિકાર પછી એ જ લેશે. સમજાય છે કાંઈ? એ પુણ્યભાવ કે શુભભાવ એ તો સ્થુળ છે. આ તો વિકલ્પનો શુભભાવ પણ ત્યાં આગળ આકુળતાને ઉત્પન્ન કરનાર, એ પણ કારણ થતો નથી, એ કાર્યગત નથી. આત્માના અનુભવની શાંતિ માટે એ વિકલ્પ કાર્યગત નથી. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા આદિમાં પણ તે, મધ્યમાં પણ તે, અંતમાં પણ તે. એટલે કે '**આદિ-મધ્ય-અંતરહિત,...**' એને કોઈ આ આદિ અને આ મધ્ય ને અંત એવું લાગુ પડતું નથી. એ તો છે.. છે.. છે.. નિજરસ સ્વભાવ પ્રભુ. શાંત અનાકુળના રસથી ભરેલો '**આદિ-મધ્ય-અંતરહિત,...**' એને કોઈ આદિ નહિ, મધ્ય અને અંત કાંઈ છે નહિ. અનાકુળ છે. આકુળતાની સામે અનાકુળતા નાખી. વળી આદિમાં પહેલું આ હતું માટે આદિ-મધ્ય-

અંતરહિતવાળો પ્રગટ્યો, એમ છે નહિ. એ તો ભગવાન ચિદાનંદપ્રભુ જ્ઞાનાનંદ ભગવાન આદિ-મધ્ય-અંતરહિત છે. અનાકુળ છે. શાંતરસનો એ ઢીમ છે. ભગવાનઆત્મા શાંતરસનો, અનાકૂળ આનંદનો એકલો ઢીમ! ઢીમ સમજો છો? પિંડ. ઢેર-ઢેર. જેમ જ્ઞાનપુંજ કહ્યો હતો ને? એમ આ અનાકુળપુંજ છે. જ્ઞાનપુંજ છે એમ અનાકુળપુંજ છે. કોઈપણ એકના ગુણથી લ્યો તો એ આખો એક જ એ રીતે છે.

'**અનાકુળ, કેવળ એક,...**' ઓલા વિકલ્પોની અનેકતા હતી ને એથી એની સામે '**णवरि ववदेसं**' એમ કહ્યું હતું ને? બધામાં આ એકને નામ અપાય છે. '**કેવળ એક,...**' ભગવાનઆત્મા કેવળ એક. એકલો. સમજાય છે કાંઈ? '**આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય...**' એટલે કે આખા વિશ્વથી તદ્દન જુદો પડી ગયો હોય. તદ્દન નિર્મળ એકલો આખા વિશ્વથી એટલે પરની અપેક્ષાથી તદ્દન છૂટો. '**આખાય વિશ્વ...**' એટલે સમસ્ત પદાર્થ. સર્વ સમસ્ત પદાર્થની ઉપર જાણે કે તરતો હોય એટલે તદ્દન નિરાળો એકલો આત્મા રહી ગયો છે. સમજાણું કાંઈ? જુઓ! આ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન! આહાહા..!

ઓલા તો કહે કે ભાઈ એ બધા ભેદજ્ઞાની જ છે. જેટલા સંપ્રદાયમાં જન્મ્યા, દિગંબર સંપ્રદાયમાં જન્મ્યા એ બધા ભેદજ્ઞાની. હવે એને આચરણ કરવાને માટે યથાશક્તિ કરો. આ એમ કહે કે ભાઈ આપણને પરને ન મારવાનો અહિંસા ધર્મ મળ્યો એ ગૌતમસ્વામીની શ્રદ્ધા એવી હતી માટે આપણને મળ્યો છે. હવે આપણે આચરણ બાકી છે. એ તમારી શક્તિ પ્રમાણે કરો. બાકી અહિંસા ધર્મ એ આપણને સમકિત મહાન મળ્યું છે. કોઈ પ્રાણીને ન મારવા. એક જીવને આટલો પણ ... એ અહિંસા પરની. અહીં કહે છે, સ્વની અહિંસા. એ વિકલ્પરહિત થતાં આત્માની સ્વની અહિંસા પ્રગટ થાય છે. વિકલ્પના કાળમાં પણ એ તો સ્વની હિંસા થાય છે. સમજાય છે કાંઈ?

'**કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે...**' જુદો પડી ગયો એટલે કે એક રહી ગયો અને તરતો એટલે જુદો જ રહેતો હોય, જુદો જ છે '**તેમ અખંડ પ્રતિભાસમય,...**' એકલો અખંડ પ્રતિભાસમય. આ શરીરનો અંદર આધાર છે કે નહિ? આ શરીર છે કોઈ વિકલ્પ છે, કોઈ મન છે, વાણી છે. આ બધા ભર્યા છે એમાં છે કે નહિ? છૂટો પડે તો એમાં પડ્યો દેખાય ને? તો એને હેઠલા-ઉપરના બધાનો આધાર છે કે નહિ?

વિકલ્પ પણ આખા આત્મામાં વ્યાપેલી પર્યાય છે. શું કીધું? વિકલ્પ પણ આખા આત્માની પર્યાયમાં વ્યાપેલો છે ને? પર્યાયમાં? અને આ શરીર, વાણી, મન આમ ને એમ છે ને? પણ છે ત્યારે છૂટો. પણ એ છૂટો ક્યાં છે? એકલો છૂટો ગોળો થઈને વયો ગયો હોય તો ઠીક. કહો, સમજાણું કાંઈ? છૂટો જ છે, સાંભળને! વિકલ્પનો આધાર નથી અને શરીર, વાણી, મન અહીં છે માટે એને આધારે છે, એમ છે નહિ. એકલો ચૈતન્યગોળો નાળિયેરમાં

જે ઓલો ગોળો છૂટો કાચલીને આધારે નથી. નાળિયેરમાં ધોળો સફેદ ગોળો આ લાલપને આધારે નથી, કાચલીને આધારે નહિ, છાલને આધારે નહિ અને જેના હાથમાં રહ્યો એના આધારે પણ નહિ. અરેરે..!

'**આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો...**' કીધો ને એટલે એકલો છૂટો પડી ગયો. ગમે તે ક્ષેત્રમાં હો, ગમે તે બાહ્ય કાળમાં હો, ગમે તે શરીરમાં હો, નારકીમાં શરીરમાં હો, મનુષ્યના શરીરમાં હો, ઢોરના શરીરમાં હો કે દેવના. ના, ક્યાંય નથી. એ તો આખો છૂટો '**ઉપર જાણે કે તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય,...**' અખંડનો અર્થ બધાનું એકરૂપ એમ નહિ. અખંડ પ્રતિભાસ એટલે એકરૂપ અખંડ પ્રતિભાસ, અનેકતાનો ભાસ ત્યાં છૂટી ગયો. ઓલો વિકલ્પનો, હોં ! વિકલ્પનો અનેકતાનો ભાસ. સમજાણું કાંઈ ? '**અખંડ પ્રતિભાસમય,...**' એકરૂપ પ્રતિભાસ જ્ઞાનમાં એકાકાર ભાસતો '**અનંત,...**' બેહદ છે. બેહદ જેનો સ્વભાવ છે. કાળે રહે એમ નહિ. અનંત એ સ્વભાવ જ અનંત, અવિનાશ, અનંત શક્તિ અપરિમિત જેનું સ્વરૂપ છે. કાળે રહેશે અનંતકાળ એમ નહિ. વર્તમાનમાં અનંત અખંડ પ્રતિભાસમય બેહદ જાણે જ્ઞાનનું સ્વરૂપ બેહદ અનંત... અનંત... અનંત... અનંત... અપાર. એવા અનંતા ગુણોથી અપાર.

'**વિજ્ઞાનઘન,...**' અહીં તો વિશેષ જ્ઞાનનું આપવું છે ને. '**વિજ્ઞાનઘન,...**' વિશેષે જ્ઞાન એવું વિજ્ઞાન, એનો ઘન, એનો પિંડ, એનો પુંજ, એનો નિવિડ રસ. '**પરમાત્મારૂપ...**' લ્યો, એ પરમાત્મારૂપ. પરમ-આત્મારૂપ '**સમયસારને...**' એવા પરમાત્મસ્વરૂપ વિકલ્પની જાળ તૂટી અને આવા સ્વભાવને પ્રાપ્ત થાય ત્યારે પરમ આત્મરૂપ '**સમયસારને...**' આવા સમયસારને '**જ્યારે આત્મા અનુભવે છે...**' જ્યારે જે કાળે આત્મા આ સ્થિતિને અંતરમાં અનુભવે છે, તે કાળે જ. સમજાણું કાંઈ? પક્ષાંતિક્રાંતની ટીકા છે આ. એનું સ્પષ્ટિકરણ છે. વાચ્ય કેવું હોય? દૃષ્ટિનો વિષય અને દૃષ્ટિ અભેદ થઈ એ કેવી હોય અને કેવે કાળે હોય? જે કાળે આમ હોય.

'**પરમાત્મારૂપ સમયસારને જ્યારે આત્મા...**' અનુભવે. જ્યારે આત્મા વિકલ્પરહિત થઈને નિર્વિકલ્પ ભાવને અનુભવે '**તે વખતે જ...**' પાછું એમ. પહેલાં વિકલ્પને કાળે નહિ. '**તે વખતે જ...**' એવા અનુભવ વખતે જ. સમજાણું કાંઈ ? '**આત્મા સમ્યક્‌પણે દેખાય છે...**' તે વખતે જ્યારે આત્મા પરમાત્મરૂપ વિજ્ઞાનઘનના સમયસાર નામ આત્માને જ્યારે આ રીતે વેદનમાં લે છે, અનુભવે છે તે કાળે જ આત્માની સમ્યક્‌પણાની શ્રદ્ધા થાય છે, તે કાળે યથાર્થ શ્રદ્ધાય છે, એ પહેલાં વિકલ્પથી શ્રદ્ધ્યો તો એ પણ યથાર્થ શ્રદ્ધા નહોતી. સમજાય છે કાંઈ?

વિકલ્પથી જે આમ કહ્યો હતો કે આ જ્ઞાનસ્વભાવ આત્મા, તે કાળે પણ આ આત્મા

સમ્યક્ શ્રદ્ધાતો નથી, તો વ્યવહારની શ્રદ્ધાથી સમ્યક્ શ્રદ્ધાય છે અને વ્યવહારના અંદર કાંઈ નિશ્ચયનો થોડો અંશ અંદર રહી ગયો છે (એમ છે નહિ). શું થાય પણ એ પ્રભુ જ પોતે અવળો પડે ત્યાં! એની પર્યાય જ્યાં અવળી પડે ત્યાં જોર અનંતુ છે. એના વીર્યનું પણ જોર અનંત છે. એ અનંતમાં પોતે આમ ઢાળ્યો અનંતને ત્યાં રેલમછમ એકાકાર થઈ ગયો ઊંધામાં. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓ, આ 'અમૃતચંદ્રાચાર્ય'. હિમાંશુ. હિમાંશુને ચંદ્ર કહે છે ને? ઓલામાં એ આવે છે. અમૃત હેમાંશુ. કળશટીકા છે ને એમાં. એ આવે છે. અમૃત હેમાંશુનું કરેલું. 'કુંદકુંદાચાર્ય'નું રચેલું છે. ટીકા. 'કુંદકુંદાચાર્ય'નું પુસ્તક બનાવેલું છે. અમૃત હેમાંશુ. અમૃતરૂપી ચંદ્ર. હેમાંશું. હેમ-હેમ શીતળ. હીમ-શીતળ. આહાહા..! શીતળ જેના કીરણો. હીમાંશુ. 'અમૃતચંદ્રાચાર્યે' એમ કીધું છે. અમૃત હેમાંશુ. અમૃતચંદ્ર.

કહે છે, એ જ્યારે મતિ અને શ્રુતની બુદ્ધિઓ પર તરફના મન અને ઈન્દ્રિયની, પરપદાર્થની પ્રસિદ્ધિ કરતી, એને અંતરમાં વાળવાથી આત્મા આવો જ્યારે પ્રસિદ્ધ પામે છે ત્યારે તેને તે કાળે જ આત્મા સમ્યક્પણે શ્રદ્ધાય છે. વસ્તુના ભાન વિના શ્રદ્ધા કોની? જે સસલાના શિંગડા જોયા નથી અને માને આ સસલાના શિંગડા. એમ વસ્તુ આ રીતે છે એમ અંદર ભાનમાં આવ્યા વિના એની શ્રદ્ધા કેવી? સમજાણું કાંઈ?

**'એ વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે (અર્થાત્ શ્રદ્ધાય છે) અને જણાય છે...'** જ્યારે આત્મા પરમાત્મારૂપી જ્ઞાનઘનને અખંડ પ્રતિભાસમય અનંત વિજ્ઞાનઘનને અનુભવે છે ત્યારે તે જણાય છે, ત્યારે તે જણાય છે, તે કાળે તે જણાય છે, તે સમયે તે જણાય છે. એ પહેલાં વિકલ્પથી જ્ઞાનસ્વભાવ નિર્ણય કર્યો હતો તે કાળે જણાણો, આ રીતે જણાણો નહોતો, તો બીજાની તો વાત શી કરવી? **'તેથી સમયસાર જ...'** તેથી સમયસાર જ. અભેદથી વાત છે ને? **'સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.'** એ સમયસાર જ એ આત્મા નિરાકુળપણે અંતરમાં પડ્યો અને ભાન, વેદનમાં આવ્યો એ વખતે જ સમ્યગ્દર્શન અને જ્ઞાન એ જ સમયસાર છે. **'તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.'** જુઓ, એકલી અસ્તિથી વાત લીધી છે. ઓલો આસ્રવ અને બંધ ને અજીવ, એની શ્રદ્ધા કરી કે એની વાત અહીંયાં (લીધી નથી). આવો આત્મા અંદરમાં જઈને અનુભવ્યો એ વખતે જ સમયસાર સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. ભલે એમાં નાસ્તિપણે બીજા જીવ અને અજીવો અને આસ્રવોના અભાવનું અંદર જ્ઞાન હોય, પણ આ રીતે સ્વના અસ્તિત્વમાં નિર્વિકલ્પ અનુભવના પ્રતીતમાં આવ્યો, ત્યારે તેને સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? હવે થોડો ભાવાર્થ છે, એ પછી. વખત થઈ ગયો...

(**શ્રોતા :** પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી બહેનશ્રીના વચનામૃત, બોલ-૪૧૦-૪૧૧
## પ્રવચન નં.૧૬૯, તા.૩-૧૨-૧૯૭૮
## (૨૫)

૪૧૦. મુનિની દશાની વાત ચાલે છે. **'તેમને પ્રચુર સ્વસંવેદન હોય છે.'** સમ્યગ્દૃષ્ટિ જીવને પ્રચુર સ્વસંવેદન હોતું નથી. જ્ઞાયક પૂર્ણ સ્વભાવ.. રાત્રે પ્રશ્ન થયો હતો, પૂર્ણ કેમ છે? વસ્તુ છે એ પૂર્ણ સ્વરૂપે જ છે. એનો જ્ઞાનગુણ, આનંદગુણ, શાંતિગુણ, શાંતિ એટલે ચારિત્ર-વીતરાગતા, એ બધા ગુણ છે એ પૂર્ણ છે અને પૂર્ણનું એકરૂપ તે દ્રવ્ય છે. એ વાત આપણે પહેલા આમાં આવી ગઈ છે. આત્મા અજાયબી ઘર છે. તેમાં અજાયબી ગુણો ભરપુર વસેલાં છે. પહેલાં આવી ગયું છે. આહા..! આકરી વાત, ભાઈ! એક-એક ગુણ પૂર્ણ છે. આકાશમાં ભલે અસ્તિત્વ ગુણ છે, મોટો આવડો લાંબો, તોપણ પૂર્ણ છે અને એક પરમાણુમાં અસ્તિત્વ ગુણ છે (એ પણ) પૂર્ણ છે. પૂર્ણ ન હોય તો, ઓછું અસ્તિત્વ છે, એનો અર્થ શું? આહા..હા...!

એમ ભગવાનઆત્મામાં અસ્તિત્વ-સત્તા નામનો ગુણ છે, એ પૂર્ણ છે. એની સાથે અનંત ગુણ છે, પૂર્ણ છે. એક-એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે-સર્વ ગુણનું રૂપ છે. સમજાણું કાંઈ? એ જરી અંદર બેસવું કંઈક ભાવ ખ્યાલમાં નથી આવતો. છે વાત બરાબર છે. એમાં જીવતરશક્તિ છે એમાં તો સર્વદર્શિપણું... કારણ કે જીવતરશક્તિમાં તો જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તા (રહેલાં છે). એટલે એમાં જ્ઞાનમાં સર્વદર્શિપણું શક્તિ, રૂપ, હોં! સર્વરૂપ. આહા..હા...!

એમ ચિતિશક્તિ જ્ઞાન-દર્શન સ્વરૂપ એક બીજી (શક્તિ છે). એમાં પણ સર્વદર્શિ, સર્વજ્ઞનું રૂપ હો. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ, એને પૂર્ણ સ્વસંવેદન... પૂર્ણ સ્વસંવેદન છે. મુનિને પ્રચુર સ્વસંવેદન છે. સમ્યગ્દૃષ્ટિમાં અલ્પ સ્વસંવેદન છે, પણ સ્વરૂપ તો પૂર્ણ છે. આહા..હા...! એવી દૃષ્ટિ થતાં જેટલા ગુણો છે તેનો અંશ પ્રગટ થાય. એમાં એક આ સર્વદર્શિ ગુણ છે એનો અંશ પ્રગટ થાય. સર્વ ગુણાંશ તે સમકિત. અથવા રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં એમ કહ્યું કે ચોથે ગુણસ્થાને જ્ઞાનાદિ એકદેશ ગુણ વ્યક્ત (થાય) છે, સર્વજ્ઞ પરમાત્માને સર્વદેશ પૂર્ણ છે. હવે અહીંયા સર્વદર્શિ ને સર્વજ્ઞગુણ છે, આહા..હા...! એનો પણ પેલો જ્ઞાનનો અને દર્શનનો પર્યાય પ્રગટ થયો ને? એનો એક અંશ વ્યક્ત થયો એટલું કહેવાય. કેમકે સર્વજ્ઞ જે પર્યાય છે, સર્વજ્ઞ દર્શન, સર્વજ્ઞ ને સર્વદર્શિને અવલંબે જે સર્વજ્ઞ ને સર્વદર્શિ પર્યાય થાય

એ અવયવી છે અને નીચે મતિ-શ્રુતજ્ઞાનનો અંશ છે એ એનો અવયવ છે, અંશ છે. એટલે એ સર્વદર્શિ સર્વ ગુણનો અંશ બહાર આવ્યો. આવી વાત છે. આહા..હા...! પણ એમાં જે બીજા અનંત અનંત ગુણો છે, કર્તૃત્વ ને ભોક્તૃત્વ, અકર્તૃત્વ ને અભોક્તૃત્વ, અમૂર્ત ને એ દરેકમાં સર્વદર્શિ- સર્વજ્ઞનું રૂપ છે. અગમપ્યાલા છે, બાપા!

એવો જે ભગવાનઆત્મા જેને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં.. જો કે વર્તમાન જ્ઞાનમાં દ્રવ્ય જણાય છે. ચંદુભાઈ! ૧૭ (ગાથા). આહા..હા...! એ વર્તમાન જ્ઞાનની પર્યાયમાં એનો સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી, અલ્પ જ્ઞાનમાં પણ, આહા..હા...! આખું દ્રવ્ય જણાય છે. અજ્ઞાનીના જ્ઞાનમાં પણ, હોં! પણ એનું લક્ષ ત્યાં નથી. એથી જણાતો (હોવા) છતાં જાણતો નથી. આહા..હા...! આવો પ્રભુ છે. એ પર્યાયમાં સ્વદ્રવ્ય અને પર બધું જાણવાનો સ્વપરપ્રકાશક સ્વતઃ પોતાથી સ્વભાવ છે. આહા..હા...! એવું જેને અંતરમાં પૂર્ણ અનંત ગુણોનો પિંડ પ્રભુ, એની પ્રભુતાની પર્યાયમાં ભાન થયું, એ પર્યાયમાં ભલે પ્રભુત્વ અનંત આવે નહિ, પણ જેટલું, જેવડું એ પ્રભુત્વ છે એનું જ્ઞાન અહીં થાય. સમજાણું કાંઈ? પણ નીચે ચોથે, પાંચમે છે એ જ્ઞાનનું, આનંદનું, શાંતિનું સ્વપોતાનું વેદન અલ્પ છે. આહા..હા...! મુનિને પ્રચુર સ્વસંવેદન છે. સર્વજ્ઞ પરમેશ્વરને પૂર્ણ સ્વસંવેદન છે. આહા..! છે?

'**પ્રચુર સ્વસંવેદન હોય છે. તે દશા અદ્ભુત છે,...**' કોઈ. આહા..હા...! મુનિદશા એટલે આ..હા...! પરમેશ્વરદશા. અરે..રે...! અહીં તો એકબીજા... ભાઈએ કાલે કહ્યું હતું ને? માંહોમાંહે આચાર્યપણું કરે છે. આચાર્યપદ આપે છે ને? અરે..! ભગવાન! પ્રભુ! શું કરે છે? ભાઈ! આહા..હા...! હજી દૃષ્ટિનો વિષય શું છે, દૃષ્ટિ શું છે એની ખબરું નથી ત્યાં સમકિત નથી, ત્યાં સાધુ તો નથી ત્યાં આચાર્યપદ ક્યાંથી આવ્યું? ભાઈ! દુનિયાથી જુદી જાત છે, પ્રભુ! દુઃખ લાગે, વિરોધ કરે, કરો. બાપુ! કોનો વિરોધ છે? ભાઈ! એ તો તારા સ્વરૂપનો વિરોધ છે. અહીંયા કહે છે કે મુનિ એને કહીએ કે જેટલા ગુણો છે પૂર્ણ અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. એ અનંતના અનંત અનંત કરો તો પણ છેલ્લો અનંત એમાં ન આવે, એટલા અનંતા છે. એ બધા ગુણોનું સમ્યગ્દર્શનમાં અને મુનિને પ્રચુર વેદન હોય છે પર્યાયમાં. શક્તિરૂપે તો પૂર્ણ અનંત છે. આહા..હા...! એવું અપૂર્ણ વેદન હોવા છતાં '**તે દશા અદ્ભુત છે. જગતથી ન્યારી છે.**' આહા..હા...!

'**પૂર્ણ વીતરાગતા નહિ હોવાથી...**' હવે અહીં કહે છે કે એને કંઈક શુભરાગ આવે છે ને? અશુભ તો મુનિને હોય નહિ, ભલે એને આર્તધ્યાન આદિ હોય છે, પણ એની ગણતરી નથી ગણી. સમજાણું? ત્યાં આગળ શુભભાવ, શુદ્ધ અને શુભ બે ગણવામાં આવ્યા છે. નહિતર છઠ્ઠે આર્તધ્યાન છે પણ એને ગૌણ ગણીને શુદ્ધની પરિણતિ છે અને શુભભાવની ગૌણતા ત્યાં છે. અશુભ તો છે નહિ, એમ ગણ્યું છે. આહા..હા...! એને '**પૂર્ણ વીતરાગતા**

**નહિ હોવાથી...**' એટલે કે પૂર્ણ સ્વસંવેદન વીતરાગભાવનું, સર્વજ્ઞપણું આદિ નહિ હોવાથી '**તેમને વ્રત-તપ-શાસ્ત્રરચના..**' એ ભાવ લીધો છે, આર્તધ્યાનને એ નથી લીધું. સમજાણું કાંઈ? '**વ્રત-તપ-શાસ્ત્રરચના વગેરેના શુભ ભાવો આવે છે ખરા,...**' ખરા એટલે? આવે છે, એમ. નથી આવતા એમ નહિ, આવે છે. શુદ્ધતાનું પ્રચુર વેદન હોવા છતાં પૂર્ણ વીતરાગતા નથી માટે શુભભાવ આવે છે ખરા. આહા..હા...! '**પણ તે હેય બુદ્ધિએ આવે છે.**' આહા..હા...! અત્યારે તો એ શુભભાવ એ જ ધર્મ ને એ ચારિત્ર માને છે. આહા..! પ્રભુ.. પ્રભુ! શું કરે છે? એક શ્રુતસાગર (મુનિ) છે, શાંતિસાગરના કેડાયત. એ શ્રુતસાગર ભણેલ છે, વાંચેલ છે. એણે છાપામાં બહાર એવું પાડ્યું છે કે અત્યારે પંચમકાળમાં શુભજોગ જ હોય. અર..ર..ર..! તો આ મુનિઓ 'કુંદકુંદાચાર્ય' થયા એ બધા પંચમકાળમાં થયા છે. બહુ ગડબડ કરી નાખી. શુભજોગ છે એ તો આસ્રવ છે, બંધ છે, દુઃખ છે, આકુળતા છે. બસ, એ જ હોય પંચમ આરામાં? આહા..હા...!

ભગવાન અનાકુળ આનંદનો નાથ પ્રભુ, એના અવલંબનમાં જે દશા થઈ એ તો શુદ્ધ છે, પવિત્ર છે, અતીન્દ્રિય આનંદના સ્વાદવાળી દશા છે. આહા..હા...! એવી દશામાં પૂર્ણ વીતરાગતા અને પૂર્ણ ગુણની વ્યક્તતા નહિ હોવાથી, તપનો, વ્રત ને તપ એ બધો શુભ વિકલ્પ છે. આહા..હા...! અહીં વ્રતને સંવર કહે છે, તપને નિર્જરા કહે છે. આહા..હા..! અમારે 'હીરાજી મહારાજ' એ એમ કહેતા, વ્રત છે ઈ સંવર છે અને અપવાસ, તપસ્યા આદિ છે એ નિર્જરા છે. આહા..હા...! અહીંયા કહે છે કે એ વ્રત ને તપનો વિકલ્પ જે ઊઠે છે એ શુભભાવ છે, છતાં તે હેય બુદ્ધિએ આવે છે.

'**આવી પવિત્ર મુનિદશા મુક્તિનું કારણ છે.**' આહા..હા...! આવી પવિત્ર મુનિદશા. શુભરાગ હેય બુદ્ધિએ (આવે) છે અને અંતરમાં આનંદસ્વરૂપને અનંત ગુણની શક્તિની પર્યાયમાં વ્યક્તતાની પરિણતિ (થઈ) તે મુક્તિનું કારણ છે. આહા..હા...! એ ૪૧૦ (બોલ પૂરો) થયો.

'**અનંત કાળથી જીવ ભ્રાન્તિને લીધે પરના કાર્ય કરવા મથે છે,...**' આહા..હા..! દેશના ને શરીરના ને વાણીના ને પરની દયાના ને પરને મારવાના. આહા..હા..! એવા કાર્ય કરવા મથે છે, ભાવ (કરે છે), પણ પરનું કાર્ય કરી શકતો નથી. અહીં તો ત્યાં સુધી કહ્યું હતું કે પર આ શરીર છે, વાણી છે એને આત્મા કરી શકતો નથી, પણ એની જે પર્યાય છે એને એનું દ્રવ્ય કરતું નથી. આહા..હા..! આ જે આંગળી ચાલે છે એ અવસ્થા છે. એ અવસ્થા આત્મા પોતે કરી શકતો નથી. એ તો કરી શકતો નથી પણ એ અવસ્થાનો કર્તા તેનો પરમાણુ પણ નથી. એ પર્યાયનો કર્તા પર્યાય છે. એક સમયની પર્યાય ષટ્કારકરૂપે પરિણમતી પ્રગટ થાય છે. આહા..હા..!

પરમાણુઓમાં આ શરીરમાં દાઢ આદિ હલે એમાં એના રજકણો જે છે એની પર્યાય

જે આમ-આમ થાય છે એનો એ રજકણ કર્તા નથી, તો આત્મા કર્તા એનો થાય એ ભ્રમણા છે, ભ્રાન્તિ છે. આકરું કામ છે. આ રાજકીય માણસો, વેપારના ઉદ્યોગપતિઓ બધા, આહા..હા..! આખો દિ' આ કરીએ છીએ... આ કરીએ છીએ... આ કરીએ છીએ. એ કરી શકતો નથી. આ કપડું છે એ આમ હતું આમ અને આમ-આમ થયું એની એ ક્રિયાનો આત્મા કર્તા નથી. વિકલ્પ ભલે આવે, એ વિકલ્પ એનો કર્તા નથી. એ તો કર્તા નથી પણ એના પરમાણુ જે ધ્રુવ સદૃશ છે એ પલટવાની ક્રિયાનો કર્તા નથી. ચંદુભાઈ! આવી વાતું છે. આહા..હા..! અજ્ઞાનીને ભ્રાન્તિથી... છે?

**'અનંત કાળથી જીવ ભ્રાન્તિને લીધે...'** આહા..હા..! **'પરના કાર્ય કરવા મથે છે,...'** આહા..હા..! શરીરને હલાવું, આહા..હા..! શરીર જે આમ જમીન ઉપર ચાલે છે ને શરીર, તો એ શરીરની પર્યાય જમીનને અડતી નથી. જમીનને આધારે શરીરની પર્યાય ચાલતી નથી, એની પર્યાય દ્રવ્યને આધારે ચાલતી નથી. આરે.. આરે..! એની પર્યાયમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, સાધન છ પર્યાય ષટ્કારકરૂપે પરિણમે છે. પર્યાયને આધારે પર્યાય આમ (થાય છે). આવી વાત છે. ભ્રાન્તિથી એને એમ લાગે, હું આ કરું આમ. આહા..હા..! પરની દયા પાળું ને પરની હિંસા કરું ને સત્ય બોલું એ બધી ક્રિયાઓ.

**'પરના કાર્ય કરવા મથે છે, પણ પર પદાર્થના કાર્ય તે બિલકુલ કરી શકતો નથી.'** આહા..હા..! કેમકે પર પદાર્થ ને સ્વ પદાર્થની વચ્ચે અભાવ છે. આમ તો ગુણ-ગુણ વચ્ચે અભાવ છે, પર્યાય-પર્યાય વચ્ચે અભાવ છે, પણ એ પૃથક્પણાનો અભાવ નથી, અન્યપણાનો અભાવ છે. આ પરમાણુ આદિની પર્યાય (થાય એમાં) તો પૃથકપણાનો અભાવ છે. આહા..! સમજાણું કાંઈ? બોલવા મથે પણ બોલવાની ક્રિયા આત્માથી થતી નથી. કહો, આ ડૉક્ટરો ઈંજેકશન આપે ને ઈંજેકશન? રગ રગ જ્યાં પકડેને અંદર, લોહી લેવા. કાલ લીધું હતું, કાલને? જોયું ભાઈ! તમે? આહા..હા..! એ ઈંજેકશન શરીરને અડતું નથી.

**શ્રોતા :-** લોહી લેવા ડૉક્ટર મથે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવ કરે છે, પણ કરી શકતો નથી. આવી વાતું દુનિયાને તો... આહા..હા..! હવે ઓલા પંડિતો ત્યાં 'ઈન્દોર'માં એમ કહેતાં કે પરદ્રવ્યનું ન કરી શકે તે દિગંબર જૈન નથી. અહીંનો વિરોધ કરવા. અરે..! પ્રભુ! એ અહીંનો (વિરોધ) નથી, ભાઈ! ભગવાન તને શું આ સૂઝ પડી? એમ કે પરદ્રવ્યનું કરી શકાય છે, નિશ્ચયથી નહિ પણ વ્યવહારે કરી શકાય છે. આહા..હા..! અહીં તો કોઈ પ્રકારે સદા, સર્વદા પરનું કરી શકતો નથી. વ્યવહારથી નહિ, નિશ્ચયથી નહિ. બોલાય એમ. આહા..હા..! કેમ? અનંત પદાર્થ છે તો અનંતપણે પોતાના અસ્તિત્વમાં ક્યારે રહે? કે પોતપોતાની પર્યાયનો કર્તા (થાય), પરનો નહિ ને પરની પર્યાય નહિ, એ અનંતપણું એમ ને એમ થંભી રહ્યું છે. શું કીધું?

જો અનંત તમે માનો કે અનંત પદાર્થ છે, તો અનંત પદાર્થ પોતાના અસ્તિત્વથી દ્રવ્ય-ગુણનું અસ્તિત્વ તો છે, પણ પર્યાયના અસ્તિત્વથી તે થંભી રહ્યું છે. કોઈને કારણે ત્યાં પર્યાય થાય છે તો તો અનંતપણું પૃથક રહેતું નથી. સમજાણું કાંઈ? આવી વાત આકરી. અહીં તો કહે, પરની દયા પાળો, જત્નાથી હાલો એવું આવે છે શાસ્ત્રમાં, લ્યો! જ્યાં જીવ દેખે ત્યાં પગ ઊંચો રાખવો. એ..ઈ..! એ બધી વાતો... કરી શકે નહિ કાંઈ.

એ પ્રશ્ન સંપ્રદાયમાં ઊઠ્યો હતો, મોટો. 'વિંછીયા'માં ઊઠ્યો હતો. એક આર્જિકા હતા, પ્રેમચંદભાઈની કાકી, શિવકુંવર, એણે પ્રશ્ન ઊઠાવ્યો, ઘણા વર્ષની વાત છે. (સંવત) ૧૯૯૦ની પહેલાંની વાત છે. એમ કે આ બધું આમ કરી શકાય છે ને? આહા..હા..! કાંઈ કરતો નથી, ભાઈ! એને કરવા મથે એટલે ભાવ કરે. ભાવ કરે એનો પણ કર્તા થાય તે અજ્ઞાની છે. ભાવ કરે એનો કર્તા થાય તે અજ્ઞાની છે. આહા..હા..! સત્ય તો આ છે. એકાંત લાગે છે, લોકોને એકાંત લાગે. કથંચિત્ કર્તા કથંચિત્ અકર્તા એમ લ્યો તો અનેકાંત થાય. અહીં કહે અકિંચિત્કર, અકિંચિત્કર શબ્દ આવે છે 'સમયસાર'માં બંધ અધિકારમાં. અકિંચિત્કર-જરીએ પરને કરતો નથી. આહા..હા..! ભાઈ! એનો અંદરમાં વિશ્વાસ આવવો એ કાંઈ વાત છે. આહા..હા..!

હવે અહીંયા ચાલે તો કહે જમીનને અડતો નથી પગ. અરે..! પગ તો જમીનને અડતો નથી, પરમાણુ એના છે એ પર્યાયને અડતા નથી, બેય એક થતાં નથી. આહા..હા..! એ એને ભ્રાન્તિ થાય છે, કહે છે. આહા..!

'**દરેક દ્રવ્ય સ્વતંત્રપણે પરિણમે છે.**' એ રાત્રે વાત થઈ હતી ઘણી. ઉત્પાદ ઉત્પાદને કારણે થાય છે. આહા..હા..! આ તે કાંઈ વાત! પરને લઈને તો ઉત્પાદ નહિ પણ એનો જે ઉત્પાદ આ પર્યાયમાં આમ થાય એ ધ્રુવને લઈને નહિ, એવી સ્વતંત્રતાના ઢંઢેરા છે. ઉત્પાદ ઉત્પાદને લઈને, ઉત્પાદ ધ્રુવને લઈને નહિ અને તે ઉત્પાદ છએ દ્રવ્યનો તે ક્ષણે જન્મનો ઉત્પત્તિ કાળ છે તે ઉત્પાદ થાય છે. આહા..હા..! આઘો-પાછો નહિ, દ્રવ્યને લઈને નહિ, આહા..હા..! તો આત્માને લઈને પરના કાર્ય થાય? આકરું કામ છે, બાપુ! આહા..! આમ લોટનું ગોયણું લે, વેલણ એને અડતું નથી અને લોટનો લોચો આમ પહોળો થાય છે, રોટલી આ શું કહે? એ પહોળો આમ થાય છે અને એની પર્યાય આમ થાય છે તેના એ રજકણો-દ્રવ્ય છે તે પણ કર્તા નથી. આહા..હા..! આવું છે.

**શ્રોતા :-** વેલણમાં રહેલા પરમાણુ એકબીજાને અડે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરમાણુ તો અડે નહિ પણ એની પર્યાય દ્રવ્યને અડે નહિ. એ આપણે આત્મામાં નથી આવ્યું? અવ્યક્ત છ બોલ. વ્યક્ત-અવ્યક્તને એકસાથે જાણવા છતાં વ્યક્તને દ્રવ્ય સ્પર્શતું નથી, અડતું નથી. અર..ર..ર..! ધીરાના કામ છે, ભાઈ! વ્યક્ત એટલે

પર્યાય અને અવ્યક્ત એટલે દ્રવ્ય. વ્યક્ત-અવ્યક્તનું એકસાથે મિશ્રિત જ્ઞાન હોવા છતાં એ અવ્યક્ત તે વ્યક્તને અડતું-સ્પર્શતું નથી. આહા..હા..! એ વ્યક્ત છે તે અવ્યક્તને સ્પર્શતું નથી. આવું જ તત્ત્વનું સ્વરૂપ છે. એ ભગવાને કર્યું છે એમ નથી. ભગવાને તો જેમ છે એમ જાણ્યું છે તેમ કહ્યું છે. કહ્યું છે એ પણ વાણીનો સ્વભાવ છે. સ્વપર કહેવાનો વાણીનો સ્વભાવ છે, આત્માનો સ્વપર જાણવાનો સ્વભાવ છે. આહાહા..! આવા તત્ત્વને પરનો કર્તા માનવો (એ ભ્રાંતિ છે). આહા..!

'**જીવના કર્તા-ક્રિયા-કર્મ જીવમાં છે,...**' ખરેખર તો જીવની પર્યાયના કર્તા-ક્રિયા-કર્મ પર્યાયમાં છે. છએ દ્રવ્યની એક સમયની પર્યાય તે ક્ષણે થાય તે, પછી વિકારી હોય કે અવિકારી, એ પર્યાય કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ પર્યાયમાં ષટ્કારકરૂપે દ્રવ્યને અડ્યા વિના પરિણમન થાય છે. આવી વાતું.

**શ્રોતા :-** દ્રવ્ય અને પર્યાય પૃથક્ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૃથક્ છે.

**શ્રોતા :-** સર્વથા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** (સર્વથા) પૃથક્ છે.

**શ્રોતા :-** પ્રદેશભેદ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રદેશભેદ છે. 'અગમ્ય પ્યાલા પીઓ મતવાલા ચિહ્ની અધ્યાત્મ વાસા.' આહા..હા..!

**શ્રોતા :-** ગુરુદેવ! એથી સિદ્ધિ શું થાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એથી ભેદ થયો એને સમ્યગ્દર્શનનું જ્ઞાન યથાર્થ થયું. જે રીતે છે તે રીતે એણે માન્યું, બીજી રીતે માને કે દ્રવ્ય પર્યાયને કરે તો એ વસ્તુસ્થિતિ નથી.

**શ્રોતા :-** દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી....

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્પર્શતું નથી. એવું વસ્તુનું સ્વરૂપ છે.

**શ્રોતા :-** સર્વથા માને તો મિથ્યા એકાંત નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમ્યક્ એકાંત જ એ છે. આહા..હા..! એ દ્રવ્યની ...

**શ્રોતા :-** કથંચિત્?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કથંચિત્-ફથંચિત્ નહિ અહીં. આહા..હા..! ૩૨૦માં કથંચિત્ લીધું છે. ૩૨૦માં કથંચિત્, પણ એ તો અપેક્ષાથી. બાકી ખરેખર તો પર્યાય સર્વથા દ્રવ્યથી ભિન્ન છે અને દ્રવ્ય પણ પર્યાયથી સર્વથા નિત્ય તે ભિન્ન છે.

**શ્રોતા :-** સાહેબ! બે દ્રવ્ય થઈ જાશે. એક દ્રવ્યનું દ્રવ્ય અને એક પર્યાયનું દ્રવ્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્યનું દ્રવ્ય નહિ, આ તો પર્યાય ને દ્રવ્ય બે તદ્દન ભિન્ન છે.

ઈ બે વસ્તુ જ ભિન્ન છે. અહીંયા તો છે પણ ન્યાયના ગ્રંથમાં એમ કહ્યું છે કે ધર્મ ને ધર્મી બે સ્વતંત્ર પોતાથી છે. ધર્મી એવું દ્રવ્ય એનાથી ધર્મ નામ પર્યાય એમ નથી, એમ કહે છે.

**શ્રોતા :-** ... અભેદ છે એમ ન કહેવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, ઈ પછી અપેક્ષાથી કહેવાય. બાકી બે સ્વતંત્ર સિદ્ધ થાય પછી આ પર્યાય દ્રવ્યની ને આ દ્રવ્યની આ પર્યાય એ અપેક્ષાથી કથન થાય.

**શ્રોતા :-** ઈ ખોટું કથન પછી....

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ વ્યવહારનું કથન છે, અસદ્ભુતનું છે. આહા..હા..! ફક્ત પરથી ભિન્ન બતાવવા (કે) આ દ્રવ્યની આ પર્યાય ને આ પર્યાય આ દ્રવ્યનો થયો એમ કહેવાય. શું થાય? '**दवियं जं उप्पज्जइ**' 'સર્વવિશુદ્ધ (અધિકાર)'માં ન આવ્યું? ક્રમબદ્ધમાં અકર્તાપણું '**दवियं जं उप्पज्जइ**' દ્રવ્ય પરિણમે છે એમ કહ્યું. એટલે કે પર્યાય છે તે પરથી નથી, એનાથી થઈ એટલું કહેવું છે ત્યાં. બાકી પર્યાય પર્યાયથી થાય છે. આહા..હા..!

એ તો કહ્યું નહિ? ૬૨ ગાથા. ઈ મોટી ચર્ચા થઈ હતી ને વર્ણીજી સાથે, (સંવત) ૨૦૧૩, ૨૦૧૩ની સાલ. ૬૨ ગાથા 'પંચાસ્તિકાય'. રાગ થાય છે, રાગ એ પણ રાગની પર્યાય કર્તા, રાગ કર્મ, રાગ સાધન પોતે સાધન, પોતે અપાદાન, પોતે પોતાથી થઈ, પોતાને આધારે થઈને પોતે થઈને રાખી. એ ષટ્કારક પરિણમન વિકારનું (થવામાં) પણ દ્રવ્ય-ગુણની અપેક્ષા નહિ, પરની અપેક્ષા નહિ. આહા..હા..! 'પંચાસ્તિકાય' છે ને? જ્ઞેય જે અસ્તિ છે એને સિદ્ધ કરવું છે. અસ્તિકાય જે છે એ સ્વતંત્ર છે એમ સિદ્ધ કરવું છે અસ્તિકાયમાં. આહા..હા..! ત્યારે તેની વિકૃત અવસ્થા હો, અરે..! સમ્યગ્દર્શન ને જ્ઞાન-ચારિત્રની પણ પર્યાય હો અને તે સમયે તેનો ક્ષણ છે તે ઉત્પન્ન થઈ અને તે પણ તે પરિણતિ ષટ્કારકથી થઈ. આહા..! દ્રવ્યને આશ્રયે થઈ ઈ તો લક્ષ ત્યાં હતું એટલું કહેવું છે. બાકી લક્ષ કર્યું છે પોતે પોતાથી. આહા..! ઝીણું બહુ, બાપુ!

**શ્રોતા :-** પરમ સત્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરમ સત્ય છે. આહા..હા..! નવલચંદભાઈએ કહ્યું નહિ રાતે? કે આ તો સ્વતંત્રતાનો ઢંઢેરો છે. આમ છે, બાપુ! એને ઠેકાણે હજી આત્મા પરનું કરે (એમ કહે છે). ક્યુ દ્રવ્ય પર્યાય વિનાનું છે કે બીજું દ્રવ્ય એને કરે? ક્યે સમયે, ક્યુ દ્રવ્ય એની પર્યાય વિનાનું છે કે જે બીજો એ પર્યાયને કરે? આહા..હા..!

**શ્રોતા :-** વ્યવહારે તો પરનું કરી શકાય ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાષા બોલવામાં છે, કરી શું શકે? ધૂળ. બોલવાનું કથન છે કોણ હતું નિમિત્ત ઈ, વ્યવહારે નહિ ને નિશ્ચયથી નહિ, કોઈ રીતે નહિ. આહા..હા..! છોકરાઓ

આવ્યા નથી. ગયા હશે ન્યાં. આજ તો રવિવાર છે, રજા છે, ગયા હશે ત્યાં. જોવા જાય ને અત્યારે..

**શ્રોતા :-** હેલિકોપ્ટર જોવા જાય ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એમ લાગે છે, પણ હજી તો ૪ વાગ્યા. ૪ ને ૧૦ આવવાના, હજી તો ૪ ને ૧૦ આવવાના. એ તો ... જોવા જાય લોકો. 'દિલ્હી'માંથી આવે. ન્યાં ક્યાં જોવા જાય? આહા..હા..! કેટલા થયા? ૩ ને ૧૦. અહીં તો ૪ ને ૧૦ આવવાના. ભાઈ એમ કહેતો હતો, સરદાર. આહા..હા..!

એ પરમાણુઓ આમ ગતિ કરે છે, ઈ એક-એક પરમાણુની પર્યાય આમ-આમ થાય છે, તે બીજો પરમાણુ કર્તા નથી. એનો અંદર બેઠેલો આત્મા આમ કર્તા નથી. અરે..રે..! એ પર્યાયનો કર્તા એનો પરમાણુ પણ નથી. બે અસ્તિત્વ ક્યારે સિદ્ધ થશે? કોઈની અપેક્ષાએ કોઈ હોય તો બે સ્વતંત્ર સિદ્ધ નહિ થાય. આહા..હા..! આવી વાતું છે. દુનિયાથી તો જુદી લાગે, બાપુ! શું થાય? અને તેથી એકાંત કહીને વિરોધ કરે છે, પ્રભુ! કર. આહા..હા..! સર્વજ્ઞ પરમાત્મા એની વાણીમાં તો આમ આવ્યું કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરવા મથે પણ કરી શકતો નથી, રાગને કરે. અને રાગને કરે એ પણ જ્ઞાતા દ્રવ્યસ્વભાવ નિર્વિકારી જ્ઞાન સ્વરૂપી રાગને કરે એ પણ મિથ્યા ભ્રમ છે. આહા..હા..!

'**જીવના કર્તા-ક્રિયા-કર્મ જીવમાં છે,...**' એમ જ કહેવાય ને ભાષા? એની પર્યાય છે ને. કર્તા એ પર્યાય, કાર્ય એ પર્યાય, કરણ નામ સાધન પર્યાય, પર્યાયથી પર્યાય થઈ, પર્યાયથી થઈને પર્યાયમાં રહી, પર્યાયને આધારે પર્યાય થઈ. આવી વાતું. એ વાત થઈ હતી ને? ત્યાં વિરોધ થયો ને પછી. વર્ણીજી કહે, નહિ એમ નહિ, વિકાર પરથી થાય, નહિતર વિકાર સ્વભાવ થઈ જાય. એ તો અભિન્નની વાતું છે. પણ અભિન્નનો અર્થ શું? અભિન્ન શબ્દ છે ત્યાં. ૬૨ (ગાથા). મુંશીધરજી અને (વર્ણીજી) બંને હતા. અભિન્નનો અર્થ શું? એ પર્યાય પોતાથી થાય છે એનું નામ અભિન્ન, પરથી થાતી નથી એનું નામ અભિન્ન.

**શ્રોતા :-** આપ તો કહો છો કે પોતાથી થતી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો અત્યારે... પર્યાય પર્યાયથી થાય છે. પર્યાય પોતાથી થાય એટલે દ્રવ્યથી એમ નહિ. કીધું ને ન્યાં? વિકાર દ્રવ્ય-ગુણમાં તો છે નહિ. હવે દ્રવ્ય-ગુણ ને પર્યાય વિકારને કરે? અવિકારની પર્યાય એકકોર રાખો અત્યારે. કારણ કે અવિકારી તો સ્વભાવ છે. છતાં અવિકારી પર્યાય છે એ અવિકારી સ્વભાવ એનો કર્તા નથી. એ અવિકારી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પણ કર્તા-કર્મ-ક્રિયા ષટ્કારકથી પર્યાય પોતે પોતાને કરે છે. ચંદુભાઈ! આવું છે. આકરું કામ છે. આહા..હા..! સત્ જ એવું છે ત્યાં... કેમકે ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ સત્. ત્રણેય સત્ છે અને ત્રણ સત્માં એક સત્ બીજાનો આધાર રાખે

તો સત્‌પણું જ ન રહે. આહા..હા..!

**શ્રોતા :-** ત્રણ સત્ છે તો એક સત્‌નો વિસ્તાર?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ઈ ત્રણ સત્ છે, પછી એને કહે કે દ્રવ્ય સત્, ગુણ સત્ ને પર્યાય સત્ એ સત્‌નો વિસ્તાર છે. ૧૦૭ ગાથા આવે છે. છે ને, ખબર છે, પણ એ દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. આહા..હા..! આવું કામ છે, ભાઈ! આહા..હા..! એકલો વીતરાગ સ્વભાવ. પર્યાયમાં વીતરાગ સ્વભાવ એ વીતરાગ સ્વભાવની પર્યાય પણ એનો કર્તા વીતરાગ પર્યાય, કર્મ પર્યાય. આહા..હા..! સમ્યગ્દર્શનને એમ કહો કે '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ ત્રિકાળને અવલંબે છે એ તો લક્ષ ત્યાં હતું એ અપેક્ષાએ (કહ્યું). બાકી તો સમ્યગ્દર્શનની પર્યાય ષટ્‌કારકરૂપે પરિણમતી ઉત્પન્ન થાય છે. અરે..! પ્રભુ! આહા..હા..!

અભિમાન ગળી જાય એવું છે. અમે આમ કર્યું ને અમે આમ કર્યું ને અમે શાસ્ત્ર રચ્યા. એ તો આવ્યું હતું, શાસ્ત્ર રચના. કથન શું થાય? એને શુભભાવ સિદ્ધ કરવો છે કે શુભભાવ એને આવે ખરો, બસ એટલું, પણ એ શાસ્ત્ર રચના કરી શકે એમ નહિ. આહા..હા..! સત્ પરદ્રવ્ય સત્, એનો ઉત્પાદનો પર્યાયનું સત્, તે કાળે તે પર્યાયનું સત્ દ્રવ્યની અપેક્ષા રાખ્યા વિના, ધ્રુવની અપેક્ષા રાખ્યા વિના ઉત્પાદ ઉત્પાદથી થાય. એ ૧૦૧ ગાથામાં આવ્યું છે, 'પ્રવચનસાર'. આહા..હા..! એમ થતાં જ્ઞાતા જ્ઞાનપણે પરિણમે છે. એ જ્ઞાન ગુણ ને દ્રવ્ય છે જ્ઞાયક. આહા..હા..! એની જે સમ્યગ્જ્ઞાનની પર્યાય પરિણમે છે એ પર્યાયનું ષટ્‌કારકપણું પર્યાયમાં પર્યાયને કારણે છે. ભલે એનું લક્ષ દ્રવ્ય ઉપર હો પણ લક્ષ પણ સ્વતંત્રપણે ત્યાં આમ લક્ષ કરે છે. આવી વાતું છે, ભાઈ! ઝીણી. જગતને કઠણ પડે. શું થાય? સત્ જ આમ પોકારી રહ્યું છે.

**શ્રોતા :-** લક્ષ કર્યું તો પર્યાયે દ્રવ્યનું અવલંબન લીધું ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય આમ લક્ષ કરે એટલું, પણ લક્ષ સ્વતંત્રપણે કરે છે એ કર્તા થઈને પોતે પર્યાય કર્તા થઈને કરે છે. આવું છે, કહો, રસિકભાઈ! ક્યાં છે આમાં તમારે ન્યાં 'કલકત્તા-ફલકત્તા'માં ક્યાંય. ક્યાં ગયા ભાઈ ગયા, ચંપકભાઈ? આહા..હા..!

'**જીવના કર્તા-ક્રિયા-કર્મ જીવમાં...**' એટલે એની પર્યાયમાં છે. ભાષા તો શું સમજાવાય ત્યારે? જીવમાં પણ એ જીવની પર્યાય છે એ જીવની છે ને? વ્યવહારે એની પર્યાય છે ને! આહા..હા..! એ પરની નથી એટલી અપેક્ષા લઈને (એમ કહ્યું). કથનનું શું થાય? બાપુ! ઉપદેશની શૈલી એવી આવે. આહા..હા..!

'**પુદ્‌ગલના પુદ્‌ગલમાં છે...**' ઈ આ ત્રણ લઈ લેવા-કર્તા, ક્રિયા ને કર્મ. પરમાણુઓમાં અરે..! છએ દ્રવ્યમાં ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, એની પર્યાયનું કર્તા-ક્રિયાપણું એનામાં છે, પરને લઈને છે નહિ. ગજબ વાત છે ને! આહા..હા..! '**વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિરૂપે**

**પુદ્‌ગલ પરિણમે છે,...'** વર્ણ-ગંધ-રસ-સ્પર્શ છે એ તો ગુણ છે. સમજાણું? વર્ણ-ગંધ-રસ-સ્પર્શ એ તો પરમાણુનો ગુણ છે, પણ એ પરિણમે છે પુદ્‌ગલ એમ કહેવામાં આવે છે. એ પુદ્‌ગલ પુદ્‌ગલની પર્યાય છે, એ જીવની નહિ એટલું બતાવવું છે. સમજાણું કાંઈ? ભાષા ટૂંકી શી રીતે કરવી એને? સ્પષ્ટ જ છે. પર્યાય પર્યાયના ષટ્‌કારકે થાય એટલે ખલાસ થઈ ગઈ વાત. એ વાત આવી ગઈ એમાં બધી. આહા..હા..!

**શ્રોતા :-** દ્રવ્ય પર્યાયને ન કરે તો કર્તાશક્તિ, કરણશક્તિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ શક્તિ ધ્રુવ છે. પર્યાયમાં કર્તા-કર્મની ક્રિયા એ પર્યાયની પર્યાયમાં છે, ઓલા તો ગુણ છે, પર્યાયમાં એ ગુણ આવતો નથી. ષટ્‌કારક ગુણ છે ને, એ પર્યાયમાં આવતો નથી, પણ એમ કહેવાય કે ગુણનું પરિણમન છે એમ કહેવાય. પરિણમન છે પરિણમનનું પણ એ ગુણ ધ્રુવ રહીને પર્યાય થઈ છે એટલે કહેવાય એમ. ભાષા શું થાય? આહા..હા..! ગજબ!

**શ્રોતા :-** ગુણનો સ્વભાવ અપરિણામી અને પરિણામી છે. બન્ને સ્વભાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અપરિણામી છે દ્રવ્ય-ગુણ. પરિણામી સ્વભાવ પર્યાયનો.

**શ્રોતા :-** એક ગુણમાં બે ધર્મ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુણમાં બે નહિ, ગુણ અપરિણામી જ છે.

**શ્રોતા :-** પરિણામી સ્વભાવ ક્યાં જશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ગુણ તો અપરિણામી ધ્રુવ સદૃશ એકરૂપ છે.

**શ્રોતા :-** પરિણામી સ્વભાવ જે ત્રિકાળ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરિણામી સ્વભાવ પર્યાયનો છે એમ પરિણામી કહેવું છે.

**શ્રોતા :-** પર્યાયનો ત્રિકાળ સ્વભાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રિકાળ સ્વભાવ નહિ. એક સમયની પર્યાય... પરમપારિણામિક ભાવ એ પરમપારિણામિક એટલે પરિણમે એમ ત્યાં કહેવું નથી. એ પરમપરિણામિક એટલે સહજ સ્વભાવ ભાવ પરમ સ્વભાવ એ પરિણામિક. એ 'નિયમસાર'માં આવ્યું છે ને? ચેતના પરિણામ ને ત્રિકાળી, ચેતના પરિણામ એ ગુણ છે ત્રિકાળી અને વર્તમાન પરિણામ ચેતના છે. બે લીધું છે. 'નિયમસાર'માં. આહા..હા..! ચેતના જે છે ત્રિકાળી ગુણ એ તો ધ્રુવ છે. એ પરિણમે છે એમ કહેવું એ એને સમજાવવું છે એટલે. બાકી પરિણમે છે એ ગુણ-ધ્રુવ પરિણમતો નથી, પર્યાય પરિણમે છે. એથી પરિણમન અને અપરિણામી એ બે વસ્તુ તરીકે ગણવામાં આવી. અપરિણામી દ્રવ્ય ને ગુણ અને પરિણામી પર્યાય. તેથી ભાષા એમ બોલાય આખા પ્રમાણનો વિષય કરે ત્યારે કે અપરિણામી પરિણામરૂપ છે. નિત્ય છે તે અપરિણામી છે અને અનિત્ય છે તે પરિણામ છે, એટલે નિત્યાનિત્ય સ્વરૂપ છે એમ કહેવામાં આવે.

આવી વાતું છે. કહો, આવું છે આ. ઘીયાજી! આહા..હા..! આજ રીતે છે તેમાં આમાં પછી પ્રશ્ન શું? આહા..હા..!

**'પુદ્‌ગલના પુદ્‌ગલમાં છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિરૂપે પુદ્‌ગલ પરિણમે છે,...'** આહા..હા..! એ પરમાણુઓ વર્ણ-ગંધ-રસ તો ત્રિકાળી છે અને કાળી, લીલી એવી જે દશા છે એ પર્યાય છે, એ પુદ્‌ગલ પરિણમે છે એમ કહેવાય. ચૈતન્ય પરિણમતો નથી એમ કહીને પુદ્‌ગલ પરિણમે છે એમ કહેવાય. આહા..હા..! અરે..! આવી વાતું હવે. માર્ગ તો આ છે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. ભગવાને કહ્યું છે, કર્યું નથી કાંઈ એ કાંઈ ચીજને. આહા..હા..! કહો, સુરેન્દ્રજી! આવી વાત છે. ન્યાયના ગ્રંથમાં એમ કહ્યું છે, 'આપ્ત-મીમાંસા'માં છે ને? ધર્મી ને ધર્મ બેય ભિન્ન છે, ન્યાયના ગ્રંથમાં છે. ધર્મી દ્રવ્ય અને ધર્મ જે પર્યાય (બેય ભિન્ન છે). અરે..! ગુણ લ્યો તો પણ દ્રવ્યથી ગુણ ભિન્ન છે. કારણ કે દ્રવ્ય એકરૂપ છે, ગુણ અનેકરૂપ છે.

એક અનેક ગુણ છે ને એમાં, ૪૭ (શક્તિમાં). વસ્તુ એકરૂપ છે એવો એક ગુણ છે અને વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણરૂપે છે એવો પણ એક-અનેક નામનો ગુણ છે. આહા..હા..! અથવા ઉત્પાદ-વ્યય ને ધ્રુવ નામનો એક આત્મામાં ગુણ છે. આહા..હા..! એ ગુણ ધ્રુવ, ધ્રુવપણે રહી અને પર્યાયપણે ઉત્પાદ-વ્યય થાય એવો એનો ગુણ છે, છતાં એ ગુણ ઉત્પાદપણે થાય એમ કહેવું એ વ્યવહાર છે. આવું છે. જગત તો વિરોધ કરે, એકાંત છે એમ લાગે. એમાં કાંઈ એનો દોષ નથી. એની દૃષ્ટિમાં એ બેઠું છે એ રીતે એમ જ માને. આહા..હા..!

**'જીવ તેમને ફેરવી શકતો નથી.'** જે પરમાણુઓના પુદ્‌ગલમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ પર્યાયરૂપે પરિણમે છે, તે સમયની જે દશા છે તેને જીવ ફેરવી શકતો નથી. **'ચેતનના ભાવરૂપે ચેતન પરિણમે છે, જડ પદાર્થો તેમાં કાંઈ કરી શકતા નથી.'** આહા..હા..! કર્મનો અભાવ થાય માટે આત્મા અભાવપણે પરિણમે છે એમ નથી. આત્મામાં જ એવો એક અભાવ નામનો ગુણ છે કે કર્મના અભાવરૂપે થઈ દશા કર્મમાં અને અહીં પોતાના જ કારણે અભાવરૂપ પરિણમે છે. આહા..હા..! અને અભાવ નામનો જે ગુણ છે એની પર્યાયમાં પણ પરમાં અભાવરૂપે પર્યાયનો સ્વભાવ છે કે પરના અભાવરૂપે પોતાથી થવું. આહા..હા..! વિશેષ આવશે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)